॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

શ્રી મહાપ્રભુજી કી વધાઈ

પ્રગટે શ્રી કરુણા ગુણ સાગર ।

શ્રી હરિ વદનાનલ રસમૂરતિ, પ્રેમ ભકિત રતિ આગર ॥૧॥
વેદ ભેદ તત્વજ્ઞ ભાગવત, સાર પ્રકટ કૃત નાગર ।
જન **'વલ્લભ'** બલિ ભલિ દગ શોભા, ભરે રાસ રસ જાગર ॥૨॥

—શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવરી (ગ્વાલીયર)

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✻

વર્ષ ૧૨ : અંક–૧ એપ્રિલ ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૫

વાર્ષિક લવાજમ રૂ. ૩[illegible]- ✻ **આજીવન રૂ. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

નાસિકમાં સર્વ પ્રથમ વખત સોમયજ્ઞ

સનાતન ધર્મ પ્રેમી ભગવદિય જનો .

જણાવતા અત્યંત હર્ષ થાય છે કે ગોદાવરી તટે પૂણ્ય ભૂમી **નાસિક** માં વૈસાખ સુદ ૧૪ બુધવાર તા. ૫-૫-૯૩ **થી** વૈસાખ વદ ૭ બુધવાર તા. ૧૨-૫-૯૩ સુધી **સોમયજ્ઞ** નું દિવ્ય આયોજન થયેલ છે.

જગદ્‌ગુરૂ મહાપ્રભુ શ્રી મદવલ્લભાચાર્ય સંપ્રદાય ૫ષ્ઠ પીઠોદભવ અગ્નિ ચિન સોમયાજી વાજપેયી દીક્ષિત ગો. **શ્રીવલ્લભરાયજી** મહોદય સુરત વાળાની યજમાનતામાં આ મહાયજ્ઞ સંપન્ન થશે.

જગદગુરૂ શ્રીમદવલ્લભાચાર્ય સંપ્રદાય ૫ષ્ઠ પીઠાધિશ્વર જ્ઞાન-વયોવૃદ્ધ આચાર્ય વર્ય ગો. શ્રી વ્રંજરત્ન લાલજી મહારાજશ્રી સમારોહનું સર્વાધ્યક્ષ પદ અલંકૃત કરશે. તેમજ પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહોદય તથા પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદય સાન્નિધ્ય પ્રદાન કરશે.

જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય સંપ્રદાયના વિભિન્ન આચાર્ય વર્યોને પણ સમારોહમાં પધારવા નિમંત્રણ અપાયેલ છે.

આન્તર રાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ તેમજ શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાના પ્રચારાધિવેશન વિશેષ કથા, પ્રવચન સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રદર્શન આદિનું પણ આયોજન છે.

બહાર ગામથી આવનાર વૈષ્ણવો માટે આવાસ-પ્રસાદની વ્યવસ્થા છે. નિવેદક આજ્ઞાનુવર્તિની

શ્રી સોમયજ્ઞ સમિતિ, નાસિક

યજ્ઞ સ્થળ : **શ્રી વલ્લભાચાર્ય નગર** આર. પી. વિદ્યાલય નિમાણી બસસ્ટેન્ડ પાસે, પંચવટી **નાસિક**

પત્ર વ્યવહાર : આજ્ઞાનુવર્તિની સોમયજ્ઞ સમિતિ,
શ્રી નવનિત પ્રિયાજી મંદિર પંચવટી કારંજા **નાસિક** પીન ૪૨૨૦૦૩
ફોન સંપર્ક શ્રી દિલીપગુર્જર ઓફીસ, ૮૦૪૮૭ ઘર, ૨૨૬૮૭
શ્રી રાજન શાહ ઓફીસ, ૭૮૭૭૨
શ્રી શરદભાઈ પુરોહિત ઘર. ૭૪૭૩૨

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

મોહન બડોદિયા (મ. પ્ર.)માં ઉજવાએલ વિરાટ સોમયજ્ઞ, ગરૂડચયન યાગ

માળવાની સસ્ય શ્યામલા ભૂમી, શ્રી ગુસાંઈજીના બેઠકજી, ગામ મોહન બડોદિયા (જી, શાજાપુર મ.પ્ર.) ખાતે શ્રીનાથદ્વાર-ઈન્દોરવાળા, વાજપેયી અગ્નિહોત્રી સાગ્નિચિત સોમયાજી દીક્ષિત જગદગુરૂ પીઠાધિશ પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીએ તા. ૫-૨-૯૩ થી તા. ૧૪-૨-૯૩ સુધી શ્રી સોમયજ્ઞ અને ગરુડચયન યજ્ઞનું વિરાટ આયોજન કરેલ. જેમાં દુરદૂરથી શ્રદ્ધાળુ વૈષ્ણવો હજારોની સંખ્યામાં ઉપસ્થિત થયેલ, લગભગ ચાલીસ હજાર વૈષ્ણવો અને શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદ લીધો..

ઈન્દોર અને નાથદ્વારાના પુ. પા આચાર્યશ્રીઓ તથા અ. ભા. પુ. વૈ. પરિષદના ભૂ. પુ. અધ્યક્ષ પુ. પા. ગો. શ્રી વ્રજાધિશજી મહારાજ પધારેલ.

આં, રા, પુ. વૈ, પરિષદનુ પ્રચાર અધિવેશન ૨ દિવસ ચાલેલ જેમાં સોમયજ્ઞ કર્તા પુ. પા, ગોકુલોત્સવજી મહારાજ શ્રી તથા પુ. પા. શ્રી વ્રજાધિશજી મહારાજશ્રી તથા અન્ય આચાર્ય મહાનુભાવોના વચનામૃતો થયેલ.

અવભૃથસ્નાન નલખેડા ગામે રાખેલ જ્યાં યજ્ઞકર્તા પુ. મહારાજશ્રી તથા સોમયજ્ઞમાં આમંત્રીત શ્રી તાતાચાર્યજી આદિ પંડિતોનું અદભુત ભવ્ય સ્નાગત સત્કાર થયેલ.

આ યજ્ઞ પ્રસંગમાં સહુથી આશ્ચર્યકારક ઘટના એક એવા નિપુણ કુંભારે બનાવેલ. માણસ જેવડા આકારની ઈંટો હતી જે ઈંટોથી ગરૂડ બનાવેલ. આ ઈંટો સાધારણ પ્રકારની સાઠ હજાર ઈંટો બરાબર થતી. સોમયજ્ઞ તથા ગરૂડ બધાં દર્શનાર્થિઓ માટે ખૂબજ આકર્ષણનો વિષય બનેલ.

નિવેદક : શ્રી કૈલાશ નારાયણ ખંડેલવાલ.
સંગઠન મંત્રી આં. રા. પુ. વૈ. પરિષદ મધ્ય પ્રદેશ રાજ્ય સમિતિ

શ્રી વલ્લભ સુધા દર **માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.**

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ** આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે** લખેલા **હોવા** જરૂરી છે.
- * શ્રીવલ્લભ **સુધામાં** વૈષ્ણવો **તરફથી** આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૧ ※ એપ્રિલ, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

બંધનનું મૂળ

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ॥

આ શરીરનો જે મોહ છે, દુનિયામાં તે જ બંધનનું મુખ્ય કારણ છે. જગતમાં બંધનનું કારણ ફક્ત મોહ જ છે, જે મનુષ્યને ખરાબ કાર્ય કરાવે છે, શરીરનો મોહ છે, કુટુંબનો મોહ પણ શરીરને કારણે જ છે. ધનનો મોહ પણ શરીર સાથે જતો રહે છે. શરીર સંબંધ ન હોય તો ધન કોનું ? અને કુટુંબ કોનું ? શરીરના મોહના કારણે ધન માનવનો મોહ છે. પ્રતિષ્ઠાનો મોહ, સન્માનનો મોહ છે. આ બધો મોહ શરીરને કારણે તો છે.

મુખ્ય વસ્તુ એ છે કે શરીર જે પ્રાપ્ત થયું છે તે ભગવાનની કૃપાનું ફળ છે. ભગવાને આપ્યું છે પોતાની પ્રસન્નતા માટે, મારી પ્રસન્નતા માટે નહીં ! દુનિયામાં ખરાબ ઘટનાઓ થાય છે અને સારી ઘટનાઓ પણ થાય છે.

બંને વખત ભગવદીય માને છે કે બધી દુર્ઘટનાઓ સારી ઘટનાઓ બને છે તે શરીર સાથે થાય છે. આત્મા સાથે નથી થતી. સારી ઘટનાઓ આત્મા સાથે નથી થતી અને ખરાબ ઘટનાઓ પણ આત્મા સાથે નથી થતી. શરીર સાથે બને છે અને તેનું ફળ આત્માએ ભોગવવું પડે છે.

કહેવાનો આશય એ છે કે જ્યાં સુધી શરીરનો મોહ છે. શરીરમાં આસકિત છે, અહમ્ બુદ્ધિ શરીરમાં છે, ત્યાં સુધી તેનું ફળ ભોગવવું જ પડશે. ભગવાન સારી સ્થિતિ આપે તો આ વિચાર કરો અને ખરાબ સ્થિતિ આવી જાય તો પણ આ વિચાર કરો કે મારે માટે નહી, શરીર માટે આવી છે, અને શરીર મારૂં નથી.

જીવનમાં ગમે તેવો બનાવ બને તેને ભગવદ્ ઇચ્છા માનીને ચાલો. પોતાની ઇચ્છા, પોતાની શકિતનો વિચાર કરીને ચાલશો તો તેનું ફળ તમારે ચોકકસ ભોગવવું જ પડશે અને જ્યારે જીવનની દરેક ઘટનામાં ભગવદ્ ઇચ્છાને આપણે મુખ્ય માની ત્યારથી બંધન રહેશે નહીં.

દરેક કાર્યમાં ભગવદ્ ઇચ્છા માનો, લાભમાં પણ અને હાનિમાં પણ. ખરેખર જોવામાં આવે તો લાભ અને હાનિ તો ફકત આપણી કલ્પના છે. દુનિયામાં ન તો કોઇ લાભ છે અને ન કોઇ હાનિ. આપણે આપણી કલ્પનાથી જ કલ્પી લઇએ છીએ કે આ લાભ થઈ ગયો, આ હાનિ થઇ ગઇ.

અનેકવાર એવું થાય છે કે લાભની વાત બની જાય છે, પરંતુ આજે આપણે જેને લાભ માન્યો હતો તે થોડા દિવસ બાદ એમ સિદ્ધ થાય છે કે, આ તો મોટું નુકશાન થઇ ગયું. આવા લાભ વગર રહેત તો સારૂં હતું. થોડા દિવસ બાદ જે પરિણામ સામે આવે છે ત્યારે મનુષ્ય આવી કલ્પના કરે છે અને કયારેક જીવનમાં નુકશાન થઇ જાય, કે જે આપણે મોટું નુકશાન માનીએ છીએ અને મોટું નુકશાન થયું, બનવાજોગ છે કે સમય જતા આ નુકશાન આપણા લાભ સ્વરૂપે સામે આવી જાય. આજે માનેલ નુકશાન ભવિષ્યમાં મોટો લાભ બની શકે છે. આ વાતનું ધ્યાન રાખવું જોઇએ.

જીવનમાં સત્સંગ દ્વારા ભાવનાઓનું નિર્માણ થવું જોઇએ. ભાવના ભગવદીયતાની હોવી જોઇએ. જ્યારે આપણે ભગવાન માટે કાર્ય કરતા રહીએ ત્યારે ભગવદીય ભાવના કહી શકાય. અર્થાત્ જે ભગવાન ભગવત્ સ્વરૂપ આપણા ઘરમાં છે તેને માટે સેવા કાર્ય કરતા રહેવું, ત્યારે તો આપણી ભાવના સ્વભાવિક બની રહેશે, પરંતુ આપણે વ્યવહારનું કાર્ય કરવા લાગીએ, ઘર ગૃહસ્થી કાર્યમાં અને વ્યવસાયમાં જ્યારે લાગી જઇએ ત્યારે તેવી ભાવના ફકત ભગવાનના જ ધ્યાનમાં હંમેશ નથી રહી શકતી. ઘરના કાર્ય માટે સમય આપવો જ પડશે, વિચાર કરવો જ પડશે. આ સમયે પણ એ વાતની આવશ્યકતા છે કે જે કંઈ પણ ઘરનું કામ કરવું હોય, દર વખતે વિચાર એ રાખવાનો કે જે કાર્ય હું કરી રહ્યો છું તે કાર્ય મારૂં પોતાનું નથી. ભગવાનને આ કાર્ય મારા માટે નકકી કર્યું છે. ભગવાનની ઇચ્છા છે કે હું આ કાર્ય ન્યાયથી, નીતિથી, યોગ્ય બુદ્ધિ–બળથી સારી રીતે પૂર્ણ કરૂં. આ ભગવાનની ઇચ્છા છે. આ ભાવના લઇને આપણે જીવનના દરેક કાર્યક્ષેત્રમાં કાર્ય કરશું

તો ભગવદીય ભાવના આપણા હૃદયમાંથી ક્યારેય પણ દુર નહીં થાય. ઘરનું કાર્ય કરીએ કે બહારનું કાર્ય કરીએ, તો મુખ્ય વસ્તુ છે મોહ. દુનિયામાં બંધનકર્તા કોઈ વસ્તુ હોય તો તે મોહ છે. કાર્ય બંધનકર્તા નથી. વસ્તુ પણ બંધનકર્તા નથી અને વ્યકિત પણ બંધનકર્તા નથી. ખરેખર તો મનુષ્ય જ્યારે તેને પોતાનું સમજે છે ત્યારે મોહ થાય છે. પોતાનું નહીં માનતા ભગવાનનું માને તો મોહ થવાને કોઇ કારણ નથી. જ્યાં મોહ નથી ત્યાં બંધન કેવું ? બંધન મોહને લઇને જ થાય છે. મોહ નથી ત્યાં બંધન પણ આપોઆપ મટી જશે, તૂટી જશે.

કહેવાનો આશય એ છે કે સારી ઘટનાઓ અથવા ખરાબ ઘટના આ બધી ભગવાનની ઇચ્છાથી બને છે. રાત દિવસ જે મનને પ્રતિકુળ હોય તેને આપણે દુર્ઘટના કહીએ છીએ. સૌથી મોટી દુર્ઘટના માને છે. જેને મૃત્યુ કહે છે. દુનિયામાં આથી મોટું દુર્ઘટનાનું બીજું કયું કાર્ય હોઇ શકે ? ખરેખર ભગવદીયોની દૃષ્ટિએ જોવામાં આવે તો શરીરનો જ ત્યાગ છે. શરીરના સંબંધનો વિયોગ જે છે તે પણ દુર્ઘટઘના નથી, પરંતુ સુઘટના છે, સારો બનાવ છે.

પહેલા તો મનુષ્ય પોતાની ઇચ્છાથી શરીર મેળવી શકતો નથી. શું પોતાની ઇચ્છાથી શરીર પ્રાપ્તિ કરી શકે છે ? નથી કરી શકતો. તેવી જ રીતે શરીરનો ત્યાગ પણ મનુષ્ય પોતાની ઇચ્છાથી નથી કરી શકતો. ન તો પ્રાપ્ત કરી શકે છે અને ન તો છોડી શકે છે. શરીર શા માટે મળ્યું છે ? સ્વામીની પ્રસન્નતા માટે.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

ભાગવત ધર્મ

પ્રવક્તા : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, મથુરા-પોરબંદર

ઉપસ્થિત પ્રિય વૈષ્ણવો, બહેનો એવં માતાઓ,

પરમ ખુશીની વાત છે કે શ્રીમદ્ ભાગવતના પારાયણમાં મને ઉપસ્થિત રહેવાનો અને બે શબ્દો દ્વારા વાણીને પવિત્ર કરવાનો સુ અવસર પ્રદાન કર્યો છે. તે માટે મનોરથી અને આયોજકોને હૃદય પૂર્વક ખૂબ ધન્યવાદ આપું છું.

શ્રીમદ્ ભાગવતનું રહસ્ય ઘણું બધું ગૂઢ છે. જેટલો એમનો શબ્દાર્થ સરળ છે, તેટલો જ ભાવાર્થ કઠિન છે. તે માટે એક શ્લોક પ્રસિદ્ધ છે કે ‘વિદ્યાવંતા ભાગવતે પરિક્ષા’ પ્રાચીન કાળમાં જ્યારે કોઇ ‘હું સંસ્કૃત ભણેલો છું કે પારંગત થયેલો છું’’ એવો દાવો કરે તો તે દાવો કરનારની પરીક્ષા શ્રીમદ્ ભગવાતનું એને કેટલું જ્ઞાન છે, ભાગવતનું રહસ્ય કેટલું સમજી શકે છે? તેના આધાર પરથી યોગ્યતા નક્કી થતી. ગમે તેવા વિદ્વાન હોય પણ શ્રીમદ્ ભાગવતનો અર્થ કરવો તેને પણ કઠીન થઇ પડે છે. તો પછી સામાન્ય વ્યકિતની તો વાત જ શું કરવી?

તો એ રીતે શ્રીમદ્ ભાગવતનું એક અનેરૂ મહત્ત્વ છે. પ્રાચીન કાળમાં જ્યારે ઋષિમુનિઓ કે રાજર્ષિઓ કે મોટા મોટા રાજા વિશ્વ કલ્યાણાર્થે યજ્ઞયાગાદિ કરતા ત્યારે યજ્ઞનાં કાર્યમાંથી જ્યારે અવકાશ મળે ત્યારે શ્રીમદ્ ભાગવતની કથા અનિવાર્ય રૂપે થતી. એ વિના યજ્ઞ જે છે તે યજ્ઞ સંપૂર્ણ પણે સંપન્ન થયો એમ ન મનાતું.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ મંગલાચરણાના ત્રણ શ્લોકો છે.

જન્માદ્યસ્ય યતોન્વયાદ્દિ તરત-
　　શ્ચાર્થે શ્વભિજ્ઞઃ સ્વરાટ
તેન બ્રહ્મ હૃદા ય આદિ કવયે
　　મુહ્યાંનો યત્સૂરયઃ
તેજો વારિ મૃદાં યથા વિનિમયો
　　યગ ત્રિ સર્ગો મૃષા
ધામ્ના સ્વેન સદાનિરસ્ત કુહકં
　　સત્યં પરં ધીમહિ.

ભા. ૧-૧-૧　　૧

આ પ્રથમ શ્લોક એ બીજરૂપ શ્લોક છે. જે ગાયત્રીનો જે ભાવાર્થ છે તેનો અર્થ વિસ્તારથી કહે છે.

જે પરબ્રહ્મ આ જગતના જન્માદિનું સમવાયિ અને નિમિત્ત કારણ છે, જે પરબ્રહ્મને સર્વે જીવોના સર્વે પુરૂષાર્થોનું સારી રીતે જ્ઞાન છે, જે પર બ્રહ્મ નિરપેક્ષ હોઇ સ્વસ્વરૂપથી પ્રકાશમાન છે. જે પરબ્રહ્મ વિદ્વાનોને પણ મોહ પમાડે તેવા વેદો આદિ કવિ બ્રહ્માને પુરાણ સહિત વિસ્તારી આપ્યા. જે પર બ્રહ્મના સ્વરૂપમાં દેહ, ઇન્દ્રિય અને અંતઃકરણના ધર્મો તેજમાં જલ બુદ્ધિ, જલમાં પૃથ્વીની બુદ્ધિ, પૃથ્વીમાં અગ્નિની બુધ્ધિ વગેરે જોનારના દૃષ્ટિ દોષથી જેમ મિથ્યા છે તેવાજમિથ્યા છે. જે પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદા કપટને અથવા અવિદ્યાને દૂર કરે છે, એવા પરમ સત્ય

પર બ્રહ્મનું અમે ધ્યાન ધરીએ છીએ અથવા પ્રીતિ કરીએ છીએ ?

આ પ્રમાણે ગાયત્રી જ શ્રીમદ્ ભાગવતની શરૂઆત છે.

બીજો શ્લોક એ ધર્મરૂપ, વેદરૂપ અને વૃક્ષરૂપ છે.

ધર્મ: પ્રોજ્ઝિત કૈતવોત્ર પરમો
    નિર્મત્સરાણાં સતાં
વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ શિવદં
    તાપ ત્રયોન્મૂલનમ !
શ્રીમદ્ ભાગવતે મહામુનિ કૃતે
    કિં વા પરૈરીશ્વર :
સદ્યો હૃદ્યવરુધ્યતેત્ર કૃતિભિ :
    શુશ્રૃષુભિસ્તત્ક્ષણાત્ ॥૨॥

ભા. ૧-૧-૨

આ શ્રીમદ્ ભાગવતમાં નિર્મત્સર સત્પુરુષોનો નિષ્કપટ પરમ ધર્મ કહ્યો છે. ત્રણ તાપને દૂર કરનાર અને કલ્યાણ પ્રાપ્ત કરાવનાર વાસ્તવિક વસ્તુ આમાં જાણવાની છે. અને મહામુનિ શ્રી વેદવ્યાસજીએ આ શ્રી ભાગવત પ્રકટ કર્યું છે. એના વધારે વર્ણનથી શું ? પરંતુ ભાગ્યવાન આ શ્રી ભાગવતને શ્રવણ કરતાં તુરજ જ ભગવાનને હૃદયમાં ધારણ કરી શકે છે. એથી બીજી મોટાઇ શી હોઇ શકે ? ॥૨॥

ત્રીજો શ્લોક એ ફલરૂપ શ્લોક છે.

નિગમ કલ્પતરોર્ગલિતં ફલં
        શુકમુખાદમૃતદ્રવ સંયુકતમ્ ।
પિબત ભાગવતં રસમાલયં
        મુહુરહો રસિક્ર ભુવિ ભાવુકાઃ ।૩।

ભા. ૧-૧-૩

નિગમરૂપ કલ્પતરૂનું આ ગલિત ફલ છે. શુકના મુખ દ્વારા મળેલ તેથી અમૃતદ્રવવાળું છે, લયને પહોંચતાં સુધી રસરૂપ છે, તે જ આ શ્રી ભાગવત નામનું ગ્રંથરૂપ ફળ છે. તેના રસના ભોકતા રસિકો, તેના ભાવના ચિંતક હે ભાવુકો ! રસરૂપ હોવાથી આ લીલાવર્ણનરૂપ ભાગવતનું પાન કરો. અથવા 'આલયમ્' એટલે પ્રત્યેક જીવે મરણ પર્યંત ભાગવત રસનું પાન કરવું. ।૩।

આ પ્રમાણે ગાયત્રીથી જ શ્રીમદ્ ભાગવતની શરૂઆત છે આ શાસ્ત્રમાં ધર્મનો પણ વિસ્તાર છે. આદિમાં, મધ્યમાં અને અંતમાં મંગલાચરણ કરવાથી ગ્રંથકર્તાનું આયુષ્ય વધે છે અને ભવિષ્યમાં પણ એ ગ્રંથનો પાઠ કરનારની ભગવત્ પ્રેમમાં અભિવૃદ્ધિ થાય છે. એવી શાસ્ત્રાજ્ઞા છે.

ફળ એમને એમ પ્રાપ્ત નથી થતું. બીજ હોય અને એ બીજનું પોષણ કરવામાં આવે અને અનિષ્ટ તત્ત્વોથી રક્ષણ કરવામાં આવે એટલે એ બીજ વૃક્ષ બને છે અને વૃક્ષ બન્યા પછી તેમાં ફળ આવે છે, એટલે આ રૂપે મંગલાચરણના શ્લોકો આદ્યથી અંત સુધી ભગવદ્લીલાનું પ્રતિપાદન કરે છે.

ત્યારે કેટલાક કથા વાચકો એનો એવો અર્થ કરે છે કે, શ્રીમદ્ ભાગવત એ કોઇબી એક ચોકકસ અવતારની વાત ના કહેતા એમનું નામચરણ 'કૃષ્ણં પરમ ધીમહિ' ના કહેતા 'સત્યં પરમ ધીમહિ' એમ કહ્યું છે. એટલે જેને જેમાં આસ્થા હોય તેના માટે ઇ પરમ

સત્ય. આવો અર્થ કેટલાક ટીકાકારો કરે છે. પરંતુ શ્રીમદ્ ભાગવતનો પ્રતિપાદિત વિષય તેની અંદર આવતા જેટલા પણ શ્લોકો છે, આ બધાનું મંથન કરીએ તો સ્પષ્ટપણે ખ્યાલ આવે કે ત્યાં 'સત્યં પરમ ધીમહિ' એ પરાત્પર તત્ત્વ કૃષ્ણતત્ત્વને માટે જ કહેવામાં આવ્યું છે. આપણા આચાર્યો કહે છે કે ભગવદ્ ગીતાજી એ લઘુભકિતશાસ્ત્ર છે. ત્યારે શ્રીમદ્ ભાગવત એ બૃહદ્ ભકિતશાસ્ત્ર છે. ગીતાજીની અંદર જે સિદ્ધાંતો કહેવામાં આવ્યા છે, એ સિદ્ધાંતોનો જ જુદી જુદી રીતે વિસ્તાર શ્રીમદ્ ભાગવતની અંદર છે.

નિબંધ ગ્રંથની અંદર શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ગીતાજીની અંદર બતાવેલ જે સિદ્ધાંત છે એનું જ વિષદીકરણ અને વિસ્તૃત વિવેચન શ્રીમદ્ ભાગવતમાં પ્રાપ્ત છે.

હવે ભાગવતની અંદરથી કૃષ્ણ ચરિત્રને બાકાત રાખીને શ્રીમદ્ ભાગવત કહેવામાં આવે તો જેવી રીતે નિષ્પ્રાણ દેહ હોય, તેવી સ્થિતિ શ્રીમદ્ ભાગવતની બને. શ્રીમદ્ ભાગવતની અંદર જો પરમ રસિક ચર્ચા–વિવેચન હોય તો દશમ સ્કંધની અંદરની અંદર કૃષ્ણ ચરિત્ર દ્વારા છે, ભાગવત સ્પષ્ટપણે કહે છે.

કેટલાક લોકો એમ કહે છે કે આ એક જ તત્ત્વને માનવું અને બીજાને માનવાથી અન્યાશ્રય થઇ જાય. આ બધી વાતો તો અભણ લોકોએ ઊભી કરેલ વાત છે. શાસ્ત્રો તો કહે છે કે બધાય દેવતાઓ અને બધાય અવતારો એક જ છે. આવું કોઇ પોતાની માન્યતાથી કે ભાઇ હું મારી પોતાની જ કલ્પનાથી હું કહું છું અને હું એમ જ માનીશ. તો આપણને વાંધો નથી. પરંતુ જો કોઇ ભાગવતનો આધાર લઇને એમ કોઇ કહેવા માગતા હોય તો ગીતા, ભાગવત તે નિષેધ કરે છે અને જવાબ આપે છે.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

[આ ગ્રંથ ઉપર બીજા કોઇ એક વિવૃત્તિ કારની રચેલ ટીકાનું ભાષાંતર અહીં આપવામાં આવે છે.]

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

નમઃ શ્રીવલ્લભાચાર્ય ચરણાબ્જનખેન્દવે ।
ધર્માર્થ કામ મોક્ષાર્થં સેવ્યાયસ્વજનૈઃ સદા ॥૧॥

અર્થ-શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરણ કમલના નખચંદ્ર, જે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની પ્રાપ્તિ માટે, પોતાના (સ્વ) જનોની સાથે, હંમેશાં સેવા કરવા યોગ્ય છે, તેને હું નમસ્કાર કરૂં છું. ૧.

હવે આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી કૃષ્ણાશ્રય ગ્રંથમાં શરણાગતિનું નિરૂપણ કર્યા પછી શરણે આવેલાઓને માટે સ્વમાર્ગીય પ્રમાણે તથા ધર્મોના ઉપદેશ આપતાં પ્રથમ ધર્મનું નિરૂપણ કરતાં કહે છે.

‘સર્વદા....વગેરે”

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન ॥૧॥

અર્થ-હંમેશાં સર્વાત્મભાવથી એટલે પ્રભુને પ્રાણથી પણ પ્રિય ગણીને વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણ નીજ સેવા કરવી જોઇએ. આપણો પોતાનો (ખરો) ધર્મ આજ છે. કોઇ સ્થળે કે કોઇ સમયે બીજો કોઇ ધર્મ નથી.

ટીકા-સર્વદા એટલે બધા જ સમયે આનાથી નિરોધ લક્ષણો દ્વારા કહેવામાં આવતી, સર્વ ઇન્દ્રિયો દ્વારા કરવાની સેવાનું સૂચન થાય છે અથવા તો ફલરૂપા માનસી સેવા સૂચવાઇ છે. જો એમ ન થાય (કે હોય) તો સમયના વિભાગોનો અસંભવ થાય. સર્વ ભાવથી એટલે બધી ઇન્દ્રિયોના પોતપોતાના ભાવથી પ્રવૃત્તિ એટલે સર્વભાવ “તન્મનસ્કાસ્તદાલાપાસ્તતદ્વિચેષ્ટિતા સ્તદાત્મિકા”એ શ્લોકમાં કહ્યું છે. તેમ એટલે કે તેમાં જ મન પરોવીને, તેના જ આલાપમાં મગ્ન, તેની જ ખાસ ચેષ્ટા (વર્તન) કરનાર અને તેમાં જ સમગ્ર આત્માને રમમાણ કરનારા....વગેરેમાં કહ્યા પ્રમાણે અને નવરત્ન ગ્રંથમાં કહ્યા મુજબ “તસ્માત્સર્વાત્મના નિત્ય” એટલે “તેથી હંમેશાં સર્વાત્મભાવપૂર્વક” અથવા તો પતિ કે પુત્ર વગેરેના ભાવથી. વ્રજસ્ય એટલે કે જેને બીજું કશું સાધન નથી-જેને બીજો કોઇ સ્વામી (નાથ-પતિ) નથી એવા વ્રજના અધિપ. અને આજ કારણને લીધે અવશ્ય સેવા કરવા યોગ્ય. સ્વસ્ય એટલે દરેક જીવનો પોતાનો આ મુખ્ય શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ધર્મ એટલે “પુષ્ટિ માર્ગે હરેર્દાસ્યં ધર્મઃ (પુષ્ટિ માર્ગમાં હરિનું દાસ્ય એજ ધર્મ છે) એ કારિકામાં જણાવ્યા પ્રમાણે વિધિપૂર્વક કહેવામાં આવેલો. વિધિ એટલે નારદિય ગ્રંથમાં જણાવ્યા મુજબ “પ્રાતર્મધ્યન્દિને સાયં વિષ્ણુ પુજા. સમાચરેત્” યથા સંધ્યા તથા નિત્યા વિષ્ણુ પુજા સ્મૃતા બુધૈઃ” એટલે કે સવારે બપોરે, સાંજે વિષ્ણુની પુજા કરવી” અને જેમ સાંજે તેમ નિત્ય (હંમેશાં)

વિષ્ણુ ભગવાનની પુજા કરવી એમ બુધ (જાણકાર લોકો) કહે છે.” આજ વાત કહેવામાં આવેલી છે. ભક્તિહંસ ગ્રંથમાં “સ્ત્રિયાસ્વપતિ ભજનવત્” વગેરે દ્વારા એટલે કે પોતાના પતિની સેવા જેમ સ્ત્રીઓ કરે છે તેમ. હિ' શબ્દ વાપરીને જણાવ્યું છે કે આ અર્થ યોગ્ય છે. અન્ય એટલે બીજા કોઇ દેવની સેવારૂપી ધર્મ, ક્વાપિ એટલે કોઇ પણ દેશમાં કદાચન એટલે કોઇ પણ સમયે નથી. એવ શબ્દ વાપરીને બીજા કોઈ ધર્મની સંભવિતતાને કાપી નાખી છે. આગળ જતાં “બ્રુહિ” એ શબ્દ વાપરીને હે અંતઃકરણ, હે ભક્ત એમ અધ્યાહાર (ઉલ્લેખ ન કર્યા છતાં સમજવાનો અર્થ રાખ્યો છે. ૧

આ પ્રમાણે વ્રજાધિપતિના સેવારૂપી 'પુષ્ટિ માર્ગે હરેર્દાસ્યં ધર્મ” એ વાકયમાં જણાવેલ સેવાનું પ્રમાણો સહિત નિરૂપણ કર્યા પછી પ્રમેય ધર્મરૂપ શ્રી ભગવાનનું નિરૂપણ કરતાં કહે છે.

એવં સદાસ્વ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।
પ્રભુઃ સર્વસમર્થો હિતતોન નિશ્ચિતતાં વ્રજેત્ ॥૨॥

અર્થ—આ પ્રમાણે હોવાથી પ્રભુ પોતે જ પોતાનું કર્તવ્ય કરશે, કારણ કે પ્રભુ સર્વ કરવા શક્તિમાન છે. તેથી નિશ્ચિંતતા રાખવી.

ટીકા—બીજા કોઈ દેવની સેવા ન કરતાં ભગવાનની સેવા કરનાર લોકો માટે કહ્યું છે, 'સ્મ' શબ્દ સૂચવે છે કે આ વાત સારી રીતે જાણીતી છે, જે કંઈ કરવા જેવું છે—ધન દોલત વગેરે મેળવવાનું એ બધું પ્રભુ પોતે જ કરશે. 'સ્વકર્તવ્ય' એવો પાઠ હોય ત્યાં પોતાનું કર્તવ્ય છે એમ સમજવું બાકીનું પહેલાંની જેમ સમજવું ભગવાન પોતે જ કરશે. એમ અર્થ લેવામાં આવે ત્યારે કયા પ્રકારે કરશે એ જણાવવા માટે કહે છે. 'પ્રભુઃ સર્વ સમર્થો હિ' એટલે કે પ્ર+ભુ=પ્રકર્ષેણ ભવતિ એટલે સર્વ કરવા જે સમર્થ છે. તે પ્રભુ જાતે જ ભક્તે ઇચ્છેલી વસ્તુરૂપ બની જાય છે, જેવી રીતે મૈથિલ તથા શ્રુત દેવના ગૃહોમાં ઋષિ વિગેરેના વાહનો વગેરે સર્વ રૂપ ધરીને પ્રવેશ્યા હતા. અને તેથી જ 'યદ્યદ્ધિયે' જે જે બુદ્ધિપુર્વક એમ કહ્યું છે. જો એમ દલીલ કરવામાં આવે કે સર્વ વેદોએ જેનું પ્રતિપાદન કરેલું છે. એવા ભગવાન ભક્તોની ઉચ્ચ તથા હળવી (નીચી કક્ષાની) ઇચ્છાઓને અનુરૂપ કેવી રીતે થાય તો ત્યાં એ શંકાનું નિવારણ કરતાં કહે છે પ્રભુ સર્વ કરવા શક્તિમાન છે તેથી બધાય ઉત્તમ તથા નીચ તત્ત્વો વિષે સમાનભાવ (સમ+અર્થ=ભાવ) રાખવા ભગવાન સમર્થ છે તેથી. 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' (આ બધું ખરેખર બ્રહ્મ છે) એ શ્રુતિ વાકય પ્રમાણે સાચું જોતાં બધામાં ભગવાનપણું હોવાથી 'હિ' શબ્દ એ દર્શાવવા માટે છે કે આ અર્થ યોગ્ય છે. 'તેને' એટલે ભગવાન્ સર્વ સમર્થ છે તેથી નિશ્ચતતા મેળવવી. વિધિ દર્શાવવા માટે આજ્ઞાર્થનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૨

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

ગોવિંદભાઇ પટેલ રોજ દાદાજી પાસે ભગવદ્ વાર્તા સાંભળવા આવતા તેઓ જીજ્ઞાસુ અને ભાવિક હતા.

ગોવિંદભાઈ–દાદાજી ! આજે તો એકાદશી છે. મુલ પુરૂષ બોલીયે. આજે તો મારી ઇચ્છા છે કે શ્રીમહા પ્રભુજીનાં સ્વરૂપનું જ્ઞાન મને થાય તેવું કંઇક સંભળાવો.

દાદાજી–આ સવાલનો જવાબ ટુંકામાં આપી શકાય તેમ નથી. વળી મને તો શું કોને શ્રીમહાપ્રભુજીનાં સ્વરૂપનું પૂરૂં જ્ઞાન છે? છતાં મેં જે કાંઇ સાંભળ્યું છે, સમજમાં આવ્યું છે કે વાંચ્યું છે તે કહું છું. ભૂલચૂક થાય તો પ્રથમથીજ શ્રીમહાપ્રભુજીથી ક્ષમા માગી લઉં છું.

મુલ પુરૂષ શ્રી દ્વારકેશજી મહારાજ કૃત છે. આમ જુઓ તો સંગીતનાં રૂપમાં નાનો એવો ગ્રંથ છે, પણ ગાગરમાં સાગર ભરી દીધો છે.

શ્રીમહાપ્રભુંજીની પાંચ પેઢીની વંશાવલી પણ આવી જાય છે. યજ્ઞનારાયણજીથી પાંચમી પેઢીયે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટય અને ત્યાર પછી શ્રીગુસાંઇજી અને તેમનાં સાતો લાલજી દરેકની સંવત તિથિવાર સુધા પ્રાગટયની વિગત આપી છે. શ્રીમહાપ્રભુજીનું જીવન ચરિત્ર સૂક્ષ્મ રૂપમાં આપું છું. એક જ કીર્તનમાં ઘણો સાર આપી દીધો છે. શ્રીમહાપ્રભુજીનાં સ્વરૂપ વિષે હું અલ્પમતિ શું વર્ણન કરી શકું ?

વેદમાર્ગથી ૧૦૦ સોમયજ્ઞ પૂરા થયે શ્રી મહાપ્રભુજીનું પ્રાકટય થયું ગોલોકની લીલા–યુગલ સ્વરૂપને પોતાના ભકતો સંસારમાં વિચરતા જોઇ ભકત મિલનની ઇચ્છાવાળા બન્ને સ્વરૂપનું વિરહાગ્નિ સ્વરૂપ સદા સર્વદા ગોલોકમાં બિરાજતું તૃતીય સ્વરૂપ શ્રીગુસાંઇજીએ "સૌંદર્ય પદ્યમાં" ગૂઢ તત્વનું વર્ણન કર્યું છે. આચાર્ય રૂપ જગ વિખ્યાત છે. વિદ્વાન પંડિતો, કૃષ્ણ દેવ જેવા રાજાએ બધા આચાર્યરૂપ માને છે અને આચાર્યરૂપથી ચારે આશ્રમનું પાલન આપે કર્યું છે. વેદ માર્ગનું પ્રતિપાદન કર્યું છે.

લીલા સૃષ્ટિ વાળા જીવો પુરૂષોત્તમ રૂપથી જાણે છે. "નરદેહ ધરી છે અમ કાજ જો "પરંતુ" ગૂઢ સ્વરૂપે નિજ સ્વામિની રે લોલ" આ કીર્તનમાં સ્વામિની ભાવનું વર્ણન છે.

કૃષ્ણદાસજી એ ગાયું છે "વસ્તુત કૃષ્ણ જો બંધે દામી, નમો શ્રી વલ્લભાધીશ સ્વામી" આમ આ ભાવનાં સાક્ષાત્ કૃષ્ણરૂપે અને તે પણ જે બાલકૃષ્ણ, ભકત (માતા યશોદા) નાં હાથથી દામડેથી બંધાણા હતા, તે જ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીવું છે તેમ વર્ણન કર્યું છે.

સર્વ વ્યાપકરૂપ પણ આપનું જ છે. શ્રી મહાપ્રભુજી સદા સર્વદા બિરાજમાન છે, એટલું જ નહીં 'એકોહમ્ બહુ શ્યામ' એક હોવા છતાં એક જ સમયે દરેક બેઠકજીમાં બિરાજમાન છે. છતાં ભક્ત જ્યાં હોય ત્યાં તેમનું સ્મરણ કરે ત્યાં સર્વત્ર બિરાજમાન છે. દેશ, કાળ કોઇ વસ્તુ બાધક નથી. ભકતો માટે તો સદા ભકત હૃદયાવાસ ભકતોનાં હૃદયમાં સદા બિરાજમાન હોઇ તેમની બુદ્ધિ નિર્મળ હોઇ ભગવદ્ ગુણાનુવાદ સેવા સ્મરણ કરે છે.

વિશેષ શું કહું ભાવેક ગમ્યમ્ જેમ જેમ ઉંડા ઉતરીને શ્રી મહાપ્રભુજીનું ધ્યાન, સ્મરણ કરશું તેમ તેમ અનેક વસ્તુ સમજવામાં આવશે. આમ તો શ્રી ગોકુલેશજી શ્રી ગુસાંઇના ચોથા લાલજીનું વચનામ્રત છે કે આથી આગળ અમારી મત્તિ ચાલતી નથી. માટે ગોવિંદભાઇ મને તો કોઇ હજી સુધી એવો મળ્યો નથી જે શ્રી મહાપ્રભુજીના પુર્ણરૂપનું વર્ણન કરી સંભળાવે.

ભકતોની ભાવનામાં જેમ જેમ આવતું ગયું તેમ તેમ અનેક ભકતોએ શ્રી મહાપ્રભુજીનાં સ્વરૂપ જ્ઞાન પ્રાગટય તથા ભુતલ પર બિરાજયા ત્યાં સુધીનું વર્ણન કરેલ છે. 'અદેયદાનદક્ષશ્ચ" ભકતો માટે આવી રીતે દાન દેવાને સમર્થ છે. શ્રી મહાપ્રભુજી સર્વદા છે. છતાં ભકતોનાં અપરાધ ક્ષમા કરતા તેમને આનંદ આવે છે. હશે ! બાળક છે એટલે કે ભકત અજ્ઞાની હોય ભુલો તો એક કરતાં અનેક ગણી કરતા હોઇ તેની કરણી સામું જુએ તો પાર ન આવે. કૃપાનિધિ આપનું નામ છે જેથી કૃપા કરવી એ તો આપનો સહજ સ્વભાવ છે. કયાં તો દોષ નિધિ અનેક આધી વ્યાધી, અહંતા મમતામાં ફસાયેલો જીવ અને કયાં ગુણનિધિ પ્રભુ.

આપ સ્વયં કૃષ્ણરૂપ હોવા છતાં આપશ્રીએ ભગવાન શ્રી કૃષ્ણની જ સેવા અને એકાગ્ર ચિત્તે અનન્ય આશ્રય રાખી સ્મરણ–ભજન કરવું આવી આજ્ઞા કરી છે.

જેવી રીતે શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજીનાં મુખથી ગુણગાન કરાવ્યું. તેવી જ રીતે શ્રી મહાપ્રભુજીએ જે જીવો પર કૃપા કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું તેઓ જ આપનાં સ્વરૂપનું ગુણગાન કરવા સમર્થ થયા. આગળ થયા, આજે હશે, હવે પછી પણ થાશે જ.

ગોવિંદભાઇ : મારી ઇચ્છા છે કે શ્રી વલ્લભવંશ બાબત આ જ મને સંભળાવો.

દાદાજી : આ વિષય લાંબો છે.

ગોવિંદભાઇ : ભલે આજે સવાર પડે, એકાદશી તો છે જ, જાગરણ થઇ જાશે.

દાદાજી : તો હવે એકાગ્રચિત્ત રાખી મન–વાણી સ્થિર કરીને સાંભળો. આજે હું તમોને શ્રી મહાપ્રભુજીના વંશનું યશોગાન સંભળાવું છું. યજ્ઞનારાયણજીથી વર્ણન મુલપુરૂષમાં સાતે લાલજી સુધી કરેલ છે. જે મૂળમાં શ્રી મહાપ્રભુજીએ અવતાર લીધો તે અગાઉની પેઢીઓથી જ ઉત્તમ હતું. ઉત્તમ સંસ્કાર, વેદાધ્યયન, આશ્રમપાલન, શ્રીકૃષ્ણની ભક્તિ કહીશ.

પિન્કી : દાદાજી ! શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ વારંવાર દરેક પત્રોમાં 'શ્રી મહાપ્રભુજીના ચરણોનો આશ્રય જ બતાવ્યો છે' આ એવું મહત્વનું વાકય છે કે અનેકવાર કહેવા છતાં હૃદયમાં ઉતરવું સહેલ નથી જ. જેના હૃદયમાં ઉતર્યું તેનું કામ થઇ ગયું સમજજો. આટલીવાર કહેલ છતાં મારા જેવા મૂઢ જીવો ન સમજે તો એક જ વાર કહીને રહી ગયા હોત તો કોણ સમજત.

દાદાજી : હા, દિકરી ! 'શ્રી વલ્લભ નખચંદ્ર છટા બીન સબ જગમાં જ અંધેરો' આમાં સૂરદાસજીએ નાના વાકયમાં ઘણું કહી દીધું છે કેમકે તે શ્રી વલ્લભનાં લાડીલા કૃપાપાત્ર ભકત હતા.

॥ શ્રીહરિઃ ॥

"સ્વરૂપસ્થિતિ"

લેખક : પૂ. પા. ગો. શ્રી શરદકુમારજી (માંડવી-હાલોલ)

એક વખત 'ધર્મ' અતિશય ચિંતાતુર અવસ્થામાં બેઠો હતો. સમયના પ્રવાહ તથા જીવની ગતિનો વિચાર કરતાં એના રુવાંટા ઉભા થઇ જતા હતા. સંસારમાં પોતાનો પ્રભાવ ક્ષીણ થતો જાય છે એ હકીકતથી એની ચિંતામા ઓર વધારો થતો ગયો. બીજી તરફ 'અધર્મ' એના પૂરા જોશમાં જગત પર પગપેસારો કરી રહ્યો છે જેના કારણે જગતના અસંખ્ય જીવો એના સકંજામાં ફસાઇ ગયા છે. દુષ્ટ પાપી જીવોની તો એજ ગતી હોય, પરંતુ એમની સાથે સાથે સંગદોષથી કેટલાક અજ્ઞાની દૈવી જીવો પણ 'અધર્મ' ના અનુગામી બની ગયા છે કે જેઓને ભગવાને 'ધર્મ' ના અનુગામી બનવા સર્જ્યા છે. વળી ઘણા દૈવી જીવો એવા પણ છે જેઓ અજ્ઞાનથી અધર્મના રસ્તે તો વળી ગયા પરંતુ એમને મોડેથી પણ પોતાની ભૂલ સમજાઇ છે. હવે તેઓ પાછા વળવા માગે છે પરંતુ એમના પાછળ અધર્મીઓની એટલી લાંબી લાઇન છે કે પાછા વળવું અસંભવ બની ગયું છે. અધર્મીઓ પોતાની સાથે સાથે આ દૈવી જીવોને પણ શું લઇ ડૂબશે ? આ પરિસ્થિતિનો શું ઉપાય ? આવી ચિંતા કરતાં કરતાં ધર્મને થયું. "ચાલો જરા અધર્મની સાથે વાત કરી જોઉં ! ! ભગવાનની આજ્ઞાથી જ પોત પોતાના કામમાં લાગેલાં ધર્મ-અધર્મ વચ્ચે સારો મૈત્રીભાવ હતો. ધર્મને થયું, અધર્મને મળવાથી કદાચ કોઇ ઉપાય નિકળી આવે ! ધર્મ અધર્મની પાસે જઇને પોતાની ચિંતા વ્યકત કરી અધર્મ ઉત્તર આપતા કહ્યું "ભગવાને આપણે બન્નેને અલગ અગલ કાર્ય વહેંચણી કરી. આપી છે. મને અધર્મ ફેલાવવાનું કાર્ય સોંપ્યું છે જયારે તને ધર્મ ફેલાવવાનું. હું તો નિષ્ઠાથી ભગવાનની આજ્ઞા પ્રમાણે અધર્મનો પ્રચાર કરી રહ્યો છું. એવું કરવાથી પાપી જીવોની સાથે સાથે કેટલાક દૈવી જીવો પણ મારે રસ્તે ચાલવા લાગ્યાં હોય તો એ એમનું દુર્ભાગ્ય કદાચ ભગવાનની એવી જ ઇચ્છા હશે. આમાં હું તારી કોઇ સહાયતા કરી શકું તેમ નથી."

અધર્મના ઉત્તરથી ધર્મને સંતોષ ન થયો. એણે અધર્મને કહ્યું "એવું ન થઈ શકે કે, જે દૈવી જીવો અજ્ઞાનથી તારા રવાડે ચઢી ગયા છે એમને જઇને તું ખાનગીમા સાચી વાત સમજાવી આવે ?" અધર્મે કહ્યું : "તું તો મને મારા કર્તવ્યથી વિમુખ થવાની સલાહ આપી રહ્યો છે ! મારુ કર્તવ્ય તો અધર્મનો પ્રચાર કરવાનું છે. જો હું આમ ખાનગીમા જઇ જઇ ને દૈવી જીવોને સમજાવતો રહીશ તો અધર્મ કોણ ફેલાવશે ? અને જો ભૂલે ચુકે કોઇ પાપી જીવ મારી વાત સાંભળીને તારા ધર્મના રસ્તે ચાલવા લાગી જાય તો ભગવાન મારા પર ક્રોધે ન ભરાય ? એના કરતાં હું તને વ્યાજબી સલાહ આપું ? તું જ તારો બહોળો પ્રચાર કેમ નથી કરતો કે

જેથી તારા પ્રકાશથી અધર્મનો અંધકાર દૈવી જીવો પરથી દૂર થઇ જાય ?"

ધર્મે કહ્યું "તારી વાત સાચી છે, આળસ તથા નિશ્ચિંતતાને કારણે કેટલોક સમય હું મારા કર્તવ્યથી વિમુખ રહયો. એ કારણે જ મારા માર્ગના જીવો તારા માર્ગે ચાલવા લાગ્યા. તું તારૂં કર્તવ્ય નિષ્ઠાથી બજાવી રહયો છે. પરંતુ, હું ચુકયો. હવે હું કમર કસીને ભગવાને મને જે કાર્ય સોંપ્યું છે તે કરીશ. દૈવી જીવોને પુનઃ મારા માર્ગે વાળીશ. પોતાના કર્તવ્યનું પાલન કરનારને પ્રભુ જરૂર સહાય કરે છે."

ઓ દૈવી પુષ્ટિજીવો ! ધર્મ હવે કટિબદ્ધ છે. તૈયાર રહો પરિવર્તન માટે છોડી દો. અધર્મના માર્ગે ને. ધર્મ તમને સ્વીકારવા સહર્ષ– તૈયાર છે. શ્રી મહાપ્રભુજીની કૃપાદષ્ટિ છે. પોતાના સાચા સ્વરૂપ, માર્ગને સમજીને પુનઃ 'સ્વસ્થ' થાઓ.

સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૪ તા. તા. ૧૦–૪–૯૩ શનિવાર. ગો. શ્રી યદુનાથજી–યોગેશકુમારજી મહારાજ શ્રી (મુંબઇ)નો તથા ગો. શ્રી યશોદાનંદનજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૧૩–૪–૯૩ મંગળવાર. શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૦ તા. ૧૬–૪–૯૩ શુક્રવાર. શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૧૭–૪–૯૩ શનિવાર. વરુથિની એકાદશી વ્રત, શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય ઉત્સવ તથા શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટય (સં. ૧૫૩૫) અને ભકતકવિ શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) તથા ગો. શ્રી વ્રજપ્રિયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૧૮–૪–૯૩ રવિવાર. ગો. શ્રી વલ્લભકુમારજી મહારાજ શ્રી (કોટા)નો જન્મદિન.

વૈશાખ સુદ ૨ તા. ૨૪–૪–૯૩ શનિવાર. શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ, વસંતઋતુ પૂરી થઇ.

વૈશાખ સુદ ૩ તા. ૨૫–૪–૯૩ રવિવાર. અક્ષયતૃતીયા, ચંદનયાત્રા, જલકુંભદાન, ત્રેતાયુગાદિમન્વાદિ તિથિ, શ્રી પરશુરામ જયંતિ, ભકતકવિ શ્રી કૃષ્ણદાસજીનો જન્મદિન (સં. ૧૫૫૩), ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન, ગ્રીષ્મઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૨૬-૪-૯૩ સોમવાર. ગો. શ્રી પીતાંબરજી મહારાજશ્રી (કાકરોલી)નો તથા ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૨૭-૪-૯૩ મંગળવાર. શ્રી નટવરલાલજી (અમદાવાદનો પાટોત્સવ સ. ૧૮૫૧) ભકત કવિશ્રી સૂરદાસજીનો જન્મદિન. (સં. ૧૫૩૫)

વૈશાખ સુદ ૬ તા. ૨૮-૪-૯૩ બુધવાર. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ શ્રી (માંડવી-જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૨૯-૪-૯૩ ગુરુવાર. રામરાજ્ય. શ્રી જાનકીજીનો જન્મદિન, ગંગાસપ્તમી, શ્રી સ્વામીનીજીનો વિવાહોત્સવ, ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૧-૫-૯૩ શનિવાર. ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૨-૫-૯૩ રવિવાર. મોહિની એકાદશી વ્રત, શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯).

વૈશાખ સુદ ૧૩ તા. ૪-૫-૯૩ મંગળવાર. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૫-૫-૯૩ બુધવાર. શ્રી નૃસિંહ જયંતી વ્રત, ગો. શ્રી રણછોડલાલજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૬-૫-૯૩ ગુરુવાર. પૂર્ણિમા, વૈશાખસ્નાન સમાપ્તિ, કૂર્મજયંતિ, બુદ્ધજયંતિ, શ્રી રાધારમણનું પ્રાકટ્ય, ભકત કવિ શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

શ્રી વલ્લભ સુધાના આ જીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૧ અંક ૮ ના અનુસંધાનને)

૪૮૬ શ્રી કંસારા કનૈયાલાલ પરસોત્તમદાસ, વાંકાનેર
૪૮૭ ,, કંસારા દામોદરદાસ ચતુરદાસ, વાંકાનેર
૪૮૮ ,, કંસારા હિ.મતલાલ કરસનદાસ, વાંકાનેર
૪૮૯ ,, પરશોત્તમદાસ વલ્લભદાસ પંજવાણી, જુનાગઢ
૪૯૦ ,, ઠાકરશીભાઇ નરસીભાઇ વાડોલીયા, રાજકોટ
૪૯૧ ,, મોહનલાલ લવજીભાઇ વાડોલીયા રાજકોટ
૪૯૨ ,, જેરામભાઇ તુલસીભાઇ વાડોલીયા, રાજકોટ
૪૯૩ ,, સોની કાંતીલાલ કાલીદાસ, ગોંડલ
૪૯૫ ,, અનંતરાય મોહનલાલ, જેતપુર
૪૯૫ ,, ગિરધરલાલ કાલીદાસ મર્થક, રાજકોટ

॥ શ્રીવલ્લભઃ ॥

નિજ અંતઃકરણનું સમાધાન

લેખક : **ભક્ત કવિશ્રી દયારામભાઇ**

સંપાદક : **પ્રો. જીવનલાલ છ. જોશી**

ભગવત્ સેવા પ્રીતિપૂર્વક પેટ ભરીને હરિ પ્રસન્ન થાંય એવી નાં બની. તેનો તું અખંડ સંતાપ કરે છે તે તો સારો છે, ફળરૂપે છે, પણ અતિશે ઉદ્વેગે મન નામ કીર્તનમાં પણ નથી લાગતું તે પણ મોટી હાનિ થાય છે.

શ્રીજી, શ્રી મહાપ્રભુજી તો પરમ દયાળ ચાહે તો અયોગ્યને પણ યોગ્ય કરી માનસી બળથી સિદ્ધ કરેં. તેનો તૂં દઢાશ્રય રાખ, તેથી સર્વ ફળ મળશે.

હાવાં તો શરીર હારી ગયૂં, મન લાગતું નથી, ધન નથી, જન નથી, ઘર આદિ કશો ઉપસ્કર નથી ત્યારે સેવા યથાયોગ્ય કેમ બને ? ભાવ તો આ સમયમાં અતિ દુર્લભ છે ને ભાવ વિનાની સેવા તો કૃતિ માત્ર છે, મુખ્ય ફળદાતા નથી.

હાવાં તો સેવા, વિષય વાસનાનીને દ્રવ્યલાલસા જસ લાલસા, દુકાનદારી, અહંકાર, માત્સર્ય આદિના હેતુ દેખાય છે. શ્રી મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા થાય તો જ શ્રીજી સાનુભાવતા જણવે ને જેને જણાવતા હોય તેને માન, મોટાઇ, ઇર્ષ્યાદિક નાં રહે, ક્લેશ નાં હોય તો તે દેખાય છે. ત્યારે કૃષિ માત્ર જાણવી. તે કર્યાનો ગર્વ રહે ને બીજાને નિંદે તે કરતાં દીનતા·પુર્વક સ્મરણ કીર્તન સારું.

ગોવિંદદાસ ભલા ક્ષત્રિયેં અહંકારથી તનુજા વિત્તજા બધે સેવા અતિશેં કરી, પણ ગુરૂ–ગોવિંદ બધે ખીજ્યા, રીઝયા નહીં બધો જનમ સેવા કરી તો યે બહિર્મુખ થયા ને યવનને હાથે અકાળ મૃત્યુ થયું. ને શ્રી લાડિલાજીની સેવા દેવા કપુર ક્ષત્રિયે ત્રણ પ્રહર કરી એટલામાં વિરહદાન થયું ને લીલા પ્રાપ્તિ થઇ. માટે થોડી સેવા, પણ સ્નેહ દીનતાની, પ્રભુ ઘણી માને છે. જે કાંઇ પ્રથમ અવસ્થામાં હરિ ઇચ્છાથી બની હશે તેટલી પ્રભુ માનશે ને ન્યાલ કરશે, ને નહિ માને ત્યાં લગી ઘણીથી પણ શું થયૂં ?

તારું કર્યું કાંઇ નથી થતું, પ્રભુ કરશે તે થશે, માટે અહંકારથી સઘળી કૃતિ વ્યર્થ છે, ને શુદ્ધ દીનતાએં અયોગ્યનેં પ્રભુ મુખ્ય ફળ પોતાના પ્રમેય બળથી આપે છે, માટે શ્રી મહાપ્રભુજીનો સર્વ વાતે વિશ્વાસ દઢ રાખવો, અતિશે ચિંતાનાં કરવી.

હરિનેં જે કૃતિ કરાવવી હશે તેનો સર્વ યોગ પોંતે મેળવશે, તૂંથી તો કશૂં નહીં થાય તૂં કે દહાડે નિર્દોષ હતો જે આજ સદોષ થયો છે ? જે હરિંએ હાથ ખેંચ્યો છે તે તો મોટાની કાનીથી કૃપા કરી છે ને કરશે, પણ તારી કૃતિ તે જોનાર નથી, પણ તું વિવેકે ચાલજે, પછી હરિ–ઇચ્છા.

શ્રી મહાપ્રભુજીએ ઘણાને તનુજા–વિજાત્ત સેવા કર્યા વિના "માનસી" સિદ્ધ કરી છે, પ્રમેય બળથી મુખ્ય ફળની પ્રાપ્તિ કરાવી છે. પુરણ મલ્લની એક અભ્યંગ–સેવા જ. અવધૂત્તદાસેને

સેહજે જ, દિનકર શેઠને કથાથી જ, કનૈયા સાલાદિક ઘણાને સેહજે લીલા રસમાં નિમગ્ન કર્યા છે, તેમ તૂંને પણ કરનાર હશે, ત્યારે ઇહાં કશો યોગ નથી મળવા દેતા, તુંને અખંડ તાપ આપ્યો છે, તે પણ મુખ્ય સેવા જ છે. મહદકુળે કહ્યું છે ને શ્રી ગુરૂએ કહ્યું છે જે 'અમારી સેવા, તે તારા તરફની સેવા શ્રીજીની થૈ ચુકી છે, ચિંતા નાં કરેશ."

એટલાં ઉપરાંત તાપ ઉદ્વેગ મટતો નથી ત્યારે એમાં પણ પ્રભુજી તારૂં સારૂં જ કરતા હશે. જેને શ્રીમુખે પોતાનો કહે તેનું કશું ભુંડુનાં જ થવા દે. તારુ કશું થવાનું નથી. જે થાય તે હરિ ઇચ્છા માનવીને જેમ રાખે તેમ રહેવું. સર્વની બુદ્ધિના પ્રેરક શ્રીજી છે.

* * *

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

શ્રી અષ્ટાક્ષર મહામંત્રનું રહસ્ય

ગો. શ્રી દ્વારકેશજી (કાંદિવલી, ચંપારણ્ય, અમરેલી)

પ્રત્યેક પુષ્ટિ જીવાત્માને મન અષ્ટાક્ષર મંત્ર એટલે સર્વસિદ્ધ–સર્વોત્કૃષ્ટ મહામંત્ર છે. જ્યારે જીવાત્મા અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ અંતઃકરણપુર્વક કરે છે ત્યારે ચિત્તને પરમ શાંતિ અનુભવાય છે.

આ અષ્ટાક્ષર મહામંત્ર સામાન્ય અથવા લૌકિક ફળોને આપનારો કોઈ સાધારણ મંત્ર નથી, પરંતુ પરમ અલૌકિક ફળને પ્રદાન કરનારો છે. તેના દરેક અક્ષરમા અલૌકિક સિદ્ધિઓ રહેલી છે. જ્યારે જીવ શુદ્ધ હૃદયથી અષ્ટાક્ષરનો જપ કરે છે ત્યારે તેને અલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. અહંતાનો નાશ થાય છે. દાસભાવ ઉત્પન્ન થાય છે અને પ્રભુનાં ચરણાવિંદમાં દઢતા થાય છે.

આ અષ્ટાક્ષર મહામંત્ર કોઇએ ઉપજાવી કાઢેલો મંત્ર નથી. તેનું પ્રાકટય પણ અદભુત અને અલૌકિક રીતે ગૌલોકમાં થયું છે.

શ્રી અષ્ટાક્ષર મંત્રનું પ્રાકટય

ગૌલોક ધામમાં પોતાની નિકુંજમાં બિરાજતાં શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામીનીએ પરસ્પર માન ધારણ કર્યું, એ માન જ્યારે ચરમસીમા પર પહોંચ્યું ત્યારે બંને સ્વરૂપોનાં ગૂઢભાવ સ્વરૂપોનું મિલન થતાં શ્રી ઠાકોરજીનાં મુખારવિંદમાંથી સ્ત્રીસૌંદર્ય ભાવરૂપ અગ્નિ પ્રકટ થયો અને શ્રી સ્વામીનીજીએનાં મુખારવિંદમાંથી પુંભાવ સૌંદર્યરૂપ અગ્નિ પ્રકટ થયો. અને આ બંને અગ્નિનું સંમેલન થતાં ઉભયભાવાત્મક સ્વરૂપે યુગલ સ્વરૂપની સમસ્ત લીલાઓનો અનુભવ કરનાર સાક્ષીરૂપ શ્રી વલ્લભનું પ્રાકટય થયું.

સૌંદર્યં નિજહૃદગતં પ્રકટીતં સ્ત્રીગૂઢભાવાત્મકં પુંરૂપંચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્ સ્વપ્રિયે સંશ્લિષ્ટાવુભયોર્ભૌ રસમયઃ કૃષ્ણોહિયત્સાક્ષિકં રૂપંત્તત્ ત્રિતયાત્મકં પરમત્ભિધ્યેયં સદા વલ્લભમ્ ।

આપશ્રીએ નિકુંજમાં માન કરીને બિરાજતાં શ્રી ઠાકોરજીને વિનંતી કરી શ્રી સ્વામીનીજીની પાસે પધરાવ્યાં અને શ્રી સ્વામીનીજી

પણ અત્યંત સ્નેહથી શ્રી ઠાકોરજીની પાસે પધાર્યા ત્યારે આ બંને સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી શ્રી મહાપ્રભુજીએ ઉચ્ચારણ કર્યું "શ્રીકૃષ્ણઃ શરણં મમ" અર્થાત્ શ્રી એટલે શ્રી સ્વામીનીજી અને શ્રીકૃષ્ણ આ બંને સ્વરૂપોને હું શરણે છું. આ રીતે આ મહામંત્ર પ્રકટ થયો.

શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામીનીજીનું પુનઃ મિલન કરાવનાર આ સ્વરૂપ સૌ ગૌલોકના ભક્તોને અતિ પ્રિય લાગ્યું એટલે આપનું નામ શ્રી વલ્લભ રાખ્યું. વલ્લભ એટલે પ્રિય, અત્યંત વહાલા.

પછી ભગવદ્ આજ્ઞાથી શ્રી મહાપ્રભુજી દૈવી જીવોનો ઉદ્ધાર કરવા ભૂતલ ઉપર પ્રકટ થયાં અને શરણે આવતાં દરેક દૈવી જીવોને આપ પહેલા અષ્ટાક્ષર મંત્રનું દાન કરતાં.

આ મંત્રમાં આઠ અક્ષરો છે તેથી તેને અષ્ટાક્ષર મંત્ર કહેવામાં આવે છે. આ આઠ અક્ષરો માત્ર જડ મૂળાક્ષરો નથી પરંતુ અદ્ભુત સિદ્ધિ આપનારા છે. દરેકે દરેક અક્ષરનો ગુઢ અર્થ છે તેનું નિરૂપણ શ્રી ગુસાંઇજી પ્રભુ ચરણે શ્રી અષ્ટાક્ષર વિવરણ ગ્રંથમાં કર્યું છે.

પ્રથમ આપણે દરેક અક્ષરનો ગૂઢ અર્થ જોઇએ.

(૧) **શ્રી** સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. ધનવાન થાય છે. અને રાજાને અત્યંત પ્રિય થાય છે.

(૨) **કૃ** પાપનો નાશ છે.

(૩) **ષ્ણ** આધિભૌતિક આધ્યાત્મિક અને આધિદૈવિક આ ત્રિવિધ દુઃખોનો નાશ થાય છે.

(૪) **શ** જન્મ મરણનું દુઃખ દુર કરે છે.

(૫) **ર** પ્રભુ સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

(૬) **ણં** કૃષ્ણમાં દૃઢ ભકિત થાય છે.

(૭) **મ** કૃષ્ણરૂપી પરમ રત્ન બતાવનાર ગુરૂમાં પ્રીતિ થાય છે.

(૮) **મ** શ્રી હરિની સાથે સાયુજ્ય થાય છે. જીવનો પુનર્જન્મ થતો નથી. આ ભકિત માર્ગનું સાયુજ્ય જ્ઞાન માર્ગનાં સાયુજ્ય કરતાં ઉત્તમ છે.

હવે આ શબ્દાર્થને વિસ્તારથી જોઇએ.

(૧) **શ્રી :**– સૌભાગ્ય આપે છે. સૌભાગ્ય એટલે સારૂં નસીબ એટલે ગૃહસ્થાશ્રમ આદિનું સુખ અને ગૃહસ્થાશ્રમ સારી રીતે ચલાવવા માટે લક્ષ્મી (પૈસો) જોઇએ. માટે જે ભકત નિરંતર શ્રી અષ્ટાક્ષર મહા મંત્રનું રટણ કરે છે તેની પાસે લક્ષ્મી આપો આપ આવે છે. લક્ષ્મીને શોધવા ભટકવું પડતું નથી. કારણ કે પ્રભુનાં ભકતો હંમેશા નિષ્કામ હોય છે. નારાયણદાસ બ્રહ્મચારીને ત્યાં રાત્રિનાં ધનનો ઢગલો થઇ જતો હતો. તેઓ તેને બગાડ માનીને સવારે સાવરણીથી સાફ દરીને ઘરની બહાર ફેંકી દેતાં આમ ગૃહસ્થાશ્રમનું સુખ લૌકિક દૃષ્ટિએ ઉત્તમમાં ઉત્તમ સુખ છે જે મેળવવા મનુષ્યને અથાગ પ્રયત્ન કરવા પડે છે. પરંતુ નિષ્કામ ભાવે અષ્ટાક્ષર મંત્રનો અહર્નિશ જપ કરનારને તો માત્ર 'શ્રી' અક્ષરનો ઉચ્ચારથી જ આ સુખ મળે છે.

(૨) **કૃ :**– અક્ષરનો ઉચ્ચાર કરવાથી જીવનાં મોટામાં મોટાં પાપોનો નાશ થાય છે. શાસ્ત્રોમાં દોષોનાં નિવારણ માટેનાં જે ઉપાયો બતાવવામાં આવ્યાં છે તે એટલા બધા કઠિન

છે કે તેમ કરવાથી ખૂબ જ કષ્ટ સહન કરવું પડે છે. એટલે સુધી કે આપણું શરીર પણ જંજરિત થઇ જાય છે. જ્યાં સુધી કરેલા પાપો નાશ ન પામે ત્યાં સુધી ભકિત માર્ગમાં પ્રવેશ ન થાય. પાપ ત્રણ પ્રકારનાં છે. (૧) **કાયિક :** શરીરથી થાય તે (૨) **વાચિક :** વાણીથી થાય તે (૩) **માનસિક :** મન દ્વારા થાય છે. આ બધાં પાપો દુર કરવાનો અત્યંત સરળ રસ્તો શ્રી મહાપ્રભુજીએ બતાવ્યો કે શ્રી અષ્ટાક્ષર મંત્રનું અહર્નિશ રટણ કરતાં "કૃ" અક્ષરનો ઉચ્ચાર થતાં જ બધાં પાપ નાશ પામે છે.

(૩) **ષણ :-** જીવને ત્રણ પ્રકારનાં દુઃખો પીડા આપે છે.

(૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિ દૈવિક આ ત્રિવિધ દુઃખોને આપણે લૌકિક ભાષામાં આધિ વ્યાધિ ઉપાધિ કહીએ છીએ તેમાંથી મનુષ્ય મુકત થાય ત્યારે જ તેનું ચિત્ત નિર્મળ બને છે. અને પ્રભુનાં સેવા સ્મરણમાં લાગે છે. આવી ચિત્તની નિર્મળતા અન્ય કોઇ સાધનથી થતી નથી. તે કેવળ પ્રભુનાં શરણે જવાથી જ થાય છે. 'ષણ' અક્ષરના ઉચ્ચારણથી મનુષ્યનાં ત્રણે પ્રકારના દુઃખ નાશ પામતાં વાસનાઓ નિર્મૂળ થાય છે અને અંતઃકરણ શુદ્ધ થાય છે.

(૪) **શ :** અક્ષરના ઉચ્ચારથી જન્મમરણનાં ફેરામાંથી મુકિત મળે છે. જીવને ચોરાસીલક્ષ યોનિઓમાં ભટકવું પડતું નથી. લૌકિકમાં તેની અહંતા-મમતા છૂટી જતાં તેની સંસારમાંથી નિવૃત્તિ થાય છે, અને જીવ ભગવત્પ્રાપ્તિનો અધિકારી બને છે.

(૫) **ર :** જે જીવની સંસારમાંથી આસક્તિ છુટી જાય છે તેને લૌકિક સુખ તુચ્છ લાગે છે. તેને હવે તો કેવળ પ્રભુ પ્રાપ્તિની જ ઝંખના હોય છે તેથી પ્રભુ કોણ છે ? તેમનું સ્વરૂપ કેવું છે ? જીવનું સ્વરૂપ શું છે ? જીવ કેવી રીતે પ્રભુને પ્રસન્ન કરી શકે છે ? આ બધી બાબતો જાણવાની જિજ્ઞાસા તેને 'ર' અક્ષરનાં ઉચ્ચારણથી જાગે છે. તેની જિજ્ઞાસા આ મહામંત્રનાં રટણથી સંતોષતા પ્રભુના માહાત્મ્યનું તેને જ્ઞાન થાય છે.

(૬) **ણં :** પ્રભુનું માહાત્મ્ય જાણ્યા પછી તેમનામાં સુદૃઢ અને સર્વાધિક પ્રેમ ઉત્પન્ન થતાં ભકિત પ્રાપ્ત થાય છે. પ્રભુ પ્રત્યેનો આવો પ્રેમ 'ણ' અક્ષરનાં ઉચ્ચારણથી પ્રાપ્ત થાય છે. ભકિત દરેકને પ્રાપ્ત થતી નથી. ભકિત કરવા માટે પણ ભગવદ્ કૃપા જોઇએ. પ્રભુ જે જીવનાં ઉપર કૃપા કરે છે. તેને જ ભકિતનું દાન કરે છે. ભકિત જ્ઞાન કરતાં પણ શ્રેષ્ઠ છે.

(૭) **મ :** ભકિતમાર્ગમાં પ્રવેશ થવા માટે ગુરુદેવની કૃપા અનિવાર્ય છે. પ્રભુની પ્રાપ્તિ ગુરુદેવ દ્વારા જ થાય છે. તેમની કૃપાથી જ જીવને સેવા કરવાનો અધિકાર મળે છે. પ્રભુ અને જીવની વચ્ચે ગુરુદેવ સેતુ સમાન છે. માટે પ્રભુ પર પ્રીતિ થતાં પહેલાં શ્રી ગુરુદેવ પર પ્રીતિ થવી જોઇએ. આવી પ્રીતિ 'મ' અક્ષરના ઉચ્ચારથી થાય છે. ત્યારે શ્રી ગુરુદેવની કૃપાથી આપણા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે અને માર્ગનું જ્ઞાન થાય છે ત્યારે પ્રભુનાં સ્વરૂપાનંદની પ્રાપ્તિ થઇ શકે છે.

(૮) **મ** : આવા જીવોને હવે પ્રભુ સિવાય બીજા કોઇનું આકર્ષણ રહેતું નથી તેથી બીજા 'મ' શબ્દનો ઉચ્ચાર કરવાથી પ્રભુનું સાયુજ્ય મળે છે. એટલે હવે પુનર્જન્મ રહેતો નથી.

આ પ્રકારે શ્રી અષ્ટાક્ષર મહામંત્રનાં દરેક અક્ષરમાં અલૌકિક સિદ્ધિઓ પ્રકટ કરવાનું સામર્થ્ય રહેલું છે.

શ્રી મહાપ્રભુજીએ શરણે આવેલા જીવોની નિઃસાધન સ્થિતિ જોઇને તેમના પર કૃપા વિચારી આ અલૌકિક મહામંત્રનું દાન કર્યું છે.

શ્રી ગુંસાઇજી પ્રભુચરણે અષ્ટાક્ષર મંત્રનું માહાત્મ્ય જીવોને સમજાવવા માટે 'શ્રી અષ્ટાક્ષર મંત્રાર્થ નિરુપણમ્' નામનો ગ્રંથ રચ્યો છે જે આપણે વિગતવાર જોઇશું તો અષ્ટાક્ષર મંત્રની મહિમા સમજાશે.

[**નોંધ** : 'શ્રી અષ્ટાક્ષર મંત્રાર્થ નિરૂપણમ્' ગ્રંથ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણમાં મળે છે.]

આ ગ્રંથમાં શ્રી ગુસાંઇજી પ્રભુચરણે શ્રી અષ્ટાક્ષર મંત્રનું માહાત્મ્ય જીવોને બતાવવા માટે તેનાં એક–એક અક્ષરનું નિરૂપણ કર્યું છે.

–ક્રમશઃ

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ. ભ. શ્રી ચીમનભાઇ શેઠના સુપુત્ર જતિનભાઇ ગો. વા. તા. ૨૬–૧–૯૩ ના સ્મરણાર્થે. વડોદરા.

યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **૫. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વૃજ'' ધોરાજી**

પદ-૧૦૨

શ્રી યમુના તુમ હો પરમ ઉદાર,
તુમ્હારી કૃપા ભઇ જાન;
કૃષ્ણ જુ કરત તાહી અધિકાર.... ૧
શ્યામલ વર્ણ સમાનશીલ,
ગુણ દ્વય લીલા અધિકાર;
ક્રીડા રાસ વિલાસ રસ ભરે,
પ્રિય પરિશ્રમ પરિહાર.... ૨
લીલા ગૂઢ ઘોર કલિયુગમેં,
રૂપ પ્રકટ વિસ્તાર;
અતુલ પ્રતાપ પુન્ય પુરન,
જલ અખિલ વિશ્વ ઉદ્ધાર.... ૩
યદ્યપિ પતિત નાહીં જલ પરસત,
દરસ પરસ પિઓ વારવાર;
'હરિદાસ' કો ત્રાસ નિવારો,
જિન ડારો સંસાર.... ૪

ભાવાર્થ : હે કૃપા ઉદાર શ્રી યમુનાજી ! આપ તો પરમ ઉદાર છો. આપની કૃપા થઈ જાણીને શ્રીકૃષ્ણ તેને સેવા ટહેલનો અધિકાર આપે છે. આપનો શ્યામલ વર્ણ છે તે શ્રી કૃષ્ણના સમાન શીલ ધર્મવાળા છો તેના સાક્ષી રૂપે છે બન્ને લીલા કહેતા બાલલીલા, કિશોર લીલા, સ્વકીયા-પરકીયા આ બને લીલામાં આપનો પુર્ણ અધિકાર છે. પ્રિયતમની સાથે રાસ વિલાસાદિક રસભરી ક્રીડા કરીને પ્રિતમનો પરિશ્રમ નિવૃત્ત કરો છો.

હે લીલા સાગર શ્રી યમુનાજી ! આવા ઘોર કલિયુગમાં પણ આપના આવા રસ સ્વરૂપની ગૂઢલીલાનો આપ જીવ ઉપર કૃપા કરીને વિસ્તાર કરો છો. આપનો અતૂલ એટલે તુલના ન થઇ શકે એવો પ્રતાપબળ અને આપનું જગત પાવન પરમ પવિત્ર જલ અને અખિલ વિશ્વનો ઉદ્ધાર એ તો જીવોનાં પુર્વ સુકૃતો અને આપની કૃપાનું પરમ ફલ છે. આપ યથાધિકાર સર્વેને પરમ ગતિ અને પુષ્ટિ જીવોને ગોલોક ધામ આપો છો.

જો કે પતિતજનો આપના જલનો સ્પર્શ નથી કરી શકતા, તો પણ એ જલદર્શન કરવા અને વારંવાર પાન કરવા યોગ્ય છે. શ્રી હરિદાસજી કહે છે કે હું સંસારના ત્રાસથી કંટાળી ગયો છું. માટે મને એ ત્રાસથી બચાવો....

માસિક પૃષ્ઠ સહાયક

આ. રા. પુ. ગૌ. પરિષદ ધોરાજી શાખાના અધ્યક્ષશ્રી છગનલાલ જાદવભાઇ માવાણીના ગો. વા. માતુશ્રી અમૃતબેનના સ્મરણાર્થે. ગોલોકવાસ તા. ૬-૩-૯૩ શનિવાર ધોરાજી.

પુષ્ટિમાર્ગીય માસિક વૈષ્ણવ પરિવારનો દશમો વાર્ષિકોત્સવ તથા શ્રી રવજીભાંઈ પટેલનુ વિદૂત સન્માન

શ્રી હરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી રાજકોટ વૈષ્ણવ સમાજના ઉપકમે શ્રી રમેશભાઈ પરીખના તંત્રીસ્થાનેથી મહેસાણાથી પ્રકાશિત થત્તાં પુષ્ટિમાર્ગીય માસિક વૈષ્ણવ પરિવારનો દસમો વાર્ષિકોત્સવ તાજેતરમાં રાજકોટના શ્રી અરવિંદભાઈ મણીયાર હોલ ખાતે ઉજવાયો હતો.

તંત્રીશ્રી રમેશભાઈ પરીખે સ્વાગત પ્રવચન કર્યું હતું તેણજ રાજકોટ વૈષ્ણવ સમાજના અગ્રણીઓ શ્રાં જમનાદાસ બાબરાવાલા, શ્રી રસિકભાઈ રાણપરા, શ્રી ડાયાભાઈ ડેલાવાલાએ હારતોરા કરી સૌનું સ્વાગત કર્યું હતું..

અતિથિર્વિશેષપદે આંતસ્રાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ શ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠ અને શ્રી જયંતિભાઈ પટેલ ઉપરાંત શ્રી ચિમનભાઈ શેઠે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

આ પ્રસંગે ખાસ કાંકરોલી–વડોદરાના વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી વાગિશકુમાર મહોદયે પોતાના પ્રવચનમાં આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સમાજર્મા શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતો સરળ ભાષામાં સમજાયતું લોકપ્રિય માસિક વૈષ્ણવ પરિવાર છે. આ પ્રસંગે હું હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષસ્થાનેથી પ્રવચન કરતાં પોરબંદરના વૈષ્ણવાચાર્ય શ્રી રસિકરાયજી મહારાજે જણાવ્યું હતું કે વર્તમાન વિકટ સમયમાં વૈષ્ણવોમાં જાગૃતિ અને સંપ્રદાયના સાચા સિદ્ધાતોનું સરળ માર્ગદર્શન આપતું માસિક વૈષ્ણવ પરિવાર છે. આજે રાજકોટના આંગણે આ માસિકનો દશમો વાર્ષિકોત્સવ ઉજવાઈ રહયો છે તે ગૌરવની વાત છે. આ માસિક ઉતરોતર પ્રગતિ કરે તેવી મારી હાર્દિક શુભેચ્છા.

આ પ્રસંગે સને ૧૯૯૨–૯૩ના વર્ષનો શ્રી હરસાનીજી વિદ્વુત સન્માન એવોર્ડ આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત વલ્લભ સુધા માસિકના સંપાદક અને તંત્રી શ્રી રવજીભાઈ પટેલને સમારંભના અધ્યક્ષ પુ. પા.ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના વરદ કરકમલો દ્વારા પ્રદાન કરવામાં આવ્યો હતાં, જેને ઉપસ્થિત વિશાળ વૈષ્ણવોના સમુહે હર્ષથી વધાવ્યો હતો.

॥ શ્રી વલ્લભાધીશો વિજયતે ॥

શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ

સન્માન પત્ર

પરમ ભગવદીય શ્રી રવજીભાઈ પ. પટેલ
(તંત્રી : "શ્રી વલ્લભ સુધા"—રાજકોટ
ને
શ્રી હરસાનીજી વિદ્વુત્સન્માન એવોર્ડ પ્રદાન

આપ શ્રી વલ્લભ અને શ્રી વલ્લભ કુળના કૃપાપાત્ર સેવક જ નથી, સાથે સાથે સંપ્રદાયની સેવાના આ જીવન ભેખધારી સંનિષ્ઠ સેવક પણ છો. એક કર્મઠ કાર્યકર ઉપરાંત આપ સંપ્રદાયના સાહિત્યનું આજીવન સેવન કરતા રહ્યા છો. આપે "વ્રતોત્સવાવલિ" ગ્રંથ શ્રેણીનું સુચારુ સંપાદન અને પ્રકાશન કરીને વૈષ્ણવ સમાજને પુષ્ટિમાર્ગને સમજવાનું ઘણું સરળ કરી આપ્યું છે. આપની એ ગ્રંથશ્રેણી બહુમૂલ્ય સંદર્ભગ્રંથની ગરજ સારનારી છે. તદુપરાંત આપ બીજાં અનેક પુસ્તકોના લેખન–સંપાદન–પ્રકાશનમાં નિમિત્ત બન્યા છો.

ગ્રંથ પ્રકાશનોપરાંત આપ "શ્રી વલ્લભ સુધા" સામયિકનું તંત્રીપદ સંભાળી, કુશળતાથી તેનું સંચાલન કરો છો. પુષ્ટિસાહિત્યના જિજ્ઞાસુઓ માટે તે 'પરબ' છે. સંપ્રદાયના સિદ્ધાંત સાહિત્ય અને ભાવ સાહિત્યની રસમય, સુંદર રજુઆત તમે કરી રહ્યા છો. ઘણું અપ્રકટ સાહિત્ય તમે પ્રકાશમાં આણ્યું છે. "શ્રી વલ્લભ સુધા"ના ગ્રાહકોને ભેટ પુસ્તકનો લાભ આપી રહ્યા છો. આપની આ સાહિત્ય સેવાથી વૈષ્ણવ સમાજ ઘણો લાભાન્વિત થયો છે. તે માટે અભિનંદન ઘટે છે.

આપ માત્ર સાહિત્ય સેવી જ નથી. રહ્યા. અં. રા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ધર્માધ્યક્ષ પરમ પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞા અને માર્ગદર્શનમાં ધોરાજીમાં "શ્રી વલ્લભાશ્રય"ના નિર્માણમાં અને તેના સ્મૃતિ ગ્રંથના પ્રકાશનમાં તમારો સહયોગ નોંધપાત્ર રહ્યો છે. રાજકોટમાં, થયેલા સોમ યજ્ઞથી લઈને પરિષદની સર્વ પ્રવૃત્તિઓમાં તમે મૂક પણ સક્રિય સેવક રહ્યા છો.

તમારું સૌમ્ય, સરળ અને સંકોચશીલ વ્યકિતત્ત્વ દાસભાવનું ઉત્તમ ઉદાહરણ છે. પ્રસિદ્ધિથી વેગળા રહેવાનો તમારો સ્વભાવ દીનતાનું બીજું નામ છે. શ્રી વલ્લભના ઉત્કર્ષ માટે તમારી સેવાતત્પરતા સાચા વલ્લભીય વૈષ્ણવપણાની દ્યોતક છે. આવા આપને આ એવોર્ડ પ્રદાન થાય છે, ત્યારે તે સ્વીકારવા માટે આપના ઋણી છીએ એનું અમને ગૌરવ છે.

શ્રી મહાપ્રભુ અને શ્રી પ્રભુ આપની સંપ્રદાયની સેવા સ્વીકારવા કૃપા કરી આપને નિરામય શતાયુ બક્ષે એજ અભ્યર્થના.

અમે છીએ આપના ગુણગ્રાહી
શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ
અને
શ્રી રાજકોટ વૈષ્ણવ સમાજ

દિનાંક ૨૮ ફેબ્રુઆરી, ૧૯૯૩ : રવિવાર

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના એવોર્ડનો પ. ભ. શ્રી રવજીભાઈ પ. પટેલનો પ્રતિભાવ

અજ્ઞાન તિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતંયેન, તસ્મે શ્રી ગુરવે નમઃ ।।

સમારંભના અધ્યક્ષ મહોદય ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી અતિથિ વિશેષ શ્રી જયંતિભાઈ પટેલ તથા શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ, સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ, ઋષિકુલના પ્રમુખ શ્રી કાંતિભાઈ રાધનપુરા, ઋષિકુલના સંયોજક શ્રી હરસુખભાઈ ખખ્ખર તથા મારા સહકાર્યકરો શ્રી ડાયાભાઈ ડેલાવાળા તથા શ્રી ગોકુલદાસભાઈ સોની, સમસ્ત રાજકોટ વૈષ્ણવ સમાજ. આમંત્રિત વૈષ્ણવ ગણ.

આપ સર્વેને મારા હાર્દિક અભિનંદન સાથ જયશ્રી કૃષ્ણ

વૈષ્ણવ સમાજના ધબકારને સફળ રીતે છેલ્લા દશ વર્ષથી રજુ કરનાર " વૈષ્ણવ પરિવાર " ના તત્રી શ્રી રમેશભાઈ પરીખ અને તેમના સાથી કાર્યકરોને દશમા વાર્ષિક ઉત્સવ પ્રસંગે હાર્દિક અભિનંદન પાઠવું છું અને શુભેચ્છાઓ વ્યકત કરું છું કે બાળકો માટેનું સુંદર સાંપ્રદાયિક 'બાલ પુષ્ટિ' ના સંપાદક ગણને પ્રથમ વાર્ષિક ઉત્સવ પ્રસંગે અભિનંદન સાથ પ્રગતિ માટે શુભ કામનાઓ વ્યકત કરું છું.

સંપ્રદાયની પાઠશાળાઓ, પરીક્ષાઓ, ઉત્સવો વગેરે દ્વારા બાળકોને આપણે સંપ્રદાય વિશે સાચી સમજ આપવા પ્રયત્ન કરીએ છીએ તે સરાહનીય છે. તે પ્રવૃત્તિને વિશેષ વેગ આપવાનું કાર્ય 'બાલપુષ્ટિ' જેવા સામાયિક કરે છે તે વિશેષ આનંદની વાત છે.

શ્રી હરસાનીજી વિદ્વત્સન્માન એવોર્ડ મને એનાયત કરવા બદલ શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તથા શ્રી રાજકોટ વૈષ્ણવ સમાજનો હું હાર્દિક આભાર માનું છું. શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટને વિદ્વત્સન્માન એવોર્ડ શરૂ કરવા બદલ હાર્દિક અભિનંદન

પુષ્ટિ સંપ્રદાયને સક્રિય યોગદાન આપનાર સંપ્રદાય માટે પાયાનું કાર્ય કરનાર વૈષ્ણવોની સેવાની નોંધ લઈ અને તેમને આવા એવોર્ડ દ્વારા પ્રોત્સાહન આપવાનું કાર્ય સંપ્રદાય માટે ઘણું જ મહત્વ ધરાવે છે.

હું તો પરમ કૃપાળુ પ્રભુને એવી પ્રાર્થના કરૂ કે એવોર્ડ આપનાર સમિતિ પણ મુંઝવણમાં મૂકાય જાય એટલી મોટી સંખ્યામાં આવા નિષ્કામ અને પાયાના કાર્યકરો મળી રહે જેથી ભવિષ્યમાં આવા એવોર્ડની સંખ્યા વધારવી પડે.

હું અલ્પ બુદ્ધિ–પામરજીવ મારાથી વૈષ્ણવ સંપ્રદાયની સેવા શું થઈ શકે ? પરંતુ પરમકૃપાળુ આચાર્ય શ્રી મહાપ્રભુજી, ગોસ્વામી બાળકો અને વૈષ્ણવોની કૃપાથી જે કંઇ પ્રેરણા થઈ તે પ્રમાણે વ્યવસાયિક જીવનમાં અને નિવૃત્તિ જીવનમાં છેલ્લા ચાલીસેક વર્ષથી હું સંપ્રદાય માટે શકિત અનુસાર નાનું મોટું યોગદાન તન, મન, અને ધનથી આપી રહ્યો છું.

વૈષ્ણવોના સાથ સહકારથી ધોરાજીમાં "શ્રી વલ્લભાશ્રય" નું નિર્માણ થઈ શકયું જેમાં પુષ્ટિ સંપ્રદાયની સેવા પ્રણાલી મુજબ સેવા–દર્શન થાય છે તેમજ વૈષ્ણવોને ઉતરવા–સમાધાનની વ્યવસ્થા પણ છે તેમ જ સાહિત્ય જેવાં કે વ્રતોત્સવાવલી ભાગ ૧ થી ૪ શ્રી નાથજીબાવા અને શ્રી દ્વારકાધીશજીનો ઈતિહાસ, શ્રી મથુરા વ્રજ મંડળ યાને વ્રજ દર્શન, નમોદેવિ, યમુને, ભરોસો દઢ ઈન ચરનન કેરો, વેણુ ગીત, યુગલ ગીત, શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી, શ્રીમદ વલ્લભાચાર્ય સ્મૃત્તિ ગ્રંથ, શ્રી પ્રથમેશ ચરિતામૃત વગેરેનું પ્રકાશન થયું છે, તેમાં મુખ્યત્વે યોગદાન પરિષદ ધોરાજી શાખા અને શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળનું રહ્યું છે.

રાજકોટમાં પરિષદનો હિરક મહોત્સ ઉજવાયો તે વખતે નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી મહોદયશ્રીની આજ્ઞાનુસાર અને માર્ગદર્શન અન્વયે સામાયિક પ્રકાશિત કરવાનો નિર્ણય લેવાયેલ તેના ફલરૂપ "શ્રી વલ્લભ સુધા" માસિક છેલ્લા અગીયાર વર્ષથી પ્રકાશિત થઈ રહ્યુ છે. તેમાં ગો. વા. શ્રી મગનલાલ લાલજીભાઈ તન્ના ગો. વા. પ્રો. જીવનલાલ છગનલાલ જોશી. પ્રા. એમ. આર. પાલેજા રાજપીપળા, પ્રોફે. પ્રતાપરાય શાહ, મુંબઈ મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા વગેરેનું સંપાદન કાર્યમાં યોગદાન છે તેમ જ શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળાના સક્રિય સહકારથી પ્રકાશન નિયમીત થઇ શકે છે. છેલ્લે મારા પુષ્ટિ જીવન ઘડતરમાં જેમનુ યોગદાન રહેલ છે તેમને આ તકે યાદ ન કરૂ તો કૃતદિન કહેવાઉં.

પ્રથમ તો મારા ગો. વા. દાદા કરમણ આતા કે જેમણે મારા બચપણથી પુષ્ટિ સંપ્રદાયના પાયાનું સિંચન કરેલ. ત્યાર બાદ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ મહાનુભાવી વૈષ્ણવોના સંપર્કમાં આવતો ગયો અને કૃપા થતી ગઇ અને સંપ્રદાયમાં નામ સેવાનું યોગદાન કરવાનું જીવન ઘડતર કરવામાં મહત્વનો ફાળો કૃપાદાન પ્રાપ્ત થયેલ છે તેમાં મુખ્યત્વે ગોસ્વામી બાલકોમાં નિ. લી. પૂ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી

કોટાવાળા, પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલજી મહારાજ કામવનવાળા, નિ. લી. ગો. શ્રી દ્વારકેશ લાલજી મહારાજ, નિ. લી. ગો. શ્રી માધવરાયજી મહારાજ, પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર) ગો. વા. પ. ભ. શ્રી પ્રેમલાલ ગો. મેવયા “વૈશ્વાનર” તંત્રી.

ધોરાજીમાં ગો. વા. મોતીચંદ ચત્રભુજ પારેખ ગો. વા. ભગવાનજી ગોરધનદાસ પારેખ ગો. વા. દામજીભાઈ જાદવભાઈ માવાણી, ગો. વા. ગોપાલદાસ પિતાંબર પારેખ, પ. ભ. શ્રી ચુનીલાલ કેશવજી કંસારા પ. ભ. નટવરલાલ મોતીચંદ પારેખ પાટણ, પ. ભ. શ્રી એન. કે. પરીખ વિલેપાર્લે પ. ભ. પ્રા. શ્રી રમેશભાઈ પરિખ, ગો. વા. દ્વારકાદાસ પરિખ, તથા પ. ભ. વલ્લભદાસ વિઠ્ઠલદાસ છાટબાર અને છેલ્લે મારા કુટુંબીજનોએ પુષ્ટિના આ કાર્યમાં કોઈ પણ જાતના પ્રતિબંધ વગર સાથ સહકાર આપી પ્રોત્સાહિત રાખેલ છે તે બધાનો આભાર વ્યકત કરૂં છુ.

જેમની સાથે મહાનુભાવ પરમ ભગવદીય શ્રી દામોદરદાસ હરસાનીજીનું નામ જોડાયેલ છે તે એવોર્ડ મને એનાયત થયો તે મારું સૌભાગ્ય માનું છુ ખરેખર તો

આ એવોર્ડ મને નહિ પરંતુ ઉપર દર્શાવેલ મહાનુભાવોની કૃપા અને માર્ગદર્શનનું યોગદાન કરનારને મળે છે; હું તો નિમિત્ત માત્ર છું.

ભવિષ્યમાં આ એવોર્ડ પ્રાપ્ત કરવા માટે આપ સૌ વૈશ્ણવો ભાગ્યશાળી બનો એવી ભાવના વ્યકત કરૂં છું,

ફરીને પધારેલ ગોસ્વામી બાળકો, એવોર્ડ સમિતિ, શ્રી રાજકોટ વૈષ્ણવ સમાજ અને આપ સર્વેએ બોલવાની મને તક આપી અને શાંતિથી સાંભળ્યો તે બદલ સમગ્રનો હાર્દિક આભાર સહ મારૂં વકતવ્ય શ્રી ચરણોમાં સમર્પિત કરી વિરમ છું.

બોલ ગિરિ રાજ ધરણ કી જય.

આ સમારંભનું સંચાલન હસમુખભાઈ ખખ્ખરે કરેલ.

સાભાર સ્વીકાર પરીષદ ડીરેકટરી

પ્રકાંશક – આં. રા, પુ. વૈ. પરિષદ, ગુજરાત પ્રદેશ
પ્રાપ્તિસ્થાન – પ્રા. ચીમનભાઈ એમ, શેઠ
૧૬૨ બી, શ્રેણીક પાર્ક, અકોટા સ્ટેડીયમ સામે, અકોટા વડોદરા-૨૦

કાવ્ય-કુંજ

૧. ભૂતલ પધાર્યા શ્રી મહાપ્રભુજી

[ઢાળ : હાંરે ધન્ય આંજની ઘડી રળીયામણી]

હાં રે સખી ભૂતલ પધાર્યા શ્રી મહાપ્રભુજી,
હાં રે જેની ઉપમાં તે આવી શકે કોઇના હોજી રે.... ભૂતલ૦ ૧
હાં રે વાલે સેવ્યા સ્વરૂપ શ્રી નાથજી;
હાં રે વાલે રીઝાવ્યા છે વૃજના નાથને હોજી રે.... ભૂતલ૦ ૨
હાં રે ઓઢયા ઉપરણાં કસુંબલ કોરનાં;
હાં રે એને ફરતી ઘુઘરની શોભા ઘણી હોજી રે.... ભૂતલ૦ ૩
હાં રે સોના ઝારી ભરીને સંગ લાવીયા;
હાં રે વાલો ચાલે છે ગજગતિ ચાલને હોજી રે.... ભૂતલ૦ ૪
હાં રે મદનમોહન શ્રી બાલકૃષ્ણ સાથમાં;
હાં રે વાલો બિરાજે ચંપારણ ધામમાં હોજી રે.... ભૂતલ૦ ૫
હાં રે વાલે પરકમ્મા કરી ખુલ્લા ચરણજી;
હાં રે એવા ચોરાસી બેઠકે બિરાજતા હોજી રે.... ભૂતલ૦ ૬
હાં રે એવા પ્રભુ મારી આંખડીના તારલા;
હાં રે ગુણ ગાય એવાં '**લક્ષ્મી**' તમારલા હોજી રે.... ભૂતલ૦ ૭

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

૨. હે આનંદસ્વરૂપ શ્રી વલ્લભ વલ્લભ....

હે આનંદ સ્વરૂપ, શ્રી વલ્લભ વલ્લભ;
સર્વ વૈષ્ણવ રીઝત ગુણગાન ગાઇ.... ૧
પરમાનંદ સ્વરૂપ, શ્રી વલ્લભ વલ્લભ;
દૈન્ય ભાવી ભકતોને સદા સુખદાઇ.... ૨
સત્સંગી સુલભ શ્રી વલ્લભ વલ્લભ;
નિજ જનોને નિત કૃપાદૃષ્ટિ દાઇ.... ૩
દુરીજન દુર્લભ, શ્રી વલ્લભ વલ્લભ;
'**પદરેણુ**' રટત શ્રી વલ્લભ વલ્લભ.... ૪

પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

આ. પુ. વૈષ્ણવ પરિષદ સમાચાર-સંચય

—રતનપુર મુકામે નિર્માણધીન શ્રીમદ્ વલ્લભાચાર્ય રૂષિકુલ નિર્માણનું ખાતમુહુર્ત વિધિ પોરબંદર વાળા પૂ. પા. ગોવિદરાયજી મહારાજનાં શુભ હસ્તે ચૈત્ર વદી ૧૧ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ દિને તા. ૧૭–૪–૯૩ નાં દિને યોજવામાં આવેલ છે.

આ દિવસે સવારે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટવાળા) સ પરિવાર ૧૦૮ પુષ્ટિ ધ્વજ સાથેનો પદયાત્રા સંઘ લઈ રતનપર પહોંચશે.

જ્યાં શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ તથા ભૂમિ પૂજન વિગેરે કાર્યક્રમો સંપન્ન થશે આ પ્રસંગે રાજકોટ બરા સ્ટેશન ઉપરથી રતનપર આવવા જવા માટે એસ. ટી. બસની વ્યવસ્થા ગોઠવાયેલ છે.

આ પ્રસંગે ઉત્સવને અનુલક્ષી શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકુલ સંકુલમાં પ્રસાદ લેવાની વ્યવસ્થા ગોઠવાયેલ છે.

—ભરૂચ : માનવતા અને વૈષ્ણવતા લક્ષણો જાગૃત કરવાનો અનુરોધ પ્રદ્યુમ્ન શાસ્ત્રીએ પોતાની ભાગવત્ સપ્તાહમાં કહેલ આ પ્રસંગે ચીમનભાઈ શેઠ ઉદબોધન કરેલ.

અમદાવાદ : મણીનગર શાખાના ઉપક્રમે મહિલા સેલના ઉદઘાટન પ્રસંગે પૂ. પા. ગો. શ્રી રાજેશબાવા (કડી–કોટા) એ મહિલાઓએ માર્ગીય પ્રવૃત્તિ કરવા આગળ વધવા અનુરોધ કરેલ મહિલા સેલનાં સંયોજક તરીકે પ્રોફે. વીણાબેન શેઠ તેમજ પરિષદના પ્રદેશ અગ્રણી ઈન્દ્રકાન્ત શેઠ—ચીમનભાઈ—વજુભાઇ શાહ—ગોપાલભાઇ શાહ વિગેરે સંબોધન કરેલ.

—: વકતૃત્વ સ્પર્ધા :—

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશ અને પૂ. ગો. શ્રી ઈન્દીરા બેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટ (વડોદરા) નો સંયુકત ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધા "શ્રીવલ્લભ મને ગમે છે" તે વિષય ઉપર યોજવાનો નિર્ણલીધેલ દરેક ગામ આમાં સહભાગી બની શકે છે. ૧૫ થી ૩૦ વર્ષના યુવાનો અવશ્ય સહભાગી બને.

—આ સ્પર્ધા ૨૦ એપ્રિલ સુધીમાં સંપન્ન કરવી. કરાવવી. પુષ્ટિમાર્ગીય સ્થાનોમાં સ્પર્ધાનું આયોજન કરાવવું—સ્પર્ધા માટે ત્રણ વ્યકિતનો નિર્ણાયક સમિતિ બનાવવી ૧ થી ૩ નંબર સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરનારનાં નામ સંયોજકને મોકલવા જેની સંયુકત આખરી સ્પર્ધા વડોદરા યોજવામાં આવશે. સંયોજક સી. પી. તલાટી સહમંત્રી ગુજરાત પ્રદેશ. સ્ટેટ બેન્ક સામે મુ. પો. હાલોલ. (જિ. પંચમહાલ)

રાજકોટ : દિનાંક ૧૨–૩–૯૩નાં દિને મુંબઈમાં થયેલ બોમ્બ વિસ્ફોટને કારણે સેંકડોની સંખ્યામાં લોકો પ્રભુ શરણ થયા હજારો ઘવાયા તેને અનુલક્ષી વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા તેમજ રાજકોટ વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે દિવંગત આત્માઓનાં કલ્યાણાર્થે રાષ્ટ્રિય સદભાવના નિર્માણ હેતુ તેમજ આસુરી વૃત્તિના નાબુદી અર્થે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટ) ની અધ્યક્ષતામાં સવા લાખ "શ્રી કૃષ્ણાશ્રય" નાં સ્તોત્ર પાઠનું આયોજન કરતાં રાજકોટની દરેક પુષ્ટિમાર્ગીય હવેલી—દરેક પાઠશાળા તેમજ શ્રી જસુબાઇ મંડાણમાં સામૂહિક તેમજ વ્યકિતગત પાઠનાં આયોજન કરવામાં આવ્યું.

રાજકોટ : આં; રા: પુ. વૈ. પરિષદ આયોજીત શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુલના નિર્માણનો પ્રારંભ કરવા હેતુસર સૌરાષ્ટ્રના વૈષ્ણવ પ્રતિનિધિ સંમેલનનું આયોજન પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ શ્રી (પોરબંદર)ના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ હતું. જેમાં આશરે ૨૫૦ કરતાં પણ વધુ સભ્યોની ઉપસ્થિતિ હતી. રાજકોકના ગો. શ્રી વ્રજેશકુમાર મહોદય, તથા ગો. શ્રી ગોવિંદરાયજી (ગટુબાવાશ્રી) ગો. શ્રી વાગેશ કુમાર બાવાશ્રી, (વડોદરા) ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામનગર) ગો. શ્રી રસિકરાયજી મહારાજ (પોરબંદર) ગો, શ્રી ઘનશ્યામજી મહારાજ (કામવન) વગેરે પધાર્યા હતા,

પાઠશાળાની બાલિકા દ્વારા મંગલાચરણ તથા બાદ સ્વાગત પ્રવચન ગુજરાત પ્રદેશના પ્રમુખશ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠે કરેલ. ત્પારબાદ પરિષદના વિવિધ હોદેદારો શ્રી જયંતિભાઇ સોની, સી, પી. તલાટી વિણાબેન શેઠ, ડાયાભાઈ ડેલાવાળાએ પ્રાસંગિક પ્રવચન કરેલ,

સંકુલ નિર્માણના સંયોજક શ્રી હસમુખભાઈ ખખ્ખરે રૂાં. ૧૦/– દશ પુરાના કુપનની યોજનાની વિસ્તુત માહિતી આપી હતી અને બિરાજમાન ગોસ્વામી બાળકોએ ઋષિકુળના આયોજનના કાર્યને અનુમોદન સહ આશીર્વાદથી પ્રોત્સાહિત કરેલ. છેલ્લે સંકુલના પ્રમુખશ્રી કાંતિભાઈ રાધનપુરાએ આભારદર્શન કર્યું હતું.

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P.43

શ્રી મહાપ્રભુજીનું ધોળ

શ્રી લક્ષ્મણભટ્ટજીના નંદરે, સમરૂં શ્રી વલ્લભને,
શ્રી ઈલમ્માગારૂજીના લાલરે, સમરૂં શ્રી વલ્લભને;
શ્રી તૈલંગકુલ દ્વિજનાયકરે, સમરૂં શ્રી વલ્લભને.

સાખી

શ્રી વલ્લભ વિઠ્ઠલને નમું. શ્રી ગુરૂને લાગું પાય;
કરજોડી કરૂં વિનતિ, દયા કરો શ્રી યમુનાય રે – સમરૂં ૦ ૧

સાખી

ભૂતલ દ્વિજ વપુ ધારિકે, શરણ લીધા નિજ દાસ;
બ્રહ્મસંબંધ કરાવીને, ઉદ્ધાર્યાં જીવ અપાર રે – સમરૂં ૦ ૨

સાખી

શ્રીમદ્ વિઠ્ઠલનાથજી, શ્રી ગોપીનાથજી સોહાય;
ચરણ કમલની રજ થકી, મહાપતિત પાવન થાય રે – સમરૂં ૦ ૩

સાખી

શ્રીમદ્ વિઠ્ઠલનાથજીના, સાતે લાલ સોહાય,
દર્શન કરતાં માત્રમાં, નસાડે અઘ અજ્ઞાન રે – સમરૂં ૦ ૪

સાખી

શ્રી ગિરિધરશ્રી ગોવિંદજી, શ્રી બાલકૃષ્ણ રસરંગ,
શ્રી ગોકુલપતિ અતિ ગુણનિધિ, જેણે રાખ્યો માલા પ્રસંગ રે – સમરૂં ૦ ૫

સાખી

શ્રી રઘુપતિ શ્રી યદુપતિ જોઈને, મન મારૂં હરખાય;
શ્રી ઘનશ્યામ સ્વરૂપની, લીલા વરણી ન જાય રે – સમરૂં ૦ ૬

સાખી

સાતે સ્વરૂપ સોહામણા, લીલા અપરમપાર;
'દાસ' ઉપર દયાં કરી, આપો ચરણમાં વાસ રે, – સમરૂં ૦ ૭

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

પનઘટ લીલા

તુમ નંદલાલ જનમ કે કપટી ।
મોર મુકટ પિતાંબર સોહૈ, ગલે બૈજંતી માલા લટકી ॥૧॥

ઓરન કી ગાગર ભરી દેવો, હમરી ગાગર સિરસેં પટકી ।
‘ચંદસખી’ ભજ બાલકૃષ્ણ છબી, હરિકે ચરનકમલસેં લપટી ॥૨॥

–ભકતકવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૨ : અંક–૨ મે, ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✻ આજીવન રૂા. ૩૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિ: ॥

ભાગ્યવાન વાચક વૃંદ,

સાદર ભગવદ્ સ્મરણ

આંતરરાષ્ટ્રય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં પ્રેરણાદાતા પરમ વંદનીય પૂજ્યપાદ આચાર્યચરણ ગો. શ્રી પ્રથમેશજી મહારાજ (ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજની પ્રેરણાથી રાજકોટ મુકામે આપશ્રી દ્વારા યોજાયેલ સોમયજ્ઞ પ્રસંગે અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનો હિરક મહોત્સવ સને ૧૯૮૧માં યોજાયેલ.

આપશ્રીના માર્ગદર્શન અને પ્રેરણાથી રાજકોટમાં આં. રા. પુ..વૈષ્ણવ પરિષદ સંચાલિત "શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ"ની રચના થઇ અને "શ્રી વલ્લભ સુધા" માસિક પ્રકાશિત કરવાનો નિર્ણય લેવાયો.

પૂજ્યપાદ ગોસ્વામી બાલકોના આશીર્વાદ તેમજ આપ સૌના સહયોગથી "શ્રી વલ્લભ-સુધા" માસિક ૧૧ વર્ષ પુર્ણ કરી ૧૨માં વર્ષમાં પ્રવેશી ચૂકેલ છે.

"શ્રી વલ્લભ સુધા"નાં ૯૨-૯૩નાં ગ્રાહકો તેમજ આજીવન સભ્યોને "શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી" ભેટ પુસ્તક આપવાનો સંકલ્પ કરેલ તે પુર્ણ કરી શકયા છીએ. ભેટ પુસ્તક આજીવન ગ્રાહકો તેમજ ૯૨-૯૩ના ગ્રાહકોને સેવાભાવી કાર્યકરો દ્વારા તેમજ ન પહોંચી શકાય ત્યાં પોસ્ટ દ્વારા તા. ૩૧-૩-૯૩ પહેલા પહોંચાડવાનો પ્રબંધ કરેલ છે. આ રીતે કૃપા થવાથી સંસ્થાને નામ સેવા કરવાનો મોટો લાભ પ્રાપ્ત થયેલ છે.

બાકી અર્થની જરૂરીયાત રહે ત્યારે હરહંમેશ વૈષ્ણવોનો સ્વયંભુ સહકાર પ્રાપ્ત થતો રહ્યો છે. કયારેક કસોટી સ્વરૂપે તકલીફ જેવું લાગે પરંતુ કૃપાબલ વડે દરેક સંકલ્પ પરિપુર્ણ થાય છે.

અનુકરણીય

"શ્રી વલ્લભ સુધા" માસિકનું આજીવન લવાજમ રૂા. ૧૫૧/- ચાલતું હતું ત્યારે આજીવન સભ્ય બનેલ. દિન-પ્રતિદિન વધતી જતી મોંઘવારીને કારણે ક્રમે ક્રમે આજીવન લવાજમ વધી આ વર્ષે આજીવન લવાજમનાં દર રૂા. ૩૦૧/- થયેલ છે, ત્યારે રૂા. ૧૫૧/- ભરી આજીવન ગ્રાહક બનેલ આણંદ નિવાસી પુરુષોત્તમ મુળજીભાઇ પટેલે સંસ્થાને આર્થિક નુકશાની જતી હોય તેમ સ્વયં વિચારી પોતે જાતે જ વધારાનાં રૂા. ૧૫૧/- સંસ્થાને સહાયરૂપ બનવા મોકલી આપી વૈષ્ણવતાના દર્શન કરાવેલ છે.

પ. ભ. કૃષ્ણદાસભાઇ અઢીયા દ્વારા પોતાના પરિવાર-સ્નેહીજનો-સંલગ્ન સંસ્થાના આજીવન ગ્રાહકોનાં લવાજમ તો ભરેલ ઉપરાંત વિશેષ સ્વરૂપમાં પાંચ આજીવન લવાજમ ભરેલ તે અંકો તેઓને જતાં હતાં. તેઓએ સંસ્થાને સહાયરૂપ બનવા તે પાંચ આજીવન લવાજમનાં અંકો નહિ મોકલવાનું જણાવતાં પુષ્ટિ સંપ્રદાયમાં બેઠકજી અગર મંદિરોએ તે અંકો મોકલવાનો નિર્ણય લીધેલ છે. તેમજ વિશેષમાં સંસ્થાને આર્થિક જરૂરીયાત રહે જ તેમ સ્વયં સમજી પ. ભ. શ્રી કૃષ્ણદાસભાઇ અઢીયા કલ્યાણ થાણા નિવાસીએ અન

પગલું ભરેલ છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૨ * મે, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

બન્ધન કા મૂલ

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ

(ગતાંકથી ચાલુ)

એક સંત પુરૂષે ખુબ જ સુંદર વાત કહી છે. ઓઢણી હોય છે. તે મને કોણે ઓઢાડી છે ? મારા સ્વામીએ તો આ જે વસ્ત્ર મેં ઓઢયું તે પોતાના સુખ માટે અને શોભા માટે નથી ઓઢયું. પરંતુ સ્વામીએ મને ઓઢાડેલ છે, માટે ઓઢયું છે. તો જ્યાં સુધી સ્વામી તેને જોઇને પ્રસન્ન રહેશે, ત્યાં સુધી તે મારે માટે લાભદાયક છે. અને ત્યારે સ્વામીની ઇચ્છા થઇ કે તેને ઓઢાડવી નથી, તો પછી જુની ઓઢણીનો મોહ કરતા રહેવું કે મારે માટે તો તે સારી હતી. મારે તો તેજ જોઇએ એવી ભાવના હૃદયમાં થઇ જાય તે મોટું અજ્ઞાન છે.

આ મેં પોતાની ઇચ્છા માટે નથી ઓઢી, પરંતુ સ્વામીની પ્રસન્નતા માટે ઓઢી છે. જયાં સુધી સ્વામી

પ્રસન્ન છે, ત્યાં સુધી તેને ઓઢવી મારું કર્તવ્ય છે અને જ્યારે સ્વામી મને નવી ઓઢણી દેવા ઇચ્છે છે તો આને છોડવામાં સંકોચ શા માટે થવો જોઇએ ? તો પછી સંકોચ માટે કોઇ કારણ નથી. આ તો ખુબ જ ખુશીની વાત તેમાં મોહ કઇ વાતનો ? આતો જેણે આપી છે, તેની વસ્તુ છે. પોતાની ઇચ્છાથી કયાં ઓઢી છે ? તેને ઉતારી નવી ઓઢવાનો અવસર આપ્યો તો તે દુર્ઘટના નહી, સુઘટના બની ગઇ આ પ્રકારની ભાવના આપણે બધાએ કરવી જોઇએ.

એમ નહી સમજતા કે જેની સાથે દુર્ઘટના બનશે તેને જ આ વાતની આવશ્યતા છે. આપણે તો સ્વસ્થ છીએ. આપણે આ વાતનો વિચાર શા માટે કરવો. આ વિચાર કરવાની આવશ્યકતા નથી. કયા સમયે, કઇ પરિસ્થિતિમાં કોની સાથે કેવી ઘટના બની જાય, શું કોઇ જાણે છે? દર વખતે આ વાત ધ્યાનમાં રાખો, આ વસ્તુ પ્રભુની છે. શરીર પ્રભુએ આપ્યું છે. જ્યાં સુધી તેની ઇચ્છા હશે, ત્યાં સુધી આ શરીર મારે માટે લાભદાયક છે. જ્યારે પ્રભુની ઇચ્છા થાય કે હવે તેને નવીન વસ્તુ દેવી છે તો પછી તેનો મોહ કરવાની જરૂર જ કયાં છે ?

મનુષ્ય અનેક જાતની વાતો માટે ભગવાનને પ્રાર્થના કરે છે. અનાજ માટે, સંતાન માટે, ધન માટે, આરોગ્ય માટે અને દુર્ઘટનામાં પોતાની રક્ષા માટે પ્રાર્થના કરે છે. ખરેખર તો ભગવાનને પ્રાર્થના કરવાની કોઈ જરૂરત નથી. જેવી રીતે પૈસા કે માનવી માટે ભગવાનને પ્રાર્થના કરવાનું નિરર્થક છે, તેવી રીતે દુર્ઘટનાથી બચવા માટે ભગવાનને પ્રાર્થના કરવાનો વિચાર ભગવદ્દીયના હૃદયમાં કયારેય ન આવે ખરેખર તો પોતાની વાત ન કરવી જોઇએ, આ તો હમણા રેલ્વે અકસ્માત થયો અને જીવનમાં ઘણી વખત આવી વાત થઇ ચુકી છે. પરંતુ હૃદયમાં એવા પ્રકારની ભાવના કયારેય નથી રહી કે હજુ કોઇ કાર્ય કરવાનું બાકી છે. આ પ્રકારની ભાવના સ્વપ્નમાં પણ નથી આવી.

કહેવાનો આશય એ છે કે આ ભાવના બધાએ રાખવી જોઇએ. કામ બાકી છે ની ભાવના હૃદયમાં રહી જશે તો મનુષ્ય ચોકકસ બંધનમાં પડી જશે. મારૂ આ કામ બાકી રહી ગયું એવી ભાવના હૃદયમાં કયારેય ન રાખો, જ્યાં સુધી ભગવાનને જેટલી ઇચ્છા હતી ત્યાં સુધી શરીરથી કરાવ્યું. હવે ભગવાનની ઇચ્છા નથી, ઘણી ખુશીની વાત છે, તેમાં મોહ, આસકિત કે દુઃખની કોઇ વાત નથી. તો જ્યારે બાકી કામની ભાવના રહી જાય કે આ કામ બાકી રહી ગયું, ત્યારે ભગવાનને પ્રાર્થના કરવાની ઇચ્છા થશે કે હજુ વધારે જીવન મને આપો, જ્યારે બાકી કામ જ નહોય, કઇ કરવાનું બાકી છે એવી ભાવના ન રહે તો પછી ભગવાનને પ્રાર્થના કરવાની કલ્પના જ કયાંથી થાય ? કહેવાનો મતલબ એ છે કે જીવનમાં જેટલા પણ પ્રસંગ આવે, આગળને માટે મનુષ્યે પશ્ચાતાપ કરવો જોઇએ. ખરાબ પ્રસંગ બની જાય, ખરાબ કાર્ય થઇ જાય, તો આગળ ઉપર જીવનમાં સુધારો થાય, એવા કાર્ય ન થાય, એ યોગ્ય છે. પરંતુ જ્યારે એવો સમય હોય કે હવે અંતિમ સમય છે. તે વખતે હૃદયમાં ખરાબ વિચાર નહી

આવવા દો, જીવનમાં પશ્ચાતાપ નહી કરો. આ કાર્ય મારાથી ખરાબ થઇ ગયું હતું. પરંતુ જે કંઇ થઈ ગયું, સારૂં થયું. ભગવાને જીવનમાં જે કંઈ બુદ્ધિ આપી, પ્રેરણા આપી, જેવી શકિત આપી, મેં તેવું કર્યું. ન તો મારી બુદ્ધિ હતી કે ન મારી શકિત હતી કે ન મારી પ્રેરણા હતી. ત્રણે વાતો ભગવાનની આપેલ હતી.

આ પ્રકારની ભાવના હોય તો જીવન ઘણું શાંત અને સુખી થશે. અંત સમયે પણ કોઇ પ્રકારની વેદના કે કલ્પનાનો પ્રસંગ નહી આવે. મુખ્ય વાત બે શબ્દોમાં સમજી લો. જે કંઇ થયું, ઘણું સારૂં થયું, જ્યાં બાકી કામની ભાવના નથી. કોટામાં એક વ્યકિતએ પૂછયું હતું કે કોઇ ખરાબ કામ થઇ જાય તો તેને માટે પશ્ચાતાપ કરવો કે ન કરવો, તો અમે કહ્યું કે તેની આવશ્યકતા નથી. કોઇ ખરાબ કામ થઇ જાય તો તેનો પશ્ચાતાપ પણ અંત સમયમાં નહીં આવવા દો, તો પ્રસન્નતા રહેશે.

તે સમયે ભગવાને જેવી પરિસ્થિતિ આપી અને બુદ્ધિ આપી તેવું મેં કર્યું. આ રીતની ભાવના, બાકી કામની ભાવના, હૃદયમાંથી દુર થઇ જાય એ સત્સંગનું ફળ છે. કંઇ પણ કરવાનું છે એ ભાવના હૃદયમાં ન રહે જે કંઇ થયું, ભગવાને પ્રેરણા આપી, શકિત આપી. તે પ્રમાણે મેં કર્યું પશ્ચાતાપની જે વાત રહી ગઇ તે એટલા ણાટે કે આગળ ભવિષ્યમાં આવો પ્રસંગ ન બને. તેથી પશ્ચાતાપની આવશ્યકતા છે. જે બની ગયું તેને માટે લાખ પશ્ચાતાપ કરીશુ તો ફરી પાછું આવશે નહીં. આનાથી શું થાય ? ગાડીએ પ્લેટ ફોર્મ છોડી દીધું તે ફરીને પાછી નહીં આવે. આ મુસાફરને લાવવા માટે પાછી નહીં આવે. ગાડી તો આગળ નીકળી ગઇ. પાછી ફરીને નહીં આવે. તેથી પશ્ચાતાપ કરવો નિરર્થક છે. બાકી કામની ભાવના હૃદયમાં ન રહે તે વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે.

દુનિયાના કામ, ઘર ગૃહસ્થી, વેપાર. સમાજના બધા કામ જીવનમાં કરવા પડશે, પરંતુ અંત સમયમાં ધ્યાન રાખજો કે હવે કાંઈ બાકી રહી ગયું, એ ભાવના હૃદયમાં ન રહે, જો આવિ ભાવના હૃદયમાં આવી જાય તો સમજી લો કે જીવનનું વાસ્તવિક રહસ્ય મેળવી લીધું.

ભગવદીઓની ભાવના એવી છે કે આ શરીર શું છે ? એક વસ્ત્ર જ તો છે. વસ્ત્ર પણ મેં પોતાની ઇચ્છાથી પોતાના માટે નથી પહેરી લીધું, પરંતુ ભગવાનની ઇચ્છાથી પહેર્યું છે. અને જ્યાં સુધી તેમને ગમશે ત્યાં સુધી આ વસ્ત્ર રહેશે. ભગવાનની ઇચ્છા થઈ કે હવે આ વસ્ત્ર આને માટે યોગ્ય નથી અયોગ્ય છે. ત્યારે ભગવાન આ વસ્ત્રને બદલી નાખે છે. આ વસ્ત્ર ન તો આપણી ઇચ્છાથી પ્રાપ્ત કર્યું હતું અને નવું પણ આપણી ઇચ્છાથી પ્રાપ્ત કરવાનું નથી. ભગવદ્ ઇચ્છા જ બધું જ કરનાર છે. આ પ્રકારની ભાવના હૃદયમાં રાખશો તો સત્સંગ દ્વારા આનું ફળ જીવનમાં તો હશે જ, પરંતુ અંતકાળે પણ તે આપણા માટે તે ખુબ જ હિતકારક સિદ્ધ થશે,

પ્રસંગ તો ઘણાં કહેવામાં આવ્યા. અંતિમ વાત એ સમજવાની છે કે બાકી કામની ભાવના હૃદયમાં ન રહેવી જોઇએ. જે

કંઇ થઇ ગયું તે સારૂં જ થયું અને હવે આ કામ કરવાનું મારે રહી ગયું તે ભાવના હ્રદયમાં કયારેય અંત સમયે ન આવે તે ધ્યાનમાં રાખવાની વાત છે.

જ્યારે આ ભાવના આવી જશે તો બંધન થઇ જશે. અને આપણે પછી ભગવદ્ ઇચ્છા પર આધાર રાખીને જે લાભ પ્રાપ્ત કરવા ઇચ્છતા હતા તેનાથી વંચિત થઇ જઇશું જ્યારે બાકી કામની ભાવના આવી ગઇ ત્યારે જ્યાં બાકી કામની ભાવના નથી, ભગવદ્ ઇચ્છા પર જ આધાર છે ત્યાં પછી જે કંઇ પ્રાપ્ત થાય તે ભગવદ્ ઇચ્છાથી જ છે. ત્યારે આપણું કાર્ય નિયામક નહીં રહે. ભગવદ્ ઇચ્છા જ નિયામક બની રહેશે,

દરેક વ્યકિત માટે આ એક મોટી લાભકારક વાત છે કે બાકી કામની ભાવના અંત સમયમાં ન રહે. એ ઠીક છે કે ભગવાને સારા કાર્ય માટે શરીર આપ્યું છે અને સારા કાર્ય થઇ જાય તો તેમાં જો આપણો અહંકાર હોય મોહ હોય તો તેમાં અવશ્ય બંધન થશે.

જો આપણે ભગવદ્ ઇચ્છા પર આધાર રાખીએ, ભગવાને જે સમયમાં જેવી પ્રેરણા આપી, બુધ્ધિ આપી, સમજ આપી તેવું મેં કર્યું આપણી આસકિત નહીં હોય તો કયારેય પણ બંધન નહીં થાય. મુકત રહીશું અને ભગવદ્ ઇચ્છા આપણને ઉત્તમ ફળ આપશે.

બસ આટલું કહીને આજનું વકતવ્ય સમાપ્ત કરવામાં આવે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

ભાગવત ધર્મ

પ્રવકતા : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, મથુરા-પોરબંદર

ગીતાની અંદર પરમ તત્ત્વ, કૃષ્ણ તત્ત્વને જ માનવામાં આવેલ છે. તેમ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

'મત્તઃ પરતરં નાન્યત્કિંચિદસ્તિ ધનંજય'
ગીતા-૭/૭

હે ધનંજય ! મારાથી શ્રેષ્ઠ બીજું કાંઇ નથી.

અર્જુનને ખાલી એટલું કહી દીધું કે હું બધાથી શ્રેષ્ઠ છું. પૂર્ણ પરમબ્રહ્મ છું. મારામાંથી આ બીજા બધા અંશકલા વિભૂતિઓનો આવિર્ભાવ થાય છે. આમ કહીને અટક્યા નથી, પરંતુ ભગવાને સ્વરૂપ તત્ત્વના દર્શન પણ કરાવ્યા છે.

ગીતાજીના અગિયારમાં અધ્યાયમાં વિશ્વદર્શન યોગ છે. તેની અંદર પોતે પરાત્પર તત્ત્વ છે. એના સાક્ષાત્ દર્શન અર્જુનને કરાવ્યા. અને શ્રીમદ્ ભાગવતમાં પણ 'એતેચાંશ કલાપુરુષ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયં' એ જે ધર્મ પરબ્રહ્મને પ્રાપ્ત કરવાનો અને અનુભૂતિ કરવાનો જે માર્ગ છે એ માર્ગ સર્વથી શ્રેષ્ઠ માર્ગ છે અને પ્રાણીમાત્રને માટે શ્રેયસ્કર છે. શ્લોકઃ 'સવઇ પુરુષાર્થ પરોધર્મ.... પણ અહીં શ્રી મહાપ્રભુજી પાઠભેદ સ્વીકારે છે. એમાં પ્રાણીમાત્રને માટે સર્વશ્રેષ્ઠ ધર્મ કયો ? એવી જિજ્ઞાસા ઋષિમુનિઓના મનમાં અને શ્રોતાઓના મનમાં રહેતી હતી. જેનો આ શ્લોક વડે સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો છે કે સર્વશ્રેષ્ઠ ધર્મ હોય તો અધોક્ષજ એટલે જે આપણી સ્થૂલ ઇન્દ્રિયોનો વિષય નથી બની શકતા. સ્થૂલ ઇન્દ્રિયોથી પર જેનું સ્વરૂપ છે એવા સ્વરૂપની પ્રાપ્તિને માટે ઝંખના થવી યા એના માટેનો પુરૂષાર્થ કરવો. એ પુરૂષાર્થને સર્વશ્રેષ્ઠ પુરૂષાર્થ તરીકે શ્રીમદ્ ભાગવત આપણને બતાવે છે. ભાગવતની અંદર જે ધર્મ બતાવ્યો છે એ ધર્મ કેવો છે ? કપટરહિત ધર્મ. જે ધર્મની અંદર કપટ નથી તેવો ધર્મ ભાગવતની અંદર બતાવવામાં આવ્યો છે. કપટ રહિત ધર્મ એમ જ્યારે કોઇ કહે ત્યારે એક વાત સ્પષ્ટ થઇ જાય છે કે કોઇ કપટવાળો હોતો હશે ? જ્યારે આ ધર્મને કપટ વિનાનો ધર્મ કહ્યો, ત્યારે પ્રશ્ન થાય કે કપટવાળો અને વળી ધર્મ ? જેની અંદર કપટ હોય તેને ધર્મ કહી શકાય ? એટલે જ ધર્મની સાથે કપટ રહિત એવું વિશેષણ લગાડવાનું કારણ શું ? ધર્મ શબ્દ જ આપણને એમ સૂચવે છે કે, જેમાં છળકપટ વગેરે હોય તેને અધર્મ જ કહી શકાય.

તો પછી અહીં કપટરહિત ધર્મ એમ કહેવાનો અર્થ એમ થાય કે કપટયુક્ત એટલે કે કપટવાળા ધર્મોનો પણ પ્રચાર હશે એ સમયમાં. શ્રીમદ્ ભાગવત એ મોહમાંથી લોકોને છોડાવીને કપટવાળા ધર્મમાં વ્યસ્ત રહેનારા મનુષ્યને એમાંથી એના અજ્ઞાનરૂપી અંધકારને દુર કરી કપટ વિનાનો જે ધર્મ છે એ એને સમજાવવાનો પ્રયત્ન અથવા પુરુષાર્થ છે.

તો પ્રશ્ન થશે કે કપટવાળો ધર્મ શું છે ? કે જે ધર્માચરણ એટલે ધર્મના બે હેતુ હોય.

એક હેતુ તો અનિષ્ટની નિવૃત્તિ. અનિષ્ટ હોય એની નિવૃત્તિને માટે ધર્મ અને એક ઇષ્ટ પ્રાપ્તિ.

શાસ્ત્રકારો પુરુષાર્થને બે ભાગમાં વહેંચે છે. પુરુષાર્થનો ઉદ્દેશ શું ? આપણે જે પ્રયત્ન કરીએ છીએ તેનો ઉદ્દેશ શું ? એક સાધારણ જીવન જીવતા માણસને તેનો ઉદ્દેશ પૂછીએ તો કહે ખાઇએ, પીઇએ અને જીવીએ ત્યાં સુધી જલસા કરીએ ! તે જીવનનો ઉદ્દેશ. પણ શાસ્ત્રકારો એમ કહે છે કે જીવનનો ઉદ્દેશ અનિષ્ટની નિવૃત્તિ અને ઇષ્ટની પ્રાપ્તિ. દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ.

જ્યારે કોઇ કહે કે દુઃખની નિવૃત્તિ થઇ જાય એટલે આપોઆપ સુખની પ્રાપ્તિ થઇ જાય. અંધારૂં હોય, પ્રકાશ કરીએ એટલે અંધારૂં દુર થઇ જાય. તો એને બે ભાગમાં કેમ વહેંચવામાં આવ્યો છે ? દુઃખની નિવૃત્તિ સુખની પ્રાપ્તિ આપોઆપ થઇ જાય.

બન્ને વસ્તુ અલગ છે. કેટલાક આપણા ધર્મ અને સંપ્રદાયને બે ભાગમાં વહેંચી દઇએ. કેટલાક સંપ્રદાયો દુઃખવાદી છે અને કેટલાંક સંપ્રદાયો પરમ આનંદની ઉપલબ્ધિ થાય તેવા અભિગમવાળા છે. એક નકારાત્મક છે. એક હકારાત્મક છે. તો નકારાત્મક જેટલા ધર્મ યા સિદ્ધાંતો છે. તેની અંદર જગત દુઃખરૂપ છે. જન્મ જ દુઃખનું કારણ છે. આ સિદ્ધાંત પર તેમની બધી આચારસંહિતા ઘડાયેલી હોય છે અને એક હકારવાદી સંપ્રદાય જે છે તે કહે છે કે નહિ જગત જે છે તો સત્યમ્–શિવમ્–સુંદરમ્ સત્ય છે. ઇશ્વરના દ્વારા નિર્મિત થયેલ છે.

ઇશ્વરને તમે પરમ સત્ય માનતા હોય તે એ અસત્ય તત્ત્વનું નિર્માણ કરે જ નહિ. આપણે પણ જોઇએ છીએ કે સારા કલાકારો હોય, જે ક્રાફ્ટમેનશીપના હિસાબે વિચાર કરીએ તો ઉત્તમ વસ્તુ જ ઘડશે. નકામી વસ્તુ ઘડવા કોઇ તૈયાર નહીં થાય. કોઈ ફર્નિચર બનાવતું હોય યા કોઇ મકાન બનાવવું હોય યા કોઇ ઉદ્યોગને લગતી વસ્તુ બનાવવી હોય તે ઉપયોગી અને સારી જ વસ્તુ બનાવવાનો પ્રયત્ન હોય. જ્યારે મનુષ્ય જે વસ્તુનું નિર્માણ કરે છે એ વસ્તુને ઉત્તમોત્તમ વસ્તુ બનાવવાની ખેવના રાખે છે.

તો ઇશ્વર પરમ સત્ય છે. એ અસત્ય એવા જગતની ઉત્પત્તિ શા માટે કરે ? સત્યમાંથી સત્યનો જ પ્રાદુર્ભાવ થાય. સત્યમાંથી અસત્યનો પ્રાદુર્ભાવ ના થાય. ત્યારે પ્રશ્ન થાય કે અસત્ય શું ? અસત્ય શબ્દનો પ્રયોગ આપણે કરીએ છીએ તેનું પ્રયોજન અને અર્થ શું ? તેનું પ્રયોજન અને અર્થ એ બતાવે છે કે અસત્ય સત્યને સમજાવવા માટે થાય.

જગતમાં જે પદાર્થો દેખાય છે તે અસત્ય છે ? કેટલાક લોકો કહે છે કે અમારો સંસાર અસત્ય છે. સ્ત્રી, પુત્ર, ઘર–બાર બધું અસત્ય છે, તો એમ કહેનારો પોતાને અસત્ય નહિ માને ? એ જ્યારે એમ કહે કે સ્ત્રી, પુત્ર, આ બધું અસત્ય છે. ત્યારે પુત્ર એમ વિચારે, એની જેમ વિચારી શકે કે સ્ત્રી, પિતા વગેરે આ બધું અસત્ય છે. બોલનારો પોતાની જાતને અલગ રાખીને બાકીના જગત આખાને અસત્ય માનશે, પણ પોતાને તો સત્યજ માનશે પણ જ્યારે એમ પૂછવામાં

આવે કે તમે જેમ પોતાને સત્ય માનીને જગતને અસત્ય માનો છો. તમારો પુત્ર અને સ્ત્રી જ્યારે તમારી જેમ વિચાર કરે ત્યારે તમને અસત્ય નહિ માને ? તો પછી સત્ય–અસત્યની વ્યાખ્યા શું ? જગતમાં જે કાંઇ જડ ચેતન પદાર્થ છે, એ અસત્ય નથી, પરમ સત્ય છે. ઇશ્વરનું જ રૂપ છે. જડ જગત એ ઇશ્વરનું જ રૂપ છે અને જીવ માત્ર એ ઇશ્વરનું ચેતન રૂપ છે અને જીવ માત્રના અંતરાત્મા જે અંતર્યામી છે તે સારાં–નરસા કાર્યો જ્યારે જીવ કરે છે. ત્યારે સાક્ષી તરીકે તેને જુએ છે. તેને એ પ્રમાણેનું ફળ તેને પ્રાપ્ત થાય છે. સત ચિત્ત અને આનંદ એ ત્રણ સ્વરૂપ છે, એટલે જીવ એ ઇશ્વરનો અંશ છે. એ ગીતાનો શાશ્વત સિદ્ધાંત છે છતાં પણ જગતને અસત્ય કહેવાનો આગ્રહ રાખનારા દુઃખવાદી લોકો જે વૈદિક સાચો સિદ્ધાત છે. તેને વિકૃતરૂપે પ્રસ્તુત કરે છે મને શ્રીમદ્ ભાગવતનું પ્રયોજન એ જ છે. જે શાસ્ત્રને વાંચીને લોકો સાચા સિદ્ધાંતને ભૂલીને અને જે સિદ્ધાંત સાચો નથી તેવો ભ્રામક સિદ્ધાંત લોકોના મગજમાં ઘર કરી ગયેલ હોય, તેવા ભ્રામક સિદ્ધાંતની નિવૃત્તિ શ્રીમદ ભાગવતના અધ્યયન અને શ્રવણ દ્વારા જ થઇ શકે,

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભાગવત એ થોડીવારને માટે સાંભળવાનો લિષય નથી. કે મનોરંજનનો વિષય નથી. આજે તો ભાગવતની દશા એવી થઇ ગઇ છે કે મોટા શહેરોમાં ફંડફાળાને માટે ભાગવત પરાયણ કરવામાં આવે છે. કોઇ દવાખાનું ઉભું કરવું છે, કઈ બીજું ઉભું કરવું છે, યા કોઇની આજીવિકાને માટે શ્રીમદ ભાગવતની કથા, આતો એના જેવું થયું કે કોઈ ઝવેરીની પાસે જઇને કોઈ ધાણા જીરૂ માંગે. કોઇ ઝવેરાતની દુકાનને ધાણાજીરૂ માગે તેમ શ્રીમદ ભાગવત એ ભવરોગને મટાડનારું શાસ્ત્ર છે તેનો ઉપયોગ આપણે સ્વાર્થ અને સ્થુળ લૌકિક કાર્ય માટે કરીએ તેનાથી વધારે અધમ સ્થિનિ હું તો બીજી કોઇ માનતો નથી.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ચતુઃ શ્લોકી

[આ ગ્રંથ ઉપર બીજા કોઇ એક વિવૃત્તિ કારની રચેલ ટીકાનું ભાષાંતર અહીં આપવામાં આવે છે.]

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

આ પ્રમાણે "અર્થો હરિરેવ હિ" શ્રી હરિ જ અર્થ (ધન, દોલત, ત્રીજો પુરૂષાર્થ) છે તથા પ્રમેયં હરિરેવૈક' (મેળવવા લાયક શ્રી હરિ એક જ છે) માં કહ્યા મુજબ મેળવવાની વસ્તુ એટલે શ્રી હરિનું નિરૂપણ કર્યા પછી સકામ હરિનું–સાધન દશાને પ્રાપ્ત થયેલા હરિનું નિરૂપણ કરતાં કહે છે–યદિ........વગેરે

યદિ શ્રી ગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।
તતઃ કિમ પર બ્રુહિ લૌકિર્વૈદિકૈર્પિ ॥ ૩॥

અર્થ–જો શ્રીમદ્ ગોકુલના અધિપતિને (શ્રીકૃષ્ણને) સર્વાત્મ ભાવથી હૃદયમાં ધારણ કરીને રાખવામાં આવે તો પછી બીજા લૌકિક અને વૈદિક કાર્યોનું શું કામ હોય એ મને કહે. ૩

ટીકા–આનાથી દુર્લભત્વ કહેવામાં આવ્યું છે. આજ કારણથી દર્શનની ઇચ્છા શ્રી (લક્ષ્મીજી) સહિત ગોકુલના અધિપતિ–શ્રીકૃષ્ણ–"કામ સ્ત્રીષુ પ્રતિષ્ઠિત." (કામ તો સ્ત્રીજનોમાં પ્રતિષ્ઠિત–સ્થપાયેલો–છે) એ વાકથી સૂચવાય છે કે સ્રીઓથી યુકત (સહિત) કામરૂપ પ્રભુને હૃદયમાં ધારણ કરીએ–હૃદયરૂપી શય્યામાં પધરાવીએ, અને તે પણ સર્વાત્મ ભાવથી એટલે સર્વ ઇન્દ્રિયો દ્વારા "એકાદશેન્દ્રિયૈઃ કામ" અગ્યારે ય ઇન્દ્રિઓથી કામ (સ્વરૂપ ભગવાન) ને એ પ્રમાણે 'નિબન્ધ'માં આવતા વાકય અનુસાર અથવા તો શ્રીઓ એટલે ગોપિકાઓ સહિત એમ કહીને (પ્રભુ પ્રાપ્તિના) સાધનનું નિરૂપણ કર્યું છે–"કૌડિન્યૌ ગોપિકાઃ પ્રોકતા ગુરવઃ સાધનં યતત્" એટલે કે ઇન્દ્રિયોને ગોપિકાઓ કહી છે. અને એ ગુરુઓ છે તથા પ્રભુને પ્રાપ્ત કરવાનું સાધન છે–એમ આધાર ભુત વાકય છે. પછી સાધન સહિત કામરૂપ એવા શ્રી હરિને હૃદયમાં ધારણ કરવા (એજ શ્રેષ્ઠ સાધન છે) આના કરતાં વધારે સારું તથા વધારે કલ્યાણકારક કયું સાધન હોઇ શકે ! અના જેવું બીજું કોઇ પણ સાધન નથી. અને જો હોય તો (હે વિદ્વાન ! હે અંતઃ કરણ !) તું (મને) કહે, લૌકિકૌઃ એટલે ઉદ્યમ–કામધંધો–પરિશ્રમ–વગેરે કરવાથી અથવા વૈદિકૌઃ એટલે વેદમાં કહેલા યજ્ઞ, વગેરે સાધનોથી પણ. ૩

આ પ્રમાણે હરિનાં દર્શન કરવાની ઇચ્છારૂપ કામરૂપ સાધનનું નિરૂપંણ કર્યા પછી ફલરૂપ મોક્ષનું નિરૂપણ કરતાં કહે છે. અતઃ સર્વાત્મના....વગેરે

અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વર પાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ નત્યાજ્ય મિતિમે મતિઃ ॥ ૪ ॥

અર્થ–તેથી સર્વાત્મ ભાવથી હંમેશાં શ્રીમદ્ ગોકુલના ઇશ્વર એવા શ્રીકૃષ્ણના બન્ને ચરણોનું સ્મરણ તથા ભજન (સેવા) પણ કદી છોડવા નહિ એવો મારો મત (મારી આજ્ઞા) છે. ૪

ટીકા જો હૃદયમાં શ્રી ગોકુલાધીશને ધારણ કરવા સિવાય બીજું કોઇ સાધન નથી, તેથી (એ પ્રકારથી) સર્વોત્મ ભાવથી એટલે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ એ સર્વ દ્વારા શશ્વદ્ એટલે (હંમેશાં) નિરંતર (વચ્ચે જરાપણ અટકયા વગર). શ્રી ગોકુલના અધિપતિ એવા શ્રીકૃષ્ણના બન્ને ચરણોનું સ્મરણ તથા સેવા અવિરત કરવાં અને છોડવા નહિ ગોકુલ એટલે ગાયોનો સમૂહ "કુલં સંસ્ત્યાને બન્ધુષુ ચ" એ વાકયમાં કહ્યા મુજબ કુલ એટલે સમૂહ અને સગાં–મિત્ર–સંબંધીનો સમૂહ ક્રિયાપદનો અર્થ લેતાં ગોપ બંધુઓનો તથા ગોપગોપિઓના સમુહનો અથવા સમગ્ર શ્રીમદ્ ગોકુળ ગામના અધિપતિ એટલે ઇશ્વરનો જે ઇશ્વર સર્વને નિયમમાં રાખનાર છે તેના બન્ને ચરણનાં સ્મરણ એટલે સંપુર્ણ રીતે ધ્યાન તથા ભજન એટલે સેવા–તનુજા, વિત્તજા અને માનસી– આ ત્રણેય પ્રકારની સેવા એટલે સંપુર્ણ પ્રકારથી (પરિચર્યા) સેવા–સ્મરણ તથા સેવાનો કદાપિ ત્યાગ ન કરવો. બીજી બધી વસ્તુઓનો ત્યાગ કરીને આદરપુર્વક ઇશ્વરનું સ્મરણ તથા સેવા નિભાવવાં (ચાલુ રાખવા), 'ચ' શબ્દ છે તે અયોગ્ય વસ્તુને દુર કરવાનું દર્શાવે છે. અને અહીં જેનો ઉલ્લેખ થયો નથી તેવા શ્રવણ તથા કીર્તન વગેરે ભક્તિના અન્ય પ્રકારોનાં સમુહનો પણ સમાવેશ કરે છે. 'અપિ' શબ્દ સંભાવના સુચવે છે. ત્યાગની સંભાવના (શકયતા) જ નથી. 'ઇતિ' એટલે આ પ્રકારનો મારો અભિપ્રાય છે. મારા અભિપ્રાયનો અહીં છેડો જ આવી જાય છે. આ જ ફલ છે, અને આ જ મોક્ષ છે. "મોક્ષઃ કૃષ્ણસ્ય ચેદ્ ધ્રુવમ્" એટલે કે કૃષ્ણની સેવા એ જ મોક્ષ છે– એ વાકયમાં કહ્યા મુજબ "મમોત્તમ શ્લોક જનેષુસખ્ય" એટલે ઉત્તમ કીર્તિવાળા લોકમાં મારૂં સખ્ય (મિત્રતા) છે એ વૃત્રાસુરના કથન મુજબ પણ આ પ્રમાણે છેડો છે.

એવં શ્રી વલ્લભાચાર્યા ધર્માર્થેચ્છાડમૃતાન્નિજાન્ ।
લોકે પ્રદર્શયામાસુઃ પ્રમાણાદીંશ્ચ યદ્યશઃ ॥૧॥

અર્થ : આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યજી ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ વિષેના પોતાના સિદ્ધાંતોને પ્રમાણ સહિત વિસ્તારથી દર્શાવે છે– જે તેમના યશને યોગ્ય છે. ॥૧॥

આ પ્રમાણે વિવૃત્તિ (કોઇ એક વિવેચનકારે લખેલી ટીકા) અહીં સમાપ્ત થાય છે.

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૧ તા. ૭–૫–૯૩ શુક્રવાર. શ્રી નારદ જયંતિ, શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ તથા શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ. (સં. ૧૯૬૭) (બીજનો ક્ષય હોવાથી આજે).

વૈશાખ વદ ૧૦ તા. ૧૬–૫–૯૩ રવિવાર. ગો. ચિ. ચંદ્રગોપાલજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૧૭–૫–૯૩ સોમવાર. અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૧૮–૫–૯૩ મંગળવાર. ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજશ્રી મથુરાનો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૧૯–૫–૯૩ બુધવાર. ગો. ચિ. વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૨૦–૫–૯૩ ગુરુવાર. ગો. ચિ. વ્રજાધિશજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોવિંદરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૨૨–૫–૯૩ શનિવાર. ગંગા દશહરા પ્રારંભ, પનઘટ–જલક્રીડા આજથી શ્રી યમુનાજીના પદ પૂનમ સુધી બોલાય.

જેઠ સુદ ૨ તા. ૨૩–૫–૯૩ રવિવાર. ચંદ્રદર્શન, ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

જેઠ સુદ ૪ તા. ૨૫–૫–૯૩ મંગળવાર. આજથી ૧૫ દિવસ શ્રીની શીતોપચાર સેવા કરવી. ગો. ચિ. કુંજરાયજી (શ્રી યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૨૬–૫–૯૩ બુધવાર. રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટયદિન. (સં. ૧૮૩૬) ગો. ચિ. શ્રી પુરૂષોત્તમ બાવાશ્રી (કાંકરોલી) તથા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૨૯–૫–૯૩ શનિવાર. ગો. ચિ. શ્રી મુકુંદરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૯ તા. ૩૦–૫–૯૩ રવિવાર. ગંગા દશહરા. શ્રી યમુનાજીનો ઉત્સવ. (દશમનો ક્ષય છે).

જેઠ સુદ ૧૧ તા. ૩૧–૫–૯૩ સોમવાર. ગો. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા-ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૨ તા. ૧–૬–૯૩ મંગળવાર. નિર્જલા એકાદશી વ્રત, ભીમ અગીયારસ.

જેઠ સુદ ૧૪ તા. ૩–૬–૯૩ ગુરુવાર. શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૪૯) તથા ગો. ચિ. વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૪–૬–૯૩ શુક્રવાર. મન્વાદિ તિથિ, વટસાવિત્રી વ્રત. ગો. ચિ. ગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી–રાજકોટ)નો જન્મદિન, ગ્રસ્તોદિત, ચંદ્રગ્રહણ, સ્પર્શ સાંજે ૪–૪૩, મોક્ષ રાત્રે ૮–૨૧, ખગ્રાસ ચંદ્ર ગ્રહણનો વેધ ૪ પ્રહરનો લાગે છે તથા ચંદ્ર ગ્રસ્તોદિત છે તેથી સૂર્યોદયથી પ્રસાદ લઇ શકાશે નહિ, બપોરે ૧ વાગ્યા સુધી ચાહ, દુધ, જળ લઇ શકાય. જનોઇ વગરના બાળક, વૃદ્ધ અને રોગી બપોરે ૧ વાગ્યા સુધી પ્રસાદ લઇ શકે. સવારે પ્રભુની રાજભોગની સેવા વહેલી પહોંચી, બપોરે શ્રીને વહેલા જગાડી ભોગ સંધ્યા સુધીની સેવા પહોંચી શૃંગાર વડા કરી સુકા મેવાનો ભોગ ધરવો. બપોરે ૪–૪૦ વાગે ભોગ સરાવી ઝારીબંટા વડા કરી દર્શન ગ્રહણના ખોલવા. ૬–૩૦ વાગ્યે ખીચડીના ડબરાનો સંકલ્પ કરવો. ૮–૨૧ વાગ્યે ગ્રહણ છૂટવાનો નિર્ણય કરી, સ્નાનાદિ કરીને શ્રીને સ્નાન કરાવી સેન સુધીની સેવા પહોંચવી. સ્નાનનું જળ ભરવું, તેનું અધિવાસન કરવું.

જેઠ વદ ૧ તા. ૫–૬–૯૩ શનિવાર. જ્યેષ્ટાભિષેક સ્નાનયાત્રા.

કાવ્ય–કુંજ

૧. ચાલો ચંપારણ ધામમા....!

[ઢાળ : હાં રે ધન્ય આજની ઘડી રળિયામણી]

હાં રે સખી ચાલો ચંપારણ ધામમાં,
હાં રે શ્રી મહાપ્રભુજી બિરાજે છે આનંદમાં હોજી રે.... ચાલો૦ ૧
હાં રે રૂડા વનમાં બિરાજે મારો વાલમો,
હાં રે એવી વૃક્ષો લત્તાઓ તણી છાંયમાં હોજી રે.... ચાલો૦ ૨
હાં રે માત ઇલ્લામાગારુજીના લાડીલા,
હાં રે એ તો વૈષ્ણવના જીવન આધાર છે હોજી રે.... ચાલો૦ ૩
હાં રે સખી વનની શોભા તે તને શી કહું ?
હાં રે શ્રી યમુનાજીનાં વહેણ રહ્યા પાસમાં હોજી રે.... ચાલો૦ ૪
હાં રે નિત નવલા શૃંગાર ઓપે અંગમાં,
હાં રે ગાય **'લક્ષ્મી'** આ ગીતને આનંદમાં હોજી રે.... ચાલો૦ ૫

શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ, અમદાવાદ

વડીલોનો વારસો

લેખક : **મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

(હપ્તો ૧૭મો)

આચાર્યજી મહાપ્રભુજીનો જન્મ એક વિખ્યાત ધર્મનિષ્ઠ વિદ્વાન અને ઉજ્જવળ કીર્તીવાળા વંશમાં થયેલ છે. પેઢીઓ સુધી આવા સુસંસ્કાર નીતિ, સદાચાર, ધર્મ–કર્મ, આશ્રમોનું પાલન કરી જીવન વ્યતીત કરનાર કોઇ ભાગ્યે જ આવું કુળ હશે.

શ્રી નંદબાવાનાં આગળનાં વંશજોનું દરેકને જ્ઞાન હોવું કઠણ છે. રામચંદ્રજીની ૧૬મી પેઢીએ ઉપર રઘુરાજા થયેલા ત્યારથી રઘુકુળ કહેવાયું અને તે જગવિખ્યાત છે.

અત્રે તૈલંગ કુળ કહેવાય છે, પરંતુ મહાપ્રભુજીના પ્રાકટયથી શ્રી વલ્લભકુળ કહેવાય છે. તૈલંગકુળમાં બીજા પણ હોઇ શકે. શ્રી વલ્લભકુળમાં શ્રી મહાપ્રભુજી તેમનાં શ્રી ગુસાંઇજીને તેમનાં સાત લાલજીનો પરિવાર હાલ ભૂતલ ઉપર બિરાજમાન છે.

શ્રી મહાપ્રભુજીનાં વડવાઓ બ્રહ્માચર્યાદિ ચારે આશ્રમ નિયમો બધાનું પાલન કરવાવાળા ઉત્તરોત્તર વિદ્યાના સંચયમાં વૃદ્ધિ કરતા થયા. સૂર્ય જ્યારે પ્રભાત સમયે ઉદય થાય છે, ત્યારે પૃથ્વી ઉપર પહેલાં રાત્રિનો અંધકાર ધીરે ધીરે નષ્ટ થાય છે. સૂર્ય ઉદય પહેલાં પ્રકાશ તો હોય છે. સૂર્ય ઉદય પછી જગતને પૂર્ણ પ્રકાશિત કરે છે, તેવી જ રીતે શ્રી મહાપ્રભુજીનાં પ્રાકટય પહેલાં તેમનાં વડવાઓ અંધકારને દુર કરી પોતાનાં કર્મધર્મથી પ્રકાશિત કરતા આવ્યા હતા. પરંતુ સૂર્ય સમાન તેજસ્વીરૂપ શ્રીમહાપ્રભુજીનું જ્યારે પ્રાગટય થયું ત્યારે "પ્રફુલિત કમળ નિમિષ નહીં શશી ડર" તે કુળને સંપૂર્ણ આનંદ થયો. તેઓની મનોકામના પુર્ણ થઇ. પછી તેમને જગતમાં કાંઇ કરવાપણું રહ્યું નહીં, કેમકે સૂર્યરૂપ શ્રી મહાપ્રભુજી સ્વયં પ્રકાશી પ્રગટ થયા છે.

લક્ષ્મણ ભટ્ટજી છેલ્લા પાંચ સોમયજ્ઞ કરી સંતુષ્ટ થયા. હવે તો પુરૂષોત્તમ તેમની ઇચ્છા મુજબ કરશે. વડીલોની પેઢીયોથી આવતી જવાબદારી પુરી થઇ. "શ્રી પુરૂષોત્તમ સ્વતંત્ર ક્રીડાલીલા દ્વિજ તનુ ધારીજી" તે મુજબ દ્વિજ કુલમાં પ્રગટ થઇ શ્રી મહાપ્રભુજીએ સ્વતંત્ર પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો કે જેથી જીવમાત્રને શરણે લઇ ભગવત્ સન્મુખ કર્યા. કલિયુગમાં યોગ, તપ, યજ્ઞ, મર્યાદા રીતનાં બધા સાધનો જીવ કરી શકશે નહિ. કલિયુગ આવવાથી આ સાધનો કઠણ રહેશે. આવું વિચારી કેવળ પ્રભુની સેવા અને સ્મરણ મુખ્ય રાખી ઘર ઘર સેવા પધરાવીને વૈષ્ણવોને સાક્ષાત્કાર કરાવ્યો. આપનું આચાર્યરૂપ જગપ્રસિદ્ધ છે. સાથોસાથ ગોલોકની લીલા ભૂતલ ઉપર થઇ અષ્ટ સખાએ આ બાબતમાં સંગીતનાં રૂપમાં ગુણગાન કર્યું છે.

"એવો માર્ગ શ્રી વલ્લભવરનો રે જ્યાં પ્રવેશ નહીં વિધિ હરનો રે" આવો શ્રી વલ્લભ પ્રભુનો માર્ગ છે કે જ્યાં બ્રહ્માજી ને શિવજી જેવાનો પ્રવેશ નથી. આમ શ્રી વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજીએ ગાયુ છે તે લીલાત્મક દષ્ટિએ છે. ગોલોકનું આપનું સ્વરૂપ યુગલ સ્વરૂપની દરેક લીલા જેમનાં હૃદયમાં ભરેલી છે. તે તો

ખાસ અંતરંગ ભકતો જ જાણી શકે છે. મર્યાદા માર્ગનો દેવો તે સ્વરૂપને કેવી રીતે ઓળખી શકે. કેવળ કૃપાપાત્ર આપના હોય તે ભકતો "સૌન્દર્યં નિજહૃદગતં પ્રકટિતં" આ સ્વરૂપને જાણી શકે.

જે કુળમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાકટ્ય થયું તે કુટુંબ આંધ્રપ્રદેશ વ્યોમ સ્થંભ નામે પર્વતની પાસે કૃષ્ણા નદીની દક્ષિણમાં નિવાસ કરી રહેલ હતા. તે નગર કાંકરવાડનાં નામથી પ્રખ્યાત હતું. એ કુટુંબ શુદ્ધ વેલનાટ અથવા વેલનાડુ એ નામથી પ્રસિદ્ધ હતુ અને કુટુંબ વૈષ્ણવી દીક્ષાવાળું યજુર્વેદીય તૈતરીય શાખા અને તેમનું ગોત્ર ભારદ્વાજ હતું, એમની કુલદેવી રેણુકા હતી.

આ કુળમાં મૂળપુરૂષ ગોવિંદ આચાર્ય હતા. તેમના પુત્ર વલ્લભ દિક્ષિત થયા અને તેમનાં પુત્ર નારાયણ ભટ્ટ થયા. યજ્ઞનારાયણે ઘણાં વરસો સુધી બ્રહ્મચર્ય આશ્રમનું પાલન કર્યું હતું. ત્યાર બાદ દેવપુર નિવાસી સુધર્મા નામના બ્રાહ્મણની નર્મદા નામની કન્યા સાથે લગ્ન કર્યું હતું.

એક દિવસ એમને ત્યાં દ્રવિડ દેશનો એક વિષ્ણુમુનિ નામનો અતિથિ આવ્યો. તે વિરક્ત દશામાં હતો. યજ્ઞનારાયણજીએ તેમને તે દશામાં રહેવાનું કારણ પુછ્યું. ત્યારે તેમણે જવાબ દીધો કે હું હંમેશાં હરિની ભક્તિ જ પસંદ કરૂં છું. આ સાંભળી યજ્ઞનારાયણ ભટે પોતાને હરિ ભક્તિ કેમ પ્રાપ્ત થાય તે વિષે પુછ્યું ત્યારે વિષ્ણુમુનિએ અગાઉથી ચાલતો આવેલો મંત્ર વિષ્ણુસ્વામી બિલ્વમંગલ, દિવોદાસે વગેરેએ ગ્રહણ કરેલો ગોપાલમંત્ર તેમને આપ્યો. ત્યાર પછી યજ્ઞનારાયણજી શ્રી ગોકુલેશજી (મદનમોહનજી)ની સેવા કરવા લાગ્યા. પ્રભુને પ્રસન્ન કરવા તેઓ દર વર્ષે એક સોમયજ્ઞ કરતા હતા.

એક વાર યજ્ઞમાં આહુતિ આપ્યા પછી પ્રભુમાં ધ્યાનમગ્ન થયા. ત્યારે તે જ વખતે તેમને પ્રભુએ જણાવ્યું કે કંઇક વરદાન માગ. સાક્ષાત્ પ્રગટ થયેલા પ્રભુને જોઇને અતિ પ્રસન્ન થયા. હવે માગવું શું ? આથી વધારે કયું સુખ હોઇ શકે ? તેમ બોલી શાંત રહ્યા. (અને એક જ વસ્તુ ધ્યાન દેવાની છે કે તેઓએ સંસારી સુખ, સ્વર્ગ, મોક્ષ કાંઇપણ માગ્યું હોત તો મળત પરંતુ જેઓનું અંતઃકરણ કેવળ ભગવદ્ દર્શનની લાલસાથી તપી રહ્યું હતું. અને તે દર્શન તેમને થયા. જેથી આથી વિશેષ કાંઇ હશે તેનો વિચાર કરી શકયા નહીં) પરંતુ પ્રભુ દયાળુ છે. વગર માગ્યે આપી શકે છે. પ્રભુએ આજ્ઞા કરી કે તમો જે કરો છો તે યોગ્ય છે. જે કહો છો તે પણ યોગ્ય છે. હું તમારા કુળમાં જન્મ લઇશ. યજ્ઞ ચાલુ રાખો. સો સોમયજ્ઞ પુરા થયે અવશ્ય તમારા કુળમાં અવતાર ધારણ કરીશ. આટલું બોલી અંતરધ્યાન થઇ ગયા. યજ્ઞનારાયણજી અતિ પ્રસન્ન થઇને પોતાનાં કર્તવ્યમાં વિશેષ અગ્રેસર થયા.

યજ્ઞનારાયણજીના પુત્ર સોમયાજી થયા. તેઓ પણ વડીલોની રીત–કુળમર્યાદા મુજબ ધર્મિષ્ઠ–કર્મિષ્ઠ અને મહાન વિદ્વાન થયા. તેઓ ગોણિપુરનાં વિરુમલની કાંચી નામની પુત્રી સાથે પરણ્યા હતા. તેમણે અઠ્ઠાવીશ સોમયજ્ઞો કર્યા. તદ્ઉપરાંત ઉત્તર અને પૂર્વ મીમાંસાનું રહસ્ય બતાવનાર ગ્રંથની રચના કરી.

એમના પુત્ર ગણપતિ ભટ્ટ થયા. તેમણે દક્ષિણ મદુરાના કેશવરામની અંબિકા નામની કન્યા વેરે લગ્ન કર્યા. તેમણે ત્રીસ સોમયજ્ઞ કર્યા હતા. ઘણા શિષ્યો સહિત દક્ષિણ દેશમાં યાત્રા કરી અને શાકતો તથા તાર્કિકોને જીતી લીધા. આવી રીતે વિજયધ્વજ રોપીને સર્વ નિગ્રહ નામનો ગ્રંથ રચ્યો.

ત્યાર પછી ગણપતિ ભટનાં પુત્ર વલ્લભ (બાલમ્ ભટ્ટ) હતા. તેઓ ધર્મપુરીનાં કાશીનાથની પુર્ણા નામની પુત્રી સાથે પરણ્યા હતા. તેઓ સમર્થ વિદ્વાન હતા. તેમણે દશ ગ્રંથ ઉપર વ્યાખ્યા કરી તથા દશગ્રંથી આ નામથી પ્રખ્યાત થયા. તેઓએ પાંચ સોમયજ્ઞ કર્યા અને ભક્તિદ્વિપ નામના ગ્રંથની રચના કરી.

તેમનાં ઘેર બે પુત્રનો જન્મ થયો. લક્ષ્મણભટજી મહાન વિદ્વાન, શ્રેષ્ઠ પંડિત હતા. તેમનાં લગ્ન વિદ્યાનગરનાં રાજાનાં પુરોહિત સુશર્માના પુત્રી ઇલ્લમાગારૂજી સાથે થયા હતા. કાંકરવાડમાં ઉપદ્રવ થયા પછી લક્ષ્મણ ભટજીએ અગ્રહાર નામનાં ગામમાં જઇને વસ્યા હતા. તેમને રામકૃષ્ણ નામના પુત્ર અને સરસ્વતી, સુભદ્રા બે પુત્રીઓ હતી. લક્ષ્મણ ભટજીએ પાંચ સોમયજ્ઞ પુરા કર્યા.

હવે સો સોમયજ્ઞ પુરા થયા. તેથી સવાલક્ષ બ્રાહ્મણોને જમાડવાનો સંકલ્પ કર્યો, પછી પોતાના શિષ્યો, નોકર–ચાકર અને સ્વપત્ની સહિત કાશીયાત્રા જવા નીકળ્યા. પોતે જરૂર પુરતું સાધન પાસે રાખ્યા અને પોતાના બાળકો તથા બાકીનું બધું પોતાના ભાઇ જનાર્દનને સોંપી દીધું. યાત્રાળુના વેશે રસ્તે ચાલ્યા જતાં પોષ વદ ૩૦ના પ્રયાગ પહોંચી ગયા. ત્યાંની યાત્રાવિધિ પુર્ણ કરી. આ સ્થળમાં ચંપારણ્યના રાજાના કારભારી કૃષ્ણદાસ શેઠ એમને મલ્યા તેમને પુત્રની ઇચ્છા બહુ જ હતી. તે માટે તેમણે લક્ષ્મણ ભટજીને પ્રાર્થના કરી. તે વખતે લક્ષ્મણ ભટજીએ આશીર્વાદ દીધો. અવશ્ય પુત્ર પ્રાપ્તિ થશે. કૃષ્ણદાસ શેઠ પોતાના ચંપારણ્ય સ્થાને ગયા અને લક્ષ્મણ ભટજી કાશીમાં હનુમાન ઘાટ ઉપર પોતાનાં નાતીલા રહેતા હતા ત્યા ઘર રાખીને રહ્યા. તેમનો મૂળ ઉદ્દેશ બ્રાહ્મણો સવા લક્ષને જમાડવાનો હતો. રોજેરોજ વિદ્વાનો આવતા, શાસ્ત્રાર્થ ચાલતો રહેતો. નાતીલા, વિદ્વાનો, સંન્યાસીઓ સાથે ધાર્મિક ચર્ચા ચાલુ રાખતા. રોજ થોડા થોડા બ્રાહ્મણોને ભોજન કરાવવાનું ચાલુ રાખ્યું ત્યાર પછી ચંપારણ્ય પધાર્યા અને ત્યાં શ્રી મહાપ્રભુજીનું પ્રાકટય થયું હતું.

ઉપરની હકીકત બતાવી આપે છે કે શ્રી આચાર્ય કુળ અગાઉથી જ વિદ્વાન, ધર્મઉપાસક, ઉજ્જવલ કીર્તિ અને પ્રતિષ્ઠિત હતું. તેમના પૂર્વજોએ શ્રોત્રિય બ્રાહ્મણોની યોગ્યતાથી શમ, દમ, તપ, શૌચ, શાંતિ, નમ્રતા, જ્ઞાન–વિજ્ઞાન અને શ્રદ્ધાનું અખંડિત પાલન કર્યું હતું.

ચંપારણ્યમાં શ્રી મહાપ્રભુજીનાં પ્રાકટય પછી થોડા દિવસ મુકામ રાખવો જરૂરી હતો. તે વખતે પ્રયાગમાં મળેલા કૃષ્ણદાસ જેનું વતન જ આ છે, તેઓ ગામનાં નાયક હતા. તેમણે જગાની બધી વ્યવસ્થા કરી આપી. તે જગ્યા હાલમાં છઠ્ઠીની બેઠક કહેવાય છે. કૃષ્ણદાસને આશિષ મલ્યા પછી તેમના પત્ની સગર્ભા બન્યા હતા તેથી બીજીવાર વિનંતિ કરી કે મને પુત્રની પ્રાપ્તિ થાય. ત્યારે લક્ષ્મણ ભટજીએ પ્રભુનું સ્મરણ કરીને આશિષ આપી અવશ્ય પુત્ર થશે, અને તેને પુત્ર પ્રાપ્તિ થઇ હતી.

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

શ્રી અષ્ટાક્ષર મહામંત્રનું રહસ્ય

ગો. શ્રી દ્વારકેશજી (કાંદિવલી, ચંપારણ્ય, અમરેલી)

શ્રી મહાપ્રભુજી પણ અષ્ટાક્ષર મંત્રના સતત રટણ કરવા વિશે નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે–

તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્‌ભિરેવ સતતં સ્થેય મિત્યેવ મે મતિઃ ॥

અર્થ : માટે સર્વ પ્રકારે (સર્વાત્મભાવથી) નિત્ય 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્રનું રટણ કરનાર ભક્તના સંગમાં રહેવું એવો મારો (શ્રી વલ્લભાચાર્યનો) મત છે. આમાં શ્રી મહાપ્રભુજીએ સર્વાત્મના (સર્વાત્મભાવ વડે) નિત્ય (સદા–હંમેશા) અને સતતં (નિરંતર)ની જે આજ્ઞા કરી છે તે મહત્વની છે.

શ્રી ગુંસાઇજી પણ આજ્ઞા કરે છે કે–

યદુક્તં તાતચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
અતએવાસ્તિ નૈશ્ચિન્ત્ય–મૈહિકે પારલૌકિકે ॥

અર્થ : જ્યારથી શ્રી તાતચરણે (શ્રીમહાંપ્રભુજીએ) શ્રીકૃષ્ણઃ શરણં મમ એમ કહ્યું છે ત્યારથી આલોક સંબંધી અને પરલોક સંબંધી સર્વ કાર્યોમાં નિશ્ચિંતતા થઈ ગઈ છે.

શ્રી હરિરાયજી પણ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે–

અસ્માકં સાધનં સાધ્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ॥

અર્થ : અમારે સંપત્તિમાં અને વિપત્તિમાં દરેક સમયે શ્રી મહાપ્રભુજીએ કહેલો શ્રીકૃષ્ણઃ શરણં મમ આ અષ્ટાક્ષર મંત્ર જ સાધનરૂપ અને ફળરૂપ પણ છે.

એ પ્રકારે અનેક મહાન વિદ્વાન આચાર્યોએ શ્રી અષ્ટાક્ષર મહામંત્રનો મહિમા વર્ણવ્યો છે અને જીવોનો ઉદ્ધાર માટે તેનો પ્રકાશ કર્યો છે.

અષ્ટાક્ષર મંત્રની વિશેષતા એ છે કે તેની શરૂઆતમાં 'પ્રણવ' એટલે ૐકાર નથી. બીજા જેટલાં પણ મંત્રો કે બીજમંત્રો છે તેની શરૂઆત ૐકારથીજ થાય છે, પરંતુ વેદની એવી મર્યાદા છે કે જે મંત્રમાં પ્રણવ (ૐકાર) આવતો હોય તે મંત્રનું ઉચ્ચારણ કોઈપણ અશુદ્ધ અવસ્થામાં ન થઈ શકે દા. ત. શૌચાદિ ગયા હોઈએ ત્યારે સ્નાન કર્યા સિવાય ન થાય અથવા સૂતક આદિમાં મંત્રનું ઉચ્ચારણ થઇ શકે નહિ સ્નાનાદિ કરી શુદ્ધ થયા પછી જ મંત્રનું ઉચ્ચારણ થાય. એટલે શ્રી આચાર્વચરણે જીવ ઉપર અસીમ કૃપા વિચારેલી છે કેમકે કલિયુગમાં જો જીવ ક્ષણ માત્ર પણ ભગવદ્ નામથી વિમુખ રહે તો જીવને આસુરાવેશ લાગવાનો સંભવ રહે છે. માટે જીવ ક્ષણ માત્ર પણ ભગવદનામથી વિમુખ ન થાય, નિરંતર, સતત અહર્નિશ ગમે તે અવસ્થામાં પણ ભગવદ્‌નામ લઇ શકે એ હેતુથી શ્રી આચાર્ય ચરણે કૃપા વિચારી ૐકાર વગર અષ્ટાક્ષર મંત્ર જીવ ને આપ્યો છે. માટે આપણે આપણા હૃદય ને એ પ્રકારે કેળવવું જોઇએ કે આપણા હૃદયમાં સતત અષ્ટાક્ષર મંત્રનું રટણ ચાલ્યા જ કરે. જેથી વ્યર્થ વિચારો અને વાર્તાલાપથી દુર રહેવાય અને મુખર્તા દોષમાંથી બચી શકાય.

સાથે પ્રભુની નામરૂપી સેવા પણ થાય કેમકે પ્રભુના નામમાં પણ પ્રભુનાં સ્વરૂપ જેટલું જ માહત્મ્ય છે.

“રૂપનામ વિભેદેન જગત ક્રીડતિ યો યતઃ”
પ્રભુ આ જગતમાં પોતાનાં રૂપ અને પોતાના નામ દ્વારા એમ બે પ્રકારે ક્રીડા કરે છે.

બીજું સામાન્ય રીતે દિવસે કે રાત્રે ચાલતા ફરતાં કીડી મંકોડા આદિ સૂક્ષ્મ જીવ-જંતુઓ જાણે–અજાણે પણ આપણા પગ નીચે કચરાઈ જાય તો એ વખતે જો ભગવદ નામનું રટણ હૃદયમાં હોય તો ભગવદ નામનાં પ્રતાપથી એ જીવનો ઉદ્ધાર થાય એમ આપણે જીવ હાનિના દોષમાંથી બચી જઇ શકીએ,

આ પ્રકારે શ્રી અષ્ટાક્ષર મહામંત્રનું અહર્નિશ દીનતા પૂર્વક રટણ કરવાથી જીવાત્માનાં બધા જ દુઃખ દર્દો અને દોષો દુર થાય છે, વૈભવ કીર્તિ વગેરે લૌકિક સુખ મળે છે. એને સાયુજ્ય રૂપી અલૌકિક મોક્ષ મળે છે.

આપણા વાર્તા સાહિત્યમાંથી પણ શ્રી અષ્ટાક્ષર મંત્રનો મહિમા જાણવા મળે છે.

એકવાર પૃથ્વી પરિક્રમા કરતાં સેવકો સાથે શ્રી મહાપ્રભુજી માર્ગમાં પધારી રહ્યાં હતાં ત્યારે તેઓશ્રીએ આજ્ઞા કરી કે તમારે પળવાર પણ અષ્ટાક્ષર મંત્રનું રટણ કર્યા સિવાય ન રહેવું સદા શ્રીકૃષ્ણઃ શરંમમ ઉચ્ચારવું’ આ આજ્ઞાનું રહસ્ય કૃષ્ણદાસ મેદાર્નના સમજવામાં ન આવ્યું વનમાં જળાશયનાં કિનારા ઉપર મુકામ થતાં તેઓ પાતળ દુના બનાવવા માટે વૃક્ષનાં પાન લેવા વનમાં ઘણે દુર નીકળી ગયા. વનમાં એક સઘન કુંજની વચ્ચે સ્વચ્છ જળાશય હતું તેનાં જળ ઉપર જેની ડાળીઓ નમી રહી હતી તેવા એક વૃક્ષ ઉપર બેઠેલો મોટો શુક (પોપટ) તેમના જોવામાં આવ્યો. એક તો અંધારઘેરું વન અને તેમાં સાધારણ પોપટ કરતાં કાંઇક જુદા તરી આવતા ‘શુક’ ને જોઇને તેમને ભય લાગ્યો આથી તેઓ અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવા લાગ્યા કૃષ્ણદાસ મેઘને જેવું એક નામ લીધું કે તે પક્ષીએ જળાશયમાં એક વાર ચાંચ બોળીને જળ પીધું, બીજીવાર નામ લેતાં બીજીવાર અને પછી ત્રીજીવાર–એમ કૃષ્ણદાસ મેઘને ત્રણવાર અષ્ટાક્ષરનું રટણ કર્યું અને પોપટે પણ ત્રણવાર જ જળપાન કર્યું આ બનાવથી નવાઇ પામતાં કૃષ્ણદાસ મેઘન, જલદી–જલદી પાતાળ–દૂના માટેનાં પાન લઇને મુકામ ઉપર આવ્યા. શ્રી મહાપ્રભુજીએ એમને પુછયું : કૃષ્ણદાસ ! વનમાં તમે શું જોયું ? કૃષ્ણદાસ મેઘને પોતે જોયેલું અને અનુભવેલું બધું શ્રી મહાપ્રભુજીને નિવેદન કર્યું. શ્રી મહાપ્રભુજીએ તે બનાવનું રહસ્ય સમજાવતા કહ્યું કે, ‘કૃષ્ણદાસ ! તમે જે શુકને જોયો, તે પક્ષીનાં અવતારમાં પણ ભકત દશાવાળો જીવ છે તેને સતત અષ્ટાક્ષર રટવાનો અભ્યાસ છે. તમારા મુખમાંથી નીકળેલ અષ્ટાક્ષરનો ત્રણવાર ઉચ્ચાર સાંભળીને તેણે ત્રણવાર જલપાન કર્યું દીર્ઘ સમય પછી તમારા મુખેથી ભગવદ્નામ સાંભળીને તેણે પોતાની જલપાનની તૃષા શાંત કરી. માટે હું તમને બધાને કહું છું કે અષ્ટાક્ષર મંત્રનો સતત ઉચ્ચાર કરજો એથી તમારૂં અને શ્રવણ કરનારનું કલ્યાણ થશે.’ એ પ્રકારે શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી. અષ્ટાક્ષરનો પ્રભાવ પોતાનાં જીવોને સમજાવ્યો.

શ્રી નારદ પંચરાત્રમાં પણ અષ્ટાક્ષર મહામંત્રનો મહિમા વર્ણવેલો છે. અષ્ટાક્ષર મંત્રના રટણથી જીવનની દુષ્ટક્રિયાઓ, સર્વ અનિષ્ટો અને સર્વનાશ કરનારા દુષ્ટગ્રહો પણ નાશ પામે છે અને જીવનાં હૃદયમાં સદા આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણ બિરાજે છે. આમ ગમે તેવા સંકટમાં કે આપત્તિમાં જીવ હોય તો પણ તે વખતે અંતઃકરણપૂર્વક શ્રી અષ્ટાક્ષર મહામંત્રનું સ્મરણ કરીએ તો સંકટ આપોઆપ દુર થઇને શ્રી વલ્લભાચાર્યચરણની કૃપા અને ભગવદ્‌પ્રાપ્તિ થાય છે. ાાઇતિાા

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ" ધોરાજી**

પદ-૧૦૩

શ્રી યમુના કરત કૃપા કો દાન, જો કોઇ આવત દરસ તિહારે, સબકો રાખત માન. ૧
કલિકે જીવ દોષ ભંડારી, કરત તિહારો પાન;
ભયે અનન્ય સબહિં ઓરતેં, સુર મુનિ કરત બખાન. ૨

જે જન હરિલીલા અધિકારી, કરત તિહારો ગાન;
મેં મતિ મંદ કહાંલો બરનો, **'રસિકદાસ'** જન જાન. ૩

ભાવાર્થ : શ્રી યમુનાજી જીવોને પરમ કૃપાનું દાન કરે છે. જે કોઇ જીવ પ્રેમ સહિત આપનાં દર્શન કરે એ સર્વનું માન રાખીને કૃપાનું દાન કરો છો.

કલિયુગના જીવ તો દોષના ભંડારરૂપ છે. પરંતુ તે પણ આપનાં પયપાન કરે તો તે પણ આપનો સર્વરીતે અનન્ય ભક્ત થઇ જાય છે. એવા આપના માહાત્મ્યને સુરમુનિઓ પણ વખાણે છે અને કહે છે કે જે જીવો આપની લીલાના અધિકારી છે. તેઓ જ તમારી લીલા સહિત તમારૂં ગુણગાન કરે છે.

શ્રી રસિકદામ કહે છે કે હું મતિમંદ આપના વિમલ અને પરમ પાવનકારી યશનું કેટલુંક વર્ણન કરી શકું ? આપનો મને જાણો જ છો. હે શ્રી યમુનાજી ! મને પોતાનો જાણો, હું આપનો જ છું.

૨. રંગતાળી રે....

રંગતાળી રંગતાળી રંગતાળી રે, રંગમાં રંગતાળી....
પેલા શ્રીજી બાવાની બલિહારી રે, રંગમાં રંગતાળી....
એ તો શામળીયા ગિરધારી રે, રંગમાં રંગતાળી....
વ્હાલે વૃન્દાવન બેણુ વગાડી રે, રંગમાં રંગતાળી....
મારી સુતેલી આત્મા જગાડી રે, રંગમાં રંગતાળી....
શ્રી મહારાણી મા ની બલિહારી રે, રંગમાં રંગતાળી....
એ તો પતિતપાવન કારી રે, રંગમાં રંગતાળી....
એ તો અષ્ટસિદ્ધિ દેનારી રે, રંગમાં રંગતાળી....
એ તો સૌને શરણે લેનારી રે, રંગમાં રંગતાળી....
શ્રી ગોકુલનાથ ગિરધારી રે, રંગમાં રંગતાળી....
મને દરશન કરવાની આતુરી રે, રંગમાં રંગતાળી....
વ્હાલે પુષ્ટિ પ્રાકટ કીધું રે, રંગમાં રંગતાળી....
'સુધા' દાસીની પુરજો આશ રે, રંગમાં રંગતાળી....
રંગતાળી રંગતાળી રંગતાળી રે, રંગમાં રંગતાળી....

શ્રીમતી સુધાબેન બંસીધર ઘરીઆ, અમદાવાદ
શુદ્ધાદ્વૈત વિશારદ

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ-૧૨, અંક-૧ના અનુસંધાને)

૪૯૬. શ્રી સોની મગનલાલ લક્ષ્મીચંદ, રાજકોટ
૪૯૭. શ્રી સોની જીતેન્દ્રકુમાર પ્રભુદાસ, રાજકોટ
૪૯૮. શ્રી હસમુખલાલ જમનાદાસ કક્કડ, રાજકોટ
૪૯૯. શ્રીમતી ધ્રુવ હર્ષાબેન રમણીકલાલ, જુનાગઢ
૫૦૦. શ્રી ચુનીલાલ જેરામભાઇ પટ્ટણી, રાજકોટ
૫૦૧. શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા, કલ્યાણ
૫૦૨. શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા, કલ્યાણ
૫૦૩. શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા, કલ્યાણ
૫૦૪. શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા, કલ્યાણ
૫૦૫. શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા, કલ્યાણ

પુસ્તક પરિચય

(૧) તુલસી ક્યારો ભાગ-૩

પ્રકાશકો –૧. શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરાજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમા બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

૨. શ્રી અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ
શ્રીગિરિરાજ ભુવન, બાવા મઢીનો ખાંચો,
દેસાઈ શેરી, ઘડીયાળી પોળ, વડોદરા–૩૯૦૦૦૧

સાઈઝ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૨૨૪ બોક્ષ બોર્ડનું બાઈન્ડીંગ, લેમીશન ટાઈટલ પર ચતુ: રંગી ચિત્ર રાજભોગ આરોગતા શ્રીનંદ કિશોર.

ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પ્રકાશનમાં ચોરાશી વૈષ્ણવોની વાર્તા પૈકી છેલ્લી ૬૧ થી ૮૪ સુધીની ૨૪ વાર્તાઓ આધુનિક વાર્તા શૈલીમાં લખાયેલ છે. છેલ્લે પરિશિષ્ટમાં (૧) શ્રી ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથજી રચિત વૈષ્ણવ નામાવલી (૨) શ્રી અલિખાનજી રચિત ચોરાસી વૈષ્ણવોંકા સૂચિપત્ર (૩) ભકિત કવિ શ્રી દયારામભાઈ વિરચિત શ્રી ચોરાસી વૈષ્ણવનું ધોળ આપેલા છે. જે જિજ્ઞાસુને જાણવા–માણવા જેવા છે. આ પુસ્તક "વૈષ્ણવ પરિવાર" ના ગ્રાહકોને ભેટ અપાયું છે તે અભિનંદનીય છે.

(૨) વ્રતોત્સવ ભાવના

સંપાદક – શ્રી બાબુભાઈ વિ. સવાણી
પ્રકાશક – સત્સંગ કાર્યાલય, હવેલી રોડ, અમરેલી–૩૬૫૬૦૧

સાઈઝ ક્રાઉન ૧૬ પેઈજી પૃષ્ઠ ૧૪૨+૮–૧૫૦ બોક્ષ બોર્ડનુ પીન બાઈન્ડીંગ લેમીલેશન ટાઈટલ પર ઝૂલા ઝુલતું યુગલ સ્વરૂપ ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં પુષ્ટિ સંપ્રદાયમાં ઉજવતા દરેક ઉત્સવો તથા બધી એકાદશીની ભાવના માર્ગની રીત પ્રમાણે વિસ્તૃત રીતે અને વેદશાસ્ત્ર પુરાણ અનુસાર મર્યાદા માર્ગની રીત પ્રમાણે સરળ શૈલીમાં દર્શાવવામાં આવેલ છે. ઉત્સવોની ભાવના જાણવા ઇચ્છતા સૌ કોઈ જિજ્ઞાસુને અત્યંત ઉપયોગી નિવડશે. આ પુસ્તક 'સત્સંગ' ના ગ્રાહકોને ભેટ અપાયેલ છે. તે બદલ સંપાદક, પ્રકાશક અને આર્થિક સહાય આપનાર સૌ કોઈ અભિનંદનીય છે.

(૩) સ્તોત્ર રત્નમાલા

પ્રકાશક : શ્રી મદન મોહન પુષ્ટિ સેવા સમાજ (યુવક મંડળ) શ્રી મદન મોહન કુંજ ૧૫, પંચનાથ પ્લોટ રાજકોટ.

ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૨૩૪+૧૬ પીન બાઈન્ડીંગ કાર્ડ બોર્ડ લેમીનેશન પૂંઠું શ્રી મહાપ્રભુજીના સુંદર ચિત્રજી ન્યોછાવર દર્શાવેલ નથી.

શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી શ્રી રઘુનાથજી તથા શ્રી હરિરાયજી કૃત વિવિધ સ્તોત્ર–ગ્રંથ યથા શોડષ ગ્રંથ શ્રી પુરૂષોતમ નામ સહસ્ત્ર વગેરે તથા શ્રી વલ્લભાખ્યાન શ્રી યમુનાજીના ૪૧ પદ શ્રી વ્રજ પરિક્રમાના ધોળ દિનતા આશ્રયના પદો વગેરે કુલ ૬૦ નિત્ય નિયમમાં પઠનિય–અવગાહનિય સ્તોત્રાદિનો વિશદ્ સમુચ્ચ પ્રકાશિત કરી શ્રી મદન મોહન પુષ્ટિ સેવા સમાજ એક અત્યંત સરાહનિય નામ સેવા કરેલ છે. જે પ્રત્યેક વૈષ્ણવોએ વસાવવા લાયક છે.

અમદાવાદ – અત્રે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી કડી–કોટા વાળા માથે બિરાજતાં શ્રી ગોવર્ધન નાથજી પ્રભુનો પ્રથમ પાટોત્સવ પંચવટી આંબાવાડી વિસ્તાર ખાતે ખૂબ સમારોહ પૂર્વક ઉજવાયો. આ પ્રસંગે નંદ મહોત્સવ આદિનો અલૌકિક આનંદ વૈષ્ણવોને પ્રાપ્ત થયો.

આ પ્રસંગે આપશ્રીના લઘુ ભ્રાતા પૂ. પા. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજ તથા પૂ. પા. ગો. શ્રી વલ્લભ લાલજી મહારાજના વચનામૃત તથા ગો. શ્રી રાજેશકુમારજી દ્વારા શ્રી હરિરાયજી કૃત શ્રી ગુરૂદેવાષ્ટકના ગુજરાતિ ભાષાંતર ના પુસ્તકનું વિમોચન થયેલ.

રાજકોટ – અત્રે પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીની અધ્યક્ષતામાં ચાલતાં શ્રી મદનમોહન પુષ્ટિ યુવક સમાજનો ૨૫ મો વાર્ષિકોત્સવ ખૂબ આનંદ ઉત્સાહથી સંવત્સરોત્સવ ના શુભ દિને ઉજવાયો.

યુવક મંડલના પ. ભ. કરશનદાસભાઇ, પ. ભ. શાન્તિલાલભાઇ, પ. ભ. ચંદ્રકાન્તભાઇ વગેરે તથા માનનિય શ્રી જયવલ્લભ શાસ્ત્રીજીના પ્રેરક ઉદ્‌બોધન બાદ પૂ. આચાર્યશ્રીઓના વચનામૃત થયેલ. તેમજ શ્રી મદન મોહન પુષ્ટિ યુવક સમાજ દ્વારા પ્રકાશિત "સ્તોત્ર રત્ન માલા" પુસ્તકનું વિમોચન પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના કર કમલો દ્વારા સમ્પન્ન થયું.

રાજકોટ – અત્રે પૂ. પા. ગો. શ્રી વલ્લભ લાલજી મહારાજશ્રીના બંગલે શ્રી મહાપ્રભુજીના પ્રાકટયોત્સવના ઉપલક્ષ્યમાં ચૈ. વ. ૭ મંગળવારથી ચૈ. વ. ૧૧ શનિવાર સુધી પ. ભ. શાસ્ત્રીજી શ્રી જય વલ્લભ ભાઇ દ્વારા શ્રી સર્વોત્તમ સ્તોત્ર રસાવગાહન–સત્સંગ સભા પાંચ દીવસ સુંદર રીતે સમ્પન્ન થઇ.

ચૈ. વ. ૧૦ શુક્રવારે બાલ મંડલના બાળકોનો વકતૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ થયેલ જેમાં ઘણાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન ચેતન ચંદ્રકાન્ત મહેતા, દ્વિતિય સ્થાન કુ. સોનલ પોપટ અને તૃતિય રાકેશ શાહને મળેલ. શ્રી મહાપ્રભુજીના ઉત્સવની સભામાં સર્વે સ્પર્ધકોને પૂ. મહારાજશ્રીના કર કમલો દ્વારા પારિતોષિકો અપાએલ.

શ્રી મહાપ્રભુજીના ઉત્સવને દિને શ્રી સર્વેત્તામ સ્તોત્રના પાઠ, વધાઇ કિર્તન, બહેનોના કળશ–રાસ-ગરબા તથા સભાનો કાર્યક્રમ થયેલ જેમાં શ્રી મદનમોહન પુષ્ટિ સેવા સમાજના સભ્યો. તથા શ્રી જયવલ્લભભાઈ શાસ્ત્રીજી ના ઉદ્‌બોધન બાદ પૂ. પા. ગો. શ્રી પ્રણવ બાવાશ્રી, પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલ બાવાશ્રી તથા પૂ. પા, ગો. શ્રી પુરુષોત્તામ લાલજી (શ્રી પંકજ બાવા) તથા પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી તથા અધ્યક્ષ પૂ. પા. ગો. શ્રી વલ્લભ લાલજી મહારાજશ્રીના વચનામૃતોનો અલભ્ય લાભ મળેલ.

શ્રી વલ્લભ વિદ્યાનગર :-

દિનાંક ૧૪/૫/૯૩ થી ૧૭/૫/૯૩ દરમ્યાન શ્રી નાથજીના ધ્વજાજી પધરાવી વિવિધ મનોરથો પંચમ પીઠાધીશ્વર પૂ. પા. ગો. શ્રી ગિરધરલાલજી મહારાજ (કામવન) તેમજ ચી. ગૌ. શ્રી રઘુનાથબાવા તથા ગો. શ્રી વલ્લભ બાવાના ઉપસ્થીતીએ ઉજવવા આયોજન થયેલ છે.

સમાચાર

દ્વારિકેશ જયંતિ દ્વિ દિવસીય શાસ્ત્રીય સંગીતનો ભવ્ય કાર્યક્રમ

[તા. ૬-૪-૯૩ અને તા. ૭-૪-૯૩]

સંગીત કલાધર નિ. લી. ગો. શ્રી દ્વારિકેશલાલજી મહારાજનાં સ્થાયી સ્મારક માટે ગત વર્ષ પૂ. પાદ મહારાજશ્રીની જન્મ જયંતિ (૧૯૯૨) ને દિવસે આપશ્રીના પુત્ર ગો. શ્રી રસિકરાયજીની અધ્યક્ષતામાં "શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમાજ" નામક સંસ્થાની મંગલ સ્થાપના જસુબા મંડાણ (રાજકોટ) ના હોલમાં થઈ હતી.

પાછલા વર્ષમાં હવેલી સંગીત ગોષ્ઠિ તથા "સિદ્ધાંત રહસ્ય" ગ્રંથ પરની શિબિર થયેલી. આ વરસે શ્રી દ્વારિકેશ જયંતિ (તા. ૭-૪-૯૩) ના ઉપલક્ષ્યમાં દ્વિ દિવસીય કાર્યક્રમમાં તા. ૬-૪-૯૩ મંગલ વારે પં. શ્રી જસરાજ (પદ્મ ભૂષણ) નાં શાસ્ત્રીય ગાયનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રથમ શ્રી મહારાજશ્રીનાં ચિત્રજીને ગો. શ્રી રસિકરાયજી તથા પં. જસરાજજીએ માલ્યાર્પણ કર્યા બાદ મેયર શ્રી વજુભાઈવાળાએ દીપ પ્રદીપ્ત કર્યો હતો.

સ્વાગત પ્રવચન શ્રી હસમુખ ખખ્ખર તથા મેયરશ્રીનાં પ્રાસંગિક ઉદ્દ્બોધન પછી ગો. શ્રી રસિકરાયજીએ પોતાનાં પ્રવચનમાં પં. જસરાજજી સાથેનાં વર્ષો જૂનાં ના અનુભવો રજુ કર્યા બાદ સમિતિના અનુરોધથી આ કાર્યક્રમમાં પોતાનું ગાયન (શાસ્ત્રીય) પ્રસ્તુત કરવાનું સ્વીકાર્યા બદલ આભાર વ્યકત કર્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં શ્રી દેવેન્દ્રભાઈની તબલા સંગતિ સાથે ગો. શ્રી રસિકરાયજીએ હાર્મોનિયમમાં 'પ્રથમ પુરિયા કલ્યાણી' પછી "મિશ્ર માંડ રાગ માલા" સાથે પ્રસ્તુત કરીને કાર્યક્રમની સુદર શરૂઆત કરી હતી.

દશ મિનિટનાં મધ્યાન્તર બાદ પં. જસરાજજીએ બે કલાક અને ત્રીશ મિનિટનાં ગાયનમાં રાગ–ગોરખ કલ્યાણ, હંસધ્વનિ, શુદ્ધકાન્હરો, ભટિયાર, આદિબસન્ત તથા લલિત પ્રસ્તુત કરી 'સ્તોત્ર ગાન' દ્વારા કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

પંડિતજીની અસાધારણ સાધનાનો પરિચય તો રાજકોટની જનતાને થયો જ છે. પરંતુ પ્રસ્તુત કાર્યક્રમમાં પંડિતજીનું ગાયન એક અનોખો અને અમીટ પ્રભાવ છોડી ગયું છે. જે અવિસ્મરણીય રહેશે.

પંડિતજીએ ગો. શ્રી રસિકરાયજીનાં હાર્મોનિયનની પોતાનાં ઉદ્દ્બોધનમાં પ્રસંશા કરી હતી. અને તેમનાં માર્ગ દર્શનમાં હવેલી સંગીતની કેસેટ તૈયાર કરવામાં સહયોગ આપવા ઈચ્છા વ્યકત કરી હતી.

હવેલી સંગીતની બંદિશોનાં પ્રસ્તુતિ કરણથી હવેલી સંગીત એ વાસ્તવમાં શાસ્ત્રીય સંગીત જ છે અને હોવું પણ જોઈએ. શાસ્ત્રીયતાની (પરંપરાનાં નામથી) અનિવાર્યતા નથી એમ માનનારાઓને પંડિતજીનું પ્રસ્તુતિ કરણ જવાબ રૂપ છે.

હવેલી સંગીતને લોક સંગીત યા ઉપશાસ્ત્રીય સંગીતની શ્રેણિમાં મૂકનાર સંગીત શાસ્ત્ર અને ગીત સંગીત સાગર પ્રભુચરણ શ્રી ગુસાંઈજી દ્વારા સ્થાપિત કીર્તન પ્રણાલિથી તદ્દન અનભિજ્ઞ જ કહેવાય.

'કુજ કૃપા કર આઈયે (ગોરખ કલ્યાણ) 'લાલ ગોપાલ ગુલાલ' (આદિવસન્ત) 'તિહારો ઘર સુબસ બસો' (શુદ્ધ કાન્હરા) નું પ્રસ્તુતિ કરણ હવેલી સંગીત જ છે અને શુદ્ધ શાસ્ત્રીય રૂપમાં સાધિકાર પ્રસ્તુત કરીને પંડિતજીએ સંગીત પ્રેમીઓનાં દિલ જીતી લીધા હતાં.

પોતાનાં ઉદ્દ્બોધનમાં પંડિતજીએ ગો. શ્રી શ્યામ મનોહરજીનો પણ હવેલી સંગીતની બે કેસેટસ (ઓડિયો) ૧. નિત્ય પદાવલી. ૨. વસન્ત ધમારને તૈયાર કરવામાં યોગ્ય માર્ગદર્શન આપ્યાનો ઉલ્લેખ સગર્વ કર્યો હતો. પંડિતજીની સાથે તેમનાં શિષ્ય નીરજ કુમારે ગાયનમાં, શ્રી નંદન મહેતા તબલા તથા શ્રી અરવિંદભાઈ (પૂના) એ હાર્મોનિયમ પર સંગત કરી હતી.

બીજે દિવસે શ્રી દ્વારિકેશલાલજી મહારાજના જન્મોત્સવને દિન જસુબા મંડાણમાં ઘણા વૈષ્ણવોએ પ્રસાદ લીધો હતો અને રાત્રિના સમયે ગો. શ્રી રસિકરાયજી, શ્રી જયવલ્લભ શાસ્ત્રી, જી. ચતુર્વેદી, ઘનશ્યામભાઇ, હસમુખભાઈ કક્કડ વિ. રાજકોટનાં કીર્તનકારોએ વધાઇ ગાન કર્યું હતું. પખાવજ સંગત દકાભાંઈ, ભરતભાઈ તથા વિઠ્ઠલદાસે કરી હતી.

તા. ૬ ઠ્ઠી નો દિવસે સંગીતના કાર્યક્રમમાં ગો. શ્રી હરિરાયજી (જામનગર), ગો. શ્રી કનૈયાલાલજી (પોરબંદર) તથા ગો. શ્રી શૈલેષ કુમારજી (પોરબંદર), ગો. શ્રી વલ્લભબાવા (જામનગર) ની ઉલ્લેખનીય ઉપસ્થિતિ હતી.

"શ્રી વલ્લભ સંદેશ"

આન્તરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ–મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના (ઉપક્રમે) "શ્રી વલ્લભ સંદેશ"નું પુન; પ્રકાશન કોમપ્યુટરાઇઝ પ્રીન્ટથી મુંબઈથી કરવાનું નકકી થયું છે,

વાર્ષિક લવાજમ રૂ, ૨૫/– અને આજીવન સદસ્યતા રૂ. ૩૦૧/– (ત્રણસો એક) નિશ્ચિત થયા છે. વાર્ષિક ભેંટ પુસ્તક પણ ગ્રાહકોને આપવામાં આવશે.

પરિષદની શાખાઓના પદાધિકારીઓની તથા અન્ય સેવાભાવી વૈષ્ણવોનો સહકાર આવશ્યક છે. ઉત્સાહી વૈષ્ણવો, પ્રતિનિધિ તરીકે પોતાનાં નામ લખી મોકલાવે.

સમ્પર્ક માટે : "શ્રી વલ્લભ સંદેશ" જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલટન રોડ (પોલીસ સ્ટેશન સામ),
મુંબઇ–૪૦૦ ૦૦૨. ટે. નં. ૦૨૨ – ૨૦૮ ૩૭ ૬૪, ૮૦૫ ૧૭ ૩૯

શશીકાંત પરીખ
બી/૩, બ્લ્યુ સ્કાય, કાર્ટર રોડ નં. ૫, બોરીવલી (પૂર્વ) મુંબઇ–૪૦૦ ૦૬૬.
ટે. નં. ૦૨૨ – ૮૦૫ ૮૫ ૩૫

આચાર્ય ચરણ જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાકટ્ય મહોત્સવ

રાજકોટ : શ્રીમદ વલ્લભાચાર્યજીનાં પ્રાગટય મહોત્સવનાં ઉપલક્ષમાં રાજકોટમાં દિનાંક ૧૬–૪–૯૩ શુક્રવારે પૂ. પા. ગો, શ્રી વૃજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટ)ની ઉપસ્થીતીમાં "શ્રી યમુના મહારાણીજી" સમુહ લોટી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ આઠ દિવસ સુધી "શ્રી યમુનાષ્ટક સ્તોત્રનો પાદ હજરોની સંખ્યામાં વૈષ્ણવોએ કરેલ, આ પ્રસંગે પુ. પા. ગો. શ્રી વૃજેશકુમારજી મહોદયશ્રીએ વૈષ્ણવને કર્તવ્ય નિત્ય શ્રી ઠાકોરજીની સેવા કરવાનુ છે તે સમજાવતા જણાવેલ કે આજે ધર્મને જાણ્યાં વગર કુટુંબ વૈષ્ણવ ઘર હોય અગર કોઈના કહેવાથી બ્રહ્મસંબંધ લઇ વૈષ્ણવ બને છે. પરંતુ પોતાનું કેર્તવ્ય શું તે જાણવાની ઉત્કંઠા રાખતા નથી. ધર્મ સમજી હદયપુર્વક નિષ્ઠાથી સિદ્ધાંતોને આચરણમાં મુકવા જોઈએ તો જ હદયને સાચી આનંદની અનુંભુતિ પ્રાપ્ત થાય.

આં પ્રસંગે રાજકોટમાં ચાલતી પુષ્ટિમાર્ગીય પાઠશાળામાં બાળકો દ્વારા "મારા પ્યારા વલ્લભ"એ વિષય ઉપર વકતુત્વ સ્પર્ધાનું આયોજન રાખવામાં આવેલ પચીસેક બાળકોએ ભાગ લીધો અને વિષયને અનુલક્ષી સુંદર ચોટદાયી પ્રસંગો વર્ણન કર્યા.

રાત્રે બીજા સત્રમાં પૂ પા. ગો. શ્રી રસીકરાયજી મહારાજશ્રીનો વચનામૃતનો કાર્યક્રમમાં આપશ્રીએ વૈષ્ણવનું કર્તવ્ય–કર્તવ્ય પરાયણ થવા માટે સત્ત્સંગની આવશ્યકતા જે પ્રાપ્ત કરવા માટે આચાર્ય ચરણોનાં

ગ્રંથો આચાર્યો તથા વિવિધજનોનાં લેખો તથા માસિક અગર પ્રકાશન થતા સાહિત્ય વાંચન દ્વારા, મનન કરી આચાર્ય ચરણોએ સમજાવેલ સિદ્ધાંતો જીવનમાં ઉતારી આચરણ કરવું તે દરેક વૈષ્ણવનું કર્તવ્ય છે તેમ વિસ્તૃત રૂપે છણાવટ કરી સમજાવેલ.

ઉત્સવને દિવસે દિનાંક ૧૭–૪–૯૩ શનિવારે સાંજે "શ્રીમદ વલ્લભાચાર્યજી"નાં ચિત્રજીને ચાંદીની સુખપાલમાં પધરાવી પુ. પા. ગો. શ્રી વૃજેશકુમારજી મહોદયની ઉપસ્થીતીમાં એક વિશાળ શોભાયાત્રા પુષ્ટિ માર્ગીય કલા પ્રદર્શનનું નિદર્શન કરતાં આપશ્રીનું અગ્નિ કુંડમાં પ્રાકટ્ય દર્શાવતો ફ્લોટ તેમજ વિવિધ પ્રકારનાં પુષ્ટિ માર્ગની ઝાંખી કરાવતા ફ્લોટ આકર્ષણનું કેન્દ્ર બનેલ. નવયુવાનોમાં જાગૃતિ સાથે વિશાળ સમુદાય કિર્તન મંડળો–મહિલા મંડળો રાસ–કિર્તનની રમઝટ બોલાવતા શહેરનાં રાજમાર્ગો પર ફરી શ્રી જસુબાઇ મંડાણમાં પરત આવેલ જ્યાં વધાઈ કિર્તન થયેલ,

આ પ્રસંગે પુ. પા. ગો. શ્રી ગોવીંદ્રરાયજી મહારાજે (પોરબંદર) બોલતાં જણાવેલ કે બ્રાહ્મણ દંપતીની કુખે જન્મ લેનાર ફકત બ્રાહ્મણ જ કહેવાય. સાચી ઓળખ તેના સંસ્કારો ઉપરથી ગણાય છે. સતત એક કલાકનાં તલસ્પર્શી વકતવ્યમાં વૈષ્ણવતાના ગુણો કેળવવા માટે કર્તવ્યનિષ્ઠ તેમજ સંસ્કારી બની વૈષ્ણવતાનાં ગુણો આપણા સીમાં પલ્લવીત બને તેવી પ્રભુ આપણા સૌ પર કૃપા થાય તેમ જણાવેલ આ પ્રસંગે ગો. શ્રી વૃજેશકુમારજી મહોદયશ્રીએ પણ વચનામૃત પાન કરાયેલ તેમજ ગો, શ્રી ગોવીંદરાય મહોદય (શ્રી ગટુબાવા રાજકોટ) ઉપસ્થીત રહી આશીર્વાદ આપેલ.

'શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ' ભવન નિર્માણ શીલારોપણ વિધી

ગુર્જર સવંત ૨૦૪૯નાં ચૈત્રવદી ૧૧ દિ. ૧૭–૪–૯૩ શનિવારનાં શુભ દિને રાજકોટથી ૧૪ કી.મી. મોરબી રોડ ઉપર આવેલ સંસ્થાએ પ્રાપ્ત કરેલ જગ્યામાં આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ આયોજીત નિર્માણાધીન "શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ" ભવનનો શીલારોપણ વિધી પૂ પા. શ્રી ગોવીંદરાયજી મહારાજ (પોરબંદર)નાં શુભ હસ્તે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર મહોદય (કામવન–રાજકોટ)ની ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીએ બોલતાં જણાવેલ કે વડોદરામાં વૈષ્ણવ પરિષદનું અધિવેશન મળેલ ત્યારે અખિલ ભારતીય વૈષ્ણવ પરિષદનું નામાભીધાન આપવામાં આવેલ ત્યારે મેં સંસ્કાર સિચન માટે ગુરૂકુલ—ઋષીકુલ નિર્માણ કરવાની આવશ્યક્તા અંગે વિચારો રજુ કરેલ પરંતુ વૈષ્ણવોમાં હજી જોઈએ તેવી જાગૃતિ ન હતી. ત્યારબાદ સને ૧૯૮૧માં રાજકોટ મુકામે નિ. લી. પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ (રણછોડાચાર્યજી મહારાજ) સોમ યજ્ઞનું આયોજન કરેલ. સારી વૈષ્ણવ પરિષદનો હિરક મહોત્સવ ઉજવણી અને જ્યાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ નામાભીધન થયેલ. જ્યાં અનેક મહત્ત્વનાં નિર્ણયો પૈકી "શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ" નિર્માણ કરવાનો સંકલ્પ કરેલ જેને મુર્ત સ્વરૂપ આપવાનું આજે સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે જે આનંદનો વિષય છે. સંસ્કાર સિંચન કરતાં ગુરૂકુલો—ઋષીકુલોની આજના યુગની

આવશ્યકતાં અંગે વિસ્તૃત માર્ગદર્શન આપતાં આપશ્રીએ વિશેષમાં જણાવેલ કે દરેક રાજ્યોના જીલ્લે જીલ્લે ઋષીકુલ કે ગુરૂકુલો નિર્માણ થાય જ્યાં શિક્ષણ આપવાની ચોક્કસ પદ્ધતિ નિર્માણ કરી શિક્ષણ કાર્ય કરવું જોઈએ જેમાં મારા સહયોગની જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં હરહંમેશ માર્ગદર્શન મળશે તેવી અભિલાષા વ્યક્ત કરેલ.

આ પ્રસંગે પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદયશ્રીએ હાલમાં ગુરૂકુલ–ઋષીકુલની આવશ્યકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપતાં જણાવેલ કે આવાં સદ્કાર્યમાં મારી સેવાની આવશ્યકતા હોય ત્યાં હું જરૂરથી સેવા આપીશ અને સમગ્ર વૈષ્ણવ સમાજ જે આવા શુભ કાર્યમાં તન–મન–ધનથી સહયોગી બનવા અપીલ કરેલ.

આ પ્રસંગે કેન્દ્ર–પ્રદેશ–તેમજ સ્થાનિક આં. રા. પુ. વૈષ્ણવ પરિષદનાં પદાધિકારીઓ મુંબઈ–રાજકોટ વડોદરા–સુરેન્દ્રનગર–વઢવાણ–ધોરાજી–હડાળા–રતનપર વિગેરે ગામોનાં પ્રતિનિધિઓ તેમજ વૈષ્ણવજન સમૂહે વિશાળ હાજરી આપેલ.

–: શુભ લગ્ન પ્રસ્તાવ :–

સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ૧૦૮ ઘનશ્યામલાલજી મહારાજ શ્રી દોહિના, શ્રી કમલાકરજીનાં જ્યેષ્ઠ પુત્ર શ્રી મધકરજી (સૌ. સુર્યલત્તા બેટીજી–વડોદરા) નાં પુત્રી ચિ. સૌ. કાં. મૃણાલીનાં શુભ લગ્ન ગો. શ્રી ૧૦૮ શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ (ચાંપાસેની––જુનાગઢ) નાં જ્યેષ્ઠ આત્મજ ચિ. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી (રસિયા બાવાશ્રી) નાં સાથે સવંત ૨૦૪૯ વૈશાખ કૃષ્ણ–૭ બુધવાર દિ. ૧૨–૫–૯૩ નાં શુભ દિને રાજકોટ મુકામે નિશ્ચિત થયેલ છે.

આ શુભ પ્રસંગે સર્વે વૈષ્ણવોએ ઉપસ્થિત થઇ આનંદમાં અભિવૃદ્ધિ કરશો. સેવા વિષે ચિત્ત છે તેથી અધિક રાખી પ્રસ્તાવમાં આવવાની સૂચના શીઘ્ર મોકલશો.

: કાર્યાલય :	ફોન નં.	આપશ્રીની આજ્ઞાથી
શ્રી મદન મોહનજી હવેલી "વ્રજધામ"	૩૫૦૫૨	લગ્ન પ્રસ્તાવ સમિતિ

૨, લક્ષ્મીવાડી રાજકોટ–૩૬૦૦૦૧

દિ. ૯–૫–૯૩ બરાત આગમન––૧૦–૫–૯૩ ગણેશ સ્થાપન–ગૃહશાંતિ.

દિ. ૧૧–૫–૯૩ કુલદેવ સ્થાપન વૃદ્ધિસભા–૧૨–૫–૯૩ વિવાહ (પાણિગ્રહણ)

દિ. ૧૩–૫–૯૩ બડી પઠૌની રાત્રિ––૧૪–૫–૯૩ કુલદેવ વિસર્જન અને ગંગા પુજન.

આ શુભ લગ્ન પ્રસ્તાવ પ્રસંગે રાજકોટમાં બિરાજતા "શ્રી મદનમોહન પ્રભુ" નાં વિવિધ મનોરથો દિ. ૯–૫–૯૩ થી દિ. ૧૩–૫–૯૩ દરમ્યાન રાખવામાં આવેલ છે.

સને ૧૯૯૩-૯૪નાં ગ્રાહકો થવા માટે

ચાલુ વર્ષનાં ગ્રાહકો ૩૧-૩-૯૩ પહેલાં લવાજમ ભરનારને ભેટ પુસ્તક આપવાનો સંકલ્પ કરેલ છે. ઘણા ગ્રાહકો સમયસર લવાજમ પહોંચાડી શકયા નથી જેથી સેવાભાવી કાર્યકરોની માંગને કારણે તે સમયમર્યાદા વધારી તા. ૨૦-૫-૯૩ સુધી કરી આપવાનો નિર્ણય સંસ્થાએ લીધેલ છે, તો સેવાભાવી કાર્યકરો તેમજ ગ્રાહકોને વિનંતી કે તેઓ તા. ૨૦-૫-૯૩ સુધીમાં કાર્યાલયમાં જમા થઇ જાય તેવો પ્રબંધ ગોઠવે.

“શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી” પુસ્તક પ્રાપ્ત કરવા અંગે

જે વૈષ્ણવો ૯૨-૯૩માં ગ્રાહકો નહોતા તેઓને ‘શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી’ પુસ્તક પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેઓને જુજ નકલ જ બચી હોય વ્હેલો તે પહેલાનાં ધોરણે રૂા. ૫૦/- પ્રકાશન સહાય સંસ્થાને મનીઓર્ડર દ્વારા અગર ચેક/ડ્રાફટથી ‘શ્રી વલ્લભ વિજ્ઞાન’ના નામથી મોકલશે તેને સ્ટોકમાં હશે ત્યાં સુધી પહોંચાડવા પ્રયત્ન કરીશું. આપ સૌના સહકાર બદલ આપના આભારી છીએ....!

: નિવેદક :

પ્રમુખ

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ-રાજકોટ

શ્રી ઈચ્છામ ભટ્ટજીના આંતર ઉદ્ગારો

શાસ્ત્રમાં જોશો તો જણાશે કે પ્રભુ આવા છે, સોળ વરસના છે, આવા ખીટલીયાળા કેશ છે, મોરમુકુટ ધર્યા છે, પિતાંબર પહેર્યું છે, મકરાકૃતિ કુંડળ ધર્યા છે, મેઘશ્યામ સ્વરૂપ છે, બહુજ ફુટડા છે, તે પ્રભુ કયા ?

ત્યારે કહે છે કે તે જ પ્રભુ તારા મંદિરમાં બેઠા છે, તે જ વ્રજભકતોના યૂથવાળા છે, શ્રી મહાપ્રભુજીએ કૃપા કરીને તારે (વૈષ્ણવને) માથે પધરાવ્યા છે, તે પ્રભુથી એ કે પ્રભુ મોટા છે જ નહિ.

શાસ્ત્ર સાંભળીને પ્રભુનું માહાત્મ્ય જાણશે, પ્રભુને મોટા જાણશે, તે તો સાધનરૂપ સેવા છે, અને શાસ્ત્ર નથી સાંભળ્યું, કાંઈ જાણતો નથી, છતાં પોતાના પ્રભુ સ્વાભાવિક વહાલામાં વહાલા લાગે તો ફલરૂપ સેવા જાણીએ.

દૃષ્ટાંત કે કોઈ સંસારમાં કહે કે છોકરો વહાલો કરીએ, આમ કહેવાથી વહાલ રાખીએ, તે સાધનરૂપ છે, ને સહજ વહાલ છોકરા પર આવે તે ફળરૂપ છે.

વળી દૃષ્ટાંત :- આપણને વમન એટલે ઉલટી થાય ત્યારે કોઇ કહેશે કે આ લાડવા ખાધા તેથી ઉલટી થાય છે માટે આ વમન ખા. ત્યારે આપણે કહીએ કે એ તો કમકમીઓ આવે. આ વમન ખાતાં કમકમીઓ આવે, તે કયા શાસ્ત્રમાં શીખવ્યું ? કે જેથી એ સાંભળવું પણ ખોટું લાગે છે. આમ સંસારમાં આસક્તિ ન રહેતાં સંસાર ઉલટી જેવો લાગે તો જ પ્રભુ વહાલા લાગે. આવું થાય તો જ કામ થાય. આવું ન થાય ને શાસ્ત્રમાં મોટા કહે તે માર્ગે ચાલીએ. તે પણ પ્રભુ તો સાધન જ માનશે પણ એમ કરતાં કરતાં ફળની પ્રાપ્તિ થશે.

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P43.

પનઘટ લીલાના ધોળ

[૧]

નંદવાણી લાખેણી મારી હેલ જો, કાનો મારે છે મને કાંકરી જો;
મારી સોના ઈંઢાણી રૂપા બેડલું જો, પાણી ગ્યાતા શ્રી યમુનાજીને તીર જો- કાનો૦ ૧
જલ ભરૂં ને ભરવા ન દિયે જો; વ્હાલો ખોબલે ઉડાળે આછાં નીરજો-કાનો૦ ૨
ગાગર ફૂટીને જલ તો નિસર્યા જો; મારા ભીજાણા નવરંગ ચીરજો-કાનો૦ ૩
અમે રોષ ભર્યાંને ઘેર આવીયા જો; વ્હાલો ઉભા છે માતાજીની ગોદ જો-કાનો૦ ૪
વ્હાલા **'માધવદાસ'**ની વિનતિ જો; અમને તેડી રમાડયા રાસ જો-કાનો૦ ૫

[૨]

ઉભા શ્રી યમુનાજીના તીરમાં, છબીલો બાલ ઉભા શ્રી યમુનાજીના તીરમાં.
હુ જલ જમુના ભરવાને ગઇતી; નાથજીને નિરખ્યા છે નીરમાં-છબીલો૦ ૧
તારે ને મારે કાના પ્રીત બંધાણી; ગાંઠ પડી છે જેમ હીરમાં-છબીલો૦ ૨
વૃંદા તે વનની કુંજ ગલન મેં, કાંટો ભરાયો મારા ચીરમાં-છબીલો૦ ૩
'વલ્લભ'ના સ્વામી પ્રભુ રસિક શિરોમણી, ખાંડ ભળી છે જેમ ખીરમાં-છબીલો૦ ૪

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

હિંડોરાકે પદ (રાગ - મલ્હાર)

સજની ઝુલત ગોકુલ રાઇ;
ઇત યમુના તટ સુરતરુ શોભા, ઇત નવઘન સમુદાઇ....૧
ઇત ચપલા ચમકેં વિત ગોપી, ઘન ગરજત ઇત મોર;

ગાવત રાગ મલ્હાર સપ્ત સ્વર, ઇત મુરલી કી ઘોર.....૨
બૈઠે એક હિંડોરે મોહન, શ્રી રાધા ભુજ વામ;

જગમગાત મુખ પ્રભા સુધાકર, સુચિ શોભા કે ધામ.....૩
હરિત ભૂમિ સુરરાજ વધૂ યુત, શ્રીવન મોહ થિરાત;

'વલ્લભદાસ' તિલોકિ પરમ છબિ, અલિ અલિ નૈન સિરાત....૪

વલ્લભદાસ બાજીલાલ શર્મા (દેવરી) ગ્વાલીયર

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✻

વર્ષ ૧૨ : અંક-૩ **જુન, ૧૯૯૩**
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✻ **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

આ. પુ. વૈ. પરિષદના કે. મંત્રીશ્રી ચિમનભાઈ શેઠના પ્રેસ નિવેદન

તા. ૭–૫–૯૩ વડોદરમા આ. પુ. વૈ. પરિપદના સંગઠ્ઠન મંત્રી પ્રો. ચિમનભાઇ શેઠના પુત્ર ગો. વા. જતીનભાઇ શેઠની સ્મૃતિમાં યોજાએલ શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાન યજ્ઞમાં વ્યાસ પીઠેથી શાસ્ત્રીજી શ્રી પ્રધ્યુમ્નભાઇએ ઉચ્ચારેલ રત્ન કણીકાઓ.

0 સ્થળ અને કાળની જેટલી વધુ શુદ્ધિ એટલી જ જલ્દી કાર્ય સિદ્ધિ. 0 જે કાર્ય કરતાં ભગવાનમાં અકારણ અવિરત પ્રેમ થાય એજ ધર્મ. 0 બધું જ જગતમાં હોવા છતાં બધાને મલતું નથી પણ જેના ભાગ્યમાં જે જેટલું હોય તેજ તેને મલે છે 0 શ્રદ્ધાનો અભાવ, શકિતનો અભાવ, બુદ્ધિનો અભાપ તથા આયુષ્યના અભાવથી કલીયુગના જીવો દુ:ખી છે. 0 અધર્મ સામે લડવું અધર્મ અને અન્યાયનો પ્રતિકાર કરવો એ ધર્મયુદ્ધ છે. 0 પાપનું સામ્રાજ્ય નાશ પામે અને ધર્મનું શાસન સ્થપાય ત્યારે પરમાત્માને આનંદ થાય છે. 0 વિશુદ્ધ ધર્મનો આશ્રય કરે તે નિર્ભય છે. 0 શિક્ષા કરવામાં મોટપ નથી પણ ઉદાર હૃદયથી ક્ષમા કરવામાં મોટપ છે. 0 માનવમાં જ્યારે કોઇ પણ જાતનું અભિમાન વધે છે ત્યારે તે અભિમાન તેનો વિનાશ કરે છે. 0 આજે સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા, પામરતા અને પશુતા વિકસી રહ્યા છે.

તા. ૧૦–૫–૯૩ ઉપરોકત સપ્તાહ બાદ પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને વડોદરા શહેરના 'પરિષદ'ના કાર્યકરોના સંમેલનમાં વડોદરામાં 'પરિપદ ભવન' નિર્માણ કરવાના વિચારને સહુએ આવકારેલ, પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે શ્રી બેઠક મંદિરની પાછડ શ્રીવલ્લભ રીસર્ચ સેન્ટર સાથે 'પરિષદ ભવન'ની પ્રવૃત્તિને આવકારીને તે અંગે વાતચિત કરવા પરિષદના કાર્યકરોને આમંત્રિત કરેલ છે, આ સેવા કાર્ય અંગે શ્રી ચિમનભાઇ શેઠ બી–૧૬૨ શ્રેણીક પાર્ક અકોટા સ્ટેડીઅમ સામે, વડોદરા ફોન ૩૩૩૧૦૮ નો સંપર્ક કરવો.

તા. ૧૨–૪–૯૩ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય દિન સમગ્ર ગુજરાતમાં ભવ્ય રીતે ઉજવાયો. ચૈત્રવદી ૧૧ ને દિને વૈષ્ણવ પરિષદે સમગ્ર વૈ. સમાજને સાથે રાખીને પ્રભાત ફેરીઓ, ભવ્ય શોભા યાત્રાઓ, વિશાળ સભાઓના આયોજન દ્વારા ભવ્ય રીતે ગામેગામ ઉજવવાના વૈષ્ણવ પરિષદની શાખાઓના સમાચાર છે.

'શ્રીવલ્લભ મને ગમે છે' એ વિષય પર વૈષ્ણવ પરિષદની લગભગ ત્રીસ શાખાઓ એ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ દરેક સ્થાનના વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવેલ વિજેતાઓની વકતૃત્વ સ્પર્ધા મે મહિનાના ત્રીજા સપ્તાહમાં વડોદરા મુકામે યોજવામાં આવશે.

૨૧–૪–૯૩ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક, ધાર્મિક શ્રદ્ધાનું કેન્દ્ર બિન્દુ, ખેતીપ્રધાન ભારત દેશમાં આર્થિક આધાર સ્તંભ એવી ગો માતા અને તેના વંશની હત્યા પર ગુજરાત સરકાર પ્રતિબંધ મૂકવા તત્પર બની છે અને ગણત્રીના દિવસોમાં ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે એવા સમાચારને સહુ વૈષ્ણવો એ આવકારેલ છે. એમ આં. પૂ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશ પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ. શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી. શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, પ્રો. ચિમનભાઇ શેઠ, પ્રિ. વી, પી પરિખ અને શ્રી હસુભાઈ ખખ્ખરે એક સંયુકત પ્રેસ નિવેદમાં જણાવ્યું છે.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૩ ※ જુન, ૧૯૯૩

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

ભગવાનની કૃપાનું લક્ષણ

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

ભાગ્યવાન વૈષ્ણવો,

મંદિરમાં પરમ દિવસના પ્રસંગમાં આ વાત કહેવાઇ હતી કે જગતમાં જીવનો જો કોઇ આશ્રય હોય, રક્ષાનું કોઇ સાધન હોય તો તે ફક્ત ભગવાન શ્રીકૃષ્ણ છે. તેમનો આશ્રય એટલો બળવાન અને સમર્થ છે કે તે પ્રત્યેક જીવની રક્ષા કરી શકે છે. આશ્રિતની રક્ષા કરવી તે ભગવાનની કૃપાનું જ કાર્ય છે. ભગવાનની જે કૃપા છે તે મૂળ છે. ભગવત્ આશ્રયનું મૂળ પણ ભગવાનની કૃપા છે. જ્યારે પ્રભુ કૃપા કરે છે ત્યારે જીવ ભગવાનનો આશ્રિત પણ બને છે. ભગવત્ કૃપા સિવાય ભગવાનનો આશ્રય પ્રાપ્ત કરવો તો દુરની વાત થઇ, ભગવાન તરફ જીવનું ધ્યાન પણ નથી જતું. લૌકિક કાર્યો એટલા બળવાન છે, એટલા વધારે છે કે આપણે તેમાં તલ્લિન રહીએ છીએ. ખાવાનું, કમાવાનું, વ્યવહારના કાર્ય કરવા આ શું ઓછા કામ છે ? એ એટલા મુશ્કેલ કાર્ય છે કે તેમાંથી ફુરસદ

મેળવવાનું ઘણું મુશ્કેલ થઈ જાય છે. છતાં પણ સત્સંગ દ્વારા જીવની પ્રવૃત્તિ થાય છે, તે બિલકુલ યોગ્ય છે. સત્સંગ વગર જીવની પ્રવૃત્તિ ભગવાન તરફ થઇ જ ન શકે. પરંતુ આપણા આચાર્ય ચરણોએ બતાવ્યું છે કે સત્સંગ પણ ક્યારે પ્રાપ્ત થાય છે, જ્યારે ભગવાનની કૃપા હોય.

લોકો કહે છે કે ભગવાનની આના પર કૃપા છે કે અકૃપા છે, તે જાણવાનું સાધન શું છે ? એ સ્વાભાવિક સવાલ થાય છે. સાધારણ લોકો એટલે કે આપણે જે ભગવાન આપણને સુખ, સમૃદ્ધિ આપે અને સારી કીર્તિ આપે તો આપણે સમજીએ કે ભગવાનની આપણા પર પૂર્ણ કૃપા છે અને જો તેમાં કંઇ ઓછું હોય, વૈભવ ન હોય કે આવીને ચાલી જાય તો આપણે સમજીએ કે ભગવાન આપણાથી રૂઠેલા છે, તેની કૃપા આપણા પર નથી. સ્વતંત્રતામાં જો કોઇ વિક્ષેપ આવી જાય, કલહ થઇ જાય, કંઇક ખામી રહી જાય તો આપણે સમજી લઇએ છીએ કે ભગવાનની અકૃપા છે. જો ભગવાન પ્રસન્ન હોય તો આવું કેમ થાય ? આવી રીતે શરીરમાં કોઇ રોગ કે કોઇ વ્યાધિ ઉત્પન્ન થઇ જાય તો પણ આપણે એ કલ્પના કરીએ કે ભગવાનની કૃપાદૃષ્ટિ નથી તેથી તો રોગી બન્યા. તેમની કૃપા હોત તો રોગી શા માટે બનત ? ઘણો ઇલાજ કર્યો પરંતુ લાભ ન થયો, તેથી એ સાબિત થાય છે કે ભગવાનની કૃપા હજુ આપણાથી દુર છે એવું આપણે માની લઇએ છીએ. કહેવાનો અર્થ એ છે કે લૌકિક પદાર્થોની પ્રાપ્તિને આપણે ભગવાનની કૃપાનું લક્ષણ માનીએ છીએ અને જો લૌકિક પદાર્થ ન મળે અથવા મળીને નાશ પામે તો તેને ભગનાનની અકૃપા સમજી બેસીએ છીએ. ભગવાનની અકૃપા છે ત્યારે તો આ બધા પદાર્થ મળીને ચાલી ગયા કે પ્રાપ્ત ન થયા.

સામાન્ય લોકો જગતમાં આવા પ્રકારના છે. આચાર્યચરણ આપણને સાવધાન કરે છે. આપણને એક મર્મની વાત સમજાવે છે કે આવું ક્યારેય નહીં માનો. લૌકિક પદાર્થોનો સંયોગ કે વિયોગથી ભગવાનની કૃપા કે અકૃપાનું અનુમાન લગાવવું ભારે મોટી ભૂલ છે.

ભગવાનની કૃપા સુખી વ્યક્તિ પર પણ હોય છે અને દુઃખી વ્યક્તિ પર પણ, બન્ને પર હોય છે, દુઃખી કે ગરીબ પર ન કરતાં હોય તેની કોઇ સાબિતિ નથી અને એ પણ સાબિતિ નથી કે ભગવાનની કૃપા માટે બળ પણ હોવું જોઇએ, સંપત્તિ વગર કૃપા કરતાં જ નથી, એવો પણ નિયમ ભગવાનના માર્ગમાં નથી. સમૃદ્ધિ હોય કે નિર્ધનતા હોય, ગમે તે હોય, ભગવાનની કૃપા દરેક અવસ્થામાં હોય છે. ભગવાનની જે કૃપા છે તે આપણા પર થઇ કે નહીં તેનું પ્રત્યક્ષ પ્રમાણ ક્યાં છે? તેનું લક્ષણ શું છે ? ભગવાનની કૃપાને ઓળખવાનું લક્ષણ કયું છે ? જે લક્ષણથી એ ખબર પડે કે ભગવાનની કૃપા આપણા પર છે તો બતાવ્યું છે કે ભગવાનની કૃપાનું સર્વોત્તમ જો કોઇ ઉદાહરણ અને લક્ષણ હોય તો તે છે સત્સંગની પ્રાપ્તિ. સત્સંગની પ્રાપ્તિ જ ભગવાનની કૃપા દર્શાવવાનું ઉત્તમ સાધન છે. જ્યારે પ્રભુની કૃપા થાય છે ત્યારે સત્સંગ

મળે છે. ભગવત્ કૃપા વગર સત્સંગની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે અને બધી વસ્તુ પ્રયત્ન સાધ્ય છે. જ્યારે આપણે પ્રયત્ન કરીએ છીએ, મેળવી શકીએ છીએ, પરંતુ સત્સંગ મેળવવો તે ફકત આપણી ઇચ્છા કે પ્રયત્નથી સાધ્ય વસ્તુ નથી. જ્યારે પ્રભુ કૃપા કરે છે ત્યારે ભગવદીઓનો સંગ પ્રાપ્ત થાય છે.

ભગવદીઓનો સંગ જે છે તે સંસારને તરવાનો મૂળ મંત્ર છે. આ મૂળ સાધન છે. કારણ એ છે કે એ ભગવદીઓ દ્વારા આપણને શિક્ષા જે મળે છે તે તો સારી છે જ, ઉત્તમ શિક્ષા તો આપણે પુસ્તક વાંચીને પણ પ્રાપ્ત કરી શકીએ, અને જે ભગવદીય નથી તેના મોઢેથી પણ સાંભળી શકીએ. શિક્ષા તો બીજે પણ મળે તેવી વસ્તુ છે, ન મળે તેવું નથી. પરંતુ ભગવદીયોના સંગનો સર્વોત્તમ લાભ કયો છે ? જે વિશેષ લાભ છે તે છે હૃદયની કોમળતા કે કૃપા તે ભગવદીયના સંગનું સર્વોત્તમ ફળ છે.

આપણે ગ્રંથ વાંચીએ, શિક્ષાની વાત સાંભળીએ. પરંતુ જો હૃદય કઠોર હોય, કોમળ ન હોય તો તે વાંચેલું, લખેલું, સાંભળેલું બધું બેકાર છે. આ બધું આપણે માટે હિતકર છે. પરંતુ આપણા હૃદયને સ્પર્શ નહી કરી શકે. જેવી રીતે પત્થર છે તે હજારો વર્ષ સુધી પાણીમાં પડી રહે, પરંતુ જ્યારે પણ પાણીથી બહાર કાઢશો તો કોરો ને કોરો જ રહેશે. પાણીથી બહાર નીકળતા જ તે બિલકુલ કોરો દેખાય છે. આ પ્રકારનું કઠોર હૃદય જો આપણું હોય તો આપણે તેને લાભ કેમ કહી શકીએ ? આપણે ગ્રંથોનું એક દિવસ નહીં, હંમેશા પારાયણ કરતા રહીએ, પરંતુ તેનાથી કોઇપણ લાભ થવાનો નથી, જ્યારે હૃદયમાં પ્રવેશ કરે, ત્યારે તો કામ થાય. ફકત વાંચવા સાંભળવાથી શું થાય ? હૃદયમાં વસ્તુ આવવી જોઇએ, અને હૃદય સાથે સંબંધ ક્યારે થાય છે ? જ્યારે હૃદય કોમળ હોય છે ત્યારે જીવ અભિમુખ થાય છે. ભગવાનથી બહિર્મુખ હૃદય હોય તો સત્સંગ પણ આપણને લાભ નહીં પહોંચાડે. જરૂરત એ વાતની છે કે આપણે ઉત્તમ ભગવદીઓનો સંગ પ્રાપ્ત કરીએ.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. ૫. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

વડીલોનો વારસો

લેખક : **મુખીઆજી મથુરદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

ઉપસંહાર

'વડીલોનો વારસો' લખતા નવયુવકોને જ પ્રધાનતા દીધી છે. સાચી હકીકત હોવા છતાં ફેરફાર કરી રજુઆત કરેલી છે.

વડીલોનો વારસો તે કેવળ સંપત્તિનો જ નહીં, સંસ્કૃતિક પણ સાથે છે. તેની સાથે વ્યવહારિક વ્યવસાયિક સંસ્કૃતિક આ બધા ગુણોનું પાત્ર આમાં દિનેશ છે. ૪૦૦ વરસથી ચાલતી સેવા પરદેશ આવવા જવા પરંતુ ઘરનાં નાના મોટા દરેકના એકમત પાંચ પેઢીયે અમેરિકાવાળા તે પણ એકતાનાં સૂત્રથી બંધાયેલા. એવી જ યોગ્ય કન્યા લાવે અને એવે જ યોગ્ય ઠેકાણે કીકરી આપે. આ બધું સહી સલામત નિભાતું આવ્યું.

સુરેશનું પાત્ર (કુસંગથી ઘેરાયેલું) તેનાં વડીલોનાં ૩૦૦ વરસોનાં સંસ્કાર સારા પરંતુ સંગની અસરથી મતિ ફરેલી, તેને સંગથી જ સુધારી. અનેક સંકટ સહન કર્યા. પછી પણ મુળ સસ્કૃતિ સારી હોવાથી દિનેશના સંગથી સુધરેલ. ઉપરાંત પ્રથમની માફક પિતાનો વારસો ધનનો ગુમાવ્યો તો સાસરાનું મળી આવ્યું તે પણ વારસો જ મળ્યો. ધાર્મિક સંસ્કાર પ્રવિણની મા ધરાવતી તે જ સંસ્કાર ભુલેલી ભટકેલી સુલેખાએ ગ્રહણ કર્યાં અને ઘર પાછું ઉજ્જવળ કર્યું.

ફ્રાંસવાળા રસિકલાલનું કુટુંબ તેમાં મુખ્ય પાત્ર પ્રવિણ તે પણ સંસ્કારી અને સદ્ગુણી તેના પિતા પોતાનાં ઉપર કરેલ ઉપકાર દાદાજીએ તેને આજીવન યાદ રાખી તેની માન મર્યાદા રાખી તેની ઉપકારોની ભાવનાથી દીકરી અને અને દીકરો બન્નેને જોઇએ તેવું ઠેકાણુ મળ્યું પરસ્પર એક બીજાથી સંકળાયેલા સ્વધર્મી એક રૂપ થઇ રહે તેવા જીવનમાં આનંદ રહે તેમાં નવાઇ શેની !

જે કુટુંબમાં ઘરમાં સૌ સંપીને રહે છે, સંસ્કારી છે, વ્યવહાર કુશળ છે, વ્યાપાર કુશળ છે, ત્યાં સુખની સરિતા અખંડ વહેતી રહે છે.

પિનકી અને ઉષ્મા બંનેની એક જ વિચાર ધારા હતી કે આવી જાતના સંસ્કાર ધાર્મિક ભાવના સભર મળે તો લગ્ન કરવા નહીં તો આજીવન કુંવારુ રહેવું. તેની ભાવના પ્રભુએ જલદી પૂર્ણ કરી.

સારમાં, અગ.ઉથી ચાલ્યા આવતા સંસ્કારો જળવાઇ રહે તે જ ખરો વડીલોનો વારસો.

મારી સાથે વાર્તાલાપ કરી દિનેશ રવાના થયો. જતાં જતાં કીધું કે આપણા ભારતવાસીઓ દુનિયામાં બધે પ્રસરેલા છે. ખાસ કરી કાઠીયાવાડ ગુજરાત વધારે સૌ સંસ્કાર ચાહે છે. માંટે જ ભારત આવે છે. પરંતું વિદેશોમાં પણ ઘણાં કુટુંબ સંસ્કારી વસે છે. સંપર્ક હોય તો ત્યાંને ત્યાં જ મળી શકે છે.

દિનેશથી જુદા પડતાં છેલ્છે છેલ્લે મેં તેને સવાલ કર્યો. તે નીચે મુજબ છે.

સ. તમો ઘણીવાર ભારત આવો છો. તમારા તરફથી ભારત તથા વિદેશોમાં વસતા

નવયુવકો માટેનો અભિપ્રાય બતાવશો ?

જ. આ પરિવર્તન યુગ છે. સમય બદલે તેમ થોડું ઘણુ બધું બદલાય છે. અમે વિદેશમાં રહેતા ભાઇઓ ઘણા વરસો થયા ત્યાં રહીએ છીએ, તેમાંના ઘણાં કો તો અત્રેની સંસ્કૃતિનાં આધારે જીવન જીવે છે. તે ત્યાં સુધી કે અત્રેથી નિકળ્યા તે વખતનં સંસ્કારો જાળવી રાખ્યા છે. એવા પણ ઘણાં છે કે ત્યાંની સંસ્કૃતિનો પૂરો પ્રભાવ તેનાં ઉપર છે. ઘણાં કો પછી ભલે ને તે કોઇપણ ધર્મનો અનુયાયી હોય પણ અત્રેના વાર તહેવાર ધાર્મિક જયંતિ બધું સારી રીતે ઉજવે છે. દિવાળી, હોળી, સંક્રાંતિ આ તહેવારો તો બધાને સરખા જ હોય છે. ઘણાં ધર્મોનાં મંદિરો વિદેશોમાં બની ગયા છે.

અત્રેનાં નવયુવકો ઘણાંક એવા દેખાણા કે ફોરેનની સંસ્કૃતિને ઊંચી માનતા શિખ્યા છે અને તેને ઉત્તમ માની ભારતી સંસ્કૃતિ પ્રત્યે અણગમો ધરાવે છે. આપણાં કરતાં આ સારું આવું અંધ અનુકરણ કરવાવાળાઓને રસ્તો ભુલેલા સમજું છું.

આમ જુઓ તો કૃષ્ણ ઉપાસી આપણે એક જ નથી. ગીતાજી એક એવું નાનામાં નાનું અને મોટા રહસ્યવાળું શાસ્ત્ર છે. અત્યારે આખી દુનિયાની ભાષામાં તેમનો અનુવાદ થઇ ચૂકયો છે.

બંગાળના એક સ્વામી વિદેશ આવ્યા તેમણે કૃષ્ણ ભકિતનો સારો એવો પ્રચાર કર્યો અનેક ફોરેનવાસી કૃષ્ણને જાણતાં થયાં. તેમાં શ્રદ્ધા રાખતા થયા છે. તે ત્યાં સુધી કે અલજીરીયા જેવા મુસ્લીમ દેશોમાં પણ તેણે ગીતાના આધારે જ પ્રચાર કર્યો તે કોમના ઘણાં કો હિંદુ સંસ્કૃતિ પ્રત્યે માન ધરાવતા થયા અને વૈષ્ણવ કહેવરાવે છે. મારે તેઓની સાથે પણ મુલાકાત થઇ હતી. તેઓ કૃષ્ણને પરમાત્મા માનીને સેવા પુજા બધું કરે છે.

આપણાં માટે તો ગૌરવની વાત છે કે ગીતા આખા જગતને સ્પર્શ કરી શકે છે. વિધર્મીઓ ભારતની સંસ્કૃતિને ઊંચી માને છે. તેવું ઉચ્ચ કોટિનું જ્ઞાન આપણાં જ પ્રભુ કૃષ્ણનાં મુખારવિંદમાંથી નીકળેલું છે. આ બાબત ધ્યાનમાં રાખે તેને બીજે ભટકવાની જરૂર જ રહેતી નથી.

હું એકવાર દ્વારકા ગયો ત્યારે બજારે બજારે કાંઇ સામાન ખરીદવા ગયો. તે દુકાનની બાજુમાં ઓટલા ઉપર બેઠેલા એક ક્રિશ્ચયન ભાઇ હતા. તેઓ શ્રીદ્વારકાધીશજીની ધ્વજા સામુ જોઇને કહેતા હતા. તેણે બે હાથ જોડયા હતા. શું બોલે છે તે મેં સાંભળ્યું.

‘હે ભગવાન ક્રીસન ગીતાનો બોધ દેવાવાળા હું એક પરદેશી અને વિધર્મી છું. તારા ધામમાં આવ્યો છું. મારો માલ વેચાણો નથી. પાસે પૈસા નથી તો શું ? તારા ધામમાં આવીને મારે ભૂખે મરવું પડશે ? અહીં કોઇ નથી. તું તો ઇશ્વર છો. તેથી તને જ કહું છું.’

તે વખતે બાજુના દુકાન દારે તેને બોલાવ્યો તમે શું વેંચો છો. તેણે જવાબ દીધો. મારું નાનું કામકાજ છે. ડાટ પેનની શાહી બનાવું છું. ને વેંચું છું. અત્રે મને ભાષામાં તકલીફ પડે છે. તે દુકાનદારને તે માલની જરૂર હતી. તેણે માલ લીધો. પૈસા દીધા. ત્યારે

ફરી બે હાથ જોડી ધ્વજા સાંમુ જોઇને બોલતો બોલતો ચાલી નિકળ્યો. કીસન ભગવાન સચ્ચારે તેરે ધામ મેં આ કર કોઈ ભુખ્યા દુઃખી કેસે રહેગા.

બીજા ભાઇ મૂળ ક્રિશ્ચયન હતા, પણ ગીતાના આધારે કૃષ્ણને જ માનતા હતા. તેને મેં પૂછયું. ત્યારે તેણે જવાબ દીધો. ઇસુ ખ્રિસ્ત અમારા ગુરુ છે. તેણે કહ્યું છે કે તમે મારી પાસે આવો હું તમને ભગવાન બતાવીશ તો કૃષ્ણને અમે ભગવાન માનીએ છીએ. ઇશ્વર કેવળ કૃષ્ણને જ કહી શકાય કે જેણે પુરા વિશ્વને લાગુ પડે એવું ગીતામાં જ્ઞાન દીધું છે.

આપણા ભાઇઓ પણ ઘણા વિદેશોની નકલ કરી બહુજ સુધરેલા માનતા હોઇ તેના જવાબમાં કાગડો હંસની ચાલ ચાલવા જાય તેવી ગતિ તેની થાય.

સ. ખાસ અત્રેનાંજ યુવકો માટે તમારી વિચાર ધારા બતાવશો ?

જ. આ બાબત તો સારી રીતે આપણે આગળ ચર્ચા થઇ છે. છતાં તમારા સવાલનો જવાબ આપું છું. જે વસ્તુ કે રીત ભાત કાંઇક નવ યુવકોને ન સમજાતી હોઇ તે વસ્તુ તેમણે વડીલોને પૂછવી જોઇયે. વડીલોએ પણ તેમને યોગ્ય રીતે સમજણ દેવીજ જોઇએ. દેશને વેશ બદલે પરંતુ મન બદલવું ન જોઇએ. ઘણી વસ્તુ એવી હોય કે સમય પોતે જ સુધારો કરે છે, પહેલાં ગામડામાં રહેતા નદી કુવાનું જળ ચાલતું. અત્યારે ઇલેકટ્રીક નળનું પાણી અને ગેસનાં ચુલા પણ ચાલે છે. આમાં સુધારો થયો. તેમ દરેક યોગ્ય વસ્તુનો સુધારો થવો જ જોઇએ. પ્રભુ અંતર્યામી છે. સૌની જાણે છે. ન્હાવાથી બહાર શુદ્ધિ થાય, પણ ન્હાઇને કપડાં પહેરતાં પ્રભુનું નામ સ્મરણ કરીએ ત્યારે જ અંતર શુદ્ધ બને.

વડીલોને હું કહેવા લાયક નથી. છતાં વિચાર ધરાવું છું કે તેઓ પોતે પોતાનાં સંતાનોને ઓળખતાં શીખે. દેશકાળ પરિસ્થિતિ અનુસાર ચાલવું જરૂરી હોય છે. તેઓ તેમનાં મનની ગુંચ સુલજાવવાની કોશિષ કરે તો જરૂર ઉકેલ મળી જશે. તેને તિરસ્કાર કરવાથી કે નાસ્તિક કહેવાથી તેને સુધારવાનો ચાન્સ જ નહિ રહે.

એક ઘરમાં રહેતા એક જ ધર્મનાં હોય તો તેમાં મેળ સારો રહે. જુદા જુદા ધર્મો ફાટે તે પહેલાં જ સૌ પોતાનું ઘર સંભાળે તો સારૂં. જેટલા ધર્મો જુદા તેટલા મતો જુદા પડતા જાય છે. તેમની રીત ભાત ભજવાની રીતે બધું જુદું જ પડતું જાય. આવી રીતે નાની ભૂલ આગળ જતાં મોટો મત ભેદ ઉત્પન્ન કરે છે. ટુંકામાં ધાર્મિક ભાવના બધાને એક સૂત્રથી બાંધી રાખે છે. ઘરમાં રહેવાવાળા એક જ કુટુંબના છીએ. પરંતુ લૌકિક સાથે અલૌકિકતા સમજે તો તેવા કુટુંબો સદા સુખી જીવન જીવી શકે છે.

જેવી રીતે આપણામાં આવ્યા ગયા વૈષ્ણવ પ્રત્યે માન છે, તેની યોગ્ય સેવા કરવાનું મન રહે છે. તેમનામાં ભગવદ્ ભાવ રાખીએ છીએ. તેમ આ ઘરમાં રહેવા વાળા બધા તો બ્રહ્મ સંબંધી છે તો તે કેમ વૈષ્ણવ ન સમજવા ! એકી સાથે આટલા વૈષ્ણવોની ટહેલ મળે છે. આવી ભાવનાં ઉંચી ગણાય. ઘરમાં નાની વહુને

વધારે કામ કરવું પડતું હોય કે કમાવાવાળાને વધારે મહેનત પડતી હોય પણ તેને એવી ભાવના હોય કે મને આટલા વૈષ્ણવની ટહેલ મળી. તો તે ભાવના વાળાને તેનું કામ કરતાં ઉમંગ થાય. પરસ્પર શાંતિ જળવાય. ઘરનાં વડીલ પણ સમર્પણની ભાવનાનો વિચાર કરે કે આ જે કાંઈ મારૂં દેખાય છે તે પ્રભુનુંજ છે. એક મિનિટમાં આંખ વિચાણી એટલે કહેશે જલદી કરો મોડું થાય છે.

આ બાબત સાર સમજીને સૌથી સારો આત્મિય ભાવ રાખે તો કેવું સારૂં ! ઘરનાં બધાં વૈષ્ણવો છે. આ જન્મમાં અત્રે બધા એક જ ઘરે સાથે થયા છે. આગળ કોણ કેનું કયાં હતું કાંઇ ખબર નથી, આ બધી પ્રભુની લીલા છે. આ ઘરનો મને વડીલ બનાવ્યો છે. જેથી હું તે બધાને વૈષ્ણવભાવથી જ જોવું તે મારી ફરજ છે. આના માલિક તો પ્રભુ છે, માટે તેણે સોંપેલો કારભાર બરોબર ન્યાયથી સંભાળવો જ છે. આવી ભાવનાવાળા વડીલો પોતાનું હોવા છતાં પ્રભુનું જ માને છે. જેથી તેનાં હાથમી અન્યાય થશે જ નહીં અને તે કટુ શબ્દ કહેશે જ નહીં.

સમય મળે ઘરનાં સાથે બેસી ભગવદ્ યશોગાન કરી આનંદમાં જીવન વ્યતીત કરી શકે છે. પોતપોતાની ફરજ બરોબર બજાવવી જોઇએ. સંસારની સાથે જ પ્રભુનો સંબંધ જોડાઇ જાય, તો પછી એ મત ઘરમાં કદી થાય જ નહીં. વડીલોની રીત આગળની ઉચ્ચ સંસ્કારની છે તેને જાળવી રાખવી. આવું વર્તન રાખે તે સમર્પણની ભાવના સમજ્યા કહેવાય.

વારસા સંબંધમાં પુ. પા. ગો. શ્રી વ્રજરાયજી મહારાજશ્રી (અમદાવાદ)ના વચનામૃત છે કે “પુષ્ટિભકતનાં જીવનમાં ખરી ધનસંપત્તિ તો ભકિત જ છે. ભકિતનો વારસો તે જ સાચો વારસો. પોતાના કુટુંબીજનોનું લાંબા ગાળાનું સાચું હિત કરે છે, એમને સંસારમાંથી તારી શકે છે તે જ સાચો વારસો. આવો વારસો તો પુષ્ટિ ભકિતનો જ લેખાય એ વારસો અલૌકિક વૈભવ તેજ ભકતનું સાચું ઉપાર્જન છે. એ જ ખરી મૂડી છે એના સુવિનિયોગ જીવનમાં સતત કૃષ્ણ સેવાનો આનંદ લ્હાવો લેવો એ જ પુષ્ટિ જીવનું મનુષ્યાવતારમાં સત્કર્તવ્ય છે.”

ઠીક હવે જય શ્રીકૃષ્ણ.... એમ કહીને વિદાય લીધી.

[નોંધ : આ “વડીલોનો વારસો” સળંગ વાર્તા “શ્રી વલ્લભ સુધા”ના વર્ષ ૯ અંક ૧૨, માર્ચ ૯૧થી ક્રમશઃ પ્રકાશિત થતી રહી ને આ અંકમાં એટલે કે વર્ષ ૧૨, અંક ૩, જુન ૯૩માં ૨૮ હપ્તાથી અહીં સમાપ્ત થાય છે. લેખકશ્રીએ પરિશ્રમ લઇ સરળ શૈલીમાં આ બોધદાયક સળંગ વાર્તા લખીને સંપ્રદાયના સાહિત્ય સાગરમાં ઉમેરો કરેલ છે તે બદલ લેખકશ્રીને આભાર સહ અભિનંદન તેમજ આ વાર્તા પુસ્તકરૂપે પ્રકાશિત થાય તેમ ભાવિકજનો વિચારે એ જ અભ્યર્થના.... **–તંત્રી]**

વૃત્રાસુર

(શ્રીમદ ભાગવત અને કલ્યાણને આધારે)

લેખક :**મગનભાઇ તન્ના** બી. એ. (ઓનર્સ) કોવિદ

વૃત્રાસુરનું વૃત્તાંત શ્રીમદ્ ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં નવ, દશ અને અગિયારમા અધ્યાયમાં વર્ણવેલું છે. તેનું ઉત્તમ ભાવથી ભરેલું વર્ણન કલ્યાણમાં જોવા મળે છે. વૃત્રાસુરભ પ્રાગટય યજ્ઞમાંથી થયું હતું. આ યજ્ઞ ત્વષ્ટાએ ઇંદ્રના વધને માટે કર્યો હતો.

વૃત્રાસુરની કથા એમ છે કે, ત્વષ્ટાએને વિશ્વરૂપ નામે એક પુત્ર હતો. વિશ્વરૂપને ત્રણ મસ્તક હતાં તેથી તે ત્રિશીર્ષ પણ કહેવાતો. ત્વષ્ટા બાર આદિત્યમાંનો એક હતો, તેથી યજ્ઞના સમયે વિશ્વરૂપ ઊંચે સ્વરે બોલીને પ્રત્યક્ષરૂપે દેવોને આહુતિ આપતા, પરંતુ વિશ્વરૂપની માતા અસુર કુળની હતી અને તેથી તે દૈત્યોનો પક્ષપાતી હતો. માતાના સ્નેહને લીધે દૈત્યોને તે રીતે પરોક્ષ રીતે યજ્ઞ ભાગ આપ્યા કરતો હતો. આથી ઇંદ્રને ભય કે તેનાથી દૈત્યોની અભિવૃદ્ધિ થશે અને તે અમારો નાશ કરશે. એ કારણે તેણે વિશ્વરૂપનાં ત્રણેય શિર કાપી નાખ્યાં.

હવે વિશ્વરૂપના પિતા ત્વષ્ટાએ ઇંદ્રનો વધ કરવાની ઇચ્છાથી ઇંદ્રનો શત્રુ ઉત્પન્ન કરવા માટે યજ્ઞ કરવો શરૂ કર્યો. યજ્ઞમાં ઉચ્ચારની ખામીને લીધે “ઇંદ્રના શત્રુ” તું વૃદ્ધિ પામ, એને બદલે ‘શત્રુ એવા ઇંદ્ર,’ ‘તું વૃદ્ધિ પામ, એવી પ્રાર્થના થઇ. પરિણામે ભયંકર દૈત્ય થયો. તે તમો ગુણી અને અત્યંત ક્રૂર હતો, તેથી તેનું નામ વૃત્રાસુર પડયું. તેમની સામે મોટા મોટા દેવો પણ પ્રભાવહીન થઇ ગયા. તેથી દેવો આદિ પુરૂપ નારાયણને શરણે ગયા અને વૃત્રાસુરના ભયથી બચાવવા પ્રાર્થના કરી.

ભગવાને પ્રસન્ન થઇને કહ્યું કે, તમે ઋષિઓમાં શ્રેષ્ઠ એવા દધીચિ ઋષિની પાસે જાઓ અને વિદ્યા વ્રત, તપથી અત્યંત દૃઢ થઇ ગયેલ તેમનું શરીર માગી લો. દધીચિ ઋષિએ સૌ પ્રથમ નારાયણ કવચનો ઉપદેશ ત્વષ્ટાને આપ્યો હતો. ત્વષ્ટાએ વિશ્વરૂપને ઉપદેશ આપ્યો અને વિશ્વરૂપ પાસેથી દેવોને તે ઉપદેશ મળ્યો હતો. એવા દધીચિ ઋષિ પોતાના શરીરનું દાન તમોને અવશ્ય કરશે. વિશ્વકર્મા દ્વારા તેનાં અંગોનું એક શ્રેષ્ઠ આયુધ તૈયાર કરાવો. તે શસ્ત્રથી વૃત્રાસુરનું શિર કપાઇ જશે.

દેવોએ દધીચિ ઋષિ પાસે જઈને વિનંતી કરી અને દધીચિએ પ્રસન્નતાપૂર્વક પોતાના દેહનું દાન કરી દીધું. તેના અંગોમાંથી બનાવેલા શસ્ત્રથી દેવરાજ ઇંદ્રે વૃત્રાસુરનું શિર ઉડાવી દીધું.

વૃત્રાસુર વિશ્વરૂપને પોતાનો ભાઇ ગણાવે છે; કારણ કે વિશ્વરૂપના પિતા ત્વષ્ટા દ્વારા યજ્ઞથી વૃત્રાસુરનું પ્રાકટય થયેલ છે, એટલે તે ત્વષ્ટાનો પુત્ર ગણાયો અને એ રીતે વિશ્વરૂપનો ભાઇ ગણાયો.

યુદ્ધના સમયે વૃત્રાસુર કહે છે કે, વિષ્ણુ ભગવાને મને મારવાની આજ્ઞા આપી છે, તેથી દધીચિ ઋષિનાં હાડકાંમાંથી બનાવેલ શસ્ત્રથી

તું મને મારી નાખ; કારણ કે જે પક્ષમાં શ્રીહરિ છે, ત્યાં જ વિજય, લક્ષ્મી અને બધા જ ગુણો રહેલા છે. ભગવાન સંકર્ષણની આજ્ઞા અનુસાર હું મારા મનને તેમના ચરણોમાં લીન કરી દઇશ. તારા વજ્રનો વેગ મને નહિ પણ મારા વિષયભોગરૂપ ફંદાઓને કાપી નાખશે. જે પુરૂષ ભગવાન સાથે અનન્ય પ્રેમ કરે છે, તેને ભગવાન પોતાનો જ ગણે છે.

વૃત્રાસુરે તે સમયે કરેલી ભગવાનની સ્તુતિ સારાયે શ્રીમદ્ ભાગવતમાં અનોખું સ્થાન ધરાવે છે. છઠા સ્કંધના અગિયારમા અધ્યાયના છેલ્લા ચાર શ્લોકમાં વૃત્રાસુરે કરેલ સ્તુતિનો ભાવાર્થ આ પ્રમાણે છે.

હે ભગવાન, હું એક માત્ર આપનાં ચરણ કમળનો દાસનો યે દાસ ફરીને પણ થાઉં. મારું મન પ્રાણ પતિ એવા ભગવાન શ્રીકૃષ્ણના ગુણોનું સ્મરણ કર્યા કરે, વાણી આપની સ્તુતિ કરે અને દેહ પ્રત્યેક કાર્ય આપના સંબંધમાં કરે. ॥૨૪॥

હું સ્વર્ગની આકાંક્ષા રાખતો નથી, મને બ્રહ્મપદ મેળવવાની ઇચ્છા નથી, મારે ચક્રવર્તી રાજા થવું નથી, ભોગની પ્રાધાન્યતા કે યોગની સિધ્ધિઓ પણ ઇચ્છતો નથી, મને મોક્ષની આકાંક્ષા નથી. હે સર્વ ગુણોથી ભરપુર ભગવાન વિરહ દ્વારા આપને પામવાની આકાંક્ષા છે. ॥૨૫॥

જેમ પાંખો ફૂટી ન હોય તેવાં પક્ષીનાં બચ્ચાંઓ માતાને ઝંખે છે, ભૂખ્યાં નાનાં વાછરું સ્તનપાનની તીવ્રતા અનુભવે છે, પતિના વિયોગમાં પ્રિયા ખિન્નાતામાં ડૂબી રહે છે, તેમ મનોરવિંદાક્ષ, હું તને મળવાની આકાંક્ષા સેવું છું. ॥૨૬॥

પોતાનાં કર્મોને કારણે સંસારમાં ભ્રમણ કરતા એવા મને ભગવદીય જનોની મૈત્રી થાઓ અને આપની માયાથી પોતાના દેહમાં કે સ્ત્રી, પુત્ર, ઘર વગેરેમાં હે નાથ, મારા ચિત્તની આસકિત ન રહો, એવી પ્રાર્થના છે. ॥૨૭॥

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥
શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ નિર્મિત

॥ શ્રી વૃત્રાસુર ચતુઃ શ્લોકીનું વિવરણ ॥

ભાષાંતર પ્રોફે. પ્રતાપરાય કાં. શા. એમ. એ. કોવિદ (મુંબઇ)

જો એમ દલીલ કરવામાં આવે કે પુરુષાર્થો ચાર છે. તેમાંથી (પ્રથમ) ત્રિવર્ગ (ધર્મ અર્થ–કામ)ની સિદ્ધિ તો ભગવાન જ કરે છે. પરંતુ મોક્ષની સિદ્ધિ તો ભક્તો દ્વારા અપેક્ષિત નથી. તેથી ભક્તિમાર્ગમાં કોઇપણ પુરૂષાર્થની સિદ્ધિ નથી એવી આશંકા થાય તો ભક્તિમાર્ગમાં એ ચાર (ધર્મ–અર્થ–કામ–મોક્ષ)ના સમુહની ભિન્નતા (જુદાપણું) છે, એ દર્શાવવા કહે છે– ચાર (શ્લોકો) દ્વારા–

પૂર્વમિન્દ્રં પ્રતિ માહ, તતો ભક્ત્યોગ્રતો હરિમ્ ।
દૃષ્ટ્વાતત્ પ્રાર્થયામાસ, પુષ્ટિર્દૃષ્ટફલાયતઃ ।૧।
આદ્યે તુ પુષ્ટિમાર્ગીયો, ધર્મઃ સ્મરણ કીર્તને ।
સેવા ચેતિ ત્રયં તેન, પ્રાર્થિતઃ સ નિરૂપ્યતે ।૨।
આત્મનશ્ચાધિકાર ત્વમુત્તમં દીનભાવતઃ ।
પ્રાર્થનીયતયા તસ્ય સાધનં ચ કૃપોચ્યતે ।૩।

અર્થ : પ્રથમ ઇન્દ્રને ઉદ્દેશીને કહ્યું, પછી ભક્તિની શરૂઆતથી શ્રીહરિને એ જોઇને પ્રાર્થના કરી જેનાથી પુષ્ટિ પ્રકટ થઇ જેનું ફલ દૃષ્ટિગોચર થાય છે. ।૧।

શરૂઆતમાં તો પુષ્ટિમાર્ગ અનુસાર ધર્મ તો (શ્રી હરિના) સ્મરણ તથા કીર્તનમાં રહેલો છે અને (શ્રી હરિની) સેવા મળીને ત્રણ (સાધનોનો) સમૂહ એ (જ) પુષ્ટિ ધર્મ છે. તેથી (એ જાણવા માટે) પ્રાર્થના કરવાથી તેનું નિરૂપણ કરવામાં આવે છે. ।૨।

દીનતા ધારણ કરીને પોતાની યોગ્યતા પ્રાપ્ત કરવી એ ઉત્તમ (શ્રેષ્ઠ) છે એની પ્રાર્થના કરવાપણાથી જે સાધન પ્રાપ્ત થાય તેને કૃપા કહે છે. ।૩।

ધર્મ (જાણવાની) પ્રાર્થના કરવાથી, પ્રથમ પોતાની યોગ્યતાનું–

અહં હરે તવ પાદૈકમૂલદાસાનુદાસો
ભવિતાસ્મિ ભૂયઃ ।
મનઃ સ્મરેતાસુપતેર્ગુણાનાં ગૃણીતવાક કર્મ-
કરોતુ કાયઃ ।૧।

હે હરિ હું તારા એક માત્ર ચરણતલના દાસનો પણ દાસ થઈશ એ અર્થ છે. જો એમ દલીલ કરવામાં આવે કે બધાને માટે તે અત્યંત દુઃખના અભાવથી ઉપેક્ષા પામેલો તે મોક્ષ વગર (પ્રાપ્ત) ન થાય તો પછી (માત્ર) દાસ્ય (એટલે સેવક ભાવ)થી શું વળે ?

એનો ઉત્તર આપતાં કહે છે હરે....વગેરે અહીં આ ભાવ છે. દાસપણું કરવાથી જ હે હરિ ! તું દાસેનાં (સેવકોનાં) ત્રણેય પ્રકારનાં દુઃખને દૂર કરે છે. મોક્ષમાં તો જ્ઞાન છે અને એ તો તારો ધર્મ છે અને એ ધર્મની અપેક્ષાથી ધર્મને લગતા આચરણને જ યોગ્ય ગણ્યું છે. કારણ કે મોક્ષથી દુઃખમાંથી છુટકારો (નિવૃત્તિ) થાય ત્યારે પણ પ્રભુ કૃપાથી મારૂં દુઃખ ગયું છે, તેથી હું સુખથી રહું છું એ

ભાવ તો દુર્લભ જ છે–ભેદના (જુદા પણાના) અભાવને કારણે અને દાસ્યમાં તો તેવું નથી એ હેતુથી અમારા શબ્દથી ભેદને ઉત્પન્ન કરે છે–અહં એમ કહીને. જો એવી શંકા કરવામાં આવે કે દાસ્ય કેવી રીતે સિદ્ધ થશે.)

તો તેનો ઉત્તર આપતાં કહે છે કે તવ એટલે કે હું તારો છું એમ અર્થ છે, તેથી આપણા બે વચ્ચે સેવ્ય સેવક ભાવ સહજ છે એમ સૂચવ્યું છે. જો એમ ન હોય તો પછી ત્રિવર્ગ (ધર્મ–અર્થ–કામ)નો સમુહ તો આસુરત્વમાં પણ હોવાથી તું શું કરે! તેથી મોક્ષ માટે પણ અયોગ્યતા કહી છે. એમ જો હોય તો શા માટે દાસ્યનું સેવન કરતો નથી ?

એ પ્રશ્નનું સમાધાન કરતાં કહે છે કે ભાવિતા એટલે કે થઇશ. જીવનું તારાપણું હોવા છતાં દેહનું આસુરત્વ હોવાથી અયોગ્યતા છે. તેથી બીજા દેહમાં હું દાસ થઇશ એમ અર્થ છે. તેથી તારી કૃપાથી જ એ પ્રમાણે થશે એવો અહીં વિશ્વાસ (ખાત્રી) છે એ દર્શાવવા કહે છે અસ્મિ–એટલે હું છું. સાક્ષાત્ પ્રભુના દાસ્યમાં જ પોતાનો દીનતાનો ભાવ જાય છે તેથી પરંપરાગત દાસ્યત્વ (એટલે દાસનો પણદાસ–એ ભાવ) કહેલ છે. અથવા તો પ્રભુના દાસ્યમાં જ પોતાનું સર્વોત્તમપણું છે એવા અભિમાનના કારણે બીજા ભકતમાં અપરાધનો સંભવ હોવાથી પ્રભુના દાસ્યથી પણ પડવાનું થાય એ તો અનુભવેલું છે. ચિત્રકેતુની દશામાં, તેથી દાસના પણદાસ થવાથી દીનતા ધારણ કરવી એ જ યોગ્ય છે એમ કહ્યું એ ભાવ છે.

અથવા તો 'તવ' વગેરે શબ્દોના સમૂહથી મોક્ષ વગેરેના ક્રમથી નિરૂપણ કરાતા પુરૂષાર્થોના ચારેયના સમુહ વિષે પણ અધિકાર (એટલે-યોગ્યતા) રૂપ પ્રભુનું ચાર પ્રકારનું દાસ્ય વર્ણવવામાં આવે છે, ત્યાં પુષ્ટિ માર્ગમાં મોક્ષ એટલે જ ભજનાનંદ (સેવાનો આનંદ) અને એ પણ દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃ કરણ ધરાવનાર જનો માટેજ છે એમ "અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામ" એટલે કે આંખ (દૃષ્ટિ વગેરે) ધરાવનાર જનોને માટે આ જ ફલ છે અને એ સિવાય બીજું કંઇ નથી–એમતો શ્રુતિ (વેદમાં) પ્રતિ પાદિત (સ્થાપિત) કરવામાં આવેલું છે. (ભા. ૧૦–૨૧–૭) અને ત્યાં યોગ્યતા રૂપ પ્રભુનું દાસ્ય "ભવામ દાસ્યઃ" એટલે અમે દાસીઓ છીએ (ભા. ૧૦–૨૯,૩૯) તથા "પુરૂષ ભૂષણ દેહિ દાસ્ય" એટલે હે પુરૂષોમાં શ્રેષ્ઠ (શ્રીકૃષ્ણ)! અમને (તારૂં દાસ્ય આપ (ભા. ૧૦, ૨૯, ૩૮) વગેરે શ્રુતિ વાકયોથી (જણાવેલું જ છે) તે પ્રમાણે 'તવ' એ એ શબ્દથી મોક્ષ માટેની યોગ્યતા રૂપ પ્રભુનું દાસ્ય કહેવાયેલું છે તેથી 'તવ' એમ કહીને સમાસ (બે શબ્દોને સાથે મૂકવા તે) નથી કર્યો. નહિ તો (એટલે જો એમ ન હોત તો) તવ ને બદલે "ત્વત્પાદ" તારૂં ચરણ એમ કહ્યું હોત. તારા બે ચરણ એ જ જેનું એક માત્ર મુળ છે તેવા જનો અર્થાત્ વ્રજમાં રહેલા ભકતો જ–જેમ "તેંઘ્રિ મુલં પ્રાપ્તાઃ" એટલે કે તારા ચરણ તલને પ્રાપ્ત થયેલા એ વાકયમાં જણાવ્યા મુજબ તેથી કામની યોગ્યતા રૂપ તેનું દાસત્વ કહેલું છે. જો એમ ન હોત તો કામની પ્રાપ્તિ ન થાત,

તેથી જ શ્રી આચાર્ય ચરણે આજ્ઞા કરી છે કે "તદ્ દ્વારા પુરૂષાણાં ચ ભવિષ્યતિ ન ચાન્યથા" વગેરે. એટલે કે તેના દ્વારા પુરૂષોનું પણ થશે અને નહિ કે બીજી કોઇ રીતે (ભા. સુ. ૧૦. ૨૬૧) "અનુ" શબ્દથી તેના દાસના (પણ) દાસપણું અર્થની યોગ્યતારૂપ કહ્યું છે. તેથી તારા દાસ હોવું એ ધર્મની યોગ્યતારૂપ કહ્યું છે. તેથી તારા દાસ હોવું એ ધર્મની યોગ્યતા રૂપ છે એમ કહ્યું.

જેમ પુછવામાં આવે કે સત્સંગના અભાવમાં પણ આ પ્રકારનો તારો ભાવ કેવી રીતે ઉત્પન્ન થયો ?

તો જવાબમાં કહે છે કે ભૂયઃ (ફરીથી) એટલે કે પુર્વે હું ચિત્રકેતુ તારો દાસ જ હતો તેથી ફરીથી પણ તેવો (એટલે દાસ) થવા ઇચ્છું છું. એમ અર્થ છે.

આ પ્રમાણે ચાર પ્રકારની પોતાની યોગ્યતાનુ નિરૂપણ કર્યા પછી તરતમ (એટલે કે વધારે અથવા સૌથી વધારે એવા (અર્થ) ના અભાવને કારણે પ્રથમ ધર્મ માટે પ્રાર્થના કરે છે "મનઃ સ્મર" એટલે હે મન, તું સ્મરણ કર....વગેરે, અસુયતેઃ એટલે ગુણોના પતિને (છઠ્ઠી વિભક્તિનો ઉપયોગ બીજી વિભક્તિનો અર્થ દર્શાવવા માટે છે.) એવી જ રીતે મન અસુપતિને સ્મરે (એટલે ચિંતન કરે), સ્મરણ તો પોતાના સુખનું એક માત્ર સાધન હોવાથી આત્મને પદનો ઉપયોગ કર્યો છે.

વાણી પોતાના જ ગુણો ગાય એટલે કીર્તન કરે. કીર્તનનો પણ મુખ્ય (હેતુ) તો સ્વાર્થ જ છે અને પરાર્થ તો ગાણ છે. તેથી આત્મને પદનો પ્રયોગ કર્યો છે, કાયા (એટલે શરીર તેનું જ કર્મ સેવા કરો. સેવા તો જે રીતે પ્રભુને સુખ થાય એવી રીતે કરાય છે. તેમાં લેશ માત્ર સ્વાર્થનું અવલંબન હોતું નથી. તેથી પરસ્મે પદનો ઉપયોગ કર્યો છે. સ્મરણ તથા કીર્તન શ્રવણને આધિન છે, તેથી બીજા કથનની અપેક્ષાને લીધે વિધિ જણાવે છે. સેવામાં તો સ્નેહ એજ નિયમરૂપ છે અને તે (સ્નેહ) તો એક માત્ર પ્રભુની કૃપાથી જ સાધ્ય છે. તેથી ત્યાં આશીર્વાદનું જ નિરૂપણ કરેલું છે. ૧.

—ક્રમશઃ

માસિક પૃષ્ઠ સહાયક

પ. ભ. ડાયાભાઇ લક્ષ્મણભાઇ ગણાત્રા પરિવાર ગો. વા. વિઠ્ઠલદાસ પરમાનંદદાસ ગણાત્રા રાજકોટ વાળાનાં જયશ્રીકૃષ્ણ.

કાવ્ય કુંજ

લટકો

લટકો રે મારા કાનુડાનો લટકો,
લટકો જોઇને હું તો મારૂં ન મટકો – લટકો ૦ ૧

પીળા પીતાંબર ને પીળો છે પટકો,
એ તો છે ભકતોના કાળજાસો કટકો;
બંસી વાહલી એને, ભલે વાંસનો છે કટકો –લટકો ૦ ૨

ટચલી આંગળીએ વાલો ગોવર્ધન તોળ્યો.
ઇન્દ્ર તણો અભિમાન જ મોર્યો,
ગોપ ગોપીનો છે મનનો ગોવાળો, – લટકો ૦ ૩

ગેડી દડો રમતા ગેંદ ઉછાળ્યો,
ગેંદ લેવા માર્યો યમુનામાં કુદકો;
ફૂલ પર નૃત્ય કરી કાળીનાગ નાથીયો – લટકો ૦ ૪

કાત્યાયીની વ્રત કર્યું ગોપીઓએ જ્યારે
ચીર હરીને બેઠો કંદબની ડાળે,
ગોપીઓની આત્મામાં જ્યોત પ્રગટાવ્યો – લટકો ૦ ૫

શરદ પુનમની અજવાળી રાતે,
વેણુ વગાડી વાલે એવી મધરાતે;
એક એક ગોપી વચ્ચે એક કાનો નાચે – લટકો ૦ ૬

મહીને માખણીયાનાં ફોડયા જેણે મટકા,
ગોપીઓના હાથ છોડાવી માર્યા ઝટકા,
ગોવાળોની ટોળી સાથે માખણ ખાઇ છટકયો – લટકો ૦ ૭

કંસના મલ્લોને મલ્લ યુદ્ધ માંહે પટકે,
કંસને મારીને ભૂમિ ભાર હર્યો ઝટકે,
ધર્મ રક્ષાને કાજે વારે વારે પ્રગટયો – લટકો ૦ ૮

– શ્રીમતી કમળાબેન આશર, રાયપુર

આ માસના ઉત્સવ

જેઠ વદ ૪ તા. ૮–૬–૯૩ મંગળવાર. ગો. ચિ. શ્રી ગિરધરલાલ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૧૦–૬–૯૩ ગુરુવાર. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૧૪–૬–૯૩ સોમવાર. ગો. ચિ. શ્રી દર્શનકુમાર બાવાશ્રી (કોટા-કડી-ગોંડલ)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૧૬–૬–૯૩ બુધવાર. યોગીની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૧૯–૬–૯૩ શનિવાર. ગો. ચિ. શ્રી દ્વારકેશલાલ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૩ તા. ૨૨–૬–૯૩ મંગળવાર. ગો. ચિ. શ્રી અભિષેકકુમાર બાવા (મથુરા-ધોરાજી)નો જન્મદિન.

અષાડ સુદ ૪ તા. ૨૩–૬–૯૩ બુધવાર. રથયાત્રા. (પુષ્ય નક્ષત્ર આજે છે તેથી)

અષાડ સુદ ૫ તા. ૨૪–૬–૯૩ ગુરુવાર. ગ્રીષ્મઋતુ પુરી થઇ, શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી)નો પાટોત્સવ, ગો. ચિ. શ્રી દામોદરરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૨૫–૬–૯૩ શુક્રવાર. કસુંબા છઠ્ઠ, શ્રી લક્ષ્મણ ભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ, વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૨૬–૬–૯૩ શનિવાર. ગો. ચિ. શ્રી મિલનકુમાર બાવા (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૨૭–૬–૯૩ રવિવાર. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની-જામનગર)નો તથા ચિ. ગો. શ્રી પ્રમેયકુમાર બાવાશ્રી (કોટા)નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજશ્રી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૨૯–૬–૯૩ મંગળવાર. બેંગણ દશમ.

અષાડ સુદ ૧૧ તા. ૩૦–૬–૯૩ બુધવાર. દેવશયની એકાદશી વ્રત, ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ, ધારણા પારણા વ્રત, ગો. ચિ. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન-રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી લલિતત્રિભંગી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૩ તા. ૨–૭–૯૩ શુક્રવાર. ગો. શ્રી દેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન. (ચૌદશનો ક્ષય હોવાથી આજે)

અષાડ સુદ ૧૫ તા. ૩–૭–૯૩ શનિવાર. વ્યાસ પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા, મન્વાદિ તિથિ, કચોરી પૂનમ, ચાતુર્માસના નિયમનો આરંભ જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો. ગો. ચિ. શ્રી મુકુટલાલ બાવાશ્રી (ચાંપાસેની–જામનગરનો) જન્મદિન.

અષાડ વદ ૩ તા. ૭–૭–૯૩ બુધવાર. હિંડોળા પ્રારંભ.

ભાગવત ધર્મ

પ્રવકતા : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, મથુરા–પોરબંદર

શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે–

‘વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠ ગતૈરપિ’ (પ્રાણ કંઠમાં આવી જાય, તો પણ તેનો (શ્રીમદ ભાગવતનો આજીવિકા માટે ઉપયોગ કરવો નહિ.)

શ્રીમદ ભાગવત કથાનું પ્રયોજન કેવળ ભકિત રસની ઉપલબ્ધિ અને અનુભવ માત્ર છે. એ સિવાયના પ્રયોજન માટે શ્રીમદ ભાગવતની કથા કરવામાં આવે તેના માટે શ્રી મહાપ્રભુજી નિષેધ કરે છે કે કંઠમાં પ્રાણ આવી જાય તો પણ શ્રીમદ ભાગવતનો બીજા પ્રયોજન માટે ઉપયોગ ન કરવો. એટલે જો ભગવદ શાસ્ત્રને જો બરાબર બુધ્ધિ પૂર્વક અને શાંતિથી સમજીએ, તેના તાત્પર્યને અવધારણ કરીએ તો જે ભોગ શાસ્ત્ર દ્વારા આપણી બુધ્ધિની અંદર જે વિકૃત સિધ્ધાંતો ઘર કરી ગયા છે તેને દુર કરવાનું એક અમોઘ શાસ્ત્ર છે.

શ્રીમદ ભાગવતનો જે છે તે કપટ રહિત ધર્મ બતાવે છે. કપટ યુક્ત ધર્મ એને કહેવાય કે આપણે ભગવાનની ભકિત કરીએ અને કહીએ કે ભગવાન દુકાન બરાબર ચાલતી નથી, કે એમ કહીએ કે બરાબર ચાલવા માંડે. આવું ભગવાનનું ભજન કપટ યુકત ભજન છે. ભગવાન મને આ લોકની અંદર અને પરલોકની અંદર ઉંચામાં ઉંચી ગાદી આપો. એના માટે જો ભગવાનનું ભજન કરતા હોઇએ એ કપટ યુકત ભજન છે. હે ભગવાન તમારૂં ભજન કરીશ તો મને આ લાભ થશે. આ લોકસંબંધી પરલોક સંબંધી. ટુંકમાં કોઇ પણ પ્રકારના ઇતર લાભ માટે ભગવાનની ભકિત કરીએ તો એ કપટ યુકત ભકિત છે. અને ભગવાનની ભકિત આનંદની ઉપલબ્ધિ માટે અને ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ માટે કરવામાં આવે તો, એ કપટ રહિત ભકિત છે.

ટુંકામાં કહીએ તો શ્રીમદ્ ભાગવત એવા પ્રકારની ભકિત બતાવે છે અને એવા પ્રકારનો ધર્મ બતાવે છે અને એવા પ્રકારનો ધર્મ જેણે આચર્યો છે તેના તેના ચરિત્રને પણ વિસ્તાર્યો છે અને એ ચરિત્રોની અંદર વ્રજના ભકતો, ગોપીઓ હોય કે ગાયો હોય, નંદરાય હોય કે યશોદાજી હોય, વ્રજના ભકતોની જે ભકિત છે તેને પરાત્પર ભકિત કે સર્વશ્રેષ્ઠ ભકિત કરી છે. જેને શ્રી મહાપ્રભુજી પ્રેમલક્ષણ ભકિત કહે છે. જેને ઉપનિષદ પરાભકિત કહે છે. ઉપનિષદમાં જે ભકિત પ્રાપ્ત કરવાની વિદ્યા છે. તેને મધુરવિદ્યા કહે છે. એ પરાભકિત માધુર્યથી ઓતપ્રોત ભકિત, પ્રેમલક્ષણા ભકિત એ જ પુષ્ટિ ભકિત શ્રી મહાપ્રભુજી એવું નામ આપે છે. શ્રી મહાપ્રભુજીએ જે આપણો પુષ્ટિ માર્ગ પ્રકટ કર્યો તે પુષ્ટિમાર્ગનો મુખ્ય આધાર તે શ્રીમદ્ ભાગવત જ છે. પ્રભુની તનુજા વિત્તજા સેવા કરવાનો જે પ્રકાર છે, એ સેવા પણ વ્રજભકતોએ જે સેવા કરી છે તે સેવાને લક્ષમાં રાખીનેજ,

આપણને તનુવિત્તજાની સેવા કરવાનું કહ્યું છે. તનુજા–વિત્તજા. તનુજા એટલે આપણા

શરીરથી પ્રભુની સેવા કરવી. પરંતુ શ્રી મહા પ્રભુજી એમ કહે છે કે **'તનુ-વિત્તજા'** તનુજા-વિત્તજા એમ અલગ ન કહેતા તનુવિત્તજા એટલા માટે કહ્યું છે કે આપણા શરીરથી સેવા કરીએ. પણ પૈસા માટે બીજા પાસે ફાળો કરવા જઇએ તો, એવા ફાળામાંથી આપણે તન લગાવીને સેવા કરીએ એ સેવાને તનુજા સેવા નથી મનાતી. એવી જ રીતે આપણે આપણા પૈસાથી માણસો રાખી ને એ માણસોથી સેવા કરાવીએ તો એ વિત્તજા સેવા ન કહેવાય. સેવા તો એને કહેવાય કે પોતાનું તન અને પોતાનું જ ધન. આ બન્ને શ્રી ઠાકોરજીમાં યોજે અને એ સેવા કરવામાં આવે તો એ સેવાને તનુજા વિત્તજા સેવા કહે છે અને એ સેવાનું મુખ્ય ફલ માનમી સેવાની સિદ્ધિ. માનસી સ્થિતિ એટલે શું ? ગીતાની અંદર બ્રામ્હી સ્થિતિ બતાવી છે. એના કરતા પણ અધિક ઉત્તમ ફલ એ છે કે માનસી એટલે 'ચેતસ્તત્પ્રવણં' આપણા ચિત્તની આપણા મનની એકાગ્રતા જે પ્રભુની આપણે સેવા કરીએ છીએ એનાં થઇ જાય એનું નામ સેવાની સિદ્ધિ છે. એકાગ્રતા એમને એમ શરૂઆતમાં તો સિદ્ધિ નથી થતી.

શાસ્ત્રોમાં તો એમાં એકાગ્રતા કરવા માટે આખું યોગ શાસ્ત્ર કહ્યું છે. પાતંજલ મુનિએ આખું યોગ શાસ્ત્ર બતાવ્યું છે. પરંતુ આ યોગ કરતાં પણ અ.જે ભકિત યોગ છે એ વિશિષ્ટ યોગ છે. ગીતાના બારમા અધ્યાયમાં હું ભુલતો ન હોઉં તો બારમાં શ્લોકને ટીકાકારો કુટશ્લોક કહે છે. એ કુટશ્લોકની અંદર આના કરતા આ શ્રેષ્ટ, આના કરતા આ શ્રેષ્ટ, એમ કહીને છેવટે કહે છે કે તું યોગી બની જા. બધામાં શ્રેષ્ટ રસ્તો એ છે કે તું યોગી બની જા.

તો આપણે એમ માનીયે કે જટા ને દાઢી વધારીને ભગવા કપડા પહેરીને ક્યાંક જઇને ગુફામાં રહેવા મંડીએ એટલે યોગી. એવા પ્રકારનો યોગ નથી બતાવતું. ગીતા તો એમ કહે છે કે ભગવા કપડા પહેરીને તમે બહારથી યોગીનો વેશ ધારણ કરી લો. પણ વેશ પ્રમાણે તમારો આવેશ ન હોય તો એ વેશની કોડીની કીંમત નથી. આને મિથ્યાચારી કહે છે કે જે ઉપરથી વિષયોનું જ ચિંતન કરે છે. તો ગીતા એવા મિથ્યાચારીની જમાત નથી ભેગી કરવા માગતી.

ગીતા કહે છે કે યોગી એને કહેવાય જેનું મન પોતે જ સાધના કરી રહ્યો છે તેમાં તેનું મન એકત્ર થઇ જાય તેનું નામ યોગી તો મુખ્ય ત્રણ માર્ગો છે. આ સૃષ્ટિની અંદર અગણિત લોકો છે પણ તેમાં આપણે ત્રણ મુખ્ય વિભાગો કરી શકીએ બુધ્ધિજીવી જે મસ્તિષ્ક પ્રમાણે વિચારીને ચિંતન કરે છે તેવા વિચાર ચિંતન વાળા હોય કેટલાક એવા હોય છે કે તેઓ વિચાર કરવા કરતા કર્મ કરવામાં માને છે. કંઇને કંઇ પ્રવૃત્તિ કરતા જ હોય કેટલાક કર્મ કરે, વિચાર કરે તેની સાથે પોતાના હૃદયનો યોગ જોડે કે દરેક કર્મ સાથે પોતાના હૃદયનો યોગ જોડવાથી એક સ્નેહત્વ ઉત્પન્ન થાય છે એ સ્નેહતત્ત્વ જ એવું તત્વ છે કે જે પરમાત્માને ઓળખવાની ચાવીરૂપ બની શકે છે.

સ્નેહ વિનાનું જ્ઞાન કે સ્નેહ વિનાનું કર્મ એ પરમાત્માની સામે પરમાત્મા પ્રત્યે કુડ ફેલાવનારો માર્ગ બની જાય છે. જો એ જ માર્ગની અંદર કર્મ માર્ગનું આચરણ કરનારો વ્યકિત હૃદય પ્રધાન વ્યકિત હોય તો એ કર્મ માર્ગ ભકિત માર્ગ બની જાય છે અને એ માટે જ ત્રણ મુખ્ય માર્ગ બતાવવામાં આવ્યા

કર્મ માર્ગ જ્ઞાન માર્ગ અને ભકિતમાર્ગ સાધારણ રીતે તો કર્મ અને જ્ઞાન માર્ગ બે જ માર્ગ છે ભકિતમાર્ગ એટલે તો એની અંદર કર્મ અને જ્ઞાન પરિવૃતરૂપે આવી જાય છે. એટલે લોકો તે પ્રવૃત્તિમાં વિશેષ રૂચિ ધરાવતા હોય. પ્રવૃત્તિ નહીં પણ ચિંતનમાં રૂચિ ધરાવતા હોય તેના માટે જ્ઞાનમાર્ગ. કારણ કે ભક્તિમાર્ગ એ ન તો પ્રવૃત્તિવાળા માટે છે કે ન તો નિવૃત્તિવાળા માટે છે.

—ક્રમશઃ

શ્રી મદનમોહન વિજયતે । શ્રી નવનીત પ્રિયો વિજયતે । શ્રી મથુરેશો જયતિ ।

વધાઈ વધાઇ વધાઇ

શ્રી વલ્લભલાલજી મહારાજ લાલબાવા મંદિર મુંબઈના નિજ સેવકોને જણાવતા આનંદ થાય છે કે—

શ્રી લાલબાવાની ગાદીનું શુભ તિલક ગો. શ્રી રત્નપ્રભા વહુજી મહારાજે નિ. લી. ગો. શ્રી માધવ રાયજી મહારાજ મથુરા–પોરબંદરના દ્વિતીયલાલજી ગો. શ્રી કનૈયાલાલજી મહારાજને શુભમિતિ સં. ૨૦૪૯ વૈશાખ સુદ ૧૦ તા. ૧–૫–૯૩ શનિવારના રોજ મુંબઈ લાલબાવા મંદિરમાં શ્રી નવનીત પ્રભુની સન્મુખ શ્રી લાલબાવાની ગાદીના ગાદીપતિ તરીકેનું તિલક સજાતીય વર્ગ, બહોળા વૈષ્ણવ સમાજની હાજરીમાં ખૂબ જ ધામધુમથી સંપન્ન થયું.

આ પ્રસંગે શ્રી નવનીત પ્રભુના પલના, પુષ્પ વિતાન, ફુલના બંગલા આદિ મનોરથો થયાં હતાં.

ગોં. શ્રી રત્નપ્રભા વહુજી મહારાજશ્રીની આજ્ઞાથી
પ્રેષક – રાઘવજીભાઇ પટેલ મુંબઈ
ધરમશીભાઈ પટેલ મુંબઈ

: નિવેદન :

શ્રીવલ્લભસુધાનું સને ૧૯૯૩–૩૪ ના વર્ષનું લવાજમ તા. ૩૦–૬–૯૩ સુધીમાં ભરાયેલ હશે તેમને **“શ્રી દામોદર સ્વરૂપ ચિંતન”** ભેટ પુસ્તક તૈયાર થયેમોકલાશે.

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, ‘વ્રજ’’ ધોરાજી**

પદ-૧૦૪

શ્રી યમુના પરમ કૃપાલ કહાવે,
દર્શન તેં અઘદૂર જાત હેં;
હરિ લીલા સુધિ આવે. ૧
જે જન તેરે નિકટ બસત હેં,
નંદનંદન રસ પાવે;
જીવ કૃત્ય દેખત નહીં કબહું,
અપનો પક્ષ બઢાવે. ૨
કર્તું, અકર્તું, અન્યથા કર્તું,
યહ સુન મન લલચાવે;
‘રસિકદાસ’ કો દાસ જાનીયો,
તાતેં યહ યશ ગાવે. ૩

ભાવાર્થ : કૃપાર્ણવ શ્રી યમુનાજી પરમ કૃપાળુ કહેવાય છે, જેનાં દર્શનમાત્રથી અનેક જન્મોજન્મનાં પાપો દુર થાય છે અને શ્રી હરિની લીલાની સુધી આવે છે ને અનેક પ્રકારની સર્વ બૃજલીલાઓ હૃદયમાં સ્ફુરે છે, અને તેમાં તન્મય થઇને કેવળ લીલામય થવાય છે. જે કોઇ ભાગ્યશાળી જીવ આપના તટ ઉપર આપની પાસે વસે છે તેને નંદનંદન કૃપા કરી સર્વ રસોનો અનુભવ કરાવે છે અને કેવળ રસમયતાનું દાન કરે છે.

હે શ્રી યમુનાજી ! આપ તો પરમ દયાળુ છો જેથી જીવના દોષો સામે દૃષ્ટિ કરતા નથી અને પોતાના આશ્રિતોનો પક્ષ વધારો છો એવા આપ મહોદાર છો.

આપ કર્તું, અકર્તું, અન્યથા કર્તું છો એટલે આપની ઇચ્છા થાય તે કરવા સમર્થ છો. કર્તું એટલે આપની ઇચ્છા થાય તે કરવા સમર્થ છો. અકર્તું એટલે જે વિશ્વમાં કોઇથી બની શકે નહીં તેવું કરવા સમર્થ છો. અન્યથા કર્તું એટલે થવાનું મટાડીને આપની ઇચ્છાનુસાર જ કરો છો. એટલે નિજાશ્રિત પુષ્ટિ જીવોને આપની ઇચ્છાનુસાર લીલા મહારસનું અદેયદાન આપો છો.

અકર્તું એટલે ધ્રુવજીનું વય ફક્ત પાંચ જ વર્ષનું હતું. એ પાંચ વર્ષનો બાલક તપશ્ચર્યામાં શું જાણે ? તેણે આપનો આશ્રય કર્યો તો તેની વય અને હઠ સામે ન જોતાં ફક્ત છ માસમાં જ પ્રભુ દર્શન અને તેનું ઇચ્છિત સર્વ આપ્યું.

અન્યથા કર્તું એટલે બલીરાજાને સો યજ્ઞો કરીને ઇન્દ્રપદ જોઇતું હતું. તેને સ્વર્ગને બદલે પાતાળમાં મોકલ્યો. બીજા સૌભરી ઋષિએ આપના કિનારે તપ કર્યું અને શુભલોકમાં જવા માટે શુભ આશયથી સર્વયોગ સિદ્ધિ મેળવી પરંતુ જલપ્રવાહમાં મત્સ્યનો સંયોગ જોઇને લૌકિક કામનાઓ જાગૃત થઇ અને એકને બદલે પચાસ રાજકન્યાઓ લગ્ન કરી પોતાની સિદ્ધિથી પચાસ રાજમહેલોને પોતાનું કામદેવ જેવું રૂપ મેળવીને સંસાર ભોગવ્યો. પરમગતિને બદલે ચરમગતિ થઇ કારણ કે આપના પ્રવાહના જીવો અલૌકિક છે, તેને લૌકિક દૃષ્ટિથી જોયા એટલે લૌકિક ભાવના ઉદ્ભવી. આમ સર્વ સામર્થ્યયુકત છો એવાં દર્શન થવાથી આપનામાં અમારૂં મન લલચાય છે. રસિકદાસ આપના યશ ગાય છે, તેને પોતાનો જાણીને કૃપા કરો અથવા રસિકદાસ આપનો છે માટે આપના જ યશ ગાય છે. હે શ્રી યમુનાજી ! હું આપનો જ છું.

મનબોધન

લેખક : **કવિશ્રી દયારામભાઇ**

સંપાદક : **પ્રો. જીવનલાલ જોશી**

હે મન ! તું અખંડ ચિંતા શી વાતની કરે છે ? તુંને શ્રી ગુરુદેવે આત્મસાત્ કરીને શ્રી હસ્તકમળ તથા યુગલ ચરણકમળ તારે મસ્તકે મૂકીને સકળ અપરાધ માફ કર્યા છે. સકળ પાપ તારા ભસ્મીભૂત થૈ ગયા. શ્રીમુખે કહ્યું છે જે ‘તારા હૃદેમાં અખંડ શ્રીજી વિરાજો અને હાવા પુનઃ જન્મ નથી.’ વળી સ્વરૂપાંતરે કરીને કહ્યું છે જે ‘વળી કદાપિ તુંથી પાપ થશે તો અમે બાળીશું, કશો પ્રતિબંધ તુંને લાગવા જ નહીં દઇએ. તુંને સંસારથી અમે તાર્યો.’

‘તારા સકળ કુળનો ઉદ્ધાર અમે કરીશુ’ શ્રી મહાપ્રભુજીએ શ્રીમુખે કહ્યું છે જે ‘અમે તારા હૃદેમાં આજથી વિરાજ્યા’– એમ કહીને નિજ ચરણાવિંદ તારા હૃદે ઉપર થાપ્યો છે.

શ્રીનાથજીએ પણ તારો હસ્ત ઝાલીને કહ્યું છે– ‘તું મારી સ્ત્રી છે, અતિસેં જ મુનેં પ્રાણતુલ્ય પ્રિય છે, તુંને કદાપિ નહિ મૂકું, તારા કાળજામાં અમે યુગલસ્વરૂપ અખંડ વિરાજીયેં છીએ.’

વળી શ્રી સ્વામીનીજીએ તુંને પોતાનો દાસ જાણી, કહીને સર્વાધિક પુષ્ટ પ્રેમલક્ષણા દૃઢ ભક્તિનું વરદાન આપ્યું છે. પોતાનું પ્રસાદી વસ્ત્ર તથા કંઠની માળા પુષ્પની તથા પોતાના ભાલનું કુમકુમ લઇને પોતાના શ્રીહસ્તે તુંને તિલક કર્યું છે. નિજ સૌભાગ્યનું દાન કર્યું છે. પદ્મારૂપે સ્તનપાન કરાવ્યું છે. ચરણકમળ તથા શ્રીહસ્ત જુગલરૂપે તુજ શિર ધર્યા છે.

શ્રીજીએ વળી કહ્યું છે જે ‘તું કશી વાતની ચિંતા ના કરીશ. સઘળી વસ્તુ અમારી ઇચ્છાથી જ થાય છે. તું તો સાક્ષીવત્ સર્વત્ર થઈ રહે. એક અમારી સાથે જ મિત્રાઇ તું તો રાખ. તું તો અમારો છે. તારી તરફનું જે કાંઇ જેને કહેવું ઘટશે તે અમે કહીશું, તુંથી ઠીક નહીં પડે.’

વળી શ્રી સ્વામીનીજીએ શ્રીમુખે પ્રસન્ન થઇને આશીર્વાદ દીધો છે કે, ‘હાવાં તારે કશો પદાર્થ દુર્લભ નથી. અમારી કૃપાએ તું અમારો છે. વળી, શ્રી ઠાકોરજી આગળ પણ પોતે તારો પક્ષપાત કર્યો છે તથા શ્રી ગોસ્વામીજીએ પણ.

તથા શ્રી ઠાકોરજીએ કહ્યું છે જે ‘આ દેહાંતે અમારી લીલામાં તું આવીશ.’ દંપતિએ પ્રત્યક્ષ દર્શન પણ આપ્યા છે. બહુ દુર્લભ શ્રીમુખે વરદાન પણ આપ્યા છે. અતિ અંતરંગની ગણતીમાં તુંને ગણ્યો છે, તે તુંને અનુભવ છે. ‘તારો આપ્યો સર્વ પદાર્થ અંગીકાર કરીએ છીએ.’ એમ શ્રીમુખે કહ્યું છે તે પ્રમાણે કરે છે, ક્ષણે ક્ષણે સહાયભૂત થાય છે, તે તું નિત્ય અનુભવ કરે છે. પોતાનું ચક્ર તારા રક્ષણને અર્થે તુંને પ્રત્યક્ષ આપ્યું છે.

વળી, શ્રીજીએ શ્રીમુખે એમ કહ્યું છે જે ‘તુંને કૃપા કરવામાં કશી બાકી તો રાખી નથી ને વળી કૃપા કરશે જ કરશે.

તે પ્રમાણે પ્રત્યક્ષ શ્રી મદાચાર્યકુળ, ભગવદી પણ અતિશય જ કૃપા રાખે છે.

વળી, શ્રીનાથજીએ શ્રીમુખે કહ્યું છે કે– ‘તુંથી ગમે તેવા અનંત અપરાધ કદી બનશે તદપિ અમે એકોપણ માનશું જ નહીં ને તુંને અમથી દુર કદાપિ નહીં કરીએ.’

ને ‘અમો દ્વારા શ્રીજીની સેવા પરિપુરણ તારી જાણ જે થઈ છે. એમ શ્રી ગુરુદેવે શ્રી મુખે કહ્યું છે. એ સઘળી વાતનો દઢ વિશ્વાસ રાખીને ચિંતા તજવી. શ્રી મહાપ્રભુજીની આજ્ઞા પણ છે.

‘શ્રી મહાપ્રભુજીનો દઢાશ્રય તુંને છે તેથી અધિક થશે.’ તે આશીર્વાદ પણ મહદકુળે દીધો છે ને ‘તુંને ઉદ્વેગ, સંતાપ સદા રહે છે તે પણ ભગવદ્ અનુગ્રહ છે. લૌકિક સુદ્ધાં, તે પણ કહ્યું છે, મોટાએ.

શ્રી વલ્લભકુળે તુંને તથા તારી વાણીને તથા તેના ગાયક એ ત્રણેને કૃતાર્થ કહ્યા છે.

પુસ્તક પરિચય

વિશોધનિકા (દ્વિતિય પ્રકરણ)

લે. પુ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ

ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૧૨ + ૮ કાચું પૂંઠું પીન બાઈન્ડીંગ

નિ:શુલ્ક વિતરાણાર્થ

પ્રકાશક; પ્રાપ્તિસ્થાન :

પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ
૬૩, સ્વસ્તિક સોસાયટી,
જથો રસ્તો જુહુ સ્કીમ પારલા **મુંબઇ-૫૬**

છેલ્લા દોઢેક વર્ષથી વિશદ ચર્ચા સભા અને અન્ય પ્રકાશનો દ્વારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ખૂબ જ ચર્ચિત શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુના સિદ્ધાન્તના શુદ્ધ પ્રકારની ચર્ચામાં સુરતવાળા પુ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ દ્વારા પ્રકટીત ‘સેવા દેવ દ્રવ્યાદિ વિમર્શ” ગ્રંથના વિશોધનરૂપે પ્રકટ થયેલ આ બીજું પ્રકરણ છે. જેમાં ઉપક્રમ, બ્રાહ્મણત્વ, વૈદિક ગુરૂત્વ, તાંત્રિક ગુરૂત્વ, સામ્પ્રદાયિક ગુરૂત્વ અને ઉપસંહાર એમ છ પેટા પ્રકરણોમાં ઉપરોક્ત વિષયને પુ. પા. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી એ ખૂબ જ વિદ્વતાપુર્વક ચર્ચેલ છે. ઉપરાંત પુસ્તકના પ્રારંભે આમુખમાં સમગ્ર વિષયના સંદર્ભને ઉપસ્થિત કરતાં કેટલાંક ખૂબ વિચારણીય મુદ્દાઓ ચર્ચેલ છે.

સંપ્રદાયના સાચાં સિદ્ધાન્તોને સમજવા પ્રયત્નશીલ એવા સહુ વૈષ્ણવોએ અવગાહનિય આ પુસ્તક સંસ્કૃત પ્રચુર હિન્દી ભાષામાં લખાયેલ હોઈ સામાન્ય વાંચકોને હાર્દ સુધી પહોંચવામાં કઠીન લાગે તેવું છે.

જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના ૫૧૬ મા પ્રાકટ્ય મહોત્સવની ગામે ગામ ઉત્સાહ પૂર્વક થયેલ ઉજવણીનો અહેવાલ.

રાજપીપળા–પ્રાકટ્યમહોત્સવ પ્રસંગે શ્રીનાથજી મંદિરેથી સવારે પ્રભાત ફેરી, દિવસ દરમ્યાન શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ અને સાંજે ભવ્ય શોભા યાત્રા નિકળેલ રાત્રે સમુહ પ્રસાદનું આયોજન થયેલ.

મોરબી–શ્રીવલ્લભ પીઠ યુવા મંડળ અને મોરબી વૈષ્ણવ સમાજના ઉપક્રમે, જુનાગઢ--માંડવી વાળા પૂ. પા ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યોત્સવની ઉજવણીના કાર્યક્રમો ત્રણ દિવસ ઉત્સાહ પૂર્વક યોજાએલ આ પ્રસંગે મોરબીની મુખ્ય બજાર અને ગ્રીનટાવર તથા નહેરૂગેટને રોશનીથી શણગારેલ અને દરબારગઢથી ભવ્ય શોભાયાત્રા નિકળી ટાઉન હોલમાં પહોચેલા શોભાયાત્રામાં પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ તથા પૂ. પા. શ્રી નવનિકુંજલતા બેટીજી (શ્રી પ્રથમેશજી મહારાજ ના બહેન) ખુલ્લા ચરણારવિંદે પધારેલ.

ટાઉન હોલ ખીચો ખીચ ભરાઇ ગયેલ અને સમગ્ર વૈષ્ણવ સમાજ તથા શહેરના ધર્મ પ્રેમી અગ્રણીઓએ હાજર રહી શ્રી મહાપ્રભુજીના ગુણાનુવાદમાં ભાગ લીધેલ પૂ. પા. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ અત્યંત સારગર્ભિત પ્રવચનમાં શ્રી મહાપ્રજીના સિદ્ધાન્તોને શુદ્ધ રૂપે અનુસરવા વૈષ્ણવોને જણાવેલ. શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ ખુબજ આનંદોત્સવ થયેલ. પૂ. પા. શ્રીશોભાબેટીજી (મોરબી) બધા કાર્યક્રમોમાં પધારેલ. મોરબીમાં આ ઉજવણી સો વર્ષોમાં પહેલીવાર આવી ભવ્યતાથી ઉજવાએલ.

મુંબઈ પારલા–શ્રીપુષ્ટિ સિદ્ધાન્ત સંરક્ષક સમિતિ દ્વારા શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ તા. ૧૬–૧૭–૧૮ ત્રણ દિવસ અનોખી રીતે ઉજવાયો પારલા વિશ્વકર્મા બાગમાં પૂ. ગો. આચાર્યશ્રીઓની સાનિધ્યમાં યોજાએલ આ કાર્યક્રમમાં જૂનાગઢ ખાતે ગત ફેબ્રુઆરીમાં પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ શ્રીમદ્ ભાગવદ્ ગીતાજીના ૧૫ મા અધ્યાય શ્રીપુરૂષોત્તમયોગ વીષે પ્રવચન કરેલ તેની વીડીયો કેસેટ સાંજે ૪ થી ૭ બતાવેલ, ત્યાર બાદ સાડાસાતથી દશ સુધી તે પ્રવચન પર પશ્નોતરી થયેલ. પ્રશ્નો અને ઉત્તરો શોધવામાં વૈષ્ણવોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. અને પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ તથા પૂ. પા. ગો. શ્રી યોગેશ કુમારજીએ માર્ગદર્શન આપી ઉત્સાહ વધારેલ.

શ્રી મહાપ્રભુજીના પ્રાકટ્યોત્સવને દિને પૂ. પા. શ્યામ મનોહરજી મહારાજ (પારલા) દ્વારા લિખીત 'વિશોધનિકા' ભાગ ૨ નું વિમોચન પૂ. પા. ગો. શ્રી રઘુનાથ લાલજી મહારાજ (કામવન–પારલા) ના કરકમલો દ્વારા સંપન્ન થયેલ. પૂ. પા. ગો. શ્રી નિરજકુમારજી (મુંબઈ) પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલબાવા (શ્રીગોકુલ) એ બિરાજી ઉત્સવને દિપાવ્યો હતો. વૈષ્ણવોએ મોટી સંખ્યામાં હાજરી રહી લાભ લીધેલ.

ગોંડલ–ગોંડલ વૈ. સમાજ તથા આં. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા પુ. પા. ગો. શ્રી દામોદર લાલજી મહારાજ શ્રી ની અદથક્ષતામાં શ્રી મહાપ્રભુજી ના પ્રાકટ્યોત્સવ દિને પ્રભાત ફેરી પલના નંદમહોત્સવ શોભા યાત્રા પુષ્ટિ ધ્વજ વંદન, સભા વગેરે કાર્યક્રમો ખુબ ભવ્ય રીતે ઉજવાએલ સમગ્ર વૈ. સમાજે પોતાની દુકાન ધંધા બંધ રાખી ઉત્સવની ઉજવણીમાં ઉત્સાહ પુર્વક ભાગ લીધેલ. શહેરની બજારોને ધજા કમાનોથી શણગારેલ અને શોભાયાત્રામાં જય જય કાર કરેલ. પુ. પા. ગો. શ્રી દામોદર લાલજી મહારાજ (ગોંડલ–કડી કોટા) તથા આપશ્રીના બન્ને લાલ બાવા, શ્રી હરિરાયજી અને શ્રી દર્શનકુમારજી ચરણાવિંદેચાલી શોભાયાત્રામાં પધારેલ.

સભામાં પાઠશાળાના બાળકોના મંગલાચરણ સ્ત્રોત પાઠ બાદ પૂ. શ્રી દામોદરલાલજી મહાર શ્રી શ્રી સર્વોત્તમ સ્ત્રોતના સ્વમુખે પાઠ કરાવેલ અને સુરતની શ્રી બાલકૃષ્ણ શુ. મહાસભાની પદવીઓની એનાયત વિધી કરેલ. બીજે દિવસે પાઠશાળાના બાળકો દ્વારા પ્રશ્નમંચ કાર્યક્રમ પૂ. મહારાજશ્રીની સાન્નિધમાં યોજાયેલ.

જામનગર : શ્રી મહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ શ્રી મોટી હવેલીના શ્રી વલ્લભ ચોકમાં પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી તથા જુનાગઢથી ખાસ પધારેલ. પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ખૂબ જ દબાદબા પૂર્વક ઉજવાયો.

સાંજના શ્રી મહાપ્રભુજીની વિશાળ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર થઇ શ્રી મોટી હવેલી એ આવી ધર્મ સભાના રૂપમાં ફેરવાઈ ગયેલ. જેમાં શહેરના ઘણા સનાતન ધર્મી સંતો, મહંતો વગેરે પણ સામેલ થયેલ.

આ સભામાં પૂ. પા. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી તથા પૂ. પા. શ્રી હરિરાયજી મહારાજશ્રીના પ્રેરક વચનામૃતો દ્વારા શ્રી મહાપ્રભુજીના યશોગાન થયેલ. તેમ જ પાઠશાળાના અધ્યક્ષ પૂ. પા. ગો. શ્રી વલ્લભ બાવાશ્રી સુંદર વચનામૃત કરેલ.

બીજે દિવસે "શ્રી વલ્લભ મને ગમે છે." એ વિષય પર વકતૃત્ત્વ સ્પર્ધાનું આયોજન થયેલ જેમાં ૧૨ હરીફોએ ભાગ લીધેલ. કાર્યક્રમોનું આયોજન આં. પુ. વૈ. પરિષદ જામનગર શાખાએ કરેલ.

જેતપુર : શ્રી મહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજની અધ્યક્ષતામાં ખુબ જ ઉત્સાહથી ઉજવાયેલ. સવારે પ્રભાતફેરી પુષ્ટિ ધ્વજ વંદન, બપોરે તીલકના દર્શન અને સાંજે શ્રી મહાપ્રભુજીના ચિત્રજી પધરાવી શોભાયાત્રા નિકળેલ જેમાં વિવિધ કીર્તન મંડલી, ધુન મંડલ રાસ મંડલી. અને સ્વાધ્યાય પરિવારના સભ્યો પણ જોડાએલ. શહેરના અગ્રણી ઉદ્યોગપતિઓ, વેપારીઓ, ચાલુ અને માજી. ધારાસભ્યો વગેરે શોભાયાત્રા અને સભામાં હાજર રહી શ્રી મહાપ્રભુના યશોગાનનો લાભ લીધેલ. શોભાયાત્રા શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીએથી પ્રારંભ થઈ. શ્યામવાડીમાં સભાના રૂપમાં ફેરવાઇ ગયેલ. જયાં મંગલાચરણ. પ્રાસંગિક પ્રવચન બાદ પૂ. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજના વચનામૃત અને વધાઇ કીર્તન કેશર સ્નાન વગેરે કાર્યક્રમો થયેલ.

સુરત : અત્રે ચૈ. વ. ૫ રવિવારના તા. ૧૧-૪-૯૩ ના રોજ સુરત શહેરના વૈષ્ણવોનું સંમેલન પૂ. પા ગો. શ્રી વ્રજરતનલાલજી મહારાજશ્રી (શ્રી દાદાજી) ની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં શ્રી વલ્લભાચાર્યજી ઋષિકુળ માટે એકત્ર થયેલ. રૂા. ૨૧ હજારના ચેકની અર્પણ વિધિ થયેલ. આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહોદય તથા પૂ. પા. ગૌ. શ્રી વલ્લભરાયજી મહોદયના વચનામૃતો થયેલ.

આં. પુ. વૈ. પરિષદ સુરત શાખા દ્વારા વૈષ્ણવોને પરિષદ કાર્યો પ્રેરિત કરતી અને, અને રચનાત્મક રીતે કાર્ય કરવા માર્ગદર્શન આપતિ પત્રિકાઓ પ્રકટ કરવામાં આવી છે અને તે દ્વારા સર્વે વૈષ્ણવોના તન, મન, ધનથી સહયોગ લઇ સુંદર આયોજન પૂર્વક સેવાકાર્યો ગોઠવવાનો સુંદર કાર્યક્રમ ઘડેલ છે.

પુસ્તક પરિચય

૧ તુલસી ક્યારો ભાગ-૧

લેખક – (ગો. વા.) શ્રી વ્રંજરત્નદાસ ચિ. પરીખ અને પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશકો તથા પ્રાપ્તિ સ્થાન

(૧) શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સીનેમા બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨

(૨) શ્રી અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ
શ્રી ગિરિરાજ ભુવન, બાવા મઢીનો ખાંચો, દેસાઈ શેરી,
ઘડીયાળી પોળ, વડોદરા-૩૯૦૦૦૧

સાઈઝ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૩૧૨, બોક્ષ બોર્ડનું બાઈન્ડીંગ **લેમીનેશન** ટાઈટલ પર કદમતર ઠાડે યુગલ સ્વરૂપનું ચતુ: રંગી ચિત્ર ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં ચોરાસી વૈષ્ણવોની વાર્તાઓ ૧ થી ૨૫ વાર્તાઓ આધુનિક વાર્તા શૈલીમાં લખાયેલ છે. જેની બીજી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે. તેજ બતાવી આપે છે કે શ્રી વલ્લભ સૃષ્ટિમાં અત્યંત આદરણીય બન્યું છે તે બદલ લેખકો, પ્રકાશકો અને સહાયકો ધન્યવાદને પાત્ર છે.

૨. રંગીલા શ્રીનાથજી

લેખક-પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક-ઉપર નં. ૧ પ્રમાણે
સાઈઝ ક્રાઉન ૮ પેઈજી પૃષ્ઠ ૪૮ સુંદર ચતુરંગી, ટાઈટલ લેમીશન સાથે
ન્યોછાવર રૂા. ૧૦/- દશ (પોસ્ટેજ અલગ)

પ્રસ્તુત પ્રકાશન 'બાલ પુષ્ટિ' માસિકનું ભેટ પુસ્તક છે. તેમા શ્રીનાથજીના પ્રાગટયથી લઈને મેવાડમાં પધાર્યા તેની ઐતિહાસિક હકીકતનું વર્ણન બાળકો સમજી શકે તેવી સરળ શૈલીમાં લખાયેલ છે. સેવા પ્રકાર તથા અંતરંગ ભકતોને અનુભવ જણાવેલ તેવા પ્રસંગોનું વર્ણન પણ વાંચવાનું ગમે રીતે આલેખન થયું છે. ઉપરાંત દરેક પૃષ્ઠ ઉપર પ્રસંગોચિત રંગીન ચિત્રો અપાયેલ છે જે પ્રસંગ સમજવામાં માર્ગદર્શક છે. લેખકશ્રીને ધન્યવાદ.

૩. શ્યામ સંગીની-વંદુ શ્રી વલ્લભ સદા

લેખક-સંપાદક : ગો. શ્રી રાજેશકુમારજી મહારાજ (કડી-કોટ')
પ્રકાશક-શુદ્ધાદ્વૈત શ્રી વલ્લભ ગૃહ પીઠ.
ગ્રંથ પ્રકાશન અને સંશોધન વિભાગ
'અડેલ' એ/૨૩ જય શ્રી કૃષ્ણ સોસાયટી
ઈસનપુર-**અમદાવાદ**

સાઈઝ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૧૩૧+૧૪=૧૪૫ સુંદર ચતુરંગી શ્રીનાથજી અને શ્રી ગુસાંઈજી માલા ધરાવતા ચિત્રજી ટાઈટલ લેમીનેશન સાથે. અંદર શ્રી હરિરાયજીનું રંગીન ચિત્રજી ન્યોછાવર રૂા. ૨૦/- પોસ્ટેજ રૂા. ૫/-

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી હરિરાયજી કૃત (૧) શ્રી ગુરૂદેવાષ્ટક (૨) શ્રી વલ્લભ સાખી એ પ્રમાણે બે વિષયોનું ગુજરાતીમાં વિસ્તૃત વિવેચન આપેલ છે.

(૧) શ્રી ગુરૂદેવાષ્ટક ગ્રંથ દુનિયામાં દરેક ક્ષેત્રમાં ગુરુ સ્વરૂપ ઉપર ભકિતભાવ રાખવા અતિશય ભાર મુકવામાં આવ્યો છે. ગુરુકૃપા વિના ભકિત કે જ્ઞાન સિદ્ધ થાય જ નહિ. અન્ય ક્ષેત્રમાં ગુરુઓ સહેલાઈથી મળી શકશે, પરંતુ ધર્મ ક્ષેત્રમાં–ભગવદ્ માર્ગમાં ભોમિયા મેલવવા માટે ખૂબ તપ કરવું પડે છે જયારે ગુરુ કૃપા કરે છે ત્યારે દેહના સર્વ કર્મબંધનો છુટી જાય અને ભગવાનના સ્વરૂપમા આસકિત થાય છે. માટે ગુરુનું શરણ જીવે છોડવું નહિ. શ્રી ગુરુદેવમાં ચાર અમૃત છે. નયનામૃત, વચનામૃત અને અધરામૃત અને ચરણાર્મત વડે આ પુષ્ટિ સૃષ્ટિ નવ પલ્લવિત થયેલ છે. શ્રી મહાપ્રભુજીએ ગુરૂના લક્ષણ દર્શાવેલ છે આવા ગુરૂદેવનું મહાત્મ્ય દર્શાવતું મહાનુભાવ શ્રી હરિરાયજીએ આ ગ્રંથની રચના કરી છે. જેના ૮½ શ્લોક છે, તેનું વિસ્તૃત વિવરણ ગુજરાતીમાં પ્રમાણો દષ્ટાંત સાથે સરળ શૈલીમાં પ્રસિદ્ધ થયેલ છે.

(૨) શ્રી વલ્લભ સખીની સંખ્યા ૧૦૦ નું વર્ગીકરણ કરેલ છે. જેમકે શ્રી વલ્લભ ગુણગાન, શ્રી ગુસાંઇજી, સાત બાળકો, શ્રી વલ્લભકુળ ભગવદીય, શ્રી ઠાકોરજીના સ્વરૂપો, વ્રજ મંડળ, અષ્ટ સખા, ગોપીજન. દીનતા–વિનતિ–શિખામણ, ભગવદ નામ વગેરેનું વર્ણન સરળ શૈલીમાં પ્રમાણીક દષ્ટાંતો સાથે પ્રથમ વખત વિવેચન લખાયેલ છે.

આવા ઉમદા સાહિત્યના પ્રકાશક સંસ્થાને અભિનંદન.

૪. રસ માલયમ

લેખક–પૂ. પા. ગો. શ્રી ચન્દ્ર ગોપાલજી મહોદય, વડોદરા,
પ્રકાશક–શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o જીતેન્દ્ર મગનલાલ વજીર
'ભાવના' સી–૯ ચોથે માળે, એસ. વી. રોડ,
કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ–૪૦૦૦૬૭

સાઈઝ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૬૩+૭=૭૦ પીન બાઈન્ડીંગ આર્ટ પેપર ટાઈટલ ઉપર શ્રીનાથજીનું ભાવાત્મક રંગીન ચિત્રજી મૂલ્ય રૂા. ૭/–

જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતે શ્રી મદ્ ભાગવત પ્રકરણ વિભાગ "રસ માલયમ" નામથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શ્રીમદ ભાગવત ભકિત માર્ગનો સર્વોત્તમ ગ્રંથ છે. તે સમજવા માટે આચાર્ય શ્રીએ બે ગ્રંથોની સંસ્કૃતમાં રચના કરી છે. શ્રીભાગવતાર્થ પ્રકરણ અને શ્રીસુબોધિનીજી શ્રીમદ ભાગવતના બાર સ્કધોમાં ૩૩૨ અધ્યાયોથી દર્શાવેલ બાર લીલાઓને શ્રીમહા પ્રભુજીયે કુલ ૩૮ પ્રકરણોમાં વર્ગીકરણ કરેલ છે. તે વર્ગીકરણના સ્કંધવાર કોઠામાં દરેક પ્રકરણના અધ્યાયની સંખ્યા સાથે તેતે પ્રકરણમાં આવતી લીલા સરળ શૈલીમાં સંક્ષિપ્તમાં દર્શાવેલ છે અહીં ધ્યાન રાખવું જરૂરી છે કે સામાન્ય નવલ કથા જેવા ઉપલકીયા વાંચનથી આવા ગ્રંથ સમજાય તેમ નથી. માત્ર તે માટે જોઈએ શ્રીવલ્લભની કૃપા, ગ્રંથોના અભ્યાસની તમન્ના અને શ્રીહરિની અનેક લીલા સમજવા માટેનું વલણ

માનનીય ગો. શ્રી ચન્દ્ર ગોપાલજી મહોદય શ્રી તત્ત્વાર્થ દીપ નિબંધ પૈકીના અન્ય વિષયોનું ક્રમશઃ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતા રહે એજ અભ્યર્થના

શ્રી વલ્લભ સુધાના ભેટ પુસ્તક 'શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી' અંગે....

આશીર્વાદ-અભિપ્રાય

ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ
શ્રી બડેમહાપ્રભુજીકા મંદિર,
પાટનપોલ-કોટા (રાજસ્થાન)

વૈ. રવજીભાઇ પ. પટેલકો ગો. શ્રી ગોપાલલાલજી મહારાજકે આશીર્વાદ. શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત **શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી** નામકા ગ્રંથમાલા પુસ્તક બહુત સુંદર ઔર વૈષ્ણવોપયોગી હૈ. ઇસિ ગ્રંથમે કીર્તનો કા સંગ્રહ સુન્દર હૈ. (પ. ભ. શ્રી લાલજીભાઇ પટેલ રચિત) ઔર જિત વૈષ્ણવોકે કીર્તનો છપે હૈ અત્યંત સુંદર હૈ ઔર જો વિવેચન કિયા વહ ભી અચ્છા હૈ. ભવિષ્યમે ભી સંસ્થા દ્વારા ઐસે વૈષ્ણવોપયોગી ગ્રંથોકા પ્રકાશન હોતા રહે ઐસી હમારી શુભકામના હૈ. સબ વૈષ્ણવો કો આશીર્વાદ કહોગે ઇસ ગ્રંથ પ્રકાશનમેં જિન વૈષ્ણવોને સહયોગ દિયા હૈ યહ ઉનકી ઉત્તમ સેવા હૈ.

શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલિ ગ્રંથ ઉપરનો અભિપ્રાય

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ દ્વારા પ્રકાશિત પ્રસ્તુત પુસ્તકમાં પ્રભુચરણ શ્રી ગુસાંઇજી સંબંધી વિપુલ સાહિત્ય મોટા પ્રમાણમાં સંગ્રહ કરેલું છે. આપશ્રીનું જીવનચરિત્ર, આપશ્રીની જન્મપત્રિકા, સ્તુતિ, સ્તોત્રો, મુળ તથા ભાષાંતર સાથે આપશ્રીના સ્વરૂપ ભાવના, અનેક ધોળ-પદ-નામાવલિ વિ. ઘણું સાહિત્ય આપેલું છે. સંપાદકશ્રીએ અથાક પરિશ્રમ લઇ શ્રી ગુસાંઇજી વિષયક વિવિધ સાહિત્ય મેળવી આ પુસ્તકમાં પ્રકાશિત કરેલું છે. તેઓશ્રીને અમારા ધન્યવાદ આ પુસ્તક "શ્રી વલ્લભ સુધા" માસિકના ગ્રાહકોને ભેટ પુસ્તક રૂપે આપેલું છે.

શ્રી બાબુભાઇ વી. સવાણી
સંપાદક : 'સત્સંગ' અમરેલી

: ખાસ સુચના :

પૂ. પા. ગોસ્વામી બાલકોના આર્શિવાદ અને ભગવદિય વૈષ્ણવો વિદ્વાનોની ખૂબજ સરાદના પામેલ. શ્રી વલ્લભ સુધાના ગત વર્ષનું ભેટ પુસ્તક **શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી**ની જુજ નકલો કાર્યાલયમાં છે. જે વૈષ્ણવોને આ દુર્લભ ગ્રંથ પ્રાપ્ત કરવો હોય તે રૂ. ૫૦ પ્રકાશન સહાયના તુરત મ. ઓ. થી મોકલી શ્રી વલ્લભ સુધા કાર્યાલયમાંથી મંગાવી શકે છે. વહેલો તે પહેલોના ધોરણે પુસ્તક મોકલાશે. આ તક ફરી નહીં મલે. ઉપરાંત શ્રી ભ્રમરગીત (ન્યો. રૂ ૮) શ્રી પ્રથમેશ ચરિતામૃત (ન્યો રૂ. ૨૦) પણ ઉપલબ્ધ છે. તુરત મંગાવો....

કોઈ ના જાણે કૃષ્ણ કઈ રીતે રાજી રે

રાગ-દેવગંધાર

કોઇ ના જાણે કૃષ્ણ કઇ રીતે રાજી રે;
આ રીતે પ્રસન્ન, કોઇએ કહેવાય ના ગાજી રે....કોઇ ૦ ૧
ધ્રુવાદિને સાધન કર્યેથી મળ્યા આપ રે,
પ્રાચીનબર્હિષ નૃપ, સાધને સંતાપ રે....કોઇ ૦ ૧
સહેજે શ્રેષ્ઠ જ્ઞાન પામ્યા, ભિક્ષુ મહાભ્રષ્ટ રે;
તેવું બીજા પામ્યા નથી, સહે બહુ કષ્ટ રે....કોઇ ૦ ૩
સહેજે પ્રેમ ભક્તિ પામ્યો, મથુરાનો માળી રે;
તેવી કો બીજા ના પામ્યા, દેવવાણી પાળી રે....કોઇ ૦ ૪
વિશ્વામિત્રાદિક બલિયા, અપછરા છળીયા રે;
સંસારમાં સરસા વ્રજવાસી, પ્રભુ મળીયા રે....કોઇ ૦ ૫
ઘણા હરિ શરણે ગયા, નથી સુખ દાન રે;
શરણે મલ માસ ગયો, થયો હરિ સમાન રે....કોઇ ૦ ૬
અરધે નામે સહેજે ગણિકા, ગઇ હરિ ધામ રે;
હજુ લગી સ્વર્ગે દશરથ, અંતે રટયા રામ રે....કોઇ ૦ ૭
સંત કયહું અસંત સુખી, દુઃખી કયહું બંધે રે;
બન્ને વાત હરિને હાથે, રખે રાખો સંધે રે....કોઇ ૦ ૮
અમે કયાંહી સહજે સહુને, થાવાનું તે થાય રે;
હરિ પ્રસન્નતાનો, હરિ પાસે ઉપાય રે....કોઇ ૦ ૯
તારવા હરિયે ધાર્યા, કયે મે નહીં બૂડે રે;
નથી ધાર્યા નહીંતરે, કોટી કર્મ રૂડે રે....કોઇ ૦ ૧૦
પ્રમાણમાં ચાલવું, સુકૃતિ તજી ગર્વ રે;
'દયા' પ્રીતમ સ્વતંત્ર છે, તેના કરમાં સર્વ રે....કોઇ ૦ ૧૧

–ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

પવિત્રા

પવિત્રા પહિરત શ્રી મદન મોહન;

ગોપીજન પહિરાવતિ હંસિ-હંસિ, ભેદ જનાવત ભ્રોંહન. ૧

બરસત અમિત માધુરી મુખ ભરિ, આયે નિજ જન ગોંહન,

‘વલ્લભ’ મનમથ મથન મનોહર, દેખિ લગ્યો મન મોહન ૨

વલ્લભદાસ બાજીલાલ શર્મા (દેવરી) ગ્વાલીયર

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ***

વર્ષ ૧૨ : અંક-૪ **જુલાઈ, ૧૯૯૩**

શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * **આજીવન રૂા. ૩૦૧**

“શ્રી વલ્લભસુધા”

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ સુધાના ભેટ પુસ્તક 'શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી' અંગે

આશીર્વાદ – અભિપ્રાય

પ્રાતઃસ્મરણ (શ્રી હરિરાયજી વિરચિત)થી પ્રારંભ કરીને અનેક સ્તોત્રો પ્રસ્તુત કર્યા છે. શ્રી ગુસાંઈજી પ્રભુચરણનાં સ્વરૂપ માહાત્મ્ય જેમાં છે એવા અન્ય મહાનુભાવોનાં રચેલા સ્તોત્રો તથા શ્રી રઘુનાથજી (પંચમ લાલજી) દ્વારા શ્રી ગુસાંઈજી પ્રભુચરણના ૧૦૮ નામોનું નિબંધન જેમાં કર્યું છે એ નામ રત્ન સ્તોત્રનું સરલ-સરસ વિવેચન સાથે દરેક નામ પરનું પ. વૈ. લાલદાસ (આમોદ) રચિત પદ પણ સંગ્રહિત છે. આ સ્તુત્યાવલિ (પ્રથમ ભાગ) માં શ્રી ગુંસાઈજી પરત્વેનું વિપુલ સાહિત્ય પ્રકાશિત કર્યું છે.

બીજા ખંડમાં શ્રી ગુસાંઈજી દ્વારા રચેલ ગ્રંથોનું સાનુવાદ પ્રકાશન થશે એવો વિશ્વાસ રાખીએ છીએ.

પુષ્ટિમાર્ગનો વિસ્તાર કરનાર શ્રી પ્રભુચરણના સ્વરૂપ માહાત્મ્યને સમજવાથી તથા આપશ્રીના ૧૦૮ નામોનું ચિંતન-જપ-પાઠ કરવાથી સ્વમાર્ગનું ગૂઢ રહસ્ય હૃદયારૂઢ થાય છે એવો પ્રાચીન નિષ્ઠાવાન વૈષ્ણવોનો અનુભવ છે.

આજના કઠિન સમયમાં પણ જો આ સ્તોત્રો દ્વારા શ્રી પ્રભુ ચરણનું સ્વરૂપ હૃદયમાં ધારણ કરવામાં આવે તો પુષ્ટિ જીવોનો બેડો પાર થઈ જાય. પુસ્તક પ્રકાશન ધન્યવાદાર્હ છે.

ગોસ્વામી રસિકરાયજી મહારાજ
સંપાદક
નવપ્રકાશ – મથુરા, પોરબંદર

(૨)

પ્રસ્તુત પુસ્તકમા મંગલાચરણ અને તેનું પદ તથા અર્થ, અર્થ સહિત પ્રાતઃસ્મરણ, અર્થ સહિત શ્રી વિઠ્ઠલેશ સ્તવન રૂપમ, શ્રી ગુસાંઇજીની જન્મ પત્રિકા ગુજરાતી પદમાં શ્રી ગુસાંઇજીની પ્રાકટ્ય પત્રિકા, શ્રી ગુસાંઇજીની જીવન ઝાંખી, શ્રી નામ રત્નાખ્ય સ્તોત્ર શ્રી દેવકીનંદનજી કૃત વિવરણ (સંસ્કૃતમાં) તેના ગુજરાતી વિવેચન સહિત તથા શ્રી નામ રત્નાખ્ય સ્તોત્રના પ્રત્યેક નામ પર પ. ભ. લાલદાસે રચેલા ધોળો સહિત અપાયાં છે. ૧૦૮ નામો પર ફળશ્રુતિ સહિત ૧૦૯ ધોળો અપાયા છે. શ્રી વિઠ્ઠલ સ્તોત્રમના અનુવાદ સાથે શ્રી ગુસાંઇજીનો આછો પરિચય અપાયો છે. ઉપરાંત પ્રાચીન–અર્વાચીન ગોસ્વામી બાળકોએ શ્રી ગુસાંઈજી પર રચેલ સંસ્કૃત સ્તોત્રો ગુજરાતી અનુવાદ સાથે અપાયા છે.

વધારામાં શ્રીગુસાંઇજી પરક હિન્દી તેમજ વ્રજભાષામાં રચાયેલ પદો અને ગુજરાતીમાં રચાયેલ ધોળ પદો પણ અપાયા છે. આવું દળદાર પુસ્તક આપવા બદલ સંપાદક તથા પ્રકાશકને શતશઃ ધન્યવાદ.

શ્રી બિપિન બિહારીદાસ
સંપાદક
વૈષ્ણવ વાણી. સુરત

: અનુકરણીય :

આજીવન ગ્રા. નં. ૨૨૩ પ. ભ. શ્રી હસુભાઈ ખખ્ખર સંજય જેમ સર્વીસ રાજકોટવાળા તરફથી આજીવન લવાજમનો દર રૂા. ૩૦૧/– થતાં તેઓએ રૂા. ૧૫૧/– માં આજીવન ગ્રાહક બનેલ તેને અનુલક્ષી સ્વયં રૂા. ૧૫૦/– વધારાના મોકલી સંસ્થાને સહાયભુત બનવા આવકારદાયક પગલું ભરેલ છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિ[illegible]ર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

[illegible]વલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક ૪ * જુલાઇ, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

ભગવાનની કૃપાનું લક્ષણ

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

હવે પ્રશ્ન એ થાય છે કે ઉત્તમ ભગવદીઓનો સંગ પ્રાપ્ત કરવો ઘણા લાભની વસ્તુ છે, ઉત્તમ વસ્તુ છે. મહાભાગ્યથી પ્રાપ્ત થાય છે, પરંતુ આ સુલભ કયાં છે ? ભગવદીઓનું મળવું ઘણું દુર્લભ છે. શ્રી હરિરાયજી પોતે આજ્ઞા કરે છે કે હું ઘણો ભાગ્યહીન છું, કારણ કે મને ભગવદીઓનો સંગ પ્રાપ્ત નથી થતો. આપ તો સાક્ષાત્ ભગવાનમાં નિમગ્ન અને સેવામાં લાગેલા રહેતા હતા, પરંતુ જીવોને શિક્ષા દેવા માટે આ પ્રકારની આજ્ઞા કરે છે કે હું ઘણો હતભાગી છું કે ભગવદીયોનો સંગ નથી મળતો. જ્યારે હરિરાયજીના સમયમાં જ આ વાત હતી કે ભગવદીઓનો સંગ પ્રાપ્ત થવો ઘણો મુશ્કેલ હતો. તો પછી આજના યુગમાં આપણા જેવા સાધારણ પુરૂષોને ભગવદીઓના સંગનો લાભ પ્રાપ્ત થઇ જાય એ કયાં સુલભ છે ? ઘણું જ મુશ્કેલ છે. અહીં આપણો આધાર

શું હોઇ શકે ? જ્યારે આપણે ભગવદીયોનો સંગ પ્રાપ્ત નથી કરી શકતા, એવા ભગવદીઓના દર્શન થવા પણ દુર્લભ છે અને તેના વિના અર્થાત્ તેમને મેળવ્યા વિના, તેમના સંગ વગર હૃદયની કઠોરતા મટી નથી શકતી અને હૃદયની કઠોરતા મીટાવ્યા વગર ભગવાનનો સંબંધ હૃદયમાં થઇ ન શકે.

આ બધી પરિસ્થિતિઓમાં આપણી પાસે આધાર કયો છે ? કેવી રીતે આપણે આપણો માર્ગ કાઢી શકીશું ?

શ્રી હરિરાયજીએ આપણને એ બતાવ્યું કે ભગવદીયોનો સાક્ષાત્ સંગ, તેમનો સત્સંગ આપણને ન મળી શકે એ ઘણું સંભવ છે, પરંતુ તેમના હૃદયની જે ભાવના છે તેના દ્વારા આજે પણ આપણે ફળ પ્રાપ્ત કરી શકીએ. ભગવદીઓનો સંગ ન મળે તો બીજો ઉપાય એ છે કે તેમની જે ભાવના છે તેનો સંગ કરો. ભગવદીઓની ભાવનાનો સંગ કરો. વાસ્તવમાં જોવામાં આવે તો ભાવનાનો સંગ જ ભગવદીઓનો સંગ છે. શરીરનો સંગ જ કોઇ સંગ નથી. ભગવદીય સામે બેઠા હોય, કોઇ ભગવદ્ વાર્તા–વર્ણન કરતા હોય અને આપણું હૃદય ત્યાં હોય જ નહીં, ધ્યાન જ ન હોય, તો તે વર્ણનથી આપણે કયો લાભ ઉઠાવી શકીએ ?

ભગવદીયોનો સંગ પણ ભાવના દ્વારા જ પ્રાપ્ત થાય છે. ભાવના વગર ભગવદીઓનો સંગ પણ આપણને ફાયદો ન કરી શકે. આપને ફાયદો ન કરી શકે. આપના કહેવાનો સાર એ છે કે બીજું સાધન આપણા જેવા સામાન્ય જીવો માટે એ બની શકે કે ભગવદીઓની ભાવનાનો સંગ કરે, સંગ એટલે શું ? તેમની ભાવનાઓનું અનુસરણ કરે. સંગનું તાત્પર્ય છે તેમની ભાવનાનું અનુસરણ, અર્થાત્ તેમની જે ભાવના છે તેમની સાથે આપણા હૃદયનો સંબંધ કરવો.

હવે ભગવદીય ભાવના કયાં મળશે ? ભગવદીયોની ભાવના આપણે પ્રાપ્ત કરવા પણ ઇચ્છીએ તો તેનું સ્થાન કયાં છે ? દરેક વસ્તુ મેળવવાનું એક નિશ્ચિત સ્થળ હોય છે. નિશ્ચિત સ્થાન વગર વસ્તુ સરળતાથી નથી મળતી. જ્યાં જે વસ્તુ મળવાની સંભાવના હોય તે સ્થાન પર તેની શોધ કરીએ તો તે વસ્તુ મળશે. જો આપણે અનાજની જરૂર છે તો અનાજ દાણાપીઠમાં મળશે. કાપડ બજારમાં જઇને આપણે અનાજની તપાસ કરીએ કે અનાજ મળી જાય તો કાપડ બજારમાં અનાજ કયાં છે ? ત્યાં તો કાપડ જ મળશે. હીરા, મોતી, રત્ન જો જોતા હોય તો તે ઝવેરી બજારમાં મળશે. તાત્પર્ય એ છે કે જે વસ્તુ જ્યાં મળતી હોય ત્યાં જો તે વસ્તુની તપાસ કરવામાં આવે તો તે વસ્તુ મળી જશે, નહીતર નહીં.

ભગવદીઓની ભાવના કયાં મળશે ? તેમનાં ગ્રંથોમાં ભગવદીઓની ભાવના ગુપ્ત છે. અનેક ગ્રંથોમાં રાખેલી છે. ભગવદીઓએ ગ્રંથ લખવાની આવશ્યકતા કયાં હતી તેમને કોઇ પ્રસિદ્ધિ તો પ્રાપ્ત કરવી ન હતી. આજકાલ તો લોકો જે લેખ લખે છે તેનો પુરસ્કાર ન મળે તો કમસે કમ પ્રસિદ્ધિ કે ખ્યાતિ તો થવી જ જોઇએ. પરંતુ ભગવદીય લોકો જે કંઇ લખી ગયા છે તેમને આ બંનેમાંથી કોઇની પણ અપેક્ષા નહતી. ન તો તેમને

ધનની જરૂર હતી, અને ન કીર્તિની. તેઓ તો જે કાંઇ લખી ગયા છે ફક્ત એ આશયથી લખી ગયા છે કે આપણે લોકોએ જે ભાવનાનો આશ્રય લઇ કે આધાર બનાવી ભવસાગર પાર કર્યો અને પ્રભુના ચરણારવિંદ પ્રાપ્ત કર્યા. આપણી પાછળ જે જીવો આવવાના છે તેઓ પણ તેનો આધાર લઇ સરળ રીતે ભગવાનના ચરણકમલ પ્રાપ્ત કરી શકે. આપણા લોકોની કલ્યાણની ભાવનાથી ભગવદીઓએ ગ્રંથ લખવાનો પરિશ્રમ કર્યો છે. તેમને પોતાનો કોઈ સ્વાર્થ ન હતો લખવા માટે. તેઓ તો જાતે કૃતાર્થ હતા. તેમણે જે ગ્રંથ લખ્યા છે તે એટલા માટે લખ્યા છે કે કલિકાલમાં ઉત્પન્ન થનાર જીવ પણ આ ભવસાગર પાર કરી શકે. સંક્ષેપમાં અભિપ્રાય એ છે કે ભગવદીઓના ગ્રંથોમાં એમની ભાવના નિર્દિષ્ટ છે. પોતાના ભાવ તેઓએ તેમના ગ્રંથોમાં રાખી દીધા છે એ ગ્રંથોનો સંગ કરવો એ જ ભગવદીઓની ભાવનાનો સંગ છે બીજો કોઇ ઉપાય નથી.

આચાર્યચરણોએ જે કૃપા કરી તે તુલના થઇ ન શકે તેવી કૃપા છે. તેમની તુલના ન હોઇ શકે. એ કૃપાનું જો ફળ ઇચ્છતા હો, આશ્રય લેવા ઇચ્છતા હો તો તે આપણે ક્યાંથી પ્રાપ્ત કરીશું ? આપના ગ્રંથોનું વારંવાર વાંચન, અનુકરણ જો આપણે કરતા રહીશું તો તેમની ભાવના સાથે આપણા હૃદયનો સંપર્ક થશે. બીજા શબ્દોમાં એમ કહેવાય કે તેમની જે ઉત્તમ ભાવના છે, ભગવદીય ભાવના છે. તેનો સંબંધ આપણા હૃદય સાથે થશે. આ યુગમાં આપણી પાસે જો કોઇ આધાર હોય તો આ જ છે કે આપણે ભગવદીઓની ભાવનાનું અનુકરણ કરીએ. એક વાર આપણે કોઇ ગ્રંથને વાંચીએ, તેને બીજી વખત ફરીથી વાંચીએ, ત્રીજી વખત વાંચીએ, અનેકવાર વાંચીએ ત્યારે આપણને એક સમયે એવો અનુભવ થશે કે હરેક વ્યક્તિ જે તેને સમજવાનો પ્રયત્ન કરશે તેથી તેને પુરો લાભ થશે. એક જ ગ્રંથ, જેને આપણે અનેક વખત વાંચીએ તેમાં એવા કોઈ મર્મની વાત જેના તરફ આપણું ધ્યાન ક્યારેય ગયું જ નહીં, તે સદ્ભાગ્યથી જ કોઇક ક્ષણે આપણે જોઇ શકીએ છીએ. એ સમયે આપણે એવો અનુભવ કરીએ છીએ કે જો આ ઉત્તમ વસ્તુ જીવનમાં પહેલાં ક્યારેક સમજમાં આવી જતી તો કેટલી સારી વાત હતી. આ વસ્તુની આપણને પહેલેથી જ જાણ હોત તો આપણું જીવન આજે આવું શા માટે હોત ? આ પ્રકારનો અનુભવ આપણને બધાને થાય છે. વાત એ છે કે વસ્તુ તો ગ્રંથમાં અનેકવાર આવી, એકવાર નહીં અનેકવાર, પરંતુ આપણું જે હૃદય હતું તે તેને ગ્રહણ કરવા માટે તત્પર ન હતું તેથી અનેકવાર વાંચવા અને સાંભળ્યા છતાં પણ તે વસ્તુને આપણે ધ્યાનમાં ન લાવી શક્યા અને હજુ સુધી એવો કોઇ ક્ષણ પણ ન આવી જ્યારે આપણું હૃદય અને આપણી ભાવના તેને ગ્રહણ કરવા માટે ઉત્સુક અને તત્પર હોય.

—ક્રમશઃ

ભાગવત ધર્મ

પ્રવકતા : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, મથુરા–પોરબંદર

(ગતાંકથી ચાલુ)

પ્રવૃત્તિ–નિવૃત્તિ એ બન્નેનો સમાવેશ ભકિતમાર્ગની અંદર થઇ જાય છે. ટુંકામાં કહીએ પ્રવૃત્તિમાં જ નિવૃત્તિનો અનુભવ છે. કોઇ કહે કે પ્રવૃત્તિમાં નિવૃત્તિનો અનુભવ કેવી રીતે થાય ? કામમાં તો થાક લાગે આરામ તો આપણે કામ કરીએ નહીં આરામ કરીએ ત્યારે લાગે ટૂંકમાં આ પ્રવૃત્તિમાં નિવૃત્તિનો અનુભવનો અર્થ એ થયો કે કામ કરતા હોય અને થાક ના લાગે, જાણે કેમ આરામ કરતાં હોય તેવું લાગે તેવી સ્થિતિ થાય સમજયા તમે ? એટલે એનો અર્થ શું ? તેનો અર્થ એ કે આપણે કોઇ બી કામ કરતા હોઇ શું જગતની અંદર એ કામ કરવા માટે જેના માટે આપણને હૃદયથી પ્રેમ યા સ્નેહ હશે તેના માટે ગમે એટલું કામ કરીશું, આપણને પરિશ્રમ નહીં લાગે, બલ્કે એમ લાગશે કે મેં કાંઇ નથી કર્યું ભગવાન માટે પ્રેમ હોય તો સવારથી રાત સુધી સેવા કાર્યકરે છતાં તેમાં મનમાં એવો અફસોસ રહેતો હોય કે મારાથી કશું થતું નથી તો એ સ્નેહત્વ આપણને ઇશ્વિર પ્રત્યે થઇ જાય. અને એ સ્નેહત્વના આધારે આપણે ભકિત યા પુરૂષાર્થ કરીએ છતાં પણ ગમે તેટલો પરિશ્રમ આપણે કરતા હોયે તો પણ આપણને નિવૃત્તિનો આ આનંદનો અનુભવ થાય પણ જયારે સ્વાર્થને માટે આપણે જયારે કર્મ કરીએ છીએ તો વિચાર આવે કે આ કર્મ તો હું કરૂં તેનું મને આ ફળ પ્રાપ્ત થશે. પરંતુ આ ફળ પ્રાપ્ત નહિ થાય તો ? એક દ્વિધા મનમાં રહે છે કે આપણે આ કાર્ય કરવું છે તેના માટે ફલાણા શેઠ પાંસે જઇએ એવી વૃત્તિ લઇને જઈએ કે એની પાસેથી રૂા. ૨૫,૦૦૦ તો કઢાવવા જ છે તેની પાસે જઇએ ને તે માંડ માંડ રૂા. ૧૦,૦૦૦ જ આપવા તૈયાર થાય, તો મનમાં ક્ષોભ રહે છે હવે વિચાર કરો કાંઇ ગાંઠનું લાગ્યું નથી રૂા. ૧૦,૦૦૦/– આવી જાય તો આનંદ થવો જોઇએ ને ? ક્ષોભ એ વાતનો છે કે આપણી લાલચ આપણી દૃષ્ટિ પચીસ હજારની હતી. પણ મળ્યા દશ હજાર જયારે કોઇ પણ કાર્ય સ્વાર્થ અને લાલચથી કરીએ ત્યારે તે કાર્યમાં પણ થોડોક પણ ફાયદો થાય તો નુકશાન જેવું જ લાગે એટલે એ કર્મ શુદ્ધ નથી એટલે બીજા સ્પષ્ટી કરણ કરે છે એક વાતનુ તેવું નથી કે જે સ્નેહથી કરવામાં આવે તેવું ફળ ન મળે પણ ઘણીવાર આપણે જોઇએ છીએ કે પુષ્કળ પરિશ્રમ કરતા હોઇએ અને ફળ ઘણું ઓછું પ્રાપ્ત થાય ખુબજ યોગ્યતા ધરાવતી વ્યકિતને પણ એક ટાઇમ ખાવાના સાંસા પડતા હોય છે અને દોકડાની બુદ્ધિ ન હોય તેની પાસે કરોડો રૂપિયા હોય આવું બધું આપણે જોઇએ છીએ.

ઘણીવાર એમ થઇ જાય કે આમાં ઇશ્વર જેવું યા આધાર જેવું છે જ નહીં. આ તો બધું લોલે લોલ ચાલે છે નહિં તો આવી દશા કેમ ? બુદ્ધિવાદી હોય, જે માણસ લોકોનું કલ્યાણ કરવાની વૃત્તિ ધરાવતો હોય તેને બે ટંક પુરૂં કરવાના સાંસા હોય જયારે દોકડાની બુદ્ધિ ન હોય, ક્રુર હોય, લોભી હોય, લાલચી હોય, તેની પાસે કરોડો અબજો રૂપિયા કયાં

વાપરવા તેની પણ ગતાગમ ન હોય આવું બધું જોઇને કેટલાક લોકો ભાગ્યવાદી બની જાય છે. ભાગ્ય જ છે. ઇશ્વર સમજો તો પણ ભાગ્ય પરમાત્મા સમજો તો પણ ભાગ્ય એમ ભાગ્યને પરમાત્વ માનનારા લોકો વિશેષ છે.

કેટલાક પુરૂષાર્થને માનનારા છે પરંતુ ભક્તિ આપણા હૃદયમાં જયારે પ્રેમરૂપી પુષ્પનો વિકાસ થાય છે ત્યારે ખ્યાલ આવે છે કે નથી ભાગ્ય મોટું કે નથી પુરૂષાર્થ મોટો મોટામાં મોટી વસ્તુ છે તો તે ભગવાનની કૃપા છે. એક ભાગ્યવાદીને જયારે કંઇક લાભ થશે ત્યારે કહેશે કે આ તો મારા ભાગ્યમાં હતું ને મને લાભ થયો.

પુરૂષાર્થવાદીને તમે કહેશો તો કહેશે કે મેં એટલો પુરૂષાર્થ શ્રમ કર્યો હતો એટલે મને સિદ્ધિ પ્રાપ્ત થઇ એટલે અહંકાર ભાગ્યવાદી અને પુરૂષાર્થવાદી બન્નેમાં રહેવાનો જ છે, પરંતુ ભગવદ્ કૃપાવાદી ભક્તને પુછશો કે ભાઈ તમને આટલી સિધ્ધિ કઈ રીતે પ્રાપ્ત થઇ ? તો એમ નહિં કહે કે મેં આટલો પુરૂષાર્થ કર્યો હતો-કે મારા ભાગ્યમાં હતું તે તો એમ કહેશે કે પ્રભુની કૃપાથી આ સિદ્ધિ પ્રાપ્ત થઇ. એટલે જીવનનો એક દૃષ્ટિકોણ ભક્તિ આપણા હૃદયમાં આરૂઢ થાય એટલે બદલાય જાય, પછી એ સ્થુળ સ્વાર્થીનું જીવન નથી બની રહેતું, પણ પછી તો એવા ભક્તનું જીવન બની જાય છે કે એક યોગીજે સાધારણ યોગી હોય તેના કરતા પણ ભક્તિ યોગીનું જીવન ઉત્કૃષ્ટ બની જાય છે.

ગીતાના બારમાં અધ્યાયમાં જે કુટ શ્લોકની વાત કહી એ શ્લોકમાં ભક્તિ યોગીને શ્રેષ્ઠ કહે છે છે. તેનું કારણ શું છે ? યોગી પોતે તરે યોગીમાં પોતાની યોગ સિદ્ધિ દ્વારા ચાહે કર્મયોગી, ચાહે ધ્યાન યોગી હોય કે જ્ઞાન યોગી હોય. પરંતુ પોતે જરૂર તરી જાય. પોતાના પુરૂષાર્થ દ્વારા પરંતુ ભક્ત જે છે તે પોતાના તરવાની બહુ ચિંતા નથી કરતો તે એમ ચાહે કે મારા સંપર્કમાં જે કોઇ આવે તે બધા તરી જાય. જગતને તારવાનું વિચારે એટલે કે જે ભગવાનનું સ્મરણ કરે છે તે તો ભાગ્યશાળી છે જ. પરંતુ જે બીજાને ભગવદ્ કથાનું સ્મરણ કરવાનો અવસર પ્રદાન કરે તે ભાગ્યશાળી,

આજે કોઇને પૂછો કે ભાગ્યશાળી કોણ ? તો કે એરકન્ડીશન બંગલામાં રહે તો હોય, મર્સીડીઝ ગાડી હાંકતો હોય, બે ત્રણ મારૂતિ ગાડી હોય, અમેરિકામાં અને ઇંગ્લેન્ડમાં પણ જેની વેપારની શાખા ચાલતી હોય અને એકવરોળમાં પોર્ટ–ઇમ્પોર્ટ થતું હોય તેને આપણે ભાગ્યશાળી કહીએ છીએ.

શાસ્ત્રકારો તેને ભાગ્યશામી નથી કહેતા. તે બધું ક્ષણિક છે. કોઇના હાથમાં રહેતું નથી. એકવાર રાજા ભોજ જે વિદ્વાન હતો તે એકવાર પલંગમાં સૂતો હતો અને એક બ્રાહ્મણ જે કવિ અને વિદ્વાન હતો. પણ તેને કયાંય ગમે તેટલો પુરૂષાર્થ કરે તો પણ તેનું ગુજરાન ન્હોતું ચાલતું. એટલે એક દી ચોરી કરવાનો વિચાર આવ્યો કે હવે આ શાસ્ત્રો અને પોથીથી તો મારૂં ભલું થયું નહિ. હવે ચોરી જ કરૂં. ભગવાનની સામે વિદ્રોહ કરું, રાજા ભોજને ત્યાં ચોરી કરવા ગયો, તેના પલંગ નીચે સંતાઇને બેસી ગયો. કે રાજા ભોજ સૂઇ જાય

એટલે તરત જ ચોરી કરૂં. અહીં રાજા ભોજ તો કવિ હતા. તે કવિતાની રચના કરવા મંડયા કે ત્રણ સુખ મળી જાય કે મારે ત્યાં કોઇ દી ના ખુટે એટલો વૈભવ હોય, બીજામાં કહે કે મારા રાજ્યનો વિસ્તાર એટલો બધો છે કે સૂર્યાસ્ત થતો નથી એટલે એક વિસ્તારમાં સૂર્યોદય થાય ત્યારે બીજા વિસ્તારમાં સૂર્યાસ્ત હોય. એટલે બધો વિસ્તાર. જેમ એક જમાનામાં કહેવાતું કે બ્રીટીશ રાજ્યમાં સૂર્યાસ્ત થતો જ નથી તેનો એટલો બધો વિસ્તાર હતો. આજે બધા રાજ્યો સ્વતંત્ર થઇ ગયા. ત્રણ લીટી બનાવી પણ ચોથી લીટી ન્હોતી બનતી. પેલો જે ચોર નીચે સંતાયો હતો તેણે પેલી ત્રણે કડી વારંવાર સાંભળી અને ચોથી કડી તેણે કરી દીધી, તેનો ભાવાર્થ એવો થાય છે કે બધું તમે કહી દીધું કે ધન મારા રાજ્યમાં ખુટે નહિ તેટલું છે, રાજ્વ વિસ્તાર બહુ મોટો છે. મારા જનાન ખાનામાં સુંદર સુંદર સ્રીઓ છે પણ આંખો જ્યારે વીંચાય જાય ત્યારે બધું અહીં ને અહીં જ રહી જવાનું છે. એટલે ચોથી કડી સાંભળી રાજા ચકિત થઇ ગયો કે એણે બધાનો સાર કહી દીધો.

ક્રમશઃ

શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામઃવલી

(વર્ષ ૧૨ અંક ૨ ના અનુસંધાને)

૫૦૬	શ્રીમતી પાવતીબેન,	રાજકોટ
૫૦૭	શ્રી ખત્રી ભરતકુમાર પ્રભુદાસ બોસમીયા,	જેતપુર
૫૦૮	શ્રી અમૃતલાલ ધનજીભાઇ ચંદારાણા,	રાજકોટ
૫૦૯	શ્રી ધિરૂભાઇ આર. પટેલ	સુરત
૫૧૦	શ્રી બળવંતરાય એમ. મહેતા	રાજકોટ
૫૧૧	શ્રી ધીરજલાલ રેવાચંદભાઇ રાજા	રાજકોટ
૫૧૨	શ્રી છગનલાલ ટપુભાઇ પટેલ	રાજકોટ
૫૧૩	શ્રીમતી તારામતી જયંતિલાલ લાઢીગરા	સાવરકુંડલા
૫૧૪	શ્રી અતુલભાઇ તન્ના	વિલેપાર્લે
૫૧૫	શ્રી વલ્લભાચાર્ય ચેરીટેબલ ટ્રસ્ટ,	બીલખા

"શ્રીનવનીત પ્રિયો જયતિ"

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ નિર્મિત

શ્રી વૃત્રાસુર ચતું:શ્લોકીનું વિવરણ

ભાષાંતર : **પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

આ પ્રમાણે મન, વાણી તથા શરીરના ભેદ દર્શાવીને ત્રણેય પ્રકારના ધર્મોનું સમથપણે પ્રાર્થના કરીને અર્થનું નિરૂપણ કરે છે. નનાક પૃષ્ઠં....વગેરે.

નનાક પૃષ્ઠં ન ચ પારમેષ્ઠયં, ન સાર્વ નભૌમં ન રસાધિ પત્યમ્ ।
ન યોગ સિદ્ધીર પુનર્ભવં વા, સમંજસત્વા વિરહાયકાંક્ષે ॥૨॥

લૌકિકો વૈદિકશ્ચાર્થ સ્ત્રિવિધિઃ પ્રાકૃત્તૈર્ગુણૈ : ।
ક્રમેણ તે ભગવતો ગુણૈઃ ષડભિર્નિરાકૃતાઃ ॥ ૧ ॥

સ્વર્ગ ભુમિ રસૈશ્વર્યં સાત્ત્વિકાદિ તુ લૌક્કિમ્ ।
મોક્ષશ્ચ પારમેષ્ઠયં ચ, સિદ્ધ શ્ચેત્તિ વૈદિક ક્રમ ॥૨॥

પ્રવૃત્તિ ધર્મ સાધ્યત્વાત્સામાન્યં નતુ લૌક્કિમ્ ।
નિવૃત્તિ ધર્મ સાધ્ય ત્વાદ્વિશેષાદ્વૈદિકં પરમ્ ॥૩॥

પ્રત્યેકમેવ તે ચાર્યા ન તુ સમ્ભુય કુત્રચિત્ ।
ભગવત્ય ખિલાત્મત્વાત્ ભાવન્ત્યેવ તથા હિ તે ॥૪॥

અતોર્થો ભગવાને વ પુષ્ટિમાર્ગે ંગ મન્યતઃ ।
સર્વતોનૈરપેક્ષ્યં ચ તથાત્ર વિનિરૂપ્ય તે ॥૫॥

શરૂઆતમાં લૌક્કિ (એવા) સાત્વિક અર્થનું સ્પષ્ટીકરણ કરે છે–ન નાક પૃષ્ઠ વગેરે. નાકઃ એટલે સ્વર્ગ અને તેનું પૃષ્ઠં એટલે રાજયાસન એટલે ઇન્દ્રાસન અને તે કાલાન્તરે (અમુક સમય વીતતાં) નાશ પામતું હોય છે. એ કારણે જેનું ઐશ્વર્ય ખંડિત છે તે વિદ્યમાન ન હોવાથી હું (સ્વર્ગના રાજ્યની) ઇચ્છા કરતો નથી. એમ અર્થ છે.

વૈદિક રાજ્યના પૂર્ણ અર્થનું સ્પષ્ટીકરણ કરે છે–"ન પારમેષ્ઠયમ્" વગેરે એટલે બ્રહ્માના પદની પણ ઇચ્છા કરતો નથી. પરમેષ્ઠી એટલે બ્રહ્મા. રજો ગુણના (પ્રતીક તરીકે) તેમનો અવતાર હોવાને કારણે એ સ્થાન (બ્રહ્માજીનું સ્થાન) રાજસી ગણાય અને ત્યાં પણ "બ્રહ્મા સહુ

મુચ્યન્તે” એટલે કે બ્રહ્માની સાથે તેમની મુકિત થાય છે. એ વાકયમાં કહ્યા મુજબ પરતંત્રતા દ્વારા મેળવેલી સિદ્ધિથી તો પોતાના વીર્યની (એટલે બળની) હાનિ જ થાય અને તું અખંડિત વીર્ય (શકિત–બળ) વાળો છે તેનું અસ્તિત્વ (હાજરી) હોવાથી એ પદની પણ હું ઇચ્છા રાખતો નથી. લૌક્કિ રાજ્યનું પણ પુર્ણપણે નિરાકરણ કરે છે–ન સાર્વ ભોમં....વગેરે....એટલે કે બધી ભુમિના સ્વામીપણામાં જ સર્વત્ર લોકમાં યશ મળે છે અને તે દાન વગેરેની અપેક્ષા રાખે છે તેથી ઉપાધિથી ભરેલું અને (અમુક) મર્યાદાને આધિન હોય છે અને “તદ્વાયસં તીર્થં (ભાગ ૧–૫-૧૦) એટલે કે એ તો વાયસ તીર્થ છે. એ વાકયમાં કહ્યા પ્રમાણે સ્વરૂપની દ્દષ્ટિ પણ દુષ્ટ છે....વળી “રાજ્યાન્તે નરકંધ્રુવં” એટલે કે ત્યાંના રાજ્યના અંતે નર્ક પ્રાપ્તિ ચોક્કસ છે. વગેરે વાકયોથી તેમજ ત્યાંથી અવસાનને (એટલ અંતને) કારણે પણ, તેમજ (હે ભગવાન !) સંપુર્ણ રીતે પ્રશંસા કરવા યોગ્ય યશ કીર્તિ ધરાવનાર તું હાજર (વિદ્યમાન) છે તે કારણથી પણ એ સ્થાનની ઇચ્છા હું રાખતો નથી. લૌક્કિતાની અસમર્થતાનું સ્પષ્ટીકરણ કરે છે. પરંતુ રસાધિપત્યની (અસમર્થતા)નું નહિ. રસ એ તો ગૌણ લક્ષણ છે તેથી બધા અધોલોક (નીચેના લોકો)નું નિરૂપણ કરવામાં આવેલું છે અને ત્યાં પણ ભુમિની અપેક્ષાને કારણે સુખભોગ અધિક હોય અને તે લક્ષ્મીથી હોય છે. અને એ (લક્ષ્મી)નું તો તેં (વિષ્ણુએ) બલિરાજાના પાસેથી હરણ કરીને આપેલી (દત્તા) છે અને તારામાં અનપાયિની (દોષ વિનાની) લક્ષ્મીનું હંમેશાં અસ્તિત્વ છે તેથી એની પણ હું અપેક્ષા રાખતો નથી. વૈદિકતામાં અસમર્થપણું સ્પષ્ટ કરતાં કહે છે–“ન યોગ સિદ્ધિઃ” એટલે યોગની સિદ્ધિ પ્રાપ્તિની પણ હું ઇચ્છા રાખતો નથી. કારણ કે અપકવ (કાચા–પુરેપુરા સિદ્ધ નહિ એવા) યોગીયો જ સિદ્ધિના બળથી ઇચ્છેલા વિષયો (બાબતો)નું સર્જન કરીને ભોગ કરે છે તે કારણે તેઓ પોતાથી પણ ભ્રષ્ટ થઇ જાય છે, તેથી તેમનું જ્ઞાન ભ્રમવાળું (સત્ય વગરના ભ્રામક ગુણોવાળું) જ હોય છે અને તું તો નિત્ય અખંડિત જ્ઞાન ધરાવનાર હાજર છે (અસ્તિવ ધરાવે છે) તે કારણને લીધે તેની પણ હું અપેક્ષા રાખતો નથી. વળી વૈદિક સાત્વિક અર્થનું (પણ) નિરાકરણ (સ્પષ્ટીકરણ) કરે છે–“અપુનર્ભવમ્ વેતિ” એટલે કે અથવા તો અપુનર્જન્મ (ફરીથી જન્મ ન થાય તેવી સ્થિતિ)ની હું ઇચ્છા કરતો નથી. “સત્વાત્ સંજાય તે જ્ઞાનમ્” (ગીત અ. ૧૪–૧૭) એટલે કે સત્વ ગુણને લીધે જ્ઞાન ઉત્પન્ન થાય છે....એ વાકયથી જ્ઞાનના સાત્ત્વિકપણાને કારણે જ્ઞાનથી સાધ્ય એવા મોક્ષની પણ એવી જ સ્થિતિ છે અને એનો આનંદ ગણિત (ગણના કરી શકાય એવો) હોવાથી અવગણિત આનંદ જે તું તેનો એતો એનો એક અંશ જ છે પણ તું નથી. અને ત્યાં પણ સેવ્ય સેવક ભાવથી એકબીજાની સાપેક્ષતા નથી. ભેદના અભાવના કારણે તેથી તેના અર્થત્વના અભાવને માટે ફરીથી જન્મ ન થાય એવું પદ (સ્થાન) છે. જન્મના અભાવ સિવાય બીજું કંઇ વિશેષ (ખાસ) ન હોવાથી. જ્યારે તું તો પુર્ણાનંદ છે અને ભકત માટે સાપેક્ષ તેથી “મદયતે ન જાનન્તિ નાહં તે ભ્યો મનાગપિ” જુઓ ભા. ૯–૫–૬૮ એટલે કે મારા સિવાય બીજા કોઇને તેઓ (મારા ભકતો જાણતા નથી અને હું (ભગવાન) પણ તેમના સિવાય (ભકતોના સિવાય) બીજા કોઇને

જરાપણ (મનાગપિ) જાણતો નથી. એ વાકયમાં જણાવ્યા પ્રમાણે તેથી ભકતો સિવાય બીજા કોઇના ઉપર પ્રેમ ન હોવાને કારણે અને તું (ભગવાન) અખંડિત વૈરાગ્ય ધરાવતો અસ્તિત્વમાં હોવાથી તેની પણ હું ઇચ્છા રાખતો નથી. મર્યાદામાં મોક્ષ તો ચતુર્થ પુરૂષાર્થ છે અને તે પુષ્ટિમાર્ગમાં ત્યજવા યોગ્ય છે તેથી અર્થ વચ્ચે ગણિત (ગણના થઇ શકે એવો) હોવાથી તેના તરફ અનાદરને સૂચવવા માટે "વા" (અથવા) એમ કહ્યું છે.

જ્યાં મોક્ષનો પણ અનાદર કરવામાં આવ્યો છે ત્યાં (પુષ્ટિમાર્ગમાં) બીજાઓ માટે તો કહેવાનું જ શું હોય? કંઇ નહિ એ અર્થ છે. તો પછી જો એમ પુછવામાં આવે કે તું કયા અર્થની અપેક્ષા રાખે છે? તો (જવાબમાં) કહે છે કે–

"સમજસા" (એટલે કે હે સમંજસ! પુર્ણત્વને લીધે સકલ અર્થ–સ્વરૂપ! તું આવો છે તેથી તારો વિરહ કરીને તને છોડીને જુદા એવા ઉપર જણાવેલા બીજા કોઈ અર્થની હું ઇચ્છા રાખતો નથી. પરંતુ તને જ (તું સર્વાર્થરૂપ હોવાને કારણે અર્થરૂપે ઇચ્છું છું. એટલે કે નિરંતર (હંમેશાં–વચ્ચે જરાય સમયનો ગાળો રાખ્યા વગર) ઇચ્છું છું. એમ અર્થ છે. અથવા તો પહેલાં કહેલા બધા અર્થોને દૂર (જુદા) રાખીને ફકત તને જ અર્થરૂપે ઇચ્છું છું. ૨.

–ક્રમશઃ

માસિક પૃષ્ઠ સહાયક

પ. ભ. ડાયાભાઇ લક્ષ્મણભાઇ ગણાત્રા પરિવાર ગો. વા. વિઠ્ઠલદાસ પરમાનંદદાસ ગણાત્રા રાજકોટ વાળાનાં જયશ્રીકૃષ્ણ.

સત્સંગ દેશમાં

[“વૈશ્વાનર” ના તંત્રી **ગો. વા. શ્રી પ્રેમલાલ ગો. મેવાચા**, **“ભકિતપ્રિય”** નું ધોરાજી મોટી હવેલીમાં તા. ૧૩–૪–૧૯૫૮ની સભામા આપેલ પ્રવચન.]

મંગલાચરણ

સૌંદર્યં નિજ હૃદ્દગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરુપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશાત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્ભૌરસમયઃ કૃષ્ણોહિતત્સાક્ષિકં
રુપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા
વલ્લભમ્ ॥

પરમ માનનીય વૈષ્ણવ ભાઇઓ/બહેનો,

આજની રવિવારની સભામાં ઉપસ્થિત થઇ મારી વાણી પવિત્ર કરવાનો મને જે લાભ મળ્યો છે તે માટે હું આચાર્યશ્રી મહાપ્રભુજીની કૃપા માનું છું. વૈષ્ણવોની દયાથી બે શબ્દો હું કહીશ.

આવતી કાલે શ્રીમદ્ આચાર્યચરણની જયંતિ છે. શ્રીમદ્ આચાર્ય ચરણકમલે અથાગ પરિશ્રમ લઇને દૈવીજીવોનો ઉદ્ધાર કર્યો છે. એવા સમયે આપણું કર્તવ્ય શું હોઇ શકે ? એ વિષે આપણે વિચાર કરીએ.

શ્રી મહાપ્રભુજી ભૂતલ ઉપર પધાર્યા અને પુષ્ટિમાર્ગનું સ્થાપન કરી તેનો સર્વાંગી વિકાસ સાધ્યો. આખા ભારતવર્ષમાં ફેલાવો કર્યો, દૈવી જીવો અને નિઃસાધન ભકતોનો ઉદ્ધાર કરવો એ તેમનું મુખ્ય કાર્ય હતું. પોતાના જીવન દરમ્યાન તેઓએ કેટલું કર્યું ? કેવું કર્યું ? શું કર્યું ? આપણને સરલ માર્ગ બતાવ્યો. તેમાં કયાં સુધી આપણે પહોંચ્યા છીએ ? તેમના આદેશો આપણે જીવનમાં ઉતાર્યા ?

પામર જીવનો ઇશ્વર સાથે સંબંધ બાંધનાર શ્રી આચાર્યજીનો મુખ્ય ઉપદેશ “નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ” ભકતોએ સાથે મળીને નિવેદનનું સ્મરણ કરવું. કોઇએ આપણને કઠોર વચન કહ્યું હોય તો આપણને માઠું લાગે છે. તે વચન આપણે ભૂલતા નથી. તો પછી જેણે આપણાં ઉપર ઉપકાર કર્યો હોય તેને શી રીતે ભૂલાય ? જેઓએ આપણને શરણમાર્ગ બતાવ્યો. ભગવદ્ પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો તેને શી રીતે ભૂલી શકાય ?

બ્રહ્મસંબંધ લીધા પછી શું કરવું ? શ્રવણ–કિર્તન–અર્ચન વગેરે નવધાભકિતમાં શ્રવણભક્તિ એ પ્રેમલક્ષણા ભક્તિનું પ્રથમ પગથિયું છે. કિર્તન એ બીજું પગથિયું છે. આમ ભગવદ્ પ્રાપ્તિ કરવા માટે આપણે ઉતરોત્તર આગળ વધવું પડશે.

ભક્તકવિ દયારામભાઇએ પણ આપણને તેમનાં કાવ્યમાં એ જ માર્ગ બતાવ્યો છે. “નિશ્ચયનો મહેલમાં વસે મારો વાલમો” નિશ્ચયનો મહેલ એટલે દૃઢ શ્રદ્ધા, ભક્તિરૂપી દૃઢ વિશ્વાસ તેનાં મહેલમાં જ પ્રભુ બિરાજી રહ્યા છે. પ્રભુને પ્રાપ્ત કરવા માટે અડગ ટેક અને અચલ શ્રદ્ધા બન્ને ચણવાની ઇમારતનાં મજબૂત ટેકા છે.

[અહીં વકતાએ એ ધોળ સુંદર હલકથી ગાઇને શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા]

આપણે ત્યાં અજાણ્યો પરદેશી મુસાફર આવે ત્યારે એ પ્રથમ જગતનો નકશો જુવે. ધોરાજી કયા પ્રાંતમાં છે ? કયા દેશમાં છે ?

કયુ રેલ્લે સ્ટેશન છે ? તેમ અહીં પણ 'સત્સંગ' દેશમાં ભક્તિનગર છે. સત્સંગથી ભક્તિની વૃદ્ધિ થાય છે. સત્સંગ હોય તો ભક્તિ પ્રાપ્ત થાય, માટે સત્સંગ દેશમાં ભક્તિ નગર છે.

'પ્રેમની પોળ પૂછી જાજો રે....' ત્યાં કોઇ રાજમાર્ગ નથી, ધોરી માર્ગ નથી, સાવધાનીથી જવાનું છે, રસ્તો સાંકડો છે, અહીં સાંકડો-માર્ગ એટલે કે રાજમાર્ગનો રસ્તો બધાની જાણમાં હોય, ત્યારે શહેરની નાની અને સાંકડી ગલીનું જ્ઞાન દરેકને નથી હોતું. તાત્પર્ય એ કે પ્રભુને મેળવવા એ સહેલું કાર્ય નથી.

"વિરહતાપ પોળીયાને મળી મોલે પેસજો રે...." એ મહેલમાં પ્રવેશ કરવા માટે વિરહતાપરૂપી દ્વારપાળને મળ્યા સિવાય એ મહેલમાં પ્રવેશ થવો અશક્ય છે. વિરહતાપ–વિરહરૂપી અગ્નિ જે મહેલનો દરવાન છે તેને પુછવું પડશે. અરે ! હજારો વર્ષ સુધી વિખૂટો પડેલો આનંદ વિનાનો જીવ કયારે પ્રભુને પામશે એ જાતનો વિરહાગ્નિ ઉત્પન્ન થવો જોઇએ. આપણે લૌકિક ભોજન પ્રાપ્ત કરવા માટે પણ અગ્નિની જરૂર પડે છે. તો પછી આ તો અલૌકિક ભોજન છે. ત્રિલોકના નાથને મળવું એ કાંઈ સહેલું નથી.

સાંજનો સમય થયો હોય અને ગાય ધણમાંથી છુટી પોતાના ઘર તરફ જતી હોય ત્યારે પોતાનાં વાછરડાને જેને સવારથી વિખૂટો મૂકયો છે તેને મળવાને કેટલી આતુર હોય છે. એમ આપણે પણ પ્રભુ પ્રાપ્તિની આતુરતા તાલાવેલી હોવી જોઇએ. આપણે કોઇ ચીજ કરવી હોય તો તેમાં ત્રણ વસ્તુની જરૂર પડે છે. ખપ, ખોળ અને ખટકો. ચા કરવો હોય તો ખાંડનો ખપ પડે. મોટી બજારમાં ખૂણા ઉપરની દુકાન જો જો, ત્યાં ભાવ ઓછો હોય છે, એટલે આપણે તેની શોધ કરવી પડે. હવે ખટકો, ખાંડ, દૂધ અને ચા તો ભેગા થયા પણ જો બનાવનારાએ દીલથી ચા ન બનાવ્યો હોય તો ખાંડ, ચા અને દુધ ત્રણે બગડે છે. ઘેરે મેમાન આવ્યા હોય ત્યારે કેટલી ચકાસણી કરીએ છીએ, જો જો હો ચામાં ખાંડ બરાબર છે ને ? આ રીતની સૂચનાઓ રસોડા ખાતાનાં સુપરવાઇઝર તરફથી મળે છે. એટલે વિરહતાપ દિલથી થાય છે એથી જ વિરહતાપ પોળીયાને પુછી મહેલે પહોંચજો.

એ મહેલમાં દાખલ થવા માત્રથી જ જીવનું કામ થઇ જતું નથી, કારણ કે ભગવાન તો ભકિત મહેલના ઠેઠ ઉપલા (પ્રેમલક્ષણ ભકિતના) માળામાં બિરાજે છે. ત્યાં પહોંચવા માટે સેવારૂપી સીડી ચડવી પડશે. તનુજા–વિત્તજા અને માનસી વગેરે સેવાના પગથીયા ચડયા વિના ઇચ્છિત સ્થાને પહોંચી શકાતું નથી, અને સેવા સીડી ચડયા પછી પણ થોડાક વિધિ કરવો પડે છે.

જો કે રાજા મહારાજાઓ હવે નથી, પરંતુ પહેલાં આપણે જો રાજાને મળવા જવું હોય તો પહેલાં દરવાનને આપણે કહેવું જાઇએ. આપણે શું કામ છે વગેરે દરવાન આપણી પાસેથી જાણી લીધા, બાદ રાજાને ખબર આપે અને પછી આપણને ખબર મળે કે તમને રાજા સાહેબ બોલાવે છે. હવે રાજાને આપણે મળવું હોય તો ઘોળ કરવી પડે–ભેટ ધરવી પડે દેવ, ગુરુ અને રાજા પાસે ખાલી હાથે

જવાય નહિ તો પછી આપણે તો રાજન કે રાજ, રાજા કે મહારાજ બિરાજે છે તેને આપણે મળવા જવું હોય તો શું ભેટ ધરશો ?

"દીનતાના પાત્રમાં મન મણી મુકીને ભેટ ભગવંતજીને ધરજો રે" દીનતા રૂપી પાત્રમં તમારા મનરૂપી મણિને મુકી તેને ભગવાનના ચરણવિંદમાં ધરી દેજો, કારણ કે ભગવાને પ્રસન્ન કરવાનું સાધન "દીનતા" છે અને મન ને ભગવત્પરાયણ બનાવી દેવાથી પણ ભગવાનની પ્રસન્નતા મેળવી શકાય છે, ભેટ ધર્યા પછી અહંતા મમતાને અને હું ભાવ-પુંભાવને નોછાવર કરીને જીવ ભગવાનનું વરણ પ્રાપ્ત કરી શકે છે. એવા જીવને ભગવાન પોતાનો કરીને સ્વીકારે છે.

આ બધું પ્રાપ્ત કરવામાં જીવનું સાધન બળ કામ આવતું નથી, ભગવાનની ઇચ્છા જ એમાં મુળ કારણરૂપે હોય છે અને તે ભગવાનની કૃપા વિના સિદ્ધ ન થાય. તો આ બધું સિદ્ધ કરવામાં સરલતા કયે પ્રકારે થાય ? તો દયારામભાઇ કહે છે કે "શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું રે."

હવે આ બધું કોને માટે છે ? ત્યારે કવિ કહે છે કે "દૈવીજન પ્રત્યે દયો ગાએ રે ? આ બધું ફક્ત દેવીજીવો માટે છે. બીજાને તો સાંભળવાની ફુરસદ નથી હોતી. દૈવીજીવોને માટે દયારામભાઇએ કહ્યું છે. તેને બની શકે તેટલું આચરણમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ. તમે જે કાંઇ શ્રવણ કરો તેના ઉપર મનન કરો અને મનન કરવાથી વસ્તુ સ્થિતિ આપ મેળે કાર્ય કરતી થશે. સારા સારા વાકયોને યાદ રાખો અને તેમાં શબ્દાર્થ-વ્યંજનાર્થ ભાવાર્થ સમજીયે તો જ શ્રવણ કર્યું લેખે લાગશે.

એક સમયે એક રાજા પાસે એક કલાકાર આવ્યો. તેની પાસે ત્રણ પૂતળી હતી. રાજાને કહે છે કે રાજા સાહેબ મારી કલાની આપ કદર કરો.

અગાઉના રાજાઓ કલાકારો, વિદ્વાનો વગેરેને પોષત, તેની કદર કરતા.

રાજા કહે બોલ શું છે !

કલાકાર કહે–સાહેબ, મારી પાસે ત્રણ પુતળીઓ છે.

એક પુતળીના કાનમાં સોંસરવો દોરો છે. તે એક કાનથી બીજા કાન સુધી પહોંચતો હતો. બીજી પુતળીના કાનમાં દોરો બીજા કાન સુધી નહિ પહોંચતા અડધે અટકતો હતો અને ત્રીજી પુતળીનાં કાનનો દોરો હૃદય સુધી ઉંડે ઉતરતો હતો.

કલાકારે આટલું રાજાને સમજાવીને કહ્યું કે રાજા સાહેબ આપ જો આની વાસ્તવિક કીંમત કરશો તો આ ત્રણે પૂતળીઓ આપને ભેટ ધરીશ અને યે જવાબ બરાબર નહિ મળે તો ત્રણ સોનાની પુતળીઓ આપે મને ઘડાવી દેવી પડશે.

રાજા તો વિચારમાં પડયા. આમાં તો બુદ્ધિ કરતા સમજ શક્તિની વધારે જરૂર છે. ખુબ વિચાર કર્યો, પરંતુ કાંઇ સમજ પડી નહિ. રાજા વિચારમાં પડયા. જો જવાબ ન દેવાય તો રાજ પ્રતિષ્ઠાને હાની પહોંચે. આ વાતની રાજાની બાર વરસની કુંવરીને ખબર પડી. તેણે પિતાજીને પૂછયું કે તમે શી ગુંચવણમાં પડયા છો ?

રાજા કહે બેટા ! તને શું સમજ પડે.

પિતાજી હું જાઝું જાણતી નથી. પરંતુ સત્સંગ અને ભગવદ્ કૃપા પ્રસાદીથી જરૂર કહી શકીશ.

કૃપા પાત્ર જીવ હતો જેથી જરૂર કહી શકશે તેમ રાજાએ વિચાર્યું. ભગવદ્ પ્રેરણાએ મહાન શકિત છે.

રાજ કુંવરીએ કહ્યું. ત્રીજી પુત્રળી ઉત્તમ છે. એ પૂતળતી કઇ રીતે ઉત્તમ છે, તેમ પૂછે તો કહે જો કે આનો જવાબ રાજ કન્યા આપશે. રાજાએ કલાકારને કહેલ કે આનો જવાબ આવતી કાલે આપવામાં આવશે.

બીજે જ દિવસ રાજ સભા ભરાઇ અને રાજા શું જવાબ આપે છે તે સાંભળવા નિરવ શાંતિ સ્થપાઇ રાજાએ ત્રીજી પુતળી પસંદ કરી અને કલાકારનાં હર્ષનો પાર ન રહ્યો. તે બોલી ઉઠયો, રાજા સાહેબ આપનો જવાબ સાચો છે. અને તે બદલ હું મારી ત્રણે પુતળીઓ ભેટ ધરૂં છું. જેનો સ્વીકાર કરો. રાજાજી એક સવાલ પૂછું છું કે આ પૂતળીની તમે શી રીતે કીંમત કરી ? કે માત્ર અડસઠો હતો ? તુરત રાજાએ કહ્યું કે તેનો જવાબ રાજ કન્યા આપે.

ભરી સભામાં બાર વર્ષનાં ભારતી બહેનને બોલાવવામાં આવ્યા અને પૂતળીની કીંમત કઇ રીતે આંકેલ છે તે સમજાવવા કહ્યું.

ભારતી બેન કહે અરે ! એમાં શી મોટી વાત છે. જે પુતળીના કાનની આર પાર દોરો છે તેનો અર્થ એ થાય છે કે તે એક કાનેથી શ્રવણ કરી બીજા કાન વાંટે બહાર કાઢી નાખે છે અને તે કનિષ્ટ. બીજી પૂતળી જેનો દોરો અધવચ જઇ અટકી જાય છે તે મધ્યમ તે શ્રવણ કરી બીજા કાને કાઢી નાખતી નથી. ત્રીજી પુતળી જેનો દોરો કાનમાંથી પસાર થઈ હૃદય સુધી પહોંચેલો છે તે ઉત્તમ તે શ્રવણ કરી હૃદયમાં ઉતારે છે. સભાએ તાલીઓ પાડી. ભારતી બેને રાજ-પિતા અને દરેકની પ્રતિષ્ઠા સાચવી. તેમ અંદરો અંદર કહેવાવા લાગ્યું. ભારતી બેનની શ્રવણ ભકિત ફળી.

માટે આપણે પણ શ્રવણ કરવું તે ઉપર કાંઇ અવશ્ય વિચાર કરવો, મનન કરવું તો ભારતી બેનની જેમ શ્રવણ ભકિતની આકરી પરીક્ષામાંથી પસાર થઇ શકાય.

શ્રી ધોરાજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંડળે માત્ર બે વર્ષ જેટલા ટુંકા ગાળામાં જે પ્રગતિ કરી છે તે આજે નજર સમક્ષ જોઇ રહ્યો છું. અને હજુ પણ મંડળ ખુબ ખુબ આગળ વધે તેવી મારી હાર્દિક અભિલાષા છે. તેમજ તમારી અંતરની પ્રેરણા સત્સંગ રોચક બને અને પ્રમેયાત્મક બને. સાથે સાથે સત્સંગ દેશમાં પણ આવતા રહે જો અને સંપ્રદાયની બને તેટલી સેવા કરશો એવી મારી વિનંતિ છે. શ્રી મહાપ્રભુજી તમારા કાર્યને વધુને વધુ વેગવંત બનાવે. તેટલું કહી હું બેસી જવા રજા લઉં છું.

પુષ્ટિમાર્ગમાં ઉદ્ધાર

સંશોધક અને લેખક – **'માધુરી'**

[શ્રી હરિરાયજીએ શિક્ષાપત્રમાં 'વંચક'નું સ્વરૂપ દર્શાવ્યું છે અને તેવા વંચકના સંગથી બચતા રહેવા ચેતવ્યા છે. હાલમાં તેવા વંચક ઠેકઠેકાણે ફરીને પુષ્ટિમાર્ગમાં 'ઉદ્ધાર' જેવો શબ્દ જ નથી તેવી મન કલ્પિત વાતો ફેલાવીને ભાવિક વૈષ્ણવ જનતાને ભ્રમિત કરીને સ્વાર્થ સાધી રહ્યા છે. તેવાથી ચેતતા રહીને સત્ય સમજવામાં આવે તે માટે પુ. ગો. ઇન્દિરાબેટીજીએ શ્રી સર્વોત્તમ સ્તોત્ર ઉપર પ્રવચન કરેલા તેના 'ધ્યેયં સદા વલ્લભમ્' ભાગ બીજામાંથી પ્રસ્તુત લેખ સંબંધના વચનામૃતોનું સંશોધન સંકલન કરી વૈષ્ણવજન સમાજને સન્માર્ગ દર્શક બનશે અને વંચકના ભ્રામક વાકયોથી બચશે તેવા શુભ આશય સહ.... –**'માધુરી'**]

'ઉદ્ધાર' શબ્દમાં ઉદ + ધાર (ઉદ ઉપર હૃદયમાં ધારા ચાલુ કરવી) જે ધારા નીચે નથી આવતી પણ ઉપર જ વહન કરે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અ. ૧૫–શ્લોક ૧માં 'ઉર્ધ્વ મૂલ મધઃ શાખમ્' ઉંચે જેના મૂળ છે, નીચે જેનાં પાંદડાં છે. ભગવદ્ રસધારા અવિચળ હૃદયમાં ચાલુ રહે, મન લીલા રસાનુભાવ કરતું રહે તેનું નામ ઉદ્ધાર.

પ્રભુની પ્રતિક્ષણ લીલા અને તે પણ નિત નવી છે. તે લીલારસ તરંગો ઉછળતા રહે, શાંત થઇને બેસી ન રહે. આ લીલાનું અનુસંધાન અવિચળ ધારારૂપે હૃદયમાં વહેતુ રહે, ઉછળતું રહે તેવી જ મહત્વકાંક્ષા તે 'ઉદ્ધાર'.

પુરૂષોત્તમથી વિખૂટા પડેલા પુષ્ટિ જીવોનો ઉદ્ધાર થાય તેમ ઇચ્છતા હતા. ઉપરની વ્યાખ્યા મુજબ ઉદ–ધારા ઉપરની ધારાથી નીચે પૃથ્વી ઉપર સંસારમાં આવ્યા, પરંતુ ધારાની સહાયતા વગર ઉપર ચઢવાનું કઠણ કાર્ય બન્યુ તે તો પ્રભુ સ્વયં વિચારે ત્યારે જ કામ થાય.

શ્રી મહાપ્રભુજી દ્વારા શરણાગત થયા પછી જ તે ધારાની શુદ્ધિ આવે છે. પૃથ્વી ઉપર આવેલા જીવો લીલાસૃષ્ટિનાં તેને ત્યાં પહોંચવા માટે ધારાનો સહારો જોઇએ. જે રસધારાનો થોડો ઘણો રસ રસિકોના મનમાં ભરાઇને બેઠો છે, તેમાંથી પ્રાપ્ત થાય અને તે રસધારા અવિચળ હૃદયમાં ઉછળતી રહે તેનું નામ ઉદ્ધાર.

શ્રી ગુસાંઇજી શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીનું પાંચમું નામ "દૈવોદ્ધારપ્રયત્નાત્મા" દર્શાવે છે. દૈવ + ઉદ્ધાર + પ્રયત્ન + આત્મા = દૈવી જીવોનાં ઉદ્ધાર માટે પ્રયત્ન કરવાવાળા શ્રી મહાપ્રભુજી.

શ્રી મહાપ્રભુજીમાં પુરૂષોત્તમભાવ, આચાર્યરૂપ, સ્વામીનીભાવ, ગુરૂભાવ પણ રહેલો છે. શ્રી મહાપ્રભુજીમાં શ્રીનાથજી, શ્રી સ્વામીનીજી, શ્રી યમુનાજી, ગુરુદેવરૂપે બિરાજમાન છે.

ઓછી સમજવાળા અર્થનો અનર્થ કરે છે. દૈવોદ્ધાર પ્રયત્નાત્મા=દીવો દીધો પ્રેતના હાથમાં એટલું જ નહીં, પાછું સિદ્ધ કરે છે કે જ્યારે શ્રી મહાપ્રભુજી ભારત પરિક્રમા કરવા

ગયા ત્યારે પ્રેતના હાથમાં દીવો દીધો, આવો અર્થઘટન કરે. ભોળા માનવી માની લ્યે. પોતે તો અંધારા કુવામાં પડયો છે, પણ બીજાઓને પણ અંધારામાં નાખી દીયે. આવાથી ચેતવું જરૂરી છે.

એક ઠેકાણે કોઈ નામી ભગવદીય આવ્યા જાણીને અમુક વૈષ્ણવો સાથે હું પણ ગયો. બેઠેલો વર્ગ દિગ્મૂઢ થઇ સાંભળી રહ્યો હતો. અંધાધૂંધ ગપ ચલાવી રહેલા તે બહારગામના ભાઈની સામે જ બેઠો. મને સાથેના લોકોએ મના કરી હતી કે મહાન ભગવદીય છે તમે ત્યાં કાંઇ પણ બોલશો નહીં. તેમ છતાં મુંબઇવાળા વૈષ્ણવના આગ્રહથી એક કિર્તન બોલવા લાગ્યો, તેમાં "વલ્લભવંશ થકી ઉદ્ધાર થયો છે અનેકનોરે" એ તુક સાંભળતાં તે નકલી ભગવદીય છંછેડાણા ને વક્ર ભાષામાં બોલ્યા કે પુષ્ટિમાર્ગમાં 'ઉદ્ધાર' શબ્દ જ નથી, ઉદ્ધાર વળી કેનો કર્યો. આમ મારા ઉપર ક્રોધથી રાતાપીળા થઇ ગયા.

મને તો તેની સામે બોલવાની પ્રથમથી જ મનાઈ કરી હતી. મેં બધાનાં મોઢા ઉપર નજર નાખી. બધા શાંત હતા. મને વિચાર થયો કે આ બધા વૈષ્ણવો એ પાઠમાં અને ઘોળમાં "વહાલો દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય" નહીં વાંચ્યું હોય તેમ બધા ચૂપ હતા.

આ વાત ઉપરથી આ સત્સંગના પ્રસંગને કેવળ ધન્યવાદ દેવો જોઇએ કે જાણવા છતાં આવા ખોટા અર્થઘટન કરવાવાળાની ઝાળમાંથી છૂટી શકતા નથી.

દૈવી જીવોનો ઉધ્ધાર

શાસ્ત્રોમાં ત્રણ પ્રકારના આનંદનું વર્ણન કરેલ છે. વિષયાનંદ, બ્રહ્માનંદ અને ભજનાનંદ

૧. લૌક્કિ ભોગ ભોગવવાથી જે સુખ મળે તે વિષયાનંદ.

૨. મોક્ષ પ્રાપ્તિનો આનંદ મળે તે બ્રહ્માનંદ.

૩. ભકિતથી જે આનંદ મળે તે ભજનાનંદ.

શ્રીવલ્લભ ભકિતનાં આધારરૂપ છે, પોતે દૈવી જીવોનો ઉધ્ધાર કરવા માટે જ ભૂતલ પધાર્યા છે. ભકતો માટે કેવળ ભજનાનંદ દાન કરવું તેનો ઉધ્ધાર બીજા આનંદની જરૂર નથી. મતલબ કે સર્વોત્તમજીમાં નામોમાં પહેલાંજ શ્લોકમાં મહત્ત્વની વસ્તુ ભરી દીધી છે. ભલે પછી પૃથ્વી ઉપર પધારી શ્રીમહાપ્રભુજીએ બીજા અનેક કામો કર્યા જેમ કે આચાર્યરૂપે ગ્રંથોની રચનાં, પંડીતો સાથે વાદ વિવાદ તેમાં બધા કરતાં દૈવી જીવોનો ઉધ્ધાર જ મહત્ત્વની વસ્તુ સાફ દેખાય છે. પોતાના ભકતોને નિજાનંદનું દાન ભજનાનંદ તે જ તેનો ઉધ્ધાર ભકિત રૂપી આનંદનું દાન કરવાવાળા તેજ પ્રભુનું આનંદ સ્વરૂપ.

ભજનાનંદમાં પ્રભુનાં સંયોગ–વિપ્રયોગ બન્નેમાં થાય છે. તે એવી રીતે કે સંયોગમાં પ્રભુનો અનુભવ ભજનાનંદ છે તે આનંદ કહેવાય છે. વિપ્રયોગમાં શ્રી પ્રભુ અને શ્રીમહાપ્રભુજીનાં આનંદરૂપ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ છે. કેમકે વિપ્રયોગ વખતે સકળ લીલા

સામગ્રી પ્રભુમાં બિરાજમાન છે. આવા આનંદાત્મક પ્રભુનો અનુભવ વિપ્રયોગમાં થાય છે. પ્રભુ પોતાનામાં સમાયેલી લીલા સૃષ્ટિને બહાર પ્રગટ કરે છે ત્યારે આ આંખોથી સકળ લીલા સામગ્રીનો પ્રગટ અનુભવ થાય છે. આવું વિપ્રયોગ સ્વરૂપ તે પરમાનંદ જ્યાં સકળ લીલા સામગ્રી સહિત અનુભવ છે. માટેજ ભકતોને સંયોગ વિપ્રયોગ બન્નેનું દાન કરવું તેનું નામ તેનો ઉદ્ધાર તે અહીં સિદ્ધ બતાવે છે.

ઉદ્ધાર શબ્દ કોઇ સાધારણ પાપમુક્તિથી બહુ જ વિચારવા યોગ્ય છે. પ્રભુ પોતાનામાં સમાયેલી લીલા સૃષ્ટિને બહાર પ્રગટ કરે છે ત્યારે આ આંખોથી લીલાસૃષ્ટિનો અનુભવ થાય છે. વ્રજભૂમિ, શ્રી યમુનાજી, શ્રી ગિરિરાજજી, અનંત ગોપગોપી પ્રભુના અંતઃકરણથી બહાર પ્રગટ થઇ પ્રભુ સાથે લીલા વિહાર કરે છે ત્યારે પરમ સંયોગનો અનુભવ. આવી રીતના વિપ્રયોગનાં સ્વરૂપને પરમાનંદનો અનુભવ. કેવળ રસનો અનુભવ તે આનંદ રસાત્મક પ્રભુનો અનુભવ હોઇ શ્રી મહાપ્રભુજીને પરમાનંદ કહ્યા છે.

અનેક લીલાનું ચિંતન અને તેનાં ફલમાં અનુભવ આનું નામ ઉદ્ધાર. આ પુષ્ટિ ઉદ્ધાર છે. મર્યાદા જીવોનો ઉદ્ધાર વેદશાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે બતાવેલા છે. પરંતુ પુષ્ટિ જીવો માટે સેવા પ્રકાર–માર્ગ શાસ્ત્રોમાં સ્પષ્ટ રીતે બતાવેલ નથી. તેથી જ “પુષ્ટિ જીવોનો ઉદ્ધાર કરવા શ્રી મહાપ્રભુજીનું પ્રાકટય છે અને તે માટે જ શ્રી મહાપ્રભુજી પ્રયત્નશીલ છે –પ્રયત્ન ઉપાય.

વળી સમજવા યોગ્ય ઉદ્ધાર શબ્દનો અર્થ–

જેનું પતન થાય તેનો જ ઉદ્ધાર થાય અને તે કરવો જરૂરી. નીચે પડી ગયેલાને ઉઠાવી લેવો તે ઉદ્ધાર. ઉપર રહેલાને શું ઉપાડવો છે ? જરૂર જ નથી.

લીલાસૃષ્ટિથી વિખુટા પડેલા જીવો નીચે સંસારમાં પડયા પડયા ભ્રમણ કરતાં જ રહ્યા તે ત્યાં સુધી તેનું પતન થયું કે તેઓ પોતાના મૂળ સ્વરૂપને પણ ભૂલી ગયા પછી તો વર્તમાન કાળ જ તેને યાદ રહ્યો, આ મહાન પતન થયું.

આ પતનમાંથી નિત્યલીલાનાં જીવોનો ઉદ્ધાર કર્યો એટલે કે બ્રહ્મસંબંધ આપી પોતાનાં મુળસ્વરૂપની યાદ તાજી કરાવી. અંતઃકરણમાં પ્રભુના મિલન માટેનો તાપ કલેશ પ્રગટ કર્યો. આવી રીતે પ્રભુ પ્રાપ્તિ માટે અંતઃકરણમાં તીવ્ર ભાવનાનો સંચાર કરવાવાળા શ્રી મહાપ્રભુજી અને તે ભાવના દ્વારા પ્રભુ પ્રાપ્તિ તે ઉદ્ધાર.

દૈવી જીવો માટે શ્રી મહાપ્રભુજીએ અનહદ પ્રયત્ન કર્યો છે. નિત્યલીલાનો આનંદ છોડી ભૂતલ ઉપર પ્રગટ થયા. જીવોને સમજણ આપણા અનેક ગ્રંથોની રચના સર્વશ્રેષ્ઠ ષોડશ ગ્રંથો સરળ સમજાય તેવા બ્રહ્મસંબંધ મંત્ર પ્રગટ કર્યો, એટલું જ નહિં શ્રીનાથજીબાવાને પણ પોતાની સાથે જ તે જ દિવસે પ્રગટ કર્યા. સતત ત્રણવાર પરિક્રમા કરવા ખુલ્લા ચરણાવિંદથી પધાર્યા, તેમાં મુખ્ય કામ દૈવી જીવો જ્યાં જ્યાં વસતા ત્યાં ત્યાં આપ સ્વયં

પધારી તેનો ઉદ્ધાર કર્યો. દશ વર્ષની કોમળ વયે માતાની આજ્ઞા લઇ ભારત યાત્રા કરવા પધાર્યા. યાત્રા કરીને આપને કોઇ પુન્ય કરવાનું ન હતું કે કોઇ ધન કમાવું કે ન તો કોઈ પ્રતિષ્ઠાની ઇચ્છા હતી અને ખાસ કોઈ ઇચ્છા હતી તે તો કેવળ દૈવી જીવોનો ઉદ્ધાર અને તેને માટે તે તે સ્થળે સામેથી પધાર્યા. જેવા કે મંદરાચલ પર્વત, હિમાલય, બદ્રીકાશ્રમ જેવા દુર્ગમ સ્થાનો જ્યાં પહેલાં જવા આવવા માટે સુલભ રસ્તો જ ન હતો. ત્યાં પણ કેવળ ધોતી ઉપરણા ધારણ કરી પધારતા. આ બધાનો વિચાર કરતા તો આંખોમાંથી આંસુ સરી પડે કે કેવળ દૈવી જીવોનો ઉદ્ધાર કરવા આપે કેટલો પરિશ્રમ કર્યો છે. પહેલાં શ્લોકનું 'દૈવોદ્ધાર પ્રયત્નાત્મા' અતિ ગૂઢ છે, અતિ વિસ્તારવાળું છે.

ઉદ્ધાર શબ્દમાં જ રહસ્ય છુપાયેલું છે. જીવ શરણે લઇ તેને પ્રભુ મિલનની તાપ આર્તિ વધે તેમ તેમ તેનો ઉદ્ધાર નજીક આવે છે. વિખુટો પડેલો જીવ પ્રભુ પાસે પહોંચે ત્યારે ઉદ્ધાર થયો ગણાય.

આમ જુઓ તો શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી પુરૂષોત્તમજી લેખવાળા આદિ બધા શ્રી વલ્લભવંશ જ છે. આપનાં દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર થયો છે. શ્રી વલ્લભવંશ દ્વારા હાલ પણ ઉદ્ધાર થાય છે અને ભવિષ્યમાં પણ થશે જ. આ વસ્તુને ન માને તે કદાપિ યોગ્ય ગણાય જ નહીં. માટે ઓછી બુધ્ધિવાળા વાકચતુરાઇથી પોતાને પુજાવવાવાળા વંચકોથી ભાવિકજનો ચેતે તે જ શ્રેય છે. આવા પ્રપંચીઓને શ્રી મહાપ્રભુજી શુધ્ધ બુધ્ધિ આપે અગર તો વૈષ્ણવોને પારખવાની શકિત આપે એવી ભાવના સહ.... ॥અસ્તુ॥

પુસ્તક પરિચય

શ્રી ગોકુલરસ ચાખે —

લેખક – પ્રા. રમેશભાઇ વિ. પરીખ
પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લીક ચેરિટી ટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી–૨
બી. કે. સીનેમાની બાજુમાં, **મહેસાણા**–૩૮૪૦૦૨.
સાઇઝ ક્રાઉન ૧૬ પેઇજી પૃષ્ઠ ૧૦૮ પીન બાઇન્ડીંગ, લેમીનેશન પુંઠું

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી ગુસાંઈજી રચિત '**શ્રી ગોકુલાષ્ટક**' સ્તોત્ર ઉપરની શ્રી ગોકુલનાથજી કૃત વ્રજ ભાષા ટીકાના હસ્ત લિખિત ગ્રંથનું ગુજરાતી સરળ શૈલામાં સંવાદ રૂપે વિસ્તૃત વિવરણ લખાયેલ છે.

પ્રારંભમાં શ્રીમદ ગોકુલનું આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપનાં દિગ્દર્શન કરાવેલ છે.

આ અષ્ટકમાં શ્રીમદ ગોકુલનાં ૩૨ નામ શ્રી ગુસાંઈજીએ દર્શાવેલ છે તે દરેક નામની વિસ્તૃત સમજુતી ટીકાના આધારે તેમજ અષ્ટસખાઓની પદ્યાત્મક વાણીના પ્રમાણો સાથે દર્શાવેલ છે તેનું વાંચન મનન કરતી વખતે શ્રીમદ ગોકુલમાં જ છીએ તેવી અનુભૂતિ થાય છે.

આવા સુંદર સાહિત્યના લેખક–પ્રકાશક અને દ્રવ્ય સહાયકને ધન્યવાદ.

આ માસના ઉત્સવ

અષાડ વદ ૪ તા. ૮–૭–૯૩ ગુરુવાર. શ્રી ગોકુલનાથજી (ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ, ગો. ચિ. શ્રી શરદકુમારજી બાવાશ્રી (કોટા) તથા ગો. ચિ. શ્રી ગોપેશ્વરજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રી મુરલીધર બાવાશ્રી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૯–૭–૯૩ શુક્રવાર. ગો. ચિ. શ્રી દેવકીનંદનજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (માંડવી)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૧૦–૭–૯૩ શનિવાર. ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૧૨–૭–૯૩ સોમવાર. જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૧૩–૭–૯૩ મંગળવાર. ગો. ચિ. શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૧૪–૭–૯૩ બુધવાર. શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૧૫–૭–૯૩ ગુરુવાર. કામિકા એકાદશી વ્રત, કુંજમાં હિંડોળા, ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ઇન્દોર) તથા ગો. ચિ. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૧૭–૭–૯૩ શનિવાર. ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (નાથદ્વારા)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૧૮–૭–૯૩ રવિવાર. ગો. શ્રી શરદકુમારજી મહારાજ (વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ (અમાસ) તા. ૧૯–૭–૯૩ સોમવાર. હરિયાળી અમાસ, દિવાસો, ગો. ચિ. હિરણ્યગર્ભજી બાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (મુંબઇ-ધોરાજી)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૨૦–૭–૯૩ મંગળવાર. ચંદ્રદર્શન, ગો. ચિ. શ્રી મનમોહનજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૨૧–૭–૯૩ બુધવાર. ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૨૨–૭–૯૩ ગુરુવાર. ઠકુરાણી ત્રીજ, મધુશ્રવાતૃતીયા, ગો. ચિ. શ્રી લાડીલેશરાયજી બાવાશ્રી (વેરાવળ-પોરબંદર) તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજ શ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૨૩-૭-૯૩ શુક્રવાર. નાગપંચમી, શ્રીનાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫).

શ્રાવણ સુદ ૭ તા. ૨૫-૭-૯૩ રવિવાર. ગો. શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજ શ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૨૭-૭-૯૩ મંગળવાર. બગીચાનવમી, શ્રી ગોવિંદલાલજી કૃત સાત સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી પ્રભુજીબાવા (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૧ તા. ૨૯-૭-૯૩ ગુરુવાર. પવિત્રા-પુત્રદા એકાદશી વ્રત, પવિત્રા ભોગસંધ્યામાં ધરવા, સંયોગાત્મ મહારાત્રી, ગો. ચિ. શ્રી ગિરધરલાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૩૦-૭-૯૩ શુક્રવાર. પવિત્રા બારસ, ગુરુને પવિત્રા ધરાવવા, ગો. શ્રી મધુરેશજી મહારાજ (મથુરા-પોરબંદર) તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૨-૮-૯૩ રવિવાર. રક્ષાબંધન શૃંગારમાં, શ્રાવણી નાળીયેરી પૂર્ણિમા, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૧ તા. ૩-૮-૯૩ સોમવાર. હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૫-૮-૯૩ ગુરુવાર. કજ્જલી ત્રીજ, ગો. શ્રી ગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૯-૮-૯૩ સોમવાર. વિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૭ તા. ૧૦-૮-૯૩ મંગળવાર. શયનમાં છઠ્ઠીનો ઉત્સવ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

કાવ્ય – કુંજ

પુષ્ટિપથ

રચયિતા : **ચિ. ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)**

દેવીજીવ ઉદ્ધારન કારન
અસુરોંકી લીલા સંહારન,
કઈ સદીઓંસે પ્રભુસે બીછડે,
જીવોં કે અનુરાગ કે કારન.
શ્રી વલ્લભને પ્રગટ કીયા,

પુષ્ટિપથ....પુષ્ટિપથ....અદભુત યે પુષ્ટિપથ !
કઠિન કુંઠિત દેશકાલતેં,
અસુરોં કે માયાજાલમે,
કલિયુગ કે મહાકાલ મેં.
વિજયી હુઆ સિર્ફ ભકિતરથ ! ભકિતરથ ! ભકિતરથ !

પુષ્ટિપથ.,.પુષ્ટિપથ...અદભુત યે પુષ્ટિપથ !
જ્ઞાની મહાજ્ઞાનીકો દુર્લભ,
યોગી ઔર ઋષિઓં કો દુર્લભ,
પ્રભુ ભજનકા યે પરમાનંદ
દેને પધારે શ્રી વલ્લભ.
પુર્ણ હુએ સબ મનોરથ ! મનોરથ ! મનોરથ !

પુષ્ટિપથ...પુષ્ટિપથ... અદભુત યે પુષ્ટિપથ !
માયા કા વિસ્થાપન કરી કે,
ભકિતશ્રેષ્ઠતા સ્થાપન કરીકે,
પ્રભુ સ્નેહ કે બીજ અંકુર
ભકતહ્રદયમે પ્રદિપન કરી કે.
નીરાસ કીયે સભી અન્યમત ! અન્યમત ! અન્યમત !

પુષ્ટિપથ...પુષ્ટિપથ,..અદભુત યે પુષ્ટિપથ !
આનંદ કા યે મહાસાગર
હે પ્રભુ કા કૃપાસાગર
રસરંજન રસસ્વાદ પા કર
તેરના હે યે ભવસાગર.
અલૌકિક યે પ્રેમપથ ! પ્રેમપથ ! પ્રેમપથ !

પુષ્ટિપથ...પુષ્ટિપથ...અદભુત યે પુષ્ટિપથ !
વિરહ કી પીડા સુહાયે, આસકિત ઐસી હો જાયે,
પ્રભુ મીલન કી આર્તિમેં, પ્રેમાગ્નિ મન કો ભાયે.
વૈશ્વાનર કા યે અગ્નિથથ ! અગ્નિપથ, અગ્નિપથ !
પુષ્ટિપથ...પુષ્ટિપથ.,. અદભુત યે પુષ્ટિપથ !

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ" ધોરાજી**

પદ-૧૦૫

શ્રીયમુના જગત પાવન કરત;
પ્રથમ જાકો નામ સમરત,
કોટિ કલિમલ હરન. ૧

પેઠિકે જલ પરસ કરિ રહે,
મિટત જમકી જરન;
નામ સમરત ગઇ દુર્મતિ,
વિવિધ પોષણ ભરન. ૨

ઉપજત ઉગ્ર વૈરાગ્ય જાતે,
લે ચલે વાહિ શરન;
'સૂર' હરિકી ભકિત દાતા,
વિશ્વ તારન તરન. ૩

ભાવાર્થ-શ્રીયમુનાજી જગતને પાવન કરવા વાળાં છે. પ્રથમ જ તેનું નામ લેવાથી કોટિ જન્મના કોટિ પ્રકારના અનેક પાપોનું હરણ કરે છે. જે કોઇ જલ પ્રવાહમાં જઇને સ્નાન કરે છે તેના તન અને મનના સર્વ તાપોનું હરણ કરે છે.

શ્રીયમુનાજીનું નામ સ્મરણ કરતાં જ જીવની દુર્મતિ ચાલી ગઈ અને ભગવદ્ રસનું વિવિધ આનંદમય પોષણ મળ્યું અને ભરણ એટલે જીવોના હૃદયમાં વિવિધ સર્વોત્કૃષ્ટ ભાવો સ્થાઇ થાય-સિધ્ધ થાય.

જેનાં સ્નાન અને પયપાનથી સંસારમાં ઉગ્ર એટલે પ્રબળ સુદૃઢ વૈરાગ્ય થાય છે એવા અદેયદાની શ્રીયમુનાજી શ્રી હરિની ભકિતનું દાન કરનારાં અને વિશ્વનો ઉધ્ધાર કરનારાં છે અને તરન એટલે જે જીવ શ્રીયમુનાજીનું સેવા ગુણગાન કરે છે તે સંસાર સાગરને તરી જઇને શ્રીયમુનાજીની કૃપાથી પોતાનું ઇચ્છિત મેળવી જીવન સફળ કરે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

આચાર્ય કોણ થઈ શકે

લે. શ્રી વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી

નંદદાસજી–ગુરુજી ! તમે અમને શ્રીમદાચાર્યજીનું ટુંકું જીવનચરિત્ર તો કહ્યું, પણ તેની સાથે એમ પણ જણાવ્યું હતું કે, તેઓશ્રી તો ભકિતમાર્ગના એક મોટા આચાર્ય થયા છે, તો આચાર્ય એટલે શું તે અમને સમજાવશો ?

ગુરુજી–નંદદાસ, તમે ઘણો જ સારો સવાલ પુછયો. પણ હું તમને તેનો જે જવાબ સમજાવું તે બરોબર લક્ષમાં રાખજો હો ! જુઓ આપણા દેશમાં ઉચ્ચામાં ઉચ્ચ પદવી "આચાર્ય"ની છે. આચાર્ય એ પદવી થોડા એક અવતારી પુરુષોને જ મળેલી છે. પહેલ વહેલી એ પદવી શ્રીશિવાવયાર શ્રીશંકરાગાર્યજીને મળી હતી, તે પછી શ્રીરામાનુજાચાર્ય, શ્રીમદ્ધાચાર્ય, શ્રીનિંબાર્કાચાર્ય એ આચાર્યોને મળી. આ બધા આચાર્યોની ઓળખાણ કોઇકવાર તમને કરાવીશ, આપણા દેશમાં પ્રભુ શ્રીકૃષ્ણના અવતાર શ્રીવલ્લભાચાર્યજી થયાં છે અને એમણે પણ આચાર્યની પદવી મેળવી છે.

ભગવાન–ગુરુજી ! ભગવાનના અવતારો તો ઘણાએ થયા છે. શું બધા અવતારો આચાર્ય ગણાય છે ?

ગુરુજી–ભગુભાઇ ! ઉતાવળા ન થાઓ. હું તમને બધુ સમજાવીશ, ભગવાનના મુખ્ય દશ અને બીજા પણ સાથે ગણીએ તો ચોવીસ અવતારો છે. પણ આ બધા અવતારો આચાર્ય તરીકે આપણે માનતા નથી. કારણ કે એ અવતારો નો પાપીઓનો નાશ કરવા માટે અને ભકત લોકોનાં દુઃખ ટાળવા માટે થયેલા છે આચાર્યનું તો કાર્ય જ જુદું હોય છે. આચાર્ય થવા માટે આટલી લાયકાત તો હોવી જ જોઇએ,

પહેલાં તો ઉત્તમ બ્રાહ્મળકુળમાં જન્મ હોવો જોઇએ. પછી બ્રહ્મચર્ય પાળીને વેદ વગેરે બધા ધર્મ ગ્રંથોનો સારી પેઠે અભ્યાસ કરવો જોઇએ. ત્યારબાદ વેદ, ગીતા, બ્રહ્મ સૂત્ર અને શ્રીમદ ભાગવત, એ ચાર મહાન ધર્મ ગ્રંથો ઉપર સંસ્કૃત ભાષામાં ટીકા લખીને એ બધામાંથી એક સિદ્ધાંત તારવીને આપણા દેશના સર્વ વિદ્વાનો પાસે મુકવો જોઇએ. વળી વેદ વગેરે ચાર ધર્મ ગ્રંથોથી સાબીત કરેલા પોતાના સિદ્ધાંત આપણા દેશના દરેક ભાગમાં ફરીને વિદ્વાનોની મોટી સભાઓ ભરીને તેમાં રજુ કરતા જે કોઈ વિદ્વાનો સવાલો પુછે તેનો બરાબર જવાબ આપવો જોઇએ. આમ કર્યા પછી આચાર્યની પદવી મળે છે.

કૃષ્ણદાસ-ગુરુજી ! ત્યારે શું આપણા શ્રીમદ વલ્લભાચાર્યજીએ તેમ કરેલું હતું ?

ગુરુજી-હા. ભાઇ કૃષ્ણદાસ ! આપણા આચાર્યશ્રીનો જન્મ તૈલંગ દેશમાં (દક્ષિણમાં) ઉત્તમોત્તમ વેલ્લનાટીય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. આઠમે વર્ષે યજ્ઞોપવીત સસ્કાર થયા પછી કેટલાએ વર્ષો સુધી એઓશ્રીએ બ્રહ્મચર્યનું પાલન કરીને વિદ્યાનો અભ્યાસ કર્યો હતો પોતે સાક્ષાત્ શ્રીકૃષ્ણના અવતાર હોવાથી સરસ્વતી તોએ ઓશ્રીને સ્વાધીન જ થઇ ગઇ હતી. વેદ અને ગીતા ઉપર લાંબી ટીકાઓ લખવાની એઓશ્રીને જરૂર લાગી નહિ, કારણ કે વેદ અને ગીતાના અક્ષરોમાંથી જ પોતાના સિધ્ધાંત સાબીત થતો હતો. તેથી વેદ અને ગીતાના સારરૂપે એક "તત્ત્વાર્થ દીપ નિબંધ" નામે ગ્રંથ પોતે લખ્યો. વળી બ્રહ્મસૂત્ર ઉપર પોતે 'અણુભાષ્ય' નામે ગ્રંથ લખ્યો. તેમજ શ્રી ભાગવત ઉપર શ્રી સુબોધિની નામે ટીકા લખી.

ઉપરાંત એઓશ્રીએ આપણા દેશની ત્રણ વાર પરિક્રમા કરીને, દેશના મહાન રાજાઓની સભાઓમાં વિદ્વાનોની સભા ભરીને પોતાનો સિધ્ધાંત સાબીત કર્યો અને વિદ્વાનોના સવાલોના જવાબો દિવસોના દિવસો સુધી આપ્યા.

એને પરિણામે આપશ્રીને ભકિતમાર્ગના એક મહાન આચાર્ય તરીકે આપણા દેશે પુજ્યા અને મુસલમાન રાજકર્તાઓ પણ આપણા આચાર્યશ્રી અને આપણા સિધ્ધાંતો ભણી ઘણા જ માનની નજરે જોવા લાગ્યા.

આપણા આચાર્ય શ્રી આ દેશમાં છેલ્લા મહાન આચાર્ય થયા છે. એઓશ્રી પછી બીજો સંપ્રદાય સ્થાપનાર કોઇપણ મહાન આચાર્ય થયા નથી.

[વૈષ્ણવ ધર્મ પતાકા સં. ૧૯૮૧ માર્ગશીર્ષ અ.ક ૧ માંથી સાભાર]

અગત્યની સુચના :

પાટણના શ્રી પદમાવતી માજી મહારાજ પાઠશાળાના શ્રી રમણીકભાઇ પરિખ દ્વારા પ્રકાશિત શ્રીમદ્ ભાગવતજીનો બીજો ભાગ પ્રકાશિત થયેલ છે.

સૌરાષ્ટ્ર વિસ્તારના જે જે વૈષ્ણવો એ આ પુસ્તક માટે અગાઉથી રકમ ભરેલ છે તેઓને પુસ્તક મોકલવાની વ્યવસ્થા રાજકોટના પ. ભ. શ્રી મનસુખભાઇ રાણપરાએ સંભાળેલ છે અને શ્રી ભાગવતજીના પુસ્તકો રાજકોટ આવી ગયાં છે. આ અંગે જ્યાં સેવાભાવી વૈષ્ણવ દ્વારા ગોઠવણ થશે ત્યાં તેમનાં દ્વારા પુસ્તકો મોકલાશે બાકી સર્વેએ.

શ્રી મનસુખભાઈ રાણપરા, ઘર : "શ્યામ" ૩૨/૩૬ પ્રહલાદ પ્લોટ,
સમય : સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ ફોન : ૨૨૦૯૪ દુકાન શ્રૃંગાર જ્વેલર્સ
માંડવી ચોક સાંજે ૪-૩૦ થી ૮-૦૦ માં સંપર્ક કરી પોતાના પુસ્તકો
મેળવી લેવા વિનતી છે.

॥ શ્રીવલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

મોટા કહી ગયા છે કે જે સેવ્ય શ્રીઠાકોરજી છે, અથવા જે સેવ્યરૂપ છે, તે સાક્ષાત્ પુર્ણ પુરૂષોત્તમ છે. વેદે કહ્યા, બ્રહ્માજી એ કહ્યા, શિવજી કહે છે, નારદજી કહે છે, સનકાદિક કહે છે, શેષજી કહે છે, શુકદેવજી આદિ લઇને સર્વે કહે છે વળી કહે છે કે આ જગત્ મારૂં રૂપ છે. મુજમાં જગત્ જોજો, ને જગત્માં મને જોજો પણ આ જીવને પ્રતીત નથી આવતી કે જો આ જગત્માં પ્રભુ જાણું તો વહેવારથી છુટું. ને વળી મારૂં તારૂં મટે, રાગ દ્વેષ મટે, સમવિષમ મટે. પોતાપણું મટે. આ ધર્મ જ્યાં સુધી રહે ત્યાં સુધી પ્રભુ જાણ્યા નથી. એ જીવ જાણવા પ્રયત્ન કરે, પણ ભગવાનની માયા એવી છે કે, તે જાણવા દે નહિ. માટે એ જીવને પ્રભુ પ્રાપ્તિનો દહાડો છે નહિ.

મંદિરમાં ભગવત્સ્વરૂપ તમે જાણો છો ? એ ધણી ધણીયાણી વઢે છે, બોલે છે, કોઇ મોટા ભગવદીયને આવતા જાણી તેમની લજ્જા એ બોલતા રહી જાય છે, કે આ મને શું કહેશે ? ત્યારે પેલા ભગવદીયની શરમ જેટલી પોતાના પ્રભુની શરમ આવતી નથી. ત્યારે તે પ્રભુ શાના જાણ્યા ! નથી જાણતો તો ગમે તેટલા દહાડા સેવા કરીશ, પણ પ્રભુ જાણ્યા વિના સેવાકોની કરે છે ? આગળથી પ્રભુને જાણતો ખરો ! વળતી સેવા કર. જાણ્યા પછી સેવાની વાત છે.

તે ઉપર એક દૃષ્ટાંત–આપણા પાડોસીએ કહ્યું કે ફલાણાભાઇ તમારા ઘરમાં ચોર આવે છે, આ વખતે ચોરની કેવી બીક લાગે છે ! ભાઇ કોણ જાણે શું કરશે ? આપણને મારશે ને ઘરમાંથી જણસ ભાવ લઇ જશે. આ પેલા ક્ષુદ્ર જીવના કહ્યા ઉપર આવડો મોટો વિશ્વાસ પણ મોટા મોટા આચાર્ય, મોટા મોટા દેવ ઉપર વિશ્વાસ નહિ ! જો મોટાના વચન ઉપર વિશ્વાસ આવે તો એનું કામ થઇ જાય.

એક ભગવાનના ચરણનો આશરો કરીને સેવા સ્મરણ કરવું, ગમે તે કરો પણ એટલો એને નિશ્ચય થાય ત્યારે એ પોતાના થઇને રહે છે.

ગ્રંથ પરિચય

શ્રી ભાગવત રસાસ્વાદ (બે ભાગ) તૃતિય આવૃતિ.
પ્રસાદ -- પરિવેષક : **પ. ભ. શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજી**
શ્રી ભાગવત ભૂષણ, ભાગવત રત્ન, ભગવત્ શાસ્ત્ર નિષ્ણાત
વલ્લભ વેદાંતાચાર્ય, કાવ્ય તીર્થ, સિવિલ એન્જીનીઅર
પ્રકાશક : વિદ્યાનિધિ ટ્રસ્ટ, 'વ્રજ વિહાર' મોટી પોળ મોટી સાંથ
નડીઆદ ૩૮૭૦૦૧

પૃષ્ઠ : ૧૨૪૦+૪૦ આઠ પેજી ક્રાઉન સાઇઝ પાકુ બાઇન્ડીંગ રેક્ઝીન પુઠું
ન્યોછાવર રૂ. ૨૦૦. બન્ને ભાગના, પોસ્ટેજ અલગ (વી. પી. નહીં થાય)

સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન, શ્રીમદ્ વલ્લભકુલના પરમકૃપાપાત્ર એવા ગો. વા. શ્રી વ્રજવલ્લભશાસ્ત્રીજી (દાદાજી)ની અહૈતુકિ કૃપાથી લૌકિકમાં સીવીલ એન્જીનીઅરની સારૂં દ્રવ્ય ઉપાર્જન થઇ શકે તેવી પદવી છોડી, શ્રીમદ્ ભાગવતનું શ્રી મહાપ્રભુજીના આશયને હૃદયંગમ કરી સંપુર્ણ સેવન કરનાર પ. ભ. **નવનીત પ્રિય શાસ્ત્રીના** શ્રીમદ્ ભાગવત પ્રવચનોને ગ્રંથસ્થ કરેલ ઉપર્યુક્ત શ્રી ભાગવત રસાસ્વાદ ગ્રંથની તૃતિય આવૃતિ પ્રકટ થઇ છે. આપણા સંપ્રદાયનું મૂળ રહસ્ય અને શ્રીનિકુંજનાયક શ્રી ગોવર્ધનધરના દ્વાદશ અંગરૂપ દ્વાદશ સ્કંધયુક્ત શ્રીમદ ભાગવત ગ્રંથની ગુજરાતિ ભાષા-ભાષીઓને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના શ્રીમદ્ ભાગવતાર્થ પ્રકરણ અને શ્રી સુબોધિનીજી, શ્રી ટિપ્પણીજી, લેખ, પ્રકાશ આદિના આશયો સહિત સરળ સમજુતી મલે તેવો આ એક અદ્વિતીય ગ્રંથ છે. તૃતિય આવૃત્તિમાં લેસર કંપોઝ (કમ્પ્યુટર ટાઇપ સેટીંગ), ઉત્તમ કાગળ, સુંદર બાઇન્ડીંગ વગેરેથી આ દળદાર ગ્રંથ શ્રીમદ્ ભાગવતની ગરિમાને પ્રત્યક્ષ કરે છે. શ્રી વિદ્યાનિધિ ટ્રસ્ટના કાર્યકરોની પ્રકાશન અંગેની જહેમત ખરેખર પ્રશંસનીય છે. ગ્રંથના કલેવરના પ્રમાણમાં ન્યોચ્છાવર પણ ખૂબજ નાની રાખેલ છે જેથી હરકોઇ વૈષ્ણવ આ ગ્રંથ વસાવી ભગવદ્ રસનું ભાવન કરી વૈષ્ણવી જીવનનો મુખ્ય આનંદ પ્રાપ્ત કરી શકે છે. આદરણીય શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી અને પ્રકાશન સંસ્થાનો વૈષ્ણવ સમાજ આ પરમ ઉપકારક ગ્રંથના પ્રકાશન માટે સદા ઋણી રહેશે.

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત, શ્રી વિઠ્ઠલેશ સ્તુત્યાવલી ગ્રંથની ગણુતીની જુજ નકલો સિલકમાં છે. પ્રકાશન સહાયના રૂા. ૫૦/- (ઉપરાંત પોષ્ટેજ) મોકલી વહેલા તે પહેલાંના ધોરણે તુરત મંગાવો.

શ્રી પ્રથમેશ ચરિતામૃત ન્યોછાવર રૂા. ૨૦/- (પોસ્ટેજ અલગ)
શ્રી ભ્રમર ગીત ન્યોચ્છાવર રૂા. ૮/- (પોસ્ટેજ અલગ)
ઉપરોક્ત પુસ્તકો પણ પ્રાપ્ત છે, તુરત મંગાવો....

શ્રી વલ્લભ સુધા કાર્યાલય કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

હરિ હિંડોલે કેવા સખી ઝુલે રે લોલ

મહાપ્રભુશ્રી હરિરાયજી કૃત અષ્ટપદી ૧૩નો ભાવાનુવાદ ગરબાના ઢાળમાં

(રાગ : જનનીની જોડ જગે નહિ જડે રે લોલ)

હરિ હિંડોલે કેવા સખી ઝુલે રે લોલ
એકલાધિકા રાધિકા સંગાથમાં હો જી
કરી ચેષ્ટા વિવિધ હાસ્યે વિલસે રે લોલ
વીજ સંગ નવ મેઘની જેમ રે લોલ
કરે ગર્જન ફરી ફરી ધીરે હો જી
કોમલ ફુલ જેવા શ્રમ જલકણ રે લોલ
પ્રેમી – જન પર ચોમેર વેરતા હો જી ૨
વિવિધ રંગી આભૂષણે શોભતા રે લોલ
વ્રેજ યુવતિ યુથમાં ગાતા હો જી
પદે પદે રાધિકા નેહનયણે રે લોલ
નીજ સ્વામી સ્વરૂપ ધ્યાન ધરતા હો જી ૩
મધુ ગંધથી વિવિધ કુસુમના રે લોલ
મુગ્ધ ભ્રમર જાણે સમિપ વિચરે હો જી
સતત સેવતા યમુના – ઉપવન રે લોલ
રજ સુંદર પવનમાં વેરતા હો જી ૪
મુગ્ધ રમણી મુખ ચંદ્રોદયથી રે લોલ
બંને નયન કમલમાં કેવાં વિકસે હો જી
ન્હાવા સૌંદર્ય સરના રસમાં રે લોલ
સજલ નેનો પુન: ઉદય પામતા હો જી ૫
બડભાગી અતિ ગોપીજન યુથમાં રે લોલ
પ્રભુ અનુપમ સુખ સખિ પામતા હો જી
કરુણા દષ્ટયા પુન: નીજ નાથને રે લોલ
સુંદર રીતે રાધિકાજી પામતા હો જી ૬
પડયો વલ્લભચરણ કમલ યુગલે રે લોલ
કરે દાસ બહુ દીન કલ્પાંત હો જી
લીલા સંધાને હરિદાસ હસતા રે લોલ
કરે વિરહ તાપથી જલ્પના હો જી ૭

પ્રા. એસ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

બાળ લીલા

[રાગ – ઇમન]

કનૈયા મેરો કૌન કૌનકો ભાવે;
કૌન કૌનકી અંખિયાં મૂંદૌ;
સબ જગ દેખન આવે.......૧
ગોકુલ વૃંદાવનકી ગ્વાલિયા;
આય ચતુર બતરાવે;
'રામદાસ' પ્રભુ યહ ડરપત હૌં,
મત કોઉ દૃષ્ટિ લગાવે.......૨

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✱

વર્ષ ૧૨ : અંક-૫ — **ઓગસ્ટ ૧૯૯૩**
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✱ **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

વિમોચન સમારોહ

શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ, (ધોરાજી-રાજકોટ) તરફથી પ્રકાશિત થયેલ, **શ્રી દામોદર સ્વરૂપ ચિંતન’** પુસ્તક (પૃષ્ઠ ૨૨૦)નો વિમોચન સમારોહ શ્રા. સુ. ૩ ગુરૂવારે રાજકોટમાં શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીના ચોકમાં યોજાયો.

પુસ્તકનું વિમોચન પૂજ્યપાદ ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ)ના વરદ્ કરકમલો દ્વારા સંપન્ન થયું. આ પ્રસંગે વચનામૃત કરતાં પૂ. મહારાજશ્રીએ ઉ-તમ પ્રેરણાદાયક પુસ્તકોના વાંચન મનન દ્વારા પોતાના ભાવની પુષ્ટિ કરવા વૈષ્ણવોને આજ્ઞા કરેલ.

પ્રસ્તુત પુસ્તકમાં (મથુરા–પોરબંદરવાળા) સંગીત માર્તંડ નિ. લી, ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ શ્રીના જ્યેષ્ઠ આત્મ જ નિ. લી. પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજીના અલૌકિક પ્રસંગો જે હીંગન ઘાટવાળા શ્રી મથુરદાસભાઈ મુખીઆજીએ અનુભવેલ. તેનું મુખ્યત્વે વર્ણન કરેલ છે. ઉપરાંત આપશ્રીના અનુજ નિ. લી. પૂ. પા. ગો. જી દ્વારકેશ: લાલજી મહારાજ તથા આપશ્રીના જ્યેષ્ઠ આત્મજ નિ. લી પૂ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી તથા તથા આપશ્રીના પરિવારના બાળકોના સુંદર ચરિત્રો સંક્ષેપમાં વર્ણવેલ છે. તેમજ શ્રી યદુનાથજી (શ્રી ગુસાંઈજીના છઠા લાલજી)ના બાળકોનુ સંક્ષિપ વંશવૃક્ષ (આંબો) સુંદર પદરચનાઓ દ્વારા નિરૂપેલ છે.

આ પુસ્તકનું લેખન–સંપાદન રાજપીપળા વાળા પરમ ભગવદિય પ્રો. શ્રી એમ. આર. પાલેજાએ રસ સભર શૈલીમાં કરેલ છે. અને સંકલન શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી રવજીભાઈ પટેલે કરેલ છે.

શ્રી વલ્લભ સુધાના સન ૧૯૯૩–૯૪ ના આજ સુધી નોંધાયેલા સર્વે ગ્રાહકોને આ પુસ્તક ભેટરૂપે અપાશે જ્યારે અન્ય વૈષ્ણવોને રૂા. ૧૫/– ન્યોછાવર + પોષ્ટે જ થી મલી શકશે મેળવવા ઈચ્છુક વૈષ્ણવોએ શ્રીવલ્લભ સુધા કાર્યાલયનો સંપર્ક સાધવો.

વિમોચ સમારોહના પ્રારંભે શ્રીવલ્લભ વિ. પ્રકાશન સમિતિના પ્રમુખ શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ પ્રકાશન પ્રવૃત્તિ દ્વારા નામ–સેવાની વિસ્તૃત માહિતિ આપેલ.

પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (કચ્છ માંડવી-રાજકોટ) આ સભામાં કૃપા કરી બિરાજેલ, પુસ્તકના પ્રસંગોના અનુભવ કર્તા તથા મુખ્ય દ્રવ્ય સહાયક શ્રી મથુરદાસભાઈ મુખીયાજી શ્રી વ. સુ. ના તંત્રી શ્રી રવજીભાક્ષ પટેલ, અને બહોળી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો.

સભાનું સંચાલન આં. પુ. વૈ. પરિષદના પ. પ્ર. મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે કરેલ.

શ્રી વલ્લભ સુધાનું ભેટ પુસ્તક

શ્રીવલ્લભ સુધાના ચાલુ વર્ષ (સન ૯૩–૯૪) ના સર્વે ગ્રાહકોને (૩૦ જુલાઈ સુધી નોંધાયેલ) **શ્રી દામોદર સ્વરૂપ ચિંતન** પુસ્તક શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ દ્વારા ભેટ રૂપે મોકલાશે.

– જ્યાં મોટી સંખ્યામાં ગ્રાહકો છે ત્યાં સેવા ભાવી કાર્યકરો દ્વારા તથા અન્યત્ર ટપાલથી મોકલવાની ગોઠવણ થઈ રહેલ છે. લગભગ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં બધાં ગ્રાહકોને ભેટ પુસ્તક પહોંચાડી દેવા સંકલ્પ છે. **વ્યવસ્થાપક**

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધાં માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૫ ✻ ઓગષ્ટ, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

ભગવાનની કૃપાનું લક્ષણ

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

સૌભાગ્યથી અથવા સંયોગથી તે પ્રસંગ સામે ઉપસ્થિત થયો. પરિણામ એ આવ્યું કે તે વસ્તુને ગ્રહણ કરીને ખૂબજ પ્રસન્ન થયા અને એવું લાગ્યું કે આ ઘણી જ અલૌકિક વસ્તુ છે. શબ્દોમાં અર્થ ઘણી ગંભીરતાથી છૂપાયેલો રહે છે. પૂરો પ્રયત્ન કરવાથી જ તે પ્રાપ્ત થાય છે. ઉપલક દૃષ્ટિથી કયારેય લાભ થતો નથી.

આ જે ઉદાહરણ છે તે શું બતાવે છે ? તે બતાવે છે કે વારંવાર એક ગ્રંથ વાંચવાથી શું લાભ થાય છે ? ઘણી વ્યક્તિઓ કહે છે કે એક જ ગ્રંથને કયાં સુધી વાંચતા રહેવું ? તેને તો અમે અનેકવાર સાંભળી ચૂકયા છીએ. એક જ પદ છે અનેકવાર આપણે તે ગાયું છે, સાંભળ્યું છે. હંમેશા તેને વાંચવાથી શું ? કોઇ નવી વસ્તુ વાંચો. આ ભાવના આવી જાય છે. પરંતુ એ વાત નિશ્ચિત છે કે હૃદય તત્પર થયા વગર લાભ મળવો

મુશ્કેલ છે. ગ્રંથની વાત છોડો. પદની વાત, કિર્તનની વાત લઇ લો. કિર્તન તો એક જ વાકય છે. જેને અનેકવાર ગાયું અને સાંભળ્યું પરંતુ તેને ગ્રહણ કરવાની અવસ્થામાં આપણે ન હતા અને જ્યારે ગ્રહણ કરવાની અવસ્થા આવી ત્યારે તે વાત આપણને બીલકુલ નવી લાગી, ઘણી લાભદાયક દેખાઇ.

આ બધું બતાવે છે કે આપણું જે હૃદય છે તે તત્પર થશે ત્યારે આપણે આ વસ્તુ ગ્રહણ કરી શકીશું. આપણું મન બહિર્મુખ થયું. બીજા કાર્યોમાં વ્યસ્ત થયું તો આપણું હૃદય ગ્રહણ કેવી રીતે કરી શકશે ? ન જ કરી શકે. કહેવાનો આશય એ છે કે આપણે આચાર્યચરણોના ગ્રંથોનું અને તેમના અનુયાયી જે ભગવદીય થયા તેમના ગ્રંથોનો, જેનાથી તેમને કૃપા વરદાન પ્રાપ્ત થયું, હંમેશા લાભ લેવો એ આપણા માટે પરમ આવશ્યક છે. કયારેક કયારેક આપણે વાંચી લઇએ તેનાથી કાર્ય નહીં ચાલે. લોકો કહે છે કે ભાગવત તો અમે અનેકવાર સાંભળી ચૂકયા ! હવે ફરી ભાગવત શા માટે સાંભળવું ? આ વાત નથી. ફકત સાંભળવાથી કામ નહીં ચાલે. ગ્રહણ કરવાથી કાર્ય ચાલશે અને આ ધ્યાન રાખવાની વાત છે કે ગ્રહણ કરવાની જે ક્ષણ છે તે જીવનમાં બે ચાર ક્ષણ જ કયારેક આવશે. સાંભળવાની ક્ષણ તો ઘણી આવશે, પરંતુ ગ્રહણ કરવાની જે બહુમૂલ્ય ક્ષણ છે તે કયારેક મુશ્કેલીથી એક–બે વખત જ સૌભાગ્યથી આવે છે.

કલકત્તામાં એક બંગાળી બાબુ હતા. એ સમયે હાવડાનો પુલ બન્યો ન હતો. લોકો હોડીમાં બેસીને પાર જતા હતા. સામે કાંઠે જેને ફરવા જવું હોય તે તે હોડીમાં બેસીને જાય. હાવડામાં એક બગીચો હતો. ત્યાં તે બાબુ ગયા. અનેકવાર જતા હતા. સામે કાંઠે જવાનો તેમનો હંમેશનો નિયમ હતો. દરરોજ જતા હતા. એક દિવસ એવું થયું કે તે કોઇ વિચારમાં તલ્લીન બેઠા હતા, એક બેંચ ઉપર. રાત થતાં પહેલાં લોકો બગીચામાં ફરીને પાછા આવી જતા. આ નિયમ જેવું જ હતું. રાત્રિ થતાં પહેલા જ બધાં લોકો નાવમાં બેસીને પાછા આવી જતા. એક દિવસ તેઓ એટલા વિચારમાં તલ્લીન થઇ ગયા કે રાત્રિ કયારે થઈ તેની તેમને ખબર ન રહી. તે વિચારમાં બેસી રહ્યા. ઘણા નાવના જે નાવિકો હતા તે પોતાના યાત્રિઓને લઇને શહેરમાં પાછા ફર્યા. એક નાવિક છેલ્લે રહી ગયો હતો. તેને મુસાફર ઓછા મળ્યા હતા. તેથી તે રાહ જોતો હતો કે મુસાફર ઓછા મળ્યા છે, ચાલો બગીચા સુધી જોઇ આવું, કોઈ વધારે મુસાફર મળી જાય તો ઘણું સારૂં. તેને પણ લઇ લઇશું. ગયો, જોયું કે ત્યાં બાબુજી બેઠા હતા. તેણે જઇને સાધારણ રીતે કહ્યું કે આજ દિવસભર મેં અનેકવાર યાત્રિઓને લઇને સામે પાર પહોંચાડી દીધા છે, તેણે પહેલી વખત એમ કહ્યું કે હવે આ મારો છેલ્લો ફેરો છે. હવે હું જાઉં છું, આવવું હોય તો ચાલો. આ શબ્દો તેણે કહ્યા. સાંભળતાં જ બાબુજીના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થઇ ગયો. તેના એ શબ્દો હતા કે હવે મારો આ અંતિમ ફેરો છે. ચાલવું હોય તો ચાલો. તે સમયથી તેમના હૃદયમાં એટલો વૈરાગ્ય થયો કે તેમને તે સમયે ભગવાનને પ્રાપ્ત કરવાની લગની લાગી

ગઇ અને તેમણે પોતાનું બધું જ ત્યાગી દીધુ અને વૃંદાવનમાં આવીને રહેવા લાગ્યા.

એક શબ્દે કેટલું કામ કર્યું ? તે નાવવાળાએ કોઇ ગુરુશિક્ષા માટે આ શબ્દો કહ્યા ન હતા. તેણે તો પોતાના ખાતર કહ્યા હતા. આ શબ્દો કે 'મારો અંતિમ ફેરો છે, આવવું હોય તો ચાલો' તે એમ સમજ્યો કે ભગવાને મને શિક્ષા આપી છે આના દ્વારા. આ આદમી કહી રહ્યો છે કે, 'ચાલવું હોય તો ચાલો, નહી તો રહી જશો.' કહેવાનો અર્થ એ છે કે જ્યારે હૃદય તત્પર હોય છે ત્યારે સાધારણ વાકય પણ કેટલી અસર કરે છે તે નાવિકે અનેક વ્યકિતને આ શબ્દો કહ્યા હશે, પરંતુ બીજાના હૃદયમાં તેની અસર ન થઈ અને પેલા બાબુજીના હૃદયમાં એટલી અસર થઇ કે તેઓ બીજે જ દિવસે પોતાનું બધું જ છોડીને વૃંદાવનમાં રહેવા લાગ્યા.

આ દષ્ટ્રાંત આપણને શું બતાવે છે ? એ કે હૃદયની તત્પરતા હોવી જોઇએ. વાકયો તો એ જ હોય છે, પ્રસંગ પણ એ જ હોય છે, પરંતુ હૃદય તત્પર હોય, સાંભળવા માટે ઉત્સુક હોય, આતુર હોય ત્યારે વાકય હૃદયમાં પ્રવેશ કરી જાય છે. ભાવ એ છે કે ભગવદીઓની ભાવનાનો સંબંધ કરવો હોય તો તેમના ગ્રંથોનો નિત્ય નિયમિત પાઠ કરવો જોઇએ. એવું નહીં કે કયારેક પાઠ કર્યો, કયારેક નહીં. એક નિયમ બનાવવો જરૂરી છે. એક કલાક કલાક માટે, અર્ધા કલાક માટે, જેટલો સમય કાઢી શકીએ તેટલા સમયનો આ નિયમ બની રહે.

જેમ સુવાનો, ખાવાનો હંમેશનો નિયમ છે તેવી જ રીતે હરહંમેશનો નિયમ બની જાય કે ગ્રંથનો પાઠ કર્યા વગર, સત્સંગ વગર આપણે ન રહી શકીએ. આવી વૃત્તિ આપણી થઇ જવી જોઇએ. આ બધું નિયમનું પાલન કરવાથી જ થાય છે. તેથી દરેક વ્યક્તિ કે જેને પોતાનું કલ્યાણ કરવાની ઇચ્છા હોય અને ભગવદીય ભાવના પ્રાપ્ત કરી હૃદયને ભગવત્ અભિમુખ બનાવવું હોય તો તેને માટે આ અતિ આવશ્યક છે કે તે હરહંમેશ સત્સંગનું સેવન કરે, સદ્ગ્રંથોનું નિત્ય અનુસરણ કરે, સાંભળે, પાઠ કરે, ભજન કરે, આમ કરવાથી પ્રભુ કૃપાથી ચોક્કસ હૃદયમાં કોમળતા આવશે અને આપણે ભગવદીયતા પ્રાપ્ત કરી શકીશું.

આટલું કહી, બસ આજનું વકતવ્ય પુરૂં કરવામાં આવે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

ભાગવત ધર્મ

પ્રવકતા : પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ, મથુરા-પોરબંદર

(ગતાંકથી ચાલુ)

રાજાએ તેને બોલાવીને કીધું કે તું કોણ છે! ચોર કહે કે હું અહીં ચોરી કરવા આવ્યો હતો. પણ મારાથી આ ત્રણ કડી સાંભળીને રહેવાણું નહીં એટલે ચોથી કડી કહી દીધી. રાજાએ તો એને પછી ન્યાલ કરી દીધો. કહેવાનો મતલબ એ કે શાસ્ત્રો અને સાધુપુરુષોને પૂછો કે મહા ભાગ્યશાળી કોને કહેવાય ?

શ્રીમદ્ ભાગવત વગેરે શાસ્ત્રો તો એમ જ કહે છે કે ભાગ્યશાળી એને કહેવાય જે એવી વસ્તુને પ્રાપ્ત કરીલે, જે વસ્તુનો નાશ જ ન થાય. જે વસ્તુ છૂટે જ નહીં. તે વસ્તુ પ્રાપ્ત કરીલે તેને ભાગ્યશાળી કહેવાય. ત્રણ વર્ષ લોકે ત્રણસો વર્ષ ટકે, પણ એક દિવસ જેનો નાશ થવાનો જ છે. તેની પ્રાપ્તિને આપણે અજ્ઞાનવશ કે ભ્રમવશ તે વસ્તુને આપણે ઉત્તમોત્તમ માનતા હોઇએ છીએ. શાસ્ત્રો તો એમ જ કહે છે કે જે સ્મરણ કરે છે ભગવાનનું તેને ભાગ્યશાળી કહેવાય. પણ જે ભગવાનનું સ્મરણ કરવાનો બીજાને અવસર પ્રદાન કરે તે અતિ ભાગ્યશાળી. એટલા માટે કહે છે કે કલિયુગમાં જે બીજા બધા સાધનો છે, અનુષ્ઠાન વગેરે કરતા હોય છે તેના ફળની પ્રાપ્તિ થતી નથી. અનિષ્ટની નિવૃત્તિ થતી નથી. ઇષ્ટની પ્રાપ્તિ થતી નથી. પણ કેવળ ભગવાનના વિમલ વિમલ ચરિત્ર છે તેના ગુણગાન ગાવાથી જ અનિષ્ટની નિવૃત્તિ અને ઇષ્ટની પ્રાપ્તિ થતી હોય છે.

વેદવ્યાસજીએ પોતે પણ તેના ચિત્તમાં જે ઉદ્વેગ હતો તે શ્રી નારદની પ્રેરણાથી શ્રીમદ્ ભાગવતની રચના કરી તેમાં ચિત્તની અંદરના ઉદ્વેગની નિવૃત્તિ થઈ અને સમાધિ દ્વારા ભગવદલીલાઓનો અનુભવ કરવાની લાયકાત મેળવી. પુષ્ટિભકિત એ શ્રીમદ્ ભાગવતમાંથી તારવીને એટલી ચરમ સીમાએ ભક્તિને પહોંચાડી શ્રી મહાપ્રભુજીએ કે વ્યાસજીએ તો જે તત્ત્વોનો અનુભવ જે લીલાનો અનુભવ સમાધિ દ્વારા કર્યો. શ્રી મહાપ્રભુજીએ પુષ્ટિભકિતને પ્રગટ કરીને પુષ્ટિભકતોને એવી કક્ષાએ પહોંચાડી દીધા કે સમાધિ દ્વારા વ્યાસજીએ જે તત્ત્વનો અનુભવ કર્યો, તે અનુભવ આપણા ભગવદીઓએ શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઇજીની કૃપાથી સાક્ષાત્ આંખોથી અનુભવ કર્યો. ત્યારે તો કહ્યું છે કે "પુરૂષોત્તમરૂપ નિહાર્યો" નિહાર્યો એટલે સગી આંખે જોયા. વ્યાસજીને સમાધિ દ્વારા જે આનંદની અનુભૂતિ થતી હતી તેનાથી પણ ઉત્કૃષ્ટ અનુભૂતિ ભકતોને કરાવી. પરંતુ એ ભકતો જ્યાં સુધી નિષ્કામ – નિષ્કામ શબ્દની વ્યાખ્યા શું ? નિષ્કામ શબ્દની વ્યાખ્યા જ્ઞાનના સંદર્ભમાં અને ભક્તિના સંદર્ભમાં જુદી જુદી છે. જ્ઞાનના સંદર્ભમાં નિષ્કામ ભકિત એને કહેવાય કે જેને કયાંય કોઇ પ્રકારની કામના નથી. અને જે વિરકત થઇને બધા પ્રકારની પ્રવૃત્તિ છોડીદે તેને નિષ્કામ કહેવાય.

ભકિતના સંદર્ભમાં નિષ્કામનો અર્થ જુદો થાય છે. પોતાની ઇચ્છા પ્રમાણે નથી ચાલતું પણ પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવું, તેને નિષ્કામ કહે છે. પ્રભુ યા મહાપ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવું. એવા પ્રકારની પ્રવૃત્તિ થઇ જાય તે નિષ્કામ કર્મયોગ છે. એજ નિષ્કામ ભકિત પરાભકિત છે, મધુર વિદ્યા છે. એજ પરીહાર પરમ તત્ત્વ છે. એ આનંદની ઉપલબ્ધિ કરાવવાનો માર્ગ કયાંય પણ બતાવવામાં આવ્યો છે તો તે એ શ્રીમદ્ ભાગવતમાં અને એની અંદર ભકતો એવા થયા છે કે યોગી તરે અને ભકત બીજાને તારે. જે બીજાને દુઃખ કેમ ન થાય તેમ વિચારે તે અધૂરો ભકત છે. પણ બીજાને સુખ કેમ પ્રાપ્ત થાય તેમ વિચારે તે નિષ્કામ ભક્ત છે. અને તે જ પુષ્ટિભકિતની શરૂઆત છે. આવી પુષ્ટિભકિત જેમાં સમાયેલી છે તે શ્રીમદ્ ભાગવતનું શ્રવણપાન કરવાનો આવો સુંદર અવસર જે મનોરથીએ આપ્યો છે તે બદલ તેમને જેટલા પણ ધન્યવાદ અને આશિર્વાદ આપું એટલા ઓછા છે.

પ્રભુ કૃપાથી તેમના અલૌકિક, લૌકિક કાર્યોની અંદર એમને સિદ્ધિ પ્રાપ્ત થાય. અનિષ્ટની નિવૃત્તિ થાય. ઇષ્ટની પ્રાપ્તિ થાય. એવી એક શુભકામના સાથે મારૂં પ્રવચન પૂરૂં કરૂ છું.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ નિર્મિત

વૃત્રાસુર ચતુઃ શ્લોકીનું વિવરણ

ભાષાંતર : **પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

આ પ્રમાણે અર્થનું નિરૂપણ કર્યા પછી 'કામ'નું નિરૂપણ કરે છે. "અજાતપક્ષા ઇવ" એટલે જેમને પાંખ આવી નથી તેની જેમ.... વગેરે–

અજાતપક્ષા ઇવ માતરં ખગાઃ સ્તન્યં યથા
વત્સરાઃ ક્ષુધાર્તાઃ ।
પ્રિયં પ્રિયેવ વ્યુષિતં વિષણ્ણા મનોરવિંદાક્ષદિ
દૃક્ષતેત્વામ્ ॥૩॥

પુષ્ટિમાર્ગે હરે રૂપદિદૃક્ષા મનસોસ્ય હિ ।
કામો નિરૂપ્યતે તત્ર દૃષ્ટાંત ત્રિતયં યથા ।૧।
દ્વિતયં લૌકિકં પ્રોકતમેકં શાસ્ત્રીય મુત્તમમ્ ।
લૌકિક સ્ત્રિગુણી ભૂય દૃષ્ટાંતઃ સ્યાદલૌકિકે ।૨।
અન્યથૈકતરેણાપિ સિદ્ધ્યર્થે ત્રિતયેન કિમ્ ।
ક્ષુદ્રૂપો લૌકિકઃ કામો રસરીત્યા તુ શાસ્ત્રતઃ ।૩।
પ્રભુસ્તુ રસરૂપત્વાત્સ્યૈક ત્વેન ચોત્તમઃ ।
અયમેવ હિ દૃષ્ટાંતઃ તેનાન્તે ચૈકતો હિતા ।૪।

હે અરવિંદ ! મન તને જોવાની (તારા દર્શનની) ઇચ્છા રાખે છે એમ સંબંધ છે. બન્ને નેત્રો કમલસમાન હોવાથી તેનું દર્શન કરવાની ઇચ્છા દ્વારા મનની મધુરતાનું સૂચન કર્યું છે અને વળી અરવિંદ (કમલપુષ્પ) વિકાસ પામે (ખીલે) ત્યારે મધનું પાન કરનાર (ભ્રમર)ની ઇચ્છિા પૂરી થાય છે અને બીજી કોઇ રીતે નહિ, તેથી એવી દૃષ્ટિ મારામાં મેળવી આપ એવી પ્રાર્થના કરી છે. દર્શનની ઇચ્છાના હેતુ રૂપ બનેલું સ્વરૂપ સૌંદર્ય પણ સંબોધન (હે અરવિંદાક્ષ એવા સંબોધન) દ્વારા સૂચિત કરવામાં આવ્યું છે. મનનું સ્વતંત્રપણ હોવાથી અસ્મદ્ (એટલે અમારા એ) શબ્દનો અભાવ છે (એટલે 'અમારા' એ શબ્દ વાપરવામાં આવ્યો નથી) કારણ કે દિદૃક્ષા (એટલે દર્શનની ઇચ્છા) તો આંખોનો ધર્મ છે; તેને મનના ધર્મ તરીકે જણાવવામાં આવ્યો છે, તેથી બધી ઇન્દ્રિયોનો પણ મનના સંબંધને કારણે પૂર્ણકામ નિરૂપિત છે. જો એમ ન હોય તો સેવાના આનંદનો અનુભવ ન થાય, કારણ કે સેવાનો આનંદ તો માત્ર બધી ઇન્દ્રિયોથી જ અનુભવી શકાય છે. પ્રભુ પૂર્ણકામ હોવાથી ક્રિયાફળના આત્મગામિત્વ (જાતે જ પ્રાપ્ત થઇ શકે તેવું હોવા)ના કારણે આત્મને પદ વાપરવામાં આવેલું છે. મનના ચંચળપણાને કારણે મધુપત્વ (મીઠાશ) જણાવીને પણ બીજો કામ (ઇચ્છા) સંભવી શકે છે તેથી તેવી સ્થિતિના અભાવને માટે દૃષ્ટાંત આપે છે કે–

'ખગાઃ ઇવ' એટલે જેમ પક્ષીઓ ક્યારે અને શું લાવીને આપશે એવી આશાથી મા (માદા પક્ષી)ને જોવાની ઇચ્છા રાખે છે. તેમ પક્ષીઓનો કોઇ ચોક્કસ ખોરાક હોતો નથી. કોઇ અચોક્કસ પદાર્થની ભૂખથી પીડાવાને કારણે અર્થ પ્રાપ્તિ હોવાથી તે અહીં કહેવામાં આવ્યું નથી, તો પણ હંમેશાં નહિ પણ

કેટલાક સમય સુધી જ એમ જણાવવા માટે કહે છે કે ‘અજાતપક્ષાઃ ઇતિ’ એટલે કે તેમને પાંખો ન આવે ત્યાં સુધી, કારણ કે પાંખો આવી ગયા પછી એવું નહિ હોય તેથી માત્ર ત્યાં સુધી જ દૃષ્ટાંત આપવાપણું છે એમ અર્થ છે. એવી જ રીતે અહીં ભૂખ લાગવાપણું, અચોક્કસ વિષયનું અસ્તિત્વ તથા અચોક્કસ સમયમર્યાદા એમ ત્રણ પ્રકારના દુષણ (દોષ)ની સંભાવના કલ્પીને બીજું દૃષ્ટાંત કહે છે. ‘સ્તન્યં યથા’ એટલે કે જેમ દુધની અપેક્ષા રાખે છે વગેરે—‘વત્સતરાઃ’ એટલે કે ઘણા નાના વાછરડાં— તેઓ જેમ અમને ક્યારે દુધ પ્રાપ્ત થશે એમ(આતુરતાપૂર્વક)તેની(દુધની) ઇચ્છા રાખે છે. તેવી રીતે – એવો અર્થ છે. વાછરડાંઓને તો માત્ર દૂધની જ ઈચ્છા હોવાથી અહીં તેનો જ (દૂધનો જ) ઉલ્લેખ કરેલો છે. પણ માતાનો અભાવ હોય ત્યારે તેવી બુદ્ધિથી બીજી (માતાનું) દૂધ (વાછરડાં) પીએ છે તેથી તેનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. અહીં પણ ચોક્કસ વિષય હોવા છતાં “વત્સર” શબ્દથી અચોકકસ સમય હોવાનું તથા ભૂખ લાગવા પણું – એ બે અતિ દુષણ બાબતોની સંભાવના કલ્પીને ત્રીજા દષ્ટાંતનો ઉલ્લેખ કરે છે – “પ્રિયં પ્રિયા ઇવ” એટલે જેમ કોઇ પ્રિયા તેના પ્રિયની ઇચ્છા કરે તેમ હું તારી ઇચ્છા કરૂં છું. પ્રિય શબ્દ વાપરીને બન્ને પક્ષે નિરૂપાધિટ (એટલે કોઇ જાતના બંધન અથવા શરત વગરના) સ્નેહનું નિરૂપણ કર્યું છે. એવા સ્નેહ વિષે એક તજજ્ઞ જને કહ્યું છે કે “આવિર્ભાવદિને ન યેનનુ ગણિતો હેતુસ્તનીયાનપિ” એટલે કે આવિર્ભાવ (પ્રકટીકરણ)ને દિવસે જેણે જરાપણ હેતુની ગણતરી (દરકાર) કરી નથી. એ વાક્યને લીધે ઉપાધિ (એટલે કોઇ જાતની શરત) અહીં દુર કરવામાં આવેલી છે – “વ્યુષિતમ્” એટલે કે પ્રવાસે ગયેલા જનને એવો અર્થ છે. તેન એટલે તેથી પ્રવાસે જવાની ક્ષણથી માંડીને પાછા આવવા સુધીના સમય દરમિયાન દર્શનેચ્છાના એકરસપણાને (એટલે એકસરખા રસના અસ્તિત્વને) કારણે સમયના અચોકકસ પણાનું પણ સૂચન કરવામાં આવેલું છે.

“વિષણ્ણે” એટલે કે દુઃખ પામતા (કે અનુભવતા) એ શબ્દથી વિષયના અચોક્કસપણાનું સૂચન કર્યું છે અને જો એમ ન હોય તો વિષાદ (એટલે કે દુઃખ) સંભવે જ નહિ. આ પ્રમાણે ત્રણેય દોષના અભાવને કારણે આ જ દૃષ્ટાંત યોગ્ય છે એમ કહેવાના હેતુથી પોતાના એકપણાને કારણે અહીં પણ એક વચનનો ઉપયોગ કર્યો છે. જો એમ ન હોત તો પહેલાંની જેમ અહીં પણ બહુ વચનનો ઉપયોગ કર્યો હોત – બહુમાં તે પણાના અસંભવને કારણે. આ જ કારણને લીધે અંતમાં પણ નિરૂપણ કર્યું પૂર્વોક્ત બે બાબતો એક જ વિષયને લગતી હોવા વિષેના અભિપ્રાયને લીધે છે તેથી તેમ કહેવું પણ અહીં અયોગ્ય (કે અસ્થાને) છે. એટલું જ નહિ “પ્રિયા” તો વિપ્રયોગ (એટલે વિરહ)ની દશામાં કેવળ વિષાદ જ નથી અનુભવની પરંતુ પ્રિયજનમાં વિવિધ રસોને તથા ભાવોને અંતરમાં પ્રગટ કરે છે, બીજી રીતે જોવા જઇએ તો (તેનું) જીવન જ કદાચ ચાલુ ન રહે અને જીવન ચાલુ રહેતાં પ્રિયત્વને કદાચ બાધા (વાંધો) આવે. પોતે પુરૂષ હોવાથી સ્ત્રીના દષ્ટાંતની અયોગ્યતાને કારણે પણ તે જાતિના રસના ભાવનું પણ કથન છે. તેથી રસને અતિ ગોપ્ય

(બહુછુપાવીને) રાખવાનો હોય એવા (સર્વ સામાન્ય) નિયમને કારણે આભાવને 'પ્રિય' એ શબ્દથી સૂચવે છે.

વિષાદ (એટલે દુઃખ કે શોક)નો ભાવ તો બહારથી પણ અનુભવી શકાય એવો હોવાથી તથા અન્ય વિષય પણ હોવાના સંભવને કારણે એ પ્રકારનું વિશેષણ (વાપર્યું) છે. આ રીતે અનેક (એક કરતાં વધું) રસભાવોની વિશિષ્ટતા (ખાસિયત) ધરાવતું તથા શોકાતુર મારૂં મન "ત્વાં દિદૃક્ષતે" એટલે કે તને જોવા ઇચ્છે છે એવું નથી કારણ કે એતો પહેલાં કહેલાં અર્થમાં ઇચ્છેલું જ હોવાથી અહીં ઉપપન્ન (યોગ્યતા ધરાવતું) નથી વિશેષના અભાવને કારણે.

વળી બીજું એ કે અસ્મદ્ (અમારા) એ શબ્દપ્રયોગ જ દેહાધ્યાસથી બનેલો છે. સાંપ્રત (એટલે) હાલના સમયમાં તો રસાનુભવને યોગ્ય શરીરનું અસ્તિત્વ વૃત્રાસુરનું ન હોવાને કારણે પણ 'મનઃ' એમ જ કહ્યું પરંતુ મમ (એટલે મારૂં) એમ નથી કહ્યું અને દૃષ્ટાંતમાં પણ તેના અધ્યાસ (મહાવરો–ટેવ)ના દૃઢપણાને કારણે 'પ્રિયા' એવું નિરૂપણ કર્યું છે અને નહિ કે મનનું. જો એમ ન હોત તો પ્રિયાની જેમ હું દર્શનની ઇચ્છા રાખું છું એમ દૃષ્ટાંતની સમાનતાનું કથન કરતી વખતે મન દર્શનની ઇચ્છા રાખે છે એમ ન કહેત. તેથી રસમાર્ગીય કામ (એટલે ઇચ્છા–ત્રીજો પુરૂષાર્થ) રસદૃષ્ટિથી જ પુરવા યોગ્ય (સિદ્ધ કરવા યોગ્ય) છે એમ એ પ્રકારના (એટલે કે 'અરવિંદાક્ષ') સંબોધનથી માગેલું છે. ।૩।

–ક્રમશઃ

માસિક પૃષ્ઠ સહાયક

શ્રી બાબુભાઈ નારણભાઇ ગોધાણી, રાજકોટના ચિ. કેતનભાઇના તા. ૯–૬–૯૩ ના શુભ લગ્ન પ્રસંગે હ. પ. ભ. શ્રીમતી ભાનુબેન બી. ગોધાણીના જયશ્રીકૃષ્ણ.

શ્રી હરિરાયજી કૃત અષ્ટપદી

એહિ મમ ગોકુલાધીશ સદનમ્

વિવેચક : **શ્રી મથુરાદાસ જે. મહેતા, રાજકોટ.**

શ્રી રાગેણ ગીયતે

એહિમમ ગોકુલાધીશસદનં ।
સમય વિરહાનલં વપુરલંકુરૂ સખે, રહસિ દર્શય રસિક સરસ વદનં ।૧।
અન્ય ગેહેષુ વદકિમિતિ ગચ્છસિ સહસિ, કિમિતિ તદુપાલંભ ભૂરિવચનં ।
નૈવ કથયિશ્યામિ માતૃપદસન્નિધૌ, રુચિરતર બાલલીલા વિરચિતં ॥ ૨ ॥
મૃદુલ પર્યંકમથવા નાથદાસિકા, હૃદયમભિતિષ્ઠં ચિરકાલ શયનં ।
કોટી કંદર્પ લાવણ્ય રુપામૃતૈ, રહહ શિશિરય મામકીન નયનં ॥ ૩ ॥
એવમેવૈવ ચિંતયામિશ ચિરકાલ મહમાતુરા વિપિન ગમનં ।
નિત્ય માગચ્છ સંકોચમપિ નૈવ કુરુ, ચરણ પતિતા બહુ કરો મિનમનં ॥ ૪ ॥
નૈવ વિદિતં ભાવેદતે દગમન મિહ, નાથકસ્યાપિ કૃતવત્સ સંગં ।
મોહકંરુપમપિ મુગ્ધ ભાવામૃતૈ રતિ મૃદુલ તમ રુચિર વિલસ દંગં ॥ ૫ ॥
મુખકમલ દર્શનાંભાવ સંજાત પરિતાપભર ચિર વિહિત દેહદમનં ।
શમપ પૂરય સદામમ મનોરથમહો, વિવિધગતિ ચિત્તગત ભાવ ગહનં ॥ ૬ ॥
નાથ તે ગૃહ મહં દાસિકા તાવકી, કુલમખિલમેવ તવચરણ શરણં ।
અન્યથા નાથ વિફલી ભાવી સર્વથા, જીવિતાધીશ તવ પુષ્ટિ વરણં ॥ ૭ ॥
મનસિ નિવસતુ સદા દાસ હરિદાસ, કસ્યૈતદેવેહ નિજનાથ મિલનં ।
વલ્લભાધિશ ચરણા શ્રયણ માત્ર મયિ કુરુ ચિતનિત્ય માનંદ મિલનં ॥ ૮ ॥

પ્રેમલક્ષણા ભકિત જેને સ્ફુરાયમાન થઇ તેમાંથી આસકિત ઉત્પન્ન થાય છે. પ્રભુ નિકટ જવા માટે ઉત્તમોત્તમ ભકિત પ્રેમલક્ષણા છે. અને તે બાળલીલાથી ઉત્પન્ન થાય છે. ભકત પ્રભુને પોતાનાં હૃદયમાં પધરાવવા ચાહે છે. ને તે પ્રમાણે ગુણગાન કરતાં મનની બધી વૃત્તિયો પ્રભુમાં જોડી રાખે છે. ભકિતમાં લીન થતાં પોતાનાં પણું ભુલી જઇને વૃજ ભકતોનાં ભાવથી ગુણગાન થાય છે અહીં શ્રી હરિરાયજીએ અષ્ટ પદીમાં શ્રી ગોકુલનાં અધિપતિ યશોદોત્સંગ લાલિતનું વર્ણન લીલા સહીત કર્યું છે.

હે શ્રી ગોકુલનાં અધિપતિ ! તમે મારા હૃદયરૂપી ઘરમાં પધારો આપનાં વિયોગને સમય થયો છે. સમયને લીધે વિરહાનલ ઉત્પન્ન થયો છે. માટે વિરહાનલ યુકત આજે શરીર છે તેને શોભાવે. હે સખા ! આપ આપનાં રસિક મુખારવિંદનાં દર્શનનો લાભ આપો.

તમો બીજાનાં ગૃહમાં કેમ ભમો છો તે કહો. અને શા માટે આ પ્રમાણે અન્ય ગૃહમાં જવાનાં ઠપકાં અને તેને લીધે અતિશય વચનોને સાંભળીને સહન કરો છો ! જો આ પ્રમાણે નહી કરો તો માતા યશોદાની સમીપમાં હું અતિશય સુન્દર બાળલીલાઓની રચના કરીને ગાઇ સંભળાવીશ. અને તેમાં તમો અન્ય ગૃહમાં ભમતા ફરો છો તે જણાવી દઇશ.

અથવા તો હે નાથ આ આપની દાસિકાનાં હ્રદયમાં પધારો અને ત્યાં લાંબા સમય સુધી બિરાજો અને મારા નયનને કોટીકંદર્પ લાવણ્ય રૂપી અમૃતનાં રસ સિંચનથી ઠંડક આપો.

હે ઇશ્વર આપનાં વિષે આતુર બની બેઠેલી હું આપનાં વન ગમનનું લાંબા સમયથી ચિંતન કરૂ છું. આપ વન પધારતાં નિત્ય મારે ઘેર પધારો મારે ત્યાં પધારવામાં કોઇ પણ જાતનો સંકોચ કરશો નહી. હું આપને ચરણે પડી વારંવાર નમન કરૂં છું. હું તો આપને ચરણેજ પડેલી છું. (૪)

ગોવાલોનો ધર્મ છે કે ગાયો ચરાવવા વનમાં જવું માટે મારા માટે વાછરડાને સંગમાં લઇને તમે જો અહીં પધારશો તો આપનાં આગમનની કોઇને જાણ નહિ થાય, આપનું રૂપ મોહક છે. અને આપનું શ્રીઅંગ તો મુગ્ધ ભાવોના અમૃતરસનાં સિંચનોથી અતિશય કોલમ હોવાથી આકર્ષક અને મનોહર લાગે છે અને સુંદર રીતે શોભે છે. માટે આપ ઝટ પધારો. (૫)

હે પ્રભુ આપનું મુખકમલનાં દર્શનનો પણ લાભ મળતો નથી અને તે દર્શનના અભાવે હ્રદયને વિષે અતિશય પરિતાપ ઉત્પન્ન થયો છે તે વિરહનાં પરિતાપનાં ભારને લીધે લાંબા સમયથી આ મારો દેહ બળ્યાજ કરે છે. માટે હે પ્રભુ ! તે બળતા હ્રદયને શાન્ત કરો. મન મનોરથ પૂર્ણ કરો તેને શાન્ત કરો. આપની વિવિધ ગતિને લીધે ચિત્તમાં ઉત્પન્ન થયેલાં ગુઢ ભાવોને તેમજ મનોરથોને પૂર્ણ કરો. (૬)

હે નાથ ! હું આપનું જ ઘર છું. આપની જ દાસી છું. મારૂં અખિલ કુલ પણ આપનાં ચરણે છે. મનુષ્યોના અધિપતિ હે નાથ ! તમારૂં પુષ્ટિ જીવોનું વરણ ફ્લ વગરનું થઇ જશે માટે જ મારા ઉપર કૃપા કરો. (૭)

સદા દાસ હરિદાસનાં હ્રદયમાં નિવાસ કરો. આ દુનિયામાં આજે મારા નાથ છે તેનું મિલન કોને થયુ છે? અને તેટલાજ માટે શ્રી વલ્લભ પ્રભુના ચરણનો આશ્રય કરી માત્ર રહે કે જેથી કરીને ચિત્તને વિષે નિત્ય આનદોનાં ઉભરાઓ ઉભરાય. (૮)

"સર્વસિદ્ધિ દાતા મંત્ર"

મન મારૂં સદા શ્રી કૃષ્ણઃ શરણં મમ જપ્યા કરે.

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૮ તા. ૧૧-૮-૯૩ બુધવાર. શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ, જન્માષ્ટમી વ્રત, ભાવાત્મક મહારાત્રી.

શ્રાવણ વદ ૯ તા. ૧૨-૮-૯૩ ગુરૂવાર. નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૧૩-૮-૯૩ શુક્રવાર. આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૧૪-૮-૯૩ શનિવાર. અજા એકાદશી વ્રત, ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી (વીરમગામ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૧૫-૮-૯૩ રવિવાર. ગો. ચિ. શ્રી હરિરાય બાવાશ્રી (કોટા-ગોંડલ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૧૬-૮-૯૩ સોમવાર. ગો. ચિ. શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન, શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સ. ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રી ગોપાલજીનો (સં. ૧૯૧૦) પ્રાકટ્ય ઉત્સવ, ચૌદશનો ક્ષય હોવાથી આજે.

અધિક ભાદરવા સુદ ૧ તા. ૧૮-૮-૯૩ બુધવાર. શ્રી પુરૂષોત્તમમાસ (અધિક) માસનો આરંભ, આજથી શ્રીને નિત્ય નવીન મનોરથ-ઉત્સવો થાય અને વિવિધ પ્રકારની અધકિની સામગ્રી આરોગાવાય તેમજ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવાય.

અધિક ભાદરવા સુદ ૧૧ તા. ૨૭-૮-૯૩ શુક્રવાર, કમલા એકાદશી વ્રત.

વૈષ્ણવ-શ્રી વલ્લભી વૈષ્ણવજન

વૈષ્ણવ શબ્દમાં ત્રણ વર્ણ – અક્ષર છે. પહેલો 'વ' શ્રી વલ્લભનો, મધ્યનો 'ષ્ણ' કૃષ્ણનો– શ્રીકૃષ્ણનો, તેની પછીનો 'વ' શ્રી વિઠ્ઠલનો. જે બ્રહ્મસંબંધી –નામ નિવેદિત વ્યક્તિ; શ્રી વલ્લભ, શ્રીકૃષ્ણ અને શ્રી વિઠ્ઠલના તેમના પરિવાર, પરિકર અને ઉપસ્કરાદિના, તેમના સખા સખીજનના, સહચર-સહચારીજનના, દાસ-દાસીજનના, દાસાનુદાસાદિના, સેવા-સ્મરણાદિમાં, સેવાસુશ્રુષાદિમાં, શારીરિક, વાચિક, માનસિક ટહેલમાં (કાયિક, વાચિક, માનસિક ટહેલમાં); પોતાનું બ્રહ્મસંબંધી-નામનિવેદિત જીવન –આજીવન સમર્પિત કરે છે– નિષ્કામ ભાવે તે જ સાચો વૈષ્ણવ-શ્રી વલ્લભી વૈષ્ણવજન....

–પ્રો. જીવનલાલ જોષી

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, ‘વ્રજ’’ ધોરાજી**

પદ-૧૦૬

એક રસના ગુણ અપાર કયોં કરિ વરણો,
સાધન સબેં તજો ભજો ઇનકો નામ;
જાકે સ્મરણ તેં હોયગો તરણો. ૧
એક મનમેં નિરધાર કરકે,
કરો રાસ ઇનકે તટ નિકટ રહનો,
કહત **‘બ્રજપતિ’** તુમ સબનકો સમજાય;
જપો હરિનામ ઓર કછુ ન કરનો. ૨

ભાવાર્થ : હે ગુણસાગર શ્રી યમુનાજી ! આપના અપાર ગુણોનું વર્ણન એક રસનાથી કેમ થઇ શકે ? શેષજી, શિવજી, સનકાદિક મુનિઓ અને શારદા વગેરે પણ પાર પામી શકતા નથી તો બીજું કોણ પાર પામી શકે ? માટે બીજા સાધનો છોડીને શ્રી યમુનાજીના નામનું ભજન કરો. શ્રી યમુનાજીના નામ-સ્મરણથી ભવસાગર તરી જવાય છે.

મનમાં એક દ્દઢ નિરધાર કરો કે શ્રી યમુનાજીના તટ ઉપર પ્રભુએ કૃપા કરીને રાસમંડલથી ગોપીજનો અને સર્વ વન-ઉપવન સ્થિત વૃક્ષો, વેલીઓ રૂપ સર્વભકતોને પરમ સુખ આપ્યું છે, એવા આપના તટ ઉપર નિવાસ કરવો જ છે. શ્રી વ્રજપતિજી કહે છે કે તમો સર્વ જીવોને સમજાવો કે શ્રી યમુનાજી યુગલસ્વરૂપના અનન્ય થઇને તેના નામને સદા સર્વદા જપો તો તમારે બીજું કરવાનું નહિ રહે.

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

(વર્ષ ૧૨ અંક ૪ના અનુસંધાને)

૫૧૬	શ્રી કે. બી. પાનખાનીયા	રાજકોટ
૫૧૭	,, ભીમજીભાઇ કાનાભાઇ કોઠારી	ભોદ
૫૧૮	,, રમેશભાઇ સવદાસ પટેલ	રાજકોટ
૫૧૯	,, સંદીપ કાંતિલાલ પટેલ	રાજકોટ
૫૨૦	,, હેમતભાઇ ભીમજીભાઇ પટેલ	રાજકોટ
૫૨૧	,, રતિલાલ વીરજીભાઇ વામજા	સાંગલી
૫૨૨	,, અરવિંદભાઇ એલ. લાખાણી	રાજકોટ
૫૨૩	શ્રીમતી જશવંતીબેન પોપટલાલ બખાઇ	રાજકોટ
૫૨૪	શ્રી ચંદ્રકાંત બચુલાલ તન્ના	રાજકોટ
૫૨૫	શ્રીમદ્ વલ્લભ વિશ્વધર્મ સંસ્થા	અમદાવાદ
૫૨૬	શ્રી દિલીપભાઇ હંસરાજભાઇ બારાઇ	જામનગર
૫૨૭	કંસારા જીવાભાઇ લવજીભાઇ	સાણંદ
૫૨૮	સોની મહેન્દ્રકુમાર વનમાળીદાસ	રાજકોટ
૫૨૯	પટવારી સુધીરકુમાર દામોદરદાસ	જુનાગઢ
૫૩૦	શ્રી રમણીકભાઇ એલ. પાંઉ	રાજકોટ

કાવ્ય કુંજ

(૧) ગરબો હિંચમાં

[ઢાળ : જાય છે, જાય છે, જાય છે, મારૂં મન કૃષ્ણ સેવામાં જાય છે]

કાનુડો, કાનુડો, કાનુડો મારા ચિત્તડાનો ચોર છે;
ચિત્તડાનો ચોર મારા મનડાનો ચોર છે.... કાનુડો૰ ૧

સરખી સાહેલી જળ ભરવાને જાતી,
એક પછી એક એનાં ગુણલા રે ગાતી;
હાં રે એતો સહુના કાળજાની કોર છે.... કાનુડો૰ ૨

વૃંદા તે વનમાં વ્હાલે ગાયો ચરાવી,
મુરલી વગાડી ભાન સહુને ભૂલાવી;
એવો નટખટીયો નંદનો કિશોર છે.... કાનુડો૰ ૩

પાતાળે પેસી વ્હાલે કાળીનાગ નાથીયો,
નાગની ફેણ પર થૈ થૈ નાચ્યો;
એનાં કરમાં જીવનની દોર છે.... કાનુડો૰ ૪

ટચલી આંગળીયે ગોવર્ધન ધાર્યો,
ઇન્દ્ર તણો અભિમાન ઉતાર્યો;
એને માથે કલગીને મોર છે.... કાનુડો૰ ૫

–શ્રીમતી સુધાબેન બંસીધર ઘરીયા, શુદ્ધાદ્વૈત વિશારદ, અમદાવાદ

(૨) રટના શ્રી હરિની...

શ્યામ સ્વરૂપ તું લે સુમરી, રટ મનવા એક તું શ્રી હરિ,
મનમોહિની આહ્લાદિની, સુરત શ્યામની સાંવરી;
જોજે જાય ના મનથી સરી, વૃત્તિ રાખ તું સદા પાંસરી,
આંધી સંબંધ જો દે વિસરી, હરિ જાશે તુજથી વિફરી;
રટ મનવા એક તું શ્રી હરિ, તક જાયે આવે ન ફરી.

–પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

શ્રી પુષ્ટિમાર્ગીય ધોળ–પદ સાહિત્ય :

એક આલોચનાત્મક વિવરણ

લેખક : **વિઠ્ઠલભાઇ મકવાણા ધોરાજી**

પુષ્ટિમાર્ગ એટલે રસમાર્ગ, આ માર્ગમાં જેટલી નિર્દોષ રસિકતા સમાયેલી છે, તેટલી કદાચ અન્ય કોઇ માર્ગમાં નહીં હોય. પુષ્ટિ માર્ગ એટલે શરીરે પુષ્ટ થવાનો માર્ગ નહિ, પણ શ્રી હરિ–ગુરૂ વૈષ્ણવ પ્રત્યેની રસભાવના પુષ્ટ કરતો માર્ગ છે, તેમજ રસમાર્ગ એટલે મોંએથી પીવાના રસનો માર્ગ નહીં, પણ બાલસ્વરૂપ શ્રી ઠાકોરજી પ્રત્યે સેવામાં નવનિતથીએ કોમળ, વાત્સલ્ય અને સ્નેહધારા વહાવે તેવું હૃદય બનાવવાનો માર્ગ, પૂ. પાદ શ્રી ગોસ્વામી બાળકો અને શ્રી ઠાકોરજીની પુર્ણકૃપા હોય તેજ જીવનો આવા પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થઇ શકે. તેજ પુષ્ટિમાર્ગના સાહિત્ય સંગીત-ચિત્રકળા–પાક કળા–શ્રીનો સેવા પ્રકાર વગેરેમાં રહેલા 'રસ' તત્વને ઓળખી શકે અને માણી શકે.

સાહિત્ય–સંગીત - ચિત્રકળા – સેવા પ્રકાર વ. વિષયો 'રસ' ના વાહકો છે. આ બધામાં પણ સાહિત્ય એ રસ પ્રચુર વિષય છે. સાહિત્યમાં પણ ધોળ–પદ સાહિત્ય એટલે આ રસ સાગરની પણ કલગીરૂપ ગણાય. કલગીની પણ કલગી ન હોય શકે. આ ધોળ–પદ સાહિત્ય એટલે પુષ્ટિમાર્ગનું પ્રાણ તત્ત્વ છે. સેવા પ્રકાર કે બીજા પ્રકારોમાં ઉંડે સુધી નહિ ઉતરેલ વૈષ્ણવ ધોળપદમાં તો જરૂર ઉંડે ઉતરેલ હશેજ. મંદિરે દર્શનમાં, ભગવત વાર્તામાં કે, બીજે પ્રસંગે ધોળ–પદ ગાઇને પરમ સંતોષ અનુભવે જ છે. ખૂબજ સરલ એવું ધોળ સાહિત્ય તો હૃદયના અતલ ઉંડાણે પહોંચી જઇ માનવીની રસ અને આનંદની ઉર્મિઓને જાગૃત કરી ઝણઝણાવી બહાર આવે છે. અને પુષ્ટિભકત તેને રસના સાગરમાં શ્રી રસેશ્વરને ચરણે સમર્પિત કરી દે છે. સદીઓથી આ ધોળ સાહિત્યે પ્રત્યેક વૈષ્ણવ હૃદયને જકડી રાખ્યાં છે. વૈષ્ણવહૃદયમાં પુષ્ટિમાર્ગ પ્રત્યે દ્રઢતા વધારવામાં ધોળ સાહિત્યનો ફાળો કંઇ નાનો સુનો નથી. ધોળ સાહિત્યમાંથી નીકળેલી આનંદની સરવાણી હર કોઇને ભીંજવતી રહી છે.

અષ્ટ છાપના પરમ મહાનુભવ ભગવદિય કવિઓએ સર્જેલ પદસાહિત્ય આને પ્રાચિન હિન્દી પદ્ય સાહિત્યમાં શ્રેષ્ઠ પદ્ય સાહિત્ય ગણાય છે. આ પદ રચનાની શ્રેષ્ઠતા તેના શબ્દો કરતા પણ રસ અને ભાવની નિર્જરતી અભિવ્યકિતમાં સમાયેલ છે. કોઇ દેશના સમ્રાટને રીઝવવા નહીં પણ સકળ વિશ્વના સમ્રાટ એવા શ્રી પ્રભુને રીઝવવા હૃદયના કોઇ અગોચર એવા ખૂણેથી સ્વયં સ્ફુરણાથી પ્રગટેલું અને અષ્ટછાપ મહાનુભાવોની પ્રસાદીરૂપ આ સાહિત્ય વૃજભાષામાં રચાયેલું છે.

આ સાહિત્યને યથાર્થ રીતે સમજવું અઘરૂં તો છેજ, પણ પચાવીને તેમાં વર્ણવેલી લીલાઓને આત્મસાત્ કરવી તેથીય કષ્ટસાધ્ય છે. એતો પુ. પાદ શ્રી ગોસ્વામી બાળકો અને શ્રી ઠાકોરજીની પુર્ણ કૃપા હોય તોજ યથાર્થ સ્વરૂપમાં સમજી શકાય.

ગુજરાતી કે હિંદી ભજન સાહિત્યે આમ પ્રજા પર ભારે અસર કરી છે. છંદ–પ્રાસ–

અલંકાર વ. ની કડાકૂટમાં પડયાં વગર, સરળ વાકય રચના અને અર્થની સરળતાએ ઓછું ભણેલ કે અભણ માણસોના મન પ્રદેશને સ્પર્શી જવાની ક્ષમતાને લીધે, તે સામાન્ય પ્રજામાં વધુ પ્રિય છે, જે માણસો વધું ભણેલ છે, સાહિત્ય-સંગીત સાથે બૌદ્ધિક શકિતઓની પ્રબળતા ધરાવે છે, અને કંઈ વિશિષ્ટતા ધરાવતા સાહિત્યને ઝંખે છે, તેઓની રસ ભાવનાને સરળ અર્થ અને પદ રચના ધરાવતું ભજન સાહિત્ય સંતોષી શકે નહીં, તેમની રસ માણવાની અપેક્ષાનો અષ્ટછાપનું પદ્ય સાહિત્ય અને તે કક્ષાનું અન્ય વૃજભાષી સાહિત્યથી જ પુરી થશે. બુદ્ધિશાળી વૈષ્ણવજન પદમાં અર્થની અને શબ્દની ચમત્કૃતિ, ઋજુતા-લય-ગેયતા રસ-વિવિધ ભાવોની પ્રચુરતા વ. ઈચ્છે છે. આ રીતે જોઇએ તો અષ્ટછાપ કવિઓનું વૃજભાષી પદ સાહિત્ય એ બુદ્ધિજીવીઓનો ખોરાક છે; અગત્યની માનસિક જરૂરીયાત છે. આમ પુષ્ટિમાર્ગના આ ભકત કવિઓએ સંસારને ઉત્તમ સાહિત્યની ભેટ આપી ગણાય.

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં મોટે ભાગે અષ્ટછાપ ભકત કવિઓના જ પદો ગવાય છે. તદ્ઉપરાંત બીજા ઘણા ભકતકવિઓના પદો શ્રી સન્મુખ ગાવાની સેવા શ્રી મહાપ્રભુજી પછીના શ્રી વલ્લભકુળે સ્વીકારી છે. નાગરીદાસ, લલિત કિશોરી, પુરુષોત્તમદાસ, તાનસેન, પદ્મનાભદાસજી, કૃષ્ણદાસજી, ગદાધરદાસ, રાજાઆશકરણ, શામદાસ, શ્રી ભટ્ટ, રસિકદાસ, ચતુર બિહારી, બાલવિષ્ણુદાસ, દાસગોપાલ, તુલસીદાસ વ. ભગવદિય કવિઓના પદો આજે પણ ખૂબજ પ્રેમથી મંદિરોમાં ગવાય છે. રસખાન, ધોંધી વ. દૈહિક રીતે મુસ્લીમ કોમના હતા, પણ લીલાના જીવો હોવાથી શ્રી ઠાકોરજી તેમની સેવા અંગીકાર કરતાં હતા. કોઈપણ જાતની વ્યકિત હોય તે પોતાની સેવા શ્રી ને અંગીકાર કરાવી શકે છે. સેવા અંગીકાર કરાવવામાં નાત-જાતના કે ઉચ્ચ-નિચના ભેદ પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્ય નથી. ભકત કવિઓના પદો એટલા ભાવવાહી અને કવિત્વ ભરેલાં છે, કે વાંચતાં કે સાંભળતાં આપણો પણ રસના પ્રવાહમાં તણાવા લાગીએ છીએ. આ પરમ મહાનુભાવ ભગવદ્ ભકત કવિઓ દર્શનમાં બેસતાં અને આંતર ચક્ષુઓથી શ્રી ઠાકોરજીની જે લીલાઓના દર્શન થતાં તેનું તુરત જ રાગ-તાલમાં વર્ણન ગાવા માંડતાં હતા.

આ પદો શ્રી ઠાકોરજીની અદ્દભુત લીલાનું ભાવભરી શૈલીમાં વર્ણન તો કરેજ છે, તદુપરાંત આ પરમ મહાનુભાવ ભકત કવિઓની ભાવવેશ ભર્યું હૃદય, ભાવની ચરમસીમાએ પહોંચેલ માનસિક તેમજ દૈહિક સ્થિતિનું લૌકિક વ્યવહારો પ્રત્યે સંપૂર્ણ નિષ્ફિકરતા, સાંસારિક જરૂરીયાતો તેમજ આવતી કાલની 'દાળ-બાટી' માટે સંપુર્ણપણે પ્રભુ પર આધારિત સ્થિતિ વ ની આપણને હૃદયંગમ ઝાંખી થાય છે.

ઉપરોકત ભકિતકવિઓના તમામ પદો હોય છે. કોઇને કોઇ એક રાગની ચોકકસ બંદિશમાં અને તાલમાં ઢાળેલાં છે. અગેય પદો તો નહિવત્ જ છે. પુષ્ટિમાર્ગીય રાગ-સંગીત પ્રાચીનતાના શીરમોર સમુ છે. દરેક રાગ ગાતી વખતે પ્રણાલી મુજબના જ સૂરો લેવાય છે. પ્રાચીન પ્રણાલીને ચુસ્તરીતે વળગી રહેવાની વૃત્તિથી જ જુદી જુદી બંદિશો આજે પણ

હવેલી સંગીતમાં જળવાઇ રહી છે. પ્રાચીન બંદિશોને ચુસ્તરીતે વળગી રહેવાની પ્રણાલીને લીધે કાળક્રમે બંદિશોમાં કરવા જરૂરી ફેરફાર થઇ શકતા નથી. એટલે કે પ્રાચીનતા રહે છે, પણ પ્રવાહિતા રહેતી નથી. શાસ્ત્રીય સંગીતના ગાયકો ધ્રુપદ ગાયન શૈલીથી શકાય તેટલા દુર રહે છે. કારણ કે ધ્રુપદ ગાયન ગાતાં પરસેવો છુટી જાય છે, ત્યારે હવેલી સંગીતમાં કિર્તનકારો ખુબજ સહેલાઇથી દ્રપદ ગાય છે તે સંકિર્તન સંગીતની એક વિશિષ્ટતા ગણાય.

ગાંધીજીના સાબરમતી આશ્રમમાં રહેતા વિદ્વાન સંગીતકાર શ્રી પંડિત નારાયણ મોરેશ્વર ખેરએ તા. ૨૧-૯-૧૯૩૫ના રોજ ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદના આશ્રયે જાહેર પ્રવચનમાં હવેલી સંગીતની નોંધ લેતા કહ્યું હતું કે- 'વૈષ્ણવોની હવેલીમાં પરંપરાથી ચાલતું આવેલું સંગીત પણ ભૂલી શકાય એવું નથી.'

જેમ ઉપરના મહાનુભાવો ભગવદીયો નિર્મિંત પદ્ય સાહિત્ય ઉચ્ચ કક્ષાનું છે, તે જ રીતે સંપ્રદાયનું ધોળ સાહિત્ય પણ તેની કક્ષામાં ઉચ્ચતા ભોગવે છે. આ ધોળ સાહિત્યના રચયિતા ભગવદીય કવિઓ તો ઘણા છે, પણ તેમાં નીચેના મુખ્ય છે- દયારામભાઇ, માધવદાસ, વલ્લભદાસ, હરિદાસ, નરસિંહ મહેતા વગેરે ગામડાઓમાં પથરાયેલ વિશાળ અશિક્ષિત અગર ઓછું ભણેલ વૈષ્ણવ સમાજ તેમની રીતે સમજી શકે તેવી સરળ અને સચોટ શૈલીમાં આ ભગવદીય કવિઓએ શ્રી બાલકૃષ્ણની જુદી જુદી લીલાઓ, ગોપીજનોની વ્યથાઓ, પ્રસન્નતા, વધાઇઓ વગેરે વર્ણવી છે. આ ભગવદીય કવિઓમાં ધોળસાહિત્યમાં શ્રી દયારામભાઇનું ધોળ સાહિત્ય વિશેષ પ્રમાણમાં છે. શ્રી દયારામભાઈ તો આપણા માર્ગના 'રસકવિ' ગણાય છે.

હવે આપણે થોડા ધોળ-પદનો રસાસ્વાદ માણીએ.

શ્રી દયારામભાઇનું એક ધોળ જોઇએ. આ ધોળમાં સ્નેહની મીઠી પીડાનું રસમય વર્ણન છે.

પ્રેમની પીડા તે કોને કહીએ હો મધુકર,
પ્રેમની પીડા તે કોને કહીએ.

થાતાં ન જાણી પ્રીત જાતાં પ્રાણ જાય છે,
હાથના કીધાં તે વાગ્યા હૈયે હો । મધુકર ।

જેને કહીએ તે તો સહુ કહે મુરખ;
પસ્તાવો પામી સહી રહીએ હો । મધુકર ।

ધીખીએ ઢાંકયા રાત દિવસ અંતરમાં,
ભૂખ નિંદ્રા નવ લહીએ હો । મધુકર ।

અબળાનો અવતાર પરાધીન છે,
રંક કલ્પિએ કયાં જઇએ હો । મધુકર ।

સ્નેહનો દઝાડો મરણ થકીય મોંઘો,
શું કરીએ વ્હાયા તે વહીએ હો । મધુકર ।

'**દયા**'ના પ્રિતમજી શું સદાય સુખ થાઓ,
દુઃખ દીધું નંદજીનો છૈયે હો । મધુકર ।

જગતના નાથ એવા પ્રિયતમ પ્રભુ મળવાની ઝંખના, નિર્દોષ ભાવથી ભિન્ન-ભિન્ન ભાવે મળતાં મળતાં પ્રભુ સાથે અજાણતાં જ નેહના છેડાની ગાંઠ લાગી જાય છે. ગાંઠ લાગી ગયા પછી ખબર પડી કે આ તો પ્રભુ સાથે નેહ થઈ ગયો છે ! સ્નેહની તો આ જ ખૂબી છે. સ્નેહ થઇ ગયા પછી વિયોગમાં સ્નેહની મીઠી

મીઠી પીડાનું આમાં વર્ણન છે. વૃજાંગના પોતાના હૃદયની વેદનાને વાચા આપે છે. સાથે સાથે અહેવાલના પણ કરે છે. પ્રિત થતાં તો ખબર ન પડી પણ ખબર પડી ત્યારે પ્રિત પ્રાણસમાન થઇ ગઇ ! ખબર ન રહી તેથી હવે પસ્તાવાનો વારો આવ્યો છે. પ્રિત થતાં તો થઇ ગઇ પણ પ્રભુ પોતે વિરહની વેદના આપી દુર જતાં રહ્યાં ! હૃદયમાં તો વિરહના અંગારા ધખધખે છે. ભૂખ-નિંદ્રા બધું ઉડી ગયા છે. સ્નેહનો દઝાડો તો મરણથીયે બહું વસમો છે. સ્નેહના દઝાડાથી થાકીને કોઇ ગોપીજન પોતાની નિઃસાધનતા અને પરાધિનતા વર્ણવી કહે છે કે- અમો આવા રંક અને પરાધિન હોવાથી બીજુ શું કરી શકીએ ? કે કયાં જઇએ ? સ્નેહમાં નિઃસાધનતા અનુભૂતિની કક્ષાએ પહોંચ્યા પછી સ્નેહની પુર્ણતાની ઝાંખી થાય છે. સ્નેહમાં પુર્ણત્વની પ્રાપ્તિ એ તો જીવના અહોભાગ્ય ગણાય. શ્રી ઠાકોરજીની કૃપા એ જ સ્નેહની પુર્ણતાનું ઉચ્ચત્તમ બિંદુ.

ગોપીજનો જેમને-જેમને હૃદય વ્યથાની વાત કહે છે તેઓ બધાં તેમને મૂરખ જ કહે છે. પ્રેમની કેડીએ ડગ માંડનારને જગત તો મૂરખ જ કહે છે. હવે તો ગોપીજનો વેદનાના વહેણમાં તણાયા છે, તો વહેવાનું જ રહ્યું. પ્રેમની મીઠી-મીઠી પીડાનું આ હૃદયંગમ વર્ણન છે. આ ધોળ વાંચી તો આપણે પણ પ્રભુ પ્રત્યેના સ્નેહના વહેણમાં તણાવા લાગીએ છીએ, અને અભિભૂત થઈ જઇએ છીએ.

-ક્રમશઃ

પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૧૦૧

પ. ભ. ગીરધરલાલ નાથાલાલ કોટક તથા પ. ભ. શ્રીમતી કંચનગૌરી ગીરધરલાલ કોટક કલ્યાણ (થાણા) નિવાસીના જય શ્રીકૃષ્ણ.

પ્રભુ કર્તા છે

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદી શ્રી ઈચ્છારામ ભટ્ટજીના આંતર ઉદ્‌ગારો

આ જેટલા જીવો છે તે ભગવત્સ્વરૂપને જાણતા નથી ને વળી સેવાએ કરતા નથી, ને વળી ઉલટા કહે છે કે, હું પ્રભુને જાણું છું, ને વળી સેવા કરૂં છું તે જીવનું મોટું અભાગ્ય. તે ઉપર કહે છે કે જો તું પ્રભુને જાણતો હોય તો તને લોકોની જેટલી બીક આવે છે, એટલી તને તારા પ્રભુની બીક આવે છે ? જો આવતી હોય તો કોઇની સાથે બોલાય નહિ, મર્યાદામાં બોલીએ છીએ, ત્યાં સુધી પ્રભુ જાણ્યા નથી.

જ્યારે પેલી વાર્તામાં વૈષ્ણવ શ્રી ઠાકોરજીને પોઢાડીને બહાર બારણે સુતા, કારણ કે આપણી દુર્ગંધ પ્રભુને આવે આ બીકથી બારણે સુતા, ત્યારે પ્રભુએ પોતે આજ્ઞા કરીને ઘરમાં સુવાડયા ત્યારે જ સુતા.

જેવી રીતે ભગવદીયે પ્રભુની મર્યાદા રાખી તેવી રીતે તે વખતે પ્રભુને દયા આવી, તેવી રીતે તું પ્રભુને જાણતોય નથી ને મર્યાદા આવતી એ નથી. વળી તું કહે છે કે હું સેવા કરૂં છું તે ખોટું કહે છે. જો પાણી ન હોય તો તું શેને ન્હાતો ? આ વસ્ત્રાભરણ સામગ્રી ન હોત તો નાહીને પણ શું કરત ? વસ્ત્રાભરણ તો પોતાની પાસે રહે છે, ને તું બહાર નીકળે છે. સત્તા પોતાની છે ને વળી તું કહે છે કે, હું સેવા કરૂં છું, એ તો મોટી ખોટ છે. કર્તા બીજા છે, ને તું પોતે કર્તા થઇ બેઠો છો, માટે તું ક્ષણ ક્ષણ વિચાર કરતો રહીશ તો તારૂં કામ થશે.

જે મારાથી કોઇ ભૂંડો નથી, આ પ્રાણીમાત્ર ભગવદ્રૂપ છે ને હું એક ચાંડાલરૂપ છું. એવું નિરંતર માનવું, નીચામાં નીચા થઇને રહેવું, એક પ્રભુનો આશરો રાખવો. પ્રભુ જ કર્તા છે એ જીવને જાણવું છે, પ્રભુ વિના કંઇ જાણવું નથી. કાળના ભયથી નીકળવું કાળના કાળ પ્રભુ છે, પ્રભુ વિના કોઇ છે નહિ, પ્રભુના દાસ થઇને રહે, એનું કંઇ છે નહિ. સમજયા વિના પોતાનું માન્યું હોય તે પ્રભુને સોંપવું. સોંપ્યા પછી કશી ચિંતા રાખવી નહિ. એ પ્રભુ ને હું પોતે દાસ એમ જાણવું.

ધણીને ગમે તે વાણોતરને રાખે. ગમે તે પેઢી ઉપરથી ઉઠાડી, ગમે તે પેઢી ઉપર બેસાડે, તેનો હરખ–શોક મનમાં આણવો નહિ. આ ભગવદીયને મરવું, અવતરવું એવું કંઈ છે એની કશી ચિંતા હૈયામાં રાખતા નથી !

ત્યારે કહે છે જે ભગવદીય મરવાની કે ખાવાની ચિંતા કરે તે સંસારી. કારણ કે– સંસારીને ધન, ઘર ને બૈરાં–છૈયાં વહાલાં ને ભગવદીયને તો ભગવાન વહાલા. જે પોતાની સત્તા સંસારમાં ગણે તે સંસારી છે, પણ ભગવદીયને તો પોતાની સત્તા છે નહિ. સત્તા પ્રભુની છે, એટલે પછી બધું પ્રભુના જ વિનિયોગમાં આવે એટલે એક કોડી પણ પ્રભુના વિનિયોગ વિના બારણે જાય નહિ, ત્યારે શેઠ પ્રસન્ન થાય અને પ્રસન્ન થાય ત્યારે વળી મોટી પેઢીએ બેસાડે, વાણોતરનો વિશ્વાસ આવે, ત્યાર પછીની વાત છે. માટે

પ્રભુ એવા વહાલાં કરવા કે જીવ પ્રભુ વિના બીજું જુએ નહિ. અહોરાત્ર પ્રભુની ભાવના, ચિંતન, પ્રભુનું ધ્યાન, પ્રભુનું કિર્તન તેમજ પગલે પગલે વિચાર કરે કે, પ્રભુ વિના કોઇ કર્તા નથી. પ્રભુ પોતે પોતાની સેવા પોતે જગતરૂપ થઇને કરે છે.

આ જીવ કર્તા નથી. ભગવદીય પ્રભુને કર્તા જુએ છે, જે ભગવદીયને હું કર્તા છું એમ થાય છે તે બહિર્મુખ છે, માટે પ્રભુ વિના કોઇ કર્તા નથી. એ નિશ્ચય કરવું ને પ્રભુનો જ વિચાર કરવો. જો વિચારશો, તો પ્રભુ વિના કાંઈ દેખશો નહિ.

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા : **પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા**

[એક દિવસ શ્રી ગોકુલનાથજી ચોરાસી વૈષ્ણવોની વાર્તા કરતાં કલ્યાણ ભટ્ટ આદિ વૈષ્ણવોની સંગે રસ મગ્ન થઇ ગયા. તેથી શ્રી સુબોધિનીજીની કથા કહેવાની સુધિ રહી નહીં ને અર્ધ રાત્રિ થઇ ગઇ. ત્યારે એક વૈષ્ણવે શ્રી ગોકુલનાથજીને વિનતિ કરી, જે મહારાજાધિરાજ ! આજ કથા કયારે કહેશો ? અર્ધ રાત્રિ ગઇ.

ત્યારે શ્રી મુખથી શ્રી ગોકુલનાથજીએ આજ્ઞા કરી કે "જે આજ કથાનું ફલ કહીએ છીએ. વૈષ્ણવની વાર્તામાં સઘળું ફળ જાણજો. વૈષ્ણવ ઉપરાંત બીજા કોઇ પદાર્થ નથી. આ પુષ્ટિ માર્ગ છે તે વૈષ્ણવ દ્વારા ફલિત થશે. શ્રી આચાર્યજી પણ એજ કહેતા, જે દમલા ! તારા માટે આ માર્ગ પ્રકટ કર્યો છે,' તેથી વૈષ્ણવની વાર્તા છે તે સર્વોપરી જાણજો."

શ્રી ગોકુલનાથજીની આજ્ઞાનુસાર ૮૪ વૈષ્ણવ ભગવદીઓનું "શ્રી વલ્લભ સુધા"ના વાચક વૈષ્ણવ વૃંદને સ્મરણ થતું રહે તેવા શુભાશયથી પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપાએ રચેલા ૯૧ ચોખરા ક્રમશઃ પ્રસ્તુત થતા રહેશે. – સંપાદક]

રાગ – બિલાવલ

શ્રી દામોદરદાસ હરસાની, પ્રાણપતી પદરજ રતિ માની;
તન મન પ્રાણ સમર્પણ કીના, નિજ પ્રભુ સત્ય અનન્ય વ્રત લીના.
(છંદ) લીના અનન્ય વ્રત નાથ નિત્ય સંગ, અર્થ જગકે ત્યાગહી,
ગૂઢ ભાવસોં ભજન કીને, પરાકાષ્ટ અનુરાગહી;
જીનકી કૃપા પદ રજ પ્રતાપે, પ્રાણ વલ્લભ પાઇએ,
ચોરાશી મહાભાગ્ય નીજ જનકે વિમલ ગુણ ગાઇએ........૧
બરનો **કૃષ્ણદાસ મહામેઘન**, આજ્ઞાકારી હે સાચે જન;
અસાધારણ સુખ સેવા કીની, ઇનકો તીન વસ્તુ પ્રભુ દીની.

(છંદ) દીની જો વસ્તુ તીન તાકો, પ્રગટ પ્રભુ અનુભવ પાયકે,
પૂર્ણ પુરુષોત્તમ પ્રમાણ્યા, પ્રથમ ગુરુ ઘર જાયકે;
એસે દિન દિનકી કથાહી, કોન કોન સરાહીયે
ચોરાશી મહાભાગ્ય નીજ જનકે વિમલ ગુણ ગાઇએ........૨

સંભરવાલા દામોદરદાસ, કનોજ મધ્યે જીનકો જુ વાસ;
તીનકો પ્રથમહી પત્ર પઠાયો, માને મહાવિરહીન પ્રાણ બચાયો.

(છંદ) બચાય લીને પ્રાણ જીનકે, આપ તહાં ચલી આઇયા,
દેખી મેઘન દુતીકા સંગ, નાથ દર્શન પાઇયા;
પ્રાણ તન ધન કરી સેવા, કો ન સમર્થ કહાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ........૩

વિમલ કવિજન **પદ્મનાભ**, તા કારણ પ્રગટે જુ વલ્લભ
તે કોટિન મેં વિરલા કહાયે, આપનો આશ્રય તાહી જતાયે.

(છંદ) જતાય આશ્રય અંતરંગે, રૂપ વર્ણન જિન કીયા,
વેહી ભક્ત અનન્ય કહિયે, સર્વાત્મા તન મન દીયા;
કહાંલોં જસ કહું જાકો, રસના મે ન સમાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે વિમલ ગુણ ગાઇએ........૪

તિનકી બેટી **તુલસા** ગાઇ, તાકો, શ્રીમુખ આપ સરાહી;
નિશદિન કરત પ્રભુ પરચૈયા, જાકે કારજ સઘરે સરૈયા.

(છંદ) સરીયા જો કારજ સકલ જિનકે, એક વૈષ્ણવ આઇયા,
જ્ઞાતિ કારણ રહી ભૂખ્યા, પ્રભુ સ્વપ્ને જતાઇયા;
પ્રાતઃ આય પ્રસાદ લીનો, દોઉ પ્રેમ બઢાઇએ,
ચોરાશી મહા ભાગ્ય નિજજનકે વિમલ ગુણ ગાઇએ........૫

પદ્મનાભ સુત વહુ પારવતી, શ્રી હરિકી સેવા નિત્ય કરતી;
એક દિના કર સ્વેત દિખાયે, વિનય પત્ર શ્રી ગોકુલ પઠાયે.

(છંદ) પઠાયે વિનય પત્ર શ્રી ગોકુલ, વાંચ પ્રભુ કરુણા કરી,
માનો વિરહની પત્ર દ્વારા, તાપ ગય તનકી હરી;
સહજ વિરહકી ટેક જાકી, સકલ દુઃખ નસાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે વિમલ ગુણ ગાઇએ........૬

સુર **રઘુનાથ** પારવતી જાયે, પઢે કાશીતેં શ્રીગોકુલ આયે;
સમજ્યો નહિ અલૌકિક બાની, પ્રભુ અંતરગતકી સબ જાની.

(છંદ) જાની જાકી ગતિ અંતર લિયે બુલાય નજીકહી,
ઉભય વિધસોં શરણ લીને, બચન અમૃત સીંચહી;
રહેત નહિ સંદેહ સબવિધ, નાના ભ્રમ મિટાઇએ,
ચોરાશી મહા ભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ.
બસત અડેલ **રજો ક્ષત્રાણી** તાકી અદ્ભુત કહુ એક કહાની;
કર પકવાન ધરત નિત્ય ભોગ, પ્રાણ પ્રીતમ આપ આરોગે.

(છંદ) આરોગે આપથી પ્રાણ પ્રીતમ, એક દિના શ્રાદ્ધહી,
વાહી દિન અંગીકાર કીનો, વિના સાધન સાધહી,
મનોરથ તુમ યથાસ્થિતયોં, ગુપ્ત અર્થ જતાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ........૮

(ક્રમશ)

પુસ્તક પરિચય

સુખ હોતે ગોપાલ ગાયે

સંપાદક – સંકલન : **પ્રિ. શરદભાઈ આર. મહેતા (નડિયાદ)**
પ્રકાશક : **પૂ. ઇન્દિરાબેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ**
સાર્વજનિક ટ્રસ્ટ, ગિરિરાજ ભવન, ઘડિયાળી પોળ, વડોદરા–૧

ક્રાઉન સાઇઝ ૮ પેઇજી પૃષ્ઠ ૩૮૬ + ૧૨ = ૩૯૮ બોક્ષ બોર્ડનું બાઈન્ડીંગ લેમીનેશન ટાઇટલ પર શ્રી મહાપ્રભુજી શ્રી નાથજીને જગાવી રહ્યા છે તેવી ભાવનાનું રંગીન ચિત્ર અને ચોથા ટાઇટલ પર સંપાદકનો સંક્ષિપ્ત પરિચય છે. પ્રથમ આવૃત્તિ ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તક શ્રી નાથ દ્વારા પરંપરાગત ગવાતા કીર્તનોનો મોટા ટાઇપમાં ઓફસેટથી છપાયેલો અનોખો સંગ્રહ છે. જેમાં નિત્ય લીલાના શીતકાલમાં, ઉષ્ણકાલમાં, અક્ષય તૃતીયાથી રથયાત્રા સુધીમાં તથા અન્ય ઘરોમાં બોલાતાં અપ્રચલિત પદો લગભગ ૧૦૦૦ ઉપરાંતનો સમાવેશ કરવામાં આવેલો છે. એટલુંજ નહિ, પરંતુ પાંચ પરિશિષ્ટ અ થી ઇ માં ક્રમશઃ શૃંગારના, શ્રી નાથજીની કીર્તન પ્રણાલિકા મુજબ દૈનિક દર્શનના, શ્રીનાથજીના તિલકાયતોની પરંપરા, શૃંગારના રેખા ચિત્રો, અષ્ટછાપ અને અષ્ટ છાપેતર કવિઓની રચનાના પદોની ક્રમાંક સૂચીથી વર્ગીકરણ પ્રસ્તુત કરેલ છે. જે જિજ્ઞાસુને ઉપયોગી અને માર્ગદર્શક નિવડે તેવું છે.

સંપાદક શ્રી એમ. એ (અર્થશાસ્ત્ર)ની શૈક્ષણિક લાયકાત ધરાવે છે, જે જોતાં અર્થશાસ્ત્ર અને સંગીતશાસ્ત્ર જેવા વિષયોનો પુર્વ–પશ્ચિમ જેમ કયારેય મેળ બેસે નહીં, તેમ છતાં શ્રી

સન્મુખ વર્ષોથી કીર્તન સેવા આપી રહ્યા છે, એટલું જ નહીં શાસ્ત્રીય સંગીત પર સંશોધાત્મક પ્રવચનો અને લેખોની રજુઆત કરેલ છે. આમાં કેવળ પ્રભુના પ્રમેય બળનો પ્રતાપ જ દેખાય આવે છે.

આવા કીર્તન સાહિત્યના અનોખા–ઉમદા સંગ્રહના સંપાદકશ્રી અને પ્રકાશક ટ્રસ્ટ મંડળને હાર્દિક અભિનંદન.

૨. પુષ્ટિ સ્વાધ્યાય :

સંપાદક – **શ્રી યોગેશ શાસ્ત્રી**, પ્રકાશક : આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ
C/o. પ્રા. ગોપાલભાઇ એચ. શાહ, સુદર્શન પહેલા માળે;
પાયોનર હાઇસ્કુલની બાજુમાં, **આણંદ**–૩૮૮૦૦૧.

૮ પેઇજી ક્રાઉન સાઇઝ પૃષ્ઠ ૪૦૦ ઉપરાંત, ઑફસેટ છાપકામ, પાકુ બાઇન્ડીંગ લેમીનેશન પુંઠાવાળું, શ્રી મહાપ્રભુજી, શ્રી નાથજી, શ્રી યમુનાજી વગેરે આઠ સ્વરૂપનાં રંગીન સુંદર ચિત્રજી સાથે ન્યોચ્છાવર દર્શાવેલ નથી.

પુષ્ટિસંપ્રદાયમાં ભગવદ્ વાર્તાનો ક્રમ તો ચાલે જ છે, પરંતુ આવી ભગવદ્ વાર્તામાં ઝાઝા ભાગે વૃદ્ધ વર્ગની જ હાજરી જોવા મળે છે. પછી તે ઘરમાં થતી ભગવદ્ વાર્તા હોય કે કોઇ વૈષ્ણવના ઘેર થતી હોય કે હવેલી–મંદિરમાં થતી હોય તેમાં યુવક વર્ગની હાજરી ભાગ્યે જ જોવામાં આવે છે. આમ ઉપેક્ષા વૃદ્ધિ થતી રહે તો આગામી પેઢી પુષ્ટિ સંપ્રદાયના સંસ્કારથી વંચિત રહે અને વિમુખ થઇ જાય.

આવા સંજોગો નિવારવા સંપ્રદાયના અગ્રણીઓ ઉપાય માટે ઘણા સમયથી વિચાર–વિમર્શ ચલાવી રહ્યા હતા. તેના ફલ સ્વરૂપે પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન થયું છે. તેમાં સંપ્રદાયનું સામાન્ય જ્ઞાન મળી રહે તેવા વિષયો પસંદ કરીને સરળ ભાષામાં બાવન વિષયોનું બાવન પાઠમાં સંકલન પસંદ કરેલ છે. શ્રીવલ્લભ પ્રભુ પણ ભૂતલ પર બાવન વર્ષ બિરાજ્યા છે અને સંપાદકશ્રીના હૃદયમાં પ્રમેયબળથી બાવન વિષયોના સંકેત ચિહ્નની ભાવના માની શકાય.

સંપાદક મહોદયે અથાગ પરિશ્રમ લઇને આવા ઉમદા સાહિત્યનું સમાજ માટે સંપાદન કરી આપ્યું છે તે અભિનંદનીય છે.

પ્રકાશક સંસ્થા પણ ધન્યવાદને પાત્ર છે. પરંતુ ગામે ગામ લતાવાર સ્વાધ્યાય માટે દરરોજ યોગ્ય સ્થળ–સમય નક્કી કરી સંગઠન થાય અને તેમાં આ પુસ્તકનું પદ્ધતિસર વાંચન થાય તેવા પ્રયાસ કરવામાં આવશે તોજ સંપાદન અને પ્રકાશનની સાર્થકતા થશે.

૩. સિદ્ધાન્ત રહસ્યમ્

સંકલન :- પૂ. પા. ગો. શ્રી રસિક રાયજી મહારાજ (મથુરા-પોરબંદર-રાજકોટ)

પ્રકાશક :- શ્રી દ્વારકેશ ગ્રંથમાલા, નવપ્રકાશ કાર્યાલય, માધવભવન, **પોરબંદર**-૩૬૦૫૭૫

આઠ પેઇજી ડેમીસાઇઝ પૃષ્ઠ ૭૦, ઓફસેટ છાપકામ, પીન બાઇન્ડીંગ લેમીનેશન પુંઠાવાળું મૂલ્ય રૂા. ૧૦/-

પ્રસ્તુત ગ્રંથ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજી વિરચિત છે અને સંપ્રદાયમાં આ ગ્રંથ મૂર્ધન્ય સ્થાને મનાય છે. આ ગ્રંથ ઉપર ગોસ્વામી બાલકો અને વિદ્વાનોની સંસ્કૃતમાં અગીયાર ટીકાઓ ઉપલબ્ધ છે તે ઉપરથી સમજી શકાય છે કે આ ગ્રંથ સંપ્રદાયના પાયાનો સિદ્ધાંત સમજાવવામાં કેટલું અગત્યનું સ્થાન ધરાવે છે. આ ગ્રંથ ઉપર તો ઘણું સાહિત્ય પ્રકાશિત થયેલ છે. તેમાંથી બહુજ અગત્યનું સાહિત્ય ચુંટી કાઢી સંકલન કરીને શંકા-કુશંકાનું નિવારણ કરવામાં અત્યંત ઉપયોગી છે તેનું દિગ્દર્શન કરાવેલ છે.

પ્રારંભમાં મૂળ ગ્રંથ છે. ત્યારબાદ "સિદ્ધાંત રહસ્યમ્ એક વિહંગાવલોકન" નામનો લેખ પૂ. સંકલનકાર મહોદય શ્રી આલેખેલ છે તેમાં ગ્રંથના વિષયની છણાવટ સરળ શૈલીમાં કરેલ છે જે જિજ્ઞાસુને પ્રેરણાદાયક છે.

ત્યારબાદ પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી (પારલા) યે હિંદીમાં 'સિદ્ધાન્ત રહસ્ય-ગ્રંથ પરિચય' લખેલનું ગુજરાતી ભાષાંતર પ્રસ્તુત છે.

ત્યારબાર ગો. વ. પ. ભ. શ્રી મુળચંદ્ર તેલીવાળાએ "સિદ્ધાન્ત રહસ્યનું તાત્પર્ય" દર્શાવતો અંગ્રેજીમાં પ્રમાણો સાથે લેખ લખેલો તેનું ગુજરાતીમાં થયેલું ભાષાંતર છે.

છેલ્લે પુ. પા. ગો. શ્રી પુરૂષોત્તમનું લેખવાળાની વિસ્તૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર છે.

એકંદર પ્રસ્તુત સાહિત્ય સંપ્રદાયના સિદ્ધાંતનું રહસ્ય તમામ જિજ્ઞાસુને મનન કરવા યોગ્ય છે.

સંપ્રદાયનું આવું અગત્યનું ઉંમદા સાહિત્ય પ્રકાશિત કરવા બદલ સંકલનકાર મહોદયશ્રીને તથા પ્રકાશક સંસ્થાને ધન્યવાદ.

॥ શ્રી દ્વારકાધીશો જયતિ ॥

વધાઇ ! વધાઇ ! વધાઇ !

સમસ્ત વલ્લબીય સૃષ્ટિને જણાવતાં અતિ આનંદ થાય છે કે, અષાઢ સુદ ૮ ને રવિવાર તા. ૨૭-૬-૯૩ ના શુભ દિને નિ. લી. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી અમરેલીવાળાના વહુજી ગોસ્વામીની શ્રી વ્રજપ્રિયા વહુજી મહારાજે પોતાના ઉત્તરાધિકારી ગાદી પતિનું તિલક તેઓશ્રીના ભત્રીજા શ્રીવલ્લભાચાર્ય પ્રાગટય પીઠના ગાદી પતિ ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રંજજીવનલાલજી મહારાજશ્રી (અમરેલી, કાંદિવલી, ચંપારણ્ય)ના દ્વિતીય આત્મજ ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહોદય (શ્રી રાજુબાવા) ને સવારે ૧૧-૦૦ વાગે કર્યું.

આ પ્રસંગે કાંકરોલીવાળા તૃતીય પીઠાધીશ્વર શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી પધાર્યા હતા. વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગના ઉપલક્ષમાં શ્રી વિઠ્ઠલનાથજી પ્રભુને કુનવારાનો મનોરથ તથા પલના, નંદમહોત્સવ થયા હતા. તથા સાંજે શયનમાં પુષ્પવિતાનનો મનોરથ થયો હતો. હજારો વૈષ્ણવોએ દર્શનનો લાભ લીધો હતો.

અદ્ભુત પ્રસંગ

સંગ્રાહક : **પ. ભ. હેમરાજભાઈ, રાજકોટ**

(કાઠીયાવાડ કેશોદ પાસે ગામ મેખડાના વૈષ્ણવ પ્રજાપત વલ્લભદાસજી પાસેથી સાંભળેલ પ્રસંગ)

તાદૃશી કરતાં તેના સ્વરૂપને ઓળખનારને વધુ ધન્યવાદ છે.

એક વખત શ્રી હરિરાયજી પ્રભુ ગુજરાતના પ્રદેશે પધારેલા ત્યારે એક ગામમાં (જેનું નામ યાદ નથી તે ગામમાં) બિરાજતા હતા. ત્યારે પ્રસંગોપાત તેઓશ્રી તરફથી એક વૈષ્ણવને પૂછવામાં આવ્યું.

આ ગામમાં કોઇ તાદૃશી વૈષ્ણવ છે ? જવાબમાં હકાર મળ્યો. તરત જ આપને તાદૃશીને મળવાનો ઉત્સાહ થયો. તેથી વિરક્ત વૈષ્ણવ માફક ફાટેલ થીંગડાવાળી બંડી, ધોતી, ટોપી વગેરે ધરી, ખડીયો તુંબડાં વગેરે સ્વાંગ ધરી, તૈયાર થઇ આપ પેલા વૈષ્ણવ સાથે પધાર્યા. ‘છેટેથી તેનું ઘર અને નામ બતાવી દેજો’ તેમ કહેતાં પેલા વૈષ્ણવે તે બતાવ્યાં આપ ત્યાં પધાર્યા.

સમય રાત્રિના ૮ વાગ્યાનો ડેલીના કમાડ બંધ હતા. સાદ પાડતાં અંદર તાદૃશી વૈષ્ણવો બન્ને ભાઇઓ જે અલૌકિક મસ્તાઇથી સેવા કરતા હતા તે પૈકીના એક આવ્યા. કમાડ ઉઘાડ્યું. હાથ જોડી નમ્રતાથી મનુહાર સહ જય શ્રીકૃષ્ણ કર્યા. અલૌકિક મસ્તાઈ અને અંધારામાં શ્રી હરિરાયજીને ઓળખ્યા નહિ, વૈષ્ણવ જાણી સત્કાર્યા.

આપે પ્રશ્ન કર્યો, શું સમય છે ? (કારણ કે પ્રથમ વૈષ્ણવ દ્વારા જાણ્યું હતું કે આ ભાઇઓ રાત્રિ તે દિવસ અને દિવસ તે રાત્રિ, એમ માની ગુપ્ત રીતે પ્રસન્નતાથી શ્રીને સેવે છે તેથી શું સમય છે તેમ પૂછ્યું) જવાબમાં મંગલભાવની તૈયારી છે એમ કહેવામાં આવ્યું. આપે સામેથી કહ્યું, તમો પ્રસન્નતાથી સેવા પહોંચો. હું અહીં બેઠો છું. રાજભોગ પછી મને બોલાવજો. આમ કહેવાથી આપને ત્યાં બેસાડી વૈષ્ણવ ઝટ સેવામાં ચાલતા ક્રમમાં લાગી ગયા. આપે ઝીણી દૃષ્ટિથી બધું નિરીક્ષણ કર્યું.

મંગલ ભોગમાં પણ ભાવસહિત ફલફુલ, દુધઘરથી માંડી સખડી અનસખડીપર્યંત ભોગ ધર્યા તે આપે જોયું. બાદ પણ ભાવસહિત શૃંગારાદિ સમયમાં પણ તેમણે એજ રીતે તેઓ પહોંચ્યા તે જોયું. રાજભોગ માટે જુદો સખડીનો ચડાવો આદિ બધું ભાવ સહિતનું વર્તન જોયું. આપ બહુ પ્રસન્ન થયા પછી રાજભોગ ધરાયા ત્યારે ભાવ સહિત અનેક વસ્તુ ધરાયા બાદ જુદું પોતનું કરીને ફકત લુણ બાટી ધરવામાં આવ્યા તે આપે જોયું.

ભોગ સર્યા બાદ અનોસર આવવાના વખતમાં આપને પ્રસાદ લેવા બોલાવવામાં આવ્યા. આપે પુછ્યું, આ જુદે પોતને ધર્યું છે તે શું ભાવથી ધરો છો ? જવાબ મળ્યો, શ્રી પછવાડે આ પેટને ભાડું દેવા. બાદ પુછવામાં આવ્યું, આ અનેકવિધ સામગ્રી છે છતાં એમ કેમ ? એટલે ખુલાસો કર્યો, એ બધું શ્રી પછવાડે વૈષ્ણવના સમાધાનમાં વિનિયોગ થશે. વૈષ્ણવ ન મળે ત્યારે ગાય અગર જલમાં વિનિયોગ થશે.

શ્રી વલ્લભોજ્યોતિ

વધાઈ

મુંબઇ મોટા મંદિરવાળા હાલ બિલખા બિરાજતાં શ્રીમદ ગો. શ્રી જીવનેશજી મહારાજશ્રીની વ્રજ યાત્રા

વ્રજયાત્રાના નિયમ સંવત ૨૦૪૯ ના બી. ભાદરવા સુદ ૧૧ રવીવાર તા. ૨૬-૯-૯૩ ના શુભ દિને મથુરા વિશ્રાત ઘાટે લેવાશે.

શ્રી ગિરિરાજજી (જતીપુરા) માં યાત્રાનો મુકામ દશ દિવસ રહેશે. તેમાં તા. ૫-૧૦-૯૩ મંગળવારથી તા. ૧૨-૧૦-૯૩ મંગળવાર સુધી ૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણ, શ્રી પુરૂષોત્તમ યાગ બ્રહ્મ ભોજન વિગેરે કાર્યક્રમો થશે.

શ્રી વ્રજયાત્રામાં લેનદોરીના પાલ તથા વૈષ્ણવો માટે મહાપ્રસાદ લેવાની પણ વ્યસ્વસ્થા રાખેલ છે. વિશેષ માહિતી સંપર્ક.

○ ગો. શ્રી પુરૂષોતમલાલજી (શ્રી પંકજબાવા) લલિત કુંજ, ૮. પુજારા પ્લોટ **રાજકોટ** ફોન ૨૨૨૧૮
○ ગો. શ્રી લલિતનાથ, પગથીયા શેરી બીલખા ફોન ૪૨૪
○ ગો શ્રી મુરલીમનોહર બાવાશ્રી મોટા મંદિર, ભુલેશ્વર મુંબઈ-૨
○ ગો. શ્રી વ્રજધિશજી મહારાજશ્રી, શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, દહીંસર (ઈસ્ટ)
○ શ્રી ગોરધનદાસ મગનલાલ (બિલખાવાળા) મે. કમલ ટ્રેડર્સ, દાણાપીઠ જુનાગઢ ફોન દુકાન ૨૩૪૮૨ ઘર ૨૭૪૮૨

○ શ્રી વિનોદરાય બાબુલાલ પદમાવતિ કૃપા, શંકર ગલી, કાંદીવલી (વેસ્ટ) મુંબઇ.

(૨૪માં પાનેથી ચાલુ)

બાદ તો વૈષ્ણવો શ્રી હરિરાયજીને ઓળખી ગયા ને તરત જ દંડવત્ કરી વિનંતીરૂપે કહ્યું કે હે કૃપાનાથ ! આમ કરવાનું કારણ ?

આપે આશ્વાસન સાથ આજ્ઞા કરી, મેં તમારા માટે સાંભળ્યું હતું તેવું જ અનુભવ્યું. તમારા ભાવભકિત, સેવાથી હું બહુ જ પ્રસન્ન થયો છું. હવે તમે સેન પર્યંત જેમ નિત્ય કરતાં હો તેમ કરો. હું ત્યાં સુધી રોકાઇશ.

પછી આપ ત્યાં સેનભોગ પર્યંત એટલે સવારના ૬ પર્યંત રોકાયા બાદ સેવા અપરસ ખાસા વગેરે જળભરી, તેઓએ રાજભોગમાં જુદે પોતને ધરેલ લુણ બાટી લીધાં તે જોયું. પછીનાં કાર્યક્રમમાં તો તેઓ સૂઈ અને દશ વાગે જાગી દેહકૃત્ય કરી, તિલક ભુંસાવી, કંઠી છુપાવી વ્યાવૃત્તિએ જતાં. તેમાંથી ભગવદ્ ઇચ્છાએ જે પ્રાપ્ત થાય તે મેળવી સાંજના ૫ વાગ્યે જરૂરી વસ્તુ લાવી ઘેર આવી અને ફરી નિત્ય મુજબ ટહેલની શરૂઆત કરતા. આમ જવાબ મળતાં આપ પ્રસન્નચિત્તે તેઓની મુકતકંઠે સરાહના કરતા અને આશીર્વાદ આપતા પોતાને ઊતારે પધાર્યા, તરત જ પેલા વૈષ્ણવને બોલાવી આજ્ઞા કરી, તાદશીને ધન્ય છે, પણ તે કરતાં તાદશીનું સ્વરૂપ ઓળખનાર તમને વધુ ધન્ય છે.

[શુદ્ધાદ્વૈત વર્ષ ૧૩ સં. ૧૯૯૪ તા. ભાદ્રપદ અંક ૮ માંથી સાભાર]

卐 શ્રી પુરુષોત્તમ પધારીયા 卐

આવ્યો અધિક માસ સોહામણો,
　　મારા અંગે આનંદ ન માય...પુરુષોત્તમ પધારીયા (૧, ટેક
મેં તો શેરી વળાવીને સજ્જ કરી,
　　મેં તો ફુલડા વેરાવ્યા સારી વાત...પુરુષોત્તમ પધારીયા (૨)
હું તો ચીરના ચંદરવા બંધાવતી,
　　મેં તો પથરાવ્યા લીલા પીળા પાલ...પુરુષોત્તમ પધારીયા (૩)
મેં તો દ્વારે દ્વારે તોરણ બાંધીયા,
　　મેં તો મોતીના પૂર્યા છે ચોક...પુરૂસોત્તમ પધારીયા (૪)
મેં તો કદલીના સ્તંભ રોપાવીયા.
　　મેં તો દીવડો પ્રગટાવ્યા છે આજ...પુરુષોત્તમ પધારીયા (૫)
મેં તો કંચન થાળ કરે ગ્રહ્યા.
　　મેં તો પ્રેમે વધાવ્યા જદુરાય...પુરુષોત્તમ પધારીયા (૬)
મેં તો પ્રેમથી પ્રભુને પધરાવીયા,
　　મારા આંગણીયા ઝળહળ થાય...પુરુષોત્તમ પધારીયા (૭)
મેં તો શણગાર ધરાવ્યા હરિને ભાવતા,
　　સેવા, વિધિ કરી છે અપાર...પુરુષોત્તમ પધારીયા (૮)
મેં તો ભોગ ધરાવ્યા હરિને ભાવથી.
　　મધુ મેવા વિવિધ પકવાન...પુરુષોત્તમ પધારીયા (૯)
મેં તો ઝારી ભરાવી યમુના જળની,
　　આચનમન કરોને ગોકુલનાથ...પુરુષોત્તમ પધારીયા (૧૦)
હું તો પાનના બીડલા બંધાવતી,
　　મુખવાસ કરોને વ્રજના રે નાથ :પુરુષોત્તમ પધારીયા (૧૧)
હું તો વ્હાલાજીને વેણુ ધરાવતી,
　　હું તો આરતી ઉતારૂ દીનાનાથ.. પુરુષોત્તમ પધારીયા (૧૨)
સેવા સ્મરણ, કથા ને દર્શન પ્રભુતણા,
　　એ છે અધિક માસનાં વ્રતદાન..પુરુષોત્તમ પધારીયા (૧૩)
જે કોઇ અધિક માસના વ્રત પાળશે.
　　તેને આંગણે પધારે હરિરાય...પુરૂષોત્તમ પધારીયા (૧૪)
જે કોઇ પુરુષોત્તમનું ધ્યાન ધરશે રે,
　　તેના ભવના ફેરા મટી જાય...પુરુષોત્તમ પધારીયા (૧૫)
“ગોપીજન” કહે છે કર જોડીને.
　　નિત્ય લેજો પ્રભુજીના નામ...પુરૂષોત્તમ પધારીયા (૧૬)

ચીમનલાલ એન. બેંકર (ગોપીજન) અમદાવાદ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

રાધાષ્ટમી કી બધાઈ

ભાદોં શુકલ અષ્ટમી શુભદિન, કીરતિ કન્યા જાઇ હો;
પ્રકટ અમી વૃષભાનું સિંધુ તે, ભકત સુરન સુખદાઈ હો. ૧

સુખમા અવધિ અબુધ કારનિ, હરિ અલ્હાદ નિકાઈ હો;
નિજ ઇચ્છા અવતાર ભકત હિત, વેદનિ મહિમા ગાઇ હો. ૨

રાવલ મેં પરમાનંદ બરષે, ઘર ઘર બજતિ બધાઇ હો;
બરસત કુસુમ દિવૌકસ હરષે, કૃત વૃષભાનું બડાઇ હો. ૩

કંચન થાર આરતી લૈ લૈ, વ્રજ સુંદરી જુરિ આઇ હો;
'વલ્લભ' દાસિનિ દેખિ મહાસુખ, મનહુ રંક નિધિ પાઇ હો. ૪

શ્રી વલ્લભદાસ બાજીલાલ શર્મા, દેવદી (ગ્વાલીયર)

※ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ※

વર્ષ ૧૨ : અંક-૬ સપ્ટેમ્બર ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ※ આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

॥ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણા: વિજયંતે ॥

નિમંત્રણ   નિમંત્રણ   નિમંત્રણ

卐 શ્રી પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત શિબિર 卐

આધ્યાત્મીક જીવન અને ભક્તિ

શ્રી વલ્લભાચાર્ય જનકલ્યાણ ટ્રસ્ટ (રજી) પોરબંદર દ્વારા પુષ્ટિ સિદ્ધાંત પ્રચારાર્થે રાજકોટને આંગણે શ્રીમદવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના શુદ્ધાદ્વૈત સિધ્ધાંતના પ્રચાર અન્વયે એક શિબિરનું આયોજન રાખવામાં આવેલ છે, પોરબંદરવાળા શ્રીવલ્લભકુલભૂષણ પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી વચનામૃતનું પાન કરાવશે. આ શિબિરના અમૂલ્ય અલૌકિક ધર્મલાભ લેવા શ્રી મહાપ્રભુજીના ગુણાનુવાદનું શ્રવણપાન કરવા સર્વે ધર્મપ્રેમીજનોને સમયસર પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

તારીખ : ૨૦-૯-૯૩ સોમવારથી	આજ્ઞાથી
૨૪-૯-૯૩ શુક્રવાર સુધી	રાજકોટના વૈષ્ણવોના
(પાંચ દિવસ)	જયશ્રીકૃષ્ણ.

સમય : દરરોજ સાંજે ૪ થી ૭

સ્થળ ; **શ્રી જશુભાઈ વૈષ્ણવ ભંડાણ** ખત્રીવાડ – લાલજી પારેખ શેરી – રાજકોટ.

વિશેષ માહીતી માટે

(૧) સોની અવંતીલાલ ભાઈલાલ	પટેલ પુરૂષોત્તમદાસ ભુરાભાઈ (નાગવદરવાળા)
(અંતુભાઈ સોની)	૧૦/B શારદાનગર
સવજીભાઈ શેરી – સોનીબજાર	"પ્રમેય – બલ"
રાજકોટ,	યુનિવર્સિટી રોડ – કાલાવડ રોડ, રાજકોટ.
ફોન : ૨૭૫૬૧	ફોન : ૪૪૦૦૪

રૂા. ૧૦ આપો...વૈષ્ણવ ગુરૂકુલ નિર્માણમાં સહાય કરો...

ગુજરાત રાજકોટ શહેરથી ૧૪ કી.મી. દૂર રાજકોટ મોરબી રોડ ઉપર આં. પુ. વૈ પરિષદ આયોજીત શ્રીમદ વલ્લભાચાર્ય ઋષીકુલ (વૈષ્ણવ ગુરૂકુલ) આકાર લઈ રહ્યું છે.

સંસ્થાની પોતાની ૧૭૫૦૦ ચો.વા. જમીન ઉપર શ્રી મહાપ્રભુજીનાં પ્રાકટ્ય દિન તા. ૧૭-૪-૯૩નાં રોજ પોરબંદરના પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીનાં વરદ હસ્તે શિલાયાન્સ સંપન્ન થયા બાદ બાંધકામ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં કંપાઉન્ડ વોલ તૈયાર થાય છે ત્યારબાદ ૧૫૦૦ વિદ્યાર્થી બેસી પુષ્ટિમાર્ગીય જ્ઞાન શ્રી મહાપ્રભુજી સન્મુખ બેસી લઈ શકે તેવું વિશાળ શ્રીમદ વલ્લભાચાર્ય સંકિર્તન ભવન (સભાગૃહ) નું બાંધકામ હાથ ધરાશે આ સંકલ્પ શ્રી વલ્લભની જ કૃપાથી સાકાર થઈ રહ્યો છે તે ઘણા સંતોષ અને આનંદની વાત છે.

૧૫૦૦ વિદ્યાર્થી આવાસ-નિવાસ કરી પુષ્ટિમાર્ગીય જ્ઞાન સાથે વિદ્યાભ્યાસ કરી શકે તેવા પરિષદનાં આ રચનાત્મક પ્રોજેક્ટ વૈષ્ણવ ગુરૂકુલનાં નિર્માણ ફંડ માટે કેન્દ્ર કચેરી બોમ્બે તરફથી રૂા. ૧૦/- દસપુરના કુપનો બહાર પાડવામાં આવ્યા છે જેના વિતરણ વિમોચન વિવિધ સ્થળોએ આપણા પૂ. આચાર્ય ચરણોના

(જુઓ ટાઈટલ ત્રીજુ)

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૬ ※ સપ્ટેમ્બર, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

સમદર્શન

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુત કર્મણે ।
રૂપનામ વિભેદેન જગત ક્રીડતિ યો યતઃ ॥

પ્રિય સત્સંગ પ્રેમી શ્રોતાજનો !

હમણાં જ આપ લોકોએ અમારા પંડિત જગન્નાથજી શાસ્ત્રીજી દ્વારા એક ખૂબ સુંદર ઉદાહરણ સાંભળ્યું. તે ઉદાહરણ એ હતું કે બાળકને તેની માતા અને પિતાએ જન્મથી જ એ સંસ્કાર આપ્યા હતા કે તેને કંઈ મળે છે, બદલો મળે છે, વ્યવહારને ચલાવવા માટે જરૂરી વસ્તુ મળે છે તેને દેવાવાળો પરમ પિતા છે. માતા–પિતાએ બાળક પર પહેલેથી જ આ સંસ્કાર આપ્યા હતા. તેથી તેને એ પૂરો વિશ્વાસ હતો કે મારે હાથ ખર્ચ માટે જે કંઇ મળે છે તે ભગવાન આપે છે. મારા પરમ પિતા આપે છે. અને આ માતા–પિતા તો

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

ફકત એક વ્યવહારનો સંબંધ નિભાવે છે. મારા સાચા માતા-પિતા તો તે જ છે. આ પ્રકારની દિવ્ય ભાવના નાના બાળકના હૃદયમાં માતા પિતાના શુદ્ધ ભાવને કારણે ઉત્પન્ન થઇ. તેનું પરિણામ કેટલું સુખદાયક અને લાભદાયક આવ્યું તે પણ આપ લોકો સાંભળી ચુકયા છો કે ભગવાને ખરેખર પ્રગટ થઇ તેને દર્શન આપ્યા. આ શેનું ફળ હતું ? આ ફળ હતું માતા-પિતા દ્વારા આપવામાં આવેલા સુંદર સંસ્કારોનું. આજે આપણે લોકો જે કંઇ ઉલટો વ્યવહાર કયારેક કરીએ છીએ. કોઇ વસ્તુ આપણને ગમે છે અને તે નથી મળતી તો ન્યાયથી અને અન્યાયથી જે કોઇ રીતે પણ થઇ શકે, તેને મેળવવા માટે આપણે પ્રયત્નશીલ થઇ જઇએ છીએ. એ સમયે આપણને એ ધ્યાન નથી રહેતું કે આપણે આ ન્યાયનું કાર્ય કરી રહ્યા છીએ કે અન્યાયનું ?

ઘણા લોકો એમ કહી શકે છે કે ન્યાય, અન્યાયની વાત તો ઠીક છે પરંતુ જે વસ્તુ જરૂરી હોય છે તેના વગર તો કામ ચાલતું નથી. ગમે ત્યાંથી તેને મેળવવી જ જોઇએ, ત્યારે કામ ચાલશે. ભગવાન આપે છે એ ઠીક છે પરંતુ ભગવાન બધાને કયાં આપે છે ? આપતા હોય તો કોઇને આપતા હશે, બધાને આપતા નથી. જેના પર તેની કૃપા હોય, જે તેના ભકત હોય ! બનવા જોગ છે તેમને દેતા હશે પરંતુ અમારા જેવા જે સાધારણ વ્યકિત છે, વ્યવહાર ચલાવવાની જવાબદારી અમારા ઉપર છે તેને ભગવાન નથી દેતા તો અમારે પ્રયત્ન કરીને જે રીતે થઈ શકે, કામ ચલાવવું જ જોઇએ. શું કરીએ ? તો અહીં સમજવાની એટલી વાત છે કે "ભગવાન દેતા નથી" એ પ્રકારનો વિશ્વાસ આપણા લોકોના હૃદયમાં ઘર કરી ગયો છે.

આપણે જે કંઇ મેળવીએ છીએ, આપણા પ્રયત્નથી મેળવીએ છીએ. આપણો પ્રયત્ન જ આપણને ફળ આપે છે. આ પ્રકારની ભાવના આપણા હૃદયમાં દૃઢ અને બળવાન થઇ ગઇ છે. આપણે પ્રયત્ન નહીં કરીએ તો ભગવાન આપશે કેવી રીતે ? કયાંથી આપશે ? ભગવાન શું છપ્પર ફાડીને આપશે ? તો અહીં સમજવાની વાત એટલી છે કે ભગવાન આપે છે અને આપણો પ્રયત્ન પણ જરૂરી હોય છે, તો પછી શું કરવું ? પ્રયત્ન કર્યા વગર પણ કામ ચાલશે નહી અને ભગવાનના આપ્યા સિવાય પણ કામ સરતું નથી. ફકત પ્રયત્નથી જ મળી જતું હોય તો અનેક વ્યકિત મનચાહી વસ્તુ મેળવી લે. પરંતુ આવું શું થાય છે ? પ્રયત્ન કરવાથી મનચાહી વસ્તુ શું મળી જાય છે ? નથી મળતી. સમજી લેજો, દેવાવાળો એ છે.

આપની સમક્ષ એક ઉદાહરણ મુકું છું. એક શહેર છે, જેમાં ખૂબજ મોટી બજાર છે. તેમાં એક કપડાની બજાર છે અને કપડાની બજારમાં એક હારમાં ૫૦ દુકાન છે. બધા દુકાનદાર એક પ્રકારનો માલ રાખતા નથી. બધા પાસે જુદા જુદા પ્રકારનો માલ દુકાનમાં હોય છે. પરંતુ સંજોગથી એવું થઇ જાય કે બાજુમાં જ દુકાન હોય અને ચારે દુકાનમાં માલ એક જ પ્રકારનો હોય, જરા પણ ફરક ન હોય. પરંતુ ચારે દુકાન પર જે ગ્રાહક આવશે અને તેનાથી જે લાભ પ્રાપ્ત થશે તે શું ચારેય ને એક સરખો હશે ? નહીં હોય

કોઇને વધારે લાભ થશે. જ્યાં વધારે ગ્રાહક આવશે અને કોઇને ઓછો. જ્યાં ઓછા ગ્રાહક આવશે અને કોઇને કંઇ નહીં. જ્યાં એકપણ ગ્રાહક નહીં આવે. આ રીતે આપણે જોઇએ છીએ કે ચારેય દુકાન પર ગ્રાહક એક સરખા નથી આવતા. એક સરખો વેપાર પણ તેમનો નથી થતો અને લાભમાં પણ સ્વભાવિક રીતે ફેર પડી જાય છે. એક જ પ્રકારની, એક જ વસ્તુની ચારેય દુકાનો પર જે ફરક દેખાય છે કે ક્યાંક વધારે લાભ મળ્યો, ક્યાંક તેનાથી ઓછો મળ્યો. અને ક્યાંક એથી પણ ઓછો અને ક્યાંક કંઇ પણ નહિં. આ શું સાબિત કરે છે ? એ સાબિત કરે છે કે બધાનો પ્રયત્ન તો એક સરખો હતો. બધા ઇચ્છતા હતા કે અમારી દુકાન પર વધારે ગ્રાહક આવે અને અમારો વેપાર વધારે થાય અને અમને વધારે લાભ મળે. પરંતુ ચારેય દુકાન પર એક સરખો લાભ થતો નથી અને ગ્રાહક પણ એક સરખા નથી આવતા.

સ્પષ્ટ છે કે જીવની ઇચ્છા અને પ્રયત્ન જ બધું નથી. તેમાં બીજાની પણ ઇચ્છા જરૂરી છે અને તેની ઇચ્છાનુસાર લાભ-નુકશાન પ્રાપ્ત થાય છે. કહેવાનો અર્થ એ છે કે આજે અસમાનતા છે તે આપણા લોકોની બનાવેલી નથી. તેમાં કોઇની કંઇને કંઇ પ્રેરણા છે અને આ બધું કોઇ બીજાની જ ઇચ્છા પર આશ્રિત છે. શ્રીમદ્ ભાગવતગીતામાં ભગવાને સ્પષ્ટ આજ્ઞા કરી છે કે અહીં ફરક હોવા છતાં પણ તમે પોતાની નજર ફરકવાળી બનવા નહીં દેતા જગતમાં અસમાનતા તો રહેશે. સમાનતા લાવવા માટે ઘણા પ્રયત્ન કરવામાં આવ્યા અને આજે પણ કરવામાં આવે છે. પરંતુ અસમાનતા આજ સુધી કોઇ મિટાવી નથી શક્યા અને પ્રલય સિવાય આ ક્યારેય મિટાવી ન શકાય જ્યાં સુધી સૃષ્ટિ છે ત્યાં સુધી અસમાનતા મટવાની નથી. અસમાનતા દ્વારા જ તો સૃષ્ટિનું સંચાલન થાય છે. જો સમાનતા થઇ જાય તો સૃષ્ટિનો પ્રલય થઇ જાય. પછી તો જગત સૃષ્ટિ જ અસંભવ થઇ જાય. અસમાનતામાં જ સૃષ્ટિનું સંચાલન થઇ રહ્યું છે. આવશ્યકતા એ વાતની છે કે આપણે આ સમાન અને વિવિધ પ્રકારના જગતમાં દૃષ્ટિ અસમાન રાખીએ. જે આપણે ઇચ્છીએ કે એક સરખું થઇ જાય તો તે સંભવ નથી.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

શ્રી વલ્લભાચાર્યજીનો દિવ્ય પુષ્ટિ માર્ગ

ગો. દ્વારકેશ (અમરેલી-કાંદીવલી ચંપારણ)

આપણા ભારતવર્ષમાં પ્રાચીનકાળથી ઘણા સંપ્રદાયો અસ્તિત્વ ધરાવે છે. તેમજ અનેક ધર્માચાર્યો, મહાપુરૂષો, સંતો, સાધુઓ, ફકીરો, મહાત્માઓએ મનુષ્યનાં ઉદ્ધાર માટેના પ્રયત્નો કર્યા છે અને તેમને મોક્ષના માર્ગો બતાવ્યા છે. મનુષ્ય જુદા જુદા ધર્મચિહ્ન દ્વારા પોતપોતાના ઇષ્ટદેવને યાદ કરે છે. પરંતુ અંતે તો એક જ પરમ તત્ત્વની પ્રાપ્તિના માર્ગ દરેકે બતાવ્યા છે. કેમકે જીવાત્મા જ્યારથી બ્રહ્મમાંથી અલગ પડયો અને આ સંસારમાં આવીને પડયો ત્યારથી જ આ સંસારના રોગોથી ગ્રસિત છે. સંસારમાં છ પ્રકારના શત્રુઓ આ જીવાત્માને વળગ્યા છે. (૧) કામ, (૨) ક્રોધ, (૩) લોભ, (૪) મોહ, (૫) મદ અને (૬) મત્સર. માટે દરેક મહાનુભાવોના પ્રયત્નો જીવાત્માને આ શત્રુઓમાંથી મુકત કરવાના રહ્યા છે. જીવોના ઉદ્ધાર માટે કોઇએ જ્ઞાનમાર્ગ બતાવ્યો અને કોઇએ ભકિતમાર્ગ બતાવ્યો છે.

આજથી ૫૦૦ વર્ષ પહેલા અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરૂ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિભકિતમાર્ગની સ્થાપના કરીને જીવાત્માને વૈષ્ણવતાનો, પ્રેમનો, એકતાનો, સમર્પણનો અને ભગવદ્પ્રાપ્તિનો ખૂબજ સૂક્ષ્મમાર્ગ બતાવ્યો છે. ખુબજ સરળ માર્ગ બતાવ્યો છે.

આપણે આજે સ્ત્રીઓના અને શૂદ્રોના ઉદ્ધારની વાતો કરીએ છીએ પરંતુ એ દૃષ્ટિબિંદુ શ્રી વલ્લભાચાર્યજીએ આજથી ૫૦૦ વર્ષ પહેલા અપનાવ્યું છે. જેમને વેદો અને શાસ્ત્રોએ દીક્ષાનો અધિકાર નથી આપ્યો એવાં સ્ત્રી અને શૂદ્રોને પણ શરણે લઇને સેવા અને ભકિતના અધિકારી શ્રી વલ્લભાચાર્યજીએ બનાવ્યા છે. કોઇ પણ નાતજાતનાં ભેદભાવ વગર દરેક વર્ણના લોકોને શરણે લીધાં છે અને એ સંદેશો આપ્યો છે કે ભગવાનની ભકિત કરવા માટે નાતજાત કે વર્ણ આડા આવતા નથી. દરેક મનુષ્યને ભગવાનની ભકિત કરવાનો સમાન અધિકાર છે.

શ્રી વલ્લભાચાર્યજીએ દરેક જીવોમાં બ્રહ્મની પ્રાપ્તિ કરી છે અને સૌને કરાવી છે. એમણે કહ્યું છે કે 'सर्वं खलविदं ब्रह्म' 'જે આ જગતનાં અણુએ અણુમાં વ્યાપ્ત છે તે જ બ્રહ્મ છે' એટલે દરેક મનુષ્યનાં હૃદયમાં પણ બ્રહ્મ સ્થિત છે માટે દરેક જીવ પ્રત્યે સ્નેહ, આદર તેમજ દયા રાખવી જોઇએ. અને હિંસા અત્યાચાર કલહથી સદા દુર રહેવું જોઇએ.

'જે વ્યકિત એવું માને કે સંસારમાં એવું કોઇ સ્થાન નથી જ્યાં પ્રભુનો વાસ નથી એ વ્યકિત કયારેય પાપાચારણ નહિ કરી શકે. એટલે સૌનામાં પ્રભુ અને પ્રભુમાં સૌને જોતાં શીખવું જોઇએ એટલે ભ્રાંતિ કે ભેદભાવની આભડછેટ આપણને લાગશે જ નહિ અને સૌના પ્રત્યે આદરની લાગણી ઉત્પન્ન થશે, પ્રેમ ઉત્પન્ન થશે.'

જો આપણે એવું માનતા થઇ જઇશું તો ધર્મના નામે, સંપ્રદાયના નામે, વર્ણના નામે જે જુદાઇ ચાલે છે, જે ભેદભાવો ચાલે છે

તે બંધ થઇ જશે અને આપણને શાંતિ અને સ્નેહનો માર્ગ મળશે.

પરંતુ અત્યારે પરિસ્થિતિ સર્વથા વિપરિત જણાય છે. મનુષ્યને કેવળ પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિ ઘર કરી ગઇ તેમ લાગે છે. એકબીજા પ્રત્યે તિરસ્કાર, દ્વેષ, ઝઘડા, ધર્મના નામે સંપ્રદાયનાં નામે કલહ, આ બધાં હિંસા અને પાપનાં મૂળ છે. જેનાથી પ્રભુ પણ દુર ભાગે છે અને આવી અનાચારી પ્રવૃત્તિ થવાનું મૂળ કારણ એ જ છે. આપણે આપણી સંસ્કૃતિને ભૂલી ગયા છીએ, આપણા ધર્મને વીસરી ગયા છીએ. જેને માનવતા ધર્મ કહેવામાં આવે છે. વૈષ્ણવતા તો ખૂબ જ દુરની વાત છે. જ્યાં સુધી મનુષ્યતા જ આપણામાં નહિ આવે ત્યાં સુધી વૈષ્ણવતા ક્યાંથી આવશે ?

મનુષ્યની વૃત્તિઓ અને મન બગડવાનું થોડું કારણ છે કાળનો પ્રભાવ.

અત્યારે જે કાળ ચાલે છે જે યુગ ચાલે છે તેને 'કલિયુગ' કહે છે. 'કલિ' શબ્દનો અર્થ થાય છે–કલહ. કલહ હોય ત્યાં કલેશ આવે, કલેશ હોય ત્યાં કૃષ્ણ ના હોય અને કૃષ્ણ હોય ત્યાં કલેશ ન હોય. મનમાં, ઘરમાં, કુટુંબમાં, સંસ્થામાં કે સમાજમાં દેખાતો કલેશ તે કાળની અસર છે કે સ્વરૂપ છે. તેથી આ બધાનો સંગ પણ ભગવાનથી દુર લઇ જાય છે.

કલિયુગમાં સૌને કલેશની અસર છે એમ એનાં જ વિચારો છે. આમ બધે જ દુઃસંગ જોવા મળે છે અને તેથી જ મનુષ્યનું મન બગડે છે, વૃત્તિ બગડે છે અને આચરણ પણ બગડે છે.

પહેલાં સતયુગ વગેરે સમયમાં પણ દુઃસંગથી બુદ્ધિ બગડતી હતી. રાજા માંધાતા સતયુગમાં થયા હતા. એમના સમયમાં એક સમર્થ મુનિ થયા. સૌભરી એમનું નામ. એમને નહાતી વખતે જળમાં દુઃસંગ થયો. દુઃસંગ એક પ્રકારનો નથી, કોઇની સાથે ઉઠવા–બેસવા માત્રથી તે નથી આવતો પણ સર્વ ઇન્દ્રિયો દ્વારા સર્વ કોઇ સમયે ખરાબ અસરો મનમાં ઘુસી જઇ શકે છે. જોવાથી, સાંભળવાથી, વાંચવાથી, વિચારવાથી કે સ્પર્શથી પણ ખરાબ અસરો મનમાં ઘર કરે છે.

સૌભરી જ્ઞાની હતા, સંયમી હતા, છતાં પણ જળમાં માછલીની રમત જોઇને તેમને ગૃહસ્થ થવાનું મન થયું, વરસોનો સંયમ ક્ષણની અસાવધતાથી દુઃસંગથી છૂટયો. માંધાતા રાજાની પચાસ કન્યાઓ સાથે પરણ્યા પણ પાછળથી ભગવદ્ દયાએ ભાન થયું અને સઘળું છોડી ભગવાનને ભજી કૃતાર્થ થયા. આમ સતયુગમાં પણ બુદ્ધિ બગડતી હતી પણ પુનઃ સુધરવાનો સંભવ રહેતો હતો પણ કલિયુગમાં બુદ્ધિ બગડવાવાળી સુધરવાનો સંભવ નહિવત્ છે. કલિમાં સારી બુદ્ધિ પણ બગડવાનો સંભવ વધારે છે તેથી જ તેને કરાલ કહ્યો છે.

માટે શ્રી વલ્લભાચાર્યજીએ કાળનાં પ્રભાવથી બચવા માટે અને ભગવાનને પ્રાપ્ત કરવા માટે સત્સંગ કરવાનું કહ્યું છે પરંતુ સત્સંગ દુર્લભ છે. સત્સંગ એટલે સારો સંગ. જે સંસારનાં દોષો છોડાવે, પ્રભુમાં પ્રીતિ કરાવે તે સત્સંગ.

સત્સંગથી જ પ્રભુમાં પ્રેમ જાગે છે. સાંસારિક આસકિતઓ છુટે છે. સત્સંગ એ સાધના છે, તપ છે. જે મનુષ્ય દેહથી જ થઇ શકે છે. આપણા ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે ચોરાસી લક્ષ યોનિમાં મનુષ્ય દેહ મળવો ખુબ દુર્લભ છે. માટે જ્યારે પ્રભુની કૃપાથી મનુષ્યનો દેહ પ્રાપ્ત થયો છે ત્યારે એવો કિંમતી સમય વ્યર્થનાં ઝઘડાં-કલહમાં વેડફીએ એ ખુબ દુર્ભાગ્યની વાત છે.

દૈવી માનવદેહમાં જે આત્મમત્વ છે તેમાં દિવ્ય પ્રેમનો અખુટ ખજાનો ભરેલો છે. બધી બાજુથી મનની વૃત્તિને સમેટી પ્રભુની પ્રાપ્તિને માટે પ્રયત્ન કયારેય વ્યર્થ જતો નથી. પુષ્ટિમાર્ગ સ્નેહ, સેવા અને સમર્પણનો માર્ગ છે, માટે આવો આપણે સૌ નાતજાતનાં ભેદભાવને ભૂલીને ધર્મને નામે થતાં કલહને ભૂલી, પરસ્પરનાં દ્વેષને ભૂલી, ધર્મને નામે થતાં ઝઘડાને ભૂલી દિવ્ય પ્રેમનાં માર્ગ પર પ્રભુ પ્રાપ્તિનાં માર્ગ પર પ્રસ્થાન કરીએ તો અવશ્ય આપણો મનુષ્ય દેહ સાર્થક થશે અને આપણને આપણા પરમ લક્ષ્યની પ્રાપ્તિ થશે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીહરિ ॥

ભાવ-ભાવનાનો અધિકાર

લે. પૂ. ગો. શ્રી શરદકુમારજી (માંડવી-હાલોલ)

દિલિપ અને સતીશ બન્ને મિત્રો. વૈષ્ણવ નહિં પણ ધાર્મિક વૃત્તિ ખરી. ધર્મો વિશે જાણવાની ઉત્સુકતા પણ ખરી. એક વખતે બન્ને મિત્રો બજારમાંથી પસાર થઇ રહ્યા હતાં એવામાં દિલિપની નજર એક પસ્તિવાળાની દુકાનમાં રાખેલ એક ચિત્ર પર પડી, દુરથી કોઇ ધાર્મિક ચિત્ર હોય એવું લાગ્યું, પણ કંઇ સમજાયું નહિં. કૌતુક વશાત્ બન્ને મિત્રો થોડા નજીક ગયાં. એવામાં બંન્ને મિત્રોને ગમ્મત સૂઝી. બન્ને મિત્રોએ શરત લગાવવાનું નક્કી કર્યું કે જે એ ચિત્રની સાચી ઓળખ આપે એ જીત્યો. પહેલો વારો દિલીપનો હતો. દૂરથી જ અનુમાન લગાવવાનું હતું એટલે દિલીપ બહુ ધ્યાનથી ચિત્ર તરફ જોઇને થોડા ઢીલા અવાજથી બોલ્યો "આ ચિત્ર 'અર્ધનારીશ્વર'નું હોય એવું લાગે છે."

દિલિપનો ઉત્તર સાંભડી એની મજાક કરતાં ખડખડાટ હસતાં સતીશે કહ્યું "સાવ ખોટું" 'અર્ધનારીશ્વર' તો શંકરભગવાનનું નામ છે. જો આ ચિત્ર શંકરનું હોય તો આમાં સર્પ, રુદ્રાક્ષ, ત્રિશૂલ, ત્રિપુંડ કયાં છે? મને તો લાગે છે કે આ ચિત્ર કોઇ "વૈરાગિણિ સ્ત્રી-ભકતનું છે."

બન્ને મિત્રોની વાતો એક ભાઇ પણ સાંભળતા હતાં. એમને પણ વાતમાં રસ પડયો સતીશની વાત સાંભળી એમનાથી પણ બોલ્યા વિના રહેવાયું નહીં એ ભાઇ તર્ક આપવા લાગ્યા "તમે કહી રહયા છો કે આ ચિત્ર વૈરાગિણિ સ્ત્રી-ભકતનું છે છે. પણ મને લાગે છે કે તમે એના પહેરવેશ તેમજ કપાળ પરના તિલક તરફ ધ્યાન નથી આપ્યું મને લાગે છે કે છે તો ચિત્ર કોઈ ભકત પુરૂષનું પરંતુ કોઈ સ્ત્રૈણ ચિત્રકારે ભકત પુરૂષને બાયડી છાપ ચિતર્યા છે.

ઘણી વારથી દિલિપ શાંત હતો આ ભાઇની વાત સાંભળી એ પોતાના મનોભાવ વ્યકત કરતાં કહેવા લાગ્યો "તમારી બન્નેની વાતો સાંભળી મને એવું લાગે છે કે આ ચિત્ર કોઈ સ્ત્રીનું જ છે. જો તમે એની મુખમુદ્રા, ભાવ ભંગિમાં અને શરીરાકૃતિ તરફ ધ્યાન આપશો તો તમને પણ મારી વાત સાચી લાગશે.':

આમ ઘણી વાર સુધી ચર્ચા કરવા છતાં કોઈ પાકા નિર્ણય પર ન પહોંચતા ત્રણે જણા પસ્તિવાળા પાસે ગયાં ચિત્રના વિષયમાં પુછતાં એણે કહયું કે આ ચિત્ર એને ત્યાં પસ્તિમાં આવ્યું તે એથી વધુ એ કઇ જાણતો નથી, પસ્તિવાળાની વાત સાંભળીને બન્ને મિત્રો નિરાશ થઇ ગયાં. પેલા ભાઇએ તો ચાલતી પકડી પરંતુ બન્ને મિત્રોની જીજ્ઞાસા શાંત ન થવાથી ત્યાં જ ઉભા રહયાં ત્યાં દિલિપ બોલ્યો "આપણે એક કામ કરીએ આ ચિત્રને ખરીદી લઇએ પછી જોયું જશે"

પસ્તિવાળાને પૈસા આપી એમણે ચિત્ર ખરીદી લીધું બન્ને મિત્રો ચિત્રનું નિરીક્ષણ કરતા કરતાં જતા હતાં એવામાં એમને તિલક

ધારી વૈષ્ણવ બાપા દેખાયા ચિત્રમાંનુ તિલક અને બાપાનું તિલક સરખું લાગતા બન્નેના મનમાં વિશ્વાસ જાગ્યો કે એ બાપા એમની સમસ્યાનો ઉકેલ લાવી આપશે જેવા બાપા એમની નજીક આવ્યાં બન્ને એ બાપાને રોકીને ચિત્ર દેખાડતાં પૂછ્યું "બાપા ! આ ચિત્ર કોનું છે એ તમે બતાવશો તો અમારી સમસ્યાનો ઉકેલ આવશે." બાપા તો ચિત્ર જોતાની સાથે જ બોલી ઉઠયા "અરે ! આ તો અમારા ગુરૂ વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીનું ચિત્ર છે. તમારી પાસે કયાંથી આવ્યું ?"

બાપાની વાત સાંભળી બન્ને એક બીજા સામે આશ્ચર્યથી જોવા લાગ્યાં અચાનક દિલિપ સતીશ સામે જોઇ દબાયેલા અવાજમાં બોલ્યો "યાર ! રોંગ નંબર લાગી ગયો લાગે છે."

બન્નેની ગુસ-પુસ વાતો સાંભળીને બાપા બોલ્યાં "કેમ શું થયું ? આમાં નંબરની ક્યાં વાત આવી ?"

દિલિપે વાત ટાળતાં કહ્યું "કંઇ ગઈ બાપા એ તો એમ જ" પણ સતીશને પણ મુડ આવી ગયો હતો એણે ટીખળ કરતાં બાપાને પુછયું "બાપા ! તમારી ઉંમર કેટલી હશે ?"

સતીશના સવાલથી બાપા થોડા અચરજમાં પડી ગયા પરંતુ એમનાથી ઉત્તર અપાઇ ગયો "પાંસઠ વર્ષ, પરંતુ તમને મારી ઉમ્મરથી શું લેવા-દેવા ?" બાપાએ પુછયું.

દિલિપ સતીશ સામે જોતાં બોલ્યો "હવે બધુ સમજાઇ ગયું બાપા સાંઇઠ પાર કરી ગયા છે." બાપાને લાગ્યું કે હવે કંઇક બીજું જ રંધાઇ રહયું છે એટલે એ બોલ્યા "તમારી વાતો કંઇ સમજમાં નથી આવતી."

સતીશ કહયું "બાપા! તમારી વાત પણ અમને સમજમાં નથી આવતી માફ કરજો. કારણ કે અમારી જાણ મુજબ વલ્લભાચાર્ય પુરૂષ હતા જયારે તમે આ સ્ત્રીના ચિત્રને વલ્લભાચાર્ય કહી રહયા છો તમને તમારા "આચાર્યની ગરિમાનો વિચાર છે કે નહિં ?"

"તમે આજકાલના છોકરાઓ અમારા ધર્મની ગુઢ વાતો ન સમજો ખોટી ડંફાસ મારવાનું બંધ કરો કોણ મુરખે તમને આ ચિત્ર આપ્યું ?" બાપા ગુસ્સે થઇને બબડયા.

સતીશ પણ પાછો પડે એવો ન હતો એણે પણ સીધી ચોપડાવી દીધી "બાપા ! અમારા પર શા માટે ગુસ્સે થાઓ છો, અમે આ ચિત્રને છાપવાની મુર્ખામી નથી કરી તમારા ધરમવાળાઓ એજ છાપ્યું હશે અમને તો પસ્તિમાંથી મલ્યું છે."

સતીશની વાત સાંભળીને બાપા થોડા ટાઢા પડયાં બન્ને મિત્રોને સમજાવતા કહેવા લાગ્યા "જુઓ બેટા એવું છે કે શ્રીવલ્લભાચાર્યને અમારે ત્યાં શ્રી કૃષ્ણમાં રહેલ સ્ત્રીભાવ તેમજ શ્રી સ્વામીનીજીમાં રહેલ પુંભાવ રૂપ સૌંદર્યનું પ્રાકટય ગણવામાં આવે છે."

"અમે એ બધું ન સમજીએ અને સમજવા માગતા પણ નથી અમને તો બસ તમે એટલું જણાવો કે શ્રીમહાપ્રભુજી સ્ત્રી જેવી દેહાકૃતિથી પ્રગટ થયા હતા કે પુરૂષની" સતીશે સીધી વાત કરી.

હવે બાપા ફસાયા બાપાએ કહ્યું "આમ તો શ્રીમહાપ્રભુજી પુરૂષ દેહાકૃતિથી જ પ્રગટ થયા હતા. પણ...."

બાપાની વાતને વચ્ચેથી જ કાપતાં દિલિપ બોલ્યો, 'બસ.... બસ.... હવે અમને સમજાઇ ગયું. તમે લોકો તમારા આચાર્યોની ભાવનાઓનો કેવો દુરુપયોગ કરી રહ્યા છો એનું થોડું પણ ભાન તમને થાત તો તમારા આવા ગંદા છુપા સ્વાર્થથી થયેલા કૃત્યોને કારણે ધાર્મિક જનતાની ભાવનાઓને થતી ગંભીર હાનિનો તમને ખ્યાલ આવી જાત. શ્રી મહાપ્રભુજીને કેમકે શ્રીકૃષ્ણ તેમજ સ્વામીનીજીના સ્ત્રી–પુંભાવ રૂપ, સૌંદર્યના અધિષ્ઠાન તરીકે વર્ણવામાં આવ્યા તેથી શ્રી મહાપ્રભુજીની જાણે મશ્કરી કરતું હોય એવું ચિત્ર બનાવી નાખ્યું આવી જ પરંપરા જો ચાલુ રહેશે તો તમારા ૨૫૨ તેમજ ૮૪ વૈષ્ણવોને 'ભાવપ્રકાશ'માં કોઇને કોઇ લીલા સખીના રૂપમાં વર્ણવામાં આવ્યા છે. કાલે ઉઠીને કોઈ વિકૃત માનસવાળો ચિત્રકારએ બધા વૈષ્ણવોને પણ અર્ધનારીશ્વર ચિત્રિત કરી નાખશે તો તમારા સંપ્રદાયનું સ્વરૂપ આજ કરતા પણ વધુ બિભત્સ દેખાશે.

રામાવતાર વખતે દેવતાઓ ભગવદાજ્ઞાથી વાનરરૂપે પ્રગટયા હતા. મે દેવતાઓના અસંખ્ય ચિત્રો જોયા છે પરંતુ કોઇ દેવતાનું એવું કોઇ ચિત્ર નથી જોયું કે જેમાં દેવતાને વાંદરા જેવી પૂંછડી હોય. કૃષ્ણાવતાર વખતે રામાવતાર સમયના ઋષિઓ ગોપિકારૂપે પ્રગટયા હતા. તમે એવા ચિત્રની કલ્પના કરીને જુઓ કે જેમાં રાસ રમતી ગોપિકાઓને દાઢી, મૂછ અને જટા હોય ! કેટલું બિભત્સ ચિત્ર લાગે ! અમે તો પુષ્ટિમાર્ગી પણ નથી છતાં પણ તમારા આચાર્યોના આવા કઢંગા ચિત્રો જોઇને બનાવવા કે છપાવવા પાછળ એનો બદઇરાદો હોય એનું અનુમાન કરી શકીએ છીએ, તમે લોકો કઇ જાતની માટીના બનેલા છો એ જ સમજમાં નથી આવતું.'

દિલિપની વાત સાચી છે. આપણો માર્ગ ભાવપ્રધાન હોવાનો એ અર્થ નથી કે ભાવ-ભાવનાને નામે મન ફાવે તેમ બધું હાંકે રાખવું. ભાવ તો નાળીયેરમાં રહેલા પાણી જેવો નાજુક અને ગોપ્ય હોય છે. બહાર આવ્યા પછી થોડી જ વારમાં એ બગડી જાય છે. ભાવને કયારે પણ 'ઉઘાડો ન પાડી શકાય ભાવ ઉઘાડો પડતાં જ ભવાડો બની જાય છે. તેથી જ શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે–

'ગુપ્તો હિ રસઃ રસત્વમ્ આપદ્યતે,
અગુપ્તો રસઃ રસાભાસઃ સ્યાત્'

ગુપ્ત રાખવાથી જ રસ રસ(ભાવ) રહી શકે છે. પ્રકટ થતાં રસ રસાભાસ–ભવાડો બની જાય છે.

ભાવ એની જગા પર સર્વશ્રેષ્ઠ વસ્તુ છે. પરંતુ જો એજ ભાવ જો લૌકિક, ગંદા સ્વાર્થથી પ્રેરાઇને શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઇજીના બાયડીછાપ ચિત્રો બનાવનારા મનોરોગી ચિત્રકારો કે વંચકોના હાથે લાગી જાય તો કેન્સર કે એડસ જેવો ખતરનાક બની શકે છે. માટે ભાવના ઐચિત્યનો વિચાર આવશ્યક બની જાય છે. આજે આપણા પ્રાચીન આચાર્યો તેમજ ભગવદીયો રચિત ભાવ–ભાવનાને સર્વજન સુલભ બનાવી દેવામાં આવી આ એ ભાવનાઓ છે કે જેની હસ્તપ્રતની પ્રતિલિપિ કરવા આપવામાં પણ પૂર્વજો સંકોચ રાખતા હતા. સાધારણ પુષ્ટિભાવના કે ભગવત્કથાના શ્રવણ–કિર્તન માટે પણ અધિકારી શ્રોતા–વકતાના વિચારનો આગ્રહ શ્રી મહાપ્રભુજીએ જલભેદ પંચપદ્યાની ગ્રંથમાં

બતાવ્યો છે. ત્યારે ગોપ્ય ભગવલ્લીલા ભાવ-ભાવનાની વાત જ કંઇક ઔર છે. પરંતુ આથી વિપરીત આજના પ્રવચનકારો, આચાર્યો સહિત કથાકારો કે બાપાઓ, સ્વમાર્ગીય સિદ્ધાંતો, નીતિ, વર્ણાશ્રમધર્મ કે સદાચારના ઉપદેશને ગુપ્ત બનાવીને સર્વથા ગુપ્ત રાખવા યોગ્ય યુગલગીત, ભ્રમરગીત, ગોપીગીત ભાવભાવનાનાં ગ્રંથો પર બેફામ પ્રવચનો કરતાં કે પુસ્તકો લખતાં નજરે પડે છે. ભાવ–ભાવનાનાં પુસ્તકોને છાપીને તો આપણે આપણી પવિત્ર ગરિમાપૂર્ણ ભાવ-ભાવનાનો દાટ વાળી નાખ્યો છે. આજે ગમે તે વ્યકિત પછી એ નાસ્તિક હોય અન્યાશ્રયી હોય કે છિદ્રાન્વેષી હોય, થોડા રૂપિઆમાં આ પુસ્તકો ખરીદી શકે છે. અહીં અધિકારી અનધિકારીનો વિવેક ત્રિકાલમાં પણ સંભવ નથી. વાંચનારા અન્ય લોકોના અધિકારની વાત તો દુર આવા પુસ્તક છપાવનારને પણ ભાવ-ભાવનાનો અધિકાર હોય છે કે કેમ એ પણ એક સંદેહની વાત છે. પ્રવચનકારોની હાલત તો આથી પણ બદતર છે. આજના આપણા વૈષ્ણવોની એ સ્થિતિ છે કે પુષ્ટિમાર્ગમાં પ્રવેશવાની યોગ્યતારૂપ અન્યાશ્રયને પણ જો તેઓ એક જન્મમાં છોડી શકે તો ઘણું કર્યું કહેવાય. આવી સ્થિતિમાં પાત્ર–કુપાત્રનો વિવેક વિચાર્યાવીના ગોપ્ય ભાવ-ભાવનાને સર્વજન સુલભ બનાવીને પ્રવચનકારો–લેખકો પોતાનો કયો ધ્યેયસિદ્ધ કરવા માગતા હશે એ સમજમાં નથી આવતું. વસ્તુતઃ ગંભીરતાથી જો વિચારવામાં આવે તો ઓછામાં ઓછું શોડષગ્રંથ નિબંધનું યોગ્ય ગુરૂ પાસેથી અધ્યયન કર્યા સિવાય ભાવ–ભાવનામાં પ્રવેશ કરવામાં આવે તો અનેકવિધ કૌભાંડો સંભવી શકે છે.

લૌકિકભાવો જ્યાં સુધી આપણા મન પર પ્રબળ છે. વિષયાસકિત છુટવાની શરૂઆત જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી અલૌકિક લીલાભાવનાનો અધિકાર આપણામાં નથી એમ સમજવું જોઇએ. જો આટલી સાવધાની રાખ્યા વિના અનધિકાર ચેષ્ટા કરવામાં આવે તો ભગવદ્‌ભાવ વધવાને ઠેકાણે લૌકિકભાવો જ વધી જશે.

"શ્રીનવનીત પ્રિયો જયતિ"

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ નિર્મિત

વૃત્રાસુર ચતુઃશ્લોકીનું વિવરણ

ભાષાંતર : **પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

–ગતાંકથી ચાલુ

આ પ્રમાણે કામ (ત્રીજા પુરૂષાર્થ)નું નિરૂપણ કર્યા પછી મોક્ષનું નિરૂપણ કરતાં કહે છે–

મમોત્તમેતિ–

મમોત્તમશ્લોકજનેષુ સખ્યં,
સંસારચક્રે ભ્રમતઃ સ્વકર્મભિઃ ।
ત્વન્માયયાત્માત્મજદારગેહે,
ષ્વાસક્તચિત્તસ્ય ન નાથ ભૂયાત્ ।૪।

પુષ્ટિમાર્ગે હરેર્દાસ્યં ધર્માર્થો હરિરેવ હિ ।
કામો હરેર્દિદક્ષૈવ મોક્ષઃ કૃષ્ણસ્યચેદ્ ધ્રુવમ્ ।૧।

અર્થ : પુષ્ટિમાર્ગમાં શ્રી હરિનું દાસ્ય એ જ ધર્મ છે અને અર્થ પણ શ્રી હરિ જ છે અને શ્રી હરિનાં દર્શનની ઇચ્છા એ જ કામ છે અને શ્રીકૃષ્ણના સ્વરૂપમાં ધ્રુવમ્ (એટલે ચોક્કસ, કાયમનું, હંમેશ માટે) વ્યવસ્થિતિ (એટલે સંપૂર્ણપણે સ્થિતિ) પુષ્ટિમાર્ગમાં મોક્ષ એટલે શું ? તેનું નિરૂપણ કરે છે–

ત્યાં (એવી) સ્થિતિમાં બંધ એટલે અહંતા તથા મમતાનાં સ્થાન (એવાં પુત્ર, દાર, ગૃહ, ધન વગેરે)માં આસક્તિ અને (તે ઉપરાંત) બીજા લોકોનો સંગ– એ બધાં હેતુવાળાનો અભાવ (એટલે ત્યાગ) એ જ મોક્ષ છે. પુષ્ટિ તો એથી વિપરીત (ઉલટા પ્રકારની) છે. ત્યાં ખાસ સ્થિતિ દર્શાવવા માટે બે પ્રકારના મોક્ષને વર્ણવે છે અને કહે છે 'મમોત્તમ' વગેરે....વગેરે.

મોક્ષ તો બે પ્રકારનો છે (એ વાત પ્રસિદ્ધ–જાણીતી છે) પુષ્ટિ મર્યાદા અનુસાર તથા પુષ્ટિ પુષ્ટિ અનુસાર (મર્યાદામાં જ્ઞાનથી જ મુક્તિ મળે છે. (એમ કહ્યું છે–માનેલું છે) અને પુષ્ટિજ્ઞાન દ્વારા તથા ભક્તિ દ્વારા મુક્તિ (મળે છે એમ કહ્યું છે. ભગવાનના પરોક્ષપણા (દૃષ્ટિથી પર હોવાપણા)થી તથા અપરોક્ષપણાથી (એટલે પ્રત્યક્ષ દર્શનથી) જે સમગ્ર પરિસ્થિતિ હોય તે પ્રમાણે.

ભગવાનના પ્રત્યક્ષપણામાં પણ શાસ્ત્રાર્થપણું જણાવવા માટે 'ઉત્તમ શ્લોક જનેષુ' એટલે કે ઉત્તમ કિર્તીવાળા લોકોમાં– એ પ્રમાણે સમાસનો ઉપયોગ કર્યો છે. ભકતો દ્વારા સંવલિત (એટલે વીંટાયેલો) હોય એજ ભગવાન, અને તે દ્વારા જ ફલ આપે છે એમ એ પૌરૂષનું પણ સ્થાન છે. ('યેન્યોન્યતો ભાગવતા' એટલે ભગવાનના જનો સાથે અન્યોન્ય–પરસ્પર–સંબંધ હોવાના કારણે) એમ શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધમાં કહ્યું છે. ભકતોમાં દાસ્ય પર્યંતના સાધનને લીધે સખ્ય (મિત્રતા) માગે છે. બધી રીતની સ્વતંત્રતાના

ભાવ માટે પોતામાં શ્રદ્ધા ધરાવનાર ભકતની બાબતનું કિર્તન ગુણના સ્થાનમાં પોતાના પણ સ્વાતંત્ર્યને માટે મુક્તિના પરિચ્છેદ (સંપૂર્ણ અભાવ)ને માટે બહુવચન (ઉદા. તરીકે 'જનેષુ') વાપર્યું છે. જનત્વ દ્વારા જ સ્વતંત્રપણાના કારણે કોઇ દોષનો સંબંધ–સંસારના ચક્રત્વ (ગોળ–ગોળ પરિભ્રમણ)ને કારણે જ પરિભ્રમણથી થતાં કલેશનો અભાવ છે. કલેશ સાધન એ શબ્દ દ્વારા કૃપા પડે સાધન સંપત્તિ (પ્રાપ્ત થાય છે તે) નું સુચન છે. યોગ્ય કે અયોગ્ય દેહો બહુધા જન્મ લેતા હોય છે. તેથી અહીં તેના અભાવ માટેની પ્રાર્થના છે. કલેશમાં સ્વામીના નામનો હેતુ હોવાના અયોગ્ય પણાને કારણે કર્મ શબ્દ વાપરવામાં આવ્યો છે. સમય મર્યાદાનો અભાવ દર્શાવવા બહુવચન વાપરવામાં આવ્યું છે ચક્રના ચારેય તરફ ફરવામાં દાંડાનો જ મુખ્યત્વે ઉપયોગ થતો હોવાથી ત્રીજી વિભકિત વાપરી છે. તેની મુકિત ગૌણ હોવાથી અહીં 'પ્રાર્થના' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. એવી જ રીતે તાદશ ભગવદ્ ભકતની મિત્રતાને (સખ્યને) પુષ્ટિ-મર્યાદામાં મોક્ષ તરીકે કહેલ છે.

હવે મુકિતના (મોક્ષના) બીજા પ્રકારને વર્ણવે છે 'ત્વન્માયયા' ઇતિ. એટલે કે તારી માયાવી....વગેરે....વગેરે સમાસથી જ ભિન્નતા હોવાને કારણે માયામોહન (માયાના મોહમાં પડવું તે) નથી. પહેલાં કહેલાથી આના વિશેષ પણાને (ખાસ લક્ષણને) 'ત્વત્' (તારા)એ શબ્દથી વર્ણવ્યું છે, અને અભિમુખપણું પણ તારી ઇચ્છાથી પ્રાપ્ત થયેલા આત્માત્મન (પોતે તથા પોતાનાં સંતાનો) વગેરે સાથે સખ્ય (એટલે મિત્રતા) એટલે જ પુષ્ટિ પુષ્ટિ મોક્ષ તારી સેવામાં ઉપયોગી પણાને લીધે ચિત્તની એ (વસ્તુઓ)માં આ સકિતની પ્રાર્થના 'નાથા' શબ્દથી કરે છે. તેમના સ્વામીપણાની બાબતમાં એ પ્રમાણે થશે એમ અર્થ છે. ભગવાનની ઇચ્છાથી પરિભ્રમણ કરતા ચક્રમાં સખ્ય (મિત્રતા) નથી એમ હિરણ્યકશિપુ વગેરે કુટુંબમાં આસકત હતા તેમના ઉદાહરણ દ્વારા દર્શાવ્યું છે કારણ કે તેમણે બધી રીતે અનન્યપણાનો ભંગ કર્યો હતો.

કૃતાર્થપણું તો 'નાથ' શબ્દના પ્રયોગથી જ સૂચવવામાં આવ્યું છે અને તેના અંતે જ પ્રાર્થના (જુઓ ભા. પ. ૫–૬–૧૭) "ભગવદીયત્વેનૈવ પરિસમાપ્ત સર્વાર્થા" એ સિદ્ધાંતના કારણે (એટલે કે ભગવદીયપણાને લીધે જ જેમના સર્વ અર્થો સંપૂર્ણ રીતે સિદ્ધ થયા છે તેવા (જુઓ ભા ૫–૬–૧૭)

ધર્મ–અર્થ કામ તથા મોક્ષ એ ચાર પ્રકારના પુરૂષાર્થોની સિદ્ધિને માટે માયા ક્રમશઃ (એક પછી એક) દેહ વગેરેના અધ્યાસ (મોહ-આસકિત)ને ઉત્પન્ન કરે છે. ત્યાં દેહાધ્યાસમાં ધર્મની સિદ્ધિ પ્રસિદ્ધ છે. પુત્રની અપેક્ષાને કારણે બીજા અર્થની ઉત્તમતા (ઉત્કૃષ્ટતા)ના અભાવને કારણે અર્થની સિધ્ધિ છે. સ્ત્રી દ્વારા કામની સિદ્ધિ પ્રસિદ્ધ (જાણીતી) છે.

"ભકતનાં ગૃહ એવ વિશિષ્યતે" (જુઓ નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણમાં કા. ૫૧) એટલે કે ભકતોના ઘરમાં જ એ વિશિષ્ટતા ખાસિયત છે. એ વાકયમાં જણાવેલ અભિપ્રાય અનુસાર (ન્યાયાત્ એ નિયમ મુજબ) મોક્ષ છે.

આપણું ચિત્ત શ્રી કૃષ્ણમાં તન્મય બને તેનાથી જ મોક્ષની બાબત શકય (કે સિદ્ધ)

બને છે તેથી જ "વિત્ત" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે ક્રીડાનો પ્રતિબંધ હોવાથી તથા પ્રકૃતિના વિરોધના કારણે નિષેધ પ્રાર્થના છે. ("ન નાથ ભૂયાત્" એ મુજબની પ્રાર્થના કરી છે.

એવી જ રીતે કર્મ સંબંધના વ્યતિરકના કારણે કેવળ ભગવાનની માયાથી જે રમણરૂપ છે તેના દાસ ભગવત્ સેવા–શ્રવણ વગેરેમાં તત્પરતાને લીધે (આપણા) છે ઘરમાં જ ચારેય પ્રકારના પુરૂષાર્થોની પ્રાપ્તિનું સુખ અનુભવતાં અનુભવતા ભગવદીય એવી બીજી મુકિત (એટલે મોક્ષ) તે આ જ મુખ્ય છે એવો આશીર્વાદ સર્વને અંતે માગ્યો છે. "હે નાથ" મર્યાદા જ્ઞાન (મુજબનો) મોક્ષ મારે માટે ન થાય એ પ્રમાણે પ્રાર્થના કરી છે.

ઇતિ શ્રીમત્પ્રભુચરણ કૃતા વૃત્રાસુર ચતુઃશ્લોકી વિવૃતિઃ સંપુર્ણા ॥

એટલે કે વૃત્રાસુર ચતુઃશ્લોકી ઉપર શ્રીમત પ્રભુ ચરણે કરેલી વિવૃત્તિ (ટીકા) અહીં સમાપ્ત થાય છે.

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, 'વ્રજ" ધોરાજી**

પદ ૧૦૭

શ્રી યમુનાજી હમસેં પતિત ઉદ્ધારો; પતિત પાવન સુનકેં આયો, બાંધ પાપકો ભારો. ૧
પતિત પાવન શ્રીકૃષ્ણ જુ કી ઘરનો, દોઉ મીલ બાબ બિચારો;
'સુરદાસ' હૃદય બસો નિરંતર, શ્રી યમુનાજી નંદ દુલારે ૨

ભાવાર્થ : હે શ્રી યમુનાજી ! મારા જેવા પતિતનો ઉદ્ધાર કરો. પતિત પાવન આપનું બીરદ છે, તેવું સાંભળીને આપના ભરોસે પાપનો ભારો બાંધીને આવ્યો છું.

શ્રી કૃષ્ણનાં પ્રાણ પ્યારા એવા પ્રિયાજી આપ પતિત પાવન છો, માટે આમ યુગલ સ્વરૂપ મળીને મારૂં કાંઇક વિચારો શ્રી સુરદાજી કહે છે કે મારા હૃદયમાં આપ યુગલ સ્વરૂપ એવા શ્રીયમુનાજી અને નંદદુલારા એવા શ્રી નંદયશોદાજીના લાડકવાયા લાલ સદા વસો એવી અભિલાષા છે. જય હોય હો શ્રી યમુંનાજીકો.

વિવેચન : શ્રી સુરદાસ આગ્રાના ગૌઘાટ ઉપર શ્રી આચાર્યજીને શરણે આવ્યા અને પછી શ્રી આચાર્યજી સાથે વૃજમાં આવ્યા ત્યારે પ્રથમ જ શ્રીયમુનાજીનાં દર્શન કરીને ગાયું કે શ્રીયમુનાજી પતિત પાવન કર્યો અને આ પદ તે પછી વિનંતિ રૂપે ગાયું છે. આ પછી તો શ્રી સુરદાસજીએ શ્રી યમુનાજીનાં ઘણાં કીર્તનો ગાયા છે.

આ માસના ઉત્સવ

અધિક ભાદરવા વદ ૧૧ તા. ૧૨–૯–૯૩ રવિવાર પદ્મિની એકાદશી વ્રત.

અધિક ભાદરવા વદ અમાસ તા. ૧૬–૯–૯૩ ગુરૂવાર.

સ્નાન દાનાદિ કરવું શ્રી પુરૂષોત્તમ માસ સમાપ્તિ.

ભાદરવા સુદ ૨ તા. ૧૭–૯–૯૩ શુક્રવાર. ચંદ્રદર્શન, રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૧૮–૯–૯૩ શનિવાર. હરિતાલિકા (કેવડા) ત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૧૯–૯–૯૩ રવિવાર. ગણેશ ચતુર્થી, ગો. ચિ. શ્રી રસિકવલ્લભજી બાવા (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૨૦–૯–૯૩ સોમવાર. ઋષિપંચમી, દ્વિતીય સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્ય દિન.

ભાદરવા સુદ ૬ તા. ૨૧–૯–૯૩ મંગળવાર. શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન, ગો. ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા સુદ ૭ તા. ૨૨–૯–૯૩ બુધવાર. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા. ૨૩–૯–૯૩ ગુરૂવાર. શ્રી રાધાષ્ટમી, ગો. શ્રી બ્રજજીવનજી મહારાજશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૦ તા. ૨૫–૯–૯૩ શનિવાર. નવનાગરીના પદ બોલાય. વર્ષાઋતુ પૂરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૨૬–૯–૯૩ રવિવાર. પરિવર્તીની (દાન) એકાદશી વ્રત, લેખવાળા ગો. શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૭૧૪). દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. શરદઋતુની શરૂઆત થઇ. કારતક સુદ ૧૦ સુધી વામન જયંતિવ્રત.

ભાદરવા સુદ ૧૪ તા. ૨૯–૯–૯૩ બુધવાર. અનંત ચતુર્દશી.

ભાદરવા સુદ ૧૫ તા. ૩૦–૯–૯૩ ગુરૂવાર. સાંઝીનો પ્રારંભ, આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૧–૧૦–૯૩ શુક્રવાર. મુંબઇ લાડુબેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદરાયજીનો પાટોત્સવ તથા શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ. આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજ્યાદશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૪ તા. ૫–૧૦–૯૩ મંગળવાર. ગો. શ્રી ચંદ્રગોપાલ બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૬–૧૦–૯૩ બુધવાર. શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭).

શ્રીમદ્ ભાગવતમાં શ્રીમદ્ વલ્લભ

સંશોધક :– **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઑનર્સ) કોવિદ રાજકોટ.

વલ્લભ શબ્દનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતમાં છ શ્લોકમાં સાતવાર થયો છે. પ્રત્યેક શ્લોકમાંથી તેનો જાણવા જેવો ગૂઢ અર્થ મળે છે. સંસ્કૃત કોશ પ્રમાણે 'વલ્લભ' શબ્દનો સામાન્ય અર્થ પ્રિય, સર્વોપરી, સર્વશ્રેષ્ઠ, પતિ, કૃપાપાત્ર વગેરે થાય છે અને સર્વોપરી અથવા સર્વશ્રેષ્ઠ એ જ શ્રીકૃષ્ણ. શ્રીમદ્ ભગવદ્ ગીતાના સાતમા અધ્યાયના સાતમાં શ્લોકમાં સ્વયં ભગવાને કહ્યું છે કે

'મત્તઃ પરતરં નાન્યત્ કિંચિદસ્તિ ધનંજય'

હે ધનંજય, મારાથી શ્રેષ્ઠ બીજું કાંઇ નથી.

કદંબ કિંજલ્કપિશંગવાસસા સ્વવંકૃતં મેખલયા નિતંબે ।
હારેણ ચાનંતધનેન વત્સ શ્રી વત્સવક્ષઃ સ્થલ વલ્લભેન ॥
ભા. ૩-૮-૨૮

શ્રીમદ્ ભાગવતમાં ૩–૮–૨૮ માં સર્વ પ્રથમ આવતો 'વલ્લભ' શબ્દ મૈત્રેયજીએ ઉચ્ચાર્યો છે. આ આઠમાં અધ્યાયમાં ભાગવત શ્રવણની પરંપરા મૈત્રેયજી વર્ણવે છે. જે ભાગવતજી સ્વયંત શ્રી સંકર્ષણ ભગવાને નિવૃત્તિ પરાયણ સનકાદિક ઋષિઓને સંભળાવેલ હતાં. ફરીને તેમણે પરમહંસોમાં પ્રધાન એવા સાંખ્યાયન મુનિને સંભળાવેલ. સાંખ્યાયનજીએ શ્રી પરાશરજીને અને બૃહસ્પતિને ભાગવતજી સંભળાવ્યા. દયાળુ પરાશરજીએ મૈત્રેયજીને સંભળાવેલ હતાં. સૌ પ્રથમ સ્વયં ભગવાને ભાગવતનો ઉપદેશ કર્યો હતો. તેને હજારો વર્ષ થઈ જતાં ફરીને શ્રી મહાપ્રભુજી એવા શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પણ એજ ભાગવતજીનો ઉપદેશ ૮૪ બેઠકોમાં કર્યો. મૈત્રેયજી કહે છે કે, વિષયસુખ એ મહાન દુ:ખરૂપ છે અને એવા દુઃખની આત્યંતિક નિવૃત્તિ માટે મૈત્રેયજી શ્રીમદ્ ભાગવતજી વિદુરજીને સંભળાવે છે.

આપણે સૌ જાણીએ છીએ કે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પણ એજ હેતુથી, એ જ કાર્ય કલિકાળમાં સિદ્ધ કર્યું છે. આ અધ્યાયમાં વિશ્વની રચના કરવાની ઇચ્છાવાળા બ્રહ્માજીએ જોયેલ ભગવાનના સ્વરૂપનું વર્ણન મૈત્રેયજી કરે છે. ભગવાનના સ્વરૂપમાં 'શ્રીવલ્લભ'નું સ્વરૂપ સમાયેલું છે. શ્રી વિગ્રહના અલંકારોમાં હૈયાના હાર રૂપે શ્રી વલ્લભ છે, એમ આ શ્લોકમાંથી ગુઢાર્થ નીકળે છે.

આ શ્લોકમાંથી ગુઢ અર્થ આ પ્રમાણે નીકળે છે –

'અનંતધનેન હારેણ શ્રીવત્સવક્ષઃ સ્થવલ્લભેન સ્વલંકૃતમ્,'

શ્રીવત્સના ચિહ્નવાળી ભગવાનની છાતી ઉપર અતિ મૂલ્યવાન રત્નોવાળા શ્રીવલ્લભરૂપી હારથી શ્રીવિગ્રહ અત્યંત શોભે છે.

'અનંતઃ કાલઃ, તેન બ્રહ્મતા નિરૂપિતા,'

અનંતનો એક અર્થ કાળ છે, તેનાથી બ્રહ્મપણું નિરૂપાયું છે અહીં 'અનંતધનેન' વલ્લભનું વિશેષણ છે અને તેનાથી બ્રહ્મપણું દર્શાવાયું છે.

વિદંત પુરૂષોઽમુષ્માદ્યદ્યદ્ દિચ્છત્ય સત્વરમ ।
મદ્ ગીતગાતાત્સુપ્રીતાચ્છેય સામેક વલ્લભાત ॥

ભા. ૪–૨૪–૭૭

આ ચોવીસમાં અધ્યાયમાં મૈત્રેયજી વિદુરજીને કથા સંભળાવતાં મહાદેવજી ભાગવતજીની કથા કહેતાં કહે છે કે, શ્રીકૃષ્ણ ભગવાન જ સંપૂર્ણ કલ્યાણનો એક માત્ર આશ્રય છે. પુ. પા. શ્રી વલ્લભાચાર્યજીએ આ જ ભાવના શ્રીમદ્ ભાગવત સંભળાવતાં સર્વત્ર પ્રસરાવી છે.

આ શ્લોકમાં ગુઢ અર્થ એમ છે કે –

'પુરૂષઃ યદ્ યદ્ ઇચ્છતિ, સુપ્રીતાત મદ્ ગીત ગીતાત,
અહ્રૂષ્માત વલ્લભાત અસત્વરમ વિન્દતિ,'

પુરૂષ જે જે ઇચ્છે છે તેને અત્યંત પ્રેમપૂર્વક મારા ગાયેલ ભાગવતજીના ગાનથી, આ વલ્લભ પાસેથી તુર્ત જ પ્રાપ્ત કરે છે.

સર્વેષામપિ ભૂતાનાં નૃપ સ્વાત્મૈવ વલ્લભઃ ।
ઇતરેઽપત્ય વિત્તાદ્યાસ્તદ્વલ્લભતયૈવ હિ ॥

ભા. ૧૦–૧૪–૫૦

આ ચૌદમાં અધ્યાયમાં વ્રજવાસીઓનો શ્રીકૃષ્ણમાં વાત્સલ્યભાવ નિરૂપાયો છે. આ ભાવ જ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પુષ્ટિ પંથમાં વણી દીધો છે. પુષ્ટિપથમાં પણ વાત્સલ્યભાવે ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવાનું શ્રીમદ્ વલ્લભાચાર્યજી ઉપદેશે છે.

આ શ્લોકમાં ગુઢ અર્થ એમ છે કે, 'નૃપ, વલ્લભઃ સ્વાત્મા એવ,' હે રાજન્, વલ્લભ તો મારો પોતાનો જ આત્મા છે. 'ઇતરે વલ્લભત્તયા એવ હિ', અન્ય બધું વલ્લભપણાથીજ છે.

ગોપ્યો લબ્ધવાચ્યુતં કાન્તં શ્રિય એકાન્ત વલ્લભમ ।
ગૃહીત કંઠયસ્તદ્દોર્ભ્યાં ગાયન્ત્યસ્તં વિજહિ રે ॥

ભા. ૧૦–૩૩–૧૫

આ ૩૩મા અધ્યાયમાં ગોપીઓ સાથે ભગવાને કરેલી રાસક્રીડા વર્ણવાયેલી છે. શ્રીમદ વલ્લભાચાર્યે પણ રાસક્રીડાનું અલૌકિક મહત્વ સુબોધિનીજીમાં વર્ણવ્યું છે. અહીં 'એકાંત વલ્લભ' એવા શ્રીકૃષ્ણ છે, એમ કહ્યું છે.

આ શ્લોકમાં ગૂઢ અર્થ એમ રહેલો છે કે –
'એકાંત વલ્લભમ્ પ્રાપ્ય ગોપ્યઃ અચ્યુતં ગાયન્તિ'

એક માત્ર વલ્લભને પ્રાપ્ત કરીને ગોપીઓ અચ્યુતનું ગાન કરે છે.

ગોપ્યો હસન્ત્યઃ પપ્રચ્છુ રામસંદર્શનાદૃતાઃ ।
કચ્ચિદાસ્તે સુખં કૃષ્ણઃ પુરસ્ત્રીજન વલ્લભઃ ॥

આ ૬૫ મા અધ્યાયમાં શ્રી કૃષ્ણે ગોપીઓ સાથે કરેલ રમણ વર્ણવેલું છે. પુષ્ટિમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ગોપીઓને આદર્શ ગણેલ છે. ભગવાન શ્રી કૃષ્ણમાં ફળના હેતુ રહિત અનન્ય પ્રેમ એ પુષ્ટિનો પાયો છે. ગોપીઓની શ્રી કૃષ્ણમાં અનન્ય ભક્તિ અને શ્રી કૃષ્ણનાં જ સુખનો વિચાર મુખ્ય છે.

આ શ્લોકમાં ગૂઢ અર્થ એવો છે કે –

'કૃષ્ણઃ પુરસ્ત્રીજનવલ્લભઃ સુખમ્ આસ્તે' શ્રીકૃષ્ણ એટલે નગરની સ્રીઓને વહાલા એવા શ્રી વલ્લભ સુખ પૂર્વક વિચરે છે.

રેમે ષોડશસાહસ્રપત્નીમેકવલ્લભઃ ।
તાવદ્ધિ ચિત્રરૂપોડસૌ તદ્ગૃહેષું મહદ્ધિંષુ ॥

ભા. ૧૦–૯૦–૫

આ નેવુંમા અધ્યાયમાં જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જ શ્રી, વિજય, સમૃદ્ધિ અને સ્થિર નીતિ છે, એ સૂત્રની સિદ્ધતારૂપે દ્વારકામાં ઊભરાઇ રહેલી સમૃદ્ધિનું વર્ણન આપ્યું છે. શ્રીમદ્ વલ્લભાચાર્યના ચરણમાં પણ આવી જ અઢળક સમૃદ્ધિ ઢગલે ઢળે છે.

આ શ્લોકમાં રહેલો ગૂઢ અર્થ એમ છે કે
'ષોડશસાહસ્રપત્નીનામ્ વિચિત્રરૂપઃ અસૌ એકવલ્લભઃ'
સોળ હજાર પત્નીઓના સ્વામી શ્રી કૃષ્ણ તે વિચિત્રરૂપે આ એક માત્ર વલ્લભ છે.

ઉપર દર્શાવેલ શ્રીમદ્ ભાગવતના છયે શ્લોકમાં આવેલ 'વલ્લભ' શબ્દ, શ્રી કૃષ્ણની સાથે જ આવેલ હોય એમ, તથા તેના પર્યાય રૂપે હોય તેમ, અથવા શ્રીકૃષ્ણ એ જ શ્રીમદ્ વલ્લભ, એવા ઐક્યના દર્શનરૂપે આવેલ છે. એ રીતે ભાગવતજીમાં છ શ્લોકમાં સાતવાર 'વલ્લભ' ઉલ્લેખાયો છે.

એ બધાંનો વિચાર કરતાં શ્રી કૃષ્ણનું જ એક સ્વરૂપ તે શ્રીમદ્ વલ્લભાચાર્ય છે. શ્રીવલ્લભાચાર્યજીએ તો શ્રી કૃષ્ણ જ સર્વસ્વ છે એમ કહ્યું છે. અને એ રીતે જ આચરણ કર્યું છે, એનો જ ઉપદેશ કર્યો છે. ભાગવતજી એ બધાના સાક્ષીરૂપે અને મૂળ પાયારૂપે છે.

કાવ્ય કુંજ

મથુરાથી માશી મળવાને આવી;
    રૂપ અનુપમ લાવીરે, માશી મળવાને આવી. ૧
સોળ વરસની સુંદરી જેવી,
    સોળે શૃંગારે છે તેવી રે–માશી ० ૨
સોળ સહસ્ર બાલકને રે મારી;
    આવી છે પૂતના હત્યારી રે–માશી ० ૩
નંદતણે ઘેર રૂમઝુમ આવી,
    તે જશોદાને મન ભાવીરે–માશી ० ૪
નંદકુવર પારણીયે પોઢયા,
    આછાં ઉપરણા ઓઢયા રે–માશી ० ૫
ટોપી પછેડોને દુગદુગી દોરો,
    ઘુઘરાનો હરિનો હોરો રે–માશી ० ૬
કપટની વાતું કોઇ નવ જાણે,
    પારણાની દોરી લઇ તાણે રે–માશી ० ૭
મધુરૂં મધુરૂં મોહનજી રે બોલે,
    તું આજ મળી વણ મોલે રે–માશી ० ૮
પારણીયેથી કુંવર કાનને લીધા,
    પછી સ્તન શ્રીમુખમાં દીધા રે–માશી ० ૯
હળવે હળવે હરિ હસતારે ધાવે,
    તે પૂતનાને મન ભાવે રે–માશી ० ૧૦
દુધને સાટે રે વાલે પ્રાણ જ સોષ્યા,
    પછી સ્તન શ્રીમુખથી અળગા કીધારે–માશી ० ૧૧
મેં જાણ્યું મોજ્યું કંસથી લેશું,
    પણ જીવ શ્રીગોકુલમાં દેશું રે–માશી ० ૧૨
આરે બાલક હવે કોઇથી નવ હારે,
    નિશ્ચે કંસને મારે રે–માશી ० ૧૩
ચીસ પાડીને પૂતના ઉડી,
    તેને વ્હાલે નાખી છે ગુડી રે–માશી ० ૧૪
પૂતના મારી શ્રી ગોકુલ ગામે,
    પછે પધાર્યા નંદ ધામે રે–માશી ० ૧૫
‘માધવદાસ’ વારણીયે રે જાય,
    નિત નવલી લીલા ગાય રે–માશી ० ૧૬

– ભક્ત કવિ શ્રી માધવદાસ, ખંભાત

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા : **પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા**

(ગતાંકથી ચાલુ)

રાગ–**બિલાવલ**

બસત બનારસ જન પુરૂષોત્તમ, તાકી પ્રીતિ પ્રાન પ્રિતમ;
મન અભિલાખ નાથ તમ પરહે, એહી નિધકી સેવા નિત્ય કરહે.

(છંદ) કરૂં સેવા એહી નિધકી, મોર પખૌવા શીર ધરે;
પાદુકા પદ પદ્મમેં, ઉપવિત ઉર માલા ધરે;
કોટિ – કોટિક મદનમોહન, રૂપ નિજ પધરાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૯
સુતા રૂક્ષ્મણિકી કહું પ્રીતિ, મદન મોહનસોં રસ રીતી;
નાના વિધિ સોં પકવાન બનાયો, રૂચિ કરકે મનુહાર લિવાયો.

(છંદ) લીવાવે કર મનુહાર રૂચિસોં, એહી વ્રત નિત્ય નિયમ હી,
નિત્ય લે પ્રસાદ વૈષ્ણવ, પૂરણ જાકો પ્રેમ હી;
કરી પ્રસંશા આપ શ્રીમુખ, અધિક કહા બનાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૧૦

સુત ગોપાલ કહો જન એવા, મદનમોહનજીકી કરે બહો સેવા;
રીતુ વસંત ફાગુનકો માસ, એક દિન રહે અનતહી વાસ,

(છંદ) વાસ એક દિન રહે અનતહી, જાય ક્યોં પિય બિન જીયો;
ગાય લલના દેહ ત્યાગી, વિરહકો અનુભવ કિયો,
લીને રસ ઉરે લાય લલના, છેલ્લી ટુંક બનાઇએ;
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ. ૧૧

રામદાસ સારસ્વત ભૂદેવા, નવનિત પ્રિયાજીકી કરે સેવા;
કછુક દિન રહે દ્રવ્ય સંકોચન, કરજ ચૂકાઈ હરિ દુઃખ મોચન,

(છંદ) મોચન હરિદુઃખ રન ચૂકાયો, જાકો તનમેં તાપ હી,
નાથ દરશન ગયે અડેલે, કીયો ઉદ્યમ આપ હી;
ધન્ય ધન્ય કહ્યો શ્રીમુખ, વેહી ધન્ય કહાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ. ૧૨

વરણું સારસ્વત જન ગદાધર, મદનમોહનજી બિરાજતતા ઘરે;
ભક્તિ મુકિત રહેત હે દ્વારે, કૃપા કર દેતહી તાહી ઉદ્ધારે.
(છંદ) ઉદ્ધાર દેત હેં કૃપા કરકે, દાસ માધો કો ભઇ,
પ્રાણ વલ્લભકી કૃપતિં ભાજી (ચીલનીભાજી) કે પલટે દઇ;
નિષ્કંચન નામ જાકો, વૈષ્ણવ પ્રસાદ લિવાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ. ૧૩
વેણીદાસ માધો દોઉ ભ્રાત, ગયે દક્ષિણ માલાકે કાજ,
લાયે ઉત્તમ મોતીન માલા, બીચ મિલે નવનીત પ્રિય લાલા.
(છંદ) લાલ શ્રી નવનીત મિલે, પરસ્પર બાતેં ભઇ;
કિજે ઇચ્છા નિજ સોહી, નાવ ડૂબત તેં રહી,
ગયે અડેલે કરી બિનતી, માલા આપ ધરાઇએ;
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ. ૧૪
-ક્રમશઃ

સમાચાર

વડોદરા–આં. પુ. વૈ. પરિષદની વાડી (વડોદરા) શાખા તરફથી તા. ૨૦ જુલાઈ થી ૨૬ જુલાઈ સુધી ૮૪–૨૫૨ વૈષ્ણવ ભગવદીઓની વાર્તા સપ્તાહ પરિષદના યુવાન વકતા શાસ્ત્રીજી શ્રી જગદીશચંદ્ર દવે (ખંભાતવાળા)ના વ્યાસાસને યોજાએલ તૃતિય પીઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પૂ. પા. શ્રી પ્રભુજી મહોદયે દિપ પ્રગટાવી ભગવદીય ચરિત્ર ગુણાનુવાદનો પ્રારંભ કરાવેલ.

આ પ્રસંગે એક સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન થયેલ વાડી શાખાના મંત્રી શ્રી વામનભાઈ પટેલે ખૂબ જ જહેમત લઈ પ્રકાશન કરેલ છે મુખ પૃષ્ઠ પર યુગલ સ્વરૂપનું સુંદર કમનિય છબીથી મંત્ર મુગ્ધ કરે તેવું ચિત્રજી દર્શન કરતાં સ્મૃતિ ગ્રંથની સુંદરતાનો પરિચય થાય છે. સ્મૃતિ ગ્રંથમાં સમાવિષ્ટ મેટર પણ ખાસ ધ્યાન ખેંચે તેવું શ્રી વૈષ્ણવ વાણી અને અન્યત્ર પ્રકાશિત ભગવદ સેવોપયોગી સિદ્ધાન્તો નો જ ઉત્તમ સંગ્રહ કરી સંપાદકે વૈષ્ણવો પર પરમ ઉપકાર કરેલ છે. સમાહ અને સ્મૃત્તિ ગ્રંથ પ્રકાશનમાં પૂ. પા. ગો. શ્રી વાગિશકુમારજી તથા પૂ. પા. ગો. શ્રી દ્વારકેશ કુમારજીના આશિર્વાદ અને માર્ગદર્શન મળેલ છે.

આં. પુ. વૈ. પરિષદની વડોદરા વાડી શાખાનો આ અભિગમ ખૂબજ અનુકરણીય અને સરાહનિય છે.

મણીનગર – આ પુ. વૈ. પરિષદ મહિલા શાખા તરફથી મણિનગર ઉપલક્ષમાં શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલીમાં જન્માષ્ટમીના રાસ ગરબાનો કાર્યક્રમ રજૂ થયો. ૮ થી ૨૦ વર્ષની બહેનોએ અભિનય સાથે ગરબા રજૂ કર્યા. મણિનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે સંગીત–કીર્તન હરિફાઈ રાખવામાં આવી બંન્ને સંસ્થાઓના સહકારથી જન્માષ્ટમીનું મંગલ પર્વ આનંદ–ઉલ્લાસથી મણિનગરમાં ઉજવાયું. વીણાબેન શેઠ અને શ્રી ચીમનભાઈ બેંકરના સાથ સહકારથી આ કાર્યક્રમ સફળ થયો. મીમાંસા શેઠ તથા અન્ય બહેનોની મહેનતથી ગરબા સુંદર રીતે રજૂ થયા. સ્પર્ધકોને તથા ગરબામાં ભાગ લેનાર બહેનોને ઇનામો વહેંચવામાં આવ્યા.

પુસ્તક પરિચય

શ્રી મહાપ્રભુજીની વધાઇઓ

સંપાદક : શ્રી બાબુભાઈ નાયક
સુશ્રી કિરણબહેન શાહ.
પ્રાપ્તિસ્થાન : સુ શ્રી કિરણબેન નંદલાલ શાહ
માંડવીની પોળ, **કડી** (જી. મહેસાણા)
પીન – ૩૮૨૭૧૫

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨૮+૨૪ લેમીનેશન કરેલ કાચું પૂઠું
ન્યોછાવર રૂ. ૨૦+પોષ્ટેજ રૂ. ૫

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી મહાપ્રભુજીની ૧૩૨ વધાઈઓ શ્રી...ના આઠે સમયના દર્શનના ક્રમાનુંસાર અને રાગ નિર્દેશ સહિત સંગ્રહિત કરેલ છે. આ દરેક વધાઈઓમાં પહેલાં મૂળ પદ બાદમાં પદમાંપ્રયુકત વ્રજભાષાના કઠીન શબ્દોનો અર્થ અને ત્યારબાદ તુકવાર ગુજરાતી ભાવાર્થ સંકલિત કરેલ છે.

બન્ને મહાનુભાવ સંપાદકોએ ખૂબજ તન્મય થઈ આ સંકલ કર્યાનુ પ્રથમ નજરેજ જણાય છે અને તેઓએ નમ્રતાપૂર્વક, પોતાની જ્યાં પહોંચ નથી થઇ તેનો નિર્દેશ કરેલ છે અને તે સુધારવામાં પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર) સંપાદક શ્રી નવપ્રકાશને વિનતિ કરી પાંડુલિપી સુધરાવ્યાનું તેમજ વૈષ્ણવ પરિવારના તંત્રી શ્રી રમેશભાઈ પરિખપાંસે પણ પાંડુલિપીનું જરૂરી સંશોધન કરાવેલ તે વિગતે જણાવેલ છે.

પ્રારંભમાં પ્રસ્તાવનામાં પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ મહાનુભાવ ભગવદિઓની અનુભવ–વાણીના મહાન અલૌકિ માહાત્મ્યનું વિશેદ વિવેચન કરેલ છે. અને તે જ પ્રમાણે આશિર્વચનમાં પૂ. પા. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ) એ પણ કીર્તન સાહિત્યની અલૌકિક મહિમાનુ નિરૂપણ કરી સંપાદકોને આશિર્વાદ આપેલ છે. પદ સાહિત્યના રસિક વૈષ્ણવોને વિશેષમાં લાભ એ છે કે ભાવાર્થ વિવેચન પહેલાં અઘરા શબ્દોના અર્થો આપેલ હોવાથી થોડાક શબ્દો યાદ કરીને પદનો પોતાના અસલ સ્વરૂપમાં આસ્વાદ લઈ શકે છે.

પુષ્ટિમાર્ગ અને આધુનિકતા

લેખક : (નામ નિર્દેશનથી પરંતુ તખલ્લુસરૂપે)
AJSBAB
પ્રકાશક : પુષ્ટિસિદ્ધાન્ત સંરક્ષણ સમિતિ,
પ્રાપ્તિસ્થાન : ૧ શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
નંદાભૂવન ૧લે માળે બજાજ રોડ
વીલે પાર્લે (પ) મુંબઈ–૫૬
૨ શ્રી કૃષ્ણકાંત સી. વોરા
બી–૧૫ ગુજરાતી સોસાયટી
નહેરૂ રોડ, વીલે પાર્લે (પૂ) મુંબઈ-૫૭

પ્રસ્તુત પુસ્તકમાં આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં સાંપ્રત કહેવાતા પુષ્ટિમાર્ગીઓમાં કેટલાંકને દષ્ટિ ગોચર થતી વિકૃત્તીઓ મૂલવેલ છે, યદ્યપી પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો અને અનુયાયિઓ–પુષ્ટિમાર્ગના પથિકોને આચરવાના આંતર બાહ્ય–કર્તવ્યો અત્યંત સ્પષ્ટ અને વિશદ સ્વરૂપે શ્રીમદાચાર્યજી, શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી અને પરવર્તી આચાર્યશ્રીઓએ સુગ્રથીત કરેલ છે જ. પરંતુ જેને આધુનિકતા કહો કાળ

બળ કલીપ્રભાવ, કે ભગવન્માયાકૃત–લીલાતિરીકતજનોને મોહ ઉત્પન્ન કરનાર વાતાવરણ કહો તે દ્વારા આજે જે પુષ્ટિમાર્ગના નામ પર શ્રીમદ વલ્લભાચાર્યજીને અનભિપ્રેત પ્રકારો ચાલી રહ્યા છે તેને વિદ્વાન લેખકે ખૂબ જ બુદ્ધિ ગમ્ય રીતે ઉજાગર કરેલ છે.

આ પુસ્તકમાં સાંપ્રત ભાષા સાહિત્યના મૂર્ધન્ય લેખકોના અવતરણો પ્રસ્તુત કરી તે તે સંદર્ભોના પુષ્ટિમાર્ગીય ગ્રંથ અને ભાષા સાહિત્યના અવતરણો પર સામ્ય–વૈષમ્ય નિરૂપણ દ્વારા વાંચકોને બૌદ્ધિક રીતે તિવ્રતાથી સંવેદિત કરે તેવી પરિષ્કૃત શૈલી અપનાવી લેખકે પોતાની પ્રતિભા તો પ્રકટ કરી જ છે. પરંતુ તેનો લાભ શહેરી વાતાવરણમાં વસતાં અને તે પણ ખૂબ કેળવાયલા તેમજ આધુનિકતાથી પરિચિત એવા બૌધિક લોકો જ લઇ શકે તેવું ઉંચું ભાષાકિય સ્તર હોવાથી સર્વજન ભોગ્ય નથી. અને તેનો નિર્દેશ પ્રારંભમાં જ વાંચવા સંબંધી સૂચના અને જાહેર ચેતવણી શિષર્કે કંઈક વ્યંગ શૈલીએ આપાએલ છે. એકંદરે સાંપ્રત પરિસ્થિતિમાં ગુંચવાળો અનુભવતાઓની કેટલીએ ગુંચોનો ઉકેલ જરૂર મલી શકે તેમ છે. અને તે દષ્ટિએ આ એક ઉપયોગી પ્રકાશન થયેલ છે.

સમાચાર

ઉપલેટા–ઉપલેટા વૈ. સમાજના ઉપક્રમે તા. ૨૪–૨૫–૨૬ જુલાઇ–૯૩ ના સોની મહાજન વાડીમાં પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર–મથુરા–રાજકોટ) ની અધ્યક્ષતામાં પુષ્ટિમાર્ગિય સિધ્ધાન્ત શિબિરનું આયોજન થયેલ.

આ શિબિરમાં પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ બ્રહ્મ સંબધ લીધા પછી વૈષ્ણવે પોતાનું કર્તવ્ય છે ? તેમજ પુષ્ટિ સંપ્રદાયના અનુયાયિઓનું ધ્યેય ભગવદ સેવા એ વિષય પર વિસ્તૃત સરળ વચનામૃતો કરેલ.

આ પ્રસંગે આં. પુ. વૈષ્ણવ પરિષદ આયોજીત શ્રી વલ્લભાચાર્યજી રૂત્રીકુલ અંગેની પ્રગતિની માહિતી સંયોજક શ્રી હસુભાઇ ખખ્ખરે આપેલ. આ શિબીરમાં ઉપલેટા ઉપરાંત આસપાસના અનેક ગામોના વૈષ્ણવો એ લાભ લીધેલ. પૂર્ણાહુતીને દિવસે ત્રણ હજારથી વધુ વૈષ્ણવોએ ઉપસ્થિત રહી લાભ લીધેલ. અને સાંપ્રદાયિક જાગૃતિનું સુંદર ઉદાહરણ પુરૂં પાડેલ.

હાલોલ–અત્રે તા. ૨૮ જુલાઈના રોજ ઝારોલા મહાજન વાડીમાં પુ. પા. ગો: શ્રી શરદકુમાર (માંડવી–હાલોલ) ની અધ્યક્ષતામાં જુનાગઢની શ્રી પુરૂષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા સંચાલિત ધાર્મિક પરીક્ષાઓ માંની પ્રથમ પરીક્ષામાં પ્રથમ દ્વિતિય તૃતિય ઉત્તિર્ણ થયેલ સિદ્ધાન્ત જીજ્ઞાસુ વૈષ્ણવોને પુરસ્કાર આપવાનો સમારોહ વિશાળ હાજરી વચ્ચે ઉજવાયો. વિજેતાઓને શ્રી મહાપ્રભુજીના ચિત્રજી, અનુવાદ સહિત શોડષ ગ્રંથ પુષ્ટિ અસ્મિતા ભાગ–૨ (કેસેટ) તથા પુષ્ટિમાર્ગ અને આધુનિકતા નોમનું ક્રાન્તિકારી પુસ્તક પુરસ્કારરૂપે અપાએલ.

હાલોલ પરિક્ષા કેન્દ્ર પરથી ૩૦ ગામોમાં લેવાએલ પરીક્ષાઓમાં ૧૪૯૩ જેવી વિશાળ સંખ્યામાં ભાગ લઈ જીજ્ઞાસુ વૈષ્ણવોએ પોતાની સિદ્ધાન્ત નિષ્ઠા પ્રકટ કરેલ.

આ પ્રસંગે પુ. પા. ગો. શ્રી શરદકુમારજીએ ઉદ્‌બોધન કરતાં આજ્ઞા કરેલ કે, યથાર્થ જ્ઞાન માટે ઉદ્દેશ્ય, લક્ષણ, અને પરિક્ષાનું વિવેચન કરી 'પરીક્ષા' શબ્દની છણાવટ કરી હતી પુષ્ટિ જીવોનો ઉદ્દેશ્યને અન્વય વ્યતિરેકથી સમજવાનો પ્રયાસ તે આ પરીક્ષા છે.

કોઈપણ ધર્મનું સાચુ જ્ઞાન મેળવવું હોય તો તે ધર્મ-સંપ્રદાયના આદ્ય સ્થાપકના ગ્રંથોનું સાત્ત્વિક બુદ્ધિ રાખી અધ્યયન કર્યા સિવાય મેળવી શકાતું નથી, આ પરિક્ષા કાર્યક્રમ તેજ દિશામાં આગળ વધવાનો પ્રયાસ છે.

કાર્યકર્તાઓના પ્રાસંગિક વકતવ્યો બાદ આશ્રય પદ ગાનથી કાર્યક્રમનું સમાપન થયેલ.

વડોદરા આં. પુ. વૈ. પરિષદના મંત્રી શ્રી ચીમનભાઈ શેઠની યાદિ

વડોદરામાં પરિષદ ભવન નિર્માણ થવામાં છે. તેમાં પરિષદ કાર્યાલય ઉપરાંત બાલવર્ગ (પાઠશાળા), પ્રૌઢ અભ્યાસ વર્ગ, હોમીયોપેથીક શ્રીવલ્લભ આરોગ્ય કેન્દ્ર, વૈશ્વાનર પુસ્તકાલય, સત્સંગ સ્વાધ્યાય કેન્દ્ર શ્રી યમુનાજી ગૃહ ઉદ્યોગ, સાંપ્રદાયિક સાહિત્ય વિભાગ. વગેરે માટે શ્રી ઈન્દ્રકાન્ત ત્રી. શેઠના અધ્યક્ષ પદે સ્થાનિક સંયોજક શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી તથા કાર્ય વાહક તરીકે શ્રી ચિમનભાઈ શેઠ નીયુકત થયા છે. સહકાર સહુ વૈષ્ણવોને વિનંતિ છે.

○ આં. પુ. વૈ. પરિષદ ગોધરા શાખાના મંત્રી શ્રી નટવરલાલ વિ. શાહ એકા એક વડોદરા મુકામે હરિશરણ થયાં છે. પરિષદના અનેક અગ્રણીઓ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરાઈ છે.

○ આં પુ. વૈ. પરિષદ દ્વારા વડોદરા જીલ્લાના છોટા ઉદયપુર મુકામે પરિષદના આજીવન સભ્ય બનેલ ૨૧ વૈષ્ણવોને પરિષદ આજીવન સભ્ય બટન અર્પવાનો એક કાર્યક્રમ તા. ૫-૮-૯૩ના કાંકરેલી-વડોદરાના પુ. પા. ગો. શ્રી વાગીશકુંમારજી મહોદયના અધ્યક્ષ સ્થાને યોજાએલ. અધ્યક્ષશ્રીએ વચનામૃત કરતાં. વર્તમાન પરિસ્થિતિમાં ધાર્મિક આસ્થા-શ્રદ્ધા બની રહે, ભારતિય સંસ્કૃતિ પ્રપ્યે ઉત્કટ પ્રેમ જાગૃત કરવા, શ્રીવલ્લભના વિચારોનો પ્રચાર-પ્રસાર કરવા સત્સંગની પ્રવૃત્તિને ગતીમાન કરવા વૈ. સમાજે આં. પુ. વૈ. પરિષદના નેજા હેઠળ સંગઠીત થવા આજ્ઞા કરેલ.

સ્વાધ્યાય પ્રવૃત્તિ અંગેની માહિતી શ્રી ચિમનભાઈ શેઠે આપેલ તથા સ્થાનિક કાર્યકર્તાઓએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

○ દીવાળીના દીવસોમાં અભિનંદન કાર્ડને બદલે સરસ સુંદર પુષ્ટિમાર્ગીય સાહિત્ય સ્નેહી સંબંધીઓને મોકલવું જોઈએ. આ માટે આં. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશ તરફથી પ્રકાશિત નિચે લખેલ પુસ્તકો પ્રાપ્ય છે.

નિત્ય દર્શન-નિત્યસ્મરણ પ્રત ૧ ના રૂા. ૪ પ્રત ૧૦૦ ના રૂા. ૩૫૦ પ્રત ૫૦૦ ના રૂા. ૧૬૦૦

નિત્ય દર્શન-નિત્યસ્મરણ ચીંતન પ્રત ૧ રૂા. ૬ પ્રત ૧૦૦ ના રૂા. ૫૫૦ પ્રત ૫૦૦ ના રૂા. ૨૫૦૦ દરેકનું પોસ્ટેજ અલગ ગણવાનું.

સંપર્ક : શ્રી જયન્તિભાઈ એસ, સોની. સોની ફળીયા, ડો. કે. કે. શાહના દવાખાના સામે મુ. કપડવંજ (જી. ખેડા.) પીન-૩૮૭૬૭૦.

પરિષદ ડીરેકટરી નંગ ૧ ના રૂા ૧૦ પ્રાપ્તિસ્થાન પ્રો. ગોપાલદાસ એસ. શાહ.

'સુદર્શન' ચંદ્રનિકેતનનો ખાંચો
પાયોનિઅર હાઈસ્કુલ પાસે, **આણંદ**

પુષ્ટિ સ્વાધ્યાય ગ્રંથ સપ્ટેમ્બર માસમાં પ્રકાશિત થશે જેની ન્યોછાવર રૂા. ૫૦/- + પોસ્ટેજ રૂા. ૨૦ (રજી, પો. ના) આ માટે શ્રી જયંતિભાઈ સોનીના કપડવંજના ઉપરોકત સરનામે લખવું.

આં. પુ. વૈ. પરિષદના પુષ્ટિ પ્રસાર સેલ દ્વારા પ્રકાશિત સાહિત્ય 'વેણુમધુર', શુદ્ધાદ્વૈતચિંતન, કપીલગીતા, પુષ્ટિરસ બિન્દુ વગેરે માટે શ્રી વીજુભાઈ એશ. શાહ 'અનુગ્રહ' એલ. જી. હોસ્પિટલના કોર્નર પાસે મણીનગર ચાર રસ્તા અમદાવાદ નો સંપર્ક સાધવો.

૦ બ્રહ્મલીન પુ. શ્રી ચિન્મયાનંદજી ને ઓ. પુ. વૈ. પરિષદની શ્રદ્ધાંજલી દેશ–વિદેશમાં હિંદુ સંસ્કૃતીના પ્રચાર–પ્રસારમાં મોટું યોગદાન આપનાર ચિન્મયાનંદ મીશનની સ્થાપના કરી સંસ્કાર કેન્દ્રો ઉભા કરનાર અને વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપક અગ્રણી શ્રી ચિન્માનંદજી સ્વામી અમેરીકામાં બ્રહ્મલીન થયાં તેને ઓ. પુ વૈ. પરિષદના ગુજ. શાખાના અગ્રણીઓએ ભાવભરી શ્રધ્ધાંજલી અર્પી છે,

૦ ગુજ. યુની. ના માજી સેનેટ સભ્ય અને વૈષ્ણવ અગ્રણી શ્રી ચિમનભાઈ શેઠે ધર્મ અને રાજકારણ ખરડાની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી સમગ્ર હિન્દુઓએ.એ આ બીલનો જોરદાર વિરોધ કરવા અપીલ કરી છે.

સુરત શ્રી બાલકૃષ્ણ શુદ્ધા દ્વૈત મહાસભા દ્વારા લેવાતી પરિક્ષાઓ હવે બારે માસ લેવાય છે. પુર્વ પ્રથમા, પ્રથમા, તથા દ્રિતીઆ પરિક્ષાના પુસ્તકોમાંથી ૧૦૦ ઉત્તરો લખાવીને કેન્દ્ર સંચાલક બારે મહીના મોકલી શકે છે. આગામી પરિક્ષા તા. તા. ૨૫–૯–૯૩ તથા ૨૬–૯–૯૩ના થશે તો પણ કેન્દ્ર સંચાલકની સુવિધા અનુસાર તે કેન્દ્ર પુરતો તારીખમાં ફેર થઈ શકશે. એમ શ્રી મધુસુદન શાસ્ત્રીજીની યાદીમાં જણાવાયું છે.

સરનામું બંગલા નં. ૩ દ્વારકાધિશ સો. સા.
પાલનપુર પાટીયા બસ સ્ટેન્ડ સુરત–૩૯૫૦૦૯

કેસેટ પરિચય

રાજકોટમાં પાછલા મહિનામાં વિમોચન થયેલ પુ. પા, ગો. શ્રી રસિકરાયજી મહારાજ દ્વારા પ્રસ્તુત (હાર્મોનિયમ તેમજ કેસિયો–કી–બોર્ડ પર) શાસ્ત્રીય (વાદ્ય) સંગીતની બે કેસેટસ (ઓડિયો) સેટની વિગત –

(૧) હાર્મોનિયમ સાઈડ–૧ બિહાગ સાઈડ–૨ વસંત કાફી

(૨) કેસિયો – કી બોર્ડ સાઈડ–૧ હેમન્ત સાઈડ–૨ દેશ તબલા સંગત – શ્રી રમેશ બાપોદરા.
સેટ ન્યોછાવર રૂા. ૬૦/– સાઈડ

પ્રાપ્તિ સ્થાન –

(૧) મોડર્ન ગ્રામોફોન – લીબર્ટી રોડ, પોરબંદર

(૨) સોની ઘનશ્યામભાઈ ઝવેરભાઈ (કીર્તનીયા)
મ્યુઝીકલ ઓડિયો કલબ ખત્રીવાડ, હવેલી શેરી રોડ, રાજકોટ.

(૩) શ્રી યોગેશભાઈ
C/o. પ્રીમીયર ઈલેક્ટ્રોનીક્સ, ઓડિયો વિડીયો કેસેટ,
મ્યુનિસીપલ કોર્પોરેશન સામે, ઢેબર રોડ. રાજકોટ.

(ટાઈટલ પાનું બીજાથી ચાલુ)

વરદ હસ્તે કરવામાં આવ્યા છે તો આપના કુટુંબના પ્રત્યેક સભ્ય દીઠ એક એક કુપન ખરીદ કરી સંપ્રદાયના ગૌરવ સમાન અને ભારતનાં સર્વ પ્રથમ શ્રીમદ વલ્લભાચાર્ય રૂષીકુલ નિર્માણનાં સહભાગી બનો.

કુપનો વિતરણ કરવા માટે ગામે ગામ સેવાભાવી પ્રતિનિધિની આવશ્યકતા છે સંપર્ક કરો.

(૧) આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (કેન્દ્ર કચેરી) જી–૨, સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, પોલીસ
સ્ટેશન સામે, બોમ્બે–૪૦૦૦૧. ટે. નં. ૨૦૮૩૭૬૪

(૨) હસમુખભાઈ ખખ્ખર C/o. સંજય ગેસ સર્વિસ.
ભુપેન્દ્ર રોડ, રાજકોટ. ફોન ઘર : ૮૮૮૫૬ ઓફિસ : ૨૩૪૦૮—૨૩૩૪૯

પુસ્તક પરિચય

વૈષ્ણવ-માર્ગ પ્રદર્શિકા

સંકલન કર્તા : પૂ. પા. ગો, શ્રી ચંદ્રગોપાલજી મહોદય–વડોદરા
પ્રકાશક - શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o જીતેન્દ્ર મગનલાલ વજીર
'ભાવના' સી–૯ ચોથે માળે, એસ, વી. રોડ
કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ–૬૭

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ બાવન, કાચું બાઈન્ડીંગ ન્યોછાવર રૂ. પાંચ

શ્રી પુરૂષોત્તમ માસ, શ્રાવણ માસ ચતુર્માસ વગેરે પવિત્ર દિવસોમાં વૈષ્ણવોએ લેવાયોગ્ય નિયમોનો સંગ્રહ, પ્રસ્તુત પુસ્તકમાં પૂ. પા. ગો. શ્રી ચંદ્ર ગોપાલજી મહોદયે અત્યંત પરિશ્રમપૂર્વક, સાંપ્રતકાળમાં વૈષ્ણવોની રહેણી, કરણીને ઉન્નત કરી, દેશકાળના વાતાવરણમાં વ્યાપ્ત ભૌતિકતાથી અલગ કરી શ્રી મહાપ્રભુજીને અત્યંત પ્રિય એવા ભગવદ્ સેવા માર્ગમાં સરળતાથી વિશેષ પ્રવૃતિ થાય તેવા નિયમોનો વિશદ સંગ્રહ કરેલ છે.

જેઓ પોતાના ગૃહમાં બન્ને સમય શ્રી...ની સેવા પહોંચે છે એવા અગર એક સમય સુક્ષ્મ પહોંચે છે અગર અસૌકર્ય કારણે ઘરમાં ભગવદ સેવા પધરાવી નથી શકયા તેવા દરેક સ્તરના વૈષ્ણવો તેમજ બાળકો, વિદ્યાર્થીઓ વગેરે પોતાના નિત્યના જીવનક્રમને બાધા પહોંચાડયા સિવાય પણ ભગવદિયતા તરફ સરળતાથી અગ્રેસર થાય એવા અનેક જપ–પાઠ–સેવા પરિચર્યા, મન–વાણીનો નિરોધ સિદ્ધ થાય, ચિત્ત શુદ્ધિ થઈ નિર્મલ અંતઃકરણ થાય, અને પુષ્ટિ પરિમલથી પોતાનું જીવન કૃતાર્થ કરે તેવા નિયમોનો આ સંગ્રહ પ્રકાશિત કરી વૈષ્ણવ સૃષ્ટિ પર પરમકૃપા વિચારી છે. પ્રત્યેક વૈષ્ણવે આ પુસ્તક વસાવી, તેમાંના બધાં નિયમોનું અવગાહન કરી, પોતે તેવા નિયમો પાળવા શકિત માન થાય તેવો મનોરથ અવશ્ય સેવવો જોઈએ.

卐 ગરબો 卐

જમુનાજીના ઘાટમાં રે લોલ;
રોકી શું રાખી ? વ્હાલા ! વાટમાં રે લોલ ? ૧

નણદલ સહિયર સાથમાં રે લોલ;
તાલી મા દેશો હસી હાથમાં રે લોલ, ૨

મારા પાલવ પાણ શું સાહો છો રે લોલ ?
ડાહ્યા થઇ કાં ઘેલા થાઓ છો રે લોલ ? ૩

વાલા ! વાત કહું તે ધરો ધ્યાનમાં રે લોલ;
સમજી જાઓની, પ્રભુ ! સાનમાં રે લોલ. ૪

વાટમા વાત ના કીજિએ રે લોલ;
દુરિજન લોકથી બીહીજિએ રે લોલ. ૫
સહિયર સાથ સહુ જાય છે રે લોલ.

મુકો; વ્હાલાજી ! વિલંબ થાય છે રે લોલા ૬

મારો, પ્રીતમ ! પાલવ મૂકિએ રે લોલ;
ચતુર થઇને કેમ ચુકિએ રે લોલ ? ૭

સાસુડી મારી જો જાણશે રે લોલ;
ભવનું મેણું મારે થશે રે લોલ. ૮

બોલ બાણ જેઠાણી મુને મારશે રે લોલ;
શત્રુનું કામ પિયુ સારશે રે લોલ. ૯

દાસ **'દયા'** ના પ્રભુ નરહરિ રે લોલ !
તનમનથી હું તમને વરી રે લોલ. ૧૦

ભકત કવિ શ્રી દયારામભાઇ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

બ્રજ–વૃંદાવન કા આકર્ષણ

લાગૈ વૃંદાવન નીકૌ । આલી રી, મોય લાગૈ વૃંદાવન નીકૌ ॥
ઘર–ઘર ઠાકુર સેવા બિરાજૈ, દરસન ગોવિંદજી કૌ ।
રતન સિંઘાસન ઠાકુર બિરાજૈ, મુકુટ ધરૈ તુલસી કૌ – આલી રી૦
બંસીબટ જમુના તટ સુંદર, સબ બ્રીજ હી કૌ ટીકૌ ।
'ચંદસખી' ભજ બાલકૃષ્ણ છબિ, સબ જગ લાગત ફી કૌ – આલી રી૦

– ભકત કવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓરછા

આં. રા. પુ. વૈ. પરિષદ આયોજીત શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુલ નિર્માણમાં સહાયભુત થવા દરેક વૈષ્ણવ રૂા. ૧૦/- દશનું કુપન ખરીદ કરે.

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દ્રઢ બનાવો ***

વર્ષ ૧૨ : અંક–૭ ઓકટોબર ૧૯૯૩

શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

॥ શ્રી કૃષ્ણાય નમઃ ।

॥ શ્રી વલ્લભાધીશો જયતિ જયતિ શ્રી વિઠ્ઠલેશ્વરઃ ॥

ખાવું, પીવું, સુખી જીવન માટે સાધનો એકઠા કરવા કે ઘરમાંડવા જેવી દૈહિક ભૌતિક ક્રિયાઓ પશુ અને મનુષ્ય બંન્નેમાં સમાન છે. ભારતીય સંસ્કૃતિ માણસને માણસ ત્યારે માને છે જ્યારે તેનું જીવન ધર્મમય હોય. ધર્મ વિહીન મનુષ્ય પશુ છે.

આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરે પ્રવૃત્તિઓ માણસ માત્રમાં જેમ સહજ સ્વાભાવિક હોય છે, તેમ કોઈક અદૃશ્ય શકિત સામે ઝુકવાની વૃત્તિ પણ માણસ માત્રમાં સહજ–સ્વાભાવિક હોય છે. કેટલાક લોકોમાં આ વૃત્તિ દેખાતી નથી હોતી પરન્તુ એનો અર્થ એવો નથી થતો કે તેઓ નાસ્તિક છે. આજે નહીં તો કાલે એ ધર્મવૃત્તિ, કોઈ ને કોઈ રૂપે જાગ્યા વિના નહીં રહે. કોઈ અદૃશ્ય શકિત સામે ઝુકવું એ માણસ માંની ભલે એક સાધારણ વૃત્તિ હોય પરંતુ છે મહત્ત્વપૂર્ણ જો કે અઠવાડિયે, ચાર દિવસે કે દિવસે એક બે વાર કોઈ દેવ મંદિરે કે ચિત્ર ને પગે લાગવું અથવા દેવનો પ્રસાદ લઈ લેવાને ભારતીય ધર્મ પરંપરા ધાર્મિકતાની કસોટી નથી માનતી. ધાર્મિકતાની આવી પરિભાષા એ વિકૃત આધુનિકતા તેમજ પાશ્ચાત્ય સંસ્કૃતિની દેન છે. આપણી ભારતીય સંસ્કૃતિએ ધર્મને કયારે પણ પાર્ટટાઈમ બિઝનેસ માન્યો નથી. ધર્મ તો એક જીવન પ્રણાલી છે. અન એ માણસના જીવનના પ્રત્યેક પાસાઓમાં પછીએ ગમે છેટલાં બાહય કે નગણ્ય હોય–વણાઈ જવો જોઈએ. વૈદિક–વર્ણાશ્રમ–સનાતન–હિન્દુ ધર્મને ધર્મનું આવું સ્વરૂપ સ્વીકાર્ય છે. તેથી જ આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ પણ પુષ્ટિજીવો માટે, જીવનના દરેક પ્રસંગમાં વણાઈ જાય તેવો કૃષ્ણ ભકિતનો અદ્વિતીય પુષ્ટિધર્મ ઉપદેશ્યો.

એ બનવા જોગ છે કે આપણા બધા માટે સર્વસમર્પણ પૂર્વક પ્રભુસેવામય જીવન વિતાવવું શકય ન બને. એનું કારણ આપણી માનસિક, શારિરિક, આર્થિક, પારિવારિક કે સામાજિક પ્રતિકૂલતા અથવા ગમે તે હોઈ શકે. પરન્તુ પ્રભુસેવા ન કરી શકવાનો અર્થ એવો નથી કે આપણે પુષ્ટિમાર્ગી મટી જઈએ છીએ. જેમ વિદ્યાર્થીનો પ્રથમ ધર્મ વિદ્યાપ્રાપ્તિ છે તેમ પુષ્ટિમાર્ગ પર પા–પા પગલી માંડનારનો, પછી ભલે એ ૯૦ વર્ષનો વૃદ્ધ હોય, એ પ્રાથમિક ધર્મ છે કે પોતાના ધર્મને પૂરી રીતે સમજે. માટે જ્યાં સુધી આપણે પુષ્ટિમાર્ગાનુસાર પ્રભુસેવા કરવા બધી રીતે સક્ષમ નથી બની જતાં, જ્યાં સુધી આપણે પુષ્ટિમાર્ગને પૂરીરીતે સમજી નથી લેતા ત્યાં સુધી પુષ્ટિમાર્ગને વાંચવો, સમજવો, વિચારવો અને સમજવો એજ આપણો ધર્મ છે. આવું કરતાં પણ આપણે પુષ્ટિમાર્ગનું આચરણ જ કરીશું.

સમજ્યા વિના કોઈપણ માર્ગ પર ચાલવું તેના કરતાં સમજીને ચાલવું શ્રેષ્ઠ છે. સમયની કઠિનતા, આળસ, ઉપેક્ષા, લૌકિક વ્યસ્તતા તેમ જ વિમાર્ગીઓની લલચાવનારી તરકીબોને કારણે આપણે આપણા મહાન ધર્મને સમજવાની તસ્દી લીધી નથી. બીજી તરફ કેવળ ધર્મપ્રચાર માટે થતાં આયોજનોનો આપણે ત્યાં મોટે ભાગે અભાવ પણ જોવા મળે છે અથવા તે અમુક ક્ષેત્રો પુરતા સિમિત રહે છે. આ કારણે જો કોઈ પુષ્ટિમાર્ગીને પોતાના ધર્મનું જ્ઞાન એના સાચા સ્વરૂપમાં મેળવવું હોય તો પણ મેળવી નથી શકતો. આવી સ્થિતિમાં જો આપણને પુષ્ટિમાર્ગ સમજવો હશે તો જાતે જ પુરુષાર્થ કરવો પડશે. આજે અને અત્યારે જ. નહીં તો આ કાલપ્રવાહમાં આપણે કયારે તણાઈ જઈશું એની ખબર પણ નહીં પડે.

આ હકીકતને લક્ષમાં રાખતાં અમે આપની સામે એક "ધાર્મિક પરીક્ષા કાર્યક્રમ" પ્રસ્તાવિક કરીએ છીએ, જે ગમે તેટલા વ્યસ્ત માણસને પણ માફક આવે તેવો તેમ જ સરળ સુબોધ સાથે જ્ઞાનપ્રદ પણ છે. આ કાર્યક્રમ સ્વયંપૂર્ણતા ની વિચારધારા પર આધારિત છે. ગયા જુલાઈ મહિનામાં [illegible] આ કાર્ય-

[illegible] માટે [illegible]

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૭ ※ ઓક્ટોમ્બર, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

સમદર્શન

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

ઘણા લોકો કહે છે કે ભગવાને કહ્યું છે કે "પંડિતાઃ સમદર્શિનઃ" પંડિત કોણ છે ? આ દુનિયામાં ભણેલ-ગણેલ અસંખ્ય લોકો છે, ભણેલ-ગણેલની કોઇ ખોટ નથી અને વ્યવહારના તત્ત્વને પરમતત્ત્વને, ભક્તિતત્ત્વને જાણવાવાળા ઘણા લોકો મળે છે. પરંતુ બધા પંડિત નથી થઇ જતા. પંડિત તો આજકાલ આપણે તેને કહીએ છીએ જે સંસ્કૃત ભણેલ હોય થોડુ વેદાંત જાણતો હોય, જ્યોતિષ જાણતો હોય, મુહૂર્તનું કામ બતાવે, વિવાહ-લગ્ન કરાવી દે, કથા વાંચી આપે, ઉપદેશ આપે, આ બધું જે કરતો હોય તેને આપણે પંડિત કહીએ છીએ. તે પંડિત નથી. પ્રશ્ન ઉઠે છે. વાસ્તવમાં પંડિતની વ્યાખ્યા શું છે ? ભગવાને ગીતામાં આપણને એ બતાવેલ છે કે પંડિત કોણ છે ? ભગવાને ગીતામાં આપણને એ બતાવેલ છે કે પંડિત કોણ છે?

તો કહ્યું "પંડિતાઃ સમદર્શિનઃ" પંડિત એ છે જે સમદર્શી છે. સમાન દર્શન કરે છે. અર્થાત્ જેની દૃષ્ટિમાં અસમાનતા નથી તે પંડિત છે.

એ અલગ વાત છે કે આપણે નામ માટે કોઇને કહીએ છીએ કે આ તો જ્યોતિષી છે. કારણ કે નામ દ્વારા આપણને જાણ થાય છે કે આ વ્યક્તિ કોણ છે ? ભલે વેપારી વેપાર ન ન કરતો હોય તેના પિતા અને પૂર્વજો વેપાર કરતા હોય છતાં પણ તે વેપારી જ કહેવાશે. તેવી રીતે જે પંડિતનું કામ પરંપરાઓ કાર્ય કરે છે તેમને પંડિત કહેવામાં કોઈ દોષ નથી. પરંતુ પાંડિત્યનો વાસ્તવમાં જે લાભ છે તે કોણ પ્રાપ્ત કરી શકે છે ? તે ભગવાન બતાવે છે કે "પંડિતાઃ સમદર્શિનઃ" અર્થાત્ જે સમદર્શી છે તે પંડિત છે. પંડિતની વ્યુતપત્તિ શું છે ? બુદ્ધિને પંડા કહે છે એટલે કે પંડા નામ બુદ્ધિ દરેક વ્યક્તિ ધરાવે છે. કોણ નથી ધરાવતું ? બુદ્ધિ બધા પાસે છે. પરંતુ તે બુદ્ધિ કેવા પ્રકારની હોવી જોઇએ ? ભગવાન એ બતાવે છે કે તે બુદ્ધિ ત્રણ પ્રકારની હોય છે. સાત્ત્વિકી, રાજસી અને તામસી ત્રણ પ્રકારની બુદ્ધિ હોય છે. એક જ ગ્રંથને વાંચી ત્રણ પ્રકારની બુદ્ધિવાળા વ્યકિત તેને ત્રણ પ્રકારે સમજે છે, એક પ્રકારની નથી સમજતા. ગ્રંથ એક છે તેમાં એક વાત આવશે, તે એક વાતને પણ ત્રણ પ્રકારની વ્યકિત તેને એક પ્રકારથી નહીં સમજે. સાત્ત્વિકી બુદ્ધિવાળા એક રીતે સમજશે. રાજસી બુદ્ધિવાળા બીજી રીતે સમજશે અને જેની તામસી બુદ્ધિ છે તે તેને બિલકુલ ઉલટું સમજશે. વાત તેની સમજમાં આવશે જ નહીં. જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમાં પણ ભગવાને ત્રણ પ્રકાર બતાવ્યા છે.

સાત્ત્વિક, રાજસને તામસ અને જ્ઞાન પ્રાપ્ત કરવાવાળી છે બુદ્ધિ. તો બુદ્ધિ અનુસાર જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેવી તેની બુદ્ધિ હોય છે તે રીતનો જ્ઞાનનો લાભ થાય છે. જ્ઞાન જે છે તેને પ્રાપ્ત કરવા માટે હંમેશા એક પ્રકારની બુદ્ધિ નથી રહેતી. સાત્ત્વિક, રાજસ અને તામસ કેટલાક લોકો સ્વભાવથી હોય છે. કેટલાક લોકોનો સ્વભાવ એવો બની જાય છે કે તેમનો વ્યવહાર, તેમની વાણી, તેમની ભાવના હંમેશા સાત્ત્વિક બની રહેશે. કેટલાક લોકો એવા હોય છે. કુદરતથી જ (મૂળથી જ) રાજસ હોય છે અને કેટલાક લોકો તામસ હોય છે. આ તો એક અસાધારણ સ્થિતિની વાત છે, પરંતુ સામાન્ય રીતે સર્વત્ર આવું જોવામાં આવતું નથી કે બધા રાજસ કોટીમાં આવી જાય અથવા બધા તામસ કોટીના અથવા બધા સાત્ત્વિક કોટીમાં આવી જાય એવું નથી. પરંતુ દરેક વ્યકિતના હૃદય પર ત્રણે પ્રકારનો પ્રભાવ આવતો અને જતો રહે છે. કયારેક તેની બુદ્ધિ સાત્ત્વિક બને છે, કયારેક રાજસ બને છે, કયારેક તામસ બને છે. વ્યકિત એક જ છે, પરંતુ એક સમયે તેની બુદ્ધિ સાત્ત્વિક છે તો તે સાત્ત્વિક કામ કરશે. સાત્ત્વિક વાકયો વાપરશે. રજોગુણ આવી જાય તો રજોગુણની પ્રવૃત્તિ કરશે. તેના વાકયો પણ તેવા પ્રકારના નીકળશે અને તમોગુણ આવી જશે તો થોડીવાર પહેલાં મીઠા શબ્દો વાપરતો હતો તે અત્યંત હીન શબ્દોનો ઉપયોગ કરવા લાગશે. આ બને છે. આ રીતે એકરૂપે આ ત્રણેને પ્રભાવ બુદ્ધિ પર આવતો અને જતો રહે છે. કહેવાનો અર્થ એ છે કે તેમાં આપણે માટે સારૂં શું છે ?

ભગવાન કહે છે કે તમે પંડિત બનો અર્થાત્ બુદ્ધિમાન બનો અને તે બુદ્ધિ પણ કેવી હોવી જોઇએ કે તે નિર્મળ હોય. જ્યાં સુધી તેમાં મળ રહેશે–દોષ રહેશે ત્યાં સુધી તે બુદ્ધિ સામેના પદાર્થને યોગ્ય રીતે જોઇ નહીં શકે. દૃષ્ટિ બે પ્રકારની હોય છે. એક તો ચર્મચક્ષુ હોય છે જે જોવાનું કામ કરે છે. સામે કઈ કઇ વસ્તુ છે તે બધું આપણે નેત્રો દ્વારા જ જોઇ શકીએ છીએ. જો નેત્રની જ્યોતિ ચાલી જાય તો આપણે કોઇ પદાર્થ જોઇ શકીએ નહીં. પરંતુ અહીં ભગવાન એ બતાવે છે કે ફક્ત આંખો જ કામ નથી કરતી કે સામે વસ્તુ કેવી છે ? કેવા પ્રકારની છે ? તેની વાસ્તવિક કયા પ્રકારની છે તે જાણવા માટે ચર્મચક્ષુ જ પુરતા નથી પરંતુ તેની સાથે આંતરિક બુદ્ધિના જે નેત્ર છે તેની પણ જરૂરત હોય છે. પદાર્થ એક હોય છે, સામે વ્યક્તિ એક છે, પરંતુ દૃષ્ટિ અલગ અલગ છે.

માની લો અમારા ભાઈ બેઠા છે, તેમના જે પ્રિય મિત્રો છે તે તેમને પોતાના પ્રિય મિત્રના રૂપમાં જોશે. ઘરના લોકો તેમને પોતાના ઘરની વ્યક્તિ છે, તેઓ આપણા છે એવું સમજશે અને જે શત્રુ છે તેઓ તેને શત્રુતાની નજરથી જોશે. વ્યક્તિ તો બદલાઇ નથી. વ્યક્તિ તો એક જ છે. પરંતુ દૃષ્ટિભેદ બધે જ જોવામાં આવે છે. એક જ વ્યક્તિને દરેક વ્યક્તિ એક જ રૂપમાં નથી જોઈ શકતા તેમાં વિવિધતા આવવી સહજ છે. આવું જ અને આટલું જ શા માટે ? એક જ વ્યક્તિની વાત આપણે શા માટે કરીએ ? એક વ્યક્તિને બીજી વ્યક્તિ કયારેક તો મિત્ર સમજે છે, કયારેક શત્રુ સમજે છે. પરિસ્થિતિગશ બીજી વ્યક્તિની વાત આપણે શા માટે કહીએ ? સામેવાળી વ્યક્તિ પણ એક જ છે અને જોનાર વ્યક્તિ પણ એક છે. પરંતુ જોનારની દૃષ્ટિ પણ કયાં એક સરખી રહે છે ? નથી રહેતી થોડા સમય પહેલાં તેઃ તે મિત્રની દૃષ્ટિથી જોતો હતો. આ જ પરિસ્થિતિવશ તેને તો શત્રુ સમજે છે. શત્રુના રૂપમાં તેને જુએ છે. આ બધું પરિણામ શેનું છે ? શું આંખોનો દોષ છે ? ભાઇ, આંખોનો દોષ તો નથી. આંખો તો એક જ હતી. આંખોમાં તેની જ્યોતિમાં કોઇ ફરક ન હતો. મોતીયો આવી જાય છે તેમાં નજર ઓછી થઇ જાય છે. પરંતુ વસ્તુને વિકૃતરૂપે નથી બતાવી શકતી. આંખોનો પ્રકાશ ઓછો થઇ જાય તો એ બની શકે કે ધુંધળુ દેખાય પરંતુ વસ્તુ એવી જ દેખાશે. અહીં દૃષ્ટિનો દોષ નથી. એક વ્યક્તિને આપણે મિત્ર સમજતા હતા. આ જે શત્રુ સમજવા લાગ્યા આ દૃષ્ટિનો દોષ નથી. આ દોષ કોનો છે ?

બુદ્ધિજન્ય ભાવવાનો બુદ્ધિ પર એ સમયે જેવો પ્રભાવ હતો. સાત્ત્વિક, રાજસ અથવા તામસ તે અનુસાર આપણે બીજી વ્યક્તિને જોઇએ છીએ. ભગવાન કહે છે કે દૃષ્ટિ જ્યારે બંને પ્રકારે અનુકુળ હોય ત્યારે વસ્તુ ઠીક રૂપમાં દેખાય છે. બહારના નેત્રો તેના સારા હોય, નિર્મળ હોય, તેમાં કોઇ આવરણ ન હોય. જો કોઈ આવરણ આવી જાય તો શું જોઇ શકશો ? કોઈ વસ્તુ જોઇ નહીં શકો. બુદ્ધિ નિર્મળ હોય અને નેત્ર પણ નિર્મળ હોય ત્યારે સામેની વસ્તુ તો આપણે ઠીકરૂપે જોઈ શકીશું.

—ક્રમશઃ

ગો. શ્રી વ્રજનાથલાલજીનું વ્યાખ્યાન

આજનો સમાજ કયી દિશાએ દોરવાઇ રહ્યો છે, તેનો આપણે ભાગ્યેજ વિચાર કરિયે છીએ. જ્યારે સમય સમયનું કાર્ય કરી રહ્યો છે. આપણે નાસ્તિકતા કે અનુધ્ધા માટે કેળવણીને, વર્તમાન પત્રોને અને વાતાવરણને દોષ આપી સંતોષ કે પરિતાપ અશ્રભવિયે છીએ કે આજની ઉગતી પ્રજા તેથી ધર્મ વિમુખ થઇ રહી છે, પણ આપણે તેના પ્રતિકાર માટે કશુજ કરતા નથી.

આપણે જ્યારે શિક્ષણ પધ્ધતિને ખામી ભરેલી ગણીયે છીએ ત્યારે શા માટે સાંપ્રદાયિક યુનિવર્સીટી ઉભી નથી કરતા? જ્યારે આપણે વર્તમાન પત્રોને ઉણપ ભરેલાં માનિયે છીએ ત્યારે તેને ટકકર મારે તેવાં સાંપ્રદાયિક વર્તમાન પત્રો કાં નથી પ્રકટ કરતા? જ્યારે આપણે વાતાવરણની દુષિતતા વર્ણવીયે છીએ ત્યારે શા માટે સુયોગ્ય અને નિર્દુષ્ટ વાતાવરણ ઉત્પન્ન કરવા પ્રયાસ નથી આદરતા?

આ એક ગુંચવાયેલી સમસ્યા થઈ પડી છે. ગાળો ભાંડવાથી કે ગુંડાઓનું અનુકરણ કરવાથી અથવા શેહ નાખવાથી એ સ્પષ્ઠ નથી થવાની પ્રત્યુત ઓર ગુંચવાઈ જવાનો પૂર્ણ સંભવ છે. આ જમાનો ગાળો આપવાનો નથી બદમાશીઓ કરવાનો નથી, તેમ પ્રભાવમાં આંજી નાખવાનો યે નથી. પણ રચનાત્મક કાર્ય કરી દેખાડવાનો છે. જો આપણે એ તત્વ વિસરી જઈશું, તો જરૂર ભીંતજ ભૂલી જવાના. આપણે જ્યારે આપણી પ્રજાને કાબૂમાં નથી રાખી શકતા, ત્યારે અન્ય દિશાઓમાં કયાંથી મોટો વાઘ મારવાના હતા? હું પૂછું છું કે અદ્યાવવધિ આપણે ભાવિ પ્રજાને સન્માર્ગે લઇ જવા શા રચનાત્મક ઉંપાયો યોજવા? સુરતની શુધ્ધ દ્વેત વૈષ્ણવ મહાસભા તરફથી લેવાતી પરીક્ષાઓ અને કિંચિત વ્યાખ્યાન પ્રવૃત્તિ તે માટે પૂરતી ગણાય કે? હું કહીશ કે આપણો સમાજ હજૂ ઘણો પાછળ છે. સમાજના મોવડીઓ તે પ્રતિ અવશ્ય ઉપેક્ષા સેવી રહ્યા હોય એમ જણાય છે. આ એક વૈષ્ણવ સમાજ માટે શરમ ભરેલી બીના લેખાય.

હું આચાર્ય હોવાનો, ગુરુ હોવાનો કે નેતા હોવાનો લેશ પણ દાવો નથી કરતો. કેમકે તેમાંનું એકે લક્ષણ મારામાં નથી. છતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણના સિધ્ધાંતોને અનુસરતો અને તેને પ્રાણથીયે વિશેષ પ્રિય ગણતો તુચ્છ વૈષ્ણવ ગણવામાં ગૌરવ સમજુ છું. જે વૈષ્ણવતા પશુઓમાં પણ હોઇ શકે. અને તેથીજ આધુનિક સમાજના રંગ ઢંગ જોઇ હૃદયમાં અપાર વ્યથા થાય છે. શું શ્રીહરિની અને શ્રીવલ્લભાધીશની તેમ થવા દેવાની ઇચ્છા હશે? ના, ના. જો એમ જ હોય તો

"અધુના હયધિકારાશાસ્તુ સર્વ એવ ગતાઃ કલૌ અને બ્રહ્મસંબંધ કરણાત સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષ નિવૃત્તિઃ" આદિ આજ્ઞાઓ ન હોય.

આ આદેશ અર્થ–સૂચક અને પ્રેરક છે. આપણે તેમાંથી જેટલી પ્રેરણા લઇએ તેટલી લઇ શકીયે અને તે પ્રેરણાનાં પીયૂષપાન જેને ધારીયે તેને કરાવી શકીયે. જ્યારે એ સર્વ સુલભ છે, ત્યારે આપણાં જ બાળકોને તેમ ન કરાવી શકીયે?

આ યુગ બૌદ્ધિક છે, તેમાં આપણે જેટલી સંભાળથી કામ કરીશું, તેટલી સફળતા મળશે. અને જો તેમાં જરીયે શરત ચૂક થઇ કે આપણું બધુંયે કર્યું કારવ્યું ધૂળમાં મળી જતાં વિલંબ નહીં થાય. આપણે ઇચ્છીએ છીએ કે આપણાં બાળકો શરણ મંત્ર લે, પણ તેનું રહસ્ય સમઝાવવા આપણે મથન કરીયે છીએ કે? તેજ દશા બ્રહ્મસંબંધ ગ્રહણ અને મંદિર દર્શન પ્રભૃતિની છે. આ સપૂર્ણતા પૂર્ણ કરવા શહેરોમાં અને ગામડાંઓમાં વાચનાલય, પુસ્તકાલય અને. અભ્યાસ વર્ગ નામના નહીં પણ કાર્યને ક્રિયાત્મક કરી દેખાડનારા ખોલવા પડશે. વૈષ્ણવ ભાટીયાઓ, લોહાણાઓ અને વણિકો જ્યારે પોત પોતાની જ્ઞાતિઓના અભ્યુદય માટે જ નહીં, પણ અન્ય સાર્વજનિક સંસ્થાઓની પ્રગતિ માટે લાખો રૂપીઆની સખાવતો કરી ભારતનું મુખ ઉજજવલ કરી રહ્યા છે, ત્યારે તેઓ પોતાના વૈષ્ણવ સમાજની ઉન્નતિ માટે કેમ કશું સંગીન કાર્ય કરતા? આપણા સમાજને નાણાંની અછત નથી, પણ ઉત્સાહ પૂર્ણ કર્તવ્ય નિષ્ઠ કાર્યકરોની અછત છે. હું વિશ્વાસ પૂર્વક કહું છું કે શહેર દીઠ કે ગામ દીઠ તેવી એકાદ વ્યકિત શોધે અવશ્ય મળી આવે તેવી વ્યક્તિઓને સંપૂર્ણ ઉત્સાહ અને પીઠ બળ આપી ઉપર્યુકત કાર્યો ઉપાડી લેવા જોઇએ. ઘેર બેચાર પુસ્તકોનો સંગ્રહ કરવાથી કે વર્તમાનપત્રો મંગાવવાથી કશો અર્થ નહીં સરે. તેથી ઉગતી પ્રજાને ધર્મિષ્ઠ કે કર્તવ્યનિષ્ઠ નહીં બનાવી શકાય. અને તેવી પ્રજાને તિરસ્કારવાથી કે તેની ઉપેક્ષા કરવાથી પણ પાલવે તેમ નથી. એ મને ભારતના પ્રવાસ પરથી જણાયું છે. કેમકે ઘરડાઓ ક્યાં સુધી ટકી રહેવાનાં? તેમના પછી એજ ઉપેક્ષિત અને તિરસ્કૃત પ્રજા શેષ રહેવાની જો તેમના ઉરમાં સમાજ પરત્વે પ્રેમ અથવા શ્રદ્ધા હશે તો જ તે, તેને વળગી રહેશે નહીં તો? એ પ્રશ્નનો ઉતર ઘણો ભયંકર થઇ પડે છે.

હું માનું છું કે મારૂં આ અરણ્ય રૂદન છે, તો યે હૈયાની વરાળ કાઢી રહયો છું. તે માટે ઓછામાં ઓછું આટલું તો રચનાત્મક કાર્ય પહેલી તકે આપણે ઉપાડી લેવું જોઇએ. એવો મારો નમ્ર અભિપ્રાય છે.

૧. યુનિવર્સિટી, હાઇસ્કુલો અને કોલેજો ખોલવી.

૨. શહેર શહેર અને ગામેગામ પ્રાથમિક શાળાઓ, પુસ્તકાલયો અને વાંચનાલયો ઉભાં કરવાં.

૩. શહેર શહેર અને ગામે ગામ સાંપ્રદાયિક આદર્શોને મુર્ત કરવા પ્રતિવર્ષ પ્રદર્શનો ભરવા.

૪. સામાજીક સંગઠન માટે પ્રતિવર્ષ ભિન્ન પ્રાંતોમાં અખિલ પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ મહા સંમેલન ભેગું કરવું.

૫. એક દૈનિક, સાપ્તાહિક અને માસિક પત્ર જે ઓછામાં ઓછા લવાજમથી અને હિંદી, અંગ્રેજી ગુજરાતી, મહારાષ્ટ્રીય ભાષામાં પ્રકટ થવાં જોઇએ. અને તેમાં સાંપ્રદાયિક સિદ્ધાંતો અને વર્તમાનો સિવાય એક શબ્દ પણ બીજો ફાલતુ ન આવે તેનુ ખાસ ધ્યાન રાખવું.

૬. ભારતના ગામડે ગામડે અને શહેરે શહેર દેશકાળને જાણવાવાળા એવા ચારિત્ર્ય

સંપન્ન ગ્રેજ્યુએટ–વિદ્વાન વૈષ્ણવોને ઉપદેશક તરીકે મોકલી સિદ્ધાંતોનો પ્રચાર કરાવવો. એટલું જ નહિં પણ આવો પ્રચાર યુરોપમાંયે થવો ઘટે.

તેવા માસિકની ખોટ સાકાર શ્રી કેશવરામ કા. શાસ્ત્રી માંગરોળવાળા અમદાવાદથી એક વર્ષ થયાં ગો. વા. શ્રી મ. ગ. શાસ્ત્રીના સ્મારકમાં 'અનુગ્રહ' નામક માસિકપત્ર પ્રગટ કરી પુરી રહયા છે, તે માટે તેમને ભૂરિ ભૂરિ ભુરિ ધન્યવાદ આપવા જોઇએ. જો આપણે આવું કંઇક કરીશું તો જ આપણો આજનો તરૂણ–સમાજ આપણા હાથમાં રહેશે. અન્યથા વૈષ્ણવ સમાજનો હ્રાસ અવશ્ય ભાવિ થઇ જવાનો. પ્રભો ! સર્વને સદ્બુદ્ધિ પ્રદાન કર.

શુદ્ધ દ્વૈત વર્ષ ૧૩ સં. ૧૯૯૫ પોષ અંક ૧૩માંથી સાભાર]

॥ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુચરણ કમલરેણુભ્યો નમઃ ॥

અથ શ્રી હરિરાયચરણ વિરચિતા

શ્રી વૃત્રાસુર ચતુઃ શ્લોકી–મમોત્તમેતિ પદ્યવ્યાકૃતિટિપ્પણી

ભાષાંતર : **પ્રો. પ્રતાપરાય કાં. શાહ એમ. એ. કોવિદ (મુંબઇ)**

શ્રી વલ્લભાચાર્યપદઃ સ્વીયસર્વાર્થસમ્પદઃ ॥
પ્રણમામિ તદુકતાર્થં બોધનાય મુહુર્મુહુઃ ॥૧॥

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પદ પોતાના સર્વ અર્થ તથા સંપત્તિનું સ્થાન છે. તેના અર્થને સમજાવવા માટે હું તેમને વારંવાર પ્રણામ કરૂં છું....૧

પુષ્ટિ માર્ગે હરેર્દાસ્યં ધર્મોર્થો હરિરેવ હિ ।
કામો હરેર્દિદક્ષૈવ, મોક્ષઃ કૃષ્ણસ્યચેદ ધ્રુવમ્ ॥૧॥

અર્થ : પુષ્ટિમાર્ગમાં શ્રી હરિનું દાસ્ય એ જ ધર્મ છે અને અર્થ પણ શ્રી હરિ જ છે. કામ એટલે શ્રી હરિને જોવાની ઇચ્છા જ છે અને મોક્ષ એટલે (ધ્રુવમ્) ચોકકસ પણે શ્રી કૃષ્ણમય બનવું એ જ છે.

શ્રી હરિરાય ચરણની ટીકા –

પુષ્ટિમાર્ગમાં ધર્મ, અર્થ કામને અગાઉના પદ્યોમાં સ્પષ્ટતાથી સમજાવેલ હોવાથી અને ફકત મોક્ષ વિષે શંકાસ્પદ સ્થિતિ હોવાથી તથા (મોક્ષ વિષે) અતિ વિલક્ષણ (એટલે વિચિત્ર) સ્થિતિ પ્રવર્તતી હોવાથી, મોક્ષના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

'પુષ્ટિ માર્ગે' વગેરે પુષ્ટિ એટલે જ પ્રભુની કૃપા અને તે છે ફલદાનની ઇચ્છા અને એ પણ બે પ્રકારની છે, એક છે. કેવલા અને બીજી છે વિશિષ્ટા. ત્યાં કેવલાનો કોઇ (બીજો) પ્રકાર નથી. સાધન એ પ્રકાર છે. તેનાથી સ્ફુર્તિ (એટલે કેવલા પુષ્ટિમાં કોઈ સાધન નથી)

અને વિશિષ્ટા એટલે સાધન સહિતની અને એ જ, ફલ પ્રાપ્તિનો ઉપાય અસ્તિત્વમાં હોવાને કારણે સાચો માર્ગ છે. ત્યાં મોક્ષનું નિરૂપણ કરવામાં આવે છે. આવો અર્થ છે.

ટિપ્પણી (૨) : આગળ ચાલતાં પુષ્ટિ માર્ગમાં બંધ તથા મોક્ષ એ બેની વિલક્ષણતાનું નિરૂણ કરે છે. “તત્ર સ્થિતૌ” વગેરે....વગેરે. ત્યાં રહેલા પુષ્ટિ તથા મર્યાદામાં બંધ એટલે અહંતા તથા મમતાના સ્થાનરૂપ પુત્ર, પત્ની, ઘર, ધન વગેરેમાં આસક્તિ એટલે સર્વાત્મપૂર્વક તેમાં જ નિષ્ઠાવાળી મનોવૃત્તિ, તેનાથી ભિન્ન આસક્તિના વિષયોમાં ઉદાસીનોનો સંગ અને તેના ઉત્પાદનના કારણરૂપ બધી બાબતોનો અભાવ એ જ મોક્ષ છે. એમ તાત્પર્ય છે. પુષ્ટિ માર્ગમાં તેનાથી વિપરીત (ઉલટું) હોય છે તેનું કથન કરે છે. પુષ્ટિ એટલે પુષ્ટિમાર્ગ તેમાં બંધ તથા મોક્ષ એ બે (બંધો) થી વિપરીત, કારણ કે પુષ્ટિમાર્ગમાં બંધ એટલે પુત્ર વગેરે આસક્તિના વિષયોમાં ઉદાસીન એવા ભકતોના સંગનો અભાવ, અને તેનો અભાવ એટલો મોક્ષ. ભગવદીય એવા પુત્ર વગેરેમાં આસક્તિ એટલે ભગવાનના ભકતોનું સખ્ય એ મોક્ષ છે – એ વિપરીતતા છે એવો અર્થ છે.

ટિપ્પણી (૩) : હવે પુષ્ટિના શુદ્ધ તથા મિશ્ર એવા ભેદના દ્વિવિધાના કારણે મોક્ષના એકત્વમાં બધા આવી જાય તેથી વ્યવસ્થા માટે એ બે વિષે કહે છે. “તત્ર” વગેરે. “પુષ્ટિ માર્ગે” એ એક જ પદથી એ બન્ને માર્ગ વચ્ચેના તફાવતને મોક્ષદ્વય (બે પ્રકારનો મોક્ષ) એમ કહે છે એ તાત્પર્ય છે. “મમોત્તમ” વગેરેમાં મોક્ષ બે પ્રકારનો કહ્યો છે. કર્મો દ્વારા સંસાર ચક્રમાં ફરવાથી અને ભગવદીયપણાના પ્રકારથી પુત્ર વગેરેમાં આસક્તિને લીધે અને ઉત્તમ કીર્તિવાળા જન સાથે સખ્ય (મૈત્રી) એ મોક્ષ એ પ્રમાણે બે પ્રકારનો એમ અર્થ છે.

ઉપાયના બે પ્રકારોને વર્ણવે છે – પુષ્ટિ તથા મર્યાદાએ બન્ને દ્વારા એમ અર્થ છે. પુષ્ટિ મર્યાદા જ (હિ) કૃપામાં” સાધન સાહિત્ય છે. અને પુષ્ટિ પુષ્ટિ ત્યાં તેનો અભાવ ધરાવે છે – આ પ્રમાણે (બન્નેમાં) ભેદ (તફાવત) છે.

ટિપ્પણી (૪) : જો એમ દલીલ કરવામાં આવે કે પ્રકારમાં ભેદ (તફાવત) હોવાથી છતાં તેના સખ્યની એકરૂપતામાં કેવી રીતે વ્યવસ્થા દ્વારા બે પ્રકાર સંભવે એવી શંકાનું નિવારણ કરતાં કહે છે કે ભગવાનના પરોક્ષપણાને લીધે તથા અપમોક્ષપણાને લીધે. પુષ્ટિ મર્યાદામાં મોક્ષરૂપ સખ્ય બાબતમાં ભગવાનની પરોક્ષતા શાસ્ત્રના અર્થ દ્વારા ગુણગાન કરનાર શુક વગેરેના સખ્ય બાબતમાં

એના તથાત્વ (એ પ્રમાણે જ છે તેવા ભાવ)ની સ્પષ્ટતા કરેલી હોવાથી આ જ કારણને લીધે “મથુરાયા વ્રજંગત” (ભા. ૧૦–૬–૩૧) એટલે કે મથુરાના વ્રજંગત્વને લીધે વગેરે વગેરે કથનોમાં પરોક્ષ રીતે જ એમ કહેવાંનું (તાત્પર્ય) છે. પુષ્ઠિ પુષ્ટિમાં તો ભગવાનના ગુણોના ગાનના વિષયરૂપ ખાસ લીલાઓના અસ્તિત્વને કારણે પ્રભુની અપરોક્ષતા જ છે. “નન્દસૂસુરય” એટલે કે આ નંદજીનો પુત્ર છે વગેરે (ભા. ૧૦–૩૫–૪) કથનોમાં જણાવ્યા પ્રમાણે તથા

તથા “ત્વન્માયયા” એટલે કે તારી માયાને લીધે....વગેરે મુખ્ય કથાનોમાં સ્પષ્ઠ રીતે વ્યવસ્થા પુર્વક ભેદ દર્શાવ્યો છે એ અર્થ છે.

ટિપ્પણી (૫) ભગવાન શાસ્ત્રના અર્થ મુજબ પણ છે

“વેદૈશ્ચ સર્વૈ:” એટલે કે સર્વ વેદૈઃ દ્વારા (જુઓ ભગ. ગીતા ૧૫–૫૫) “તંત્વોપનિષદં પુરુષમ્” એટલે કે ઉપનિષદમાં કહેલા પુરુષને વગેરે શ્રુતિ વાક્યો મુજબ તથા” સર્વતેદાન્ત પ્રત્યયમ્” એટલે કે ‘સર્વ વેદાન્ત પ્રતિ આ’ એ પ્રમાણેના નિયમને લીધે તેથી તેની પ્રાપ્તિને માટે તથા તેમા જ્ઞાનને માટે એ પ્રમાણે પ્રતિ પાદન કરનાર ભકતની સખ્યની અપેક્ષાથી જણાય છે કે તેના ઉંપાયની આશા છે ત્યાં પરોક્ષમાં ભગવાન હોવાથી ગુણગાનમાં ભકત વાકયનું પ્રતિપાદન રહેલું હોવાથી તથા પ્રત્યક્ષમાં વચનોની ગૌણતાને લીધે શાસ્ત્રીર્થ જોતાં નથી. પણ પ્રત્યક્ષ અનુભવી શકાય એવી પરિસ્થિતિ હોવાથી પ્રત્યક્ષની પછી તેના ઉપાય રૂપની ભકતો ઇચ્છા (અપેક્ષા) રાખતા નથી. એમ હોવાથી એ વખતે શું થાય? તેના સખ્યની પ્રાર્થના એવિ આશંકાથી કહે છે “પ્રત્યક્ષે અપિ” એટલે કે પ્રત્યક્ષમાં પણ.

“ઉત્તમ છે કીર્તિ જેની એવા જનોમાં” આ સમાસને લીધે એકાર્થતા સમજાવીને પ્રભુના ભકતોની પણ પરસ્પરની સાપેક્ષતાનું સૂચન કરવામાં આવેલું છે એવી જ રીતે ભકતોના પ્રભુ સાથેના જોડાણને જ તેનું સાપેક્ષત્વ તથા પ્રભુનું જ તેના દ્વારા જ ફલના દાનની સ્થિતિ એ જ સાપેક્ષતા હોવાથી પ્રભુ પ્રત્યક્ષ હોવા છતાં ત્રભુમાં ભકતની અપેક્ષાને કારણે ભકતો દ્વારા પ્રતિપાદન રૂપ શાસ્ત્રાર્થત્વનું વહન થાય છે એ અર્થ છે. આ દ્વારઃ પ્રભુનું સ્વરૂપ અનુભવવામાં આવતું હોવા છતાં પણ ભકત નિરૂપણ કરે તેવું જ જાણવામાં આવે ભાવ છે.

(ક્મશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

અમૃત

મથુરાદાસ જે. મહેતા રાજકોટ

અમૃત બે પ્રકારનાં.

(૧) દેવતાઓએ પીધું તે અમૃત.

(૨) કથારૂપી અમૃત.

દેવતાઓનું અમૃત માદક છે ઐશ્વર્ય ભોગ ભોગવવાવાળુ છે. પણ આખરમાં તે સુખદાયક નથી.

કથારૂપી અમૃનનું પાન મોઢેથી નહીં પણ કાન રૂપી પડીયાથી તેને હૃદયમાં ઉતારવાનું હોય છે.

શ્રી ગોપીજનોએ ગોપી ગીતમાં ગાયું છે કે :

તવકથામૃતં તપ્ત જીવનં કવિ
ભિરિડીતંકલ્મશાપહમ્
શ્રવણ મંગલં શ્રીમદાતતં,
ભુવિગૃણિંતિતે ભુરીદાજના.

હે પ્રભુ આપની કથા ખરેખર સાચું અમૃત છે. તે સંતાપ પામેલાઓને નવજીવન દેનારી છે. બ્રહ્મવેતા મહાપુરૂષોએ સ્તુતિ કરેલી છે. તથા કામવાસનાં અને સંચિત કર્મનો નાશ કરવાવાળી છે. જ્યારે દેવતાઓનું અમૃત તો કામનાં અને શુભ અશુભ કર્મની પ્રવૃત્તિને જ વધારનારૂં છે.

માટે સાંભળવાથી જ મંગલ પ્રાપ્ત કરાવનારી આપની કથા અત્યંત શાન્તિ જનક છે, આ કથા રૂપી અમૃતને જેઓ વિસ્તારથી વર્ણવે છે. તેઓ સાચા અર્થમાં જીવન દાત્તા છે. અથવા તો પુન્યશાળી આવી રીતે કથામૃતનું વર્ણન કર્યું છે.

જ્યારે ઘણી જગાએ જોવામાં આવે છે. યેન કેન પ્રકારેણ સાંભળવા વાળાને રીજાવવા પ્રયત્નો થાય છે. બહારનાં રમુજી હાસ્ય વિનોદનાં દૃષ્ટાંતો, સંગીત વાદ્ય હારમોનિયમ તબલા સાથે પ્રયાસ કરે છે. કથારૂપી અમૃતનું ખરા અર્થમાં પાન કરનારા કેટલા !

એક કાને કથા સાંભળો, બીજે કાન સરવો, બહારનો ઘોંઘાટ, કયાં શું થયું, કોણે શું વાત કરી, આવી પ્રવૃત્તિમાં રોકાયેલ હોય છે. સાથો સાથ મન પણ ભટકવાનું કામ કર્યા કરે, બેઠા હોઈ કથામાં ને મન જાય વેપાર ધંધો અગર તો આડેધડ જ્યાં નજર પડે કે જે કાને સાંભળે ત્યાં ભટકયા કરે છે. આમાં હૃદયમાં ઉત્તરે કયાંથી ? કથારૂપી અમૃતનું સાચા અર્થમાં કાન રૂપી પડયાથી પાન કરવાવાળા બહુજ ઓછા હોય છે. તેઓ તો કદાચ એકવાર અમૃતપાન કરેલું રૂદીયા રૂઢ કરી લીયે છે.

બાકી ઉપર આપી ઘણી કથાઓ સાંભળ્યા કરે પણ હોય જ્યાં ને ત્યાં ભગવદરસ ભાવનાથી હૃદયમાં ઉતર્યાજ ન હોય તે ઉઠતી વખતે પણ ખંખેરી નાખે મારાજ આ તમારૂં તમારી પાસે અમે કાંઇ લઇને જતાં નથી આમ કયાંક અમૃત પાવાવાળા મળે તો પિવાવાળા મળતા નથી.

ભગવદકથા સત્સંગરૂપે ગ્રહણ કરવાની છે, તેમાં શંકા કુશંકા દરેકનું નિવારણ છે. શ્રોતા ને વકતા બંન્ને બરાબર હોઇ ત્યારે જ કથામાં અમૃત વરસે છે. પરંતુ શિષ્ટાચાર કથા કરાવવી છે. મારાજ કથા કરો. તમ તારે વાંચે

જાવ. ત્યારે કથાકાર પણ પોતાનાં ધન લાભાર્થે બેઠા હોય જેથી ગાડી હાંકે રાખે. કથા પુરી થતાં પંડીતની નજર પોથીમાં શું આવ્યું, તેમાંજ હોય ઘર ધણી પ્રશંશાના પ્રેમી હોય, જગતમાં વાહ વાહ કહેવાય, સાંભળવાવાળા કહેશે પંડીતજીને શું પ્રાપ્તિ થઇ, આમ બધાનું કેન્દ્ર ધન અને પ્રતિષ્ઠા બેની વચ્ચે જોલા ખાતુ હશે. તે કથાનો સત્સંગનો તેજ લાભ. જુઓ એક દૃષ્ટાંત : કોઇ એક શેઠ કોઇ દઢ કથામાં જાય નહી. તેનાં મિત્રો એકવાર આગ્રહ કરી સાથે સત્સંગમાં લઇ ગયા શેઠે પુછયું ઇતો ઠીક પણ ત્યાં કોઇ લખાણું લખાણુ તો થાતું નથીને. એક મિત્રે કહ્યું ના ભાઈનાં, અહીં તો સૌ મળી સત્સંગનો લાભ લઇએ છીએ તમે આવો તો ખરા, છતાં શેઠને વિચાર આવ્યો સૌથી છેટા બેસવું સારૂં લખાણું થાય તો પાછળથી ઉઠીને ચાલતી થઈ જાઇ. તેમ સમજી શેઠ સૌની પાછળ ખુણામાં જઇને બેઠા. કથા શરૂ થઇ શેઠને ઉંઘ આવી ગઇ ને મોઢું ઉઘાડું રહી ગયું, નસકોરા ચાલુ થઇ ગયા. તેવામાં એક શ્વાન આવ્યું મોઢામાં ધાર કરી રવાના થયું. શેઠની ઉંઘ ઉડી પરાણે તે ખારૂં પણ ગળા નીચે ઉતારી ગયા. કથા પુરી થતાં સૌ પોત પોતાને ઘરે જતાં વાતો કરવા લાગ્યા કે આજે તો કથામાં અમૃત વરસ્યું હતું. તુરતજ શેઠજી બોલ્યા હા પાન તો મેં પણ કર્યું, પણ હતું ખારૂં, મેં તો માંડ ગળામાં ઉતાર્યું.

આવી રીતે સાંભળવાવાળા શું પ્રાપ્ત કરી શકે ? શુકદેવજી પરિક્ષિત રાજાને કથા સંભળાવતા તે કેવળ સત્સંગરૂપી આત્મકલ્યાણાર્થે હતું ભાગવત વાકય.

તે સુભાગ્યા મનુષ્યેષ્યુનૃપ નિશ્ચિતમ્,
સ્મરંતિ સ્મારયંતિ હરેર્નામ કલૌ યુગે.

આ કલીયુગમાં જેઓ પ્રભુનું નામ સ્મરણ કરે છે અને કરાવે છે તે નિશ્ચિત ભાગ્યવાન છે. અને કૃતાર્થ છે તેમાં સંદેહ નથી. વળી દ્વાદશ સ્કંધમાં શુકવાકય.

કલે દોષ નિધૌ રાજનસ્તિ દવેકો મહાન ગુણ,
કીતર્ના દેવ કૃષ્ણસ્ય મુકત બંધઃ પરં વ્રજેત્.

હે રાજા દોષના નિધિરૂપ આ કલીયુગમાં એક મહાન ગુણ પણ છે. આ યુગમાં ગુણગાન યાને કથારૂપી અમૃતનાં પાનથી સંસારમુકત થઈ પરલોકમાં પ્રાપ્ત થાય છે.

કથા કહેવાવાળામાં ભેદ છે તેમ સાંભળવા વાળામાં પણ ભેદ છે. શ્રી ગોકુલમાં બિરાજતા શ્રી ગુંસાઇજી રોજ કથા શ્રવણ કરાવતા એકવાર પોથી ખોલીને બેઠા પણ શરૂઆત ન કરી કોઇની રાહ જોતા હોય તેવું લાગ્યું. તેવામાં એક મલીન વસ્રધારી દેખાતા હતા તે વૈષ્ણવ આવીને બેઠા. તુરત જ શ્રી ગુંસાજીએ કથા શરૂ કરી. બીજા વૈષ્ણવોએ વિનંતી કરી કે પ્રભુ આપશ્રી આનીજ રાહ જોતા હતા ! ત્યારે ગુંસાઇજી કહે હા, તે મને ઘણો પ્રિય છે. ત્યારે વૈષ્ણવોએ પુછયું કૃપાનાથ આમાં એવો કયો ગુણ છે ! ત્યારે શ્રી ગુંસાઇજીએ સૌને પ્રશ્ન કર્યો બોલો કાલે કઈ કથા આવી હતી. ત્યાં બધાય ચુપ થઇ ગયા. પેલા વૈષ્ણવને આપે આજ્ઞા કરી બોલો તમે કાલે શું સાંભળ્યું હતું.

તુરત જ તે વૈષ્ણવ જે સાવ સાદા દેખાતા હતા, ઉભા થઇ બે હાથ જોડી વિનંતી કરી હે કૃપાનાથ આપ આજ્ઞા કરો કે કાલની કહું કે હું

જ્યારથી સાંભળવા આવું છું ત્યારથી કહુછું ધન્ય છે આવા સાંભળવાવાળાને, તાત્પર્ય કથા રૂપી અમૃતનું પાન સાચા અર્થમાં પાન કરવાથી સાચેજ અમર થઇ શકાય છે. જેવી રીતે અમૃત પાન કરવાવાળાને કાળરૂપી સર્પનો ભય નથી, તેમ કથારૂપી અમૃત પાન કરવાવાળાને કાળરૂપી સર્પ સુંઘતો પણ નથી. સાચા અર્થમાં કથારૂપી અમૃત તેજ સાચુ અમૃત.

દૃષ્ટાંત :– એક ડોસીમાં પ્રભુની સેવામાં તલ્લીન રહેતા જ્યારે પહેલેથી કથારૂપી પાન કરીને જેણે અમરત્વ પ્રાપ્ત કરેલ હતું તે ડોસીમાં કાલને કંહી દેતા મારે હમણાં આવવું નથી. તેમ ત્રણ વાર પાછો કાઢયો હતો સાચા અર્થમાં જે ભગવદ્ ભકતો સેવા સ્મરણમાં તલ્લીન હોઇ છે તેનાં માટે ભયરૂપી કાળ થઇ શકતો નથી, તેની તીવ્ર ઇચ્છા ભગવદ દર્શનનીજ હોઈ છે. તેની ઇચ્છા પૂર્ણ કરવા પ્રભુ કહે છે તે જન્મ ભર મારૂં સ્મરણ કર્યું અંતકાળે હું તારૂં ભજન કરૂં છું, તું મારી પાસે આવીજા તો તેવા અમૃત પીવા વાળાને સ્વયં પ્રભુ પોતાનમાં સમાવી લે છે.

વળી ગોપીજનોએ ઉદ્ધવજી સંદેશા લાવ્યા ત્યારે તેને કથામૃતનું મહાત્મ્ય બતાવ્યું છે હે ઉદ્ધવ ભગવાનની કથા અમે તજી શકતા નથી અરે ! એમની ચરિત્ર લીલારૂપ કર્ણામૃતનું એક જ ટીપું માત્ર એકજવાર જેઓએ પાન કર્યું હોય તેવા અનેક મનુષ્યો રાગને દ્વેષ રૂપી ખેંચી લે છે. પછી તેને સુખદુઃખ વ્યાપતુંજ નથી.

જુઓ કથારૂપી અમૃતનું ગોપીજનોએ કેવું સુંદર વર્ણન કર્યું છે મુળ વાત હૃદયમાં એક બિંદુ પણ ઉતરે તો કાર્ય થઇ જાય.

અજર અમર કરનારૂં એવું કથારૂપી અમૃત છે. મહાભાગ્યવાન તેને જાણો જેણે પ્રેમથી પાન કર્યું છે રૂદીયામાં પ્રવેશ થતા તો બંધનમુકત કરનારૂં છે. તર્યા અનેકો અમૃતરસથી ગુનીજનોએ ગાયું છે

અનુકરણીય

આજીવન ગ્રા. નં. ૨૩૭ પ. ભ. વૈષ્ણવ હરેશકુમાર અરજણભાઇ જુનાગઢ નિવાસી તરફથી આજીવન લવાજગનો દર રૂા. ૩૦૧/– થતા તેઓ રૂા. ૧૦૦/– મા આજીવન ગ્રાહક થયેલ તેને અનુલક્ષીને રૂા. ૨૦૦/– વધારાના મોકલી સંસ્થાને સહાયભુત બનવા આવકાર દાયક પગલું ભરેલ છે.

શ્રી પુષ્ટિમાર્ગીય ધોળ–પદ સાહિત્ય

એક આલોચનાત્મમ વિવરણ

લેખક : **વિઠ્ઠલભાઇ મકવાણા, ધોરાજી**

(–ગતાંકથી ચાલુ)

હવે શ્રી માધવદાસજીનું એક ધોળ લઇએ. આ ધોળ તો ખૂબજ ગવાય છે.

કૃષ્ણ રમાડે છે રાસ, ગોપીઓ ઘેલી બની છે;
ઘરના તે કામકાજ પડતાં મૂકીને સુનીહો બંસીનો નાદ.... ગોપીઓ૦
અવળા તે આભૂષણ પ્રેમથી પહેર્યાં, નેપુર ચડાવ્યો છે કાન.... ગોપીઓ૦
સેંથા ઉપર કાજળ લગાડયું હીંગળો લગાડયો લલાટ.... ગોપીઓ૦
વૃંદાવનમાં રાસ રચ્યો છે, વ્હાલો રમાડે છે રાસ.... ગોપીઓ૦
છે છે ગોપી બીચ, બીચ માધો નાચે છે દે દે તાલ.... ગોપીઓ૦
માધવના સ્વામી વનમાં તેડીને રંગે રમાડયાં છે રાસ.... ગોપીઓ૦

આ પ્રભુનો વેણુનાદ સાંભળીને ગોપીજનની થયેલી માનસિક સ્થિતિનું લોકભોગ્ય ભાષામાં સરસ વર્ણન છો પ્રભુનો વેણુનાદ સાંભળી શકવા બધાં જીવો સમર્થ નથી. પ્રભુ અનુગ્રહે વેણુનાદ સાંભળી શકવા સમર્થ જીવો તો વેણુનાદના સંયોગ–વિયોગના સુખસાગરમાં વિહરતાં જ હોય છે. તેને લોકલાજ કે નિંદાની કશીય પડી નથી હોતી. ગોપીજનોએ જ્યારથી પ્રભુનો વેણુનો અદ્‌ભુત સૂર સંભળાવ્યો ત્યારથી શુદ્ધિ ગુમાવી પ્રભુ પાસે પહોંચવા અધીરા થઇ રહ્યાં છે. બાહ્ય આચારો–વિચારો, મર્યાદા, શુદ્ધિ વગેરે બધું વીસરાઇ ગયું છે. પોતાના પ્રાણ એવા શ્રી રસેશ્વર પાસે તો શણગાર સજીને જ જવાય ને ? પણ યોગ્ય રીતે શણગાર સજવાની શુધ્ધિ જ કયાં છે ? વેણુના સુર સાંભળીને ઘરના કામ પડતાં મુકાઈ ગયા છે. નૂપૂર પગને બદલે કાને ચડાવી દીધા. નયનોમાં આંજવાનું કાજળ સેંથામાં લગાડી દીધું. સેંથામાં પુરવાનો હીંગળો લલાટે લગાવી દીધો. આવેલ ગોપીજનોને આવા હાલ જોઇ પ્રભુ મુસ્કાન કરે છે. કૃપાનું દાન કરી ખૂબ જ રંગથી રાસ રમાડે છે.

ગોપીજનોની આ પરાભક્તિ જોઇને પરમ આનંદ આપવા કાજે પ્રભુ પોતાને અનેક સ્વરૂપે વ્યાપ્ત કરી દરેક ગોપીજનને સામીપ્યમાં સુખનું દાન કરે છે. વેણુના એક જ સુરથી ગોપીજનો શુદ્ધ–બુદ્ધ ખોઇ બહાવરા બની ગયા. તેની ખૂબજ સુંદર રીતે અને તદ્દન ઘરગથ્થું શબ્દોમાં અભિવ્યકિત થઇ છે.

વિયોગકાળમાં પ્રભુ પ્રતિક્ષાનો જે આનંદ સંયોગકાળમાં નથી. સંયોગનો આનંદ ક્ષણજીવી લાગે છે. સંયોગકાળ પૂર્ણ થયે વિરહની વેદનાનો પહાડ ઉભો છે. તેમાં વ્યથા છે. નિરાશા છે, અંધકાર છે. ભારે વિરહના અસ્ત પછી ક્ષિતિજે સંયોગના આનંદનો સૂર્ય પ્રકાશમાન થવાનો જ છે. સંયોગમાં સુખની રસછોળો ઉડવાની જ છે. વ્હાલાજીનું સામીપ્ય પ્રાપ્ત

થવાનું છે. સંયોગમાં આનંદની પરાકાષ્ટા છે. ક્ષણો પલકમાત્રમાં પસાર થઇ જાય છે. સ્વપ્નસમ લાગે છે. વિયોગમાં દુઃખની પરાકાષ્ટા છે. ક્ષણો અનંત યુગો જેવી દીર્ઘ લાગે છે. એક ગોપીજન પ્રભુ મિલનમાં ઝંખનામાં વિરહના કેવા દુઃખો સહન કરે છે. તેનું આ ધોળમાં ચોટ મારી જાય તેવું વર્ણન છે—

વૃજના જીવન કરૂં વિનંતી શ્રી ગોકુળના રે ચંદ,
વેગે તે આણા મોકલો હો શ્રી વલ્લભનંદ.... વૃજના૦ ૧

તમારા દર્શન વિના શ્રી વલ્લભ રે કહોજી કેમ રહેવાય,
મનડા તે કઈ પેરે વાળીએ નયણે નીર ભરાય.... વૃજના૦ ૨

અરજ સુણોને આદર કરી હો શ્રી જમુનાજી માય,
વિયોગ તણા દુઃખ દોહ્યલાં કહોજી કેમ ન કહેવાય.... વૃજના૦ ૩

દૂર રહયે કેમ ચાલશે કહોજી કયાંની એ રીત ?
આજકાલનું કોઇ નથી એ છે પુરવની પ્રીતિ.... વૃજના૦ ૪

હરિ હૈયાના જાણ છો છે જો પૂર્વનો સ્નેહ,
દીન જાણીને દયા કરો નહીં તો તજશું આ દેહ.... વૃજના૦ ૫

વૃજમાં તે વાસ માગું સદાય ગોકુલગામ,
કાલીંદીને કાંઠડે શ્રી ઠકુરાણીજીનું ઠામ.... વૃજના૦ ૬

નયણાભરી કયારે નિરખશું શ્રી ઠકુરાણી ઘાટ,
અંતર મારે ઇચ્છા ઘણી જોઉં શ્રી વૃજની ઘાટ.... વૃજના૦ ૭

તન સુકાઇને ત્વચા થયા રે હલધર વીર,
ધીરજ રાખી નવ રહે ભરી ભરી આવે છે નીર.... વૃજના૦ ૮

રાંક ઉપર શા રૂસણારે પ્રભુ દીન દયાળ,
દાસ પોતાનો જાણીને કરજો રે સંભાળ.... વૃજના૦ ૯

વ્હાલાજીના દર્શનની ઝંખના તીવ્ર બને છે. વિયોગના દુખના દોહ્યલા દા'ડા કેમ કાઢવા ? નયણા તો અશ્રુઓથી ઉભરાય છે. આવી સ્થિતિમાં હૃદયને કેમ સાંત્વના આપવી ? પૂરવના સ્નેહે હરિતો અંતર્યામી છે. દીન જાણીને જો દયા નહીં કરે તો આ દેહની જરૂરજ શું છે ? આમેય પ્રભુના વિરહમાં તો હવે ફકત હાડ–ચામજ બાકી રહ્યાં છે. અંતરમાં એકજ ઇચ્છા છે કે, પ્રભુનો વાસ અને ક્રિડા સ્થળ એવા શ્રી ગોકુળમાં વાસ થાય. વ્હાલાજી ! રાંકની સાથે આવા ખેલ શોભે નહીં. દીનદયાળુ હવે તો કૃપા કરે અને પોતાના ચરણમાં સ્થાન આપે, એવી વ્યથાપુર્ણ વિનવણી આ ધોળમાં વ્યકત થઇ છે. વિરહની વ્યથા એ સ્વાનુભવનો વિષય છે. જોવાથી કે સાંભળવાથી વિરહરસની પુર્ણ અનુભુતિ થવી અશકય છે.

વિયોગ અને સંયોગ વચ્ચે અટવાતા ગોપીજનોને કયારેક કયારેક પ્રભુની લીલાના ભારે કૌતુકભર્યા અનુભવ પણ થાય છે. બાલક પ્રભુના આચરણથી ગોપીને ભારે અચરજ થાય છે. આ એક કૌતુકભરી લીલા વર્ણવતું રસકવિ દયારામભાઇનું સુંદર ઘોળ છે.

હું શું જાણું રે વ્હાલે મુજમાં શું દીઠું
વારે વારે સામુ ભાળે, મુખ લાગે મીઠું....હું શું જાણું રે....

હું જાઉ જળ ભરવા ત્યાં પૂંઠે–પૂંઠે આવે
વગર બોલાવ્યે વ્હાલો બેડલું ચડાવે....હું શું જાણુ રે....

વઢુંને તરછોડુ તો ય રીસ ન લાવે
કંઇ કંઇ મિષે મારે ઘેર આવી બોલાવે....હું શું જાણુ રે....

દુર થકી દેખી વ્હાલો મુને દોડયો આવી દોટે
પોતાની માળા કાઢી પેરાવે મારી કોટે....હું શું જાણુ રે....

મુને એકલડી દેખી ત્યાં મારે પાવલે લાગે
રંક થઇ કંઇ–કંઇ મારી પાસ માગે....હું શું જાણુ રે....

મને જ્યાં–જ્યાં જાતી જાણે ત્યાં એ આગે–આગે આવી ઢુંકે
એની દયાનો પ્રિતમ મારો કેડો નવ મુકે....હું શું જાણું રે....

સામાન્ય રીતે તો પ્રભુને રીઝવવા ભકત પ્રયત્ન કરે છે. તેના રૂપ પર વારી જાય છે, તેની લીલાઓ ગાય છે. સેવા કરે છે. પ્રભુને કષ્ટ ન પડે તેવી ભાવના રાખે છે. ત્યારે અહીં તો વિપરિત જ બન્યું છે! પોતાના પ્રાણ જેવા રસેશ્વર પ્રભુ ગોપીને રીઝવવા અનેક પ્રયત્નો કરે છે! ભારે કૌતુક ભરી વાત બની ગઇ ! પ્રભુ ગોપીની પાછળ–પાછળ ફરતાં જ રહે છે. જળ ભરવા જાય ત્યારે વગર કહયે બેડલું ચડાવે, કંઇને કંઇ બહાનુ કાઢી ગોપી ઘેર આવે, પાછળ – પાછળ ફરતાં રહેવા માટે વઢે છે, તોય રીસ ચડતી નથી. વારે–વારે સામુ જોયાંજ કરે છે. રીસ ચડે છે છતાંય ગોપીને તેમનું મુળદર્શન તો મધુર લાગેજ છે. ગોપીને દુરથી એકલા જોઇ જાય તો દોટ મુકી પાસે પહોંચી જઇ પોતાના કંઠમાં શોભતી સુંદર માળા ગોપીના કંઠમાં આરોપી દે છે. અને મોકો મળે તો પગે પણ પડી જાય છે. દીન બનીને કંઇકને કંઇ માગ્યાં જ કરે છે. દયાના પ્રીતમ એવા પ્રભુ ગોપીનો કેડો મૂકતાં નથી. પ્રભુની આવી લીલા જોઇ ગોપી ભારે વિસ્મય પામે છે. આ ઘોળમાં આવી વિસ્મયતાનું વર્ણન છે. વ્હાલાજીને રીઝવવાને બદલે વ્હાલાજી ભકતને રીઝવવા માંડે છે. એ ગોપીના ભાગ્ય કેટલા સરાહનીય ? પ્રભુની આ બધી લીલાઓ ગોપીજન મીઠી મુશ્કાન સાથે અંતરથી વાગોળે છે.

પુષ્ટિમાર્ગમાં માલા-તિલક ચરણામૃત શા માટે

સંકલન : **હસમુખ ખખ્ખર**

સંયોજક, **શ્રીમદ વલ્લભાચાર્ય રુષીકુલ રાજકોટ**

૫૦૦ કરતા પણ વિશેષ વર્ષથી શ્રીમદ્ વલ્લભાચાર્ય સંસ્થાપીત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનું અસ્તિત્વ છે. કોઈ પણ નાતજાતનાં ભેદભાવ વિનાં શ્રી વલ્લભ વંશજ ગોસ્વામી આચાર્ય પાસેથી બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી પુષ્ટિમાર્ગમાં પ્રવેશી શકાય છે. આ માર્ગની ઓળખ માટે તેના ચાર અંગ છે. કંઠી, તિલક, ચરણામૃત, અને પહેરવેશ, રસ્તે ચાલતા કોઈ પણ વ્યકિતને આપ જુઓ જેણે ધોતી–બંડી–કપાળ ઉપર ઉર્ધ્વ પુન્ડ તિલક અને ગળામાં તુલસીની કંઠી જુઓ તો તે અવશ્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હશે તેમ અનુમાન થઈ શકે. પરંતુ આ ફકત વૈષ્ણવ સંપ્રદાયનાં અનુયાયીની નિશાનીની ઓળખ માટે સીમીત નથી.

શ્રી વલ્લભ વંશજ આચાર્ય પાસેથી અષ્ટાક્ષર મંત્રની દિક્ષા લેતા ગુરૂશ્રી આ સેવકના કાનમાં ત્રણ વખત અષ્ટાક્ષર મંત્ર “શ્રીકૃષ્ણ: શરંણં મમ” બોલી સર્વ પ્રથમ તુલસીની માલા અંગીકાર કરાવે છે આપણને પ્રશ્ન થશે શા માટે ?

આ રીતે ગળામાં તુલસીની માળા અંગીકાર થતાં સર્વ પ્રથમ તો શ્રી વલ્લભના માધ્યમથી તે વ્યકિત શ્રી કૃષ્ણનો સેવક બની ગયો સેવક તરીકે તેની લાયકાત પુરવાર કર્યા પછી ગુરૂ દ્વારા બ્રહ્મસંબંધ પ્રાપ્ત કર્યા પછી, આ સેવક શ્રી ઠાકોરજીની સેવાનો સંપુર્ણ અધિકારી બને છે. સેવકની ઓળખ તરીકે તેનો પહેરવેશ ધોતી બંડી કપાળમાં તિલક અને ગળામાં તુલસીની માળા જે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સન્મુખ મર્યાદા છે. અને સેવકનું સેવ્ય પ્રતિ સમ્માન સુચક છે.

તુલસીમાલા :–

આધિ ભૌતિક દષ્ટિથી પણ જોઈશે તો તુલસીને શરીર ઉપર ગ્રહણ કરવાથી અતિ લાભદાયક છે. તુલસી કેટલાય રોગોને નાબુદ કરી મનુષ્યને આરોગ્ય પ્રદાન કરે છે. શ્રીમદ્ ભાગવતૂના દકંધમાં તુલસીનો મહિમા ગવાયો છે કે તુલસી ભગવાનને ખૂબ પ્રિય છે. તુલસી સુગંધ મોહક છે. તુલસીને ભગવાન શ્રીકૃષ્ણ પણ માલા તરીકે અંગીકાર કરે છે આમ જે મનુષ્ય ગળામાં તુલસીની માલા નથી તે માણસ પાપની વૃદ્ધિવાળો ગણાય છે જેથી તેના ઘેર ખવાય નહી તેમજ પાણી પણ પીવાય નહી આમ તુલસીમાળા ગળામાં કાયમ પહેરવી જોઈએ તેને ગળામાંથી જરાપણ સમય માટે અલગ કરાય નહી જે તુલસી આપણા પ્રાણ પ્રિયશ્રી કૃષ્ણને અતિપ્રિય છે તેઓ ગળામાં કાયમી પહેરતા હોય તો તેનાં સેવકથી તુલસીમાલા પહેર્યા વગર કેમ રહી શકાય ? અને તુલસીમાલા પહેર્યા વગર રહે તો તે વિશ્ણુદ્રોહી કહેવાય શાસ્ત્રમાં એવુ પણ માનવામાં આવે છે કે તુલસી માલા પહેરી જે મનુષ્ય સ્નાન કરે છે તેનુ સ્નાન પણ પુષ્કર પ્રયાગ જેવા તિર્થસ્થાનમાં સ્નાન કર્યા બરાબર કહેવામાં આવે છે આમ તુલસી માલાનો મહિમાં જાણ્યા પછીપુષ્ઠિ માર્ગીય વૈશ્ણવ સંપ્રદાયનાં અનુયાયીનાં ગળામાં તુલસીની માલા આવશ્યક બતાવવામાં આવી છે.

પુષ્ઠિમાર્ગીય વૈશ્ણવ સંપ્રદાયના અનુયાયીએ સ્નાન પછી ચરણામૃત લેવુ જોઈએ.

આપણા પ્રાણપ્રીય ભગવાન શ્રીકૃષ્ણનો સ્વધામ પધારતી વખતે શ્રેષ્ઠ ભકત ગોપીજનોએ જે સ્થાન ઉપર પોત પોતાના અલૌકિક દેહ અંતર્હિત કર્યા છે તેવા સ્થાનની રજ એજ ચરણામૃત કારણ તમામ ગોપીઓ ભગવદ સ્વરૂપ સમાન જ હતી અને તેમના ચરણોની રજનો મહિમા તો બ્રહ્મા તેમજ ઉદધવ જેવા મહાત્માઓએ પણ ગાયો છે આ રજને ભગવાન શ્રીનાથજીનાં અમૃત સમાન ઝારી જલ કરતા પણ વિશેષ મહત્વ

પ્રદાન કરવામાં આવ્યુ છે આ અમૃત સમાન જલ અને રજના મિશ્રણને પ્રસાદી કુંકુમ ગણવામાં આવે છે આ પ્રસાદી કુંકુમ લેવાથી દેહ–મન–બુધ્ધી ઈન્દ્રીયો સહીત તમામ અંગોની વિશુધ્ધી પ્રાપ્ત કરી આપણે આપણી કાયાને પવીત્ર બનાવી શ્રી ઠાકોરજીની સેવાને લાયક આપણુ તન બનાવી શકીએ છીએ માટે જ વૈષ્ણવે સ્નાન કર્યા પછી સુંદર સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી દરરોજ ચરણામ્રત લઈ આંખે હૃદયે તથા મસ્તક ઉપર લગાવવુ તે એક આવશ્યક નિયમ છે.

ઉદર્વપુન્ડ તિલક એ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણારવિન્દનું પ્રતિક છે આવા અલૌકિક પ્રતિકને આપણા શરીરના બુદ્ધી વિષયક કાર્યોનો જયાંથી પ્રારંભ થાય છે તેવા મસ્તક એટલે કે માથાના અગ્રસર ભાગ કપાળ ઉપર જ તિલક કરવું જોઈએ જેથી મગજમાંથી સુવિચારોજ વિસ્તૃત પામે. આપણા સમાજમાં કોઈનો પણ પુત્ર ખરાબ કાર્યો કરે અને પકડાઈ જાય તો કહેવાય છે આ પુત્રે તો મારા કપાળ ઉપર કલંકનું તીલક લગાવ્યુ પણ શુભ કાર્ય કરે તો કેસરી તીલક લગાવ્યા તેમ કહેવાની પ્રણાલીકા છે. ભારતીય સંસ્કૃતીમાં જયારે કોઈપણ શુભ કાર્યો માંગલિક પ્રસંગ કે લગ્ન આદી કરાય છે ત્યારે મુખ્યકર્તા તેમજ ઉપસ્થિત તમામ સગા વ્હાલાનેકેશર ચંદન અથવાકંકુનું કુંકુમમ અવશ્ય લગાવવામાં આવે છે આનો અર્થ એ જ છે કે ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરી સૌ ઉપસ્થિત સેવકો પોતાના કપાળ ઉપર ભગવાનશ્રી કૃષ્ણના ચરણારવિન્દ સમાન તિલકને કરે છે જેમ સ્ત્રીના કપા[redacted]ંદલો એ સૌભાગ્યની નિશાની છે તેમ વૈષ્ણના કપાળ ઉપર તિલક એ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સાથે બ્રહ્મસંબંધ દ્વારા શ્રીકૃષ્ણએ સેવકને સ્વિકાર્યાનું પ્રતિક છે. આ રીતે તિલક કરનાર વૈષ્ણવ તે પ્રભુનો પ્યારો છે, પુણ્ય પ્રાપ્ત કરનાર ભાગ્યશાળી વૈષ્ણવ છે કહેવાય છે કે આ તિલક ધારણ કરનારને યમરાજા પણ મુકિત આપે છે જેના મસ્તક ઉપર ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણારવિન્દ સમાન આ પ્રસાદી કુંકુમ છે તેવા હે વૈષ્ણવ–હે પ્રભુનાં દુત તમારૂ યમલોકમાં યમદુત પાસે પણ સ્થાન નથી અત એવ તેનો યમલોકમાં પ્રવેશ પણ નથી ઉપરોકત પ્રમાણ ઉપરથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક ગૈષ્ણવે સ્નાન કર્યા પછી કુંકુમ તિલક (ઉદર્વપુન્ડ તિલક) આવશ્યક ધારણ કરવું જોઈએ.

આમ શ્રી વલ્લભ દ્વારા બનાવેલા તમામ સિદ્ધાંત, નિયમો શાસ્ત્ર સમંત છે અને વૈદિક રીતે પણ આરોગ્ય વર્ધક છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

સત્સંગનું માહાત્મ્ય

જે જે ભગવદીય પ્રભુને પામ્યા છે, તે ભગવદીયથી પામ્યા છે, પ્રભુથી કોઇ પ્રભુને પામ્યુ નથી. માટે એક ક્ષણ પણ ભગવદીયનો સંગ મુકશો નહિ. ભગવદીયની મંડળીમાંથી પ્રભુ તમને જડશે, પણ પ્રભુ પાસેથી નહિ જડે. માટે ભગવદીયનો સંગ મોટો છે. ભગવદીયની મંડળીમાં ભગવાનના ચરિત્ર જડે, કારણ કે પોતે પોતાનાં વખાણ કરતા નથી, માટેજ પ્રભુનું પોતાનું મોટાપણું છે, તે ભગવદીય વર્ણન કરે છે. માટે ભગવદીયનો સંગ મુકવો નહિ. મરતાં સુધી ભગવાનની સેવા કરવી અને કથા, વાર્તા, કીર્તન લોય નાખતાં સુધી ગાવું, પ્રભુને વખાણવા એટલું જ કામ છે.

વાણીની સત્યતા

પ્રભુનું સ્મરણ કરે તે સંપતવાન ને જે હરિ ના ભજે તે અસંપતવાન, દ્રવ્યવાન તે સંપતવાન નહિ અને ભૂખે મરે તે દરિદ્રી નહિ. આજે જગત બોલે છે, તે ભગવદ્ વાણી છે. આપણે કશું બોલતા નથી કહીએ છીએ જે વહાણું વહી ગયું. આ વાણીના દેવતા બોલે છે. વળી કહે છે કે વરસાદ બહુ આવે છે, ટાઢ ઘણી પડે છે, ન પડે તો કહીએ છીએ કે ઓણ ટાઢ થોડી પડી ને તાપ પડે તો કહીએ કે તાપ ઘણો પડયો. આ સારૂં છે, આ નરસું છે. ફલાણે ગાળ દીધી. ફલાણો સારૂં બોલ્યો. આ સૌ બોલવું તે સત્ય છે. એ પ્રભુનાં વચન છે, પ્રભુ રૂપ છે. એમાં બીજુ ઠરાવે ત્યારે પ્રભુ ખીજે છે. માટે દત્તાત્રેયે અજગરની વૃત્તિ લીધી. કોઇની સાથે ભાષણ કરવું નહિ. પ્રભુની ઇચ્છાએ આવી મળે તે પર નિર્વાહ કરવો ને તે લેવું.

આ માસના ઉત્સવ

ભાદરવા વદ તા. ૯-૧૦-૯૩ શનિવાર શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પત્ર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૧૦-૧૦-૯૩ રવિવાર ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૧૨-૧૦-૯૩ મંગળવાર ઇન્દિરા એકાદશી વ્રત. શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭) બારસનો ક્ષય છે તેથી આજે.

ભાદરવા વદ ૧૩ તા. ૧૩-૧૦-૯૩ બુધવાર શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણલાલજીનો ઉત્સવ. (સં. ૧૬૦૬) ગો. શ્રી શિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા વદ ૩૦ અમાસ તા. ૧૫-૧૦-૯૩ શુક્રવાર સર્વપિત્રી અમાસ કોટની આરતિ સાંઝીની સમાપ્તિ.

આસો સુદ ૧ તા. ૧૬-૧૦-૯૩ શનિવાર નવરાત્ર આરંભ, જવારા વાવવા, રાસના પદ બધા સમયમાં કરખાના પદ ભોગમાં તથા નવ વિલાસ, રાસ પંચાધ્યાય. ભોગનોટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય ગો. ચિ. પ્રણયકુમારજી (મથુરા)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૧૮-૧૦-૯૩ સોમવાર ગો. શ્રી રસિકવલ્લજી મહારાજ (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૨૧-૧૦-૯૩ ગુરૂવાર ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી (ચાંપાસેની જામનગર)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૨૩-૧૦-૯૩ શનિવાર સરસ્વતિ વિસર્જન ગો. શ્રી વાગ્ધીશબાવા (શ્રી નાથદ્વારા)નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૨૪-૧૦-૯૩ રવિવાર વિજયા દશમી દશહરા અંકુરાર્પણ.

આસો સુદ ૧૧ તા. ૨૬-૧૦-૯૩ મંગળવાર પાશાંકુશા એકાદશી વ્રત ગો. શ્રી કૃષ્ણકુમારજી મહારાજ (કામવન)નો તથા ગો. ચિ. છે. શ્રી ગોપિકાલંકારજી (મુંબઈ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૨૮-૧૦-૯૩ ગુરૂવાર શ્રી બાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ ગો. ચિ. શ્રી શિશિરકુમારજી (પાર્લા) નો જન્મદિન.

આસો સુદ ૧૫ તા. ૩૦-૧૦-૯૩ શનિવાર ફલાત્મક મહારાત્રિ. શરદ પુર્ણિમાં રાસોત્સવ શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો કાર્તિક સ્નાન આરંભ.

આસો વદ ૧ તા. ૩૧-૧૦-૯૩ રવિવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

આસો વદ ૩ તા. ૨-૧૧-૯૩ મંગળવાર ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા) નો તથા ગો. ચિ. શ્રી હરિરાયજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૬-૧૧-૯૩ શનિવાર શ્રી રણછોડજીનો ષોડશો પચાર (ડાકોર) ગો. શ્રી વ્રજવલ્લજી (માંડવી)નો જન્મદિન.

આસો વદ ૯ તા. તા. ૮-૧૧-૯૩ સોમવાર ગો. ચિ. વ્રજેશકુમારજી (વીરમગામ)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

: ભેટ પુસ્તક અંગે નિવેદન :

'શ્રી દામોદર સ્વરૂપ ચિંતન' પુસ્તક શ્રી વલ્લભ સુધાના ચાલુ વર્ષના સર્વે ગ્રાહકોને ભેટ આપવાનું છે. તેના રેપર તથા સરનામા કરનાર સેવાભાવી કાર્યકરને લૌકિક બાધક તથા અન્ય અસુવિધા હોવાથી રવાનગી કાર્ય શરૂ થઇ શકયું નથી. બનતી ત્વરાએ રવાનગી કરવા પ્રયત્નશીલ છઇએ. વિલંબ બદલ ક્ષમા યાચના. **—વ્યવસ્થાપક શ્રી વ. સુ.**

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

કાવ્ય-કુંજ દાન લીલા

શ્રી હરિરાયજી રચિત બડીદાન લીલા "તુમ નંદમહર જુકે લાલ, મોહન જાનદે" એ પદનો ગુજરાતી ધોળમાં ભાવાનુંવાદ

કીર્તનીયાજી :– **લાલજી ગો. પટેલ**

[ઢાળ – ૧. આવો આવોને નંદજીના લાલ, માખણ ખાવાને
૨. ગિરિકંદરામાં પ્રગટ થયા પ્રભુ, આપ ગોવર્ધન નાથરે.]

તમે નંદબાવાના લાલ, કાન્હ મને જાવા ઘો,
તમે જશોદાના બાલ, કાન્હ મને જાવા ઘો....ધ્રુવ.

તૂ પરમ ચતૂર વ્રજનાર, દાણ મારું દઇને જા
તારો દાની નંદકુમાર, દાણ મારું દઇને જા....ધ્રુવ

ગોવર્ધનની શિખર પરથી, બોલ્યા મોહનરાયરે,
ગ્વાલ સખા તમે ઘેરી રાખો, ગ્વાલિની ચાલી ન જાય....દાણ૦ ૧.

ગ્વાલિન રોકી ન રહે ને, ગ્વાલ ગયા છે હારી રે,
માને નહીં મહિયારી અમારૂં તમે, દોડી આવો ગિરિધારી....દાણ ૨.

ગોરસના મદમાં ચાલી જાય છે, કહ્યું ન ધરતી કાનરે
રોકી લીધી છે પાલવ પકડી, દોડીને શ્યામ સુજાન....દાણ૦ ૩

એક કરથી કંકણ ગહ્યું ને, એક કરથી ચીર રે,
દાણ લેવા આડા ઉભા છે, ગહ્વર કુંજ કુટિર....દાણ૦ ૪

ઘણા દિવસથી છટકી જાય છે, દાણ દીધા વિના નારી રે,
આજે લઇશ હું એકી સાથે, બધા દિવસનું સંભારી....દાણ૦ ૫

ઘુંઘટ પટને દુર કરીને, સુંદર મુખડું ખોલ રે,
ઉભા છો શિદ શરમાવ છો પ્યારી, બોલો મધુરા બોલ....દાણ....૦ ૬

હરખી હરિએ ખેંચી લીધું, મુખ પરથી પટ નીલરે.
પ્રગટ્યો ચંદ્ર જાણે નિલ વાદળમાં, તેમ વદન રહ્યું ખીલ....દાણ૦ ૭

નેત્ર પરસ્પર મળ્યા બન્નેના, આનંદ ઉપજ્યો ભારીરે,
મધુર વચન પ્રેમરસથી ભરેલા, બોલ્યા શ્રી રાધા પ્યારી....કાન્હ મને જાવાદ્યો ૦ ૮

તમે નંદબાવાના લાલ, કાન્હ મને જાવાદ્યો,
તમ જશોદાજીના બાલ, કાન્હ મને જાવાદ્યો....ધ્રુવ

મહી વેંચવા નિત્ય જઇએ, કદિ ન સાંભળ્યું કાન રે,
વાત નવીન આ લાગે તમારી, માગો છો ગોરસ દાન....કાન્હ૦ ૯
તું રે મહિયારી નવી દીસે છે, હું નવો દાણી રે;
નવા આભરણ અંગ ધર્યાં તેં, નવીન રસ લે માણી.... દાણ૦ ૧૦
દુરથી દેખો કર વશ રાખો, છોડો પાલવ શ્યામ રે;
મુખથી બોલો વેણ મધુરા, તજો ચંચળતા તમામ....કાન્હ મને જાવા દ્યો૦ ૧૧
સુંદરતા સઘળી અંગ કેરી, છુપાવી વસ્ત્રની માંહ્ય રે;
નિરખી નિરખી શોભા મારૂં, મન આકર્ષિં થાય.... દાણ૦ ૧૨
સાંકડી ખોરમાં રોકી રહ્યા છો, લઇ લકુટી હાથ રે,
મંદ હસીને મોહ પમાડી રતિ, જોડી ન શકશો નાથ....કાન્હ મને૦ ૧૩
દુર રહો જરા શરમ રાખો, શું કરી બેઠા પ્યારા રે;
પાન તણી પિચકારી મારી મારા, ચીર બગાડયા સારા.... કાન્હ મને૦ ૧૪
ચીર બગડયા તો શું થયું પ્યારી, શોર મચાવે શીદ ભારી રે;
તુ પણ મારા નયન ઉપર, પીક લગાવને તારી.... દાણ૦ ૧૫
સીધી રીતે દાણુ માગો, નયન સરખા રાખો રે;
આડી અવળી વાતો કરો છો, સ્પષ્ટ મુખથી ભાખો.... કાન્હ મને૦ ૧૬
હું કહું તેમ તું પણ કહેને, કરો ઇચ્છા અનુસાર રે;
મારે તો જોઇએ દાણ ગોરસનું, તું આપી દે આ વાર.... દાણ૦ ૧૭
મુજ પાસે કંઈ માલ નથી તો, દાણ માગો શેનાં લાલ રે,
મોડું થાય ઘર જાવા દ્યો મોહન, છાંડો અટપટી ચાલ.... કાન્હ મને૦ ૧૮
શ્રીફળ સોનાના છુપાવ્યા ચોલીમાં, દાણ તેનું થાય રે;
મોડું કરો શીદ આપી દ્યો સજની, નિઃશંક થઇ ઘર જાય.... દાણ૦ ૧૯
કર જોડીને કરૂં વિનંતી, માનો મોહનરાય રે;
છોડો અંચળ શ્યામ મારો, દઉં ગોરસ ચખાય.... કાન્હ મને૦ ૨૦
સંગની સાહેલી ચાલી ગઈ છે, કરશે કિરતીજીને વાત રે;
પ્રિત પ્રગટ કરવાથી પ્યારા, રસ હૃદયથી જાત.... કાન્હ મને૦ ૨૧
ગોરસ લઇને કાલે આવીશ, સખીજનોની સંગે રે,
જાઉં બલિહારી જીવન મારા, પીવડાવીશ ઉમંગે.... કાન્હ મને૦ ૨૨

વાત સુણો મારી રાધા પ્યારી, મને નથી વિશ્વાસ રે;
હાથ આવેલું અમૃત છાંડી, કોણ કરે કાલની આશ.... દાણ૦ ૨૩

ગોરસ તારૂં પીવા સારૂં, મન મારૂં લલચાય રે;
ચંદ્ર હાથ જો લાગે ચકોરને તો, ધીરજ કેમ ધરાય.... દાણ૦ ૨૪

શ્રમજલ બિંદુ દેખી વદન પર, પ્યારી અતિસુકુમારી રે,
કળશ કંચનનો કરથી કૃષ્ણે, લીધો શીશથી ઉતારી....દાણ૦ ૨૫

શ્રી કરમાં લઈ પંખો વાયુ, ઢોળે છે. ગિરિવર ધારી રે,
ચાલો કુંજમાં ચરણ ચાંપુ, શ્રમિત થયા હશો ભારી....દાણ૦ ૨૬

(લલિતા) ઓળખો છો આ કોન કુમારી છે, મચાવો શું ઉત્પાત રે,
(શ્રી ઠાકોરજી) જાણું છું બ્રખભાન સુતા છે, (અલી) તારે શી પંચાત....દાણ૦ ૨૭

માત–પિતા છે ગોરા તમારા, તમે કેમ છો કાળા રે,
કાળા કર્મ કરો છો તેથી, થયા છો 'શ્યામ' છોગાળા....કાન્હ મને જાવાદ્યો૦ ૨૮

કાજળ ભરેલી તારી આંખલડીમાં, મન લાગ્યું છે મારું રે,
તેથી શ્યામરૂપ થયું છે પ્યારી, ધ્યાન રહેવાથી તારૂં....દાણ૦ ૨૯

સાચે રસ્તે ચાલવું પ્યારા મોટાઓની એ રીત રે,
હાંસી થાય જગતમાં તેવું, કરવું ન કામ વિપરીત....કાન્હ૦ ૩૦

કામ નથી કોઈ કાનજી તમારે, ફરો નકામા નાથરે,
વાટે ને ઘાટે રોકી રહ્યા છો, માનોં ન કોઈની વાત....કાન્હ૦ ૩૧

વ્રજમંડળમાં રાજ છે મારૂ, તેથી ફરૂં ઠોર ઠોર રે,
તું કુમુદિની ચંદ્ર હું તારો તારા, વદનકમળનો ભૌંર....દાણ૦ ૩૨

કોઇ અચાનક આવી જશે તો, જાણી જશે રસ રીત રે,
તેથી કહું છું નંદલાલ આજ, પ્રગટ થઇ જશે પ્રીત....કાન્હ૦ ૩૩

વ્રજ વૃંદાવન ગિરિનદીએ, એ બધું છે મારા રૂપ રે,
તેથી કેમ છુપાવું રાધે, છુપાવ્યું રહે ન છુપ....દાણ૦ ૩૪

ગલબાહીં દઇ કુંજમાં પધાર્યા, રાધાને નંદ કિશોર રે,
'**લાલ**' લીલા નિરખે '**રસિક**' જ્યાં, દાન માનની ઠોર....દાણ૦ ૩૫.

ઇતિ શ્રી હરિરાય વિરચિત દાન લીલાનો ગુજરાતી ધોળ અનુવાદ સંપૂર્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા : **પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા**

રાગ–**બિલાવલ**

(ગતાંકથી ચાલુ)

બસત બનારસ જન હરિવંશ, તાકી કછુ મુખ કરૂં પ્રસંશ,
ડોલ ઝુલાવન કે દિન આયે, પટનામેં પ્રભુ તાહિ જતાયે.

(છંદ) જતાયે તાકું પ્રભુ પધારે, સુનત ભાજ આયે ઘરે,
દરશ રંગ સોં ફાગ ખેલે, અધિક ડોલ ઝુલાઇએ;
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણુ ગાઇએ. ૧૫

વરનોં ભલ્લા ગોવિંદદાસ, કછુક દિન કિયે મહાવન વાસ;
ટકા ચોવીસ સામગ્રી આવે, ભોગ ધરે વૈષ્ણવકો લિવાવે.

(છંદ) લિવાવે વૈષ્ણવ નિત્ય ઘરમેં, આયો દ્રવ્ય સંકોચ હી,
હરખ કે સુખ માન લીનો, તાકો મન નહિ સોચ હી;
કરી પુનઃ ગિરિધરન સેવા, નિત્ય જલ ભર લાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણુ ગાઇએ. ૧૬

બાલભાવ સેવત ક્ષત્રાણી, તીનસોં કહત અમ્મા પ્રભુ બાની;
તાકે ઘર હી પ્રભુ પધારે, ટેરા ખોલકે તાહી નિહારે.
(છંદ) નિહારે દેખત દુધ પીવે, દોઉ મન સચુ પાવ હી;
યહાં આરોગો વહાં આરોગો, ભકત સાધ્ય પૂજાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણુ ગાઇએ. ૧૭

બરનો ક્ષત્રીજન ગજજન ધાવન, તાકી કીર્તિ સબજગ પાવન;
પ્રિય નવનીતકોં લાડ લડાવે, જગ ઘોડા કર તાપેં ધાવે.
(છંદ) ધાવેજુ તાપર ચડે ઉપર, એસો પૂરન ભાવહી,
પ્રાણ વલ્લભ મહાદાની, કરે જો મન ચાવહી;
નિમેશ નાહીં વીછર્યો જન, એસી પ્રિત લગાઇએ,
ચોરશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણુ ગાઇએ. ૧૮

આં. પુ. વૈ. પરિગદ ગુજ. પ્રદેશ કારોબારીનો અહેવાલ

આં. પુ, ગૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશતી કારોબારી અને કાર્યકરોની તા. ૨૯–૮–૯૩ ને રવિવારે અમદાવાદ ખાતે શ્રી વલ્લભ સદન હોલમાં મળેલી સંયુકત મીટીંગને સંબોધન કરતાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ અને વૈષ્ણવ સમાજના અગ્રણી શ્રી કે. કા. શાસ્ત્રીએ વર્તમાન પરિરિથતિને અનુલક્ષીને સ્વ રક્ષણની સાથે સમાજ–સંપ્રદાયના સંરક્ષણ–સંવર્ધન કરવા માટે સમગ્ર વૈષ્ણવ સમાજે આં. પુ. વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવું જોઈશે તેવું જણાવીને પરિષદના કાર્યની ગતિને વધારવા અપીલ કરી હતી.

વૈષ્ણવ પરિષદના વધતા જતા કાર્યને હવે વધુ સુવ્યવસ્થિત અને સુસંગઠીત કરવા માટે વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશતા પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્ત શેઠે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું અને સૌને સાવધાન બનીને સતત કાર્યશીલ બનવા જણાવ્યું હતું. શ્રી જે. સી. વોરાએ શ્રી કે. કા. શાસ્ત્રી અને પ્રમુખશ્રીનું ફુલ હારથી સ્વાગત કર્યું હતું. વડોદરામાં પરિષદ ભવન અંગેની કાર્યવાહીનો ટૂંકમાં અહેવાલ સંગઠન મંત્રી પ્રા ચીમનભાઈ શેઠે રજુ કર્યો હતો અને તે દિશામાં શિઘ્ર અતિશિઘ્રે કાર્યવાહી કરવાનો વિચાર કરવામાં આવ્યો હતો.

વૈષ્ણવ પરિષદના મંત્રી શ્રી વી. પી. પરીખે ધર્મ સંસ્કાર શિબિર અંગે શ્રી યોગેશભાઈ શાસ્ત્રીએ “પુષ્ટિ સ્વાધ્યાય”ની પ્રવૃત્તિ અને તેના માટેના તૈયાર કરવામાં આવેલા “પુષ્ટિ સ્વાધ્યાય ગ્રંથ”ની વિસ્તૃત સમાજ આપી હતી. વકતૃત્વ સ્પર્ધાનો અહેવાલ અને હવે ભારતીય “સંસ્કૃતિ અને પુષ્ટિ માર્ગ” વિષય પરની વકતૃત્વ સ્પર્ધાના આયોજનની શ્રી સી. પી. તલાટીએ વિસ્તુત સમજ આપી હતી શ્રીમદ્ વલ્લભભાચાર્ય ઋષિકુળની થયેલી કાર્યવાહીનો અને ભાવિ કાર્યક્રમની જાણકારી શ્રી હસમુખભાઈ ખખ્ખરે આપી હતી શ્રી વીજુભાઈ શાહે પુષ્ટિ પ્રસારસેલ અને પ્રા. ગોપાલભાઈ શાહે પરિષદના સાહિત્યની જાણકારી આપી હતી.

ઔ. પુ. વૈ. પ. ની કારોબારી અને કાર્યકારોની આ મીટીંગમાં શ્રી ડાહ્યાભાઈ કંસારા શ્રી પ્રહલાદભાઈ ખમાર, પ્રિ. એન. જે. શાહ શ્રી રમેશભાઈ શ્રોફ, શ્રી હરેન્દ્ર શેઠ, શ્રી રસીકભાઈ ભટ્ટ, શ્રી પ્રફુલ્લ શાસ્ત્રી, શ્રી પુંજાલાલ સાહ, શ્રી વીણાબહેન શેઠ, શ્રી ચંપાબહેન બક્ષી, શ્રી વીણાબહેન પરીખ, શ્રી વામનભાઈ પટેલ, ચીમનભાઈ બેન્કર, શ્રી કંચનલાલ ચ્હાવાળા, રમણભાઈ શાહ, શ્રી જયંતિભાઈ સોની, રસીકભાઈ કાવડીયા, વલ્લભભાઈ પી. શાહ વિગેરે પરિષદના કાર્યકરોએ વૈષ્ણવ પરિષદના કાર્યને વધુ વ્યવસ્થિત અને વધુ વ્યાપક બનાવવા માટે રચનાત્મક સૂચનો કર્યા હતા. શ્રી વલ્લભ સદન ટ્રસ્ટના આયોજનમાં અને અન્ય સુંદર વ્યવસ્થા માટે પરિષદના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે હાર્દિક આભાર માન્યો હતો.

ઠરાવ ૧

અખીલ ભારત હિંસા નિવારણ સંઘ અને જીવદયા મંડળના સામાજીક કાર્યકર તરીકે સેવા આપતા ગીતાબહેન બી. શાહની અમદાવાદમાં ખાટકીઓએ જાહેર રસ્તા પર જે રીતે નિર્મળ હત્યા કરી છે તેને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરોને અમદાવાદ ખાતે શ્રી વલ્લભ સદન હોલમાં ૨૯–૮–૯૩ ને રવિવારે શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અધ્યક્ષ સ્થાને મળેલી એક સંથુકત મીટીંગે સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને ગુનેગારો સામે તાકીદે શિક્ષાત્મક પગલાં ભરવા ભનુરોધ કર્યો છે. સદ્ગતની સેવાઓને વીરદાવીને સદ્ગતના આત્માને અષ્ટાક્ષર મંત્ર જપીને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

ઠરાવ ૨

દેશ–વિદેશમાં હિન્દુ ધર્મ અને સંસ્કૃતિના પ્રસાર–પ્રચારમાં ખૂબ મોટું યોગદાન આપનાર વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપક પ્રમુખ અને ચિન્મયાનંદ મીશનના પ્રણેતા પૂ. શ્રી ચીન્મયાનંદના અવસાનથી આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશની આ કારોબારી મીટીંગે ઉંડા દુ:ખ અને ઘેરા શોકલની લાગણી વ્યકત કરીને બ્રહ્મલીન પૂ. શ્રી ચીન્મયાનંદની સેવાઓને બીરદાવીને વૈષ્ણવ પરિષદે હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

સમાચાર

જબલપુર : રાયપુર (મ. પ્ર.) ના વૈષ્ણવ યાત્રીઓએ અધિક માસમાં જબલપુર પાસે આવેલ ગઢાના શ્રી ગુંસાઈજીના બેઠકજીએ શ્રી ગુસાંઇજીના લગ્નનો મનોરથ ધામધુમથી ઉજવ્યો. શ્રીને વિવિધ સામગ્રી આરોગાવી સુંદર મનોરથ સંપન્ન થયેલ.

રાયપુર : (મ. પ્ર.) અત્રેથી વૈષ્ણવોનો એક મોટો સમૂહ પદયાત્રા કરીને ચંપારણ્ય શ્રી મહાપ્રભુજીના બેઠકજીએ દર્શન કરવા ગયેલ બીજા પણ વિવિધ સ્થળોનો હજારેક વૈષ્ણવો આવેલ વિવિધ મનોરથો તેમ જ કીર્તન, રાસ–ગરબા હિંચહમચી દ્વારા ભગવદ્ ગુણાનુવાદનો અનેરો આનંદ પ્રાપ્ત કરેલ.

કડીમાં શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રવચન.

કડી : (ઉ. ગુ.) પવિત્ર પુરુષોત્તમ માસમાં કડીનાં શ્રી ગોપાલલાલજીનાં મંદિરમાં તા. ૨–૩ અને ૪–૯–૯૩ સુધી શ્રી સર્વોત્તમ સ્ત્રોતનું વલ્લભીય વૈષ્ણવોએ રસપાન કર્યું.

પ. પૂ. પા. નિ. લી. ગો. શ્રી ગોવિદલાલજી મહારાજશ્રીનાં તૃતીય આત્મજ પૂ. પા. શ્રી દામોદરલાલ મહારાજશ્રીએ (ગો. શ્રી વિજયકુમાર મહારાજશ્રીએ) કડીનાં વલ્લભીય વૈષ્ણવોની વિનંતીને માન આપી આપશ્રીની અધ્યક્ષતામાં ત્રણ દિવસ સુધી શ્રી પ્રભુચરણ વિરચિત શ્રી સર્વોત્તમ સ્તોત્ર પરના શ્રી મહાપ્રભુનાં અલૌક્કિ અને દિવ્ય નામોનું શ્રી આચાર્ય મહાનુભાવોની વિવૃત્તિઓ અને ટીકાઓને અનુલક્ષીને સવિસ્તર વર્ણન કર્યું શ્રી મહાપ્રભુજીનાં પ્રત્યેક દિવ્ય નામના સૂક્ષ્મ ભાવોનું ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓનાં પ્રમાણથી આપશ્રીની સારગર્ભિત વાણીમાં કડીના વલ્લભીય વૈષ્ણવોને રસામૃતપાન કરાવ્યું.

[illegible]ાસુ વૈષ્ણવો માટે

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમ પીઠાધીશ્વર શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી (કોટા) એવં નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી (શ્રી પ્રથમેશજી) મહારાજશ્રીના કૃપા પાત્ર અંતરંગ સેવક ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઈ મિસ્ત્રી "શ્રી વ્રજ" દ્વારા પોતાના શ્રી ગુરૂદેવ સંબંધી વધાઈ–કીર્તન–ધોળ–રસિયા વગેરેની વિપુલ રચના તથા શ્રી નંદદાસજી કૃત પંચ મંજરીજીમાં એક ભાવાર્થ સાથે અષ્ટ સખાના કીર્તનોનો ભાવાર્થ સાથે સુમેળ તથા શ્રી દયારામભાઈ કૃત મંજરીજી ભાવાર્થ સાથે વગેરે ઉચ્ચ કોટિનું સાહિત્ય ઉપલબ્ધ છે. રસિક સુજ્ઞજનોએ સંપર્ક સાધવા વિનંતિ.

ગોવિંદભાઈ રવજીભાઈ મકવાણા "શ્રી વ્રજ–નિકુંજ" મેંદી કુવા સામે,
નવી હવેલી પાસે, જમનાવડ રોડ, **ધોરાજી**–૩૬૦૪૧૦

(ટાઈલ બીજા પાનેથી ચાલુ)

ક્રમની પ્રથમ પરીક્ષામાં મુંબઈ, કલકત્તા, મદ્રાસ, વડોદરા, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, વગેરે શહેરો સહિત વિદેશોમાં અમેરિકા, આફ્રિકા દેશો સહિત કુલ ૧૪૦ કેન્દ્રોમાંથી થઈને ૬૦૦૦ જેટલા આબાલવૃદ્ધ વૈષ્ણવ ભાઈ બહેનોએ લાભ લીધો હતો. આપ પણ આ કાર્યક્રમમાં ભાગ લઈ સ્વમાર્ગનું જ્ઞાન મેળવી શકો છો. પરંતુ આ માટે આપનો સહયોગ પણ ખૂબ જરૂરી છે.

આપ આ કાર્યક્રમમાં કેવી રીતે સહયોગ આપી શકો છો ?

ગામે ગામ પરીક્ષા કાર્યક્રમને સંચાલિત કરવા માટે પરીક્ષા કેન્દ્રો સ્થાપવા પડશે. પ્રત્યેક કેન્દ્રોમાં એક પરીક્ષા નિરીક્ષકની પણ આવશ્યકતા પડશે. પરીક્ષા નિરીક્ષકનું કાર્ય સંભાળી આપ અમારી તથા આપના ક્ષેત્રના વૈષ્ણવોની સહાયતા કરી શકો છો.

૧. આ કાર્ય જરા પણ મુશ્કેલ નથી. આપને મોકલવામાં આવેલ સાહિત્યયની જાણકારી આપના સંગી–સાથીઓને આપો. આપના ક્ષેત્રમાં અંદાજે કેટલા આબાલવૃદ્ધ પરીક્ષાર્થીઓ તૈયાર થઈ શકે છે તેની સંખ્યા અમને એક પોસ્ટકાર્ડ પર લખી મોકલાવો. આપની સૂચના મળતાં જ આપને પરીક્ષા પ્રવેશપત્રો તેમ જ પરીક્ષા નિયમાવલી મોકલી આપવામાં આવશે. ઓકટોબરની ત્રીસમી તારીખ સુધી પ્રવેશપત્રો ભરીને આપે પરત મોકલવાના રહેશે. આપે મોકલાવેલ પ્રવેશપત્રની સંખ્યા મુજબ પાઠય પુસ્તકો મોકલી આપવામાં આવશે.

૨. આબાલવૃદ્ધ વૈષ્ણવ ભાઈ–બહેનો આ પરીક્ષામાં ભાગ લઈ શકે છે. માટે આપના ક્ષેત્રમાં જ્યાં જ્યાં પણ ભગવદ્ વાર્તા મંડલી–પાઠશાળા કે અન્ય સામૂહિક સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ થતી હોય ત્યાં આપણા આ કાર્યક્રમની જાણકારી આપી વધુમાં વધુ વૈષ્ણવોથી પરીક્ષા અપાવો.

૩. આ પ્રવૃત્તિમાં રસ ધરાવતા વૈષ્ણવ ભાઈ–બહેનોને પ્રોત્સાહિત કરો.

૪. જો આપ શિક્ષક છો અથવા શિક્ષણકાર્ય કરી શકો છો તો પરીક્ષા પાઠય પુસ્તકનો અભ્યાસ કરીને નાના મોટા વૈષ્ણવ બાળકો માટે પાઠશાળાની નિયમિત પ્રવૃત્તિ શરૂ કરી આ કાર્યક્રમને વેગ આપો.

૫. ખાસ કરીને યુવા વૈષ્ણવ ભાઈબહેનો આ કાર્યક્રમમાં સામેલ થાય એવા પ્રયત્નો કરો.

૬. ઓછામાં ઓછા પાંચ પરીક્ષાર્થીઓ જ્યાં થતા હોય ત્યાં પરીક્ષા કેન્દ્ર ખોલી શકાય છે. માટે મોટા ગામમાં સુવિધાની દૃષ્ટિથી એકથી પણ પરીક્ષા કેન્દ્રો ખોલી શકાય છે.

૭. એક વર્ષમાં દર ચાર–ચાર મહિને પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાર્થીઓને પાઠય પુસ્તકો વિના-મુલ્યે આપવામાં આવશે. શ્રેષ્ઠગુણ મેળવનારા પરીક્ષાર્થીઓને પુરસ્કાર પણ આપવામાં આવશે.

૮. પ્રશ્ન પત્રો આપને આપના સ્થાન પર જ મોકલી આપવામાં આવશે. બધા પરીક્ષાર્થીઓને અનુકુળ હોય તે જગા નિર્ધારિત કરી આપના ગામમાં જ પરીક્ષા આપી શકો છો.

૯. એક–એક પુષ્ટિમાર્ગી સ્વમાર્ગીય સિદ્ધાંતોને પુરીરીતે સમજતો થાય એ આપણું લક્ષ્ય છે.

૧૦. અમારા આ પ્રયાસથી આપ સહમત થતા હો પરંતુ જો કોઈ કારણસર આપ પરીક્ષા નિરીક્ષકની જવાબદારી ઉપાડી ન શકતા હો તો આપના સંપર્કના વૈષ્ણવ ભાઈબહેનોને આપણા આ કાર્યક્રમથી માહિતગાર કરો તેમ જ વૈષ્ણવ ભાઈબહેનોમાંથી જો કોઈ પરીક્ષા નિરીક્ષક બનવા તૈયાર થતું હોય તો તેમનું નામ તેમ જ સરનામું અમને મોકલી આપો. આપનો નાનો સહયોગ પણ અમા માટે અમુલ્ય છે.

આ કાર્યને આપણે સંપ્રદાયનું કાર્ય સમજીને કરવાનું છે. અમને વિશ્વાસ છે કે આપનો અનુકુળ પ્રતિભાવ મળશે. અવિલંબ પત્રોત્તર આપશો.

શ્રી પુરૂષોત્તમ પુષ્ટિમાર્ગી પાઠશાળા સંચાલિત, પુષ્ટિમાર્ગીય પરીક્ષા પ્રચાર યુવા

નાગઢ

卐 વ્રજેચ્છા 卐

વ્રજ જીવન વ્રજમાં બોલાવો મને,
વ્હાલા ચરણની દાસી બનાવો મને – વ્રજ૦ ૧

સાખી

વરસો થયાં વિખૂટી પડી, કાંઇ તાપ કલેશ થકી રડતી;
શોધ્યે સરલ પંથના જડયો, બની બાવરી બહુ બડબડતી.

ઢાળ

હવે પ્રીતમ ના તલસાવો મને,
મારા વાલમજી વેગે બોલાવી લીયો – વ્રજ૦ ૨

સાખી

હોંશ છે હ્રદયે ઘણી, શ્રી યમુના જળ પાનની;
ઝાંખી થવા ગિરિરાજની, નિરખવા છબી આપની.

ઢાળ

દામોદરજી દયા દર્શાવો મને;
દયાસાગર હવે સંભાળ લીયો – વ્રજ૦ ૩

સાખી

લીલા સ્થળો વ્રજના ઘણા, વ્રજવાસી સર્વે સોહામણા;
પશુ પક્ષી તૃણ તરૂ પૂજ્ય, જ્યાં વાત્સલ્ય યુકત વસુંધરા

ઢાળ

નંદ નંદન ત્યાંજ વસાવો મને,
નંદન વનમાં હવે બોલાવો તમે – વ્રજ૦ ૪

સાખી

ઇચ્છાં નથી આ લોકની, પરલોકમાં પ્રીતિ નથી;
ભગવદીયોમાં મુજ વૃત્તિ ગતિ, આપ વિના બીજે નથી.

ઢાળ

નાથ દીન છું દાસી બનાવો મને;
દીન જાણીને નાથ સંભાળ લીયો – વ્રજ૦ ૫

– ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ વેલજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

વન સે આગમન

વન સે આવત ગાવત ગૌરી.
ગૌવન સંગ નંદજી કૌ ઢોટા, ઓઢે પીત પિછૌરી;
સાંવરી સૂરત પૈરજ લિપટાની, સુંદર રૂપ બનૌરી. ૧
બંસી કી ટેર સુની બ્રજગ્વાલિન, હરિ દરસન કૌં દૌરી;
'ચંદસખી' ભજ બાલકૃષ્ણ છબિ, હરિચરનન કી ચેરી ૨

— ભકત કવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

※ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ※

વર્ષ ૧૨ : અંક-૭ ૮

શ્રી વલ્લભાબ્દ ૫૧૬

નવેમ્બર ~~ઓકટોબર~~ ૧૯૯૩
ડીસેમ્બર

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ※ આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

॥ શ્રી વલ્લભાચાર્ય મહાભુર્વિજયતે ॥

પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિચય પત્ર

લેખક : **પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ-ઇન્દોર**

૦ અષ્ટાક્ષરને શરણમંત્ર યા નામ મંત્ર કહેવાય છે. **શ્રીકૃષ્ણઃ** એ નામ મંત્ર છે. **શરણંમમ** એ શરણ મંત્ર છે. અષ્ટાક્ષર મહામંત્ર છે. ગદ્ય મંત્રથી જન્મ જન્માન્તરના સમસ્ત દોષો દુર થાય છે. પ્રભુની સેવામાં અધિકાર પ્રાપ્ત થાય છે. જેવી રીતે વિવાહ થયાં વાદ કન્યાની અટક બદલી જાય છે તેવી જ રીતે બ્રહ્મ સંબંધ થયા બાદ જીવની અટક બદલી જાય છે. વિષ્ણુથી સંબંધ થવાથી વૈષ્ણવ અટક થઇ જાય છે. ભગવાનથી સંબંધ થાય છે માટે **ભગવદિય ભક્ત** અટક થઇ છે. વિષ્ણુનું રાસ સ્વરૂપ રસાત્મક પુષ્ટિ સ્વરૂપ છે. બ્રહ્મ સંબંધ ગદ્ય દીક્ષાથી ભગવાન જીવનું વરણ કરીને તેના આવરણ હરણ કરી લે છે તથા તેને પોતાના ચરણમાં આશ્રયરૂપ શરણ આપે છે.

૦ જેમ બ્રહ્મ સંબંધથી જીવની અટક બદલી જાય છે તે જ રીતે જયારે ગોસ્વામી આચાર્યશ્રી આપને શ્રી ઠાકોરજી પધરાવે છે. તો તે આપના શ્રી ઠાકોરજી છે.

આ અમુકના શ્રી ઠાકોરજી છે એ રીતે તે વૈષ્ણવના નામથી શ્રી ઠાકોરજીની અટક બદલી જાય છે. શ્રી ઠાકોરજી તે વૈષ્ણવની છાપ યા ઓળખથી ઓળખાય છે. જેમ કે શ્રી ગોપીજન વલ્લભ, દેવાકપુરના શ્રી ઠાકોરજી શ્રી લલીત ત્રિભંગીરાયજી શ્રી મહાપ્રભુજીના નિધિ સ્વરૂપ જિયદાસ સૂરીના શ્રી લાડીલેશજી શ્રી મહાપ્રભુજીના નિધિ સ્વરૂપ, ગજ્જન ધાવનના શ્રી નવનીત પ્રિયજી શ્રી મહાપ્રભુજીના નિધિ સ્વરૂપ, એ રીતે શ્રી ઠાકોરજી ભકત વત્સલ થઇને ભકતોની ઓળખને પોતાની ઓળખ બનાવી લે છે.

૦ શ્રી ઠાકોરજીને ઘરમાં પધરાવીને સેવા કરો. તેનાથી ઘરનો સંસાર બાધક નહીં સાધક બની જશે અહંતા મમતા પ્રભુ સંબંધિત થઇ જશે. પ્રભુ સંબંધિ સંસાર જ સાર છે.

૦ આપના ગળામાં તુલસીની કંઠી છે કે નહીં ? એને અવશ્ય ધારણ કરો તુલસીની કંઠી આપણું મંગળ સુત્ર છે. સ્નાન કરીને ચરણામૃત લ્યો·

૦ તિલક આપણું સૌભાગ્ય ચિન્હ છે. ભગવાનના ચરણારવિંદ (તિલક) ને પોતાના મસ્તક પર ધારણ કરવું જોઇએ.

૦ ભગવાનના ભકત થવું જોઇએ, ભિખારી ન બનવું જોઇએ. જેને શ્રીહરિ રૂપી ધન મલી ગયું છે તે ભિક્ષા કેમ માંગે ? ભકિતમાં ભરોસાનો ભાવ છે.

(અનુસંધાન ટા. ૩ ઉપર)

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૭ ※ ઓકટોમ્બર, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

સમદર્શન

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

—ગતાંકથી ચાલુ

અહીં ભગવાનનું કહેવાનું તાત્પર્ય એ છે કે સમદર્શી બનો. ભગવાનનો આતો આદેશ છે કે તમે બુદ્ધિમાન ત્યારે કહેવાવ કે જ્યારે તમે સમદર્શી બનશો. ત્યારે તમે પંડિત છો, ત્યારે બુદ્ધિમાન છો. હવે સમદર્શી બન્યા તેનો મતલબ શું છે? જગતમાં જેટલા પણ પદાર્થ છે. વ્યક્તિ પણ અલગ અલગ પ્રકારની છે, તો પછી તેમાં સમદૃષ્ટિ કેવી રીતે થઈ શકે? સામે જે વ્યકિત બેઠી છે. તેનો રંગ સફેદ કે કાળો છે એ તો આપતે જોઇ શકીએ છીએ. જે કાળા રંગનો માણસ છે તેને આપણે કાળો કહીશુ આતો આપણે જોઇ શકીએ છીએ, જે કાળા રંગનો માણસ છે તેને આપણે કાળો કહીશું અને જે સફેદ છે તેને આપણે સફેદ કહીશું. કાળાને આપણે સફેદ કહી દઇએ કે સફેદને આપણે કાળો કહી દઇએ એ કેવી રીતે

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ** આદિ કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે** લખેલા **હોવા** જરૂરી છે.
- * શ્રીવલ્લભ **સુધામાં** વૈષ્ણવો તરફથી **આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં **આવે** છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

શકય છે? આ શકય નથી. સામે મકાન સારુ સુંદર છે તેને આપણે સુંદર કહીશું, કદરૂપુ હશે તો કદરૂપું કહીશું. બધા વૃક્ષ ભિન્નભિન્ન પ્રકારના હોય છે. ભિન્ન ભિન્ન પાન, ફૂલ, ફળના હોય છે. બધા વૃક્ષ એક સરખા કેવી રીતે થઇ જાય? નદીના પાણીમાં પણ એક સરખા તત્વો નથી રહેતા, ભિન્ન ભિન્ન તત્વ રહે છે. તેને પણ આપણે એક સમાન કેવી રીતે કહીશું? આ પાણીના ગુણનો તો અનુભવ હશે જ. આ કેવી રીતે સંભવ છે કે આપણે એક સરખી બુદ્ધિ પ્રાપ્ત કરી લઇએ કે બધા એક છે, બધા સમાન છે, આ કેવી રીતે બની શકે? આ સ્વાભાવિક પ્રશ્ન થાય છે તો અહીં સમજવાની વાત ફક્ત એટલી જ છે કે ભગવાન જે આજ્ઞા કરે છે તે જે દૃષ્ટિને લઇને આજ્ઞા કરે છે આ જયારે આપણે સમજી લઇશું તો વાત જલ્દી સમજમાં આવી જશે.

અહીં ભગવાનનો આશય એ છે કે વ્યવહાર ચલાવતી વખતે જ્યારે વ્યવહાર ચલાવીએ તે સમયે જે પ્રકારની જે વસ્તુ હોય તેને અનુરૂપ આપણે તેની સાથે વ્યવહાર કરવો પડશે. વસ્તુ આપણે જે પ્રકારે જોતા હોઇએ અથવા બુદ્ધિમાં જે પ્રકારનો ભાવ હોય તે પ્રકારે તેને જોઇએ અને તેની સામે વ્યવહાર પણ કરીએ. પરંતુ વ્યવહારમાં કોઇ પ્રકારની અસમાનતા હોય એમાં કોઇ દોષ નથી. દોષ ક્યારે આવે છે?

જ્યારે આપણે વ્યવહારને જ પરમાર્થ સમજી લઇએ છીએ તે સમયે વ્યવહારને જ પરમાર્થ માની લઇએ છીએ ત્યારે દોષ આવે છે. બીજા શબ્દોમાં હાથથી જે કામ લઇશું, કોઇ વસ્તુ ઉપાડવાનું કામ હાથ જ કરશે, પગથી જે કામ લઇશું, ચાલવાનું કામ, ગતિ કરવાનું આ જ કામ તેઓ કરી શકશે પગ જો આવીને તે વસ્તુ ઉપાડીને આપણને આપીદે એ કેવી રીતે સંભવ છે? હાથ જો ચાલવાનો પ્રયત્ન કરે તો ક્યાં સુધી આપણે તેમાં સફળ થઇશું? સફળ ન થઈ શકીએ.

જોવાનું કામ આંખો જ કરશે. વિચારો કે આંખોમાં તો ખરાબી આવી ગઈ છે મોતીયો આવી ગયો છે, આપણે કાનથી જોઇ લઇશું, તેમાં વાંધો શું? પરંતુ કાનથી શું કોઈ જોઈ શકે? કાનમાં જો કોઇ ખરાબી આવી જાય તો આંખ આપણને કોઇ વાત સંભળાતી નહીં શકે. સાંભળવાનું કામ કાન કરશે, જોવાનું કામ આંખો કરશે. આ બધું બરાબર છે.

અલગ અલગ અંગ ભગવાને જે આપ્યા છે તે અલગ અલગ કારણથી આપ્યા છે. અલગ અલગ કામ સિદ્ધ કરવા માટે આપ્યા છે તે પોત પોતાનું કામ કરે છે, કરતા રહેશે. પરંતુ આટલું બધું હોવા છતાં પણ, વિવિધતા હોવા છતાં પણ આપણે એ અનુભવ કરીએ છીએ કે હાથ જે કામ કરે છે તે મારા જ છે અને પગ ચાલવાનું કામ કરે છે. પરંતુ છે તો મારાજ આંખો જે જોવાનું કામ કરે છે. આ આંખો મારા જ અંગ છે. જો હાથમાં કોઇ ખરાબી આવી જાય, પગમાં કોઇ ખરાબી આવી જાય, આંખમાં કોઈ ખરાબી આવી જાય તો આપણે સમજીશું કે આ ખરાબી મારામાં આવી ગઇ. જો પગ કામ નથી આવતા તો હું લંગડો બની ગયો. પોતાની જાતને લંગડા સમજવા લાગશું. આંખો કામ ન આપે તો પોતાની જાતને અંધ સમજીશું. કાન કામ ન

આપે તો આપણે બહેરા સમજીશું. આમાં કોઇપણ ખરાબી કે દોષ આવી જવાથી આપણે પોતાની જાતને તે અંગ વગરની માનીશું. અંગ અને અંગી, આ અંગાંગી ભાવ છે. બધા શરીરના અંગ તો અલગ અલગ છે, દરેક ભિન્ન ભિન્ન છે, તેમાં સમાનતા હોઈ જ ન શકે. પરંતુ અંગી જે છે તે જ રહે છે, અંગી બદલાઇ નથી જતો. લંગડા થઇ જવાથી આપણે એ અનુભવ નથી કરતા કે આપણે બદલાઈ ગયા લંગડા થઇ ગયા તેનો આપણે અનુભવ કરીએ છીએ. પરંતુ આપણે બીજી વ્યકિત છીએ તેવો અનુભવ નથી કરતા. નેત્ર ચાલી જશે ત્યારે પણ આપણે પોતાની જાતને બીજા નહીં સમજીએ આંખોથી ન દેખાય તો શું થયું ? આપણે એ જ છીએ તેવો અનુભવ કરીએ છીએને ? આપણે બદલી ગયા. આપણે બીજા છીએ એવા અનુભવ આપણે કરતા નથી.

આ રીતે સમાજ તો વિવિધતા લઇને જ બન્યો છે. સમાજની જે સ્થિતિ છે તે વિવિધતામાં જ છે. પરંતુ છતાં પણ સમાજ એક અંગી છે અને તેના વિવિધ અંગ છે. જેમ સમાજ છે તેવી રીતે બ્રહ્મના વિશે પણ વાત છે. ભગવાન જે છે તે તો એક છે અને આ જેટલું સચરાચર જગત છે બધું એક છે. જેને આપણે જોઇએ છીએ અને સાંભળીએ છીએ. આમ તો પ્રાણી અને પદાર્થ પણ એજ એક ભગવાનના અભિન્ન અંગ છે. "બહુસ્યાં પ્રજાયેય" ભગવાનની ઇચ્છા થઇ કે હું ઘણો થાઉં. ત્યારે તો જગતનું નિર્માણ થયું. આ જે જગત છે તેને ભગવાને પોતાની ઇચ્છાથી વિવિધ બનાવ્યું. એમ નહી સમજતા કે આપણે વિવિધ બનાવ્યું કે કોઇએ બનાવી દીધું. વિવિધતા જે છે તે આપણી બનાવેલી નથી. ભગવાનની બનાવેલી છે. અંગ રૂપથી જ તો જગત અલગ છે, પરંતુ અંગી રૂપથી આ જગત ભગવાનનું સનાતન અંગ છે. જગતનો પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક અણુ ભગવાનની જ વિભૂતિ છે. આ પ્રકારની દૃષ્ટિ પ્રાપ્ત કરવાનો આદર્શ ભગવાન અહીં સમદર્શતા દ્વારા આપણને પ્રદાન કરે છે.

સમદર્શીનો મતલબ એ છે કે બધા પદાર્થ છે તો ભિન્ન ભિન્ન, અલગ અલગ પ્રકારના છે, પરંતુ બધા ભગવાનની જ વિભૂતિ છે. ભગવાનથી અલગ કોઇ પણ પદાર્થનું અસ્તિત્વ વિશ્વમાં નથી. આપણે અને બીજા લોકો પણ અને સંપૂર્ણ જગત જે ચેતનનો અનુભવ કરે છે, ક્રિયાશીલ છે અને આ ક્રિયાશીલતા ભગવાનની પ્રદાન કરેલી છે. જે સૌંદર્ય છે, સજ્જનતા છે તે બધું તેનું જ સૌંદર્ય છે. શકિત પણ એ પ્રભુની છે. જ્યાં પણ આપણે શકિત જોઇએ, ભગવાન કહે છે કે તે બધું મારો એક નાનકડો અંશ છે. જ્યારે બુદ્ધિમાનતા આપ દર્શન કરો તો સમજજો આ બુદ્ધિ મારા જ પ્રભુની આપેલી છે. ભગવાને કહ્યું છે કે–

'બુદ્ધિમાનોમાં જે બુદ્ધિ તે હું જ છું.'
બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ । તેજસ્તેજસ્વિનામહમ્ ॥

જગતમાં જ્યાં કયાંય તેજસ્વિતા જુઓ ત્યાં સમજી લેજો કે આ તેજ છે તે કોઇ વ્યકિતનું નહીં પરંતુ એ છે મારા પ્રભુનું.

આ પ્રકારની ભાવના આપણે હૃદયમાં ધારણ કરીશું તો આપણી શરીરમાં આપણે

વિવિધતા નથી જોતા, એકને આપણે ઉપયોગી સમજીએ અને બીજાને આપણે અનુપયોગી સમજીને તેનો ત્યાગ કરી દઇએ તેની સર્વથા ઉપેક્ષા કરીએ, શું આવું બને છે ? નથી બનતું. દરેક અંગની શરીરમાં આવશ્યકતા હોય છે. પોતપોતાનું કામ પુરૂં કરવા માટે દરેક અંગ ઉપયોગી છે. તેના વગર આપણે અપંગ થઇ જઇએ છીએ. એકપણ અંગ કામ ન કરે તો આપણે અપંગ થઇ જઇએ છીએ.

ભગવાનનો સંદેશ આ જ છે કે આપણે એવી નિર્મળ દૃષ્ટિ પ્રાપ્ત કરીએ કે જેનાથી સમાજમાં વિવિધતા રહેવા છતાં પણ એ વિવિધતાનો અનુભવ આપણે પોતે પોતાનામાં કરવાની ટેવ પાડીએ, અર્થાત્ કોઇ દુઃખી છે કોઇ ખૂબ વ્યથિત થઇ ગયું હોય તેની વ્યથિતતાનો અનુભવ સાથે સાથે આપણને પણ થાય. ભગવાનના કહેવાનો અર્થ એટલો છે કે સમાજમાં કોઈ અંગમાં ત્રુટિ આવી જાય, વ્યથિત થઇ જાય, તે દુઃખી થઇ જાય, અશક્ત થઇ જાય, તો આપણને પણ આ અનુભવ થાય કે આપણે પણ કોઇ ત્રુટિવાળા બની ગયા. આ પ્રકારનો અનુભવ પ્રાપ્ત કરવાની દૃષ્ટિ આપણે પ્રાપ્ત કરીશું ત્યારે વાસ્તવિક બુદ્ધિમાન કહેવાશું. આ પ્રકારની દૃષ્ટિ વાસ્તવિક દૃષ્ટિ છે. ભગવાન તો બધાનું સંચાલન કરે છે. બધાને આપે છે. આ પ્રકારની જે ભાવના છે, આ ત્યારે આવી શકે જ્યારે આ એકરૂપતાના દર્શન આપણે કરવા લાગીએ. તેને ભૂલી જઇશું ત્યારે તો આ ભાવના હૃદયમાં આવી જ નહી શકે. તેને યાદ રાખશું કે સર્વત્ર એ જ છે અને સર્વદા તે આપણું કાર્ય સંચાલન કરે છે. તેનું આપેલું આપણે મેળવીએ છીએ. આ પ્રકારની ભાવના જો આપણે ધારણ કરીશું તો જગતમાં આપણે પોતાના પ્રતિ શાંત રહીશું અને જગતમાં બીજા જે અંગ છે તેને પણ ઉન્નતિ પ્રદાન કરવામાં સહયોગ પ્રદાન કરી શકશું. એટલે જ આ પ્રકારની દૃષ્ટિ આપણને સત્સંગ દ્વારા સંપાદન કરવી જોઇએ.

આટલું કહી આજનું વકતવ્ય અહીં સમાપ્ત કરવામાં આવે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભ ॥

॥ શ્રી ગુરુભ્યો નમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

વિવેચક :- **ગો. વા. પ્રો. જીવનલાલ છ. જોશી, રાજકોટ.**

ચાલ્યા ચંદ્રાવલાની

મંગલાચરણ

શ્રીગુરુ વલ્લભદેવને, હુ, પ્રથમ કરું પ્રરણાંમ;
શ્રી વિઠ્ઠલ શ્રીકૃષ્ણ શ્રી યમુને મહાપુરણકાંમ;
પુરણકામ દામોદરદાસ, અષ્ટ સખા પુરો ઉરવાસ;
શુભ મતિદ્યો અતિ પર્મ પવિત્ર;
ભક્તિ સુપોષણ ગાઉં ચરિત્ર.
સેવો શ્રી કૃષ્ણ કૃપાલ....૧

ભાવાત્મા ભગવાન કૃષ્ણ ભક્ત કવિજન શ્રી વલ્લભી વૈષ્ણવજન, મહાનુભાવી તાદ્દશીજન શ્રી દયારામભાઇ સર્વપ્રથમ બ્રહ્મસંબંધ આપનાર શ્રીમદ્ ગુરુદેવને પ્રાધાન્ય આપતા હોવાથી એઓશ્રી, "શ્રી ગુરુભ્યો નમઃ, શ્રી ગોપીજન વલ્લભાય નમઃ, શ્રીગુરુ ગોપીજન વલ્લભાય નમઃ" સર્વ પ્રથમ લખ્યા પછી – તેનાથી નવાજ્યા પછી – ગ્રંથપદાદિનો પ્રારંભ કરે છે. જે એમનો મૌલિક આવિષ્કાર છે. સાંપ્રદાયિક જગતતમાં એમનાં પહેલાં, એમના સમયમાં અને એમના પછી એ પ્રમાણે લખી કોઇ સર્જન કરતું નહોતું, કોઇએ કરેલું પણ નથી. એમની સુદ્રઢ ગુરુ ભકિત જોતાં આપણાં મસ્તક એમના ચરણકમલમાં સહસા ઢળી પડે છે.

ગુરુની ગાથા ગાતો શ્લોક સંસ્કૃત સાહિત્યમાં આ પ્રમાણે મળે છે.

ગુરુ ર્બ્રહ્મા ગુરુ ર્વિષ્ણો, ગુરુર્દેવો મહેશ્વરઃ ॥
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥૧॥

સદર શ્લોકને અનુરૂપ મંગલાચરણ, બેઠકનો – જલસાના પ્રારંભમાં ગાવાનું એમનું એમનું બનાવેલું મંગલાચરણ શ્રી દયારામભાઇના હસ્તાક્ષરમાં છૂટક પાનિયામાં, નાગરીલિપિમાં વ્રજભાષામાં આ પ્રમાણે મળે છે.

મંગલાચરણ - રાગ : કલ્યાણ

(ધ્રુપદ - ચોતાલ - માત્રા - ૧૨)

૧ ૨ ૩ ૪
(ધાધા ધિંતા કિટધા ધિંતા કિટતક ગદ્દીગન)

મહા મંગલરૂપ શ્રીગુરુદેવ મહાપ્રભુ;
જાકે પદ પદ્મકો, પ્રથમ સિર નાંઇએ....મહામંગલરૂપ-૧

નામ લેતા ઉદે હોત, પરમ આનંદકંદ;
પાપ - તાપ ટરે; છબ ધ્યાઇએ....મહામંગલરૂપ-૨

બ્રહ્મા સિવ વિષ્ણૂ, પરબ્રહ્મ-સો શ્રીગુરુરાય;
સકલ તીરથ અધિક, "અંધ્રિ-રજ" નાહાઇએ....મહામંગલરૂપ-૩

કહે 'હયો' આ ચારજ અધિક કો દુજો નાંહી;
ગુરુસેવા-ચિંતામનિ, ઇચ્છા-ફલ પાઇએ....મહામંગલરૂપ-૪

સચરાચર. સ્થાવર જંગમ પુષ્ટિ સૂષ્ટિને, પુષ્ટિ જીવને, પુષ્ટિદેહને બ્રહ્મસંબંધ આપનાર કરાવનાર (નામ અને નિવેદન – બંને) "બ્રહ્મસંબંધ કરણાત્ દેહજીવયોઃ" મહામંગલ સ્વરૂપ શ્રીવલ્લભવંશજના, શ્રીમદ્ ગુરુદેવના, પોતાનામાંથી પ્રગટ થયેલી સચરાચર–સ્થાવરજંગમમ્, સમગ્ર પુષ્ટિ–સૃષ્ટિના "પુષ્ટિં કાયેન નિશ્ચયઃ" નિત્ય નુતન લીલા સૃષ્ટિના, રમણ સૃષ્ટિના, ક્રીડા સૃષ્ટિના, સમગ્ર પુષ્ટિજગતના–જગદ્ગુરુ મહામંગલ સ્વરૂપ મહાકારુણિક શ્રી વલ્લભાધીશના – શ્રી મહાપ્રભુજીના પરમ પાવન રસપ્લાવિત, રસઝરતા, ભાવનીતરતા, અનુભવ પ્રધાનચરણ કમલને સર્વ પ્રથમ સહસા મસ્તક નમાવી નમન કરો. નમનવિના આપણી પાસે કશું જ નથી. એ અધિકાર–નમનનો અધિકાર એ આપે તો આપંણાથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ચરણસ્પર્શ સહિત થઇ શકે, માટે જ તેમનાજ થઇને રહો. તેમના થઇને રહેવામાં આનંદ છે. પૂર્ણ આનંદ છે. એનાથી આનંદનો ઓધ વહેશે, આનંદનો ધોધ વરસશે.

'ચરણાબ્જરજો ધનઃ" ચરણકમલની રજરૂપી ધન. એનાથી ચાર પ્રકારના પાપ (૧) કાયિક– શરીરથી થતાં, (૨) વાચિક– વાણીથી થતાં, (૩) માનસિક– મનથી થતાં, (૪) સાંસર્ગિક– સંસર્ગથી થતાં, સંગથી–સોબતથી થતાં પાપ, તેમજ ત્રણ પ્રકારના તાપ, (૧) આધિભૌતિક, (૨) આધ્યાત્મિક અને (૩) આધિદૈવિક તાપ; (૧) લૌકિક, (૨) વૈદિક અને (૩) અલૌકિક તાપ. વિવિધ પાપ–ત્રિવિધ તાપ. (ચતુર્વિધ પાપ– ત્રિવિધ તાપ) તરત જ દુર થાય છે, નાશ પાંમે છે.

બ્રહ્મા, શિવ, વિષ્ણુ, પરબ્રહ્મ એ ચારે સ્વરૂપ શ્રીમદ્ વલ્લભ વંશ જ છે- શ્રીમદ્ ગુરુદેવ છે, મહાકારૂણિક શ્રી વલ્લભાધીશ છે. વેણુગીતના-લઘુરાસના ભાવાત્મક ભગવાન કૃષ્ણની માફક-મહારાસના પણ. બ્રહ્માનું કામ સર્જન કરવાનું. જેમ કૃષ્ણે શ્રી ગોપીજનોમાં અભિમાનનું સર્જન કર્યું, તેમ શ્રી ગુરુદેવ બ્રહ્મા સ્વરૂપે પોતાના શિષ્યમાં જ્ઞાનનું (શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના જ્ઞાનનું, તેમજ પુષ્ટિમાર્ગના, રસમાર્ગના, ભાવ માર્ગના, અનુભવ માર્ગના નિત્ય નૂતન લીલા સૃષ્ટિના જ્ઞાનનું-અનુભવનું સિંચન કરે છે, કર્યા કરે છે, કર્યા જ કરે છે. એનામાં જ્ઞાનનો અનુભવનો પ્રકાશ પાથરે છે- કાયમનો-કાયમ.

શિવનું કામ, રુદ્રનું કામ રડાવવાનું. યમુના તટે ગોપીજનોને ખૂબ રડાવ્યા ત્યારે કૃષ્ણ પ્રગટ થયા. તેમના યૂથમાંથી, તેમના અંતરમાંથી શ્રીમદ્ ગુરુદેવ શિવ સ્વરૂપે શિષ્યમાં રહેલાં અજ્ઞાનરૂપી અંધકારને દુર કરે છે. 'જ્ઞાનાંજન શલાકયા.'

વિષ્ણુનું કામ પોષણ કરવાનું. ગોપીજનો પાસે વિવિધ પ્રકારનાં સાધનો કરાવી તેમના અભિમાનનું પોષણ કર્યું. શ્રીમદ્ ગુરુદેવ વિષ્ણુસ્વરૂપે તેમને લાધેલા, તેમણે પ્રદાન કરેલા જ્ઞાન-વિજ્ઞાનનું પાલન-પોષણ, ભરણ-પોષણ કરે છે. -ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

રૂા. ૫૧/- પૃષ્ઠ પ્રકાશન સહાયક

“સ્પેસ વિઝન” ચશ્મા શો રૂમ રાજકોટના તા. ૨૩-૯-૯૩ ના રોજ ઉદ્ઘાટનના શુભ ત્રસંગે શ્રી ભગવાનજીભાઇ રવજીભાઇ બાલધાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુચરણકમલ રેણુભ્યો નમઃ ॥
અથ શ્રીહરિરાયચરણ વિરચિતા

શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી–ટિપ્પણી

ભાષાંતર – **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

ટિપ્પણી-૬

જો એવી દલીલ કરવામાં આવે કે ફલ રૂપે પ્રભુ પ્રકટે તે સમયનો કયાં ઉપયોગ થાય (કારણ કે) તેને મેળવવાનું સાધન તો તેના ગુણનું ગાન કરવું એ જ છે તેથી શાસ્ત્રાર્થ તત્વની સંભાવના કેમ હોય તેના ઉત્તરમાં કહે છે કે "પૌરૂષભાજન" (એટલે કે લીલાભિનંદન) એ જ ફલ છે. બન્ને સ્થળોએ પરોક્ષતા તથા અપરોક્ષતા એમ બન્ને સ્થિતિમાં લીલાભિનંદન જે "વિષજલાપ્યયા" વગેરે રૂપનું છે (જુઓ ભા. ૧૦–૩૧–૩) એ જ ફલ છે, સ્વરૂપનું તો ગુણગનના અવસર (પ્રસંગ) માત્રથી પ્રાકટય થતું હોવાથી તેના રૂપનો અનુભવ તો તેના અનુભવને આધીન હોવાથી તેનું શેષત્વ (બાકી રહેવું) હોય છે તેથી તેના જ ફલપણાને લીધે પ્રાકટયમાં પણ તેના ભકતના સખ્યના ઉપયોગથી શાસ્ત્રાર્થપણાની સિદ્ધિ છે એ ભાવ છે.

ટિપ્પણી-૭

જો એવી દલીલ કરવામાં આવે કે ભક્તોનું આ પ્રકારનું હોવાપણું છે તેથી તેમનામાં દાસ્યની પ્રાર્થના (માગણી) ન કરતાં સામ્ય (સરખામણા)ને પ્રાપ્ત કરાવનાર સખ્યની માગણી (પ્રાર્થના) શા માટે કરી એવી શંકાની કલ્પના કરીને કહે છે કે "ભકતેષુ" એટલે કે ભકતોમાં વગેરે. ભકતોમાં "મદ્ભકતપૂજાભ્યધિકે" (જુઓ ભા. ૧૧–૧૯–૨૧) એટલે કે મારા ભકતની પૂજાથી અધિક....વગેરેથી શ્રવણથી શરુ કરીને દાસ્ય સુધીના બધા પ્રકારોમાં સખ્યરૂપ સાધન દ્વારા ફલપ્રાપ્તિ થતી હોવાથી (ફલ પ્રકરણમાં કહ્યા મુજબ) ફલરૂપ સખ્યની જ પ્રાર્થના જ (માગણી કરે છે – એ અર્થ છે.

ટિપ્પણી-૮.

જો એવો પ્રશ્ન (કે શંકા) કરવામાં આવે કે તેમાં નિરૂપણ કરેલ સખ્યની માગણી કર્યા વગર "મમ ઉત્તમ શ્લોક જનેષુ" એટલે કે મારા ઉત્તમ કીર્તિવાળા જનોમાં....વગેરે છઠ્ઠી તથા સાતમી વિભકિતઓમાં – નિષ્ઠા – શ્રદ્ધાના વિષયને જણાવનાર (વિભકિતઓમાં) કેવી રીતે પોતામાં નિષ્ઠા ધરાવનાર તે વિષયને લગતા સખ્યની પ્રાર્થના (કેમ) સંભવે ? તેના ઉત્તરમાં કહે છે "સર્વથા સ્વતંત્રત્વય" એટલે કે બધી રીતે સ્વતંત્રતાને માટે સખ્ય તો ભકિતમાર્ગીય મોક્ષ છે એ કારણે સ્વતંત્ર્ય ઉચિત (યોગ) છે. તે સ્વનિરૂપણની બાબતમાં યા તો તેના (એટલે કે સંગના) નિરૂપણાની બાબતમાં ખોટું ઠરે. આમ હોવાથી પોતામાં નિષ્ઠા (શ્રદ્ધા) ધરાવતા ભક્ત વિષે સખ્યનું કીર્તન છે એવો અર્થ છે. એથી (એટલે કે ભગવાનની પ્રાર્થનાથી) આ માર્ગમાં મોક્ષનું સાધન સાધ્યત્વનું કથન થયેલું છે.

ટિપ્પણી-૯

જો એવો પ્રશ્ન કરવામાં આવે કે પૌરુષના સાધનવાળું જ ફલ છે તે અસ્વાતંત્ર્યમાં ન

થાય (મળે) અને તેમ થતાં શ્રવણ જ થાય અને લીલા અભિનંદન ન થાય એવો ફલનો પ્રતિબંધ હોવાને કારણે સખ્ય એ મોક્ષ નથી એવી શંકા થાય તો (ઉત્તરમાં) કહે છે કે ગુણોના અભિનન્દનમાં પોતાના પણ સ્વતંત્ર્યને માટે પોતે પણ તેનો કર્તા હોવાથી મુખ્યતાને માટે, સખ્યરૂપા મુક્તિના પરિચ્છેદ એટલે (એટલે અવધિ) ના અભાવને અર્થે (માટે) "ઉત્તમ શ્લોક જનેષુ" ઉત્તમ કીર્તિવાળા, જનોમાં એ પદમાં બહુવચન વાપરવામાં આવ્યું છે – એ અર્થ છે. બહુજનોના સત્વમાં, સત્ર યજ્ઞમાં હોય છે તેમ, કોઇનું પણ સ્વાતંત્ર્યને યા તો અસ્વાતંત્ર્ય હોતું નથી. એવી જ રીતે તેમનાં મંડળના મધ્યમાં પાત (પડવાનું) થતાં પોતાનું પણ સ્વાતંત્ર્ય હોય એ ભાવ છે.

ટિપ્પણી-૧૦

જો એવી શંકા કરવામાં આવે કે તેમનામાં દૈન્ય (દીનતા) હોય એ જ યોગ્ય છે અને નહીં કે સ્વાતંત્ર્ય અને એમ થતાં સ્વતંત્રજનોમાં સ્વાતંત્ર્યના ઇશ્વરની જેમ દોષને ઉત્પન્ન કરવાપણું વગેરે હોય એવી આશંકા કરીને કહે છે, "જનત્વાદેવ" એટલે કે જનપણાને જ કારણે તે જનો પણ તેની ઇચ્છાથી જનન (જન્મ આપવો) વગેરે ધર્મથી યુકત હોય છે અને પ્રભુને આધીન હોય છે તેથી અસ્વતંત્ર હોવાથી તેમનામાં ગુણના સ્થાપન માટે સ્વાતંત્ર્ય હોય તેમાં દોષના સંબંધ નથી.

ટિપ્પણી-૧૧.

જો એવી દલીલ કરવામાં આવે કે ભગવદ્ ભક્તોમાં સખ્ય એ જ મોક્ષ છે અને તેવા ભક્તો દુર્લભ હોય છે તેથી તેમના સંબંધની સંભાવના કયાં કરવી ? તેના ઉત્તરમાં કહે છે. "સંસારરચ" એટલે કે સંસારની વગેરે. અહંતા તથા મમતાથી યુકત સંસાર ચક્રરૂપ હોય છે તેથી તેમાં રહેલો જન એક સ્થળે ઊભો રહેતો નથી પરંતુ ફર્યા કરે છે, કારણ કે અહંતા તથા મમતા દરેક ક્ષણે નવી નવી ઉત્પન્ન થાય છે તેથી પરિભ્રમણ છે વિષય જેનો તેવા ભકતના સખ્યનો તેના ઉપાર્જન બાબતમાં કલેશનો અભાવ હોય છે એમ અર્થ છે. ચક્રમાં રહેલાને પ્રયત્ન વગર જ તેની પ્રાપ્તિ માટેનો.

ટિપ્પણી-૧૨.

જો એમ દલીલ કરવામાં આવે કે તો પણ ભગવદ્ ભકતના સખ્ય માટે શું સાધન છે? એ કંઇ માત્ર સંસારમાં પરિભ્રમણથી જ પ્રાપ્ત થાય છે એવું નથી તે સત્સંગના અપસર્ગ સાધનપણાથી "ભવાપવર્ગોભ્રમતઃ" (ભા. ૧૦, ૫૧, ૫૪) એ વાકય અનુસાર આવી શંકાનું સમાધાન કરતાં કહે છે કે "કલેશ સાધન" – કલેશનું સાધન. કલેશ સાધન' એ શબ્દથી પરિભ્રમણ પદથી સારા માણસોની કૃપા વડે તેમના સખ્યરૂપ સાધનની સંપત્તિની સિદ્ધિ (પ્રાપ્તિ) થાય છે. એમ સૂચિતાર્થ છે. તેઓ તો કર્મને લીધે થતા ભ્રમણને જોઇને સહન કરવાની દયા લાવીને કૃપાળુ બને છે. એ કૃપા એજ સાધન છે એવો અર્થ છે. આવા સહજ કૃપાળુપણાને લીધે અંશ સહિતનું પણ નિઃસાધનત્વ સૂચવ્યું છે કારણ કે તેનો કંઈ પણ અંશ સાધનો દ્વારા સિદ્ધ (પ્રાપ્ત) થઇ શકતો નથી.

જો એવી શંકા કરવામાં આવે કે જો એમ હોય તો પછી પ્રાર્થના શા માટે ? એવા પ્રશ્નનો

ઉત્તર આપતાં કહે છે “યોગ્યા યોગ્ય દેહાનાં” એટલે કે યોગ્ય કે અયોગ્ય દેહવાળાના....વગેરે સંસાર ચક્રમાં ભ્રમણને લીધે યોગ્ય કે અયોગ્ય દેહવાળા બહુજનો જન્મ્યા છે તેથી હાલમાં ક્લેશ (દુઃખને) લીધે સ્વધર્મનો વિચાર કર્યા વગર પણ તેના અભાવને માટે પ્રાર્થના અને નહિ કે (કોઈ પ્રકારના) ફલને માટે પ્રાર્થના છે એમ અર્થ છે. (ક્રમશઃ)

કાવ્ય-કુંજ “અભિલાષા”

[બાલુડા બાલકૃષ્ણજીની ઝાંખી કરતાં ભક્તનું મન આનંદિત બની જાય છે. પ્રભુ ચાહે તે કરી શકે છે, ભક્તોની ઇચ્છાઓ પૂર્ણ કરે છે. દીનભાવથી બન્ને હાથ જોડી ભક્ત પોતાનું નિવેદન કરે છે કે મારી આવી ઇચ્છાને પૂર્ણ કરો. બાલભાવથી ‘તું’કારો દીધો છે.]

—સંપાદક

[ઢાળ : ગોકુળથી નીકળી ગોરી ગોવાલણી મહીડા વેચવા ચાલી જો....]

ગાવા દે મને ગાવા દે વહાલા વલ્લભના ગુણ ગાવા દે....ટેક
ચંપારણ્ય મોટું ધામ તીરથનું, મને વલ્લભના ગુણ ગાવા દે....
વ્હાલા વનની ઝાંખી કરવા દે, મને વલ્લભના.... ૧
ચરણાટ મોટું ધામ તીરથનું, ગોદમાં ગુસાંઇજી બિરાજે છે;
વ્હાલા સેવાને સુમરણ કરવા દે, મને વલ્લભના.... ૨
અડેલ મોટું ધામ તીરથનું, ગોપીનાથજી બિરાજે છે;
વ્હાલા ઝારી ચરણ સ્પર્શ કરવા દે, મને વલ્લભના.... ૩
મેવાડ મોટું ધામ તીરથનું, સાક્ષાત્ શ્રીનાથજી બિરાજે છે;
વ્હાલા શ્રીજીની ઝાંખી કરવા દે, મને વલ્લભના.... ૪
કાંકરોલી મોટું ધામ તીરથનું, દ્વારકાનાથજી બિરાજે છે;
વ્હાલા રાયસાગરમાં ન્હાવા દે, મને વલ્લભના.... ૫
વ્રજમાં તે મોટું ધામ ગોકુળીયું, મહારાણીજી બિરાજે છે;
વ્હાલા ઠકરાણી ઘાટે જાવા દે, મને વલ્લભના.... ૬
ચોરાશી કોશ યાત્રા વ્રજમંડલ, ભક્તોની ભીડ ત્યાં ભરાય છે;
વ્હાલા રમણ રેતીમાં લોટવા દે, મને વલ્લભના.... ૭
વૃંદા તે વન મોટું ધામ છે વ્રજમાં, બાંકે બિહારી બિરાજે છે;
વ્હાલા નિધિવન ઝાંખી કરવા દે; મને વલ્લભના.... ૮
જતીપુરા છે ધામ શ્રીજી તણું, શ્રી ગિરીરાજ બિરાજે છે;
વ્હાલા દુધની પરિક્રમા કરવા દે, મને વલ્લભના.... ૯

દ્વારકા મોટું ધામ તીરથનું, રણછોડરાય બિરાજે છે;
વ્હાલા ગોમતીમાં ન્હાવા દે, મને વલ્લભના.... ૧૦
પંઢરપુર મોટું ધામ તીરથનું, વિઠ્ઠલનાથજી બિરાજે છે;
વ્હાલા ચંદ્રભાગામાં ન્હાવા દે, મને વલ્લભના.... ૧૧
રાજકોટ મોટું ધામ વૈષ્ણવનું, બાલ કૃષ્ણલાલ બિરાજે છે:
ગાયું '**લલિતા**'એ સત્સંગમાં જાવા દે, મને વલ્લભના.... ૧૨

–લલિતાબેન કંસારા

(૨) દાણલીલા

[આ દાણલીલાની સુંદર ભાવના છે. કમળા (લક્ષ્મીજી) પણ ઇચ્છા રાખે છે કે ભાગ્યવાન વ્રજની ગોપી જેની પાસે પ્રભુ હઠ કરી દાણ લે છે, આવું સુખ મને કયારે મળે ?]

–સંપાદક

[ઢાળ : ગોળી ફોડી મારી ગોળી ફોડી જુઓ જશોદા....]

માથે મટુકડી મહીની ભરી, ચારપાંચ ગોપીઓ સાથે મળી;
આવી પહોંચી છે કુંજગલી, કાન્હ કહે છે તમે ભલે મળી.... ૧
ગ્વાલ–બાલ મળીને રાખી ઘેરી, છડી લઇને ત્યાં આડી ધરી.... ૨
દાણ દઇને પછી આગળ જાઓ, નહિતર અહીંથી અટકી જાઓ.... ૩
નટવર નંદલાલ તને આવે ના લાજ, મારગડો રોકે છે મહીડાને કાજ.... ૪
નંદબાબા ઘેર નવલેખ ઘેનું, માખણને દુધની ચાલે છે રેલ્યું.... ૫
મહીડા છે મારા ખાટા વાસી, કેમ ખાશો તમે વ્રજના વાસી.... ૬
મને ભાવે છે ગોપી માંગેલું દહી, નહીં તો લઇશ ગોપી તારે ઘેર જઇ.... ૭
હમણાં જ તારી મટકી ફોડીશ, ગ્વાલબાલ સઘળાને વેંચી દઇશ.... ૮
મહીડા ઢોળાશે મારગની માંય, ચુંદડી ચોળાશે મહીડા ઢોળાય.... ૯
સાસુ નણંદ તને મેણા દેશે, પછી જવાબ તું શું રે દેશે.... ૧૦
માની જા વાત મારી દઇ દે દહીં, રોજરોજ રોકીશ મારગ અહીં.... ૧૧
ગોપીઓ મનમાં રાજી થઈ રહી, દાણ આપીને હાથ જોડી રહી.... ૧૨
આવી છે વ્રજની લીલા ઘણી, નિત્ય દાણ માગે વ્રજનો ધણી.... ૧૩
મારી પાસે દાણ કયારે માગે, પ્રભુ પાસે આશ '**કમળા**' રાખે.... ૧૪

–કમળાબેન આશર

॥ શ્રીહરિ ॥

શ્રી ગોપાલાષ્ટકમ

રચયિત : **શ્રી દેવીપ્રસાદ શર્મા, ગોકુલ જુનાગઢ.**

પ્રસ્તાવના : હિન્દી ભાષાના પ્રસિદ્ધ કવિ દેવીપ્રસાદજીએ આ પુસ્તિકામાં 'ભાષા સાહિત્ય'ની કાવ્ય રચનામાં 'ગોપાલાષ્ટક' કર્યું છે. આ અષ્ટકમાં ગાય અને ગોપાલ બન્નેની મહત્તા છે. ગોપાલાષ્ટમીનો દિવસ ભગવાન શ્રી કૃષ્ણ પ્રથમ ગોચારણ કરવા પધાર્યા, તે મંગલ દિવસ છે.

આ કાવ્ય રચનામાં પ્રથમ ગોચારણથી લઇને પાછા પ્રભુ ઘેર પધાર્યા અને શ્રી યશોદાજીએ આરતી ઉતારી ત્યાં સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જગપતિનું ગોચારણ અને પાલન જોઇને શિવ બ્રહ્માદિક દેવતાઓ પણ પોતાના લોક કરતા બ્રજના આ અનિર્વચનીય આનંદ માટે ઉત્સુકતા દેખાડે છે. જ્યારે વ્રજાંગનાઓ નંદ નંદનને ગાયો સાથે ઘેરે પધારતા જોઇને પોત પોતાના ઘરમાંથી પ્રભુ ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે.

ગાયોનું મહત્વ સર્વાંશે પર્વોપરિ છે. જે જગત્નિયન્તા પરાત્પર ભગવાન શ્રી કૃષ્ણની સેવા કરવા માટે દેવાદિકો તરશે એ પૂર્ણ પુરુષોત્તમ આ ગોમાતાની સેવા કરી, ગાયનું મહત્વ પ્રભુએ સમજાવ્યું છે.

આ પુસ્તિકામાં સાહિત્ય સૌંદર્યથી આખી ગોલીલાને સુંદર શબ્દોમાં ઉતારવામાં આવી છે. પ્રત્યેક ગો. પ્રેમી આ અષ્ટકનો પાઠ માત્ર કરે તો પણ એનો ઉદ્ધાર અવશ્ય છે.

[નિ. લી. પુ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રી – જુનાગઢ]

મંગલાચરણ – દોહા

કૃપા સિંધુ ગુરુદેવ, પદ પંકજ રજ શિરધાર;
શ્રી ગોપાલાષ્ટક લિખૂં, અલ્પબુદ્ધિ અનુસાર. ૧.

કૃપાના સાગર ગુરુદેવના ચરણની રજ શીર ઉપર ધારણ કરીને મારી અલ્પ બુદ્ધિ અનુસાર ગાયોની સેવા કરવાવાળા ભગવાન શ્રી નંદનંદન ગોપાળનું અષ્ટક લખું છું.

કવિતા-૧

શુકલપક્ષ કાર્તિક કી ગોપ અષ્ટમી હૈ આજ, મૈયાને કન્હૈયાજૂ કૌ ધર્યો હૈ ગોપાલ નામ. ૧
આગે ગાય પાછેં ગાય ઇત ગાય ઉત ગાય, ગાયનકે મધ્ય રાજૈ જોડ કૃષ્ણ બલરામ. ૨
કાજર હૈ કારી ધૌરી ધુમર સુ પીરી લાલ, ખિરકન સોં કાઢ ગામ ગ્વૈંડે મેં જમાયૌં ઠામ ૩
'દેવીદ્વિજ' ગોપીગોપ ગ્વાલ કહેં ભૈયા આજ, કૈસૈયે સુશોભિત હૈ ગોકુલ ગૌલક ધામ. ૪

આજ કાર્તિક સુદ ૮ ના રોજ શ્રી જશોદા મૈયાએ કનૈયાનું ગોપાળં નામ ધરાવ્યું છે. આગળ પાછળ આજુ બાજુ ચોમેર ગાયો છે અને ગાયોની મધ્યમાં કૃષ્ણ તથા બલરામ બન્ને

ભાઇઓ સુશોભિત છે. બધા રંગની ગાયો કાજર, કાળી, ધોરી, ધુમ્મર, પીળી, લાલ બધીને ગૌશાળામાંથી પાદરમાં વનમાં ચરાવવા લઇ જવા માટે લાવવામાં આવી. કવિ દેવી દુજ કહે છે કે આ સમયે ગોપી ગોપ, ગ્વાલ બધા આપસમાં કહેવા લાગ્યા કે આજે ગોકુળ ગોલોક જેવું કેવું શોભાયમાન બની રહ્યું છે. ૧

કવિત ૨.

નાચત આનંદ ભરે ગોપ ગ્વાલ ગોકુલ કે, આજ તૌ કન્હૈયા ભૈયા ગૈયા લૈ ચરામેગે ૧
ગાયન કેં ગેરું કે સુ દીબલા લગાય અંગ, મોરપંખ કન્ઠા સીંગ સોંને સોં ભરામેંગે. ૨
લટપટી પાગ સોહે શીશ લિયે લઠુ હાથ, ફેંટ બાંધ મેવા ભોગ બનમેં ધરામેંગે . ૩
'દેવીદ્વિજ' લેંગેદાન ગોપિકાન હૂંસોં જોર, લકુટી સોં ફોર દધિ મટુકી ઢરામેંગે. ૪

ગોકુળના ગોપ, ગ્વાલ, આનંદમાં આવી નાચવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ઓ ભૈયા, આજે તો કનૈયા વનમાં ગાયોને ચારવા પધારશો. ગેરુ ઘસીને માટીના કોડીયાથી ગાયોના શરીર ઉપર છાપ મારવા લાગ્યા, અને ગાયોના ગળામાંથી મોરપીછના હાર નાખ્યા. શીંગડાને સોનેથી મઢાવ્યા અને આ રીતે ગાયોને સંપુર્ણ શણગારવામાં આવી. ગ્વાલબાલોએ પણ પોતાના માથા ઉપર લટપટી પાઘ પહેરી અને હાથમાં ડાંગ લીધી, તેમજ ફેંટમાં (કમર બંધમાં) વનમાં શ્રી ઠાકોરજીને ભોગ ધરવા માટે સુકો મેવો લીધો અને ભગવાનને કહેવા લાગ્યા કે ગોપીકાઓ દહીં વેચવા નીકળશે ત્યારે દાણ લેશું અને જો નહિ આપે તો તેની ગોરસની મટકીને ડાંગથી પાડી નખાવી દહીં ઢોળી નાખશું. ॥૨॥

કવિત-૩

મૈયાને સિંગાર કિયૌ કૃષ્ણ બલરામ જુ કો, શીશપૈ મુકુટ કટિ કાછની ધરી બનાય. ૧
કુંડલ શ્રવણ નક બેસર ચિબુક ચારુ, બાજુબન્દ કડા કટી કિંકિણી ઠન ઠનાય. ૨
'દેવીદ્વિજ' મોતીમાલ ગુંજમાલ બનમાલ, સોહત તિલક ભાલ ડિઠૌના દિયૌ લગાય. ૩
ગ્વાલન કે સંગ ચલે ગાયન કે પાછે તબ, કામરી લકુટ કર મુરલી દીની ગહાય. ૪

આ સમયે મૈયાએ કનૈયા તથા બલરામનો જે શૃંગાર ધરાવ્યા છે તેનું વર્ણન એવું છે કે શ્રી મસ્તક ઉપર મુકુટ, કેડે ઘેરદાર કાછની, કાનમાં કુંડલ, નાકમાં વેસર અને હડપચીમાં સુંદર ચીબુક ધરાવ્યું છે. વળી શ્રીહસ્તમાં કડાં ધર્યા છે અને કેડમાં ઘુઘરીવાળી કાંકણી ઠન ઠન વાગે છે. કવિ દેવીદ્વિજ કહે છે કે શ્રીકંઠમાં મોતીની માળા, ગુંજાની માળા અને વનમાળા ધરાવેલ છે, અને શ્રી મસ્તકમાં તિલક શોભી રહ્યું છે તેમજ દૃષ્ટિ ન લાગે તે માટે કાજળનું ચિન્હ પણ કર્યું છે. પછી બધા ગ્વાલને સાથે લઇને ભગવાન તથા બલરામ ગાયોની પાછળ ચાલવા તૈયાર થયા તે વખતે શ્રી જશોદા મૈયાએ કારી કામળી, લાકડી અને મોરલી એ ત્રણે વસ્તુઓને કનૈયાને આપી. ॥૩॥

કવિત-૪

ધારે હૈં શ્રવણ ન મેં કુંડલ મુકુટ શીશ, કામરી લકુટ લિયેં બ્રજ રજવારે હૈં ૧
બારે હૈ જશોમતી કે નન્દ કે દુલારે કાન્હ, ગોપી ગોપ ગ્વાલન કે નૈનન કે તારે હૈં. ૨
તારે હૈં અનેક ભકત **‘દેવીદ્વિજ’** ગાય વત્સ, મોરપંખ હારન સોં સુન્દર સિંગારે હૈં. ૩
ગારે હૈં ગોરસ કે ગોકુલ ગલીન આજ, પ્રથમ ગોપાલ ગઉ ચારન પધારે હૈં. ૪

વ્રજની રક્ષા કરવાવાળા કનૈયા (ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર) એ કાનમાં કુંડલ ધર્યા છે. શીર ઉપર મુકુટ ધર્યા છે અને કામળી તથા લાકડી હાથમાં ધારણ કરી છે. વળી તે શ્રી જશોદાજીના બાળક છે અને નંદજીના લાડકડા છે અને ગોપ, ગોપી અને ગ્વાલની આંખની કીકીઓ છે. (અર્થાત્ ઘણા વહાલાં છે) કવિ દેવી દ્વિજ કહે છે કે અનેક ભકતોને તારવાવાળા ભગવાન ગાય અને વાછડાને મોરપીંછના હારથી સુંદર શણગારેલ છે. ગોકુળની ગલીઓમાં ગોરસના ગારા થઇ ગયા છે અને આજે ગોપાષ્ટમીને દિવસે ભગવાન ગ્વાલને સાથે લઇને પહેલ વહેલા ગાયો ચરાવવા પધારે છે. ॥૪॥

—ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લેખક : **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી, ‘વ્રજ” ધોરાજી**

પદ ૧૦૮

શ્રી યમુને જગ વંદની,
યશ વેદ હી ગાયો;
જે જન તટ સેવન કરે,
સો હરિપદ પાયો. ૧
સ્નાન દાન કી કહા કહું,
મહિમા નિર્ધારી;
નામ લેત શીઘ્રહીં પાવેં,
યદ્યપિ કર્મચારી. ૨
સુખ કરની દુઃખ હરની,
પતિતન પદ દાની;
વહે જાત **‘કૃષ્ણદાસ’**,
સુર મુનિ ઓર જ્ઞાની. ૩

ભાવાર્થ : જગત પાવની શ્રી યમુનાજી જગત વંદની છે એવા યશ વેદોએ પણ ગાયા છે કે જે કોઈ જીવ, તટપર નિવાસ કરે તે નિશ્ચય હરિપદને જ પામે છે. શ્રી યમુનાજીનો મહિમા અપાર–અગાધ અને અવર્ણનીય છે. તે આદિ–અનાદિથી નિર્ધારીત જ છે. પછી સ્નાન દાનથી મહાન ફલપ્રાપ્તિ છે જ. તે પણ સુદૃઢ રીતે નિર્ધારીત જ છે.

શ્રી યમુનાજીનું નામ લેતાં જ ઉદ્ધાર અને ફલપ્રાપ્તિ ભલે પછી તે દુરાચારી નિંદીત કર્મ કરનાર મહાપાપી હોય, પરંતુ શ્રી યમુનાજી પતિતોને પાવન કરીને પરમપદ આપનારા છે. સર્વ પ્રકારના સર્વદુઃખોનું હરણ કરીને સર્વ સુખોને આપવાવાળા છે.

કૃષ્ણદાસજી કહે છે કે સુર, મુનિઓ, જ્ઞાનિઓ સર્વ આવી ભાવનાથી શ્રી યમુનાજીનું સેવન, સ્મરણ, ભજન કરી પોતાના જીવન જન્મને સાર્થક કરતા જીવનનું વહન કરી રહ્યા છે.

પરમ કૃપાળુ શ્રી યમુનાજીના મહારાણીનો જય થાઓ.

॥ શ્રીવલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્‌ગારો

જીવની વિપરીત ભાવના

આટલા જીવ છે, તે બધાને પ્રભુ પ્રાપ્તિ કેમ થતી નથી ? ત્યારે કહે છે કે આ જીવ દેહ આરામી છે, તે તો એમ જાણે છે કે દેહને સુખેસુખ ને તે ઉપર દૃષ્ટાંત આપે છે કે–

આપણી સ્ત્રી આપણી ચાકરી કરે તો વહાલી લાગે, છોકરો આપણું કામ કરે, તો વહાલો લાગે. ઘર કરે તે પોતાના સુખને માટે, દ્રવ્ય સંગ્રહ કરે તે પોતાને ખાવા માટે. વિચારે કે ઘરડા થઇશું ત્યારે ખાઇશું. જે દેહને સુખી કરે, તે વહાલું લાગે. આપણી ચાકરી ના કરે, તે અળખામણું લાગે. જીવનું બધું સુખ દેહના સંબંધે જાણે. મરશે ત્યારે બીજા જન્મમાં પણ દેહની પ્રાપ્તિ થશે. દેહને સુખે સુખ જાણી દેહને જ પ્રભુ જાણે છે. ખાધું પીધું તે આપણું, બાકી બીજુ સર્વે ખોટું છે, આટલું દેહ આરામનું કહ્યું.

હવે આત્મારામનું લક્ષણ કહે છે–

આ દેહને કોઈ મારે આ દેહને કોઇ કાપે દેહને કોઇ ગાળો દે તેનું દુઃખ ન લાગે. તેને આત્માને દુઃખ દુઃખ થાય, પણ આત્માને તો દુઃખ છે નહિ.

હવે ભકિતનું લક્ષણ કહે છે–

દેહરામથી આત્મારામ મોટા, આત્મારામથી ભકિતવાન મોટા. ભકિતમાનનું લક્ષણ શું ? ભકિતવાન જીવ પ્રભુ આરોગ્યા હોય તે જ આરોગે, પ્રભુએ શણગાર ધર્યા હોય તે પોતે ધરે. પ્રભુને સુખે સુખી. પ્રભુ આરોગ્યા પછી ગમે તે ખાઇ જાય, પણ પોતાને એકે તરફનો શોક લાગે નહિ. પોતાને ખાવાની, પીવાની, ભોગની કે વિષય કશાની એ ઇચ્છા ન કરે. તે જીવ તો પ્રભુથી પ્રકટ થયો છે, માટે પ્રભુ આરોગે તે જ પોતે આરોગે. પોતે બીજો છે નહિ. પ્રભુ તે જ પોતે છે. દેહ, પ્રાણ, ઇન્દ્રિય, અંતઃકરણ સમર્પણ કરીએ, તે આત્મનિવેદન થયું. સર્વે પ્રભુને સમર્પણ કરવું, પોતે દાસ થઇને રહેવું. દાસને કશી વાતની ચિંતા કરવાની હોય નહિ. પ્રભુને જેથી સુખ થાય તે કરવું.

આ માસના ઉત્સવ

આસો વદ ૧૦ તા. ૯-૧૧-૯૩ મંગળવાર, શ્રી ટીકેતના શૃંગારનો પ્રારંભ, ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા-પોરબંદર-મુંબઇ)નો તથા ગો. વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)નો તથા ગો. ચિ. શ્રી મધુસુદનલાલજી (અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૧૦-૧૧-૯૩ બુધવાર. રમા એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી મુરલીધરલાલજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૧૧-૧૧-૯૩ ગુરુવાર. વાઘબારસ, ગોવત્સ દ્વાદશી, ગો. ચિ. શ્રી કલ્યાણરાયજી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૧૨-૧૧-૯૩ શુક્રવાર. ધનતેરસ, રૂપચૌદશ, અભ્યંગ સ્નાન, શ્રી જયદેવલાલજી મહારાજશ્રી (વીરમગામ)નો જન્મદિન, (ચૌદશનો ક્ષય છે તેથી આજે).

આસો વદ અમાસ તા. ૧૩-૧૧-૯૩ શનિવાર. દિવાળી, હટડી, કાનજગાવન, લક્ષ્મીપૂજન, દીપદાન, વિક્રમ સંવત ૨૦૪૯ની સમાપ્તિ.

સંવત ૨૦૫૦ કારતક સુદ ૧ તા. ૧૪-૧૧-૯૩ રવિવાર. નૂતન વર્ષારંભ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ, ગો. ચિ. શ્રી ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૧૫-૧૧-૯૩ સોમવાર. ચંદ્રદર્શન, ભાઇબીજ.

કારતક સુદ ૩ તા. ૧૬-૧૧-૯૩ મંગળવાર. ગો. ચિ. શ્રી યમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૧૭-૧૧-૯૩ બુધવાર. ગો. ચિ. શ્રી ભૂષણજી (માંડવી)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૧૮-૧૧-૯૩ ગુરુવાર. લાભપાંચમ, ગો. ચિ. શ્રી વ્રજભૂષણલાલજી (મથુરા)નો તથા ગો. ચિ. પુરુષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૧૯-૧૧-૯૩ શુક્રવાર. શ્રી વ્રજોત્સવજી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી વિશાલકુમારજી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૨૦-૧૧-૯૩ શનિવાર. ગો. શ્રી જીવનેશજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી જયદેવજી (કોટા)નો તથા ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૨૧-૧૧-૯૩ રવિવાર. ગોપાષ્ટ.

કારતક સુદ ૯ તા. ૨૨-૧૧-૯૩ સોમવાર. અક્ષય નવમી, કુષ્માંડ નવમી, સત્યુગાદિ તિથિ, ગોવિંદાભિષેક, વિવાહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય, ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૨૩–૧૧–૯૩ મંગળવાર. શરદઋતુ પુરી થઇ, ગો. ચિ. શ્રી દ્વારકેશજી (કોટા)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૨૪–૧૧–૯૩ બુધવાર. પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ સવારે શૃંગારમાં રસાત્મક મહારાત્રિ, તુલસીવિવાહ, હેમંતઋતુ શરૂ થઈ, પોષ વદ ૮ સુધી, ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૨૫–૧૧–૯૩ ગુરુવાર. શ્રી ગુસાંઇજીના પ્રથમલાલજી શ્રી ગિરધરજી (સં. ૧૫૯૭)નો તથા પાંચમાલાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો ઉત્સવ, ગો. ચિ. વ્રજેન્દ્રકુમારજી (અમદાવાદનો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૨૯–૧૧–૯૩ સોમવાર. પૂર્ણિમા, ચાતુર્માસના નિયમ સમાપ્તિ, ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૩૦–૧૧–૯૩ મંગળવાર. ગોપમાસનો પ્રારંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૧–૧૨–૯૩ બુધવાર. ગો. ચિ. શ્રી વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૩–૧૨–૯૩ શુક્રવાર. શ્રી દાઉજી મહારાજકૃત છ સ્વરૂપનો ઉત્સવ. ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. શ્રી કમલેશબાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રબાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૭ તા. ૬–૧૨–૯૩ સોમવાર. ટીકેત શ્રી ગોવિંદલાલજીનો જન્મદિન (નાથદ્વારા).

કારતક વદ ૮ તા. ૭–૧૨–૯૩ મંગળવાર. શ્રી ગુસાંઇજીના બીજાલાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

ભેટ પુસ્તક અંગે....

વલ્લભસુધાના ગ્રાહકોને ભેટ પુસ્તક મોકલવાનું કામ ચાલુ છે. સેવાભાવી કાર્યકર્તાઓની સગવડ મુજબ પુસ્તકો રવાના થાય છે તો સર્વે ગ્રાહકોએ ધીરજ રાખવા વિનંતી.

“શ્રી દામોદર સ્વરૂપ ચિંતન” પુસ્તક શ્રી વલ્લભ સુધાના આ માસની છેલ્લી તારીખ સુધીમાં નવા ગ્રાહક નોંધાશે તેમને મલી શકશે તો તુરત ગ્રાહક બની ભેટ પુસ્તકનો લાભ લેશો **–વ્યવસ્થાપક**

શ્રીજીને વલ્લભકુલ વહાલું રે....!

–પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ગુજરાતના કડી શહેરમાં ગોલવાડ લત્તામાં એક બહેન રહે. નામ તેમનું આદિતબેન. ધર્મે પુષ્ટિમાર્ગી વૈષ્ણવ. તેઓ દઢ આસ્થાવાળા હતા. શ્રી ઠાકોરજીની સેવા ભાવપૂર્વક કરતા.

આદિતબેનને આખા શરીરે કોઢ નીકળેલો. કોઢનો પ્રકોપ પણ એટલો બધો કે આખા અંગ પર ક્યાંય એક રતિભર પણ એવું સ્થાન ન મળે કે જ્યાં ચોકખી ચામડી દેખાય.

કોઇ વાર આદિતબેનને જરા દુઃખ થતું, પરંતુ મહાપ્રભુજીવી 'નવરત્ન' ગ્રંથમાં આપેલ આજ્ઞા– 'ચિંતા કાડપિ ન કાર્યા'

તેમને ધૈર્ય અને બલ આપતી અને ચિંતાને તેઓ મનમાંથી દુર કરી દેતા. પોતાના મનને ઉદ્દેશી તેઓ કહેતા : 'રે મન ! તું શીદને ચિંતા કરે, હરિને કરવું હોય તે કરે.' શ્રીહરિ ચરણે શ્રદ્ધા રાખી આદિતબેન ભાવપુર્વક શ્રીજીની ભકિત–સેવા અને ટહેલ કરતા.

એક વાર આદિતબેન વૈષ્ણવોના સંગમાં યાત્રામાં કામવન ગયા. ત્યાં તેમનો ઘણો બધો સમય શ્રી મદનમોહનજી ઠાકોરજીની સેવા અને ટહેલ પ્રેમભાવપુર્વક કરવામાં વ્યતીત થતો. તેમની સેવા–ટહેલ જોઇ વૈષ્ણવોના મુખથી ઉદ્‌ગાર નીકળી પડતો : 'વાહ ! સેવા અને ટહેલ તે આનું નામ !'

આ બાઇની શ્રી ઠાકોરજીની સેવા અને ટહેલથી અને શ્રીહરિ ગુરુ પ્રત્યેના તેમના ભાવથી પુ. પા. ગો. શ્રી રમણલાલજી મહારાજ અતિ પ્રસન્ન થયા. એક દિવસ આપશ્રીએ પ્રસન્ન મુખમુદ્રાથી આજ્ઞા કરી : 'વૈષ્ણવ, કમસે કમ તુ એક વરસલોં વિમલ કુંડમેં સ્નાન કર, તેરો સકલ અંગ વિમલ હો જાયેગા.'

આદિતબેનને તો મહારાજશ્રીના વચન સાંભળી ખૂબ આનંદ થયો. ભાવપુર્વક બાવાશ્રીના ચરણકમલમાં દંડવત્ કરી તેમણે કહ્યું : 'જે રાજ, આપની આજ્ઞા હું માથે ચડાવું છું. આપશ્રીએ આ દીનહીન જીવ પર ખૂબ કૃપા કરી.'

આદિતબેને આજ્ઞા પ્રમાણે સતત એક વર્ષ પર્યંત વિમલ કુંડમાં સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી શ્રી ઠાકોરજીની સેવા અને ટહેલ કરતા. શ્રદ્ધા અને પ્રેમપુર્વક તેમણે એક વર્ષ સુધી આ ક્રમ જાળવી રાખ્યો. સેવા અને ટહેલથી તેમની ભકિત વિશુદ્ધ બની. તેમના હ્રદયના વિમલ ભકિતરસે તેમના કોઢના મલને ધોઈ નાખી આખા અંગને વિમલ બનાવી દીધું. પ્રભુ કૃપાથી તેઓ કોઢના રોગથી મુકત થયા. તેમનું આખું શરીર નિર્મલ બની ગયું. તેમણે ઘણાં લાંબા સમય સુધી નિર્મલ–વિમલ તન–મનથી શ્રી ઠાકોરજીની સેવા પ્રેમપુર્વક કરી.

આજે પણ શ્રદ્ધાળુ–દઢ આસ્થાવાળા, સાચી ભકિતવાળા વૈષ્ણવો છે અને પ્રતાપી બાલકો પણ છે. આજેય શ્રીનાથજીને શ્રી વલ્લભકુલના પ્રતાપી બાલકોનાં વચન સિદ્ધ કરે જ છે.

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા : **પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા**

રાગ–**બિલાવલ**

(ગતાંકથી ચાલુ)

દાસ નારાયણ બ્રહ્મચારી, સેવ્યા ગોકુલચંદ સુખકારી
ઘાસ ધોય નિત્ય ગાય ખવાવે, યાતેં દૂધમેં રજ નહિ આવે.
(છંદ) આવે નહિ રજ દુધમેં તહાં, એસો પુરણ સ્નેહ હી;
દ્રવ્યકો નહિ નેક ચાહત, બુહારી ડારત ગેહહી.
અંતમેં પ્રભુ સુખ માગ્યો, વે નિરપેક્ષ કહાઇયે;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે વિમલ ગુણ ગાઇએ. ૧૯
મહાવનમેં એક ક્ષત્રાણી, ચાર સ્વરૂપ પાયે સુખદાની;
તાપેં દ્રષ્ટ કરી નિજ નાથે, પધરાયે વૈષ્ણવ માથે.

(છંદ) માથે જો વૈષ્ણવ કે પધારે, તાકો સુંદર ગાતહી,
પ્રાણ વલ્લભ કી કૃપાતેં, કીરત જગ વિખ્યાત હી;
બહોત દીનલોં કરી સેવા, ફેર તહાં પધરાઇયે;
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૨૦
વરનો ક્ષત્રી કપુરજનદેવા, લલિત ત્રિભંગી કી કરે બહો સેવા;
અલ્પકાળમેં પદ પહોંચાયે, ફેર પ્રભુ મંદિરમેં નહિપાયે.

(છંદ) પાયે નહિ પ્રભુ મંદિર ભીતર, ભયે અંતર ધ્યાનહી;
નેહ નાતો સબ સોહાતો, ચાહે ન મન સનમાન હી.
કરી કરૂણા શરણ લીને, લીલા નાંહી લીખાઇએ;
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૨૧
જીયાદાસ એક ક્ષત્રી કહીયે, તાકે પદપંકજ બલજઇએ
લાડલી લાલ લાડ લડાયે, ચારોં જામ નિજ પદ પહોંચાયે

(છંદ) પહોંચે ચારોં જામ નિજ પદ, પ્રાણ વલ્લભ શ્રીહરિ,
વે સમે સૂતા દોઉ રહે, તીને મીલ સેવા કરી;
સબ જગતમેં ધર ન ન્યારી, કોન રીત છુપાઇએ. ૨૨
બસત અડેલે દિન કર દાસા, તાકો સિંચત સુખકી રાસા,
એક દિના ગ્રહે કાજ મીલાયે, સુનત ભનક સબ તજ આયે;
(છંદ) આયે તજકે પ્રાનપતિ ઢીંગ, દેખકેં આજ્ઞા કારી,
ઉત્તમ શ્રોતા હમારે, લાગી ફીર અમૃત ઝરી;
બહાર અંતર કીયે આદ્રિંત સકલ રસ સરસાઈયે,
ચોરાશી મહા ભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ ૨૩
જનમુકુંદ પંડિત ઘેર પ્રેમ, સુબોધિની સુમરણકો નિત્યનેમ,
તાહી પ્રિય વર વલ્લભ વાની, કહા કોઉ અલ્પ પુરાણી;
(છંદ) પુરાણી અલ્ગ કહ કરે કોઉ, મુકુંદ સાગર જીન દીયા,
પ્રાણપતિ કે પતિવ્રત દૃઢ, સ્વપને નહીં મન અન્ય દીયા;
એસે સાચે ટેક વારે, સદા શિશ નવાઇયે,
ચોરાશી મહા ભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ. ૨૪
પ્રભુદાસ જલોટા કહાયે, દધિ પલટે મુકિત દે આયે;
વરવલ્લભ પુરન ફલ પાયો, આદ્ય વૃન્દાવન આપ દિખાયો.

(છંદ) દિખાયો અપનો ધામ આપહી, કીયો મહારસદાનહી,
વિષ્ણુદાસ પ્રભુ શ્રીવલ્લભ, કીયો મુખ મધુપાનહી;
મીલી ઇનિકી કૃપા કણીકા, તોહે જીવ જીવાઇએ,
ચોરાસી મહા ભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૨૫

પુસ્તક પરિચય

સત્સંગ : સાત સાગર પાર
વ્યાખ્યાતા–પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
'વ્રંજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી. કે. સીનેમાની બાજુર્માં **મહેસાણા**–૩૮૪૦૦૨
સાઈજ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૨૫૦ લેમીનેશન પાકુ પુઠું ન્યોછાવર દર્શાવિલ નથી.

પુસ્તુત પુસ્તકમાં સંપ્રદાયના વિદ્વાન પ્રા. રમેશભાઈ પરીખના અમેરિકાના પ્રવાસ દરમ્યાન જુદાં જુદા ગામો–સ્થળોએ સત્સંગ સભાઓ–શિબિરમાં આપેલા પ્રવચનોનો કેસેટ ઉપરથી લીપી બદ્ધ કરેલો સંગ્રહ છે.

આ પ્રવચનોના સંગ્રહમાં સંપ્રદાયના પાયાની વાતો જાણવા–માણવા જેવી સરળ શૈલીમાં પ્રસ્તુત થયેલી છે જેવી કે શ્રીમહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રીકૃષ્ણ, ભકિત, સેવા, નામમંત્ર, બ્રહ્મ સંબંધ. વૈષ્ણવતા, કીર્તન સાહિત્ય. અનન્યાશ્રય, પુરૂષાર્થ વગેરે અનેક વિષયોને સમજવા માટે જિજ્ઞાસુજનોને વસાવવા જેવું છે.

સમાચાર

મુંબઇમાં પુષ્ટિ માર્ગીય પરીક્ષાર્થીઓનો પ્રોત્સાહન સમારંભ

આપણા શ્રી મહાપ્રભુજીએ દર્શાવેલે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજવા ને પરસ્પર એકબીજના સંપર્કમાં આવી સંગઠિત થઈ પરિવારની ભાવના કેળવાય એ હેતુથી જૂનાગઢ શ્રી પુરૂષોત્તમ પાઠશાળા તરફથી ગો. શ્રી કિશોરચંદ્રજીએ પુષ્ટિમાર્ગીય પરીક્ષાનું આયોજન કર્યું હતું. ગો. શ્રી શરદબાવા (હાલોલ–કચ્છ–માંડવી) એ તે માટે ૨૮ પાનાની પ્રવેશિકા નામની પુસ્તિકા તૈયાર કરી છે. જેમાં ષોડશગ્રંથ, સર્વનિર્ણય પુર્વાચાર્યોના મત વિ. ના વચનો ટાંકી પુષ્ટિ–સિદ્ધાંતો બહુ જ સરળ રીતે સમજાવ્યા છે.

મુંબઈમાં તા. ૫ મી સપ્ટેમ્બરે મીઠીબાઈ કોલેજમાં સમારંભ યોજાયો જેમાં મુંબઈ તથા તેની આસપાસના વૈષ્ણવોએ હાજરી આપી તે પહેલા–બીજા–ત્રીજા નંબરને ઈનામો અપાયા હતા ગો. શ્રી રઘુનાથલાલજી ગો. શ્રી શ્યામમનોહરજી, ગો. શ્રી લાલમણિજી, ગો. શ્રી યોગેશબાવા તથા ગો. શ્રી પીયુષબાવા પધાર્યા હતા, દરેક આચાર્યોએ પુષ્ટિમાર્ગ વિષે સમજાવ્યું કેટલાક વૈષ્ણવોએ પરીક્ષાની જરૂરિયાત વિષે સમજ આપી તો કેટલાક કાર્યકર્તાઓ તથા પરીક્ષાર્થીઓએ પોતાના અનુભવ જણાવ્યા.

આજ રીતે દેશભરના તથા પરદેશના વૈષ્ણવો ખૂબ લાભ લે ને પુષ્ટિમાર્ગ સાચી રીતે સમજે તો શ્રી મહાપ્રભુજી પણ કેવા પ્રસન્ન થાય ?

જુનાગઢ વિસ્તારે સિદ્ધાન્ત પ્રશિક્ષણ શિબિર

જુનાગઢ મોટી હવેલીના ગાદીપતી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્ય શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાજની પ્રેરણા આજ્ઞાથી શ્રી પુરૂષોતમ માસ નિમિત્તે જુનાગઢ જીલ્લા ધર્મપ્રેમી વૈષ્ણવ જનતાને પુષ્ટિમાર્ગના શુદ્ધ સિદ્ધાંતો શિખવવાના સદ્ હેતુથી તા. ૮–૯–૯૩ ના રોજથી વડાલ, બગડુ બાંટવા, વંથલી તથા માણાવદર ગામોમાં ત્રણ–ત્રણ દિવસની સિદ્ધાન્ત પ્રશિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાજના અધ્યક્ષસ્થાને યોજાયેલ બધી જ શિબિરોમાં પ્રમુખ વકતા તરીકે કચ્છ, માંડવી; હાલોલના વૈષ્ણવાચાર્ય ગો. વા. શરદકુમારજી હતા. તદુપરાંત ગોકુળ. માંડવીવાળા યુવા વૈષ્ણવાચાર્ય ગો. શ્રી ભૂષણકુમારજી પણ ઉપસ્થિત રહ્યા હતા.

પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોનું સાચુ જ્ઞાન આપવા આ માર્ગના મૂળ ગ્રન્થો તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાનું અધ્યાપન હજારો ભાવિક વૈષ્ણવોને ઠરાવવામાં આવ્યું.

અધ્યાપનના અંતે દરરોજ મુકત મને રાખવામાં આવતો પ્રશ્નોતરીનો કાર્યક્રમ એ આ શિબિરોની લાક્ષણિકતા હતી.

શિબિરોમાં અનુક્રમે પુષ્ટિમાર્ગ લક્ષણાનિ, ભગવદ્ ગીતાનો ભકિત યોગ, ગીતા સાર સંચય, વિવેક ધૈર્યાશ્રય ગ્રંથોનું અધ્યાપન કરાવવામાં આવ્યું. આ સિવાય; ગીર ગુંદાળા, પ્રભાતપુર, ચોકી તથા ઈવનગર ગામોમાં પણ એક–બે દિવસ ધર્મમભા તથા પ્રશ્નોત્તારીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂ. મહારાજશ્રીએ વચનામૃતમાં જણાવ્યું પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણને પોતાના ઘરમાં પધરાવી નિ:સાધન ભાવે પોતાનું સર્વસ્વ સમર્પણ કરતા સેવા કરવી એ જીવ માત્ર માટે કલ્યાણકારી છે. વૈષ્ણવનો એક માત્ર આજ ધર્મ છે. ધર્મ મુજબ ધંધો–રાજ્યશાસન ચલાવી શકાય પણ ધર્મને ધંધો ન બનાવી શકાય. કૃષ્ણની સેવા નિ:સ્વાર્થ ભાવે કરવામાં આવે તો જ પુષ્ટિ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ સેવાનો સ્વીકાર કરે છે. શ્રીકૃષ્ણનો સકામ ભકત દુ:ખી જ થાય છે.

"પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્રો"

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ તરફથી "પુષ્ટિ સ્વાધ્યાય ગ્રંથ" પ્રકાશિત કર્યા પછી યુવાનોને સંપ્રદાયની આવી પ્રવૃત્તિમાં સહભાગી બનાવવા માટે શ્રી યોગેશભાઇ શાસ્ત્રીનો ૨૦–૨૧–૨૨ સ્પ્ટે. ના રોજ વડોદરા જિલ્લાના ડભોઈ, બોડેલી, જબુગામ, તેજગઢ, છોટાઉદેપુર ખાતેનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સંપ્રદાયના સંરક્ષણ સંવર્ધન–પ્રસાર-પ્રચાર માટે અને સંપ્રદાયને સારી અને સાચી રીતે સમજવા માટે "પુષ્ટિ સ્વાધ્યાય"ના મહત્ત્વની વિસ્તૃ વાતો શ્રી યોગેશભાઈ શાસ્ત્રીએ સમજાવી હતી. વડોદરા જીલ્લાના પુર્વ વિસ્તારના સંયોજક તરીકે શ્રી સુમનભાઇ શાહને સંગઠ્ઠન મંત્રી પ્રા. ચીમનભાઇ શેઠે નિયુકત કર્યાની જાહેરાત કરી હતી.

શ્રી નાથદ્વારમાં કીર્તનકારોનું બહુમાન

આં. રા. પુ. વૈ. પરિષદની કાર્યકારિણી સમીતિની બેઠક શ્રીનાથદ્વારામાં તા. ૧૭ તથા ૧૮ જુલાઈના મલી તે પ્રસંગે નિત્ય નિરંતર શ્રી ઠાકોરજી સન્મુખ અષ્ઠ છાપ ભગવદિઓની આડીથી કીર્તન સેવા કરી પ્રભુને પ્રસન્ન કરનાર કીર્તનીઆઓનું આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા બહુમાન કરવાનો એક સમારંભ શ્રી લોહાણા અતિથિ ગૃહના હોલમાં યોજાએલ જેનો પ્રારંભ મંગળાચરણ તથા નિ. લી. પુ. પા. શ્રી 'પ્રથમેશજી' મહારાજશ્રીને ભાવાંજલી સમર્પીને થયેલ.

બાદમાં શ્રીનાથજી બાવા સન્મુખ કીર્તન તથા સાજ બજાવવાની સેવા કરનાર ૯ કીર્તનીઆ શ્રી નવનિત પ્રિયજીના ૫ કિર્તનીઆ તથા શ્રી વિઠ્ઠલનાથજીના ૩ કીર્તનીઆ અને અન્ય ૮ કીર્તનીઆઓને 'પરિષદ' ના અદયક્ષશ્રી શેઠ હરિદાસ દેવીદાસ ઠાકરશી તરફથી રૂા. ૧૦૧/– તથા શ્રીફળ શ્રીયુત શ્રીપ્રદ્યુમ્ન શાસ્ત્રીજીના હસ્તે અપાએલ. આ પ્રસંગે ઉપસ્થિત કીર્તનકારોએ ભગવદ ગુણાવાદ કીર્તન સરસ સુંદર કરી ઉપસ્થિત વૈષ્ણવોનેર સૂતરબોળ કરેલ. પરિષદના વિભિન્ન પદાધિકારીઓના પ્રસંગોચિત પ્રવચનો કરેલ.

"ગૌવંશ હત્યા પરના પ્રતિબંધના વટહુકમને આવકાતો વૈષ્ણવ સમાજ"

ગાય એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે, ભારત જેવા ખેતી પ્રધાન દેશમાં તે આર્થિક આધાર સ્તંભ છે. કરોડો લોકોનું તે શ્રદ્ધાનું કેન્દ્ર બિન્દુ છે અને સમગ્ર વૈષ્ણવ સમાજ તેની ગૌમાતા તરીકે પુજા કરે છે એવી દેશના સમગ્ર સમાજની ન્યાય અને સાચી માગણીનો માન આપી ગુજરાત સરકારે ગૌવંશ હત્યા પર પ્રતિબંધ મૂકયાના વટહુકમને આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના શ્રી ઈન્દ્રકાન્ત ત્રીકમલાલ શેઠ, શ્રી યોગેશભાઈ શાસ્ત્રી શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી, પ્રોફે. ચીમનભાઈ શેઠ, પ્રો. વી. પી. પરીખ, શ્રી હસમુખભાઈ ખખ્ખર શ્રી ડાહ્યાલાલ કંસારા, શ્રી રમેશભાઈ શ્રોફ, શ્રી સી. પી. તલાટી, શ્રી જયંતિભાઈ રાધનપુરા વિગેરે અગ્રણીઓએ ગુજરાત સરકારના સ્તુત્મ પગલાંને આવકારે છે અને સરકારને હાર્દિક અભિનંદન આપે છે. સરકાર તેનો કડક રીતે અમલ કરવા કટીબદ્ધ બની છે એવા સમાચારથી સમગ્ર સમાજમાં અત્યંત આનંદની લાગણી પ્રસરી ગઈ છે તેવું નિવેદમાં તેઓ જણાવે છે.

ધોરાજી–આ. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખાના અધ્યક્ષ શ્રી છગનલાલ જાદવભાઈ માવાણીના માતુશ્રી અમૃતબેનની માળા પહેરામણીનો મનોરથ તા. ૨–૯–૯૩ ના રોજ પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે એક જાહેર સભાનું આયોજન થયેલ તેમાં શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકુલના સંયોજક મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે તથા પુ. મહારાજ શ્રીએ પ્રવચન કરીને ઋષિકુલના નિર્માણ કાર્યમાં સહકાર આપવા અનુરોધ કરેલ.

રાજકોટ–આં. રા. પુ. વૈ. પરિષદ, રાજકોટના ઉપક્રમે તા. ૫–૨–૯૩ ના રોજ પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ) ની અધ્યક્ષતામાં રાજકોટ જીલ્લાના વૈષ્ણવોનો સામુહિક મોરબી બેઠક યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત થયેલ વૈષ્ણવોએ વારા ફરતી શિસ્ત બદ્ધ રીતે પુ. પા. મહારાજશ્રીની સાન્નિધ્યમાં ઝારી ચરણ સ્પર્શ કર્યા હતા. ત્યાર બાદ જાહેર વચનામૃતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રારંભમાં ઋષિકુલ નિર્માણમાં અત્યાર સુધી થયેલ પ્રગતિની માહિતી શ્રી હસમુખભાઈ ખખ્ખરે આપી હતી. પુ. મહારાજશ્રીએ સંકુલ નિમાણની થયેલ પ્રગતિથી સંતોષ વ્યકત કરી સૌને રૂા. ૧૦/ ના કુપનો ખરીદી નિર્માણના સહ ભાગી થવા આદેશ આપ્યો હતો છેલ્લે સંકુલ વ્યવસ્થાના પ્રમુખ શ્રી કાંતિભાઈ રાધનપુરાએ આભાર વિધિ કરી હતી.

મોરબી શાખાના અગ્રણી શ્રીમથુરભાઈ સોનીના સહયોગથી રાજકોટ જીલ્લાના આવેલ કુલ ૬૦૦ વૈષ્ણવોના સમાધાનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હાવેલ હતું મોરબીથી પાછા ફરતા તમામ વૈષ્ણવોએ ઋષિકુલની મુલાકાત લીધી હતી અને નિર્માણના પ્રાથમિક તબ્બકાના કામો પુરા થયા છે તે જોઈ સંતોષ સાથે આનંદ વ્યકત કર્યો હતો.

ધોરાજી–અ. ભા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા તથા શ્રી મુરલીધર મંડાણ ધોરાજી ટ્રસ્ટની સંયુકત વાર્ષિક મીટીંગ તા. ૧૨–૯–૯૩ ના રોજ શ્રી છગનલાલ જાદવજી માવાણીના અધ્યક્ષ સ્થાને મળેલી તેમાં બન્ને સંસ્થાના સને ૧૯૯૨–૯૩ ના વર્ષનો ઓડીટ થયેલ હિસાબ તથા અહેવાલ રજુ થયેલ. ત્યાર બાદ આં. રા. પુ.

વૈષ્ણવ પરિષદના આજીવન સદસ્યોને કેન્દ્રિય કારોબારી સમિતિના સદસ્ય શ્રી હસમુખભાઈ ખખ્ખરની ઉપસ્થિતિમાં શાખાના સચિવ શ્રી રવજીભાઈ પટેલના હસ્તે બટન અર્પણ થયા હતા.

આ મીટીંગમાં સ્થાનિક તેમજ બહાર ગામના આજીવનસદસ્યો કાર્યકર્ત્તાઓ, પ્રતિનિધિઓ અને અગ્રગણ્ય વૈષ્ણવોની લગભગ ૨૫૦ ઉપરાંતની ઉપસ્થિતિ હતી.

અમદાવાદ–આ. પુ. વૈ. પ. મણીનગરની માહિલા શાખાની કારોબારી નક્કી કરવામાં આવી ધર્માધ્યક્ષ પૂજ્ય શ્રી કાલિન્દી બેટીજી, પ્રમુખ રમીલાબેન, ઉપપ્રમુખ પ્રફુલ્લાબેન, શેક્રેટરી રોહિણીબેન, હંસાબેન, કોષાધ્યક્ષ રીના–મોહિની તથા અન્ય કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી અને પુ. કાલિન્દી બેટીજીનું પ્રવચન ગોઠવ્યું તેઓએ પરિષદના કાર્યોને મહિલાઓની પ્રગતિ માટે કામ કરવાની તૈયારી બતાવીને સાથ–સહકાર આપ્યો. કન્વીનર વીણાબેને પરિષદની મહિલાં શાખા તરફથી બહેનોને પગભર કરવા ને સ્વાવલંબી બનાવવા ગૃહ ઉદ્યોગ શરૂ કરવા ટયુશન કલાસ, શિવણ વર્ગ તથા અન્ય પ્રવૃત્તિઓ શરૂ કરવા ભાર મૂકયો અને તે માટે મકાન બાંધવું તે અંગેની વિચારણા શરૂ કરી.

રાજકોટ–અત્રે શ્રી હરિરાયજી મહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ મનાવવા પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામા અને આપશ્રીની આજ્ઞાથી આપશ્રીના બંગલે વધાઈ કીર્તન બડી દાનલીલા ગાન અને પુ. ગો. બાલકોના વચનામૃત નો કાર્યક્રમ રાખવામાં આવેલ.

પ્રારંભમાં શ્રી હરિરાયજી મહાપ્રભુજીના ચિત્રજીને પધરાવી પુ. પા. શ્રી ગોપીકાલંકાર બાવાશ્રીએ વધાઈ કીર્તન કરેલ ત્યારબાર પુ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ સુમધુર કંઠમાં બડીદાન–લીલાનું ગાન કરેલ જેનો અલૌકિક આનંદ ઉપસ્થિત વૈષ્ણવ સમાજે લીધેલ. ત્યારબાદ આપશ્રીએ શ્રી હરિરાયજી મહાપ્રભુજી રચિત 'સ્વમાર્ગ સ્વરૂપ નિર્ણય ગ્રંથ ઉપર વચનામૃતનું પાન કરાવેલ.

શ્રી વલ્લભ કૃપા પાત્ર વૈષ્ણવોએ આ અલૌકિક પ્રસંગનો આનંદ લીધેલ.

શ્રદ્ધાંજલી

તા. ૨૨–૯–૯૩ ના આંતર રા. પુ. વૈ. પરિષદ થાનગઢ શાખાની એક સામાન્ય સભા ચિ. જયેન્દ્ર ને શ્રદ્ધાંજલી અર્પવા મળી.

ચિ. પ. ભ. જયેન્દ્ર કંસારા ઉ. વ. ૨૨ થાનગઢ પરિષદના સભ્ય અને એક યુવા કાર્યકર પુષ્ટિમાર્ગીય ધર્મ પ્રત્યે નિષ્ઠાવાન કાર્યકર અકાળે શ્રીજી ચરણ પામેલ છે. તેને થાનગઢ આં. રા. પુ. વૈ. પરિષદ ભગવદ નામ સાથે અંતઃ કરણ પુર્વક શ્રદ્ધાંજલી અર્પે છે. અને થાનગઢ શાખાએ એક યુવા, નિષ્ઠાવાન, તરવયો કાર્યકર ગુમાવ્યો છે. તેની ખોટ પુરી શકાય તેમ નથી. ભગવદ ઈચ્છા. પ્રભુ તેમના ચરણ કમલોમાં સ્થાન આપે એજ અભ્યર્થના

(બીજા ટાઈટલથી ચાલુ)

○ તુલસીનું પાન નાનું હોય કે મોટુ તે પૂજય છે. તે જ રીતે શ્રીવલ્લભ કુલ ગોસ્વામી આચાર્ય નાના હોય કે મોટા તેઓ પૂજય છે. વૈષ્ણવ નાના હોય કે મોટા તે સમ્માનનીય છે.

○ શ્રીવલ્લભ સંપ્રદાય પુષ્ટિ માર્ગ કેવલ ગુરૂ સંપ્રદાય નથી, આચાર્ય સંપ્રદાય છે. ગુરૂ તો કોઇ પણ થઇ શકે છે. પણ હરેક ગુરૂ આચાર્ય નથી હોતા. ગુરૂ કેવલ શિક્ષા દે છે. પરંતુ આચાર્ય શિક્ષાપણ દે છે અને દીક્ષા પણ દે છે.

સવારમાં ઉઠીને પ્રભુને, શ્રી ગુરૂદેવને દંડવત્ કરો ઘરમાં સહુને જય શ્રીકૃષ્ણ કરો.

○ જેમ મેઘ ખારા જલને મીઠું કરીને વરસાવે છે. એવો જ ભગવદિય વૈષ્ણવનો સ્વભાવ હોય છે તેઓ અન્યના દુર્ગુણને પણ સદ્ગુણમાં બદલી દે છે.

○ ભકિત એકની થાય છે. સ્નેહ એક તે થાય છે. ભગવાનનો ન કોઇ ભાવ છે ન સ્વભાવ ભકતોનો ભાવ જ ભગવાનનો ભાવ છે અને ભકતોનો ભાવ જ ભગવાનનો સ્વભાવ છે.

○ અજ્ઞાનનો અસુર, અહંકારનો અસુર. અન્યાશ્રયનો અસુર અવિશ્વાસનો અસુર સમસ્ત સદ્ગુણોને ખાઇ જાય છે. જેમ ગુમડું પોતાના જ શરીરમાં થાય છે અને પોતાને જ કષ્ટ પહોંચાડે છે તેજ રીતે આ આસુરી વૃત્તીઓ સ્વયંમાં ઉત્પન્ન થાય છે અને સ્વયંને જ કષ્ટ પહોંચાડે છે.

○ કોઇ રસ્સી કે સાંકળથી પોતાને બાંધી લે તો તે બંધન દુઃખદ લાગે છે પણ માણસ તરેહ તરેહના સુંદર વસ્ત્રોમાં પોતાની જાતને બાંધી રાખે છે એ બંધન સુખદ લાગે તે જ રીતે ધર્મ બંધન એક સુખદ બંધન છે. કે જે મનુષ્યને વિવાહના બંધનમાં. સમાજના બંધનમાં, રાષ્ટ્રના બંધનમાં ધર્મશાસ્ત્રની મર્યાદાઓના બંધનમાં બાંધી રાખે છે જે ધર્મ બંધન સુખદ બંધન છે.

○ ધર્મ જે ધબકાર છે ધર્મ જ જીવનની ધરી છે, ધર્મ જ ધન છે અને જેની પાંસે કેવળ ધન છે તે તો સહુથી મોટો નિર્ધન છે. ધન ને ધર્મમાં લગાવીને ધન્ય બનાવો મનને સેવામાં લગાવીને માન્ય બનાવો.

ખાસ નોંધ : આ પવિત્રા એકાદશીએ પુષ્ટિ પ્રાકટ્ય વર્ષનું સમાપન થયું છે. સમસ્તવૈષ્ણવોને આગ્રહ છે કે વર્તમાન વર્ષને પુષ્ટિ વૈષ્ણવતા વર્ષના રૂપમાં ધામધૂમથી મનાવો વૈષ્ણવ વસ્તી ગણત્રીનો કાર્યક્રમ ચલાવો.

(વાજપેયયાજી જગદ્ગુરુ પીઠાધિશ સાગ્નિચિત સોમાયજી દીક્ષિત પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી લીખીત 'શિક્ષા સાગર' (હિન્દી ગ્રંથ)માંથી સંગ્રહીત, અનુવાદ)

卐 સંધ્યા સમે આવનીનું ધોળ 卐

સંધ્યા સમે શ્રી કૃષ્ણ પધાર્યા,
ગૌધેન ચારી ઘેર આવ્યાજી;
ગોપ ગોવાળીયાં ગૌધેન ચારે;
માવો મોરલી વગાડેજી, ૧
આગળ ગાયોને પાછળ ગોપ,
વચમાં વાલો ગિરિધારીજી;
રજ ભર્યા રે મારા લાડ લાડિલા,
માતાજી મુખડા નિહાળેજી. ૨
રૂપાળી થાળીને રત્ન જડીત,
કપૂરે જ્યોત પ્રકાશીજી,
માતા જશોદાજી આરતિ ઉતારે,
ઘણું જીવોને મારા વાલાજી. ૩
આરતિ ઉતારે માતા રાઇ લુણ ઉતારે,
ઘણું જીવોને મોરારજી,
રૂપાની ઝારી જળ જમુના ભરી લાવું,
ચર્ણ પખાળું મારા વ્હાલાજી. ૪
માત જશોદાજી વાળુ રે પીરસે,
જે રે જોઇએ તે આરોગોજી,
દુધ સાકર ઘૃત, ઘેબર મેવા,
જે રે જોઇએ તે માણોજી ૫
લવીંગ સોપારીને પાનનાં બીડાં,
મુખવાસ કરોને મારા વાલાજી,
ફુલની ગાદીને ફુલના તકિયા,
ફુલની હું સેજ બિછાવુંજી. ૬
શ્યામ શ્યામા વ્રખુભાન દુલારી,
શ્રી રાધાજી રંગ ભર્યાં રમાડેજી;
સંધ્યા સમે જે કોઇ આ ગાશે,
વેગે તે વ્રજમાં જાશેજી. ૭ **પ્રાચીન કૃતિ**

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

શ્રી ગુસાંઈજીકી વિનય

કિહિ વિધિ કહોં મહિમા ગાઇ;
કૃપા સાગર ભકત ભાવિક રહૈશ્રુતિ સકુચાઇ. ૧
સેવ્ય સેવક ગતિ અનુપમ જયતિ કૃપયા કંદ:
ભકિત પથ સિદ્ધાંત પ્રકટન પ્રકટ ગોકુલચંદ. ૨
કલુષ ખંડન પ્રેમ મંડન રુકમની જૂ નાથ;
દાસ 'વલ્લભ' અભય જન સિર ધરત અમૃત હાથ. ૩

– મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી

---

* આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો *

વર્ષ ૧૨ : અંક-૯ ડીસેમ્બર ૧૯૯૩
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * આજીવન રૂા. ૩૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

નૂતન વર્ષે શુભ આશિવાર્દ

ગર્વથી કહો અમે શ્રી મહાપ્રભુજીના સેવક છીએ.

દિપાવલીનું મંગલમય પર્વ તથા નૂતન વર્ષ આપને સુખ સમૃદ્ધિથી હર્યું ભર્યું રાખે અને શ્રીમદ્ આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તો હૃદયા રૂઢ થાય એવી મંગલમય શુભકામનાઓની સાથે શુભ આશિવાદ.

અતિથિ વૈષ્ણવો આવવા એજ પ્રભુની પ્રસન્નતા

શુભકામનાઓની સાથે ગોસ્વામી શ્રી યશોદાનંદનજી (બોરીવલી–મુંબઈ)

॥ શ્રીમદવલ્લભ વિઠ્ઠલેશૌ વિજયેતે ॥

દિપાલક્ષ્મી–અભિનંદન નુતન વર્ષાભિનંદન

જગદ્‌ગુરૂ મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણ પે માનવ માત્ર કા. પરમ હિત કરને વાલે મંગલમય શરણ–સમર્પણ ભકિત ભાવ પ્રચૂર સિદ્ધાન્ત દીપકી ઉજજવલ શુભ્રંરશ્મિ યોંસે વિશ્વ માનવ સમુદાય કા મંગલ હો યહી શ્રીમહાપ્રભુ કે યુગલ શ્રી ચરણોં મે અભ્યર્થના.

ગો. શ્રીચંદ્ર ગોપાલજી મહોદય (વડોદરા)

કલીકાલ પ્રવાહને કારણે વિચલિત થતાં આપણા હૃદયસ્થ પુષ્ટિદીપ સિદ્ધાન્ત શુદ્ધ માર્ગ નિષ્ઠારૂપ પાર દર્શક કવચથી એવા સુરક્ષિત થઇ જાય કે આપણા સહિત સહુ પુષ્ટિ જીવોના અંતઃકરણ પુષ્ટિદીપના નિર્મળ પ્રકાશિત આલોકિત થવા લાગે એવી.

દીપાવલી તથા નુતન વર્ષની શુભ કામના

ગો. શ્રી અનિરૂદ્ધ લાલજી મહારાજ ગો. શ્રી શરદકુમારજી મહોદય (માંડવી કચ્છ–હાલોલ)

પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીનું બહુમાન

ભારતના પ્રથમ પંકિતના સંગિતજ્ઞ પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (ઈન્દોર) નું તા ૧૨ ઓકટોબરના શુભ દિવસે દિલ્હીના દુરદર્શન કાર્યાલય મંડી હાઉસમાં એક ભવ્ય સમારોહમાં ઈન્ટરનેનનલ ઉસ્તાદ અમીરખાન મેમોરીયલ એવોર્ડથી બહુમાન કરવામાં આવેલ.

આ ભવ્ય સમારોહમાં ભારત તથા વિદેશોની મહાન હસ્તીઓ કવી, સાહિત્યકાર, સંગીતજ્ઞ કલાકારોની ઉપસ્થિત રહેલ.

આ ઈન્ટર નેશનલ એવોર્ડ પ્રાપ્ત કરનાર પૂ. મહારાજશ્રી ભારતના પ્રથમ સંગીતજ્ઞ છે.

વિરાટ સોમયજ્ઞ મહોત્સવ

પીપરીયા (જી. હોસંગાબાદ) મધ્ય પ્રદેશમાં વાયપેય યાજી. જ.પી. સાગ્નિચિત સોમયાજી દીક્ષિત વિદ્વદ્ વરિષ્ઠ પૂ. પા. ગો. **ગોકુલોત્સવજી મહારાજ** (ઈન્દોર–વાલા) દ્વારા વિરાટ સોમયજ્ઞ તા. ૨૦–૧–૯૪ થી તા. ૨૫–૧–૯૪ સુધિ ધૂમધામથી કરવામાં આવશે.

આ શુભ અવસર પર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવેલ છે. સર્વે વૈષ્ણવો લાભ લેશે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ: ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.**
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૯ ※ ડિસેમ્બર, ૧૯૯૩

॥ શ્રી હરિઃ ॥

સિદ્ધાંત ઔર વ્યવહાર

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

ભાગ્યવાન શ્રોતાજનો !

આ ઉત્સવ આ રીતે ઉત્સાહથી દર વર્ષે મનાવવામાં આવે છે. આચાર્ય ચરણ પ્રગટ થયા તેને આશરે ૫૦૦ વર્ષનો સમય થવા આવ્યો છે. પરંતુ આપનો ઉપદેશ અને આપનો પ્રભાવ આજ પણ આપણે વ્યાપક રૂપે જોઇ રહ્યા છીએ. મહાપુરૂષ હોય છે તેઓ પોતાના સમયમાં જનકલ્યાણ કરે છે, તેઓ સદુપદેશ આપે છે. સદાચારનું પાલન કરે છે. તેમનો તે પ્રભાવ કેટલાક સમય સુધી રહીને પછી વિલીન થઇ જાય છે. પરંતુ આચાર્ય ચરણનો પ્રભાવ આપણે જોઇએ છીએ કે સમયની વિપરીત પરિસ્થિતિ હોવા છતાં આજ પણ યથાવત વિદ્યમાન છે.

તેનું મૂળ કારણ આપનો દિવ્ય ઉપદેશ તો છે જ, દિવ્ય શિક્ષા જે આપે આપી છે તે તો તેનું કારણ છે જ, પરંતુ બધાથી વધારે કારણ તો આપનું લોકોત્તર

ભગવદ્ પરાયણ ચરિત્ર હતું. ફકત ઉપદેશનો પ્રભાવ કેટલાક સમય સુધી રહે છે, પરંતુ હૃદયથી જે કઇ ભગવદ્ કાર્ય કરવામાં આવે છે અને જન કલ્યાણની દૃષ્ટિએ ભકિતનો માર્ગ સરળ કરીને બતાવવામાં આવે છે તેનો પ્રભાવ લાંબા સમય સુધી રહે છે. આવા પ્રયત્ન ભારત વર્ષમાં અનેક થયા છે. પરંતુ આચાર્ય–ચરણોનું પ્રાગટય શા માટે થયું તેનો વિચાર જ્યારે આપણે કરીએ છીએ તો ભગવદીઓએ આપણને એ બતાવ્યું છે કે આચાર્યચરણનું જે પ્રાગટય છે તેનું પ્રયોજન એક માત્ર પ્રેમ માર્ગનું પ્રાગટય છે.

ભગવદીઓએ ગાયું છે કે “રતિપથ પ્રકટ કરનકો પ્રકટે કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ” ભગવદીયોએ શું કહ્યું કે આ પૃથ્વી પર, ભૂતલ પર કરુણાનિધિ જે વલ્લભ પ્રકટ થયા, તે શા માટે થયા ? આપના પ્રાગટયનું શું પ્રયોજન હતું ? તો કહ્યું કે “રતિપથ પ્રગટ કરવા માટે” આપના પ્રાગટયનો આ હેતુ હતો. અર્થાત્ રતિપથને પ્રગટ કરવો. એ આપના પ્રાગટયનું મુળ પ્રયોજન હતું. કયો રતિપથ ? કે પ્રેમ માર્ગ.

આ પ્રેમ દ્વારા આચાર્ય ચરણે જનતાને જે સાચા માર્ગનું પ્રદર્શન કર્યું તે દ્વારા બધા પ્રકારથી જનતા પર ઉપકાર થયો. આચાર્ય-ચરણના સેવકોમાં આપણે જોઇએ છીએ કે બધા પ્રકાર હતા. રાજા પણ હતા, તેમાં પ્રજા પણ હતી. ધનવાન પણ હતા. નિર્ધન પણ હતા, વિદ્વાન પણ હતા અને અભણ પણ હતા. ખેડુતો અને વેપારી પણ હતા. અને સૈનિક પણ હતા. બધા પ્રકારના લોકો આપના શરણમાં આવ્યા. અને આપના દિવ્ય ઉપદેશ દ્વારા તેમણે જીવનનું સર્વોત્તમ ફળ પ્રાપ્ત કર્યું.

આ ફળ પ્રાપ્ત કરવાનો કયો માર્ગ હતો ? પ્રેમનો માર્ગ પ્રેમ માર્ગ દ્વારા જ આપે આપના સિદ્ધાન્તો જનતા સુધી પહોંચાડયા આમ તો આપે સિદ્ધાન્તરૂપે શુદ્ધા દ્વૈત બ્રહ્મવાદની સ્થાપના કરી છે, નિર્ગુણ ભકિત માર્ગ એ આપનો માર્ગ છે આ માર્ગને પુષ્ટિ માર્ગ પણ કહે છે. આપે આપના સિદ્ધાન્તો સમજાવવા માટે અનેક ગ્રંથોનું નિર્માણ પણ કર્યું છે. પરંતુ બધા ગ્રંથોનો સારાંશ હાર્દ જો જોવામાં આવે તો એક માત્ર ભગવત્ પ્રેમ એજ આપણને પ્રાપ્ત થાય છે, સાધન માર્ગ સારા હોય છે. સાધન કરવાથી ફળ પ્રાપ્ત થાય છે પરંતુ સાધન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ હોય છે સાધનને અનુરૂપ. જે પ્રકારનું સાધન હશે તે પ્રકારનું ફળ પણ પ્રાપ્ત થશે. જો સાધનમાં છ પ્રકારની સંપત્તિ હોય, છ પ્રકારના સાધન હોય તો તો સાધન પૂર્ણરૂપથી સંપન થાય છે. “ષડભિઃ સમ્પદ્યતે ધર્મઃ। પરંતુ કલિયુગના પ્રભાવથી છ સાધનની વાત તો કયાં કરવી ? એક પણ સાધન આ સમયમાં વિશુદ્ધ માત્રામાં, વિશુદ્ધરૂપે મેળવવાનું ઘણું મુશ્કેલ છે. આવી અવસ્થામાં માત્ર સાધન માર્ગના આધારથી જીવ આ યુગમાં પોતાનું કલ્યાણ ન કરી શકે. આ યુગમાં તો ફક્ત પ્રેમ માર્ગ જ છે. તે જીવોનું બધી રીતે કલ્યાણ કરી શકે છે.

પ્રેમ માર્ગમાં વિશેષતા કઈ છે ? કે આ પ્રેમ માર્ગમાં સાધનની મહત્તા નથી માનવામાં આવી. પરંતુ પ્રેમની મહત્તાનેજ સ્વીકારવામાં

આવી છે. તેથી તો કહ્યું કે ભગવદીય દૈવી જીવોના જે હૃદય હતા તે અત્યંત પ્રફુલ્લિત થઇ ગયા. જયારે ભગવદીયોએ જોયું કે આચાર્ય ચરણ શ્રીવલ્લભાધીશ પ્રગટ થયા છે એ સાંભળતા જ એ વાત ધ્યાનમાં આવતાં જ તેમના હૃદય પ્રફુલ્લિત થઇ ગયા. શા માટે થઇ ગયા? શું કારણ હતું? "સાધન બિન હમ પાવેગે ફલ" પ્રફુલ્લિત થવાનું કારણ એ હતું કે આપણે ફળતો પ્રાપ્ત કરીશું, જે ફળ માટે મોટા મોટા તપસ્વી, ઋષિ, હુનિ, દાની, ધ્યાની અનેક વર્ષ સુધી પ્રયત્ન કરતા રહ્યા, પરંતુ જે ફળ સુધી તેમની પહોંચ ન થઇ શકી એવું જે સર્વોત્તમ ફળ છે, તે સર્વોત્તમ ફળ આપણને સાધન વગર અનાયાસ હવે પ્રાપ્ત કરી લઇશું. તેમના હૃદયના હર્ષનું કારણ આ હતું. તો સાધન વગર ફળ પ્રાપ્ત થાય, આ પ્રક્રિયા કેવી રીતે સંભવ થઇ શકે? જગતમાં આવું તો જોવામાં આવતું નથી. જગતમાં અને મર્યાદામાં આ વાત સંભવ નથી.

સાધન વગર ફળ મળી જાય, આ કેવી રીતે સંભવ થઇ શકે? ચોક્કસ અસંભવિત વાત લાગે છે, પરંતુ આ જે માર્ગ છે "પ્રેમ માર્ગ" આ લોક અને મર્યાદાથી વિલક્ષણ માર્ગ છે. જે લોકોની દૃષ્ટિ ફક્ત લોક અને મર્યાદા સુધી સિમીત છે તે લોકો માટે આ વસ્તુ અસંભવ જેવી દેખાય શકે છે. પરંતુ જે ભગવદીય દૃષ્ટિ છે, ગુણાતીત દૃષ્ટિ છે એવા લોકો માટે એમાં કંઇ પણ અસંભવ જેવું દેખાતું નથી. વાત એમ છે કે ભગવાને એક નિયમ બનાવી દીધો છે. કર્મને એક મર્યાદા બનાવી દીધી છે. આ નિયમ અનુસાર કર્મની મર્યાદા અનુસાર જે લોકો જેવા કર્મ કરે છે તેના અનુસાર તેમને ફળ પ્રાપ્ત થતું રહે છે. "કર્મ આધીન વિશ્વ રચિ રાખા" ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે વિશ્વની જે રચના ભગવાને કરી છે તે કેવી કરી છે? કર્માધીન કરી છે. વિશ્વમાં જેટલા પણ પદાર્થ છે. જેટલા પણ પ્રાણી છે તે બધા કર્માધીન છે. તેમાં વધારે તર્ક વિતર્ક કરીને શાખાઓ વધારવી ઉચિત નથી. ફક્ત એટલું સમજી લો કે જે જેવું કર્મ કરશો તેવું ફળ પામશો. મર્યાદાનો સારાંશ સંક્ષેપમાં બતાવી દીધો. પરંતુ મર્યાદાથી પણ સ્વતંત્ર એક વસ્તુ છે અને એ વસ્તુ છે ભગવદ્ કૃપા જે છે તે લોક અને વેદની મર્યાદાથી સ્વતંત્ર છે.

— ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત

ભકિત પોષણ

વિવેચક : ગો. વા. પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ

ગતાંકથી ચાલુ

કૃષ્ણ, પ્રથમ બ્રહ્મા, પછી વિષ્ણુ, પછી રુદ્ર, "પશ્ચત્ કૃષ્ણ બભૂવ" મહારાસ સમયે જેમ કૃષ્ણે મહારાસ સમયે–જલવિહાર,–જલક્રીડા સમયે શ્રીગોપીજનોનાં બધાં જ કામ કર્યા, બધાં જ મનોરથો પૂર્ણ કર્યા. તેમ શ્રીમદ્ ગુરુદેવ પરબ્રહ્મ સ્વરૂપે એ ત્રણેનાં બધાં જ કામ કરે છે. કામના–મનોરથ પૂર્ણ કરીને, વિના વિલંબે, વિના વિનતિએ, અનાયાસે દૂર–અદૂર હોવા છતાં, ગુપ્ત–અગુપ્ત રસે, ગૂઢ–નિગૂઢ ભાવે, ગાઢ–વિગાઢ ભાવે–એવા શ્રીમદ્ ગુરુદેવ–શ્રીમદ્ વલ્લભ વંશજ, જગતના, પુષ્ટિ જગતના, લીલા સૃષ્ઠિના, રમણ સૃષ્ટિના, ક્રીડા સૃષ્ટિના, પુષ્ટિ સૃષ્ટિનાં બધાં જ તીર્થોમાં અધિક છે. અધિકતર છે, અધિકતમ છે. માટે બીજે કયાંયે પણ સ્નાન કરવા ન જતાં, એમના જ ચરણ કમલની રજમાં જ સ્નાન કર્યા જ કરો. એમના ચરણ કમલની રજનો જ સદાએ અભિષક કર્યા જ કરો. "અશેષ ભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજો ધનઃ—જેમના ચરણ કમલની રજ રૂપી ધન બધા ભક્તોએ પ્રાર્થના કરવા યોગ્ય છે. માટે જ એવા શ્રીમદ્ ગુરુદેવને માટે, મહા કારુણિક શ્રીવલ્લભાધીશને માટે કહેવામાં આવ્યું છે કે–

કૃષ્ણ સેવા પરં વીક્ષ્ય, દંભાદિ રહિતં નરમ્ ।
શ્રી ભાગવત તત્ત્વજ્ઞં, ભજેત્ જિજ્ઞાસુરાદરાત્ ॥

ગુરુ કેવા હોવા જોઇએ. તેના ચાર લક્ષણો દર્શાવ્યા છે.

(૧) સેવાનો ઉપદેશ કરનારા પોતે પણ શ્રી ગોપીજન વલ્લભની જ સેવા કરે તેવાં, અન્યાશ્રય ન કરે.

(૨) સેવામાં પણ દંભ વગેરે ન કરે. દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરતા, અજ્ઞાન આ છ આસુરી સંપતિથી ગુરુ દૂર હોવા જોઇએ. અને નર હોવા જોઇએ.

(૩) સેવકોનો પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) સિદ્ધ કરે તેવા અને

(૪) શ્રીમદ્ ભાગવતના તત્વને–ગૂઢાર્થના જાણકાર હોવા જોઇએ.

આવા ચાર લક્ષણ યુકત ગુરુની પાસે જીજ્ઞાસુ સુશિષ્યે વિનયપૂર્વક શરણે જવું જોઇએ.

બ્રહ્મસંબંધ (નામ અને નિવેદન–બંને) આપનાર–કરાવનાર શ્રીવલ્લભવંશ જ શ્રીમદ્ ગુરુદેવ કરતાં, સમગ્ર સચરાચર–સ્થાવર જંગમ પુષ્ટિ સૃષ્ટિના, પુષ્ટિ જગતના જગદગુરુ

મહાકારુણિક શ્રીવલ્લભાધીશ કરતાં આ જગત્‌માં બીજો કોઇ અધિક નથી, વધારે મોટો નથી. તન મન, ધનથી થતી ગુરુની સેવા ચિંતામણિ સ્વરૂપ છે. પુષ્ટિ જીવ તેમની અને પોતાની ઇચ્છા પ્રમાણે પરમફલ–ચરમફલ પ્રાપ્ત કરે છે.

બાહ્ય આંતર રમણનું અંતે ભાવાત્મા ભગવાન કૃષ્ણ ભકત કવિજન, શ્રીવલ્લભી વૈષ્ણવજન. મહાનુભાવી તાદ્દશીજન, સલુણા શ્યામ સુંદરની સોહાગણ, શ્રી ગોપીજન–વલ્લભનાં ગોપીજન, મહાકારુણિક શ્રીવલ્લભાધીશનાં પરમ વલ્લભા મધુરાધિ પતિના–મધુરા શ્રીમદ્ રાધા, તેમની મધુર અધર સુધા, તેમનાં મધુર અધિપતિ–મધુરાધિ પતિનાં મધુર અધર શ્રી દયારામભાઇ પુષ્ટિ સૃષ્ટિને ચેતવે છે કે એમના ચરણ કમલની રજમાં જ વારવાર સ્નાન કરવાનું, એનો વારે વારે અભિષેક કર્યા કરવાનુ કહ્યા કરે છે. બધું ભૂલજો પણ એ ભૂલશો નહીં. એ ચરણરજ તમારું સર્વસ્વ જીવન ધન છે.

શ્રી દયારામભાઇ નીચેના કવિતમાં શ્રી ગુરુદેવના માહાત્મ્યનું વર્ણન કરે છે.

કવિત (અનન્યતા)

બંદત શ્રીગુરુ પાય, ચાહે ફલ સોહી પાય;
બિનાહી કિયે ઉપાય, **પાપ તાપ** ભાજેં હૈં,
જાકી બિન કરુના, શ્રી હરિ હું પ્રસન્ન નાંહી,
સાખી દેત વારે શાસ્ર, અબલોં બિરાજેં હૈં.
હરિ રૂઠે, ગુરુ રાખે, ગુરુ રૂઠે હરિ હુ ના;
ગુરુ કૃપા અંશ આગે, કોટી યત્ન લાજેં હૈં.
ઐસે શ્રીવલ્લભ ગુરુ, તિનકોં પ્રનામ કોટી
કરે **‘દયોદાસ’** જાકે, સિસ ગાજે હૈં.

(દયારામ કાવ્ય સુધા–રસિકરંજન–પૃષ્ઠ ૧૩૧)

પાપ – ચાર પ્રકારના પાપ. (૧) કાયિક–શરીરથી થતાં (૨) વાચિક–વાણીથી થતાં (૩) માનસિક–મનથી થતાં (૪) સાંસર્ગિક–સંસર્ગથી, સંગથી, સોબતથી થતાં પાપ.

તાપ – ત્રણ પ્રકારના તાપ (કલેશ) (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક અને (૩) આધિદૈવિક (૧) લૌકિક (૨) વૈદિક અને (૩) અલૌકિક.

દયારામ કાવ્ય સુધા–શ્રીકૃષ્ણ અકલચરિત્ર ચંદ્રિકા–છંદ–દુવૈયા શ્રી ગુરુ શ્રીવલ્લભ શ્રીકૃષ્ણચંદ્ર સ્વામી; તિનકી ચરન કમલ રજ સિરપર ધરૂં (હું) સિરનામી.

શ્રીગુરુ વ્હાલા ઘણા, તેથી રાધાવર રાજી,
પ્રભુ પ્રિય અતિ, ગુરૂ ગૌણ, તેથી જિતાય ન બાજી (૬૪)

હરિ રૂઠયે ગુરૂ રાખે, ગુરૂ રૂઠતાં ન કોઇ
તે માટયે ત્યમ કરવું, જયમ શ્રી ગુરૂ-રૂચિ હોઇ (૬૫)
(દયારામ રસધારા ૯મી પૂષ્ટ ૯૪-પુંષ્ટિ પથ રહસ્ય)

શ્રી ગુરૂ-શ્રી વલ્લભની મહત્તા દર્શાવે છે કે જેને શ્રી વલ્લભ અતિ વહાલા છે તેની ઉપર શ્રી ઠાકોરજી સદા પ્રસન્ન રહે છે અને પ્રભુ વહાલા લાગે પણ જો શ્રી ગુરૂ-શ્રી વલ્લભમાં ગૌણતા મનાય તો જીંદગીની બાજી જીતી શકાતી નથી. અર્થાત દૈવી પુષ્ટિ જીવન સાર્થક બનતું નથી પુષ્ઠિ દૈવી જીવન તો ત્યારે જ સાર્થક થયું કહેવાય કે અલૌકિક દેહ પ્રાપ્ત કરી પ્રભુના લીલાધામમાં પ્રવેશ કરી. સાક્ષાત પ્રભુની તત્સુખાત્મક સેવામાં સ્થિતિ થાય. અલૌકિક દેહ શ્રી વલ્લભની કૃપા વિના ન જ મળે, તેથી જો શ્રી ગુરુ શ્રી વલ્લભને વહાલા ન કરાય તો લીલા લોકમાં પ્રવેશ ન થતો હોવાથી પુષ્ટિ માર્ગમાં આવ્યા તે વ્યર્થ જેવું જ ગણાય છે. શ્રી સર્વોત્તમજીમાં પણ શ્રી ગુસાંઇજી આજ્ઞા કરે છે- "તદ પ્રાપ્તૌ વૃથા મોક્ષઃ ॥ કૃષ્ણા ધરામૃત સુધા જો પ્રાપ્ત ન થઈ તો મોક્ષ મળે તો વૃથાજ છે. તેથી પુષ્ટિ ફળની પ્રાપ્તિ માટે શ્રીગુરુ શ્રીવલ્લભનો આશ્રય રાખવો જોઇએ.

શ્રીહરિની અપ્રસન્નતા ગુરુ શ્રી વલ્લભની કૃપાથી દૂર થાય છે, પણ ગુરુ શ્રી વલ્લભ રૂઠે તો જીવનું કોઇ ઠેકાણું નથી. માટે જેમ શ્રીગુરુ શ્રી વલ્લભ પ્રસન્ન થાય તેમ કરવું. અપરાધોથી બચવાનો સરળ ઉપાય એ છે કે પોતાના દોષોને જોતા રહેવું અને અન્યને નિર્દોષ ગણવા. પોતાના જ દોષોનો વિચાર કરતાં રહેવાથી દીનતા આવે છે. અને દીનતાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ગુરુ સ્વરૂપ શ્રી વલ્લભને પ્રસન કરવાનું સાધન દીનતા જ છે.

શ્રી દયારામ ભાઇને શ્રી નાથદ્વારામાં શ્રી નાથજીની સાન્નિધ્યમાં બ્રહ્મ સંબંધ (નામ અને નિવેદન બંને) કરાવનાર શ્રીમદ્ ગુરુદેવ શ્રી વલ્લભજી-શ્રીવલ્લભ લાલજી મહારાજ શ્રી (પ્રા. સં. ૧૭૯૩) ગોકુલ-કટરા, પ્રથમ ઘરની પાંચમી શાખા, શ્રી નાથજીના મંદિરની અડોઅડ આવેલા શ્રી વનમાળીજીના મંદિરના અધિપતિ, સેવાભાવી, સેવારસિક, નિકુંજ નાયક શ્રી નાથજીના પરિચારક હતા.

ચિંતા સંતાન હંતારો, યત્પાદામ્બુજ રેણવ : ।
સ્વીયાનાં તાન્નિન્નચાર્યાનૂ, પ્રણમામિ મુહુંર્મુહુ : ॥

જેમના ચરણ કમલની રજે નિજ સેવક જનની સમગ્ર ચિંતાઓને નાશ કરી છે એવા મારા આચાર્યવર્ય શ્રીમહાપ્રભુજીને વારંવાર નમસ્કાર કરૂં છું.

શ્રીગોપાલદાસજી બીજા આખ્યાનમાં શ્રીવલ્લભની ચરણરજનું માહાત્મ્ય દર્શાવે છે કે—
તીર્થ સકલ સનાથ કીધાં, ચરણ રેણુ સમાજ. ૧૦

અનેક જીવને કૃપા કરેવા દેશાંતર પ્રવેશ;
કોમલ પદ જયાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૩
અંગ બંગ કલિંગ કૈકટ, માગધ, મારૂં સુર સિંધ;
તે તામસના અઘ હર્યા, પ્રતાપ પદરજ ગંધ. ૧૪

સામાન્ય મનુષ્યો તીર્થોનાં જઇ, તેમના પાપ ત્યાં મુકી આવે છે. આમ, પાપના ધામરૂપ બનેલાં સૌ તીર્થોને શ્રી મહાપ્રભુજીએ પોતાના અલૌકિક સામર્થ્યથી, પોતાના ચરણારવિંદની રજના સંબંધથી પાવન કર્યા, તેમને પવિત્ર બનાવી કૃતાર્થ કર્યા.

શ્રી મહાપ્રભુજી અનેક દૈવી જીવોને શરણે લેવા માટે સમગ્ર ભારત વર્ષની પરિક્રમા કરતા ઘણા દુર દુર સુધીના દેશોમાં ખુલ્લા ચરણારવિંદે પધાર્યા હતા, તે દેશોન ભાગ્યનો પાર નથી.

અંગ એટલે દક્ષિણ દેશ, બંગ એટલે બંગાળ, કલિંગ એટલે બિહાર, કૈકટ એટલે કચ્છ, માગધ એટલે ઓરીસ્સા, મારુ એટલે મારવાડ, સુર એટલે સૌરાષ્ટ્ર અને સિંધ એટલે સિંધ પ્રદેશ વગેરે ભારત દેશના ઘણા પ્રદેશોમાં તામસ જીવો ઘણા મોટા પ્રમાણમાં પથરાયેલા હતા, તે સૌના તમો ગુણરૂપી પાપોને દુર કરવા શ્રીમહાપ્રભુજી પોતે તે તે દેશમાં પધાર્યા અને પોતાના ચરણ કમળની રજની સુગંધથી તેમનાં પાપા દુર કર્યાં.

આ પ્રમાણે શ્રી ગુરુદેવ અને શ્રીવલ્લભ દેવનું માહાત્મ્ય પ્રતાપબળ હોવાથી શ્રી દયારામભાઇ શ્રી ગુરુને અને શ્રીવલ્લભ–શ્રી મહાપ્રભુજીને સમાન–એક જ સ્વરૂપ માનીને આ મંગલ કાર્યના પ્રારંભમાં પ્રથમ પ્રણામ–વંદન–નમન તેમને કરે છે.

–ક્રમશઃ

[નોંધ – ભકિત પોષણના પ્રથમ ચંદ્રાવળાની પ્રારંભની તુકસુધી વિવેચન કરી અને શ્રી જોશી સાહેબ શ્રીજી ચરણ પામતાં વિવેચન પૂર્ણ થઇ ન શકયું. જેથી હવે પછી પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઈ મહેતાએ કરેલ વિવેચન પ્રસ્તુત થશે.]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી હરિઃ ॥

શ્રી ગોપાલાષ્ટકમ

રચયિત : **શ્રી દેવીપ્રસાદ શર્મા, ગોકુલ જુનાગઢ.**

(–ગતાંકથી ચાલુ)

કવિત-૫

ગાયન કી સેવા કરૂં કરકેં કલેવા ભોર,
લેંકે સબ ગાય જલ જમુના કૌ પ્યાઉં મેં. ૧
પઠઇ તેં છાક તામે ભરે બહુ પાક તહાં,
બૈઠિકેં નિસાંક સંગગ્વાલન કે ખાઉં મેં. ૨
'દેવીદ્વિજ' દેખેં દેવ છાયે હૈં વિમાન ઉન્હેં.
હંસિ હંસિ કુદ કુદ અંગુઠા દિખાઉં મેં. ૩
સાંઝકો સમૈયા સંગ સોહૈ બલભૈયા ઠાડૌ,
કરત કન્હૈયા મૈયા ગૈયા દુહિ લાઉ મેં. ૪

માતા જશોદાને ભગવાન ગોપાળ કહે છે કે, મૈયા, સવારમાં કલેવા કરી ગાયોની સેવા કરું છું. અને બધી ગાયોને યમુનાજીના જળનું પાન કરાવું છું. અને બપોરે છાકમાં આવેલાં ભાત ભાતના મીઠા પકવાન ગ્વાલના સંગમાં બેસીને બપોરે સંદેહ વિના ખાઉં છું કવિદેવી દ્વિજ કહે છે કે દેવતાઓ ઉપર વિમાનમાં બેસીને આ લીલા જોઇ રહ્યા છે. તેમના તરફ હસી હસીને કુદકા મારીને અંગુઠો બતાવે છે, અને પોતે છાકનું ભોજન આરોગે. સાંજે બલદેવજી ભૈયા સાથે ગાયોને લઇને પોતે ઘેર પધાર્યા છે અને માતા જશોદાજીને પૂછે છે કે, મૈયા હું ગાય દોહી લાવું ? ૫

કવિતા-૬

દોહની ઉઠાઇ લઇ ગાયન કે દુહિવે કી,
મૈયા ચલી સંગ ધેનુ ધોરી ઢિંગ આઇ હૈ. ૧
ઠાડી પાસ ગૈયા લાગ્યો દોહન કન્હૈયા તબ,
મધુર સુ ગોરસ કી ધાર ધુનિ છાઇ હૈ. ૨
'દેવીદ્વિજ' આપ ગ્વાલ ગોપી જુરી દેખે ગ્વાલ;
હોત હૈ નિહાલ નંદ બાંટત વધાઈ હૈ. ૩
ફુલ લગે વર્ષન કરેં હૈં દેવ દર્શન સો,
હર્ષ ન સમેત દૌર દુદુંભી બજાઇ હૈં ૪

કનૈયાએ ગાયોને દોવાની તાંબડી ઉઠાવી, ધોળી ગાય પાસે આવ્યા. ભગવાન ગાયને દોવવા લાગ્યા. એટલે દુધની ધારાઓનો મધુર અવાજ થઇ રહયો છે. કવિ દેવીદ્વિજ કહે છે કે ગોપી ગ્વાલ આ આનંદ જોવા એકઠા થઇ ગયા અને શ્રી નંદરાયજી વધાઇ વાંટવા લાગ્યા. તે સમયે દેવતાઓ વિમાનમાંથી ભગવાનના દર્શન કરી. પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને આનંદમાં આવીને દુદુંભી વગાડવા લાગ્યા. ૯

કવિત-૭

હોત જબ સાંઝ કાન્હ ચઢિ કે કદમ પર,
બાંસુરી બજામેં ગાય સબ જુરિ આવેં હૈં. ૧

આગે આગે ગાય ચલેં ટોલન કે ટોલ ટોલ,
પાછેં પાછેં લાલ લાલ લકુટ ફિરામેં હૈં. ૨

ખુર રજ ઉડિ છાઇ અલક સુ અંગ પર,
'દેવીદ્વિજ' શોભાવહ ઉપમા ન પામેં હૈં. ૩

બારિન અટારિંનન પૈ નારિન કે ઝુંડ ખડે,
કૃષ્ણ બલરામ જૂપૈ પુષ્પ બરસામેં હૈં. ૪

હંમેશાં સંધ્યા વખતે કદમના ઝાડ ઉપર ચડી ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર વાંસળી વગાડે છે એટલે બધી ગાયો વાંસળીનો નાદ સુણીને એકત્ર થઇ જાય છે. ગાયોના સુંદર ટોળે ટોળા આગળ ચાલે છે અને કનૈયા પાછળ પાછળ લાલ રંગની લાકડી ફેરવતા ફેરવતા પધારે છે. તે સમયે ગાયોની ખરીથી વ્રજની રજ ઉડીને ભગવાનના કેશ અને શ્રી અંગ ઉપર એટલી તો છવાઇ જાય છે કે કવિ દેવીદ્વિજ કહે છે કે આ શોભાને માટે કોઇ ઉપમાં મળતી નથી. પછી ભગવાન ગામમાં પધારે છે ત્યારે વ્રજની સ્ત્રીઓ ટોળા બારીમાંથી, અગાશીમાંથી, અટારીમાંથી ભગવાન તથા બલરામજીનાં દર્શન કરી પુષ્પ વૃષ્ટિ કરે છે.

કવિતા-૮

ભારતી ગણેશ કુલે બ્રહ્મા શિવ ધ્યાન ભુલે,
વ્રજભકત મંડલીમેં ઝાંઝ ઝનકારતી. ૧

ગોકુલ કે વાસી વ્રજવાસી કરેં ગૌરીગાન,
તાન ઓં બંધાન સોં મૃદંગ ધુની ધારતી. ૨

'દેવીદ્વિજ' ગાયકોં ચરાય કે પધારે શ્યામ,
ધન્ય ધામ શોભા સાંઝ સમય નિહારતી. ૩

સંગ સોહેં નારી દૌનોં આઈ મહતારી દ્વાર,
તન મન વારતી ઉતારેં મિલિ આરતી. ૪

આ સમયે સરસ્વતી તથા ગુણવંતિ આનંદમાં આવી ગયા અને બ્રહ્મા તથા શિવજીના ધ્યાન વ્રજ ભક્તોના ઝાંઝરના ઝણકારથી છૂટી ગયા, ગોકુળના વ્રજવાસીઓ ગોરી રાગનું ગાયન કરી રહ્યા છે અને તે રાગના તાલ અને ટીપમાં ઓર આનંદનો વધારો કરવા મૃદંગનો અવાજ શોભા આપી રહ્યો છે.

કવિ દેવીદ્વિજ કહે છે કે ગાયોને ચરાવીને ભગવાન ગામમાં પધાર્યા ત્યારે તે ધામની શોભા જોઇને સંધ્યા પણ ફૂલી રહી છે. શ્રી રોહિણીજી તથા શ્રી જશોદા માતા વૃજ સ્ત્રીઓને સાથે લઇને બારણા પાસે આવી. તન, મન ઓવારીને ભગવાન કૃષ્ણચંદ્ર તથા બલરામની સંધ્યા આરતિ ઉતારે છે.

સોરઠા

ગોકુલપતિ ઉર લાય, પઠન કરે પ્રેમસોં,
ભવ બાધા મિટ જાય સુખપાય વ્રજ ચન્દકૌ. ૧

ગોકુલપતિ શ્રીકૃષ્ણચંદ્રને હૃદયમાં ધારણ કરીને આ અષ્ટકનો જે પાઠ કરશે તેના ભવ બંધન મટી જશે અને ભગવાન શ્રીવૃજચંદ્રનાં સુખ પ્રાપ્ત કરશે. ૧

સોરઠા

'દેવીદ્વિજ' લિખ લાય, યહ અષ્ટક ગોપાલ કૌ,
અર્પણ કર હર્ષાય, શ્રી પુરુષોત્તમલાલ કોં. ૨

કવિ દેવીદ્વિજ આ ગોપાલાષ્ટક લખીને હર્ષ સહિત ગોસ્વામી શ્રી ૧૦૮ પુરુષોત્તમલાલજીના ચરણકમળમાં અર્પણ કરે છે.

રૂા. ૫૧/- પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. જયેન્દ્ર પ્રેમચંદભાઇ કંસારા
થાનવાળાના ભગવદ્ સ્મરણ.

શ્રી યમુનાજી કી વિનય

ભાવાર્થ 'માધુરી' રાજકોટ

જિનકે શ્રીમુખ હરિગુણ ગાયે;
તિનકી મહિમા કહાં લગિ વરણો, શરણાત અપનાયે ૧
હંસ સુતા ગુણખાનિ વાનિ યહ યમકે ત્રાસ મિટાયે,
'વલ્લભદાસ' આશ કરિ ઠાડૌ બેગિ કરો મન ભાયે. ૨

—મહા કવિ **વલ્લભદાસ શર્મા, દેવરી**

[મહા કવિ વલ્લભદાસનો જન્મ આસો સુદ ૩ સં. ૧૯૨૮ માં દેવરીના પ્રસિદ્ધ જમીનદાર શ્રી બાજીલાલજીને ત્યાં થયો હતો. અને માતાનું નામ ધનવંતી હતું. શ્રીવલ્લભદાસ નાનપણથીજ એકાંતપ્રિય ભગવાનની દિવ્ય લીલાઓના ગુણગાનમાં ખોવાય જતાં સંવત ૧૯૪૩ માં શ્રી દેવીપ્રસાદજી દીક્ષિતજીની પુત્રી શ્રીમતી રામપ્યારી સાથે લગ્ન થયા. સાંસારિક પ્રપંચમાં બંધાયા છતાં તેમની પદ્યરચના અને ભક્તિ ભાવનામાં પ્રગતિ થતી ગઇ. અઢાર વર્ષની આયુમાં તેઓ સરકારી નોકરીમાં—ગ્વાલિયરની સેનામાં—જોડાયા સેનાની નોકરીની સાથો સાથ સત્સંગની મધુર પરિપાટી પણ વિસ્તાર કરી રહી હતી. આ દિવસોમાં એવી અલૌકિક ઘટના બની ગઇ ને નોકરીમાંથી રાજીનામું આપી દીધુંને વૃંદાવનમાં રાસ મંડલીના સદસ્ય બની ગયા અને પોતાની પદ રચના બાલકોને શિખવવા લાગ્યા.

એક વીસ વર્ષની વયે મથુરાના પરમ પ્રતાપી ગો. શ્રી રમણલાલજી મહારાજ દ્વારા નામ નિવેદન પામ્યા. અને નાનપણનું નામ 'ડરુસિંહ' બદલીને 'વલ્લભદાસ' નામ પૂ. મહારાજશ્રીએ રાખી દીધું. ભગવત્કૃપા પણ છપ્પર ફાડીને વરસે છે. વલ્લભદાસે તન્મય થઇને લગભગ છ હજાર પદ્યો, કવિતો, સોરઠો, દોહે, ચૌપાઇયોની રચના કરી. આ અસાધારણ કાર્ય ભગવત્કૃપા દ્વારાજ સંભવ થયું. આપ ૬૨ વર્ષની અવસ્થામાં સંવત ૧૯૯૦ માં શ્રાવણ સુદ ૧૫ ના રોજ ગોલોકવાસી થયા.

ઉપર દર્શાવ્યા પ્રમાણે તેમની સાહિત્ય રચનામાં "શ્રી યમુનાજી કી વિનય" ના લગભગ ૧૭૦ પદોની રચના પણ છે. તે ભાવાર્થ સાથે ક્રમશઃ અહીં પ્રસ્તુત થતી રહે તેવી ભાવના સહ

— માધુરી]

ભાવાર્થ—કવિશ્રી વલ્લભદાસજી શ્રીયમુનાજીની સ્તુતિમાં કહે છે કે હે શ્રીયમુનાજી! આપની કૃપા જે જીવ ઉપર થાય છે તે જીવ ભગવત્ ગુણાનુવાદ કરવા સમર્થ છે તેઓ ધન્ય છે કે જેઓ શ્રીવલ્લભનું શરણ ગ્રહી અને પ્રભુને પ્રાપ્ત કરવા માટે આપની કૃપા મેળવે છે. આવા જીવો જ ભાગ્યવાન છે.

આપ હંસ–સૂર્ય સુતા–પુત્રી સૂર્ય મંડળથી ભૂતલ પધાર્યા તેથી આપ હંસ સુતા છો. આ નામ આપનું છે. આપ ગુણોની ખાણ ભંડાર રૂપ છો. આપની કૃપાથી યમનો ત્રાસ દૂર થાય છે. આવું આપનું ઐશ્વર્ય છે. એક આપનાં નામમાં આ સામર્થ્ય છે. તેવું જાણીને જ આ કીંકર દાસ વલ્લભ આપને દ્વારે ઉભો રહીને સ્તુતિ કરે છે કે મારા ઉપર આપની કૃપા વરસાવો જેથી હું આપનું ગુણાનુવાદ કરું.

વાત્સલ્યભાવ ચિંતન

રચયિતા : **શ્રી હરિરાય મહાપ્રભુ**

ભાવાર્થ : **શ્રી મથુરદાસ જે. મહેતા, રાજકોટ.**

પુષ્ટિ માર્ગમાં વાત્સલ્ય ભાવથી સેવા થાય છે. શ્રી યશોદાજીની વાત્સલ્ય ભાવના મુખ્ય છે. ઘણીવાર પ્રભુત્વ બતાવ્યું. જેમ કે મુખારવિંદમાં બ્રહ્માંડ, ગીરીરાજધારણ, પુતનાવધ વિગેરે પરંતુ થોડીજ વારમાં બાલભાવ આવી જતો અને સ્થિર ભાવ બાલભાવ જ રહેતો. યશોદાજીએ પોતાનું સુખ કયારેય વિચાર્યું નથી. મારો લાલ સુખી કેમ રહે એજ ભાવનાં રહેતી. શ્રી યશોદાજીની ભાવનાનું વર્ણન શ્રી હરિરાદયજીએ સંસ્કૃત અષ્ટપદી નીચે મુજબ

શ્રી રાગેણ ગીયતે

સુત વદનં ભાવયતિ યશોદા, ખેલન જનિત મનસિ મોદા ।
રુચિરાલકતતિ સંવૃતિરુચિરં સંતત ચિંતિત બાલ વિનોદા ॥ ૧ ॥

મીન સમાન ચપલ નિજ નયન, કેવલ ભાવવિભાવન દીના ।
વત્સલતાકૃત બાહુલતા, પરિરંભણ સમય વિવેક વિહીના ॥ ૨ ॥

ઉભય રેખ મતિ મંજુબ તિલકં, નિહિત દંતરપરિગતચિત્તા ।
લસ દલિકાહિત કજ્જલબિંદુમ્ । ઘનમિવ સંગત વિરહિતચિત્તા ॥ ૩ ॥

મૃદુલકપોલ લોલ કુંડલ યુગમ્ । અતિશય ભાવન ભાવ વિભાણા ।
ગગન સજદરુણાંશુ સમાજ । પ્રકટિત હૃદય વિલસદનુ રાગા ॥ ૪ ॥

વેણુવાદ વિધિ કુલ્લનાસિકં । સુંદરતા લોકન મોહા ।
નાસા ભૂષણ મુક્તાચલનં । ચિરલબ્ધા નંદઘુ સંદોહા ॥ ૫ ॥

અરૂણા ધર ફલ નિર્જીત બિમ્બં । નિજકર કૃત નવનીત સુભક્ષા ।
સુન્દર તાપાતિત જનદ્રષ્ટીં । ગોરજસા બહુતર કક્ષા ॥ ૬ ॥

સહજ નીલતમ ચિબુક સુરુચિરં । ચિર સંચિત ચેતસી ભાવા ।
આવિંભાવિત બાલક લીલં । વિરચિત તાત તતેતિ વિરાવા ॥ ૭ ॥

શ્રીવલ્લભવર ચરણાવાસે **'હરિદાસેડ'** પિકરોતિ સદા ।
કરૂણા મિતિ જાનાતુમહી પાયે મિતિ હરે પરવશ્ય હૃદા ॥ ૮ ॥

ભાવાર્થ :– ભગવાનનાં ખેલન થી મનને વિશે આનંદ પામેલા શ્રી યશોદાજી તેમની બાલલીલાઓના વિનોદનું કાયમ ચિંતન કરતા હતા. સુન્દર કેશસમુહોની સંવૃત્તિ (વાળ બરાબર કરવા) ઓથી રુચિર પુત્રરૂપી ભગવાનનાં વદનની ભાવના કરે છે. (૧)

કેવળ ભાવોનિજ વિશે ભાવનાં કરી દીન બનેલા, જેમની બાહુલત્વઓ પણ વત્સલતાની જ બનેલી છે તેવા; તથા પ્રભુને ભેટવાને સમયે વિવેક વગરનાં બનતાં યશોદાજી; મીન સમાન ચપળનયનવાળા શ્રી વદનની ભાવના કરે છે. (૩)

સુંદર ઉર્ધ્વપુંડનું તિલક ધારણ કરનાર ભ્રમરીની માફક કાજલનાં બિંદુવાળા તે વદનની પુનઃ પણ તે ભગવાનને વિષે નિરંતર ચિત્તવાળા, ધનવગરનાં મનુષ્યની સમાન ચિત્તવાળા શ્રી યશોદાજી ભાવનાં કરે છે. (૩)

અતિશય ભાવનાઓનાં ભાવનાના વિભાણ કરનારાં ત્યાં હૃદયને વિષે જેમને અતિશય અનુરાગ પ્રગટ થયો છે. તેવા યશોદાજી ગગને બિરાજતા સૂર્ય સમાન ભગવાનનાં મૃદુલ કપોલ ઉપરનાં મનોહર કુંડલોના યુગલની ભાવનાં કરે છે. (૪)

તે ભગવાનનાં સૌંદર્યથી મોહ પામેલા; આટલા દિવસો સુધી મળેલા આનંદોનું સંદોહન કરનારાં યશોદાજી વેણુવાદનથી ઉત્ફુલ્લીત. નાસિકા અને તેને વિષે રહેલા હાલતા જે મોતી છે; તે મોતીની આભુષણવાળા વદનની ભાવના કરે છે. (૫)

પોતાનાં હાથને વિષે રહેલા નવનિતને નિજબાલકોને ખવડાવનારાં ગાયોની રજથી તેમની અતિશય રક્ષા કરનાર, યશોદાજી અરૂણાધરના ફલથી જેમને બિમ્બના ફલની રતાશને પણ હરી લીધી છે, તે ભગવાનનાં વદન તરફ નિહાળે છે કે જે વદનની સુંદરતાને લીધે જન સમૂહની દૃષ્ટિ પણ તેના ઉપર પડે છે. (૬)

લાંબા સમયથી ભગવાનને વિષે ચિત્તમાં ભાવને સંચન કરનારા, તાત, તાત, એવી બુમો મારતા યશોદાજી (જેમની બાળલીલાનો આર્વિભાવ થયો છે તેવા ભગવાનના) સ્વાભાવિક અતિશય સુંદર નીલ ચિબુકવાળા વદનની ભાવના કરે છે.

શ્રી વલ્લભ ચરણમાં આવાસ કરનાર હરિદાસને વિષે પણ સદા કરૂણા કરે છે. આ મારો છે એમ જાણો. હે ભગવાન પરવશ હૃદયથી માનો. (૮)

"મન મારૂં સદા શ્રી કૃષ્ણઃ શરણં મમઃ જપ્યા કરે"

॥ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુચરણકમલ રેણુભ્યો નમઃ ॥

અથ શ્રીહરિરાયચરણ વિરચિતા

શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી-ટિપ્પણી

ભાષાંતર - **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

ટિપ્પણી (૧૩) :

જો એવી શંકા કરવામાં આવે કે ભકિતમાર્ગીય એવા વૃત્રના સખ્ય માટે ઉપયોગી ચક્રભ્રમણ હેતુત્વથી કર્મ કેવી રીતે યોજાય ? તેનું નિવારણ કરતાં કહે છે 'ક્લેશસાધનપદેન' એટલે કે કલેશરૂપી સાધન દ્વારા એ પણ ભક્તિમાર્ગીય જ હતો તેથી ભ્રમણરૂપ કલેશ હેતુ હોવાના કારણે સ્વામીના નામનું ગ્રહણ અયોગ્ય છે તે હેતુ હોવાથી કર્મ કરવાનું કહ્યું એમ અર્થ છે. જો એમ શંકા કરવામાં આવે કે એ કર્મોનો તો ત્યાગ કરવો જોઇએ- ભ્રમણ સાધનત્વને કારણે- તો તેના ઉત્તરમાં કહે છે 'આવશ્યકત્વાય' એટલે કે એ જરૂરી હોવાથી કર્મો પોતે કરેલા હોવાથી તથા ભોગવવાપણું આવશ્યક હોવાથી કર્મોનો ત્યાગ કરવાનું શકય નથી એમ અર્થ છે. જો એમ કહેવામાં આવે કે કર્મો સ્વસાધ્ય હોવાને કારણે કર્મોનું બળ શું ? તેના ઉત્તરમાં કહે છે કે નિરધિત્વાય' વગેરે- એટલે કે સમયમર્યાદાના અભાવને માટે બહુવચન વાપરીને કર્મોના નિરવધિપણાનું કથન કર્યું છે. અને નહિ કે કશ્ચિત (કોઇએક) એ વાકય દ્વારા. જો એવી દલીલ કરવામાં આવે કે સંસારચક્રના ભ્રમણમાં અન્ય સાધનો જેવા કે અવિદ્યા, કામ વગેરેના અસ્તિત્વને લીધે શા માટે માત્ર કર્મને તેનું સાધન કહ્યું છે તેના ઉત્તરમાં કહે છે 'ચક્રપરિભ્રમણે' ઇતિ એટલે કે ચક્રના પરિભ્રમણમાં એ બધાં નિમિત્ત કારણ હોવા છતાં ભોગનો વિષય હોવાથી મુખ્ય ઉપયોગી કર્મોનું જ કારણત્વ છે. ઘટમાં દંડનું મુખ્ય કારણ (કે મહત્વ) હોય છે તેની જેમ એ સમજાવવા માટે તૃતીયા (ત્રીજી) વિભક્તિ વાપરી છે એમ અર્થ છે.

ટિપ્પણી (૧૪) :

ખરેખર અર્થમાં પ્રાર્થનાની સિદ્ધિ હોવા છતાં તેનાથી કહેલા પદના પ્રયોગના અભાવના તાત્પર્યને કહે છે- અસ્યાઃ વગેરે આના એટલે પુષ્ટિમર્યાદામાં કહેલ મુક્તિ માટે દ્વિતીયા વિભક્તિની અપેક્ષાથી ગૌણતા જણાવવા માટે અહીં પ્રાર્થના શબ્દનો ઉલ્લેખ નથી. નિર્મિલિત (આવી પડેલા) અર્થનો ઉલ્લેખ કરે છે. 'તથા ચ' (એટલે અને વળી) વગેરે વગેરે.... આ પ્રકારનું પહેલાં કહેલું ધર્મ વૈશિષ્ટય ચક્રભ્રમણ વગેરે કલેશ દ્વારા પ્રાપ્ય એવું ભગવદ્ ભકતનું સખ્ય એ જ પુષ્ટિમર્યાદામાં મોક્ષ છે એમ અર્થ છે.

ટિપ્પણી (૧૫) :

પુષ્ટિ પુષ્ટિમોક્ષનું વર્ણન કરવા માટે સજાતીયપણાને સમજાવતા આભાસનું કથન કરે છે, 'દ્વિતીયમાહ' એટલે કે બીજુ કહે છે વગેરે.... દ્વિતીય એટલે બીજા ભક્તિમાર્ગીય મોક્ષને વર્ણવે છે. તેના મર્યાદા દ્વારા અપ્રાપ્યત્વ પણ કેવલ પુષ્ટિ પ્રાપ્તિ દ્વારા જ પ્રાપ્યત્વ (મેળવી

શકાય એવી સ્થિતિને કારણે તેની સજાતીય સિદ્ધિ છે એ અર્થ છે. ‘ત્વન્માયયા’ વગેરે.... એટલે કે તારી માયાને લીધે. સંસારચક્રમાં ભ્રમણ કરતા જનના ભગવદિચ્છાથી કુટુંબ-વાત્સલ્યનો નહી પરંતુ તારી માયાને લીધે તેમાં આસકત એવો જે હું તેનો સંબંધ ન થાઓ એમ અર્થ છે. પહેલાં કહેલાથી વિલક્ષણના દર્શાવે છે– ‘સમાસાદેવા’ તારી માયાથી એવા સમાસથી તેના (માયાના) સ્વરૂપ સંબંધને વર્ણવે છે. એ (માયા) તો સ્વરૂપથી જ બંધાયેલી છે તે માટે મોહ પમાડે છે પરંતુ પૃથગભાવથી (એટલે જુદાપણાના ભાવથી) કારણ કે તેનું (માયાનું) પ્રાકટ્ય કેવળ (ભગવાનની) લીલા માટે જ થયેલું છે એ જ કારણે તેના ઉપક્રમથાં તેનું (માયાનું) આજ્ઞાપન થયેલું છે (જુઓ ‘ગચ્છ દેવિ વ્રજ” ભદ્રે ‘હે કલ્યાણી ! હે દેવી ! તું વ્રજમાં જા’– એ પ્રમાણે વળી ‘વૈષ્ણવીં વ્યતનોત્ માયાં’ (ભા. ૧૦–૮–૪૩) એટલે કે વૈષ્ણવી માયાને ઉપજાવી (વ્યતનોત્–પ્રકટાવી) એ વાકયમાં પણ માયાનો જ ઉલ્લેખ છે અને ભગવાન પ્રકટ થઇને જ્યાં લીલાઓ કરે છે ત્યાં જ એ માયાનો ઉપયોગ થાય છે તેના (માયાના) અભાવે લીલા ન સંભવે તેથી આમ હોવાથી પુષ્ટિ પુષ્ટિમોક્ષ તો પ્રભુની વિશિષ્ટ લીલા માટે પ્રકટ થયેલો હોવાથી પ્રભુના સ્વરૂપની અંદર રમણરૂપ હોવાને કારણે તેના ઉપયોગીપણાને કારણે ગૃહ વગેરેમાં આસકિતની અપેક્ષાને કારણે ‘ત્વન્માયયા’ એટલે કે તારી માયાને લીધે– એમ કહ્યું છે. પ્રથમ જણાવેલ સ્થળે તો પરોક્ષપણાને લીધે સાક્ષાત્ લીલાના અસંભવને કારણે આસકિતનો ઉપયોગ નથી. માયા તો ત્યાં પણ ભગવદીય જ હોય છે પરંતુ સ્વરૂપ સંબંધી નથી. ‘મમ માયા દુરન્મયા’ (ગીતા–૭/૧૪)એ વાકયમાં વ્યન્માસ (ઉલટા-સુલટી) પૂર્વક કહીને માયાને તરવાનો ઉપાય બતાવ્યો છે. [ગીતાજીમાં ‘મમ માયા દુરત્મયા’ મારી માયાને ઓળંગવી મુશ્કેલ છે) એ વાકયમાં ‘મન્માયા’ એવો શબ્દ નથી વાપર્યો કારણ કે ત્યાં માયાના મોહ પમાડનાર રૂપને કારણે માયાને તરી જવાનું ઉચિત (યોગ્ય છે) એમ અર્થ છે અને નહિ કે લીલારૂપ માયાને તરી જવાનું કહ્યું છે.] એ જ કારણથી અહીં કહ્યું છે. ‘ન ભિન્નતયા’ (ભિન્નતાને કારણે નહીં) પ્રભુથી પૃથક (જુદા)પણાના ભાવને લીધે માયા મોહન મ્” (માયાથી મોહ પામવું તે) વગેરે, પરંતુ પ્રભુ જ ‘તયા’ એટલે માયા વડે મોહ પમાડે છે એમ અર્થ છે.

ટિપ્પણી (૧૬)

જો એવો પ્રશ્ન કરવામાં આવે કે મોહના એક જાતીવ વિષયત્વની શી વિશેષતા છે ? તો તેના ઉત્તરમાં કહે છેઃ “પૂર્વસ્માત્” (પહેલાં કહેલા કરતાં) પૂર્વે કહેલા મોહ કરતાં આ પુષ્ટિ પુષ્ટિ મોક્ષ માટેના મોહમાં વિશેષ આદરને સ્થાન છે મોક્ષના અંગરૂપ હોવાથી તથા આદિરૂપ ‘,ત્વત્” શબ્દ જે એક પ્રકારે તેના સંબંધનો સૂચક છે તે દ્વારા કહ્યું છે એમ અર્થ છે, (‘ત્વત્’ શબ્દથી માયાની ઉત્કૃષ્ટતાં સૂચવાંઇ છે તેથી એમ અર્થ સ્પષ્ટ છે.) અથવા તો શંકા થાય કે આ પ્રકારના મોક્ષમાં પણ માયાના મોહનું સરખાપણું હોવાથી વિશેષતા શી છે ? એવા પ્રશ્નનો ઉત્તર આપતાં કહે છે “પૂદ્ધસ્માત્” (એટલે પહેલાં કહેવાથી) આની પહેલાં “મોક્ષથી વિશેષ” ‘ત્વત્’ શબ્દથી

કહેલ છે. આ સંબંધી માયાનું પણ હમેશાં સ્વરૂપ સહિત અસ્તિત્વ હોવાના કારણો એમ અર્થ છે. અહીં મોક્ષમાં શી વિશેષતા છે એ તો બીજા પ્રકારથી પણ પ્રાપ્ત કરી શકાય એવો હોવાથી તેમાં વિશેષતા શી છે ? ત્યાં કહે છે" આભિમુખ્યમ" એ પ્રાર્થનાના અવસરમાં પ્રાર્થનાના અવસરમાં પણ જ્યાં વૃત્રના પ્રભુનું પ્રાકટ્ય છે ત્યાં અન્યથા (જો એમ ન હોય તો "ત્વત્" એ શબ્દનો ઉપયોગ કર્યો ન હોત ત્યાં એ અનુભવમાં તેની તો વાત જ શી કરવી એ અર્થ છે.

(ક્રમશઃ)

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા : **પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા**

(-ગતાંકથી ચાલુ) રાગ-બિલાવલ

ભાટ સિંહનંદ કે પ્રભુદાસ, પ્રભુ સેવામેં દઢ વિશ્વાસ,
સબ સાધન તજ હરિપદ વંધા, કીર્તિ ચોધરી સુની કરી નિંધા

(છંદ) નિંધા ઉનકી ચિત્ત કરન લાગ્યો, નાથકો નાંહી સહયો;
રાત મેં જુરી દુત આયે, મારકે મુશ્કે ગયો,
કરન લાગ્યો સ્તુતિ સબ મેં દાસ કીરત બઢાઇયે. ૨૬

ચૌરાશી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઇએ.
પુરૂષોત્તમ જન આગ્રાવારે, તાકે ઘર હી આપ પધારે,
નાના પ્રકાર ધરે જન ભોગ, કીયે મનોરથ આપ આરોગ.

(છંદ) અરોગે આપહી સકલ સુખ દે, સજ્યા નિજ પોઢાઇયા;
બ્યાર વીંજના સુગંધ નાના અંગ રાગ લગાઇયા.
વા સમે સુખ વેહી જાને, કાગદમેં ન લીખાઇયે;
ચોરાશી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઇએ. ૨૭

ત્રિપુરદાસ કાયસ્થજન એક, ચરણામૃત પેં જાકી ટેક;
એક દિના સબરો નિપટાયે, લરિકા તીન થેલી લે આયે

(છંદ) આયે લરિકા દઇ થેલી ત્રીપુરદાસ આયે ઘરે;
ધીક્ ધીક્ યોં કહી મનકો, પ્રભુ ઇતનો શ્રમ કરે.
સીતદિન પ્રભુ ઓઢે રંગી ભકત પક્ષ દઢાઇયે;
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૨૮

પુરણમલ્લ અંબાલા કે વાસી, તાકો આજ્ઞા કરી સુખરાશી;
મંદિર મેરો વેગ બનાવે, તુરત ચલહી ગોવર્ધન આયે.

(છંદ) આયે ચલકે ગોવર્ધન કો, મંદિર કો આરંભ કિયો,
થોડે દિનમેં ભયો પુરન, ન્યોછાવર તન મન દીયો,
પ્રસન્ન હોય કે કરી આજ્ઞા, અંગરાગ લગાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઇએ. ૨૯ ૨૯

યાદવેંદ્રદાસ જન પરચૈયા, સર્વસ્વ છોડ વર વલ્લભ વરીયા,
સબ સામગ્રી શીરપેં નાવે, નિત્ય નિકુંજ ભોવન બનાવે.

(છંદ) બનાવે કુંજ ભોવન નિત્ય નયે, પ્રાણપતિ સુખ પાવહી,
સેન સજ્યા ભોગ ભૂખન, પ્રેમસોં પોઢાવહી;
નીશા પહેરો દેત દ્વારે, એસે કાલ વીતાએ,
ચોરાસી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઇએ. ૩૦

શરણ આયે એક દાસ ગોસાંઈ તાપેં પ્રભુ સેવા પધરાઈ;
બહોત દીનલોં સેવાકીની, વિરહ અનુભવકી આજ્ઞાદીની

(છંદ) દીની આજ્ઞા વિરહ અનુભવ. આપ યહ સીર ધાર હે,
હરિસેવા દઇ વૈષ્ણવ, એહી મન નીરધાર હે,
કીયે અનુભવ ચરન પાયે, લીલા નાહીં લીખાઇએ,

ચોરાસી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઇએ, ૩૧
માધો જન ભટ કાશ્મીરી, લીખી સુબોધિની સઘ મતધિરી,
સનમુખ બૈઠે અરૂધાવે, કબહુ ન અપની પીઠ દીખાવે.

(છંદ) દેખાવે નાંહી પીઠ અપની, એસો પૂરન ભાવહી,
પ્રાન વલ્લભકી કૃપાતેં મૃતક પુત્ર જીવાવહી,
સદા પીવત વચન અમૃત, અધિક રૂચી ઉપજાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૨

અતિ ઉપકારી દાસ ગોપાલા, હરિભકતન હિત કરી ધર્મશાલા;
રાવલ રહેતા યહ કથા સુનાઇ, અડેલમેં પ્રગટે શ્રી રણછોડરાઈ.

(છંદ) રાય શ્રી રણછોડ પ્રગટે, સુનત ઉજ્જન આઇયા,
માવજી વીરજો કો સંગ લે કે, અધિક દર્શન પાઇયા,
કરી કરૂણા શરણલીને, જહાં તહાં અપને આઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૩

ફીર વિનતિ કરી પદ્મ રાવલ, મેરી જાત મેં પંડિત પાવલ.
તીન સોં જાત હોં મોંહે ભીતે, કૃપા રાવરી સોં સબ જીતે.

(છંદ) જીતે સબ સો કૃપા બલ તે, મહા અનુગ્રહ પ્રભુ કીયો,
પ્રાણવલ્લભ કરી કરુણા, અપનો ચરણોદક દીયો;
અવંતિકા મૃગરાજ એસે, સીયાર કીન વસાઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૪

વરનો પુરૂષોત્તમ જન જોષી, કલિમલ હરત કીર્તિ નિર્દોષી;
ઘરસોં ચલે ઉજ્જનકો આયે, કૃષ્ણ ભટકો તહાં સંગત પાયે.

(છંદ) પાયે સંગ તહાં કૃષ્ણ ભટકો દોઉ મિલ ચલે ગેલમેં,
એસે કરતે સુદ્ધ નાહીં, પહોંચે જાય અડેલ મેં;
પ્રાણપતિ કે દરસ પાયે, તાપ ત્રણ નસાઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૫

જગન્નાથ જોષી સાચોરા, થાર સમર્પ્યો કીયો નિહોરા;
પહેલે ભઇ સો ક્ષમા કરાઇ, ફિર સામગ્રી ભોગ લગાઇ.

(છંદ) લગાયે ભોગ હી ખુલે દરશન, ગરાસિયા એક આઇયાં,
માલાકા જ ખુનસ રાખી, પીછે મારન ધાઇયા;
આયકે પ્રભુ બીચકીનો, દેખ દોષ ક્ષમાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૬
જગન્નાથ નરહરકી માતા, કહી સુતન સોં શરણકી બાત;
સુનત હી દોઉ સુત ધાયે, પુરૂષોત્તમ પુરીમેં પાયે.

(છંદ) પાયે જો પુરૂષોત્ત પુરીમેં, ફીર દેખે ભવનમેં,
ઈત હું દેખે ઉત હું દેખે, ભયો ભ્રમણ ગવનમેં;
માત દઈ સો ભેટ લાવો, વેગ શરણે આઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૭

વરનો નરહર જોષીજન, લરીકા હુયે પ્રભુ માગ્યો ભોજન;
મારગ જાન દીયો મન કાચે, ઘર આઇ પૂછી સબ સાચે.
(છંદ) સાચે અનુભવ સદા જીનકે, સોઇ પીય મન ભાઇયે,

કુલબાઈ મહીધર કે ઘર, આંચ જરત બચાઇએ;
કોને કોને સાખ્ય દીજે, કૃપા તેં તીર જાઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૩૮

રાણા વ્યાસ ઉજ્વલ જનરાઇ, કાહુ દુષ્ટને ચુંગલી ખાઇ;
સોંહ કરી જોષી જગન્નાથે, મુલ તપાયે પહેરે નિજ માથે,

(છંદ) માથે જો પહેરે મુલ તાતો, સભા સબ ભય ભીતહી,
સત્યા સત્ય નીકાર ડાર્યો, પરમ ધર્મ પ્રતીત હી;
એસી નિર્મલ કીર્તિ જાકી, કાલકી ન બસાઇયે,

ચોરાશી મહાભાગ્ય નિજ જનકે. વિમલ ગુણ ગાઇએ. ૩૯
રજપુતાની બરન ચલી સતી, હરિજન દષ્ટાંતે ભઇ વિમલ મતી;
તબ એ ચાહ તહાં નહિ જ રહી, આય જોશી કે પાયન પરહી.

(છંદ) પડી પાયન કરી બીનતી, મોહે શરણે લીજીયે,
જગતમેં ભઇ નીંદક, ટહેલ અપની દીજીયે;
એસે જન સ્વીકારે કીને, કોન રીત છુપાઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજ જનકે વિમલ ગુણ ગાઇએ. ૪૦
રામદાસ કહો રાજનગરકે, સાચે જન શ્રીવલ્લભ વરકે;
નામ પાયે બીનું છુઇ નહિ નારી, શરણ ભયે પેં કરી અંગીકારી

(છંદ) કરી અંગીકાર પાછેં દોઉ મીલ સેવા કરી,
પ્રભુ અનુભવ નિત્ય જતાવે, કહા કહું સુખ ઘડી ઘડી;
એસે સાચે ટેક વારે, સદા શીશ નવાઇયે,

ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૪૧
ગોવિંદ દુવે બસત વડાલી, તાઈ પત્રી પઠઇ બનમાલી;
વાંચી પ્રભુ લીખી ધીરજ ધરીએ, તાદશી સંગ સ્મરણ નિત્ય કરીયે,

(છંદ) કરીયે સ્મરણ તાદશી સંગ, વિરહ વિયોગ નસાઇયે,
હરિ ઇચ્છા જાન ચીંતા, ત્યાગ દરશન પાઇયે,
નીજાનંદતે ભયો સબ સુખ, સકલ દુઃખ નસાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૪૨

(ક્રમશઃ)

અથ ચતુરાભ્યષ્ટકમ્

લેખક : **શ્રી ગોવિંદ, કોવિદ-જતિપુરા**

અનુવાદક : **ગો. વા. શ્રી મગનલાલ લા. તન્ના, બી. એ. રાજકોટ**

ઋગ્વેદો રાધિકા હિ, યજુર્વેદશ્ચ યામુન : ।
શ્રુતિરૂપા સામવેદોહ્યથર્વોગ્નિ કુમારિકા: ॥૧॥

ઋગ્વેદ રાધિકાજીનું સ્વરૂપ છે, યજુર્વેદ યમુનાજીનું સ્વરૂપ છે, સામવેદ શ્રુતિરૂપાઓનું અને અથર્વવેદ અગ્નિકુમારિકાઓનું સ્વરૂપ છે. ૧

શ્રુતિરૂપા હિ વેદાત્મા, કૃષ્ણ ગીતા કુમારિકાઃ ।
યમુના વ્યાસ સુત્રાત્મા, શ્રીભાગવત રાધિકા ॥૨॥

ઉપનિષદો શ્રુતિરૂપા છે, શ્રી કૃષ્ણે ગાયેલી ગીતા કુમારિકાઓનું સ્વરૂપ છે. વ્યાસ સુત્રનું સાર ભુત તત્ત્વ યમુનાજી છે અને ભાગવતજી રાધિકાજીનું સ્વરૂપ છે. ૨

સંકર્ષઃ શ્રુતિરૂપાઃ, વાસુદેવો હિ રાધિકા ।
કાલિન્દી કામદેવાત્મા, અનિરૂદ્ધઃ કુમારિકાઃ ॥૩॥

સંકર્ષણ જ શ્રુતિરૂપાઓ છે, વાસુદેવ જ રાધિકા છે, પ્રદ્યુમ્ન કાલિંદી છે, અને અનિરૂદ્ધ કુમારિકાઓ છે. ૩

ચન્દ્રાવલિ ચક્રરૂપા, શંખઃ શ્રીયમુનામતાઃ ।
પદ્મિની રાધિકા પૂર્ણા, ગદારૂપા કુમારિકાઃ ॥૪॥

ચંદ્રાવલી ચક્રરૂપે છે, યમુનાજી શંખ સ્વરૂપે આવેલાં છે, રાધિકાજી પુર્ણ પદ્મ સ્વરૂપે અને કુમારિકાા ગદા સ્વરૂપે છે. ૪

શ્રી રાધિકા હિ સત્યાત્મા, ત્રેતાયામગ્નિ પુત્રકઃ ।
દ્વાપરે શ્રુતિરૂપા હિ, કાલિન્દી તુ કલૌ યુગે ॥૫॥

સત્યયુગ સ્વરૂપે રાધિકાજી છે, ત્રેતા સ્વરૂપે અગ્નિપુત્રક, દ્વાપર સ્વરૂપે શ્રુતિરૂપાઓ તેમજ કાલિયુગ સ્વરૂપે કાલિંદી છે. ૫

સાલોક્યં શ્રુતિરૂપા, સામીપ્યં તુ કુમારિકાઃ ।
સારૂપ્યં યમુનાદેવી, સાર્ષ્ટિં શ્રીરાધિકા મતાઃ ॥૬॥

સાલોકય મુકિત શ્રુતિરૂપા છે, સામીપ્ય મુકિત કુમારિકાઓ સ્વરૂપે છે, સારૂપ્ય મુકિત દેવી યમુનાજી સ્વરૂપે છે અને સાર્ષ્ટિ મુકિત રાધિકાજી સ્વરૂપે માનેલી છે. ૬

રામસ્તુ ઋષિરૂપા ચ, શ્રીનૃસિંહસ્તુ રાધિકા ।
કૃષ્ણા કૃષ્ણ જયંતિચ, શ્રુતિરૂપા હિ વામનઃ ॥૭॥

રામજયંતી ઋષિરૂપા છે. નૃસિંહજયંતી રાધીકાજીના સ્વરૂપે છે, કૃષ્ણ જયંતી યમુનાજી સ્વરૂપે અને વામન જયંતી શ્રુતિરૂપાઓ સ્વરૂપે છે. ૭

ધર્માર્થ કામ મોક્ષાખ્યા, પુષ્ટિભાવ રસાત્મિકાઃ ।
ઋષિરૂપા શ્રુતિરૂપા, કાલિન્દી રાધિકા મતાઃ ॥૮॥

પુષ્ટિ ભાવના રસસ્વરૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરૂષાર્થો અનુક્રમે ઋષિરૂપાઓ શ્રુતિરૂપાઓ, કાલિંદી અને રાધિકાજી માનેલાં છે. ૮

ચન્દ્રાવલિ વિઠ્ઠલેશો, વલ્લભાગ્નિશ્ચ રાધિકા ।
ગોકુલેશો હિ યમુના, રઘુનાથોગ્નિ પુત્રકાઃ ॥૯॥

વિઠ્ઠલેશજી ચંદ્રાવલીનું સ્વરૂપ છે, અગ્નિસ્વરૂપ વલ્લચાર્યજી રાધિકાનું સ્વરૂપ છે, ગોકુલેશજી યમુનાજીનું અને રઘુનાથજી અગ્નિ પુત્રકોનું સ્વરૂપ છે. ૯

નિબંધાત્મા હિ યમુના, શ્રીરાધાત્મા સુબોધિની ।
ગાયત્રી ભાષ્ય શ્રુત્યાત્મા ચ, અણુભાષ્યઃ કુમારિકાઃ ॥૧૦॥

નિબંધ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે, સુબોધિનીજી શ્રી રાધિકાજી સ્વરૂપે છે. ગાયત્રી ભાષ્ય શ્રતિરૂપાઓનું સ્વરૂપ અને અણુભાષ્ય કુમારિકાઓનું સ્વરૂપ છે. ૧૮

કુમારિકા ચ કાલિન્દી, રાધા ચંદ્રાવલી વ્રતાઃ ।
ગ્રન્થાત્મો ષોડશકલો, પુષ્ટિમાર્ગે પ્રમાણિતઃ ॥૧૧॥

કુમારિકાઓ, કાલિંદી, રાધાજી, ચંદ્રાવલીજી, ભક્તિ, ષોડશ ગ્રંથોમાં રહેલું જ્ઞાન પુષ્ટિમાર્ગમાં પ્રમાણભૂત છે. ॥૧૧॥

શ્રી વલ્લભં વિઠ્ઠલેશં, ગિરિધરં ગોકુલાધિપમ્ ।
ચતુરાત્મં હરિરાયં, પુષ્ટિસ્થં પ્રણતોસ્મ્યહમ્ ॥૧૨॥

પુષ્ટિમાર્ગમાં રહેલા શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલેશજી, શ્રી ગિરિધરજી, શ્રી ગોકુલેશજી અને એ ચારેયના આત્મસ્વરૂપ શ્રી હરિરાયજીને હું નમસ્કાર કરૂં છું. ॥૧૨॥

॥ ઇતિ ॥

આ માસના ઉત્સવ

કારતક વદ ૧૦ તા. ૮-૧૨-૯૩ બુધવાર ગો. શ્રી ઉત્તમ શ્લોકજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૯-૧૨-૯૩ ગુરુવાર ઉત્પત્તિ એકાદશી વ્રત

કારતક વદ ૧૩ તા. ૧૨-૧૨-૯૩ શનિવાર શ્રી ગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮) ગો શ્રી રમેશચંદ્રજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી) જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૧૫-૧૨-૯૩ બુધવાર ગો. ચિ. ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી રાજકોટ)નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

માગશર સુદ–૩ તા. ૧૬–૧૨–૯૩ ગુરુવાર ધનુર્માસનો આરંભ.

માગશર સુદ–૪ તા. ૧૭–૧૨–૯૩ શુક્રવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર સુદ–૫ તા. ૧૮–૧૨–૯૩ શનિવાર શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન)

માગશર સુદ–૭ તા. ૨૦–૧૨–૯૩ સોમવાર શ્રી ગુસાંઇજીના ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮) અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ–૮ તા. ૨૧–૧૨–૯૩ મંગળવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ–૯ તા. ૨૨–૧૨–૯૩ બુધવાર શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો સ્મરણ દિન. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ–૧૧ તા. ૨૪–૧૨–૯૩ શુક્રવાર મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતિ ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ–૧૫ તા. ૨૮–૧૨–૯૩ મંગળવાર શ્રીનાથજીનો છપ્પનભોગ. બલદેવજીનો ઉત્સવ ગોપપાસ સમાપ્તિ.

માગશર વદ–૧ તા. ૨૯–૧૨–૯૩ બુધવાર ગો. ચિ. શ્રી દાઉજી રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી સંદીપ કુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ–૪ તા. ૧–૧–૯૪ શનિવાર ગો. ચિ. શ્રી ઋષિકેશજી બાવાશ્રી (મુંબઇ–ધોરાજી) નો જન્મદિન.

માગશર વદ–૬ તા. ૩–૧–૯૪ સોમવાર ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા) નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર વદ–૭ તા. ૪–૧–૯૪ મંગળવાર શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫)

માગશર વદ ૮ તા. ૫–૧–૯૪ બુધવાર. હેમંતઋતુ પૂરી થઈ, ગો. ચિ. શ્રી પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૬–૧–૯૪ ગુરૂવાર. શ્રીમદ્ વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઇજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨), જલેબી ઉત્સવ, શિશિરઋતુની શરૂઆત થઇ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૭–૧–૯૪ શુક્રવાર. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર–રાજકોટ)નો જન્મદિન, દશમ તથા એકાદશીના રોજ બાલલીલાના પદ બોલાય.

✤ **શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુલ** : અમરેલી જીલ્લામાં પૂજ્યપાદ ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયની અદયક્ષતામાં આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ આયોજીત 'શ્રીમદ્‌વલ્લભાચાર્ય ઋષિકુલ" માટે ભંડોળ એકત્રિત કરવા દિનાંક ૨૪/૧૨/૯૩ અમરેલીમાં શ્રી દ્વારકાધીશ હવેલીમાં દિ. ૨૫-૧૨-૯૭ ચલાલા શ્રી દ્વારકાધિશ હવેલીમાં દિ, ૨૬/૧૨ સાવરકુંડલામાં શ્રી બેઠકજી મંદિરમાં આપશ્રીના હસ્તે કુપન વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

✤ **શ્રી નાથજી ધ્વજાજી પધરામણી** : સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામા દિનાંક ૧૨-૧-૯૪ થી દિ. ૧૯-૧-૯૪ દરમ્યાન મનોરથી પ. ભ. શ્રી જયંતીલાલ ચત્રભુજ કંસારા પરિવાર દ્વારા શાસ્ત્રી મેદાન રાજકોટમાં શ્રીમદ ભાગવત સપ્તાહ આયોજન સાથે શ્રી નાથજીનાં ધ્વજાજીની પધરામણી થશે વિવિધ મનોરથો સાથે પુજ્ય ગોસ્વામી બાલકોના વચનામૃત આદિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે.

❋ **લગ્ન પ્રસ્તાવ** : પુ. પા. ગો. શ્રી રસીકરાયજી મહારાજ શ્રી (મથુરા-પોરબંદર રાજકોટ)નાં બેટીજીનો લગ્ન પ્રસ્તાવ તા. ૨૦-૨-૯૪નાં શુભ દિને વર્ધમાનનગર પેલેસ રોડ, રાજકોટમાં યોજવામાં આવેલ છે. આપશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી મીટીંગમાં લગ્ન પ્રસ્તાવ સમિતિનુ આયોજન કરવામાં આવેલ છે.

✤ **વ્રજપરિક્રમા** :- પૂ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કડી, કોટા, કલોલ)ની અદયક્ષતામાં ગુર્જર સવંત ૨૦૫૦ વૃજ સવંત ૨૦૫૧માં વૃજ પરિક્રમાનુ આયોજન કરવામાં આવેલ છે. વિશેષ માહિતિ માટે સંપર્ક કાંતીભાઈ રાધનપુરા C/o. કે. ડી. જવેલર્સ, દેરાશેરી, રાજકોટ હસમુખભાઈ ખખ્ખર C/o. સંજય ગેસ સર્વીસ ભુપેન્દ્ર રોડ-રાજકોટ.

✤ **શ્રી ૮૪ બેઠકજી યાત્રા પ્રવાસ** : ગો. શ્રી પુરૂષોતમ લાલજી (શ્રી પંકજબાવા) શ્રી જીવનેશજી મહોદય (મુંબઈ-રાજકોટ-બીલખા)ના આયોજકપદે શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકજીનો પ્રવાસ કલકતાથી તા. ૧૪-૩-૯૪ના પ્રારંભ થશે, કુલ ૧૦૫ દિવસના આ પ્રવાસમાં જોડાવા ઇચ્છતા વૈષ્ણવોએ વિશેષ માહિતિ તથા ડીપોઝીટ ભરવા નીચેના સ્થળે સંપર્ક કરવો.

✤ ગો. શ્રી પુરૂષોતમલાલજી (શ્રી પંકજબાવા)
લલીતાકુંજ ૪, પુજારા પ્લોટ **રાજકોટ** ફોન ૨૨૨૧૮

✤ ગો. શ્રી લલીતનાથ મહોદય
પગથીઆ શેરી **બીલખા** ફોન ૪૨૪

✤ સોની ચીમનલાલ નરસીંહદાસ **રાજકોટ**

કલકતામાં

શ્રી જીવનલાલ મોદી
શ્રી મોહનલાલજી અરોડા
શ્રી હિંમતભાઈ છાપીઆ
શ્રી મોહનલાલજી બાગડી
શ્રી દેવકીશન કોઠારી
શ્રી વલ્લભજી કોઠારી

✤ ઠા. જયેશભાઇ ગોવિંદજી તીરૂપતી સોસાયટી કોનવેન્ટ સ્કુલ સામે **રાજકોટ** ફોન ૪૬૪૦૨
શ્રી કાન્તીભાઈ મરજાદી **બહાદુરપુર**

પુસ્તક પરિચય

ભરોસો રાધાવરનો ભારી—

લેખક—પ્રા. રમેશભાઈ વિ. પરીખ **પ્રકાશક**—શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
"વ્રજરજ" ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી. કે. સિનેમાની બાજુમાં, **મહેસાણા**-૩૮૪૦૦૨

સાઈઝ ડેમી ૮ પેઈજ પૃષ્ઠ ૧૦૩, લેમીનેશન કાચું પુઠું, ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત ષોડશ ગ્રંથ પૈકી શ્રી કૃષ્ણાશ્રય સ્તોત્રના શ્લોકોનો સમશ્લોકી અનુવાદ, શબ્દાર્થ, શ્લોકાર્થ અને વિવરણ છે.

આમ તો આ સ્તોત્ર ઉપર ગોસ્વામી બાલકો અને વિદ્વાનો રચિત છ સંસ્કૃત ટીકાઓ છે તેના ભાષાંતરો થયેલા છે તેમજ અન્ય ગદ્યપદ્ય સાહિત્ય ઉપલબ્ધ છે. પરંતુ એ બધા સાહિત્યના વાંચનથી તેના વિવિધ ભાવ–રહસ્યો સમજવાનું સહેલું નથી. જેથી પ્રા. શ્રી રમેશભાઈ દ્વારા આ બધા સાહિત્યના નિચોડરૂપે સરળ શૈલીમાં દૃષ્ટાંતો સહ વિસ્તૃત વિવરણ રજુ થયેલ છે અને દરેક શ્લોકના વિવરણના અંતે પુષ્ટિભકત કવિઓના પ્રસંગને અનુરૂપ પદ મૂકેલ છે. છેલ્લે "કૃષ્ણાશ્રય" સ્રોતનું ભાવાત્મક વિવરણ આપેલ છે.

ભારતમાં અને વિદેશમાં ષોડશ ગ્રંથના સત્સંગ સત્રો થયા તેમાં આ સ્ત્રોત ઉપર સંપ્રદાયના વિદ્વાન પ્રા. રમેશભાઈની સત્સંગ–સત્રની ભગવદ્ વાર્તાનું પુસ્તકરૂપે પ્રકાશન કર્યું છે જે વૈષ્ણવોને આ સ્તોત્રના ભાવ–રહસ્ય સમજવામાં અત્યંત ઉપયોગી છે.

પુષ્ટિમાર્ગની પગદંડી

લેખક–પ્રકાશક : ઉપર મુજબ

સાઈઝ ડેમી ૮ પેઈઝ પૃષ્ઠ ૨૪૮ લેમીનેશન પાકું પુઠું ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં ૨૪ પ્રકરણોમાં સંપ્રદાયના સંબંધી લગભગ બધી વાતો પ્રશ્નોત્તર સ્વરૂપમાં સરળ ભાષામાં રજૂ કરવામાં આવી છે.

જેમ કોઈ મુસાફર પોતાના નિયત સ્થળે પહોંચવા પ્રવાસ કરતાં કરતાં એક ઘોર જંગલમાં જઈ પહોંચે, તેમાં અનેક પગદંડી (કેડી) જોવામાં આવે છે. કઈ કેડી ઉપર ચાલવાથી નિયત સ્થળે પહોંચાશે. મુસાફર મુંઝાઈ છે. તેવામાં એક ભોમિયો મળી જાય છે, તે મુસાફરને માર્ગદર્શન આપી નિયત સ્થળે પહોંચવાની સરળતા કરી આપે છે. તેમ આ જગતમાં અનેક પ્રકારના ધર્મો અસ્તિત્ત્વમાં છે તેમાંથી કયો ધર્મ અપનાવવાથી સરળાએ કલ્યાણ સાધી શકાય તે માટે સંપ્રદાયના વિદ્વાન પ્રા. રમેશભાઈએ પુષ્ટિમાર્ગને જાણવાની સાચી જિજ્ઞાસા ધરાવનાર સૌ કોઈ આ પાયાનું પુસ્તક પુષ્ટિમાર્ગની પગદંડીની લેખમાળા પ્રસ્તુત કરી ભોમિયાની ભૂમિકા નિભાવી છે તે બદલ અભિનંદન. પુસ્તક–પ્રાપ્તિસ્થાન :

શ્રી વિજયભાઈ એમ. દેસાઇ
કેમિ. ઈક્વિપ, પો. બો. ૨૭૨૮
દેવકરણ મેન્સન, ૧લે માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૪૦૦૦૦૨

શ્રીમથુરેશજી–શ્રીનટવરલાલજી (સ્વરૂપ ભાવના)

પ્રકાશક : આ, રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા
'શ્રીવલ્લભાશ્રય' શ્રીમદ્ વલ્લભાચાર્યનગર ૮, શ્રીનંદદાસદ્વારા **ધોરાજી** ૩૬૦૪૧૦
ક્રાઉન ૧૬ પેજી ૨૪ પૃષ્ઠ ન્યોછાવર રૂા. ૩

પ્રથમ ગૃહના નિધિસ્વરૂપ શ્રીમથુરેશજી અને તેમના ગોદના શ્રીઠાકોરજી શ્રીનટવરલાલજીની સ્વરૂપ ભાવના, પ્રાકટ્યનો પકાર તથા મહાત્મ-ભાવનાના પદો–અષ્ટકોનો સુંદર સંગ્રહ ગાગરમાં સાગર સમાન છે.

(અનુસંધાન ટા. ૩ ઉપર)

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રી શ્યામમનોહર પ્રભુઃ વિજયતે ॥

॥ નવનીતપ્રિયઃ ગોવર્ધનધર પ્રભૂં વિજયેતે ॥

વધાઇ　　　　વધાઇ　　　　વધાઈ

卐 શ્રી વ્રજયાત્રા લીલીપરિક્રમા 卐

(વિક્રમ સવંત ૨૦૫૦ ભાદ્રપદ)

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (શ્રીમદ્ ગોકુલ–રાજકોટ–બોરીવલી–જામખંભાલીયા) ની આજ્ઞા અને આર્શીવાદ સહ ચિ. ગો. શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી, ચિ. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી ચિ. ગો. શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રીની અદયક્ષતામાં વિ સં. ૨૦૫૦ના ભાદરવા શુદ માસમાં શ્રી વ્રજયાત્રા (લીલી પરિક્રમા)નું ભગવદ્ કૃપાથી આયોજન કરવામાં આવે છે.

પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની પરમ પાવન વ્રંજ ભૂમિની ચોરાસી કોસની લીલી પરિક્રમા પ્રસંગે શ્રી ગિરિરાજીનો કુનવારોશ્રીના વિવિધ મનોરથો શ્રી બેઠકજીમાં તપેલી પૂ. પા. શ્રી ગોસ્વામી બાલકોના વચનામૃત રાસલીલા, ઢાઢીલીલા ત્થા અનેકવિધ સાંપ્રદાયિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ભગવાન શ્રીકૃષ્ણની અલૌક્કિ લીલા ભૂમિના દર્શન શ્રી ગિરિરાજનું સાનિધ્ય શ્રી યમુના–પાન તથા વ્રજરજમાં લોટવાનો અલૌક્કિ આનંદનો લાભ લેવા સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને સાગ્રહ આમંત્રણ છે.

શુભ મિતિ : દાન એકાદશી

(વિ. સં. ૨૦૪૯)

આજ્ઞાથી

શ્રી વ્રજયાત્રા સમિતિ

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી
'શ્રી યમુના ભવન' ચોકીવાળા ગોપાલલાલજીનું મંદિર
નંદ ચોક, **શ્રીમદ્ ગોકુલ**
(જિ. **મથુરા** યુ.પી.)

'શ્રી મદન મોહન કુંજ
૧૫, પંચનાથ પ્લોટ, **રાજકોટ.** (ગુજરાત)
ફોન : ૪૧૬૩૬

શ્રી પુષ્ટિ પથ મર્મ (પ્રથમ સોપાન–આશ્રય)

(૨૪ માં પાનેથી ચાલુ)

પ્રકાશક : આં. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા 'શ્રીવલ્લભાશ્રય' શ્રીમદ્વલ્લભાચાર્ય નગર ૮, શ્રી નંદદાસ દ્વાર **ધોરાજી**–૩૬૦૪૧૦ ૧૬ પેજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૩૬+૮=૧૪૪ કાચુંબઈનડીંગ ન્યોછાવર રૂા. ૧૨ પોષ્ટેજ રૂા. ૧

શ્રી હરિરાયજીએ એક ગ્રંથ 'પુષ્ટિપથમર્મ' નામક પ્રકટ કર્યો છે. અને તદ અનુસાર શ્રીદ્વારકેશજી મહારાજ (ભાવના વાળા) એ 'આશરો એક દઢ શ્રીવલ્લભાધિશકો' એ પદની રચના કરી છે.

આ દશ મર્મમાં સર્વે પ્રથમ આવે છે આશ્રય (આશરો)–શરણાગતી જેને વિશદ્ સ્વરૂપે પ્રકટ કરતાં વિવિધ મહાનુભાવોના ગ્રંથોના સંદર્ભો તથા પદ–સાહિત્યમાંથી ચુંટેલ પદો ઘોળ લેખાદિનું અત્યંત સુગ્રથીત સંકલન પ. ભ. શ્રી રવજીભાઈ પ. પટેલે કરેલ છે.

આમાં પોરબંદર વાળા વિદ્વદવર્ય ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીનો લેખ (પુષ્ટિ માર્ગનું હાર્દ નામના આપશ્રીના પુસ્તકમાંથી ઉદ્ધરિત) તથા કોટાવાળા વિદ્વતૂ શિરોમણી નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજશ્રીનો લેખ "આશ્રય કી અપેક્ષા કયો ?" વિશેષ અવગ્રાહનિય છે.

આવા સુંદર પ્રકાશનથી, પુષ્ટિ માર્ગના પાયા રૂપ શરણ ભાવનાનું વિશદસ્વરૂપ સમજી જીવનનું શ્રેય કરવાનો પ્રયાસ કરતા સહુ વૈષ્ણવોની મહતિ સેવા પ્રકાશક સંસ્થાએ કરી છે.

ઉપરોક્ત બન્ને પુસ્તકો પ્રત્યેક વૈષ્ણવે અવશ્ય વસાવવા જોઈએ ઉપરોક્ત બન્ને પુસ્તકોનું પ્રાપ્તિ સ્થાન આ. રા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા

C/o રવજીભાઈ [illegible] મૃત" [illegible] પ્લોટ–૧ માર્ગ [illegible] રાજકોટ–૩૬૦૦૦

SHREE VALLABH SUDHA Regd.No.G/RJ.212-L.P.W.P43.

ગરબી

મારા વ્હાલા રે ! લાગો છો વહાલા;
પિયુ ! પ્રાણજીવન ! નંદનાલાલા
બીજા વહાલા કહેવા હાલા,
મારા વહાલા રે ! લાગો છો વહાલા ૧

વહાલા વહાલ સરિખું કાંઇ નહિ મીઠું;
મીઠું અમૃત પણ એવું ન દીઠું;
હેત સ્વારથનું તે તો અજીઠું – મારા૦ ૨

મીઠી વસ્તુ સઘળી પ્રેમતળે,
ભોગવ્યા પછી તેનો સંતોષ વળે;
પ્રેમરસ પીતાં તૃષ્ણા ન ટળે મારાં૦ ૩

રીત પ્રીતની ખંડિત નવ જાણે,
અનુભવથી હીણા, અવગુણ આણે;
કહેતાં ન જાણે, લેહે જે માણે મારાં૦ ૪

સુખ દીઠે મારી આંખ ઠરે;
તો હે મનડું તો ધીરજ ન ધરે;
દુખી જળ માછલડી તરસે મરે મારાં૦ ૫

તમે જ્ઞાનાદિક વશ નવ થાઓ;
દેઇ મોક્ષાદિક અળગા જાઓ;
હરિ ! હેત થકી તમે બંધાઓ મારા૦ ૬

તન થાકે તોહે મન મા થાકો,
રાજ ! સુખી કરવા ચિત નિત તાકો;
નિત નિરખું. તૃપ્તિ ન હોય. "હા" કહો મારા૦ ૭

મારૂં મન, પ્રભુ ! તમશું રહો લાગું,
તન તમ તનથી ન લહો આઘું:
'**દયા**' પ્રીતમજી ! આપો, માગું મારા૦ ૮

– ભકત કવિ શ્રી દયારામભાઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



ગેંદ-ચોરી

ઠાડી તો રહિયો રાધા પ્યારી. તુમને ગેંદ ચુરાઇ;
રાધા હાડી ચંદ્રાઠાડી, લલિતા ગેંદ ચુરાઈ. ૧
કાહે કી તેરી બની ગેંદિયા, કાહે તાર ગસાઇ:
સોને કી મેરી બની ગેંદિયા, રૂપે તાર ગસાઇ. ૨
જો મોરે અચરા ગેંદ ન કઢિ હૈ, લે હૌ ગેંદ સવાઇ;
ધાલી ગેંદ ગિરી જમુના મેં, કુદ પરે જદુરાઇ. ૩
નિકારી ગેંદ પાર પૈધરિ દઇ, ખેલ રહે રઘુરાઇ,
'ચંદસખી' ભજ બાલકૃષ્ણ છબિ, જસુદા ગાય સુનાઈ. ૪

–ભક્તિ કવિચંદ્ર જૂ ગોપીકાંત વ્યાસ, ઓડછા

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ***

વર્ષ ૧૨ : અંક-૧૦ **જાન્યુઆરી ૧૯૯૪**
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- * **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

।। શ્રી વલ્લભોજયતિ ।।

ગૌરવ ગ્રંથ

પૂ. પા, નિ. લી. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ

શ્રી પ્રથમેશજીના

જીવન અને કાર્યોનું વિશદ વિવેચન

૬૩૦ પૃષ્ઠ (રોયલ ૮ પેજી=૧૬×૨૪ સે.મી.)
પાકું બાઇન્ડીંગ શ્રી પ્રથમેશજીના સુંદર બહુરંગી ચિત્રજીવાળું લેમીનેટેડ જેકેટ
૨૩ રંગીન ચિત્રો
૬૮ શ્વેતશ્યામ ચિત્રો
૧૪ રેખા ચિત્રોથી સુશોભિત ગ્રંથ

પ્રથમેશ સ્મૃતિ

(હિન્દી ભાષામાં ઉપરાંત ગુજરાતી ૨૭ પૃષ્ઠ તથા અંગ્રેજી ૨૦ પૃષ્ઠ)

(પ્રકાશક : આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ)

ખૂબજ મર્યાદિત પ્રત પ્રકાશિત થયેલ હોઈ
આજેજ આપની પ્રતિ પધરાવી લાવો.

ન્યોછાવર : વિમોચનપર્વના ઉપલક્ષ્યમાં

તા. ૧૫ જાન્યુઆરી સુધી માત્ર રૂ. **૧૫૦/-**

પ્રાપ્તિસ્થાન :

૧. આ.રા.પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
૬૧,-એ આં. રા. મરચન્ટ રોડ.
ભુલેશ્વર **મુંબઈ-૨**

૨. શ્રી ચંદ્રહાસ દલાલ,
૮, રામગંજ ખંડવા (મ.પ્ર.)

શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ
લોહાણાપરા - **રાજકોટ-૧**

શ્રી હસુભાઇ ખખ્ખર
સંજય ગેસ સર્વિસ
ભૂપેન્દ્ર રોડ, રજની બિલ્ડીંગવાળી
શેરી-રાજકોટ.

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક** વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૧૦ ✲ જાન્યુઆરી, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

સિદ્ધાંત ઔર વ્યવહાર

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

પહેલા જે વાત કહેવાઇ કે સાધન–સંપત્તિ વગર ધર્મ સાંગોપાંગ પૂર્ણ નથી થતો. સાધન–સંપત્તિ પ્રાપ્ત થવાનું કઠિન છે. તો પછી લોકોને આધાર શું રહ્યો ? જ્યારે સાધન કંઇ ન રહે, વિપરીત દેશ અને કાળની પરિસ્થિતિ થઇ જાય, ત્યારે તેમને માટે ઉદ્ધારનો, કલ્યાણનો કોઇ માર્ગ છે કે નહીં ? આ જીજ્ઞાસા થઇ ત્યારે આચાર્ય ચરણે એ સિદ્ધાંત પ્રગટ કર્યો કે એ વાત ઠીક છે કે જ્યાં સુધી જીવ નિર્દોષ ન બને ત્યાં સુધી તે ઉત્તમ ફળનો અધિકારી નથી બની શકતો અને તેના માટે માનવીએ નિર્દોષ બનવાનો પ્રયત્ન પણ કરવો જોઇએ. આ પણ આવશ્યક છે. પરંતુ વર્તમાન યુગમાં આપણાં લોકોની જીવન પ્રક્રિયા કંઇક એવી બની ગઇ છે કે આપણે જીવનમાં ઘણું બધું ઇચ્છીએ છીએ, પ્રયત્ન કરીએ છીએ. છતાં

પણ દોષ થઇ જાય છે. ન ઇચ્છવા છતાં પણ દોષ થઈ જાય છે. જોવામાં આવે તો મોટે ભાગે દોષ જ વધારે બને છે.

સારા કાર્ય, ધર્મકાર્ય, પુણ્યકાર્ય તો જીવનમાં કયારેક જ સંપાદિત થાય છે અને મોટે ભાગે દોષનું જ સર્જન આપણે લોકો કરીએ છીએ. આવી દશામાં દોષોથી મુક્ત થવાનો માર્ગ કયો છે ? જ્યાં સુધી દોષોમાંથી મુક્તિ નહીં મળે ત્યાં સુધી પહોંચવાનો જીવ અધિકારી નહિં બની શકે, આ વાત તો ઠીક છે, દોષોથી મુક્ત થવાની જે પ્રક્રિયા શાસ્ત્રોએ બતાવી છે, તેને માટે પ્રાયશ્ચિત, ઉપવાસ, વ્રત વગેરેનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. તપ દ્વારા પણ દોષ નિવૃત્ત થાય છે. યજ્ઞો દ્વારા પણ જીવ દોષમુક્ત થાય છે. અનેક પ્રક્રિયાઓ બતાવી છે. પરંતુ આ પ્રક્રિયાઓ દ્વારા આ યુગમાં આપણે નિર્દોષ બની શકીએ એવી આશા રાખવી એક ખોટી આશા છે, કારણ કે પ્રાયશ્ચિત જે છે તે માનવને જરૂર દોષમુક્ત કરે છે. પરંતુ કયારે કરે છે જ્યારે દોષ કંઇક થોડાઘણાં હોય. થોડી સંખ્યામાં હોય તો આ દોષોથી મુક્તિ પ્રાયશ્ચિત દ્વારા સંભવ બની શકે છે, પરંતુ આજનું જીવન જો આપણે જોઇએ તો બાળપણથી તો બાળક અજ્ઞાત હોય છે. પછી અનેક કાર્યોમાં તે લાગી જાય છે. રમતમાં, ભણવામાં અને પછી તો યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં અનેક કાર્ય તે જીવનમાં પ્રાપ્ત કરે છે.

પરંતુ નશીબજોગે કોઇને સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય અને તે ઇચ્છે કે પ્રાયશ્ચિત કરીને હું જીવનમાં દોષમુક્ત બની જાઉ અને તેને માટે પ્રયત્ન પણ કરે તો દોષોથી મુક્ત થવાની પ્રક્રિયા એટલી લાંબી અને દુઃખદ છે કે જીવન પર્યંત પુરા જીવન સુધી જો માનવી પ્રાયશ્ચિત જ પ્રાયશ્ચિત કરતો કરતો રહે તો પણ પોતાના જીવનમાં એક જીંદગીના દોષોથી મુકત ન થઇ શકે, એક જીંદગીના દોષોથી મુકત ન થઇ શકે એવી અવસ્થામાં દોષોથી નિવૃત્ત થવાનો જે તે ફકત સાધન-સંપત્તિ નથી, ફકત સાધન દ્વારા જીવ દોષમુકત ન બની શકે, તો આચાર્ય ચરણે એ બતાવ્યું કે દોષમુકત બનવાનો જો તમારો ભાવ છે, તમે ઇચ્છો છો કે આપણે દોષોથી મુકત થઈ જઇએ તો તમારે દોષોનું જે મૂળ છે તેની શોધ કરવી પડશે. જીવ તો ભગવાનનો સનાતન અંશ છે. ભગવાન જે પ્રકારે સત્ય, નિત્યમુકત છે તે પ્રકારે જીવ પણ સત્ય, નિત્ય મુકત હોવો જોઇએ, છતાં પણ તેમાં જે દોષોનું નિરૂપણ થયું તે શા માટે થયું ? તો કહ્યું કે જીવની અંદર જે ભાવ આવ્યો તે ભાવ કયો આવ્યો ? અહંતાનો ભાવ, અહંકારનો ભાવ, કે 'હું કંઇક છું અને સ્વતંત્રતાથી કંઇક કરીને ફળ પ્રાપ્ત કરી શકું છું.'

આ પ્રકારની ભાવનાનો જે ઉદય થયો તે દોષનું મૂળ કારણ બની ગયો. અહંતા પછી બીજા અનેક દોષો આવી ગયા. જ્યાં સુધી અહંતા આવી ન હતી, ત્યાં સુધી જીવ ભગવદીય હતો. અહીં અહંતાનો મતલબ શું છે ? એ પણ ખાસ સમજવાની વાત છે. અહંતાથી મુક્ત થવાનો એ અર્થ નથી કે આપણા અસ્તિત્વનો અસ્વીકાર કરવાથી આપણે કંઇ જ નથી એવો આશય બિલકુલ નથી. અસ્તિત્વનો

સ્વીકાર કરો પરંતુ અસ્તિત્વનો સાચા રૂપમાં સ્વીકાર કરો, ખોટા રૂપમાં નહીં જે તમારૂં સ્વરૂપ છે, જે પ્રકારના તમે છો, એ રૂપમાં જ પોતાને માનો, તેથી બીજું કંઇ માનશો તો દોષ થશે.

આપણું અસ્તિત્વ ન માનવું કે હું કંઈ જ નથી એવું નથી. પોતાનું અસ્તિત્વ માનો, પરંતુ માનવા સાથે હૃદયમાં એ ભાવના ન આવવી જોઈએ કે હું સ્વતંત્ર કર્તા છું. જ્યારે આ ભાવના આવે છે કે હું પોતાની સ્વતંત્રતાથી બળબુદ્ધિથી કંઇક કરીને સારું ફળ પ્રાપ્ત કરી શકું છું. આ જે ભાવના છે તે દોષોને ઉત્પન્ન કરનાર છે.

“જીવાઃ સ્વભાવતો દુષ્ટા” આચાર્ય ચરણ એ કહ્યું કે જીવ વાસ્તવમાં આમ તો આત્મ સ્વરૂપ હોવાથી નિર્દોષ છે જ. ભગવાનનો અંશ હોવાથી, પરંતુ જ્યારથી તેનું જીવ નામ પડયું ત્યારથી તેમાં દોષ આવ્યા. જ્યાં સુધી આત્મા નામ હતું ત્યાં સુધી તે નિર્દોષ હતો. અને જ્યારથી તેમાં જીવ નામ આવ્યું ત્યારથી દોષોનું નિરૂપણ તેમાં શરૂ થઇ ગયું તો આ શું છે? જીવ નામ કેમ પડયું? કયારે પડયુ? એ પણ ખાસ સમજવાની વાત છે. જ્યાં સુધી જીવ પોતાના સ્વરૂપને “હું ભગવાનનો અંશ છું, ચૈતન્ય સ્વરૂપ છું અને ભગવાનની શકિતથી જ બધું કાર્ય કરૂં છું. મારી સત્તા સ્વતંત્ર નથી. ભગવાનની સત્તા સાથે મારી સત્તા છે” આ બધી વાતોનું જ્યાં સુધી જીવને, આ આત્માને ધ્યાન રહ્યું ત્યાં સુધી તો તેનું નામ આત્મા રહ્યું અને તેની અંદર જ્યારે એ ભાવ આવ્યો કે હું સ્વતંત્ર કર્તા છું, તે ભગવાનને ભૂલી ગયો. ભગવાનની કર્તવ્ય શકિતને ભૂલી ગયો પોતાને સ્વતંત્ર કર્તા માનવા લાગી ગયો, ત્યારથી તેનું નામ જીવ પડયું. તો “સ્વભાવ તો દુષ્ટાઃ” સ્વભાવ શું છે? સામાન્ય રીતે તો લોકો ભિન્ન ભિન્ન સ્વભાવને સ્વભાવ કહી દે છે.

દરેક વ્યકિતનો અલગ અલગ સ્વભાવ હોય છે. કહેવાય છે ને કે ભાઇ તેનો સ્વભાવ એવો જ છે. ક્રોધી ને ક્રોધી આપણે કહીએ છીએ. લોભી ને લોભી કહીએ છીએ. ઉદાર ને ઉદાર કહીએ છીએ. આવું બધું કેમ છે? ભાઇ તેનો સ્વભાવ જ એવો છે સ્વભાવથી જ તેને ક્રોધ આવે છે. સ્વભાવથી જ તેને ક્રોધ આવે છે. સ્વથી તેને લોભ આવે છે, સ્વભાવથી ઉદારતા છે. પરંતુ આજે સ્વભાવનો અર્થ છે, પ્રચલિત અર્થ છે. પરંતુ અહીં સ્વભાવનો અર્થ સ્વીકારવો ન જોઇએ. અહી “સ્વસ્ય ભાવો સ્વભાવઃ” “પોતાનો જે ભાવ પોતાનું જે અસ્તિત્વ સ્વતંત્ર અસ્તિત્વ તેનું નામ છે સ્વભાવ, અસ્તિત્વ માનવું ખરાબ નથી એ તો આપણે પહેલાં કહ્યું છે. પરંતુ પોતાનું અસ્તિત્વ માનવું ખરાબ છે.

“સ્વસ્ય ભાવ સ્વભાવઃ” પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે. આ પ્રકારનો જે ભાવ છે. એ સ્વભાવ છે. અને આનાથી જીવમાં અહંકારનો ઉદય થયો. અને અહંકાર પછી ક્રમવાર અનેક દોષો આવવા લાગ્યા. પછી તો દોષોની પરંપરા ચાલી. આચાર્ય ચરણે કહ્યું કે દોષોની જે જનેતા છે તે જ્યાં સુધી હયાત રહેશે ત્યાં સુધી દોષ ઉત્પન્ન થતા રહેશે. ઉપરથી તો સારવાર કરશો, ઉપાય કરશો તો કદાચ સફળતા પણ મળી જશે. પરંતુ તેનો મૂળ પ્રવાહ છે

તે તો ચાલુ છે. જ્યાં સુધી તેનો વિરોધ નહીં થાય ત્યાં સુધી આદોષોની પરંપરા મટવાની નથી તો કહ્યું છે કે જીવે અહંકાર છોડવો જોઇએ.

જો તેને ખરેખર નિર્દોષ બનવું હોય તો તેણે “હું સ્વતંત્ર કર્તા છું” એ ભાવનાનો ત્યાગ કરવો પડશે શાસ્ત્રોમાં બતાવી દીધું છે.

“કર્તા સ્મીતિ નિબધ્યતે” દોષોથી જીવ જે બંધન પ્રાપ્ત કરે છે તે શા માટે થાય છે ? “હું કર્તા એ ભાવનાથી હું સ્વતંત્ર કર્તા છું. આ ભાવના છે, તો દોષ લાગવાનું સહજ વાત છે તેનાથી કયારેય પણ મુકિત ન મળી શકે. આચાર્ય ચરણે બતાવ્યું કે એવા ભુલી જાય કે હું કર્તા છું. કરવાવાળો હું છું એ વાતને ભુલી જાવ. પરંતુ શું માનવું ? ભાવના કેવી રાખવી ? “કર્તા કારચિતા હરિઃ” ભાવના એવી હોય કે કરવાવાળા ભગવાન છે.

હું તો એક નિમિત માત્ર છું “નિમિત્ત માત્ર ભવ સવ્ય સાચિન” ભગવાનને અર્જુનને ઉપદેશ આપ્યો છે ગીતામાં તેનો સારાંશ આચાર્ય ચરણે થોડા શબ્દોમાં કહી દીધો કે “કર્તા કારયિતા હરિઃ” કરવાવાળા ભગવાન છે. અર્થાત્ હું જે કરી રહયો છું તે પોતાની આધીન નથી. છે કોઈ શું પોતાની ઇચ્છાથી દુનિયામાં આવે છે અને પોતાની ઇચ્છાથી જાય છે ? નથી જતો. બધું ભગવદ્ આધીન છે ભગવદ્ ઇચ્છાથી આવે છે અને ભગવદ્ ઇચ્છાથી જ જાય છે.

જ્યારે આવવાનું પણ આપણી ઇચ્છાને આધીન નથી અને જવાનું પણ આપણી ઇચ્છાને આધીન નથી. ભગવદ્ ઇચ્છાને આધીન છે, હરિની ઇચ્છાને આધીન છે તો પછી આ જીવનમાં જે કંઇ કામ આપણે કરીએ છીએ તે આપણે પોતાની ઇચ્છાથી કરીએ એ આપણે કેવી રીતે કહી શકીએ ? આ ભાવના રાખવી મોટી ભુલ છે. અજ્ઞાન છે.

ભગવાનની ઇચ્છાથી ચિત અંશરૂપ આપણે આ ભુતલ પર દેહ ધારણ કરીને અવતરિત થયા છીએ ભગવદ ઇચ્છાથી આપણે આવ્યા છીએ અને જે કંઇ કાર્ય આપણે કરીએ છીએ તે પણ અહંકારથી, અજ્ઞાનથી આપણે માનીએ છીએ કે હું કર્તા છું. પરંતુ ખરેખર કરવાવાળા પ્રભુ છે અને કરાવનાર કોણ છે ?

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

નિષ્કામ પુષ્ટિભક્તિ

પુ. પા. શ્રી પંકજ ગોસ્વામી (માંડવી-ગોકુલ)

'પ્રયોજનમનુદ્દિશ્ય મન્દોઽપિ ન પ્રવર્તતે' અર્થાત્ પ્રયોજન વગર કોઇ પણ વ્યક્તિ કોઇ કાર્ય કરતો નથી. આ ઉક્તિ અન્યત્ર ઉચિત હોઇ શકે છે. પરંતુ પુષ્ટિભક્તિ માર્ગ માટે આ ઉક્તિ આવા પ્રકારે હોવી જોઇયે: પ્રયોજન મુદ્દિશ્ય મન્દોઽપિ ન પ્રવર્તતે અર્થાત્ પુષ્ટિ માર્ગમાં મન્દ અર્થાત્ હીનાધિકારી પણ પ્રયોજન અર્થાત્ કામનાથી પ્રવૃત્ત થતો નથી. શ્રી લાલુભટ્ટજી પણ 'પ્રમેય રત્નાર્ણવિના 'પુષ્ટિ ભક્તિવિવેક' પ્રકરણમાં આજ વાત કહે છે.

"તત્ર વિશેષાનુગ્રહ જન્યા યા ભક્તિ: સા પુષ્ટિભક્તિ. તલ્લક્ષણંતુ 'ભગવત્સ્વરૂપાતિરિક્ત ફલાકાંક્ષારહિતત્વે સતિ ભગવત્સ્વરુપાત્મકફલાકાંક્ષરહિતત્વમ્' અતઃ પુષ્ટિમાર્ગીયા ન તદ્વતિરિક્ત કામયન્તે.'

અર્થ 'પ્રભુના વિશેષ અનુગ્રહથીં ઉત્પન્ન થનારી ભક્તિ પુષ્ટિભક્તિ છે. એનું લક્ષણ છે ભગવત્સ્વરુપથી અતિરિક્ત ફલની કામનાથી રહિત હોવાની સાથે ભગવત્સ્વરુપરૂપફલની કામના રાખવી અતઃ પુષ્ટિમાર્ગીય જન એ સિવાય કાઇ પણ ઇચ્છતા નથી.' શ્રી લાલુભટ્ટજી આગળ કહે છે.

'નચ ભગવત્સ્વરુપાતિરિક્તફલાકાક્ષાંરહિતત્વં પ્રવાહ પુષ્ટિભક્ત્યાદૌ અવ્યાપ્તમ્, તાદૃક ભાવસ્યમ્ શુદ્ધ પુષ્ટિ ભક્તેષ્વેવ પ્રસિદ્ધે ઇતિ વાચ્યમ્, શુદ્ધ પુષ્ટિભક્તેતર ભક્તિષ્વપિ મોક્ષાન્તફલાકાંક્ષા વિરહસ્ય સિદ્ધત્વાત.

નારાયણપરા લોકે ન કુતશ્ચત બિભ્યતિ। સ્વર્ગાપવર્ગનરકેષ્વપિ તુલ્યાર્થદાર્શિન ॥ (ભા. ૬-૧૭-૨૮) ઇતિવાકયાત્ ઇદં વાકયં ન શુદ્ધપુષ્ટિભક્તિ પરમ્, 'એતાદૃશસ્તુ પુરુષ કોટિષ્વપિ સુદુર્લભ (સર્વનિર્ણય પ્ર. કા. ૨૧૯) ઇત્યસ્યત્યાખ્યત નિબન્ધે જ્ઞાનમિશ્રનિર્ણયાત્.

'ન યોગસિદ્ધીર પુનર્ભવંવા સમંજસત્વા વિરહાયકાંક્ષા ભા. ૬-૧૧-૧૫)

ઇતિ વૃત્ર વાકયાત્ વૃત્રસ્ય શુદ્ધપુષ્ટિત્વાભાવાત્ અતો લક્ષણ સુસ્થમ.

અર્થ: શંકા થાય છે કે પુષ્ટિભક્તિનું લક્ષણ કે "ભગવત્સ્વરુપ સિવાય બીજું કશું ન ઇચ્છવું તે પ્રવાહપુષ્ટિ ભક્તિ કરનારમાં લાગુ નહી થાય. કેમ કે આવો નિષ્કામભાવ તો શુદ્ધપુષ્ટિભક્તોમાં જ હોય છે, પરન્તુ આવી શંકા ઉચિત નથી કેમ કે આ નિષ્કામભાવ કેવલ શુદ્ધપુષ્ટિભક્તોમાં જ હોય છે એમ નહીં પરંતુ અન્ય મિશ્ર પુષ્ટિભક્તોમાં પણ જોવામાં આવે છે.

'નારાયણમાં તત્પરજનો કયાંય પણ ભય પામતા નથી. કેમકે આવા લોકો સ્વર્ગ, મોક્ષ તથા નરકને સમાન જ ગણે છે.

(ભા. ૬-૧૭-૨૮)

આ વાકય શુદ્ધપુષ્ટિ ભક્તિ પરક નથી પરંતુ જ્ઞાન મિશ્રિત પુષ્ટિભક્તિનો છે. આ વાત શ્રી મહાપ્રભુએ 'એ તાદૃશસ્તુ.......' શ્લોકના પ્રકાશમાં સમજાવી છે. વૃત્રાસુર પણ કહે છે કે 'હે પ્રભુ ! મને યોગની સિદ્ધિઓ કે મોક્ષ પણ જોઇતા નથી.' વૃત્રાસુર શુદ્ધ પુષ્ટિભક્ત નથી, પરંતુ તેણે પણ નિષ્કામ પુષ્ટિ

ભકિત જ કરી છે. અતઃ ઉપર કહેલ પુષ્ટિ ભકિતનું લક્ષણ ઉચિત જ છે.'

શ્રી લાલુભટ્ટજી સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે પુષ્ટિ ભકિતમાર્ગમાં ભગવદ્દતિરિકત કામનાઓ હોતી નથી.

પુષ્ટિમાર્ગમાં જીવ જ્યારે આત્મનિવેદન કરે છે ત્યારે એ પ્રભુનું દાસ્ય સ્વીકારે છે અને પોતે સેવકભાવથી પોતાના નિત્યસ્વામી શ્રીકૃષ્ણની સેવામાં સંલગ્ન થાય છે. સેવ્ય અને સેવકનો સાચો સંબંધ એજ છે, જેમાં કેવલ નિષ્કામ પ્રેમની સુગંધી હોય, સ્વાર્થની દુર્ગંધીનો લેશ પણ ન હોય.

'સ વૈ સ્વામી સ વૈ ભૃત્યો ગુણલુબ્ધૌ ન કામુકૌ'– અર્થ : સ્વામી અને સેવક એજ છે જે પરસ્પર એક બીજાના ગુણોથી આકૃષ્ટ હોય અને પરસ્પર કાંઇ કામના પણ ન રાખતા હોય' સ્વાર્થ ઉપર ટકેલો સંબંધ જ્યાં સુધી સ્વાર્થ પુરૂં નથી થતું ત્યાં સુધી જ છે, પરંતુ પુષ્ટિ ભકત પ્રભુની સેવા અથવા કથા કોઇપણ પ્રકારની કામના રાખીને કરતો હોય તો એ માર્ગથી ભટકાયેલો જીવ છે. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે–

'ય તે આશિષ આશાસ્તે ન સભૃત્ય સ વૈ વણિક' બાલપ્રબોધિનીકાર શ્રી ગિરિધરજી આની ટીકા કરતાં લખે છે કે–

તે=ત્વત્ત પરમ પુરૂષાર્થસ્વરૂપાત્ યઃ પુમાન્ આશિષઃ = વિષયાન્ આશાસ્તે = ત્વત્સેવાં કૃત્વા કામયતે સ તવભૃત્યો ન ભવતિ ભૃત્યલક્ષણસ્ય અન્યપ્રયોજનત્વે સતિ સેવકત્વસ્ય અભાવાત્, કિન્તુ સ્વપ્રયોજનાનુરોધેન અન્યાનુવૃત્તિત્વરૂપસ્ય વણિગ્લક્ષણ સામ્યસત્વાત્ વણિગેવેત્યર્થ ।

(ભા. ૭/૧૦/૪)

અર્થ : આપ જે પરમપુરૂષાર્થ સ્વરૂપ છો એવા આપની સેવા કરી જે વ્યકિત વિષયોની કામના કરે છે તે આપનો ભૃત્ય (સેવક) નથી. કેમકે ભૃત્યનું પ્રયોજન સેવાથી કાંઇ જુદું હોય તો તે ભૃત્ય હોઈ શકતો નથી. અપિતુ તે વાણિયો છે કેમકે પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા માટે બીજાનું અનુકરણ કરવું એ વણિકના લક્ષણોની સમતા આ પ્રકારનો ભૃત્ય કરે છે.

શ્રી ગુસાંઇજી પણ 'સિદ્ધાંત મુકતાવલી'ની ટીકામાં આજ્ઞા કરે છે કે– સેવા સ્વતઃ પુરૂષાર્થરૂપા છે, અન્યશેષ નહીં. જો એને ભકિતવર્ધનરૂપ પ્રયોજન વગર અન્ય કોઇ પણ પ્રયોજનથી કરવામાં આવે છે, તો એ અન્યશેષ થઇ જાય છે અને માનસી સિદ્ધ કરતી નથી. ભકિતરૂપ પ્રયોજન સેવાને અન્યશેષ બનાવતો નથી, કેમકે ભકિતનો જ એક ભાગ સેવાં છે અને એ જ સેવા આગળ ભકિતરૂપમાં ખીલવાની છે. અતઃ એ અન્ય છે જ નહીં. જેમ મનુષ્યના શિર તથા ધડ જુદા હોવા છતાં એક જ છે.

શ્રી ભાગવત તૃતીય સ્કંધમાં તામસ, રાજસ, સાત્વિક તથા નિર્ગુણ એમ ચાર પ્રકારના ભકિતયોગ શ્રી કપિલદેવજીએ કહ્યા છે. તેમાંનો રાજસ ભકિતયોગ બતાવતા તે કહે છે કે–

વિષયાનભિસન્ધાય યશ ઐશ્વર્યમેવ વા ।
અર્ચાદાવર્યયોદ્યો માં પૃથગ્ભાવઃ સ રાજસઃ ॥

(ભા. ૩/૨૯/૯)

અર્થ : યશ, ઐશ્વર્ય અથવા વિષયોની કામના રાખી ભિન્નભાવથી જે મારી પૂજા કરે કરે છે તે રાજસ ભકત છે. જ્યારે નિર્ગુણ ભકિતનું લક્ષણ છે–

મદ્‌ગુણશ્રુતિમાત્રેણ મયિસર્વગુહાશયે ।
મનોગતિરવિચ્છિન્ના યથા ગંગામ્ભસોઽમ્બુધૌ ।૧૧।
લક્ષણ ભકિતયોગસ્ય નિર્ગુણસ્ય હ્યુદાહૃતમ્ ।
અહૈતુકયવ્યવહિતા યા ભકિત પુરૂષોત્તમે ।૧૨।
(ભા. ૩/૧૯/૧૧/૧૨)

અર્થ : પ્રભુ કહે છે કે જેમ શ્રી ગંગાજીની અવિચ્છિન્ન ધારા રસ્તામાં આવતા મોટા મોટા પત્થરોને પણ તોડીને સાગરમાં પ્રવેશે છે તેવી જ રીતે મારા ગુણોના શ્રવણ કરવા માત્રથી મારા ભકતોના મન મારામાં અવિચ્છિન્ન લાગી જાય છે. આ જ નિર્ગુણ ભકિતયોગનું લક્ષણ છે કે પુરૂષોત્તમમાં થયેલી આ ભકિતમાં કાંઈ વ્યવધાન નથી થતો તથા આ ભકિત કોઇ પણ હેતુથી કરવામા આવતી નથી,

શ્રી સુબોધિનીમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે. 'અમારા દ્વારા બતાવેલો માર્ગ નિર્ગુણ માર્ગ છે' અને નિર્ગુણ ભકિતયોગમાં કરવામાં આવતી ભકિત અહૈતુકી હોવી જોઇએ લોકાર્થિતા (યશ ઐશ્વર્ય આદિ વિષયોની કામના) રાખીને કરવામાં આવતું કૃષ્ણ ભજન તો રાજસ ભકિત છે પુષ્ટિભકિત નથી. લોકાર્થિતા મનમાં રાખીને કયારે પણ પુષ્ટિભકિત થઇ જ શકતી નથી.

કેટલાક લોકો કહે છે કે "સિદ્ધાન્ત મુકતાવલી'માં જઘન્યાધિકારી તરીકે લોકાર્થિની કૃષ્ણ સેવાનું વિધાન શ્રીમદાચાર્યચરણ કરે છે અંતઃ લોકાર્થિતા રાખીને કૃષ્ણ સેવા કરી શકાય છે, પરંતુ આ વાત સાચી નથી મહાપ્રભુજી 'સિદ્ધાન્ત મુકતાવલી' માં આજ્ઞા કરે છે.

'લોકાર્થી' ચેત ભજેત કૃષ્ણ કિલષ્ટો ભવતિ સર્વથા' અર્થ–યદિ લોકાથી 'કૃષ્ણ ભજન કરે છે તો નિશ્ચય કલેશ જ પામે છે અહિયાં લોકાર્થિતા રાખી કૃષ્ણ સેવા કરવાનું વિધાન નથી અપિતુ લોકાર્થીને મહાપ્રભુજી ચેતવણી આપી રહયા છે કે 'પુષ્ટિમાર્ગમાં તો 'ભગવાન એવ હિ ફલ' છે લોક ફલ નથી અતઃ લોકાર્થિતા છોડીને કૃષ્ણ સેવા કરજો એવું નહીં કરે તો તને કલેશ જ થશે' અતઃ આ શ્લોક લોકાર્થીના કૃષ્ણ ભજનનું વિધાન નથી કરતો અપિતુ લોકાર્થિતા નિવૃત્ત કરવાનું વિધાન કરી રહ્યા છે.

શ્રી ગુંસાઇજી આશ્લોકની ટીકા કરતાં લખે છે કે 'આજીવિકા માટે કૃષ્ણ સેવા કરનાર લોકાર્થી છે એનું ભજન ભકિત નથી અપિતુ અનર્થરુપ છે અહિં એને કલેશ જ થાય છે. એના લોક અને પરલોક બંને નષ્ટ થઇ જાય છે કેમ કે એ નિષિદ્ધાચરણ કરે છે પરંતુ પુષ્ટિ જીવમાંથી કોઇક જ અજ્ઞાની એવું કરે છે એ બતાવતો 'ચેત્' પદ છે કિલષ્ટ થઇને પણ સેવા કરનાર કોઇક જ હોય છે એ બતાવવા બીજો 'ચેત્' પદ મુકેલ છે.' (સિદ્ધાન્ત મુંકતાવલી શ્લોક ૧૬૨)

અહિંયા કેટલીક વાતો ઘણી સ્પષ્ટ થઈ જાય છે. (૧) લોકાર્થિતા રાખીને કૃષ્ણ સેવા કરનારને કશો લાભ થતો નથી ઉલટી હનિ થાય છે એના લોકપરલોક બન્ને નષ્ટ થઇ જાય છે.

(૨) લોકાર્થિતા રાખીને કૃષ્ણસેવા કરવી નિષિદ્ધાચરણ છે.

(૩) કદાચ જ કોઈ પુષ્ટિમાર્ગ લોકાર્થિતા રાખીને કૃષ્ણ ભજન કરે છે.

(૪) લોકાર્થીને કલેશ થવાથી એની ભગવત્સેવા લગભગ છુટી જ જાય છે.

શ્રી ગુસાંઇજીની આટલી સ્પષ્ટ પંકિતઓ જોઇને પણ જે કોઇ એમ કહે છે કે, 'લોકા-

થિંતા રાખીને કૃષ્ણ સેવા કરી શકાય છે તો તે મોટી ભૂલ કરી રહ્યો છે.

સકામતા પુષ્ટિમાર્ગમાં નિષિદ્ધ છે. આ સમજી ગયા પછી આપણે સમજી શકીએ છીએ કે જુદા જુદા કર્તાઓ દ્વારા કરવામાં આવતી તનુજા અને વિત્તજા પણ નિષિદ્ધ કોટિમાં જ આવી જાય છે. કેમકે તનુજા સેવા કરનાર વિત્ત પ્રાપ્તિની કામના રાખીને જ તનુજા કરે છે. અન્યથા તનુજા કરવાનો હેતુ શો ? અને 'નિષિદ્ધાચરણનો પ્રેરક પણ પાપ ભાગી થાય છે' આ ન્યાયથી પણ નિષિદ્ધ સિદ્ધ થઇ જાય છે. યદ્યપિ શ્રી ગુસાંઇજી તથા શ્રી પુરૂષોત્તમજીએ સિદ્ધાંત મુકતાવલીના બીજા શ્લોકમાં જ તનુજા અને વિત્તજાને નિષિદ્ધ ઘોષિત કરી દીધી છે. તો પણ આ દૃષ્ટિકોણથી પણ એની નિષિદ્ધતા જોઇ શકાય છે. વૈષ્ણવો દ્વારા મંદિરોમાં કરવામાં આવતી તનુજા કદાચ દ્રવ્યલોભવશ ન હોય તો પણ તનુવિત્તજાના ભાગલા પડી જવાથી જ એ નિષિદ્ધ કોટિ (અતસ્તથા ન કાર્યમ્– (સિ.મુ. શ્લો.૨–શ્રીપુરૂષોત્તમજી)માં આવી જાય છે.

શ્રી પુરૂષોત્તમજી 'સિદ્ધાંતમુકતાવલી' ની ટીકાના અંતમાં ગ્રંથનો સાર સમજાવે છે. ત્યાં ગ્રંથમાં કહેલા પ્રત્યેક અધિકારી તથા એમના કર્તવ્ય સંક્ષેપમાં સમજાવ્યા છે. ત્યાં પણ ટીકાકારે તનુજા તથા વિત્તજાને પ્રશ્રય નથી આપ્યો તથા 'લોકાર્થી પુષ્ટિમાર્ગીય જ હોય છે એવું નથી' આ વાતનું પણ નિરૂપણ કર્યું છે–

(૧) મુખ્યાધિકારી (પુષ્ટિપુષ્ટિ)- 'અસ્મિન્ શાસ્ત્રે તનુવિત્તજા સેવૈવ પ્રથમં સાધનમ્....... અતઃ સાધનસેવા કુર્વન્તા બ્રહ્મવાદેન ભગવતિ બુદ્ધિવિધેયા ઇતિ મુખ્યા આદ્યા સાધન કક્ષા'

અર્થ : આ સિદ્ધાંત મુકતાવલીમાં તનુવિત્તજા સેવા જ પ્રથમ સાધન છે.... અતઃ આ સાધનસેવા કરનારને બ્રહ્મવાદથી ભગવાનમાં બુદ્ધિ લગાવવી જોઇએ, આ મુખ્ય અને પ્રથમ સાધનકક્ષા છે.

(૨) મધ્યમાધિકારી (મર્યાદાપુષ્ટિ) – અત્રાનધિકારેતુ મર્યાદા. પુષ્ટન્ય વિવિકતં જીવસ્વરૂપજ્ઞાનં આવશ્યકમ્...તેન તાદૃશા સેવાં કુર્વતા જીવભગવત્સ્વરુપયોર્જ્ઞાનાર્થં પુર્વં યતનીયમ્ :'

અર્થ : પુષ્ટિ પુષ્ટિમાં અનધિકાર હોય તો મર્યાદાપુષ્ટિ ભકતને જીવના સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન હોવું જોઇયે........અતઃ આવા વ્યક્તિને સેવા કરતા જીવ તથા પ્રભુના સ્વરૂપના જ્ઞાન માટે પ્રયાસ કરવો જોઇયે.

(૩) જઘન્યાધિકારી (પ્રવાહપુષ્ટિ) યસ્ય અયાપિ અનધિકારઃ સ સંસારી, સ્વશરીરપુત્ર વિત્તાદિષુ અભિમાનવાન......... ભગવત્ત ચિન્તનં કાર્યમ્

અર્થ : જેનો મર્યાદા પુષ્ટિમાં પણ અધિકાર ન હોય તે પોતાનાં શરીર પુત્ર વિત્ત આદિ પદાર્થોમાં અભિમાન કરનારો સંસારી હોય છે....એને સેવા કરતાં પ્રભુનું ચિન્તન વિશેષ રુપથી કરવું જોઇયે.

(૪) (જઘન્યતમ) યસ્ય પુનઃ સંસારિણઃ લોકાર્થિંતા ન નિવર્તતિ સચેત્ ભગવત્સેવાં યથોકતપ્રકારેણ તનુવિત્તાભ્યાં કરોતિ....તાદૃક અધિકારી મેત્ – પુષ્ટિમાર્ગાયઃ તદા તેન શ્રીભાગવત પાઠ શ્રવણ પરતયા સ્થિત્વા યત્રકુત્રચિ દેશ વિશેષે પુજોત્સવાદિકં કર્તવ્યમ્, મર્યાદામાર્ગીયશ્ચેત્ ગંગાતીરે સ્થિત્વા તેન શ્રીભાગવત શ્રવણ પઠનાવૃત્તિર્યથાધિકારં કર્તવ્યેતિ ચતુર્થાકક્ષા.

અર્થ : જે સંસારીની લોકાર્થિતા નિવૃત્ત નથી થતી એ યદિ આચાર્યોકત પ્રકારે અર્થાત્ તનુવિત્તથી ભગવત્સેવા કરે છે....એ લોકાર્થી યદિ પુષ્ટિમાર્ગીય હોય તો તેને શ્રી ભાગવતના પાઠ તથા શ્રવણમાં તત્પર થવું જોઇએ તથા દેશ વિશેષમાં (જગન્નાથજી શ્રી રંગજી આદિ) પુજા તથા ઉત્સવ કરવા જોઇએ. પરન્તુ યદિ એ મર્યાદામાર્ગિય છે તો તેને ગંગાજીના તટ ઉપર શ્રી ભાગવતના શ્રવણ તથા પ્રાઠની આવૃત્તિ અધિકારાનુસાર કરવી જોઇયે. આ ચોથી કક્ષા છે.

શ્રી પુરુષોત્તમજી પંચમાધિકારી બતાવે છે કે જેને શરીર તથા વિત્તથી સેવા કરતાં પણ ભક્તિ નથી થતી એ આરૂઢ પતિત (ચઢીને પડેલો) અનેક જન્મોમાં જ્યારે એની સંસારસકિત શિથિલ થાય છે ત્યારે મુકત થાય છે. અગર સંસારમાં અત્યન્ત આસકિત હોય તો મુકિત પણ થતી નથી. અતઃ સંસારવેશને છોડતાં તનુવિત્તાભ સેવા માટે પણ યત્ન કરવો જોઇયે (શ્રી પુરુષોત્તમજી સિ મું. ઉપસંહારમાં) (અહિયાં વિસ્તારભયથી સંપુર્ણ ઉદ્ધરણ તથા એમના અર્થ અહિયા નથી જેટલા વિષયોપયોગી હતા તેજ વિસ્તારથી લખ્યા છે.)

ઉપર્યુકત વાકયોથી આટલી વાતો સ્પષ્ટ રીતે સમજાય છે.

(૧) (બધા જ અધિકારીયો માટે તનુવિત્તજા જ બતાવી દે તાળી અને વિત્તજા નહી યદ્યપિ પાંચ અધિકારીયોમાંથી ત્રણ માટે તનુવિત્તજા શ્રી પુરુષોત્તમજીએ કંઠત કહી છે. બાકી બે માટે સેવા શબ્દનો પ્રયોગ કર્યો છે પરન્તુ પ્રસંગાનુપાતી તનુવિત્તજા જ 'સેવા' શબ્દથી લેવાશે. અચાનક આકાશમાંથી હાથમાં ટપકેલા કોહિનૂરની જેમ તનુજા અને વિત્તજા નહીં.)

(૨) શ્રી પુરુષોત્તમજી તનુજા તથા વિત્તજા કરનારને જઘન્ય. તમ શ્રેણીમાં પણ નથી ગણતાં તેથી એ પુષ્ટિમાર્ગીય સેવા જ નથી અતઃ આ કહેવું પણ સર્વથા અસત્ય છે કે શ્રી પુરૂષોત્તમજી તનુજા તથા વિત્તજાને પુષ્ટિમાર્ગીય સેવા ગણે છે.

(૩) લોકાર્થી નિરુપણ પ્રસંગમાં શ્રી પુરુષોત્તમજી યથોકત પ્રકારનું અર્થહિ આચાર્યોકત પ્રકાર તનુવિત્તજાને જ ગણે છે.

લોકાર્થી પુષ્ટિમાર્ગીય જ હોય છે એ નિશ્ચિત નથી હોતું.

સ્વાર્થ અથવા અજ્ઞાનના કારણે આજે નિષ્કામ પુષ્ટિમાર્ગના અનુયાયિઓ સકામતાની નિષિદ્ધ રાહે ચાલતાં દેખાય છે. શ્રી યમુનાષ્ટક નવરત્ન આદિ ગ્રન્થોના સકામ પાઠ, પૈસા કમાવવા માટે થતા મનોરથો, કેવલ પાપ દુર કરવા માટે થતાં બ્રહ્મસમ્બન્ધ, વૃત્યર્થ તથા પ્રેતોદ્ધારાર્થ કરાવાતી ભાગવત સપ્તાહો જેવા અનેક પ્રકાર આજે પુષ્ટિમાર્ગના નામે ચાલતાં દેખાય છે. અરે ! આપણાં માર્ગમાં કર્મયોગ પણ સકામ નથી કરી શકાતો તો ભકિતયોગ કેમ કરી શકાય? શાન્ત ચિત્તે આ બધું વિચારી નિષ્કામ પુષ્ટિમાર્ગમાં શ્રી મહાચાર્ય ચરણનો દ્રઢ આશ્રય રાખી આગળ વધીયે.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

શ્રી વિઠ્ઠલ શ્રીકૃષ્ણ શ્રીયમુનાજી મહાપુરણ કામ.

શ્રા વિઠ્ઠલ પુષ્ટિ માર્ગ પ્રગટ કર્તા શ્રી મહાપ્રભુજી તે સેવા માર્ગને સુંદર રીતે ભોગ, રાગ, શૃંગાર, વિગેરેથી પરિપુર્ણ કરી સુંદર પ્રણાલીકા બાંધી ઋતુ અનુસાર વધા વસ્ત્ર સામગ્રી વિગેરેની યોગ્ય રીતે સેવા માર્ગ વિકસાવ્યો તેવી જ રીત આપે સેવા કરીને કરતા શીખડાવ્યું શ્રીજીની સેવામાં અતિ ઉત્સાહ ધરાવવળા દોડી દોડીને શ્રીજી દ્વાર પહોંચી તન મન ધનથી લાડ લડાવ્યા ભકિત માર્ગને સુંદર સુદઢ બનાવ્યો માયાવાદનું નિવારણ કરી ભાગવત ધર્મ સર્વ શ્રેષ્ઠ બતાવ્યો અનેક ગ્રંથો કરી સંશયોને દુર કર્યા શ્રી સુબોધિનિજી ગ્રંથનો ગુઢાર્થ સમજાવવા ટીપણીજી લખીને (ભકતોને) નિજ સેવકોને સેવા સ્મરણ બન્નેનો આનંદ દીધો શ્રી ગોકુલમાં વાસ કરી રોજ અનોસરમાં વેણુ ગીત યુગલ ગીતનું ગાન કરી અર્થ સમજાવી ભકતોને તે રસના ભોગી બનાવ્યા રાતનાં પણ રોજ વચનામૃતો કૃપા ભકતોને આનંદ દેવા વાળા એવા શ્રી ગુંસાઇજી.

શ્રીકૃષ્ણ યુગ યુગમાં અંશ કળા વિભુતિ રૂપ નાના મોટા અવતારો ધારણ કરી પૃથ્વી ઉપર પાપના બોજને દુર કરી શાંતી સ્થાપિત કરવાવાળા બધા અવતારો વિષ્ણુરૂપથી પ્રગટ થઇ સંસારમાં આવી કાર્ય કરી તેમાં જ સમાવિષ્ટ થાય છે.

અંતે તો દયારામભાઇ શ્રી સ્વામિનિજી કૃષ્ણ એવા પ્રભુનું ધ્યાન કરે છે સારસ્વત કલ્પમાં એકજવાર ગોલોકાધિપતિ લીલા સામગ્રી સહિત ભુતલ ઉપર પધારીને ચતુર્વ્યુહ રૂપે લીલા કરવાવાળા તે શ્રી કૃષ્ણ પુર્ણાવતાર ગોકુલમાં ૧૧ વરસ પર દિવસની લીલા કરી નંદાત્મજ, યશોદોત્સંગ લાલિત નંદજીનાં આત્માથી ઉત્પન્ન થયેલા યશોદાજીનાં ખોળામાં લાલન પાલન પામેલા તે સોલહ કળા સંપુર્ણ કેવળ આનંદમય લીલા કરવાળા, ગ્વાલોની સાથે રમતા સમાન ભાવથી ક્રીડા કરવાવાળા, ગોપિજનોને તેનાં ભાવથી તેઓ ચાહે તેવું રૂપ ધારણ કરી મનોરથ પુર્ણ કરવાવાળા, ભકતો સંગે ક્રીડા કરતાં તેનાં સમાન રૂપ ધારી પોતાનું ઇશ્વર રૂપ ન બતાવતા ભકતો કરે તેમ કરવું કુંમારીકા ૫ વરસની તેની ભાવનાનાં પ્રભુ પાંજ જ વર્ષનાં. ગોપ ભર્યા કે જેઓ વેદની શ્રુતિરૂપા હતી જેઓ વરદાન પ્રાપ્ત કરી પ્રભુનાં પધારવા પહેલાં જ વૃજમાં પહોંચી ગઇ હતી તેમજ વૃષભાન કુમારી તે પણ અગાઉથી જ પધાર્યા હતા. લીલારૂપી સર્વ સામગ્રી ભૂતલ પર

પ્રગટ કરી પછી જ આપ યશોદાનાં બાળરૂપે પુરૂષોત્તમ પધાર્યા. શ્રુતિરૂપા કે જેઓએ પ્રભુ પાસેથી વરદાન મેળવ્યું હતું તેને દેહધારી ઇન્દ્રિયવાન બનાવી. કુમારિકા કે જેઓ રામાવતારમાં વરદાન મેળવી અત્રે કુંવારકા બની હતી તે સર્વનાં મનોરથ પૂર્ણ કરતાં. પુરૂષોત્તમ રૂપે તો કેવળ આનંદમય લીલા કરી ભકતોની ભાવના મુજબ તેમની સંગે રમ્યા. દૈત્યોનો સંહાર કરવો, એવા બીજા કામો તો વ્યુહરૂપે કરતા. ગ્વાલબાલો સાથે રમતા. સમાન ભાવવાળા તેમજ રાસલીલામાં વધુ વધુ પ્રતિ વપુ ધરે આમ પ્રત્યેક ગોપીનાં ભાવથી એટલાં જ રૂપ ધારણ કરી ભકતોની સાથે સમાન ભાવથી નૃત્ય કરવાવાળા લીલારસની લાણી કરવાવાળા વૃજને સંકટમાંથી ઉગારવા ગિરિરાજ ધારણ કરવાવાળા ઇન્દ્રનો મદ ઉતારવાવાળા **શ્રીકૃષ્ણ.**

શ્રી યમુનાજી : સદા ગૌલોકમાં નિવાસ કરી પુરૂષોત્તમનાં સર્વ સુખોમાં પોતાનું સુખ માનવાવાળા, જ્યારે ભૂતલ ઉપર પુરૂષોત્તમ પધારવાનાં છે ત્યારે તે પણ અગાઉથી શ્રમજલરૂપી વૈભવને ધારણ કરી પૃથ્વી ઉપર પધારતા અનેક નામોથી વિભુષિત થયા. જેમકે સૂર્યનાં કિરણો દ્વારા પધાર્યા તે ઉપરથી રવિતનયા–સૂર્યપુત્રી. તેમજ કલિંદગીરી પર્વત ઉપરથી પધાર્યા તે ઉપરથી કલિન્દગીરી નંદિની આવા અનેકો નામથી પ્રસિદ્ધ થયા. વાસ્તવિકમાં પ્રભુને લીલામાં ઉપયોગી એવી પોતાની સમૃદ્ધિ યુગલ તય્તથા તટપર વૃક્ષાવલી કુંજ નિકુંજો, નાના પક્ષીયોનો કલરવથી શોભાવનારા વૃજમાં પધારતાં જ જેઓ શાંત સ્થિર થયા. વૃજમંડલને પોતાની આડીઅવળી ચાલથી ઘેરી લીધું. જેઓનું ભૂતલ પધારવું કેવલ પ્રભુને સુખપ્રાપ્તિ પુરતું ન રહ્યું. ભકતોને તેનું ઇચ્છિત ફલ આપ્યું. એટલું જ નહીં, મહાન પાપીઓ આપનાં જળનાં સ્પર્શથી પાપોથી મુકત થયા. કેવળ દીન ઉપર દયા કરીને કૃપારૂપી પોતાનાં ધર્મનું પાલન કરવાથી પ્રિયતમ પ્રભુની પૂર્ણ કૃપાથી પ્રભુ સમાન વર્ણ પ્રભુ સમાન શૃંગાર અને પ્રભુનાં જ ધર્મો પોતાનામાં ધારણ કરવાવાળા પ્રભુને અતિપ્રિય થયા. પોતાના તટ ઉપર તરેહ તરેહની કુંજ–નિકુંજ સુંદર સર્વસામગ્રીથી ભરપુર યુગલ સ્વરૂપને આનંદ દેવા તેમજ ભકતો પણ યુગલ સ્વરૂપની સેવાનો આનંદ માણે તેવી રચના કરવાવાળા પ્રભુની વિશેષ કૃપા મેળવવામાં એક વિશેષ કારણ બન્યું કે પ્રભુનાં પ્યારા ભકતો પ્રભુને મળે ઉપરાંત પ્રભુ જેને ભુલી ગયા હોય તેવા જીવોને આપ શુદ્ધિ કરીને સન્મુખતા પ્રાપ્ત કરાવતા ભકતો ઉપર અનહદ પ્રિતી જે યમુનાનું શરણ ગ્રહણ કરે તેને દેત અદ્‌ભુત રૂપ આપ જૈસી" તે માનીને પોતાનું રૂપ આપી પ્રભુની સન્મુખ કરતા.

પુરૂષોત્તમ પ્રભુ શ્રી યમુનાજીને કિનારે પધારતા કે ત્યાં જ શ્રી વૃષભાનકુમારી મળશે. શ્રી સ્વામિનિજી પણ પ્રભુને મળવા આતુર હોય શ્રી યમુનાજીને તીરે પધારતા. તીર ઉપર સુંદર અનેક વૃક્ષોથી ભરપુર નાના પ્રકારનાં પક્ષીયોનાં કલરવથી આનંદમય વાતાવરણ તેમજ પોતાનામાં રહેલા કમલ પુષ્પોની સુંદરતાને શિતલ મંદ સુગંધથી યુગલ સ્વરૂપને આનંદ દેવા વાળા પ્રભુ ભકતો–અભકતો દરેકને ઉપયોગી એવા શ્રી યમુનાજી.

મહાપુર્ણ કામ :

ચંદ્રાવલા શરૂ કરતાં પહેલાં જ પોતાનાં

ગુરૂદેવને વંદન કરી શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઇજી, શ્રી યમુનાજી, જેઓ પૂરણકામ છે તેમજ ભકતોને ઇચ્છીત ફળને દેવાવાળા છે ગુરૂદેવે શરણે લીધા ત્યારે જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયો શ્રી મહાપ્રભુજીનું પૂરણકામ છે, તેનું વર્ણન સર્વોત્તમ સ્તોત્રમાં જાણવા મળે છે ભકત મનોરથ પુરકાય નમઃ

શ્રી યમુનાજી તો અભય દાનેશ્વરી છે જ ભકતોને પુત્ર સમાન માની તેનાં ભાવ મુજબ કૃપા કરવાવાળા છે તેથી ભકતોને ઇચ્છેલું દાન દેવા સમર્થ છે ઉપર મુજબ પૂરણકામ છે.

પૂર્ણકામ દામોદરદાસ :

દામોદર દાસ પુર્ણકામની કૃપાથી કૃપાપાત્ર બન્યા છે શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરતા કે દમલા યહ મારગ તેરે લીયે પ્રગટ કીયો હે યુગલ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીથી વાર્તાલાપ કરતા તે સાંભળતા જેમની બેઠકો અત્યારે બિરાજે છે મહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવાવાળા જીવન પર્યંત સાથ રહેવાવાળા જેને લૌકિક ગુણો સ્પર્શ કરી શકયા નહી સર્વ પ્રથમ બ્રહ્મસંબંધ શ્રી દામોદરદાસજીએ જ પ્રાપ્ત કર્યું છે તે શ્રી મહાપ્રભુજીના અંતરંગ ભકત હતા જેમકે –

ભગવદી ભગવદ એક હે તાસું રાખીયે નેહ;
ભવસાગરકો તરનકી નૌકા કહીયે એહ.

ઉપર મુજબ ભગવાન અને ભકત એક જ રૂપ છે તે ઉપમા શ્રી દામોદરદાસજી જેવાઓ માટે જ યોગ્ય હોઇ શકે. શ્રી મહાપ્રભુજી સદા દામોદરદાસજીનાં હૃદયમાં બિરાજમાન રહેતા તેથી પૂરણકામ કહેવાયા.

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુચરણકમલ રેણુભ્યો નમઃ ॥

અથ શ્રીહરિરાયચરણ વિરચિતા

શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી–ટિપ્પણી

ભાષાંતર – **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

ટિપ્પણી (૧૭)

જો એમ પૂછવામાં આવે કે 'ત્વન્માયયા' એટલે કે તારી માયાથી– એમ કહેવામાં શી વિશેષતા છે ? ગમે તે રીતે હોય તો પણ પુત્રાદિના ભગવદીયપણાને લીધે, તેની આસક્તિને લીધે તથા તેમાં સખ્યમાં રહેલ મોક્ષત્વને લીધે (પણ હોઇ શકે છે) એવી આશંકાનો ઉત્તર આપતાં કહે છે 'ચક્ર એવ' (એટલે ચક્ર જ). ચક્ર જ પરિભ્રમણ કરતાં કરતાં તે સખ્ય થાઓ. પ્રભુના અનન્યત્વને લીધે તથા પુષ્ટિ-મર્યાદાના મોક્ષરૂપ હોવાને કારણે અને નહિ કે ભગવદિચ્છાથી– સ્વ અવતારના કારણરૂપ હોવાથી હિરણ્યકશિપુથી માંડીને બીજા રાક્ષસોમાં જેમ દૈવગતિને લીધે પ્રહલાદજીમાં પુત્ર તરીકે આસક્તિ હતી તથા સખ્ય પણ હતું– પુત્ર વાત્સલ્યરૂપ, અન્યથા શિક્ષા અપાવત નહીં, તેવું કુટુંબવાત્સલ્યમાંથી ન થાઓ પરંતુ તારી માયાથી થાઓ, એમ અર્થ છે. એ (હિરણ્યકશિપુ) પોતે પણ પહેલાંના સમયમાં ભક્ત જ હતો પણ શાપથી અસુરયોનિમાં જન્મ્યો હતો એ પ્રકારના સામ્યને લીધે તેની જાતિને લગતી પ્રાર્થના માની લે– પ્રભુ એવાકરાથી નિષેધની પ્રાર્થના છે એવો ભાવ છે.

જો એવી શંકા કરવામાં આવે કે તેમ હોવા છતાં ભગવદ ભક્તની આસક્તિને લીધે તથા તેના સખ્યનું અસ્તિત્વ હોવાને લીધે કયો દોષ (વાંધો) આવી જાય ? એમ જો પૂછવામાં આવે તો કહે છે 'સર્વથા' (બધી રીતે) વગેરે. ભગવદભાવ સિવાય કેવળ ભગવદીય પુત્રો વગેરેમાં આસક્ત હોય તો પણ અનન્યપણાનો ભંગ એટલે અંશે થતો હોય છે તેથી ભગવત્સંબંધ સ્ફુરતો નથી. અનન્યભક્તિ કરનારાઓ તો કોઇ પણ સમયે અને કોઇ પણ વખત ભગવાન સાથેના અસંબંધને સ્હેજ પણ સ્મરતા (યાદ કરતા) નથી. અને પ્રહલાદજીની આસક્તિને લીધે હિરણ્યકશિપુ શિવજીની સેવા કરતો હતો એ તો આપણે જોયું છે. તેથી અન્યથા સર્વ રીતે જ અનન્યતાનો ભંગ થયો હતો. તેથી તારી માયાથી જ એવી રીતે આસક્ત થયેલાનું સખ્ય થાય એ ભાવ છે.

ટિપ્પણી (૧૮)

જો એવી દલીલ કરવામાં આવે કે આ પ્રકાર તો લીલાસૃષ્ટિમાં રહેલાઓમાં જ દેખાય છે તો પછી વૃત્રને તો આમ કહેવાનો શો અધિકાર છે ? તેના ઉત્તરમાં કહે છે 'કૃતાર્થત્વં તુ' એટલે કે કૃતાર્થતાએ (હિરણ્યકશિપુ) ભાવને હૃદયમાં લાવીને જ કૃતાર્થ (જેનો સર્વ અર્થ પૂર્ણ થયો હતો એવો) થયો હતો. બીજા કોઇને આથી રહિત હોય તેને કિંચિત (જરાક જેટલું પણ) ફળ ન મળે. રસાનુભવ તો તેમનો જ હોય. બીજો કોઈ તેની ઇચ્છા ધરાવતો હોવા છતાં અયોગ્ય નીવડે તેથી તે (ભગવાન)

ના ભાવના સ્ફુરવાથી (પ્રકટવાથી) ભગવદીયતાની પ્રાપ્તિને લીધે કૃતાર્થ જ થયો. અન્યથા (જો એમ ન હોય તો) નાથ શબ્દનો ઉપયોગ ન કર્યો હોત. કોઇપણ અભગવદીય વ્યકિતઓ ભગવાનને નાથ શબ્દથી સંબોધતા નથી– તેનો અધિકાર ન હોવાથી અને અધિકાર યોગ્યતા ન હોવા છતાં (એવું સંબોધન) કરે તો દોષ લાગતો હોવાથી ચાલુ ઉદાહરણમાં એવું સંબોધન કરવાની યોગ્યતા સિદ્ધ થતાં એ ભાવ (લીલા સૃષ્ટિત્વ) સિદ્ધ થાય છે એમ અર્થ છે.

ટિપ્પણી (૧૯)

જો એમ શંકા કરવામાં આવે કે એમ હોવા છતાં બીજા ફલની અભિલાષા ન રાખનારની પ્રાર્થના યોગ્ય નથી, તેનો ઉત્તર આપતાં કહે છે "તદન્તે ચ પ્રાર્થના" (એટલે એની પછી જ પ્રાર્થના કરેલ છે.) "નાથ" એ શબ્દના પ્રયોગને અન્તે પણ સખ્ય માટેની જે પ્રાર્થના છે એ ભકિતના સિદ્ધાન્તને જણાવવા માટે છે. ત્યાં તો ભગવદીય હોવા પણું એ જ પરમપુરુષાર્થ છે. એ સમજાવવા માટે "ભગવદીયત્વેનૈવ પરિસમાપ્ત સર્વાર્થા" ।એટલે કે ભગવદીપણાથી જ સર્વ અર્થો સંપૂર્ણ રીતે સમાપ્ત થાય છે) એ વાકય વાપર્યું છે. એ તો તેના સખ્યથી જ થાય છે (કે હોય છે) તે જણાવવા માટે તે પ્રમાણે પ્રાર્થના કરી છે – એમ અર્થ છે.

ટિપ્પણી–૨૦ :

જો એવી દલીલ કરવામાં આવે કે આ તો અદ્‌ભુ જેવું (એટલે આશ્ચર્યજનક) લાગે છે કે મોક્ષની બાબતમાં માયા એ ભગવાનના કાર્યના સંબંધનું કારણ હોઇ શકે છે. તેનો ઉત્તર આપતાં મોક્ષની બાબતમાં અદ્‌ભુતતા સાધવા માટેની વિલક્ષણતાનું નિરૂપણ કરતાં કહે છે "ધર્માર્થે" એટલે કે ધર્મ અર્થે અહીં આશય આ છે. મર્યાદા માર્ગીય મોક્ષમાં જ માત્ર તેનો જ અનુભવ નથી – ધર્મ, અર્થ તથા કામનો. ઉલટાનો તેનાથી વિરુદ્ધ ભાવ જ છે. પ્રસ્તુત ઉદાહરણમાં તેના સાહિત્ય (સંબંધ હાજરી–અસ્તિત્વ)ના અવિરુદ્ધત્વને જણાવવા માટે એમ કહેવામાં આવ્યું છે કે પુત્ર, પત્ની, ગૃહ વગેરેમાં આસક્ત ચિત્તવાળાનું કારણ કે માયા ક્રમશઃ – દેહ, ઇન્દ્રિય વગેરે ક્રમથી દેહાધ્યાસને ઉત્પન્ન કરે છે – ચાર પ્રકારના પુરુષાર્થોની સિદ્ધિને માટે ત્યાં માત્ર એક જ દ્વારા દેહાધ્યાસ દ્વારા ધર્મ–અર્થ–કામ–મોક્ષ પર્યન્તના (પુરૂષાર્થોને) સાધે છે. આ પ્રમાણે ઇન્દ્રિયાદિના અધ્યાસથી એમ ક્રમ જાણવો.

ટિપ્પણી–૨૧ :

ત્યાં દેહાધ્યાસનું વિવરણ કરે છે. ''તંત્ર" (ત્યાં) એમ કહીને ત્યાં આ અધ્યાસોમાં દેહાધ્યાસે ધર્મસિદ્ધિઃ પ્રસિદ્ધા" એટલે કે દેહાધ્યાસથી ધર્મસિદ્ધિ થાય છે એ વાત જાણીતી છે તેવા અધ્યાસવાળાઓની જ અર્થસિદ્ધિ પણ દેહાધ્યાસથી જ (થાય છે), કારણ કે પુત્ર રૂપ અર્થના તેના અધ્યાસ દ્વારા જ સિદ્ધિ થતી હોવાથી કામની સિદ્ધિ પણ સ્ત્રીની અપેક્ષા રાખે છે અને તેના મૂળમાં દેહાધ્યાસ જ રહેલો છે. ગૃહમાં આસકિતનું મૂળ પણ તે જ (દેહાધ્યાસ જ) છે.

ટિપ્પણી–૨૨ :

ચાર પ્રકારના (પુરુષાર્થો)નું પણ મોક્ષરૂપત્વ કહે છે. "ભકતાનામ્" એટલે ભકતોનું– એમ કહીને ભગવાનની માયાને લીધે લીલામાં

ઉપયોગી પદાર્થોનાં અસ્તિત્વને લીધે ત્યાં આસકિતને કારણે તેના નિરોધથી બ્રહ્મભાવની અપેક્ષાને લીધે ભકતો માટે ગૃહ જ વિશિષ્ટતા ધરાવે છે કારણ કે બ્રહ્મભાવમાં અખિલ પુરૂષાર્થનો અનુભવ નથી અને ઇન્દ્રિય વગેરેની વિફલતા છે. આ કારણથી અલૌકિક દેહની પ્રાપ્તિ દ્વારા પ્રભુનું પ્રાકટય હોવાથી અખિલ પુરૂષાર્થરૂપ લીલાનું તેના ભકતમાં અસ્તિત્વ હોવાથી આંતરિક રમણયુકત અનુભવ એટલે જ મોક્ષ એમ સિદ્ધ થાય છે. – ક્રમશઃ

આંતર ઉદ્‌ગારો

પ્રભુનો પુર્ણ વિશ્વાસ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

જીવ પોતે કરતા થઇને બેઠો છે. પણ પોતે કર્તા મટી જાય, હરિ કર્તા જાણે, ત્યારે કામ થાય. કર્તા તો હરિ છે, હરિ વિના કોઈ છે નહિ. પોતે સ્ત્રીનો ધણી થઇને બેઠો છે. ધણીનો ધણી થઇ બેઠો છે, એ જ દોષ છે; સર્વનો ધણી તો એક હરિ છે.

અહો રાત એમ જાણે જે હું કર્તા નથી, એક હરિજ કર્તા છે, એ નિશ્ચય કરવો. આશરો હરિનો જ રાખવો. જેમ શેઠ પુરૂષોતમદાસ અને એક વૈષ્ણવ બેઉ શ્રી આચાર્યજીના સેવક હતા. તેને એક સિદ્ધ મણિ આપવા આવ્યો. ત્યારે તે વિરકત વૈષ્ણવે કહ્યું કે હું મણિ શું કરૂં ? મને શેર ચુન જગદીશ આપી રહયા છે. શેઠ લે તો પુછો. સેઠને પુછતાં શેઠે કહયું કે જગદીશ તમને શેર ચુન આપશે, તે. મને પાંચ શેર ચુન આપશે ! જગદીશનો આશ્રય મુકીને મણિનો આશ્રય કોણ કરે ?

આવો પ્રભુનો આશ્રય રાખે, તો કામ થાય વળી કહયું કે આ જીવ ટાઢો થઇને બેઠો છે ! વળી આપણને જે મળ્યું તે ખરૂં ! કણબી વા કોળી બાવટો (એક પ્રકારનું અનાજ) મળે ત્યારે કહે છે કે ભાઇ મારે છે, એવું કોઇને નથી. પણ સ્વાદ જાણ્યા વિના શું જાણે ? સંતોષનું મુળ દળદર ને તાપનું મુળ ફળ.

પ્રભુનો ને પ્રભુની લીલાનો પાર નથી. જેમ જેમ તાપ થાય તેમ તેમ પ્રાપ્તિ થતી જાય. વિરહ વિના પ્રાપ્તિ થાય નહિ બાવટાવાળો જાણે મને પ્રભુ મળ્યા, પણ બાજરીનો ને ઘઉંનો સ્વાદ જાણતો નથી. વળી પારેખને હજાર રૂપિયા મળે, ત્યારે જાણે જે મને પ્રભુ મળ્યા, પણ જેની જોડે પ્રભુ બોલતા હશે, તેનું શું ભાગ્ય ? પણ જેમ જેમ તાપ કરે, તેમ તેમ લાભ મળે. તાપ મુખ્ય છે તાપ વપર કામ થાય નહિ.

શ્રી યમુનાજીના પદ

'ભાવાર્થ માથુરી' રાજકોટ

જિનિકૌ વિરદ વરણુત શ્યામ;
સહજ સુખ છવિ ખાનિ, તિનકો અધિકતર અભિરામ. ૧
અમિત કરુણા કલા જલકન બ્યાજ સુરતરુ ધેનુ;
પ્રણત પાલન નાહ સમ સુખસાર સાની રેનુ ૨ ૨
ભાનુ નંદનિ સરલ કોમલ કૃષ્ણ ભૂષણ સાજ;
પાહિ **'વલ્લભ'** કૃપા માગે રાખિ યમુને લાજ. ૩

ભાવાર્થ – શ્રી યમુનાજી આપનું શ્યામ વર્ણ પ્રસિદ્ધ છે; શ્યામ શ્રી ઠાકોરજીનાં જેવો જ વર્ણ અને શ્રી ઠાકોરજી સમાન ઐશ્વર્ય ધરાવો છે. આપનું સ્વરૂપ આનંદ દાયક. સુંદર અને રમ્ય છે.

આપનામાં કમલોની શોભા અધિક, તાપહારક અને લુભાયમાન છે. આપના એક જલની બુંદ અને રેણુકાની બરોબરી સુરતરુ-કલ્પવૃક્ષ તથા કામધેનુ પણ કરવા સમર્થ નથી, જેથી ભકિત પ્રાલનરૂપ આપનું છે. આપની સુંદર રેણુંકા સર્વ સુખના સારરૂપ છે.

ભાનુ-સુર્ય, નંદનિ-પુંત્રી. આપ સુર્યપુત્રી કહેવાવ છો. ભકતોએ અનેક નામથી આપની વંદના કરી છે. તેમાંનું આ એક નામ છે. આપ સરળ સ્વભાવી, દયા જેમનો મુખ્ય ધર્મ છે. વળી આપ શ્રી ઠાકોરજી સમાન વસ્ત્રાભૂષણ પરિધાન કરો છો. આપનુ સ્વરૂપ નિહાળતાંજ નંદનંદનની સ્ફુર્તિ થાય છે. કવિ વલ્લભદાસ કહે છે કે મારા ઉપર આપની કૃપા થાય તેવું માગું છું આપ કૃપા કરી મારી લાજ રાખજો મારિ વૃત્તિ બીજી જગ્યાએ ભટકી ન જાય તેમ મારી સંભાળ રાખજો.

કાંતીલાલ વી. પાવાગઢી (વઢવાણ સીટી) તરફથી તેમની સુપુત્રી
ચિ. હર્ષાના શુભ લગ્ન પ્રસંગે રૂા. ૫૧-૦૦ પૃષ્ઠ પ્રકાશન સહાય

આ માસના ઉત્સવ

માગશર વદ ૧૧ તા. ૮-૧-૯૪ શનિવાર. સફલા એકાદશી વ્રત, શ્રીને ફલનો ભોગ ધરવો. દાન દેવું.

માગશર વદ ૧૨ તા. ૯-૧-૯૪ રવિવાર. ગો. ચિ. શ્રી વલ્લભજી બાવાશ્રી (ચાંપસેની)નો જન્મદિન, (તેરસનો ક્ષય છે), લલિત પંચમ પદની શરૂઆત કરી મહાશુદ ૫ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ અમાસ તા. ૧૧-૧-૯૪ શ્યામ ઘટા, ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૨ તા. ૧૩-૧-૯૪ ગુરૂવાર. ચંદ્રદર્શન, ભોગી ધનુર્માસ સમાપ્તિ.

પોષ સુદ ૩ તા. ૧૪-૧-૯૪ શુક્રવાર. મકરસંક્રાતિ, પુણ્યકાળ સવારે ૧૦ વાગ્યાથી છે, તિલવા રાજભોગમાં ધરવા.

પોષ સુદ ૫ તા. ૧૬-૧-૯૪ રવિવાર. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. શ્રી ચિ. સંજય બાવાશ્રી (મથુરા નો જન્મદિન.

પોષ સુદ ૮ તા. ૨૦-૧-૯૪ ગુરૂવાર. ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૨૧-૯-૯૪ શુક્રવાર. ગો. શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ચાંપસેની-જામનગર)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૨૨-૧-૯૪ શનિવાર. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૨૩-૧-૯૪ રવિવાર. પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૨૪-૧-૯૪ સોમવાર. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી (માંડવી-કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૨૫-૧-૯૪ મંગળવાર. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ શ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૨૭-૧-૯૪ ગુરૂવાર. પોષીપૂનમ, માઘસ્નાન પ્રારંભ.

પોષ વદ ૩ તા. ૩૦-૧-૯૪ રવિવાર. ગો. શ્રી મુકુંદબાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૩૧-૧-૯૪ સોમવાર. ગો. શ્રી મધુસુદન બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન તથા ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત)નો અને શ્રી પ્રાણવલ્લભ બાવાશ્રી (મથુરા)નો જન્મદિન. (પાંચમનો ક્ષય હોવાથી આજે).

પોષ વદ ૬ તા. ૧-૨-૯૪ મંગળવાર. દિક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ. શ્રી મથુરેશજીના ઘરમાં માને છે. શ્રી લાલજીનો પાટોત્સવ (કાંદીવલી). ગો. શ્રી પરિતોષ બાવાશ્રી (મથુરા)નો તથા ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ વદ ૯ તા. ૪-૨-૯૪ શુક્રવાર. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ શ્રી (મથુરા)નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૬-૨-૯૪ રવિવાર. ષટ્તિલા એકાદશી વ્રત. તલનો ભોગ ધરવો, દાન આપવું.

પોષ વદ ૧૨ તા. ૭-૨-૯૪ સોમવાર. ભારત માર્તંડ શ્રી ગટ્ટુલાલજીનો જન્મદિન.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા

(ગતાંકથી ચાલુ) **રાગ-બિલાવલ**

રાજા માધો દુવે દોઉભાઈ, પરદુઃખ હરન મહા વરદાઇ;
મુક દુઃખીત તાકે ઢીંગ આયો, ક્ષણમેં સઘરો શાસ્ત્ર પઢાયો.

(છંદ) પઢયો ક્ષણમેં શાસ્ત્ર સઘરો, એસે કરૂણા પાવહી,
પાંગુલા ગિરિકો ઉલ્લંઘે, મુક રસના ગાવહી;
ફેર પ્રભુ કે શરણ કીને, સકલ દુઃખ નસાઇએ,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૪૩.

વરનો ઉત્તામ શ્લોક જન, તે આ જગમેં આયે ધન્ય ધન્ય
યાતેં નહિ અધિક જન એવા, તીનને કરી સેવક કી સેવા.

(છંદ) કરી સેવા સેવક જનકી, મહેતારી કહી બોલતે,
હરિજન કી કૃપાબલતેં, સદા પ્રભુ સંગ ડોલતે;
ભકિત મારગ સાર એહી ભ્રત્ય ભ્રત્ય કહાઇયે,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે; વિમલ ગુણ ગાઇયે. ૪૪

ફિર કહો ઉત્તામ જન શ્લોક, સેવાતેં સુધરે દોઉ લોક
પ્રભુ પ્રસન્ન હુઈ કહી કછુ માગો, એહ વીનતી મો મન તુમ લાગો;

(છંદ) માંગો મો મન પ્રસન્નતાસોં ફેર અનતન જાયહી
રાવરી એ મદન મુરત સદા હીયે બસાવહી;
કૃપા કરકેં દીયો યહવર, ટરત નાહીં ટરાઇયે,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૪૫

છકડા વાસુદેવ જન ગાવે, મહાપ્રસાદ છપ્પન શેર પાવે
એક દીના કછુ કાજ પઠાયે, આગરે રૂપ ચંદનંદા કે ઘર આયે;

(છંદ) આયે રૂપચંદનંદા કે ઘર, પત્ર વાંચી લીજીએ;
સામગ્રી લીવાય દીજે, વીદાય વેગ મોહે કીજીયે,
દોઉ પ્રહરમેં ફેર આયે, કો ન સમર્થ તાઇયે,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૪૬

બાબા વેણુ કૃષ્ણદાસ ઘઘરીયા એક પદ ગાઇ લીલામેં વરીયા
જાદવ ખવાસ યહ મત લીની, નાથ સેવા કછુક દીન કીની
(છંદ) કીની સેવા કછુક દીન જબ, લીલા કો સમય ભયો
લકડી ચુન (વીણીને) એક ઠોર કીની, દાહ અપને પો દીયો
દેહ અપની અનિત્ય જાની, ભક્ત શ્રમ ન કરાઇએ
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૪૭

જગતાનંદ થાનેશ્વર રહેતે, સરસ્વતી પર કથા નિત્ય કહેતે.
તાકે ઢીગહી પ્રભુ પધારે, શ્લોક એક હી અર્થ ચલાયે
(છંદ) ચલાયે અર્થ શ્લોક એકહી તીન પહેર વીતાઇઓ
દોઉ કર જોડી કરી બિનતી શરણ તુમારે આઇયો
કૃપા કરકે શરણ લીનો રીત ભાત બતાઇએ.
ચોરાશી મહાભાગ્ય નિજ જનકે, વિમલ ગુણ ગાઇએ. ૪૮

બ્રાહ્મણી અડેલ વૈષ્ણવબાઈ સેવ્યા બાલકૃષ્ણ સુખદાઇ
કરી રોટી ધરત નિત્ય ભોગ, પ્રાણ પ્રિતમ આપ આરોગે
(છંદ) અરોગે આપહી પ્રાણ પ્રિતમ નેત્રસો દેખે નહીં
હાથસાં ઢંઢોર પાછે લકડી લે ઢંઢોર હી
એક દિન પ્રભુ તહાં પધારે બડે ભાગ્યરી બાઇએ
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૪૯

આનંદદાસ વિશ્વંભરદાસભાઇ સદા રસપીવત સુખદાઈ
ભગવદ્ વાર્તા એકાંત બેઠી કરતે, બિચ બિચ પ્રભુ હુંકારી દેતે
(છંદ) દે હુંકારી પ્રભુ તાકો મહા મોદ બઢાઇયો,
બાત અપની કહિ સુની ભાગ્ય અપનો સરાઇયો
એહી ચરચા કરો નિશદિન, ઓજ કાજ બહાઇયે
ચોરાશી મહાભાગ નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૦

સિંહ નંદ મે ક્ષત્રાણી બાઈ, ચરખા કાંત સામગ્રી લાઈ
નાનાવિધ પકવાન બનાયે, હંડિયા ભર મંદિરમેં ધરાએ

(છંદ) ધરાએ હંડિયાં મંદિર ભીતર આપુહી લે આઇયા,
મુસા બીલાઇ હે કોઉ દોડકે તહાં આઇયા
એસી આરત ભકત જનસો સોઇ પ્રભુ પ્રકટાયે

ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૧
રામદાસ કહો ધન્ય ધન્ય વરવલ્લભ જસ ગાયો અનન્ય
એ કદિના કહું ગયે અલેખે, ટોક કરી ફીર મોઢા દેખે

(છંદ) દેખે ન મોઢા ફેર વાકો એસી સાચી ટેકહી
મહત્ કરૂણા જાન વે જન સંગ હોય જાકો નેકહી
પ્રાણપતીકે રંગ રંગીયે, સ્વપ્ને નહિ અન્મ લાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૨

કૃષ્ણદાસી ખવાસણ ગાઇ, માની ગોકુલ નાથ જન્ય વધાઇ.
મહુરત આજકો દીન નીકો પ્રગટે પરમ ભાવતો જીકો

(છંદ) લાલ મેરે જીવન પ્રગટે ધન્ય ભૂતલ આઇયે

જાકે હાથ ફીરે સઘરી વ્યથા દુર કરાઇયે
યશોદા ઉત્સંગ લાલીત નિરખી નેન સીરાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૩

બરનો સારસ્વત મિશ્ર જન બુલા, તાકે વચન સત્ય અનુકુલા
ક્ષત્રીકો પુત્ર હુ દે આયે, રીતુ ન હોય તાકે સુત જાયે
(છંદ) જાયે તાકે હરિજન સુત, એસે અતૂલ પ્રતાપહી
સહેજ કરૂણા હોય જાકી, ગયે સબ સંતાપહી
એસે પુરન પતી શીરપેં ઔર નહિ મન લાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૪

રામાનંદ પંડિત થાનેશ્વર વારે, તાકે ઘરહી આપ પધારે
કહી ઘરનાં સોં કીંવાર લગાવે, વૈષ્ણવ આવે સો ગોબર લેજાવે

(ક્રમશઃ)

શ્રી પુષ્ટિસુધારસ

પુસ્તક પરિચય

સંકલન–શ્રી જસ્મીન વસંતલાલ મશરૂ
પ્રકાશક–પુષ્ટિ સત્સંગ મંડળી
ઠાકુર દ્વાર, મુંબઈ–૪૦૦૦૦૨

સોળ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૮૮ પીન બાઈન્ડીંગ, કાચું પુંઠું મુલ્ય–જયશ્રીકૃષ્ણ.

પ્રસ્તુત પુસ્તિકાના પ્રારંભમાં શ્રી પુષ્ટિ નવધા ભકિત નામમંત્ર, પંચાક્ષર મંત્ર અને બ્રહ્મસંબંધથી સિદ્ધ થાય છે તેનો પ્રકાર બતાવેલ છે. ત્યાર પછી શ્રીનાથજી, શ્રીનવનીત પ્રિયજી અને સાત સ્વરૂપ એમ કુલ નવનિધિ સ્વરૂપનો પરિચય સંક્ષિપ્તમાં દર્શાવેલ છે. શ્રી હરિરાયજી કૃત નવગ્રહ નિવારણ જપ સંબંધી માહિતી આપી છે. અને ૨૫૨ વૈષ્ણવની દરેક વાર્તાનો ક્રમશઃ પાંચ સાત લીટીમાં સાર આપેલ છે. છેલ્લે 'વ્રજયાત્રા'નો નકશો જોડેલ છે.

આવું મનનીય સુંદર સાહિત્યનું સંકલન પ્રકાશિત કરીને વિના મુલ્યે વિતરણ કરવા બદલ ધન્યવાદ.

શ્રી પુષ્ટિમાર્ગીય કેલેન્ડર સને ૧૯૯૪

આં. રા. પુ. વૈ. પરિષદ આયોજીત 'શ્રીમદ વલ્લભાચાર્ય રૂષિકુલ' નિર્માણ આયોજન પ્રચારર્થે વૈષ્ણવ કેલેન્ડર, પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેની ન્યોછાવર રવાનગી ખર્ચ સાથે રૂા. ૧૨/– બાર છે.

આ 'બિના મોલકો ચેરો' શિર્ષકવાળા કેલેન્ડરમાં પુષ્ટિમાર્ગના જહાજ અને અષ્ટ સખાઓ પૈકીના એક સુરદાસજી. બાર મહિનાઓના પાના પર સુરદાસજીના ચરિત્રામાંથી ચુંટેલા બાર પ્રસંગો ચિત્રો સહિત આલેખાયેલ છે. જ્ઞાન વર્ધક ભકિત પ્રેરક એવું આ સાહિત્ય આબાલ વૃદ્ધ સૌને ગમી જાય એવું છે. મુખ પૃષ્ઠ પર સુરદાસજીનું ભાવવાહી રંગીન ચિત્ર ગ્લેઝડમાં પેપર છપાયેલ છે. ઉપરાંત સંપ્રદાય માન્ય વ્રતો–ઉત્સવો મનોરથોની નોંધ સાથેની ટીપ્પણીવાળા જાન્યુઆરીથી ડીસેમ્બર ૧૯૯૪ વર્ષના બાર મહિનાની તારીખ–તિથિવાળું વૈષ્ણવ કેલેન્ડર ઘરને શોભાવે એવું તેમજ ભેટ આપવા લાયક છે.

પરિષદની દરેક શાખા પોતાના નામ સરનામાંથી ઓછામાં ઓછા ૫૦ નંગ છપાવી શકશે અને ૫૦ થી ઓછા માટે ગુજરાત પ્રદેશ શાખાના નામથી પ્રાપ્ત કરી શકશે.

સંપર્ક સ્થળ–શ્રી હસમુખભાઈ ખખ્ખર
પ્રચાર મંત્રી ગુજરાત પ્રદેશ.
C/o સંજય ગેસ સર્વિસ રજની બિલ્ડીંગ શેરી
ભૂપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

રાજકોટના વૈષ્ણવોને ખુશ ખબર

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પુસ્તકાલય–શ્રી સાત સ્વરૂપ હવેલી, પરા બજાર, રાજકોટ ખાતે શરૂ કરવામાં આવેલ છે. જેમનું સંચાલન પ. ભ. શ્રી વી. જે. પીઠડીયા નિષ્કામ ભાવે કરી રહેલ છે.

આ પુસ્તકાલયમાં પુસ્તકો વાંચવા માટે આપવામાં આવે છે તેમજ ઘરમાં વસાવવા જેવા પુસ્તકો પણ વેંચાતા મળી શકે છે તો આ અલૌકિક નામ સેવાનો અવશ્ય લાભ લેવા વૈષ્ણવોને અનુરોધ કરવામાં આવે છે.

પુસ્તકાલયનો સમય દરરોજ સાંજના ૫ થી ૬ નો છે.

પુસ્તક પરિચય

શ્રી પુરુષોત્તમ-નામ-સહસ્રમ (સ્તોત્ર તથા નમસ્કારાત્મક)

સંપાદક-પ. ભ. શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી.

શ્રી ભાગવત ભૂષણ, ભાગવત રત્ન, ભગવત શાસ્ત્ર નિષ્ણાત, વલ્લભ-વેદાન્તાચાર્ય (પ્રદત્ત-સુવર્ણ-ચંદ્રક) કાવ્ય તીર્થ, સિવિલ એન્જીનીઅર.

પ્રકાશક :- વિદ્યાનિધિ ટ્રસ્ટ, 'વ્રજ વિહાર', મોદી પોળ, મોટી સાંથ, **નડીઆદ**-૩૮૭૦૦૧

સોળ પેઈજ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૬૮, પીન બાઇન્ડીંગ ટાઈટલ ઓફ સેટ રંગીન શ્રી નાથજીના ચિત્રજીવાળું ન્યોછાવર રૂા. ૨૫-૦૦

શ્રી વલ્લભી વૈષ્ણવ શ્રી પુરુષોત્તમ સહસ્ર નામ સ્તોત્રથી સુવિદિત છે કે શ્રીમહા પ્રભુજીએ આપના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીને નિમિત્ત બનાવીને રચના કરી ઉદાર અનુગ્રહ નિજજનો ઉપર કર્યો છે.

શ્રીમદ ભાગવત ભગવાન શ્રીકૃષ્ણનું નામાત્મક-સ્વરૂપ છે. તેમાં લીલાઓ દ્વારા ભગવાનને ઓળખાવતા ગાન છે. લીલા-વિશિષ્ટ-સ્વરૂપ નામથી ઓળખાય, તેથી શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરેલા આ હજાર નામ દ્વારા ભગવાન જ ગવાય છે, શ્રીમદ ભાગવતના સંપૂર્ણ પાઠનું ફલ થાય છે.

પ્રારંભમાં મૂળ સ્તોત્ર આપેલ છે જેથી પાઠ કરવાની સુગમતા થાય જીવો ભગવાનને તો નમન જ કરી શકે તેથી અહીં નમનાત્મક નામાવલી શ્રી ગુસાંઈજીના પંચમ પુત્ર શ્રી રઘુનાથલાલજી એ આ સ્તોત્ર ઉપર "નામ-ચંદ્રિકા" નામની ટીકા લખી છે, તેનો આશય લઈને અર્થો સહિત પ્રસ્તુત કરેલ છે. જેથી પાઠ કરનારને અર્થાનુ સહિત શ્રીમદ ભાગવત હૃદયા રૂઢ થાય.

શ્રીમદ વલ્લભાચાર્યજીએ શ્રીમદ ભાગવતનું મથન કરી, પરિશ્રમ લઈને નવનીત તારવી આપ્યું છે અને પુજ્ય શાસ્ત્રીજીએ ઉત્સાહ અને આનંદથી અર્થો ગુજરાતીમાં કરી આપ્યા છે, તેમ જ લેસર કંપોઝ (કમ્પ્યુટર ટાઈપ સેટીંગ) મોટા અક્ષરોમાં છપાયેલ છે જેથી સૌ કોઈ ઝડપથી, ઉત્સાહથી, પરિશ્રમ વગર રોજ અચુક પાઠ કરવા પ્રેરાઈ તેવું ઉત્તમ પ્રકાશન છે અને પુસ્તકની છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે તેજ સમાજને આ ગ્રંથની આવશ્યકતા સાબિત કરે છે. આવું ઉત્તમ સાહિત્ય જેમના સૌજન્યથી પ્રકાશિત થયું છે, એવા શ્રી ભાગવત-પરિવાર (સિગાપુર)ને અભિનંદન.

પ્રેમ-સુધારસ-

લેખક-પ્રકાશક-શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ) બી.ઈ. (સીવીલ)

બી/૫૭૩, કૃભકો ફર્ટિલાઇઝર નગર, પોસ્ટ ઓફિસ, કૃભકો, સુરત-૩૯૪૫૧૫

સોળ પેઈજ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૭૫ પીન બાઈન્ડીંગ, લેમીનેશન ટાઈટલ ઉપર શ્રી ગોપાલ કૃષ્ણનું રંગીન સુંદર ચિત્રજી તેમજ અંદર ત્રણનિધિ શ્રી મહાપ્રભુજી, શ્રી નાથજી, શ્રી યમુનાજીનું સુંદર રંગીન ચિત્રજી.

પ્રસ્તુત પુસ્તક ભકિતભાવભરી પદ્ય રચનાના લગભગ ૧૮૨ પદોનો વિવિધ લીલાઓની ભાવના દર્શાવતો સંગ્રહ છે. જેમાં શ્રી મહાપ્રભુજી, શ્રી યમુનાજી, શ્રી નાથજી, શ્રી ગિરિરાજજી, ગોકુળ લીલા, બાળ લીલા, નિત્ય લીલા, દાન લીલા, ચીર હરણ લીલા, હોળી લીલા, હિંડોરા, વર્ષાઋતુ ઉપરાંત "વ્રજ યાત્રા"માં આવતા લીલા સ્થળોની ભાવના દર્શાવતા ૪૨ પદોનો સમાવેશ છે. એટલું જ નહિ પદોમાં દર્શાવાયેલ લીલાનો ભાવ સમજાય તેવો સરળ શૈલીમાં ભાવાર્થ દરેક પદ નીચે પ્રસ્તુત કરેલ છે કવિશ્રી પ્રવિણચંદ્રભાઈની ભકિત ભાવ ભરી પદ્ય રચનાઓ ભાવાર્થ સાથે સાંપ્રદાયિક સામાયિકોમાં પ્રસિદ્ધ થતી રહી છે.

શ્રી શ્યામ સુંદરના યશોગાનને "પ્રેમ-સુધારસ" પુસ્તકરૂપે લેખકશ્રીના ધર્મ પત્નિ ગો. વા. શ્રીમતિ પ્રમવત્તાબેનના સ્મરણાર્થે. પ્રકાશિત કરવામાં આવેલ છે.

પુસ્તક પરિચય

પ્રથમેશ સ્મૃતિ (હિન્દીમાં)

પ્રકાશક : આં. પુ. વૈ. પરિષદ :

રોયલ ૮ પેજી (૧૬×૨૪ સે. મી.) ૬૩૦ પૃષ્ઠ, કોમ્યુટર ટાઈપ સેટીંગ ઓફસેટ પ્રિન્ટીંગ ઉત્તમ મેપલીથો પેપર, ૨૩ બહુરંગી, ૬૮ શ્વેત શ્યામ તથા ૧૪ રેખા ચિત્રો

પાકુ બાઈન્ડીંગ : શ્રી પ્રથમેશજીમા સુંદર લાક્ષણિક મુદ્રામા શોભતા ચિત્રજીયુકત લેમીનેટેડ જેકેટ,

ન્યોછાવર : વિમોચમ પર્વના ઉપલક્ષ્યમાં તા. ૧૫-૧૨-૯૦ થી ૧૫-૧-૯૪ સુધી માત્ર રૂા. ૧૫૦/-

સંપાદક મંડલ : પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી દીક્ષિત.
ડો. ગજાનન શર્મા
શ્રી પ્રધુમ્ન શાસ્ત્રી,
શ્રી નિરંજન શાસ્ત્રી
પં. દ્વારકાપ્રસાદ પાટોદીયા
પ્રા. ઘનશ્યામદાસ મુખિયા

આં, પુ. વૈ. પરિષદના મહાન સંગઠ્ઠન કર્તા, શ્રીમદવલ્લભ વંશાવતંશ પ્રથમ પીઠાધિશ્વર પુ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેસજીએ આ ભૂમંડલને અલંકૃત કરી નિજજનો, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિને જે અદેય દાન આપી, અત્યંત વિપરિત અને કઠીન સમયમાં પુષ્ટિ જહાજને સુસ્થિર ગતી પ્રદાન કરી, એવા આપશ્રીના અમોઘ ચરિત્રનુ વર્ણન કરવા યદ્યપિ આ ભૂમંડલના પ્રાપ્ય તમામ સાધનો ન્યુન પડેજ.

પરંતુ આપશ્રીના પરમ અનુગ્રહ ભાજન આં. પુ. વૈ. પરિષદના કાર્યકારી અધ્યક્ષ **ડો. ગજાનન શર્માજી**એ સતત ૪ વર્ષ જહેમત લઈ જે સુંદર ગ્રંથનું સંપાદન કર્યું તેના દર્શન કરતાં તો સહજમાં આ પંકિતઓનું સ્મરણ થઈ આવે કે 'આપની લીલા તે વદન પોતે કહી ઉચ્ચાર આનંદ તે અધિક દીધો' જાણે પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે સ્વયં અનુગ્રહપુર્વક ડો. શર્માજીના હૃદયાસનપર બિરાજી, નિજ જનોને આનંદ દાનાર્થ આ વિશદ ગ્રંથનું પ્રાક્ટય કરાવ્યું છે.

જુદાં જુદાં ૧૩ અધ્યાયો યથા (૧) પ્રથમેશ વંશ (૨) પ્રથમેશ એક, કાર્ય અનેક (૩) સ્મરણાંજલી (૪) વિરાટ પ્રથમેશ : અનેક દષ્ઠિયાં (૫) કાવ્યાંજલી (૬) પ્રથમેશ પત્રોમેં (૭) કવી શ્રી પ્રથમેશ (૮) ચિંતક શ્રી પ્રથમેશ (૯) પ્રથમેશ પરિપત્રોમેં (૧૦) પરિષદ પિતા : શ્રી પ્રથમેશ (૧૧) ગુજરાતી વિભાગ ૨૭ પૃષ્ઠમાં (૧૨) અંગ્રેજી વિભાગ ૨૦ પૃષ્ઠમાં શ્રી શ્યામદાસજી-સ્ટીફન શેફર (અમેરીકા) ઉપાધ્યક્ષ આં. રાં. પુ. વૈ. પરિષદ) દ્વારા પુ. પા. શ્રી પ્રથમેશજી સાથે પ્રશ્નોત્તર (૧૩) પરિષદ પ્રગતિ : બઢતે ચરણ જેમાં પ્રારંભમાં શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના પૂર્વજોની યશગાથા વંશાવલી, શ્રી મથુરાધિશ પ્રભુની પ્રાકટય-ચરિત્ર વાર્તા,

(વધુ માટે જુઓ ટાઈલ ૩ જું)

(૨૪ મા પાનેથી ચાલુ)

શ્રી મથુરાધિશ પ્રભુ જેમને માથે પ્રથમ પધાર્યા તે શ્રી મહાપ્રભુજીના સેવક શ્રી પદમનાભદાસજીની વાર્તા. અને પં. શ્રી રઘુનાથપ્રસાદજી (કટારા શ્રી મથુરાધિશજી મંદિર–કોટાના મુખ્ય અધિકારીજી અને પુ. શ્રી પ્રથમેશજી મહારાજના અનન્ય કૃપાપાત્ર અનુચર) દ્વારા લિખીત ખૂબ જ વિગતવાર શ્રી પ્રથમેશજીનું જીવન ચરિત્ર સંપાદિત થયેલ છે.

પરંતુ હર એક વૈષ્ણવ માટે અત્યંત માનનિય વિભાગ તો છે સ્વયં પ્રથમેશજી મહારાજના લેખો, પરિપત્રો અને કાવ્યો, આજ આ ગ્રંથનું હૃદય સ્થાન છે. અને જેને સુગ્રથિત કરવામાં ડો. શર્માજીની પટુતાનો પરિચય મળે છે. પ્રકિર્ણ રૂપમાં લગભગ ત્રીસથી વધુ વર્ષોમાં સમયે સમયે પ્રસિદ્ધ થયેલી સામગ્રીને સુસંકલિત રૂપમાં પ્રસ્તુત કરવાનું વિશદ કાર્ય અત્યંત સુંદર છે.

ગ્રંથમાં થોડે થોડે અંતરે પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી દ્વારા પ્રકટ થયેલ માર્મિક વચનામૃતો નું સંગ્રહિત કરી બોકસમાં મુકી પ્રકટ કર્યાં છે. જે ઉત્તમ સંકલન થયું છે. અને અમોને આનંદનો વિષય એ છે કે તેમાંના મોટા ભાગના વચનામૃતો રાજકોટમાં શ્રી સોમયજ્ઞ અને આં. પુ. વૈ. પરિષદનો હિરક મહોત્સવ ઉજવાયો તે ગાળામાં રાજકોટના એક કાયકરને જે શ્રી વલ્લભ સુધા પ્રકાશનમાં સંકળાયેલ છે લખાયેલા પત્રોમાંથી ઉદ્ધૃત છે.

આ ગ્રંથનું એક અનન્ય જમા પાસું તે તેનો ચિત્ર વિભાગ છે જેમાં શ્રી નાથજી, શ્રી મથુરાધિશજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી ગિરધરજી અને પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ તથા વર્તમાન પ્રથમ પીઠાધિશ્વર પૂ. પા. શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી લાલમણીજી) મહારાજના અત્યંત મનોહારી બહુરંગી ચિત્રો છે. આ ઉપરાંત અનેક પ્રસંગે લેવાયેલ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજના બહુરંગી તથા શ્વેત શ્યામ ચિત્રોનો સંગ્રહ પણ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજના બહુ આયામી સ્વરૂપના દર્શનની ઝલકોમાં મગ્ન બનાવે તેવો છે. માત્ર રેખા ચિત્રો વિશેજ એટલું કહી શકાય કે તે આ ગ્રંથની શોભા વધારવામાં અસમર્થ બન્યાં છે. રેખાંચિત્રનું કાર્ય કોઈ કૃપા પ્રાપ્ત તજજ્ઞ કલાકારજ સુંદર કરી શકે.

સંસ્મરણ વિભાગમાં અનેક પ્રદેશોના અનેક ભગવદિઓએ પોતાના સ્વાનુભવના અલૌકિક સ્મરણો વર્ણવ્યા છે. તેમજ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ દ્વારા નિજ કૃપા પાત્ર વૈષ્ણવોને લખાયેલાં પત્રોનો સંગ્રહ પણ ખૂબજ ઉત્તમ માર્ગ દર્શન પૂરૂ પાડે છે. આમાં ખાસ ઉલ્લેખનિય, આં. પુ. વૈ. પરિષદના સુદિર્ઘકાલ મહામંત્રી પદ સંભાળનાર પ. ભ. શ્રી કુમનદાસજી ઝાબાની પરના કૃપા પત્રોમાં ક્યાંક કૃપા, ક્યાંક વ્યથા, ક્યાંક સંપ્રદાય પ્રતિની આપશ્રીની ચિન્તા, ક્યાંક આવતાં સમયની એંધાણી, ક્યાંક સ્વકર્તવ્યનો બોધ એમ વિવિધ રૂપમાં વિવિધ દૃષ્ટિ કોણથી આપશ્રીના આદેશો ઝીલી શકાય છે.

મુદ્રણ આયોજનમાં શ્રી ચંદ્રહાસ દલાલ (ખંડવા) એ સાંગોપાંગ સુંદર ગ્રંથ કલેવર રચેલ છે.

જેવું વિરાટ શ્રી પ્રથમેશજીનું વ્યક્તિત્વ તેવું જ વિરાટ આ ગ્રંથનું સ્વરૂપ છે. અત્રે, તો તેની એક ઝલકજ અવલોકન કરી છે.

પ્રાપ્તિ સ્થાન મુંબઈ
આં. પુ. વૈ. પરિષદ, સાતસ્વરૂપ હવેલી
૬૧, એ. આ. રા. મરચંદદ રોડ, ભૂલેશ્વર મુંબઈ-૨

પ્રાપ્તિ સ્થાન રાજકોટ
શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ

શિક્ષા–ભકિત : પદ

એવા શ્રી હરિને કેમ ન ગાયે ? શાને અથડાયે ?
ભજતાં શ્રી કૃષ્ણ સરવ સુખ થાયે; અવસર વહી જાયે. એવા૦ ૧
જેને પુતના દુખ દેવા આવી, સ્તન વિષ લપટાવી;
તેને જનની પદ દીધું ધાવી; ઉર કરુણા લાવી. એવા૦ ૨
જેણે મહાગરળ મીરાંનું પીધું, ધ્રુવ ધ્રુવપદ દીધું;
બલિનું જેણે દ્વારપાળપણું કીધું, અંબ્રીષ–દુખ લીધું એવા૦ ૩
દામાજી માટે માહાર કહાવ્યા, જન–તાપ શમાવ્યા;
સેના સારૂ નાપિક થૈ આવ્યા, નવ દાસ દુખાવ્યા. એવા૦ ૪
હારી નિજ ભીષ્મ પ્રતિજ્ઞા રાખી, જનવશતા દાખી;
નામાનું છાહયું ઘર પર પાખી, પ્રિય–હિત–અભિલાખી એવા૦ ૫
મુકી પ્રભુતા પરી; લઘુતા લિધી, ભૃત્ય–ભૃત્યતા કીધી,
શૈને દીનબંધુ અભયતા દીધી; અવગુણતા પીધી, એવા૦ ૬
જેનો વિધિ વેદ ન પાર પામે, પદ્મા શિર નામે
સ્તવતાં શિવ શેષ ન ક્ષણ વિશ્રામે, સમયેં દુખ વામે એવા૦ ૭
નથી રે નથી કૃષ્ણ સમો પ્રભુ કોઇ, નિશ્ચે કહ્યું જોઈ,
ભુલ્યા તે અંતકાળ ગયા રોઇ, કહું શ્રુતિ–વચ દોઇ. એવા૦ ૮
નથી રે એમાં એકો પક્ષની ખામી, સરવે ગુણ ધામી;
ભજ રે એવા દાસ '**દયા**'ના સ્વામી, પ્રભુ અંતર જામી. એવા૦ ૯

– ભકત કવિ શ્રી દયારામભાઈ ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

નામ-મહિમા

મન તુ સુમિરિ શ્રી ગોપાલ;
કઠિન કલિ ખલ જનિત દુરિતનિ કિયો જગત બિહાલ. ૧
બચે કંટક શ્રુતિ સુપંથનિ પામ ધરન ન દેત;
રાજ મારગ અભય જો કોઉ કૃષ્ણ નામ હિ લેત. ૨
તોષવશ વિશ્વાસ શ્રદ્ધાહીન સબજન મુઢ;
દાસ **'વલ્લભ'** કૃષ્ણ આશ્રય હોઉ દ્દિઢ આરૂઢ ૩

– મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✻

વર્ષ ૧૨ : અંક-૧૧ **ફેબ્રુઆરી ૧૯૯૪**

શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✻ **આજીવન રૂા. ૩૦૧**

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવા ભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનિડા** (વાછરાં) મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ. પાટા ઉતરતા રેકડની
વાડીમાં.

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ

૪. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૫. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ ૧લે માળે

૬. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા

૭. **જામનગર** શ્રી માર્કંડભાઈ વી. ઘોળકીયા
C/o ડૉ. વી. એન. ઘોળકીયા,
નાગર ચકલો,

૮. **જુનાગઢ**

૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ દાણા પીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિ કિરણ એપાર્ટ મેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
"ગીતાંજલ" ગોકુલ સોસાયટી
લોઢીયા વાડી પાછળ.

૯. **જેતપુર** (કાઠી)

(૧) શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી, ઝવેરી રમણીકભાઈના મકાનમાં

(૨) શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
મતવા શેરી.

(૩) શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ગ, કણકીયા પ્લોટ

૧૦. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી. વઘાસીયા ચોરા

૧૧. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શકિત મંદિર સામે

૧૨. **પોરબંદર** શ્રી જયંતિલાલ મૂળજીભાઈ
લીબર્ટી રોડ

૧૩, **પાંચ પીપળા** શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૪. **બોરીવલી** (વેસ્ટ) ચુનીલાલ કરસનદાસ શાહ
'ગોમેશ' ૧ લે માળે ફલેટ નં. ૭
"સી" વીંગ. લક્ષ્મીનારાયણ લેન

૧૫ **મુંબઇ** આં. રા. પુ. વૈ. પરિષદ
સંત સ્વરૂપની હવેલી, ૧ લે માળે

૧૬. **મોરબી** ભગવાંનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪, ખત્રીવાડ

૧૭, **મોટા ભાદરા** પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૧૮. **રાધનપુર** શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ—

૧૯. **રાજપીપળા** પ્રા. એમ. આર. પાલેજા
"લકુલીશ" માલીવાડ

૨૦. **લીંબડી** શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે

૨૧. **વડોદરા** શ્રી વામનભાંઈ બી. પટેલ
ચોખંડી, વ્યાંરા પોળ

૨૨. **વાંકાનેર** શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર

૨૩ **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭, ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, ૧ લે માળે

૨૪ **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક
શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૨ અંક : ૧૧ ❋ ફેબ્રુઆરી, ૧૯૯૪

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્યિ વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* **લેખ આદિ** કાગળની એક બાજુ **સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા** જરૂરી છે.
* શ્રીવલ્લભ **સુધામાં** વૈષ્ણવો તરફથી **આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

સિદ્ધાંત ઔર વ્યવહાર

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

આપણે એમ માની એ છીએ કે આપણી બુદ્ધિ આપણી શકિત, આપણને કાર્ય કરાવે છે, પરંતુ આચાર્ય ચરણે કહયું નથી કે તમારી બુધ્ધિ, તમારૂં બળ, તમારી શકિત મૂળ નિમિત્ત નથી. મુળ કારણ નથી પરંતુ કરાવનાર પણ હરિ છે. તેમની શકિત, તેમની બુદ્ધિ અને પ્રેરણા કામ કરી રહી છે. પરંતુ અહીં એક ખાસ વાત સદા માટે ધ્યાનમાં રાખી લેવી કે ઘણા લોકો આવું કહી દે છે, કે દોષ બને છે, ભુલ બને છે, કોઇ સમજાવે છે, આવું ન કરો આ સારૂં નથી. તે લોકોને સારૂં નથી લાગતું પોતાની ભુલ કોઇ બતાવે તો તે કોઇને સારી ન લાગે તે લોકો પોતાતો બચાવ કરે છે, પોતાનો દોષ સ્વીકારશે નહિ. મારાથી ભુલ થઇ ગઇ તેનો સ્વીકાર નહીં કરે પોતાનો બચાવ કરશે. શું કરવું ભાઇ ભગવાનની

પ્રેરણા, ભગવાનની શકિત કામ કરી રહી છે. ભગવાને જેવી બુદ્ધિ આપી એવું અમે કરી નાખ્યું આમા અમારો શો દોષ? આવું કહે 'જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિઃ જાનામ્ય ધર્મં ન ચ મે નિવૃત્તિઃ"

દુર્યોધને આ જ તો કહ્યું હતું કે આપ કહો છો એ બધું ઠીક છે ન્યાય સંગત વાત શું છે? ધર્મ શું છે? તે હું જાણું છું. નથી જાણતો એવી વાત નથી પાંડવોને તેમનું ઉચિત રાજય આપવું જોઇએ એ વાત ઠીક છે તેમને કષ્ટ આપવું, તેની સાથે અન્યાય કરવો સારૂં નથી, એ જાણું છું, ધર્મને જાણું છું અને એ પણ જાણું છું કે અધર્મ શું છે? મારો જે વ્યવહાર છે તે ધર્મ સંગત નથી, તે પણ હું જાણું છું મારો વ્યવહાર અધર્મ છે એ પણ મને માલુમ છે. પરંતુ શું કરૂં? 'કેનાપિ દેવેન હૃદિ સ્થિતેન યથા નિયુકતોસ્મિ તથા કરોમિ'

મારા હૃદયમાં એક દેવ બિરાજે છે મને જેવી પ્રેરણા કરે છે, નિયુકત કરે છે, હું એવું કરૂં છું હું શું કરૂં? તેનો બચાવ હતો? આતો આસુર સ્વભાવનું લક્ષણ છે. અહીં જે જીવને કહેવાયું કે હું કર્તા નથી તેની બંધન ન થાય. એ કોના માટે એ ખાસ સમજવાની વાત છે. આપણા જેવાં અહંકારી જીવો માટે આ વાત નથી.

જન્મથી અહંકારને લઇને કાર્ય કરવાનો એક સ્વભાવ પડી ગયો છે. એવા લોકો માટે આ વાત નથી. પરંતુ જે ભગવદીય છે, શુદ્ધ હૃદયથી જેમણે ભગવાનનો આશ્રય ગ્રહણ કર્યો છે, એવા ભગવદીઓ માટે આ વાત હોઇ શકે છે, તો અહીં સમજવાની વાત એ છે કે "કર્તા કારયિતા હરિઃ" કરવાવાળા પ્રભુ છે અને કરાવવાવાળા પણ પ્રભુ જ છે.

આ વાતને ખરેખર હૃદયમાં રાખીને જો આપણે લોકો પ્રવૃત્તિ કરીશું, લોક કર્મ કરીશું; તેનાથી આપણને પ્રતિબંધ કયારેય નહીં થાય વાત નિશ્ચિત છે. પરંતુ આ જે ઉપાય છે તે સાંભળવામાં કહેવામાં ઘણો સરળ દેખાય છે. પરંતુ વ્યવહારમાં તેનો નિભાવ કરવાનું એટલુ સરળ નથી, કારણ કે અહંકાર આપણી સાથે જન્મથી લાગેલો છે. સંસ્કાર દુઃસંગથી પાછળથી આવીને લાગી ગયો હોય એવી વાત નથી. આ સંસ્કાર ધીરે ધીરે જાય ત્યારે કામ બની શકે છે.

"નયસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્યન લિપ્યતે । હત્વાપિ સર્વાન લોકન્ ન હન્તિ ન નિબધ્યતે" ભગવાને અર્જુનને કહ્યું કે જેને અહંકાર નથી અને જેની બુદ્ધિ કર્મ ફળમાં લાગેલી નથી એવો પુરૂષ સંહાર કરીને પણ કોઇને મારીને પણ તેના ફળને પ્રાપ્ત નથી કરતો. તેમાં બંધાતો નથી, પરંતુ આ બધું કયારે થઇ શકે જ્યારે એવી બુદ્ધિ હોય અને તે બુદ્ધિ કયારેક નહીં ચાલે જ્યારે પોતાનો સ્વાર્થ હોય ત્યારે તો એવી બુદ્ધિ થઇ જશે અને કામ થઈ ગયું પછી તો અહંકાર આવી ગયો. આમ નહીં, આનાથી કામ નહીં ચાલે. સર્વદા હું ભગવાનને આધિન છું. એ પ્રકારની ભાવના હૃદયમાં રહે ત્યારે આ કામ બની શકે છે. આચાર્ય ચરણોએ આપણને બતાવ્યું છે કે દોષોને ઉત્પન્ન કરનાર છેઅહં બુદ્ધિ– આ અહંબુદ્ધિનો ત્યાગ કરો. કરનાર છે અહં બુદ્ધિ

આ બુદ્ધિનો ત્યાગ કઈ પ્રક્રિયાથી થાય ? તે કહેવાયું કે જીવ હજી સુધી સંસારી છે, સંસારનો બનેલો છે. તેની પ્રક્રિયા એ છે કે આ જીવ સંસારને છોડી, સંસારનો ત્યાગ કરીને ભગવાનનો બની જાય ત્યારે આ પ્રક્રિયા જીવનમાં સિદ્ધ તેમજ સાર્થક બની શકે છે અને આનું જે વ્યવહારિક રૂપ છે તે આપે આત્મનિવેદન દ્વારા પ્રગટ કરીને આપણને બતાવ્યું. જીવ ભગવદીય બને છે, કેવી રીતે બને છે ? આત્મનિવેદન કરવાથી જ્યાં સુધી જીવ આત્મનિવેદન નથી કરતો ત્યાં સુધી અહંતાના જે ઉપકરણો છે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેમાંથી તેની અહમ્ બુદ્ધિ મટતી નથી. મટી જ ન શકે. કારણ કે જુનો અભ્યાસ છે ને ? નવો અભ્યાસ કરે તો થોડા પ્રયત્નથી મટી શકે છે.

પરંતુ આ તો જુનો અભ્યાસ છે તો કહ્યું છે કે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે. આ બુદ્ધિનો તમે ત્યાગ કરો. આવું અનેક વખત તમે સમજાવતા રહેશો, કહેતા રહેશો, તેનાથી કામ નહીં ચાલે. કારણ કે આજ સુધી તેણે તેમને પોતાના માન્યા છે. દેહ મારો, ઇન્દ્રિયો મારી, પ્રાણ મારા, અંતઃકરણ મારૂં. આજ સુધી તેને પોતાના માની તેનું સેવન કરતો રહે છે, તો અચાનક તમારા કહેવાથી કેવી રીતે કહી દેશે કે આ મારૂં નથી. તેની દઢતાપૂર્વક આ માન્યતા કેમ બની જાય ? તે માત્ર નકારાત્મક પ્રયત્ન કરવાથી સફળતા ન મળે. પરંતુ વ્યવહારમાં તેનો જ ઉપયોગ થવો જોઇએ. વ્યવહરિક ઉપયોગ શું છે ? દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, આ બધું મારૂં નથી. માત્ર આટલું કહેવાથી કામ નહીં ચાલે. પરંતુ જેના તે છે તેને તેવું સમર્પણ કરો. આ બધા કોના છે ? આ બધા ભગવાનના છે. દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને તેની વૃત્તિઓ એ બધું પ્રભુનું આપેલ છે, તેથી પ્રભુના જ છે.

શું આપણે તેનું સર્જન કર્યું છે ? શું આપણે ખરીદી છે ? શું કોઇ તપ કર્યું હતું? જેના બદલામાં આ બધું મલ્યું છે ? આવી કોઈ વાત નથી. ભગવાને આપ્યું છે અને ભગવાનની આપેલી જે વસ્તુ છે તેમાં જીવે જે અહંબુદ્ધિ આપી છે કે આ બધું મારૂં મારૂં છે, એ તેનું મોટું અજ્ઞાન છે મોટો દોષ છે. દોષને દીનતાપૂર્વક જીવ પ્રભુ પાસે નિવેદન કરે, સમર્પણ કરે, સમર્પણ કરવાથી ભાવના બદલાઇ જાય છે, થાય છે. એવું કે કોઇ વસ્તુ જેને આપણે આપણી માનીએ છીએ. ત્યાં સુધી આપણે તેને પોતાની સમજીને તેનો વ્યવહાર કરીએ છીએ, ત્યાં સુધી તેમાંથી આ મારી છે એ બુદ્ધિ હટતી નથી. જ્યારે એ વસ્તુને આપણે બીજાને દઇ દઇએ છીએ. આપણું પોતાપણું હટાવીને બીજાનો હક તેના પર સ્થાપિત કરી દઇએ છીએ. ત્યારે સહજરૂપે તેમાંથી મમતાબુદ્ધિ દુર થઇ જાય છે.

દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ આ બધું ભગવાનનું આપેલ છે. તેથી ભગવાનના છે. તેથી તેનું નિવેદન સમર્પણ ભગવાનને કરવું જોઇએ. ત્યારે તેમાંથી અહંતા નિવૃત્ત થશે. આ નિવેદન તો જીવનમાં આપણે કરીએ છીએ. ઘણાં એ કર્યું છે પરંતુ છતાં પણ તેમાંથી આપણી જે અહંતા છે તે મટી ગઇ છે એવો આપણે અનુભવ કરવા નથી. આત્મનિવેદન કરવા છતાં પણ બધા પદાર્થ મારા છે એ પ્રકારની ભાવના મોટે ભાગે નહીં તો ક્યારેક ક્યારેક તો આવી જ જાય છે. —ક્રમશઃ

॥ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુચરણકમલ રેણુભ્યો નમઃ ॥
અથ શ્રીહરિરાયચરણ વિરચિતા

શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી-ટિપ્પણી

ભાષાંતર - **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

ટિપ્પણી ૨૩

જો એમ દલીલ કરવામાં આવે કે તેનું અધિકપણું હોવા છતાં આમાં મોક્ષરૂપત્વ શા માટે છે ? ચિન્તની આસકિતમાં તો સંસાર રૂપત્વ (સંસારની માયા વગેરે હોવાથી) એમ હોઇ શકે ? તેનો ઉતર આપતાં કહે છે કે “ચિત્તસ્ય” એટલે ચિત્તનું (મનનું) ચાર પ્રકારના અંતઃકરણમાં ચિત્તનું વાસુદેવ (શ્રીકૃષ્ણ) સાથેના એકત્વને કારણે અને મોક્ષ આપવાનું કામ શ્રીકૃષ્ણનું હોવાથી તે સુચવવા માટે ‘ચિત્ત’ શબ્દનો ઉપયોગ દ્વારા મોક્ષરૂપત્વ સિદ્ધ થયું છે એમ અર્થ છે. તે ઉપરાંત આ પ્રકરણ (એટલે બાબત-વિષય) પણ મોક્ષનો જ છે એમ જણાવવા માટે પણ ‘ચિત્ત’ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે એ દર્શાવવા “મોક્ષ પ્રકરણત્વાત” એમ કહે છે.

ટિપ્પણી (૨૪)

જો એની દલીલ કરવામાં આવે કે ભગવાનની માયાને લીધે પ્રકટેલી (જનિત) આસકિત માટે જ પ્રાર્થના કરવી જોઇએ તેને બદલે માત્ર આસકિતના નિષેધ માટેની પ્રાર્થના કરવાનું પ્રયોજન શું ?

તેનો ઉત્તર આપતાં કહે છે - “ક્રીડા પ્રતિબંધકત્વાત” એટલે કે ક્રીડાનો પ્રતિબંધ હોવાના કારણે કેવલ આસકિતના નિષેધના અભાવે “અપ્રતિષિદ્ધમનુમતં ભવતિ” એટલે કે પ્રતિષેધ વગરનું એટલે અનુમતિવાળું થાય છે એ ન્યાય (નિયમ)થી ભગવાનની માયામાં પણ તેના અસ્તિત્વમાં તેના મિશ્રણથી પુત્ર વગેરેમાં ઉપર પ્રકારની બુદ્ધિ થાય તો કેવલ ભગવાનની માયાના ભાવને લીધે ભગવાન ક્રીડા કરતા નથી તેથી ક્રીડામાં પ્રતિબંધ હોવાને કારણે તેના નિષેધની પ્રાર્થના છે એમ ભાવ (અર્થ) છે. આ જ કારણને લીધે “સમાત્રતાન્પૂજયતી વ્રજૌકસઃ” (ભા. ૧૦-૭-૬) એટલે કે આવી પહોંચેલાનું પૂજન વ્રજની સ્ત્રીઓ કરે છે એમ કહ્યું છે તે મુજબ અહીં ભગવદ્દીયપણામાં પણ જ્ઞાતિની ભાવનાથી ત્યાં આસકત થયેલા માતૃચરણના એ પ્રમાણેના ભાવને વર્ણવે છે એટલે કે બહિર્મુખભાવને વર્ણવે છે (મારા પોતાના જનો પણ આમ બહિર્મુખ થઇ જાય છે એમ સુબોધિનીજીમાં વિવરણ છે.)

ભગવદ્દીયપણું એજ મોક્ષ છે (અર્થાત મોક્ષ એજ ભગવદ્દીયત્વ છે) અને એતો સર્વાંશે તદ્દીયત્વના અનુસંધાનરૂપ તે. ત્યાં કેવલ આસકિતનું અંશતઃ અસ્તિત્વ હોવા છતાં પણ બાધકપણાને લીધે નિષેધ માટેની પ્રાર્થના છે. એમ અર્થ છે. (ક્રમશઃ)

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

અષ્ટસખા પુરો ઉર વાસ :

અષ્ટસખાઓ આઠો સમયમાં કિર્તન કરતા ઋતુ અનુસાર ઉત્સવ નિત્યક્રમ મુજબ તથા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, દીનતા, આશ્રય વિગેરેના કિર્તનો જેમણે ગાયા છે તેમની કૃપા મારા ઉપર થાઓ. તેઓ મારા હૃદયમાં બિરાજો જેથી કરીને મને ગાન કરવાની શક્તિ પ્રાપ્ત

અષ્ટસખા (૧) સુરદાસ, (૨) કૃષ્ણદાસ, (૩) પરમાનંદદાસ, (૪) કુંભનદાસ, (૫) છીતસ્વામી, (૬) ગોવિંદદાસ, (૭) ચતુર્ભુજદાસજી, (૮) નંદદાસજી.

સુરદાસજી :

સુરદાસજીનો જન્મ દિલ્હી પાસે સીંહી ગામમાં થયેલો હતો. સારસ્વત બ્રાહ્મણને ત્યાં કે જેઓ ગરીબ બ્રાહ્મણ હતા. સં. ૧૫૩૫ વૈશાખ સુદી ૫ના દિવસે થયો હતો. તેઓ જન્મથી જ બંને નેત્રોથી હીન હતા, પરંતુ પ્રભુએ તેમના અંતરચક્ષુ ખોલી દીધા હતા. તેમણે સંવત ૧૫૬૭માં બ્રહ્મસંબંધ દીક્ષા લીધી હતી અને તેઓએ ૧૬૪૦માં ગોલોકવાસ કર્યો હતો.

તેઓનો સ્થાયી નિવાસ પારાસોલી રહેતો. જેઓ કૃષ્ણાવતારમાં કૃષ્ણ નામે સખા હતા. જેઓએ સવાલક્ષ પદ બનાવ્યા હતા. તેમાં તેમાં અધુરા રહેલા શ્રીજીએ કર્યા હતા. ખાસ વિચારવા યોગ્ય શ્રી સુબોધિનિજી લખનાર માધવ ભટ્ટ કાશ્મીરી હતા, પરંતુ સુરદાસજીએ સુબોધિનિજીને પદ્યમાં સરળ રીતે સમજાય તેમ ભાવાર્થ મુજબ પદ રચના કરી છે.

આવા સુરદાસજી મારા હૃદયમાં પધારી આશપૂર્ણ કરો. જેઓ લીલામાં ચંપકલત્તા સખી હતા. શ્રીમથુરેશજી સ્વરૂપમાં જેમની આસક્તિ છે.

કૃષ્ણદાસજી

કૃષ્ણદાસજીનો જન્મ સંવત ૧૫૫૩ દીક્ષા સંવત ૧૫૬૭ અને ગોલકવાસ સં. ૧૬૩૬ માં થયો હતો, કૃષ્ણદાસજી ગુજરાતમાં ચરોતર ગામના પાટીદાર મુખીનાં પુત્ર હતા તેઓ શ્રી મહાપ્રભુજીનાં સેવક થયા પછી સદા વૃજમાં વાસ કરી રહ્યા હતા. શ્રીનાથજીનાં મંદીરમાં તેમને કીર્તનની સેવા તથા અધિકારી પદ શ્રી મહાપ્રભુજીએ આપ્યું હતું તેમણે જેવો અધિકાર કર્યો એવો આજ સુધી કોઇ કરી ન શકે આજે પણ શ્રી નાથજીનાં અધિકારી કોઇ પણ હોય પરંતુ અધિકારી કૃષ્ણદાસજી કહેવાય છે.

કૃષ્ણદાસજી કૃષ્ણ અવતારમાં ઋષભ સખા હતા લીલામાં લલિતા સખી અને શ્રીનાથજીમાં શયન સમયે કીર્તન કરતા હતા. તેમની આસકિત શ્રી મદનમોહનજી સ્વરૂપમાં હતી.

વિલછું કુંડમાં નિવાસ કરવાવાળા શ્યામ તમાલ વ્રક્ષની નીચે કે જે શ્રી ગીરીરાજજીનું આઠમું દ્વાર છે તે કૃષ્ણદાસ દ્વાર કહેવાય છે.

પરમાનંદદાસજી

પરમાનંદદાસજીનો જન્મ કનોજમાં એક કનોજીયા બ્રાહ્મણને ત્યાં થયો હતો. સંવત ૧૫૫૦ માગસુર સુદી ૭ તેનાં જન્મ સમયે પિતાને ખુબ દ્રવ્ય મળ્યું જેથી તેમનું નામ પરમાનંદ રાખ્યું તેઓએ બ્રહ્મ સંબંધ દીક્ષા ૧૫૭૭ એટલે કે ૨૭ મે વરસે લીધી અને સંવત ૧૬૪૧ માં ગોલોક વાસ થયો.

પરમાનંદદાસજી શ્રીનાથજીમાં મંગલમાં કીર્તન કરતાં તેમની આસકિત શ્રીનવનિત પ્રિયાજીમાં હતી. સારસ્વત કલ્પમાં તોક સખા હતા. તેમજ લીલામાં ચંદ્રસખી રૂપ જેમનું હતું જેઓએ ખાસ કરીને બાળ લીલા વિષેશ રૂપમાં વર્ણવી છે. વ્રજમાં નિવાસ સુરભિકુંડ છે. જે શ્રીગીરીરાજજીનું પ્રથમ દ્વાર છે.

જેઓને પ્રથમ સાનુભાવ સ્વપ્ન દ્વારા ક્ષત્રીકપુર જલગરીયાની ગોદમાં બિરાજી રહેલા શ્રી નવનિતપિપાજીએ આપ્યો જિ. દિવસે અડેલ આવી શ્રી મહાપ્રભુજીનાં સેવક થયા તેમનાં કીર્તનો ગાતાં પરમાનંદની પ્રાપ્તિ થાય છે. અનેક કીર્તનો ગાયા છે જેઓ પ્રભુનું અંગ (શ્રવણ) છે.

કુંભનદાસજી

રસ કંદ કુંભનદાસજી કહેવાય છે જેઓએ નિકુંજ લીલાનાં અનેક વિધિ પદોની રચના કરી છે શ્રીજી સન્મુખ ગાય છે જેઓ ગૌરવા ક્ષત્રિય હતા શ્રીગોવર્ધનની પાસેનાં જમનાવતાં ગામમાં રહેતા હતા તેમનો જન્મ સંવત ૧૫૨૫ ચૈત્ર વદિ ૧૧ નો થયો હતો તેમના ઘરની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી હતી તેમને સાત પુત્રો થયા હતા નાની એવી ખેતીમાં કુંટુંબ પોષણ થતું હતું તેમનાં બે પુત્રો સેવા યોગ્ય છે તેમ તેઓ માનતા એક ચત્રભુજદાસ કે જેઓ સેવા અને ગુણગાન બંન્ને કરતા બીજા ગાયોની સેવા કરવા વાળા કૃષ્ણદાસ હતા.

સંવત ૧૫૫૬ માં એટલે ૩૧ મે વર્ષે તેઓ શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા હતા શ્રી મહાપ્રભુજીએ તેમને કીર્તનની સેવા સુપરત કરી હતી તેઓ પ્રેમ લક્ષણા ભક્તિમાં મગ્ન રહેતા. શ્રીનાથજીની સેવા તેઓ રાજભોગ સમયે કરતા કૃષ્ણાવતારમાં અર્જુન સખા હતા લીલામાં જેઓ વિશાખા સખી હતા ખાસ કરીને નિકુંજ લીલાનું જેમણે ખુબ ગાન કર્યું છે અનેક પદોની રચનાં કરી છે એક એક પદ એવા માર્મિક અને હૃદય સ્પર્શી છે કે એકાંત બેસી ભાવનાં વિચારતા લીલા રસ મગ્ન બની જવાય તેમની આસકિત શ્રીનાથજીમાં હતી જેમનું પ્રાકટય પ્રભુનાં હૃદય સ્થાનથી છે. દ્રવ્યનો સંકોચ ઘરમાં બહુ હોવાથી શ્રી ગુંસાઇજીએ એકવાર પરદેશ સાથે ચાલવાનું કહ્યું પરંતુ એનો શ્રીજીમાં આસકત હતા તેથી દુર કેમ રહેવાય ! પહેલોજ મુકામ પડયો ત્યાંજ વિરહ તાપથી જવર (તાવ) આવી ગયો શ્રીગુંસાઇજી સમજી ગયાને પાસે આવી આજ્ઞા આપી કે તમારો પરદેશ પુરો થયો જાઓ શ્રીજીની સન્મુખ ત્યાં પણ શ્રીજી તમારા વિરહમાં બિરાજે છે આ સાંભળતાંજ દોડીને શ્રીજી દ્વાર પહોંચ્યા. સંવત ૧૬૪૦ માં આ ભૌતિક દેહ છોડી સદાને માટે નિજ લીલામાં

પધાર્યા. કે જેઓએ અનેક ભાવોનાં કીર્તનોની રચનાં કરી ભાવિક ભકતો માટે ભાવ ભાવનાંનાં પથ નિર્દેશક બન્યા તેમનાં કીર્તનોમાં માધુર્યતા રસ રૂપતા, અલંકાર બધી રીતે પરિપૂર્ણ ભાવનાનું પોષણ કરવા યોગ્ય રચના કરી છે. (ક્રમશઃ)

॥ શ્રી નાથજી ॥

લાગ ગઈ તબ લાજ કહાં હૈ

લે. પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ -ચરણરજ, સુરત

જગત અને ભગતને જુગ જુનું વેર છે. પ્રભુના ભકતોને બહિર્મુખ સંસારી જીવો તરફથી અનેક પ્રકારના ત્રાસ સહન કરવા પડે છે. મર્યાદા કે પુષ્ટિ, સર્વત્ર આવું જોવામાં આવે છે. પ્રભુ ભકતોની આ પણ કસોટી છે. કસોટી પણ સુવર્ણની થાય છે ને ! અને ભકતો પણ પ્રભુકૃપાથી આવી અગ્નિપરીક્ષામાંથી વધુ પ્રકાશિત બની બહાર આવે છે.

શ્રી મહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે– 'લોકેસ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ' આવા જ એક ગોપીજન નિઃશંક બની કહે છે–

હિલગનું પદ (રાગ-ધનાશ્રી)

મેં અપનો મન હરિ સોં જોર્યો, હરિ સોં જોરિ સબનિ સોં તોર્યો;
નાચ નચ્યો તબ ઘૂંઘટ કૈસો, લોક લાજ ડર પટકી પિછોર્યો. ૧

આગે પાછેં સોંચ મિટયૌ જિયકો, બાટમાંઝ મટુકા લૈફોર્યો;
કહનો હોઇ સો કહૌ સખીરી, કહા ભયો કાહૂ મુખ મોર્યો. ૨

નવલલાલ ગિરિધરન પિયાસંગ, પ્રેમ રંગમેં યહ તન બોર્યો;
'પરમાનંદ' પ્રભુ લોક હસનિ દૈ, લોક વેદ તિનુકા જ્યોં તોર્યો. ૩

હરિ સાથે મનને જોડી દેવું એ કોઇ સહેલી વાત નથી. એમ કરતાં પહેલાં સંસારમાં સર્વ તરફથી મનને મુકત કરવું પડે છે. ઘરબાર, સ્ત્રી–પુત્ર વગેરે સમસ્ત લૌકિક પદાર્થમાંથી મનને મુક્ત કરવું પડે છે. એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. સંસાર એને માટે સ્વપ્નતુલ્ય બની જાય છે. છતાં આવા ભકતોને એની કોઇ ચિંતા હોતી નથી. લોક અપવાદની જરા પણ અસર થાય ત્યાં સુધી મન પ્રભુ સાથે જોડી શકાતું નથી.

હરિનો સ્વભાવ ભકતના મનને હરવાનો છે. પ્રભુ સામે પધારીને ભકતનું મન હરી લે, એવું બની શકે. પ્રભુનો તો એવો સ્વભાવ છે. પરંતુ અહીં તો ગોપીજને પ્રભુની સાથે

જોડી દીધું છે, અને સંસારના અનેક પદાર્થોમાં જકડાએલું પોતાનું મન જ્યાં હતું ત્યાંથી તોડીફોડીને મુક્ત કર્યું છે.

'નાચ નચ્યો તબ ઘૂંઘટ કૈસે' આ ગોપીજન કહે છે. હવે મને કોઇની લાજ-શરમ નથી. જ્યારે નાચ નાચવાનો જ છે- અનન્યભાવથી પ્રભુ સાથે પ્રિત કરવાનો નિશ્ચય કર્યો છે, પછી ઘુંઘટ રાખવાની શું જરૂર છે ? લોકો મને નિર્લજ સમજીને મારી નિંદા કરશે. ગમે તેવા આક્ષેપો મૂકશે, મને જોઇને મુખ ફેરવી લેશે, અરે ! મને માર પણ મારશે, અનેક પ્રકારના કષ્ટો આપશે એ બધુ હું હસતાં-હસતાં સહન કરીશ. મને એની કોઇ ચિંતા નથી. લોકલાજરૂપી ખોખરૂં માટલું હતું તે મેં ફોડીને ફેંકી દીધું છે. 'નંદલાલ સોં મેરો મન માન્યો કહા કરેગો કોઇરી.' મારા પ્રભુથી મેં પ્રેમ કર્યો છે. એના રંગમાં રંગાઇ ગઇ છું. શ્યામ સુંદરનો શ્યામ રંગ મારા મન ઉપર ચડી ચૂક્યો છે. હવે તો જે થવાનું હોય તે થાય. છુપાવું શા માટે ! મારા આ નિર્ણય ઉપર લોકો હસે છે. હસવા દીયો. મારા પ્રિયતમ ગિરધરલાલની હું બની ચુકી છું. પછી લોક લાજ અને મર્યાદાની ચિંતા શા માટે કરૂં ? પ્રિતના બંધન એમ છોડાવ્યા છુટતા નથી.

“છુડાયે છુટે નહીં સજની, જાસો જાકી પ્રીત લગી હૈ”

હવે તો મારી એવી દશા થઈ છે બહેના ! મારી જ્યાં દૃષ્ટિ જાય છે ત્યાં શ્યામ સુંદર દેખાય છે. મારા માટે તો સર્વ જગત દર્પણ સમાન બની ગયું છે. મારા નયનોમાં નંદલાલ બિરાજી ગયા છે. પછી એના વિના બીજું શું દેખાય ?

“સાંભળ સખી ! પ્રિયતમની સાનિધ્યમાં તો મને એના એકજ સ્વરૂપના દર્શન થાય છે. પરંતુ એના વિયોગમાં તો કણ-કણમાં એ જ દેખાય છે.”

“રસિયા રૂપ રહ્યો મન માંઇરી,
યહ નૈનનસોં કૈસે દેખો, નિશદિન નીર બહાયરી. ૧.
જીતનો રૂપ ગ્રહો સોં રહેરી, ઉલટો બાહિર જોઇરી;
'માધુરીદાસ' વહ ચિતવત મુરત, ઘરી પલ નાહીં સુહાયરી. ૨

તને શું કહું સખી ! મારા નાના એવા નયનોમાં તે કેટલુંક સમાય ? જ્યારે એના કોટિ કંદર્પ સ્વરૂપની યાદ આવે છે ત્યારે તો એને મળવા માટે પ્રેમદિવાની બની જાઉં છું. સંસારની કોઇ વસ્તુ ગમતી નથી. મારી તો એવી સ્થિતિ થઇ છે કે-

'ના રહી ઘરકી, ના રહી રસિક વરકી'

બહેના ! એના વિના હું કેમ જીવી શકીશ ? કોઇ એવું છે કે મને એ મેળવી આપે ? એનો ઉપકાર હું કયારેય ભૂલીશ નહીં. હું પરવશ બની ગઇ છું બહેના !

'અગ્નિ તેં લગની બુરી, જરે સુરંગી દેહ;
વહ અગ્નિ જલસોં બુઝે, દેહ ન બુઝે મેહ.'

પ્યારી સખી ! પ્રિયતમનો વિરહ અગ્નિ એવો પ્રબળ બની ગયો છો કે કદાચ કોઇ પણ બળીને ભસ્મ થઇ જાય, પરંતુ મારૂં હૃદય એવું કઠોર છે કે જે હૃદયમાંથી વિરહાગ્નિ પ્રકટ થયો છે. તે પાછો એમાં જ સમાય જાય છે. છતાં મારૂં હૃદય બળીને ભસ્મ થતું નથી, એ કેવું આશ્ચર્ય !

'આહ નિકસત હૃદય તે, સબ કોઉ જર જાય;
પાપી હિયરો ના જરે, જામેં આહ સમાય.'

પ્રિય સખી ! જે જેનું નિરંતર સ્મરણ કરે તેને સ્વપ્નમાં પણ એ જ દેખાય. ગઇ રાત્રે મને પણ સ્વપ્નું આવ્યું.

'મેં જલ ભરન જાત જમુનાતટ, બિચ મિલ્યો મુરારરી;
સાસ હમારી સન્મુખ આવત, સંગ નનદી રહી ગંવાર રી. ૧
ગુરુજન સબ આવત બહુતેરે, છાપત લાજ સવાર રી;
'શ્યામદાસ' કૈસે મુખ નિરખોં, કિને કોટી ઉપાયરી. ૨

સ્વપ્નમાં પણ સુખપૂર્વક દર્શન થયા હોત તો મારી જાતને ધન્ય માનત પરંતુ ત્યાં પણ મારૂં દુર્ભાગ્ય આડું આવ્યું.

સાંભળ સખી ! હું જળ ભરવા જઇ રહી હતી, ત્યાં સામેથી શ્યામસુંદર પધારી રહ્યા હતા. મને ખુબ પ્રસન્નતા થઇ. પ્રિયતમના મંગળ મુખના દર્શન કરી મીઠી મધુરી વાતો કરશું પણ હાય રે ! દુર્ભાગ્ય એટલામાં તો સામેથી મારી કઠોર સ્વભાવની સાસુ અને ચુગલીખોર નણંદ આવી રહી હતી એટલું જ નહીં પણ ગુરુજનો પણ નજીક રહ્યા હતાં. એટલે ઊંડો નિશ્વાસ નાખીને લાચારીથી મારે ઘુંઘટથી મારૂં મુખ છુપાવવું પડ્યું. હૃદયમાં જાણે દાવાગ્નિ પ્રકટ થયો, નેત્રોમાંથી અનર્ગલ અશ્રુઓ વહેવા લાગ્યા, લાખ જતન કરવા છતાં પણ પ્યારા શ્યામસુંદરના દર્શન કરી શકી નહીં. આ લાજ મારી દુશ્મન બની ગઈ.

'જર જાઓ લાજ આજ, કૌન મેરે કામ આવે;
કમલનયન નીકે દેખન ન પાઇરી.'

સખીની આવી દર્દભરી વાત સાંભળીને બીજી સખીએ કહ્યું– બહેન ! આપણી સર્વની આવી જ સ્થિતિ છે. આપણા ભાગ્યમાં તો પ્રિયતમના વિરહમાં જીવનભર તડપવાનું જ હોય એવું લાગે છે. ત્યાં થાય શું ? કોઇ ઉપાય નથી. ફકત એની યાદીમાં જ જીવન વીતાવવાનું છે ?

સાંભળ સખી ! મારૂં તો એવું માનવાનું છે કે– 'વિયોગમાં જે આનંદ છે તે સંયોગમાં નથી' સંયોગમાં તૃપ્તિ છે, વિયોગમાં તડપન છે, પણ એ તડપનમાં પણ એ આપણા હૃદયમાં બિરાજી રહ્યા છે. દૃષ્ટિથી દુર થઇ શકે છે. હૃદયમાંથી જઈ શકતા નથી. કારણ કે પ્યારો તો આપણા પ્રેમરૂપી દોરીથી બંધાઇ ચુકયો છે. એમાં જ સંતોષ માનીએ. છુપાઈ છુપાઇને પણ કયાં સુધી છુપાઇ રહેશે ? છેવટ તો આપણા વિરહાતુર હૃદય એ જ્યાં હશે ત્યાંથી ખેંચી લાવશે. આવ્યા વગર એનો છુટકો જ નથી, માટે ધૈર્ય ધારણ કરીને 'એ તડપાવવા માગે ત્યાં સુધી તડપ્યા વગર છુટકો નથી. બીજું થાય પણ શું ?

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા **પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા**

(ગતાંકથી ચાલુ) **રાગ–બિલાવલ**

(છંદ) લે જાવે ગોબર કહી તાતે, પ્રભુકો નહી ભાઇયા
કુચિત વચન કહ્યાં તાતે ત્યાગ તાહી કરાઇયા
વીરહ દે કે કીનો કંચન, ફીર અધીક અપુનાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૫

વિષ્ણુદાસ છીપા ગુણ ગાતે, તાતે સબે પંડીતકું જીતે
દ્વારપાલ હરિ કે નિજ રહે હે, અન્ય આસુર કોઉ જાને ન પેહે.

(છંદ) જાને ન પેહે અન્ય આસુર, શાસ્ત્રસેં ઉત્તર કરે
સીયાર ભાજત જાત પીછેં સીંધ ગરજન તેં ડરે
ખરો ભરૂંસો પ્રાણપતિકો કાહુપેં ન ડરાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૫૬

જીવણદાસ જન દરશન ધાયે, પાક કરતમેં મેહ ચઢ આયે
વરવલ્લભ કી દીની તબઆન, બુંદ ન વરસી અતી ભયમાન

(છંદ) માન ભય યોં સબે જાની, અડેલ આતુર આઇયા
દરસ કરકે તાપ ટારે વિરહ વેદ નસાઇયા,
એસે એસે કીયે કૌતુક ટરત નાહીં ટરાઇયે,
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૫૭
ભગવાનદાસ હાજીપુર વારે વરવલ્લભ કે કહીએ પ્યારે.
કૃપા કરી દેવનકા દેવા, ચરન પાદુકાકી દીની સેવા
(છંદ) સેવા દીની ચરણાંબુજ કી, સકલ રસ અનુભવ કરે
મહાભાગી ગુણાતીત, તે પ્રાણ પતિકું તે વરે
દેહકો ફલ દીયો જાકે, ધન્ય ભૂતલ આઇયે
ચેરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૫૮
વરનો ભગવાનદાસ ભીતરીયા, તાપે નાથ સેવા અનુસરીયા
એક દીના કછુ કાજ બીગારે, શીક્ષા કર ભિન્ન બેઠાયે
(છંદ) બેઠાય કે પ્રભુ શુદ્ધ કીને, ફીર અધિક કરૂણા કરી
દાસકું કબહુ તજે નહીં એસી ટેવ પરાપરી
કૃપાસિંધુ નામ જાકો, કોન જન વિસરાઇયે.
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૫૯

કહો સનોડ જન અચ્યુતદાસા, માનસી ગંગા પર જીનકો વાસા;
તાકો શ્રી પ્રભુ આજ્ઞાદીની ગિરિરાજ કી પરિક્રમા તીન કીની

(છંદ) કીની પરિક્રમા તીન તાનેં તીન કૌતુક દેખહી,
એસે શ્રીહરિદાસ વર્ય, બઢી પ્રીત વિશેષહી.
પ્રાણ પતિ ઉત્સાહ સ્થીત ત્રીય, શ્રી ગોવર્ધન ધાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૬૦

અચ્યુતદાસ કહો બડભાગી, વરવલ્લભસોં લગની લાગી,
જબ પ્રભુ અંતરધ્યાન લીલા કીની, સુનત સદ્ય ત્યજ દિની;

છંદ) દીની ત્યજ દેહ વિરહ કરકે, પાસ લીલામેં ગયે,
દેહ અલૌકિક ભઇ જાકી, પ્રાણ પતિકો સુખ લહે,
એસો કહીએ પુષ્ટિ મારગી, સાધન હીન ચલાઇયે
ચોરાશી મહાભાગ્ય નિજજનકે વિમલ ગુણ ગાઇયે. ૬૧

અચ્યુતદાસ સારસ્વત જન ગાયે, કો વર વલ્લભ નામ બિકાયો;
છીન વિરહ જુગ શત સમબીતે, એસી પ્રીત કહીયે અપર મિતે.

(છંદ) પ્રીત કહીયે પરમ કાષ્ટા, મીન જલ અકુલાત હી;
પ્રાણ વલ્લભ કરી કરૂણા, પલ છીન જુગ સમ જાતહી
એક વૈષ્ણવ કીયે દરશન, કહી સંદેહ મીટાઇયે.
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૬૨

નારણદાસ જન અંબાલા વાસી, હરિદરશન કરે હેત ઉપાસી,
પૃથ્વીપતીકી નોકરી કરતે, પ્રભુ દરશનકો નહી આઈ શકતે,

(છંદ) આઇ ન શકે પ્રભુ દરશન, વિરહ બહોત કરાઇયા;
એક ચાકર રાખ્યો તીનનેં છીન છીન સુધ દીવાઇયા.
એસી આરત ભકત જનકો, સોઈ પુષ્ટિ કહાઇયે,
ચોરાશી મહા ભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૬૩

નારણદાસ ભાટ મથુરાકે ગાયે, સ્વપનેમેં પ્રભુતાહી જતાયે;
પ્રાતઃ ઉઠી વૃંદાવનકો આયે, મદનમોહનજી તહાં પ્રગટાયે;

(છંદ) પ્રગટ ભયે શ્રીમદનમોહન, ગોપીનાથ પાટ બેઠાઇયા;
બહોત દીનલોં કરી સેવા, ફેર વહાં પધરાઇયા,
શ્રી મહાપ્રભુકો જાન સેવક, એસી કરૂણા તાઇયે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણગાઇયે. ૬૪

ફીર કહો જન નારાયણદાસા, નગર ઠઠ્ઠા નિજ જનકો વાસા;
દેશાધિપતીકી દીવાની કરતે, વે જન કાહુસોં નહી ડરતે.
(છંદ) ડરતે નાહીં કાહુ જનસોં, દોઉ વૈષ્ણવ આઇયા
પાંચ થેલી દઇ તાનેં, કર જોડ શિષ નમાઇયા
બંદીખાનો છુટ આયે, ધન્ય ધન્ય કહાઇયે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૬૫
સાસુ વહુ ગોરજા સમરાઇ સામગ્રી કર ભોગ ધરાઈ;
નીરાવ્રણ નહિ દેત દીખાઇ મુરઝ પડી પ્રભુતાહી ઉઠાઇ.
(છંદ) ઉઠાય કે પ્રભુ બચન સીંચે, દોઉ ભુજ ઉર ભેટહી;
પાસલે લાગે અરોગન, તાપ તન સબ મેટહી,
સાસ આયે કીયે દરશન, બહુ ભાગ્ય સીરાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૬૬
સીંહાનંદમેં એક વૈષ્ણવ ક્ષત્રી, અન્ય મારગીયસોં તાસોં મીત્રી,
તાકે ઘરહી પાક બનાયો, નાથ નામ લે ભોગ ધરાયો.
(છંદ) ધરાયે ભોગ નાથ નામ લે, સમયે ભોગ સરાઇયા
પ્રસાદ લે કે દોઉ સોયે, સ્વપને બાત જતાઇયા,
ફેર પ્રભુકે શરણ આયે, ભકતસેં ગતિ પાઇયે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણગાઇયે. ૬૭
વૈષ્ણવ અડેલ સુતાર જનરાઈ, તાકી કહા કરૂં હો બડાઇ;
પ્રભુ દરશનકો નીત આવે, ઘરકે મનુષ્ય સંકોચ બહુ પાવે.
(છંદ) પાવે સંકોચ જાન તાકી, નાથ હી ઘર આઇયા,
પ્રાણ વલ્લભ કરી કરૂણા, બાત બહોત બતાઇયે,
માત ઇલ્લમા ટોક કીની, એસી ઉચીત નાહીયે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૬૮
સ્ત્રી પુરુષ દોઉ જન ગાયે, સીંહાનંદ તેં આગ્રેમેં આયે;
ઘર નીપટહી બહોત છોટે, આંગન મેં હી દોઉ મીલ સોતે.
(છંદ) સોતે દોઉ મીલ બહાર આંગન, ચાતુર માસ કે દીન આઇયા;
મેહ બરખે ભીજત સોયે, પ્રભુ ભીતર બોલાઇયા,
હમ સોયે હેં અટા ઉપર, સંકોચ મન ન કરાઇ યે,
ચોરાસી મહા ભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઈ યે. ૬૯
દામોદરદાસ જનકાયસ્થ, વીરબાઇ પરમ રસ મસ્ત
કૃપા કરી કપુર પ્રભૂ દેવા. પ્રસુતકામેં કરી પ્રભુ સેવા

(છંદ) કરી સેવા પ્રસુતકામેં, કાછ દે કે નાઇયા
ચાલીસ દીનલોં કરી સેવા, પ્રભુ પ્રસન્ન કરાઇ યા
શુદ્ધ ન્હે કે ફેરી, નીકી અપરસ કરાઇ યે
ચોરાસી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઈ યે. ૭૦

સીંહાનંદ ક્ષત્રાણી બાઇ, શ્રી લાલ સેવા પધરાઇ
ઘર કે આંગન કાંછની જબ બોલો, પ્રભુતાહે યોં કહત ડોલે,

(છંદ) ડોલે પોકારત તાહી પ્રભુહી, મૈયા મેરી બોલાવહી,
તરેહ તરેહકી શાકભાજી, પ્રભુ ભોગ ધરાવહી,
રાત મેં પ્રભુ ભુખ લાગી, તોતરી ફીરી લાઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજન કે, વિમલ ગુણ ગાઈ યે. ૭૧

ગાઉં ગુણ જન લઘુ પુરૂષોમ, તાપેં કૃપા કરી પ્રભુ ઉત્તમ,
દૈન્ય લેન હીત લઘુતા પાઇ, તાકી કહા મુખ કરૂં બડાઇ

(છંદ) કરૂં બડાઈ કહું તાકી, પ્રાણ પતિ સોં હેત હી,
દીનતા તેં વરવશ, પુરણ ગુણ નીર્દોષ હી
દીનતા કો ભકિત મારગ, સોઈ પ્રભુ પ્રગટાઇ યે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇ યે. ૭૨

ગાઉં ગુણ જન મહાકવિરાજ, તાકેં હૃદયે પ્રેમકી પાજ,
જગ જસતજનિજ પ્રભુ જશ ગાયો, સબ સંત મંડલી તાહી સીરાયો

(છંદ) સીરાયો સબ હી સંત મંડલ, કીયે કવિત અપાર હી,
મહા અલૌકિક પરમ સુંદર, શ્રીવલ્લભ આવતાર હી
એસે બહોવિધ કિયે કવિતા, સુફલ રસના કહાઇયે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૭૩

ગોપાલદાસ ચલી ગયે અડેલે, ફેલ રહી સૌરભ રસ રેલે
માઘો માસ એકાદશી દીન, જન્મ ઉચ્છવકે કીયે દરશન.

(છંદ) કીયે દરશન જન્મ ઉચ્છવ, ગાય ગુણ આનંદમયા
ગોપાલદાસ અનંતલીલા, પ્રગટ શ્રી વલ્લભ ભયા
એસે ચોખરા છંદ કીને, પ્રાણ પતિ હી રીઝાઇએ. ૭૪

(ક્રમશઃ)

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ :- લેખક :- **માધુરી – રાજકોટ**

તિહારે શિર તિલક પ્રણત પાલનિકૌ;
બાંટ પર્યો યહનેમ નિરંતર હરન ભ્રાત જાલનિકૌ. ૧

અધિ અગાધ કરુણા પીયૂષ ભરિ નેહકી દૈની;
તેરે પરસ માત્ર તેં સુનિયત હરિ પ્રિય ભઈ ત્રિવેની.
ભકત પક્ષિ દક્ષિતા તિહારી શ્રીમુકુંદ મુખ ગાવત;
સબ સુખ ખાનિ તિહારે સુખકો નંદ નંદન લલચાવત. ૩

બલિબલિ જાઉં પ્રભાકર નંદિની, ભૂરિ ભરોસો મોહિ.
'વલ્લભ' જનહિત ઢીલ કૃપા મેં બલિ કિત બુઝિય તોહિ ૪

ભાવાર્થ :

હે શ્રી યમુનાજી ! ભકતો – સેવકોનું પરિપાલન કરવારૂપ આપને શિરે તિલક બિરાજમાન છે. આપે આવો સહજ ધર્મ અપનાવી રાખ્યો છે. આપની હંમશને ટેક છે કે આપના ભાઈ–યમરાજની ઝાળ તોડી નાખવી. અર્થાત્ ભકતને યમરાજના ત્રાસમાંથી મુકત કરે છે. આપ અગાધ કરુણા–અમૃતથી જીવને પ્રભુપ્રિય બનવા સમર્થ બનાવો છો તેમજ તે જીવનાં આધ્યાત્મિક અધિદૈવિક, અધિભૌતિક ત્રણ તાપનું નિવારણ કરો છો. તદુપરાંત ભગવાન મુકુંદ પણ આપની લતા નિકુંજોમાં લોભાયમાન રહે છે, અનેક લીલા સ્થાન આપના ભકત અને ભગવાન બન્નેને સુખ પ્રાપ્ત કરાવે છે. હું વારી જાઉં, પ્રભા સૂર્ય પુત્રી મને આપનો ભરોસો છે. પરંતુ જનહિત કાર્ય કરવાવાળા મારા ઉપર આપની કૃપામાં કાંઈક ઢીલ દેખાય છે. હું કેવી રીતે સ્તુતિ કરું. મારામાં શકિત નથી. તેથી કેવળ કૃપા યાચું છું.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

આ માસના ઉત્સવ

મહા સુદ ૧ તા. ૧૧–૨–૯૪ શુક્રવાર. ચંદ્રદર્શન, શ્રી બાલમુકુંદનો પાટોત્સવ, શ્રી લાડુ બેટીજીમંદિર–મુંબઇ.

મહા શુદ ૪ તા. ૧૪–૨–૯૪ સોમવાર. શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ, મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧). ગો. શ્રી વાગેશબાવાશ્રી (કામવન) તથા ગો. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૧૫–૨–૯૪ મંગળવાર. વસંતપંચમી, શ્રી મદનમોહનજી (શેઠ પુરુષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૧૬–૨–૯૪ બુધવાર. શ્રી યશોદાજીનો જન્મદિન, ગો. શ્રી રાજકુમારજી (અનિરૂદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૧૯–૨–૯૪ શનિવાર. ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૨૨–૨–૯૪ મંગળવાર, જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૨૩–૨–૯૪ બુધવાર, શ્રી લાડીલેશજીનો પાટોત્સવ (વેરાવળ).

મહા સુદ ૧૩ તા. ૨૪–૨–૯૪ ગુરૂવાર. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૪ તા. ૨૫–૨–૯૪ શુક્રવાર. પૂનમનો ક્ષય છે, હોરી દંડારોપણ, સૂર્યોદય પહેલાં માઘસ્નાન સમાપ્તિ, ધમારનો આરંભ.

મહા વદ ૩ તા. ૨૮–૨–૯૪ સોમવાર. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (ચાંપાસેની-જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૧–૩–૯૪ મંગળવાર. ગો. શ્રી નૃત્ય ગોપાલ મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૨–૩–૯૪ બુધવાર. શ્રી રણછોડજી ડાકોરનો પાટોત્સવ, ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૪–૩–૯૪ શુક્રવાર. શ્રીનાથજીનો પાટોત્સવ (શ્રીનાથ દ્વારા).

મહા વદ ૯ તા. ૬–૪–૯૪ રવિવાર. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજશ્રી (માંડવી)નો તથા ચિ. ગો. શ્રી યદુનાથ બાવાશ્રી (મુંબઇ)નો અને ગો. શ્રી ગોપાલલાલ બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૭–૩–૯૪ સોમવાર. ગો. ચિ. શ્રી નૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી) તથા ગો. શ્રી રાજેશબાવાશ્રી (કોટા)નો જન્મદિન.

કાવ્ય–કુંજ

૧. "મનોભિલાષ"

(ઢાળ : મારૂં સત્સંગમાં મનડું લોભાય રે, ઘેર જાવું નથી ગમતું)

મને વૃજના સ્વપના આવે રે, વૃજ મને કોણ લઇ જાય;
મારે યમુનાજીમાં સ્નાન પાન કરવારે, વૃજ મને કોણ લઇ જાય. ૧

સાસુ કજીયાળા, નણંદ વટકાળા;
હાં રે મારી જેઠાણીનું જોર બહુ ચાલે રે.... વૃજ૦ ૨

કોઇનો સંગાત નથી, પાડોશણ તો બોલતી નથી;
હાં રે મારી દેરાણી દીલમાં ઘણું દાઝે રે.... વૃજ૦ ૩

પગપાળા સંઘ જાય, સાહેલીનો સાથ જાય;
હાં રે મારા પરણ્યાને કોણ સમજાવે રે.... વૃજ૦ ૪

અન્ન ન ભાવે, મને નિદ્રા ન આવે;
હાં રે મારા મનડાની આશને પુરાવો રે.... વૃજ૦ ૫

મોર મુગટ, કાનોમાં કુંડલ;
હાં રે એને મુખે તો મોરલી શોભે રે.... વૃજ૦ ૬

પીળાં પીતાંબર, ઝરકસી જામા;
હાં રે એને ખંભે ખંતીલો ખેશ રે.... વૃજ૦ ૭

કેડે કંદોરો, પાયે નેપુર વાગે;
હાં રે એ તો ચાલે લટકતી ચાલ રે.... વૃજ૦ ૮

હાથમાં લાકડી, ખંભે કામળી;
હાં રે વહાલો ઘેનું ચરાવતો જાય રે.... વૃજ૦ ૯

'**લલિતા**' કહે ઘેર ઘડી નથી ગોઠતું;
મારે વલ્લભના સ્વામીને મળવું રે.... વૃજ૦ ૧૦

–લલિતાબેન કંસારા

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્દગારો

પ્રભુનો પુર્ણ વિશ્વાસ

શ્રી ઠાકોરજીની મનુષ્ય નાટક લીલા

આ જગતના જીવમાત્રને પ્રભુની પ્રાપ્તિ કેમ થતી નથી ? આ જીવને માટે જ્યારે હરિ પ્રાકટય ધરે છે, ત્યારે તે જીવના કલ્યાણ માટે પધારે છે પણ જીવ પ્રભુને ઓળખતો નથી તે કેમ ?

પ્રભુ તો કૌતુકી છે. જ્યારે શ્રી રામચંદ્રજી થયા ત્યારે વાંદરાના કાનમાં પેસી વાતો કરે. જ્યારે શ્રીકૃષ્ણે અવતાર ધર્યો ત્યારે માંકડાનાં કાનમાં પેસીને વાતો કરે, એવો પ્રભુનો સ્વભાવ છે. વળી દૈત્યો સાથે યુદ્ધ કરે, વળી હારે, વળી જીતે, વળી શ્રી ગોકુળમાં આહિરના ઘરમાં રહ્યા, ત્યાં ગાયો ચરાવી, વળી ભકતો સાથે બોલવું ને કટાક્ષો મારવી, ત્યારે લોક કહે જે કામી છે, એવા પ્રભુને ઓળખવા તે કેમ ઓળખાય ?

શ્રીકૃષ્ણે અવતાર ધર્યો ત્યારે લોકોએ ક્ષીરસાગરમાં પ્રભુ છે, તે પ્રભુના જશ ગાયા, પણ પ્રકટને ઓળખે નહિ. પહેલાંના પ્રભુના ગુણ ગાય, પણ પ્રકટ પ્રભુની સાથે સર્વેને વેર આવે. ઓળખ્યા એક ગોપીજનને, બીજા કોઇએ ઓળખ્યા નહિ, તેમ આજ આ પ્રભુજીએ ઘેર ઘેર પ્રાકટય ધર્યું છે અને તે જીવના કલ્યાણને માટે જ. ત્યારે જીવને તેમાં શીલાબુદ્ધિ આવે છે. વળી જડ જાણે છે.

પ્રભુ તો શ્રીકૃષ્ણ અવતાર ધર્યો તે જ છે, તેનો તે જ આ પ્રકટ પણ જાણે. તેથી જ કિર્તન આ પ્રભુના આગળ શ્રીકૃષ્ણાવતારનાં ગવાય છે તે શા વાસ્તે ? એને પ્રતિતી કરવાને વાસ્તે ! જો એ આ જ પ્રભુને માનતો હોય તો તે અવતારનાં ચરિત્ર શીદ ગવાય ? આ પ્રકટ સ્વરૂપ છે. તેનાં જ ચરિત્ર ગવાય. માટે આ પ્રકટ સ્વરૂપનો નિશ્ચય થશે જે આ જ પ્રભુ છે. મારા કલ્યાણને અર્થે આવું સ્વરૂપ ધર્યું છે. એ ઉપર વહાલ કરવું. એ ઉપર સ્નેહ કરવો, એ ઉપર પ્રેમ રાખવો, એ ઉપર આસકિત રાખવી. એ પ્રભુ મારા કલ્યાણને અર્થે પ્રકટ થયા છે.

જેમ રામાવતાર, વળી શ્રીકૃષ્ણાવતારે ભકત પર કૃપા કરી, તેમ આ અવતારે મને કૃપા કરવાને પધાર્યા છે, એમ જાણવું, ચિંતન કરવું, સેવા કરવી, સ્મરણ કરવું.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

પુસ્તક પરિચય

૧. ઓપન યુનિવર્સિટી પૂર્વ પ્રથમા પરીક્ષાનું પાઠય પુસ્તક

પ્રકાશક :- અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા
C/o. મધુસુદન શાસ્ત્રીજી
બી. નં. ૩ દ્વારકેશ સોસાયટી, પાલનપુર પાટીયા
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

સોળ પેઈજ ક્રાઉન પૃષ્ઠ ૧૩૬, પીન બાઈન્ડીંગ આર્ટ પેપર પુંઠાવાળું ન્યોછાવર રૂા. ૧૫-૮૦ (અંગ્રેજી આવૃત્તિ)

જગદ્‌ગુરુ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી ઓપન યુનિવર્સિટી પુર્વ પ્રથમા પરીક્ષાનું પાઠય પુસ્તક ૫૦૦ સવાલ જવાબના રૂપમાં રજુ કરનાર મૂળ લે. પુ. શ્રી ચીમનલાલ હરિશંકર શાસ્ત્રીજી અને તેને પ્રશ્નોત્તર રૂપે રૂપાંતર કરનાર શાસ્ત્રીજી મધુસુદન ચીમનલાલ હાર્દિક અભિનંદનના અધિકારી છે.

પુષ્ટિ સંપ્રદાય વિષે સાચી, સાદી અને સરળ સમજણ અને માહિતી આ પ્રશ્નોત્તરીમાં મળી રહે છે. દરેક જિજ્ઞાસુ માટે આ એક ખૂબ જ ઉપયોગી પુસ્તક છે. આ પુસ્તક ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં લખાયેલું છે. વિદેશમાં વસ્તી પુષ્ટિ પથ ચાહકોને અંગ્રેજી આવૃત્તિ આશીર્વાદ સમાન સાબિત થશે. તેમના બાળકો અંગ્રેજી મારફતે પુષ્ટિમાર્ગની સચોટ માહિતી પ્રાપ્ત કરી શકશે અને સાચા અર્થમાં પુષ્ટિ પથ પર ચાલવા તૈયાર થશે. પુષ્ટિમાર્ગની સમજણની તેમની જિજ્ઞાસા સંતોષાશે. પુષ્ટિમાર્ગના સાચા અનુયાયી બની શકશે.

આ પુસ્તકની મદદથી પૂર્વ પ્રથમા પરીક્ષાની તૈયારી કરવાનું વિદ્યાર્થીઓ માટે ઘણું જ સરળ થઈ જશે. કોઈ પણ વૈષ્ણવજન આ પુસ્તક દ્વારા તે પરીક્ષા સરળતાથી પાસ થઈ શકશે

આ પુસ્તકને પૂ. પા. ગો. તિલકાયતજી મહારાજશ્રી રાજીવજી મહારાજ અને પુ. પા. ગો. ચંદ્ર ગોપાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે પુ. પા. ગો. ચંદ્રગોપાલજીની મહેચ્છા મુજબ હિન્દી અને અંગ્રેજી આવૃત્તિ પ્રાપ્ત થઈ શકી છે તે આનંદની વાત છે.

ગુજરાતી અને હિન્દી આવૃત્તિમાં પ્રાતઃસ્મરણ તથા મંગલા ચરણના શ્લોકો ભાષાંતર સાથે આપવામાં આવેલ છે. તેનો સમાવેશ અંગ્રેજી આવૃત્તિમાં પણ જરૂરી છે. ભવિષ્યમાં આ વાત લક્ષમાં લેશે તેવી અપેક્ષા.

અંગ્રેજી આવૃત્તિના ભાષાંતરકાર શ્રી ભાનુપ્રસાદ વસંતલાલ દોશી સુંદર, સચોટ અને સરળ ભાષાંતર માટે અભિનંદનના અધિકારી છે.

આ પુસ્તકની ત્રણે ભાષાની આવૃત્તિ વસાવવા લાયકાતો છે જ તેમજ લગ્ન પ્રસંગે કે જન્મદિન પ્રસંગે ભેટ આપવા લાયક પણ છે. બીજી ભેટ કરતાં આ પુસ્તકની ભેટ પુષ્ટિ સંપ્રદાય વિષે સાચી સમજણ આપશે અને સંપ્રદાયનો પ્રચાર પણ વિસ્તરશે.

ઓપન યુનિવર્સિટી દ્વારા લેવાતી વિવિધ સાંપ્રદાયિક પરીક્ષાઓ વિશે સંપૂર્ણ માહિતી પણ પુસ્તકમાં આપવામાં આવી છે.

૨. શ્યામલાલ નિત્ય નિયમ-

પ્રકાશક :- શ્યામલાલ મહિલા મંડળ
શ્રી શ્યામલાલ હવેલી, પંચનાથ પ્લોટ, રાજકોટ.

સોળ પેઈજ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૨૨૮, પીન બાઈન્ડીંગ, ટાઈટલ ઓફસેટ રંગીન શ્રી મહાપ્રભુજી શ્રી નાથજીનું મિલન ચિત્રજીવાળું ન્યોછાવર રૂા. ૭–૦૦

પ્રસ્તુત પુસ્તકમાં નિત્ય નિયમના સ્તોત્ર, શ્રી યમુનાજીના ૪૧ પદ. નવાખ્યાન, વ્રજ યાત્રાના ધોળ, ૮૪, બેઠકજીમાં દંડવત ૮૪–૨૫૨ વૈષ્ણવના ધોળ, શ્રીમદ ભાગવતનો પાઠ, ગુજરાતીમાં નારાયણ કવચ તથા સુદર્શન કવચનો પાઠ વગેરે વૈષ્ણવોપયોગી સાહિત્યનો સંગ્રહ છે

૩. શ્યામલાલ ભજનાવલી

પ્રકાશક–શ્યામલાલ મહિલા મંડળ
શ્રી શ્યામલાલ હવેલી, પંચનાથ પ્લોટ, **રાજકોટ**

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૬૪ ઓફ સેટ છાપકામ ટાઈટલ ઉપર ત્રણનિધિ શ્રી મહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રી યમુનાજીનું રંગીન ચિત્રજીવાળુ ન્યોછાવર રૂા. ૧૦–૦૦

પ્રસ્તુત પુસ્તકમાં પુષ્ટિ માર્ગના પ્રચલીત પદો નિત્ય કથા ઉત્સવોમાં ગવાતા વધાઈ, હિંડોળા, હોળી ગીત, પ્રભાતિયા, હાલરડા, દાણલીલા, રાસ-ગરબા, ગોપી ગીત, આરતી, થાળ તેમજ શ્રીનાથજી, શ્રીયમુનાજી શ્રી મહા પ્રભુજીના પ્રાચીન–અર્વાચીન ભજનોનો સંગ્રહ છે.

આ મહિલા મંડળના બહેનો આમંત્રણથી વૈષ્ણવોને ઘેર સાંજના ૫ થી ૭ શ્રીયમુનાજીના પાઠ–કીર્તન કરવા ઘણા વર્ષોથી જાય છે અને આ રીતે કીર્તન ભકિતનો પ્રસાર-પ્રચાર જન સમાજમાં કરી રહેલ છે. ધન્ય વાદ.

૫. બ્રહ્મ સંબંધ ઓર સેલ્ફ-ડેડીકેશન (અંગ્રેજી)

વચનામૃત–પૂ. પા. ગો. શ્રી ચન્દ્ર ગોપાલજી મહોદય, વડોદરા
ભાષાંતર કર્તા–પી. ક્રિષ્ણકુમાર શર્મા, વડોદરા.
પ્રકાશક–શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડલ ટ્રસ્ટ
C/o જીતેન્દ્ર એમ. વજીર
'ભાવના' સી–૯, ૪ થો માળ, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭
આઠ પેઈઝ ડેમી સાઈઝ પુષ્ઠ ૪૩ પીન બાઈન્ડીંગ, ન્યો. રૂા. ૭/–

બ્રહ્મ સંબંધ–આત્મ નિવેદન પુષ્ટિ સંપ્રદાયમાં ખૂબજ અગત્યનું સ્થાન ધરાવે છે, તેની સુંદર, સરળ અને સચોટ રીતે સમજણ આ અંગ્રેજી પુસ્તિકામાં સમજાવવામાં આવેલ છે. દરેક વૈષ્ણવેતર જિજ્ઞાસુને બ્રહ્મ સંબંધ વિશે ખરી સમજણ આપે છે.

આચાર્ય ચરણ શ્રી મહાપ્રભુજીના ષોડશ ગ્રંથમાંથી ખાસ કરીને સિદ્ધાંત રહસ્ય, નવરત્ન, કૃષ્ણાશ્રય, યમુનાષ્ટક વિ. ને સુંદર રીતે ટાંકીને તેમજ શ્રીમદ્ ભાગવત, શ્રીમદ્ ભગવદ ગીતા, ધોળ–પદ, વિ. નો આધાર લઈને બ્રહ્મ સંબંધનું મહત્ત્વ અર્થ, કારણ વિ. રજુ કરવામાં આવેલ છે.

શ્રી મહાપ્રભુજીએ દર્શાવ્યા પહેલા પણ આત્મ નિવેદન હતું તે વૃત્રાસુર તેમજ ગોપીઓના દષ્ટાંતોથી પૂ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદયે ભાષણો (વચનામૃત) આપીને પ્રતિપાદિત કરવામાં આવેલ છે.

ભાષાંતરકાર શ્રી પી. કૃષ્ણ કુમાર શર્મા અભિનંદનના અધિકારી છે, કારણ કે ભાષાંતર ખૂબ સારી રીતે અને સરળ છતાં ભાવ પૂર્ણ ભાષામાં કરેલ છે. દરેક શબ્દનો ભાવાર્થ યથાર્થ રીતે, મૂળ ભૂત ભાવના જળવાઈ રહે તે રીતે કરેલ છે,

પુસ્તકમાં જે વિવિધ શ્લોક દર્શાવેલ છે તેનું ભાષાંતર પણ સાથે સાથે સમજાવવામાં આવ્યું હોત તો વધારે અર્થ પૂર્ણ રહેત. આ પછીની આવૃત્તિમાં તે બાબત ધ્યાન આપશે તેવી અપેક્ષા.

આ પુસ્તક વિદેશ તેમજ દેશમાં રહેતા અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી નવી પેઢીને બ્રહ્મ સંબંધની સાચી સમજણ આપવા માટે આશીર્વાદ સમાન સાબિત થશે.

પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન-રાજકોટ)ની પ્રેરણાથી આં. રા. વૈષ્ણવ પરિષદનાં કાર્યકર્તાઓના સહયોગથી મનોરથી જયંતિલાલ ચત્રભુજ કંસારા પરિવાર દ્વારા વિવિધ મનોરથોનો અનેરો આનંદ ઉત્સવ રાજકોટમાં ઉજવાયો

卐 **ભાગવત કથામૃત જ્ઞાન સત્ર :** દિનાંક ૧૨–૧–૯૪ થી ૧૯–૧–૯૪ દરમ્યાન રાજકોટની મધ્યમાં આવેલ શાસ્ત્રી મેદાનમાં એક વિશાળ સુશોભિત સમીયાણો ખડો કરી "શ્રી વલ્લભાચાર્ય નગર" નિર્માણ કરવામાં આવેલ.

સપ્તમ પીઠાધીશ્વર ગો. ધનશ્યામલાલજી મહારાજ શ્રી દ્વારા દિપ પ્રકટાવી ,,શ્રી વલ્લભાચાર્ય નગર"નું ઉદઘાટન કરવામાં આવેલ ગો. શ્રી વ્રજજીવનજી મહારાજના પ્રવચન દ્વારા શ્રી ભાગવત કથામૃત જ્ઞાનસત્ર શરૂ થયેલ રાજનગરવાળા ગો. વૃજરાયજી મહારાજશ્રીના પ્રવચનો દ્વારા શ્રીમદ ભાગવતનું ગુઢ અને ગહન રહસ્યનું રસપાન કરાવવામાં આવ્યુ સામાન્ય માણસ પણ સમજી શકે તેવી સરલ, ભાવવહી, રસમય શૈલીમાં જામનગરવાળા શ્રી બટુકભાઈ શાસ્ત્રીએ શ્રીમદ ભાગવત કથામૃતનું રસપાન આઠ દિવસ સુધી કરાવી શ્રોતાઓને ભાવ વિભોર-રસતરબોળ કરી દીધેલ.

કામવન રાજકોટવાળા પૂ. પા. ગો, શ્રી ધનશ્યામલાલજી મહારાજ. ગો. શ્રી વ્રજેકુમાર મહોદય, ગો. શ્રી અનિરૂદ્ધબાવાશ્રી–રાજનગરવાળા ગો. શ્રી વ્રજરાયજી મહારાજ, ગો. શ્રી વ્રજેન્દ્રકુમાર મહોદય તથા તેમના ચી. લાલબાવાશ્રી–ચંપારણ્ય: કાંદીવલી, અમરેલીવાળા ગો, શ્રી વ્રજજીવનજી મહારાજ, ગો. દ્વારકેશજી મહોદય, ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહોદય. રાજકોટવાળા ગો. વલ્લભલાલજી મહારાજ–મથુરા, પોરબંદર, રાજકોટવાળા ગો. શ્રી રસીકરાયજી મહારાજ–ચાપાસેની, જુનાગઢવાળા ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ ગો. શ્રી રસીકરાયજી મહોદય–જામનગરવાળા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી–નડિયાદવાળા શ્રી વ્રજરત્નલાલજી મહારાજ–કડી, કોટા. અમદાવાદવાળા ગો. શ્રી રાજેશકુમારજી મહારાજ, ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ, શ્રી યદુનાથજી મહોદય પોરબંદર, મુંબઈવાળા ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ–પોરબંદર, વેરાવળવાળા ગો. શ્રી ચંદ્રગોપાલજી–મુંબઈ, બીલખા, રાજકોટવાળા ગો. શ્રી ગોકુલનાથજી મહોદય, ગો. શ્રી ધનશ્યામલાલજી મહોદય વિ. બાલકો આ જ્ઞાનસત્રમાં કૃપા વિચારી ઉપસ્થીત રહેલ અને સમયાનુસાર ગોસ્વામી બાલકોના આઠેય દિવસ વચનામૃત થયેલ તેમજ ૧૪–૧–૯૪ ના દિને વૈષ્ણવોને સેવાને લગતા મુજવતા પ્રશ્નોની પ્રશ્નોતરીનો કાર્યક્રમ રાખેલ જેમાં જામનગરવાળા પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી તથા કામવન, રાજકોટવાળા ગો. શ્રી વ્રજેશકુમાર મહોદય દ્વારા પ્રત્યુતર આપવામાં આવેલ.

卐 **પ્રદર્શની :** (૧) દિનાંક ૧૪–૧-૯૪ થી ૧૨–૧–૯૪ દરમ્યાન રાજકોટની મધ્યમાં આવેલ શાસ્ત્રી મેદાનમાં "શ્રી વલ્લભાચાર્ય નગર"માં શ્રી દ્વારકેશ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય સંસ્કાર કેન્દ્રના અધ્યક્ષ પૂ. પા. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ તેમજ ગો. શ્રી દ્વારકેશજી મહોદય દ્વારા પ્રદર્શનીનું આયોજન કરવામાં આવેલ જે પ્રદર્શનીનું ઉદ્દઘાટન ગો. શ્રી વ્રજેશકુમાર મહોદયના વરદ હસ્તે કરવામાં આવ્યું.

જે પ્રદર્શનીમાં પુષ્ટિમાર્ગીય સેવા પ્રકારના વસ્ત્રાભરણ ઉપકરણોના તાદશ્ય નમુનાઓનું વિશિષ્ટ પ્રદર્શન તથા અષ્ટ સખાઓના તેઓ તેઓના કુંજદ્વાર સહિતના અલૌકિક ઝાંખી, શ્રી મહાપ્રભુજીના ૧૦૮ નામના સ્વરૂપાત્મક ચિત્રજી તથા શ્રી યમુના મહારાણીજીના યમુનાષ્ટક શ્લોક અંતર્ગત તથા વિવિધ લીલાના ચિત્રજીની અલૌકિક ઝાંખી. વૃજયાત્રા દરમ્યાન જતિપુરા મુકામે મુકામ કરતા વૃજયાત્રીઓનાં ગોસ્વામી, બાલકોના શ્રીજીબાવાનાં મંદિર, સભામંડપ, રાસમંડળ, સામગ્રીભંડાર, ખરીદવા માટેની દુકાનોનો તાદશ્ય ચિતાર રજુ કરતી પાલવનની ઝાંખી, તથા ચંપારણ્યનાં બેઠકજીનાં તાદશ્ય પ્રતિકૃતિ જેવી અનેક પ્રેરણાસ્પદ અને ભગવદ લીલામાં તન્મય કરાવનાર ઝાંખીઓનો લાભ હજારો વૈષ્ણવોએ લીધો. (રાજકોટ તેમજ સૌરાષ્ટ્રભરના વૈષ્ણવોએ દર્શન કર્યા).

(૨) ગો. શ્રી વૃજાધીશજી મહારાજ પ્રેરિત શ્રીનાથજીબાવાના વિવિધ લીલા તથા શ્રંગારોની ચિત્ર પ્રદર્શની મુંબઈસ્થિત હીરાભાઇ સી. શાહ અને તેના સાથી કાર્યકરો દ્વારા દિનાંક ૧૬–૧–૮૪થી ૧૮-૧-૯૪ દરમ્યાન યોજવામાં આવેલ જેના દર્શનનો લાભ પણ હજારો વૈષ્ણવોએ લીધો.

શ્રીજીબાવાના ધ્વજાજી પધાર્યા : મનોરથી જયંતીલાલ ચત્રભુજ કંસારા પરિવારના મનોરથ સ્વરૂપે દિનાંક ૧૫–૧–૯૪ રાત્રીના મનોરથીને ત્યાં શ્રૌ નાથજી પ્રભુના દ્રૂજાજી પર્ધાર્યા દિનાંક ૧૬–૧–૯૪ સવારે સદરની ટાંકી પાસે "આરતી" દૈનિક કાર્યાલય પાસેથી ઉપસ્થિત ગૌસ્વામી બાલકોની સાંન્નિધ્યમાં એક વિશાળ શોભાયાત્રા રાજકોટ વૈષ્ણ કેસરીયા કિર્તન મંડળૌ અન્ય કિર્તન મંડળીઓ પુષ્ટિમાંર્ગીય વૈષ્ણવ મહિલા મંડળોનાં રાસ–કિર્તન બેન્ડ વાજા તથા વિશાળ વૈષ્ણવોની હાજરીના સાથે શોભાયાત્રા નીકળી જે શાસ્ત્રી મેદાનમાં શ્રી વલ્લભાચાર્ય નગર સ્થળે નિર્માણ કરેલ શ્રીજી બાવાનાં મંદિરમાં "શ્રી દ્રૂજાજી" શ્રીજી બાવાના ચિત્રજી સાથે પધાર્યા.

જયાં સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ઘનશ્યાંમલાલજી મહરાજશ્રીના કરકમલો દ્વારૂ ધ્વજારોહણ કરી શ્રીજીબાવાના ચિત્રજી સ્વરૂપને પધરાવી દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા.

દિનાંક ૧૬–૧–૯૪ દરમ્યાન મંગલાથી શયનભોગ સુધીના પુષ્ટિમાર્ગીય પ્રણાલી અનુસાર "શ્રીજી બાવાના વિવિધ મનોરથો પુ. પા. ગોસ્વામી બાલકોની સાંનિધ્યમાં સમયાનુસાર દર્શન સેવાનો લાભ મનોરથી પરિવાર તથા હજારો ભાવક વૈષ્ણવોએ લાભ પ્રાપ્ત કર્યો.

卐 શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુલ નિર્માણ ફંડ :– દિનાંક ૧૨–૧–૯૪ થી ૧૯–૧–૯૪ના ભાગવત કથામૃત જ્ઞાનસત્રનાં કાર્યક્રમ દરમ્યાન કથા મંડપ બહાર વૈષ્ણવ પરિષદના કાર્યાલય ઉભા થયેલ અને પુજ્ય ગોસ્વામી બાલકોના આશીર્વચન તેમજ "શ્રીમદ વલ્લભાચાર્ય ઋષીકુલ" નીર્માણની આવશ્યકતા સમજાવી નિર્માણ ફંડ માટે અપીલ કરતા રૂા. ૧૦/– નાં કુપનો બે લાખ રૂપિયાથૌ વધુ માત્રામાં "શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકુલ" નિર્માણ ફંડ શ્રી વલ્લભની કૃપાથી પાપ્ત થયું.

તેમજ શ્રી દ્વારકેશ શુદ્ધાદ્વૈત ધુષ્ટિમાર્ગીય સંસ્કાર કેન્દ્ર અમરેલી કાંદીવલી–સુરતનાં અધ્યક્ષ ગો. શ્રી વૃજજીવનલાલજી મહારાજ તેમજ ગો. શ્રી દ્વારકેશજી મહોદય દારા અમરેલી વિસ્તારમાં ૫ લાખ રૂપિયાના કુપન વિતરણ કરવાવાના સહયોગ આપવાની કૃપા વિચારેલ તેમજ શ્રીમદ વલ્લભાચાર્ય સંકિર્તન ભવન નિર્માણ માટે રૂા, ૫૦૦૧/– નો ચેક કાંતીભાઈ રાંધનપરાને અર્પણ કર્યો.

પોરબંદર રાજકોટવાળા નિ. લી. પુ, પા. ગો, શ્રી દ્વારકેશલાલજી મહારાજનાં હસ્તે સેવકો દ્વારા આપના પૌત્ર ગો. શ્રી કનૈયાલાલ મહારાજના શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષિકુલ નિર્માણ કાર્યના પ્રચારાર્થે ૧ લાખની ભકિત વર્ધીની વાહન ખરીદ કરી આપવાની કૃપા વિચારેલ.

❋ **શ્રી પ્રથમેશ સ્મૃતિ ગ્રંથ :–** શ્રી વલ્લભાચાર્ય નગરમાં વૈષ્ણવ પરિષદનાં પ્રેરણાદાતા તેમ જ માર્ગદર્શક નિ. લી. પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી (શ્રી રણછોડાચાર્યજી મહારાજ નાં) જીવન અને કાર્યો તેમજ આપશ્રીનાં વચનામૃત લેખો વિગેરેનો ૬૩૦ પાનાના દળદાર ગ્રંથ "શ્રીપ્રથમેશ સ્મૃતિ" ગ્રંથની વિમોચન વિતરણ સમારંભ દિનાંક ૧૭–૧–૯૪નાં દિને રાખવામાં આવેલ.

સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીએ ગ્રંથ વિમોચન કરતાં જણાવ્યું કે નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી (શ્રી રણછોડાચાર્યજી) મહારાજનાં જીવનને ધ્યેય હરહમેશ પુષ્ઠિ સંપ્રદાયના ઉજજવલતા પ્રાપ્ત કરવાની સાથે ઉત્થાન પામે તે માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેલ છે. વિશેષમાં જણાવેલ કે, શ્રી વલ્લભાચાર્યજીનાં સિદ્ધાંતો કેવીં રીતે પ્રકાશ થાય સાધારણ જન સંપ્રદાયના સિદ્ધાંતોને વળગી રહી આચરણમાં ઉતારે તે માટે હરહંમેશ આપશ્રી દ્વારા જે જે કાર્યો કરેલ છે તે ગ્રંથમાં સમાવ્યા છે જેનાથી દરેકને પ્રેરણા પ્રાપ્ત થશે.

આપશ્રીએ કરેલા નિશ્ચય કરેલા કાર્યો જેવા કે સંસ્કાર ઘડતર માટે ઋષિકુલો નિર્માણ કરવા કચ્ચડાયેલા દલિતજનો સંસ્કારી અને સમૃદ્ધ બનાવવા ધંધાકિયથી રહેણાંક અભ્યાસ વિગેરે સુવિધા સાથેનાં સંતશ્રી મોહનાનગરની રચના કરવી તેમજ જીવનનાં આવશ્યક સંગ તરીકે વન–ઉપવનો નિર્માણ કરવા તેવા નિશ્ચત કરેલા કાર્યોમાં આપણે સૌએ સાથે મળી પુર્ણ કરવા જોઈએ.

પ્રેરણા પ્રાપ્તિ માટે સૌએ ગ્રંથ વસાવવા અને અધ્યયન કરવા અપિલ કરેલ.

* મહારાષ્ટ્ર ધરતીકંપ અસરગ્રસ્ત ગૃહ નિર્માણ ફંડ :–

મહારાષ્ટ્રના ધરતીકંપ પીડિતોના મકાન નિર્માણ માટે ગો. શ્રી ઈન્દીરાબેટીજી આયોજીત "શ્રી વલ્લભ ફાઉન્ડેશન" સંસ્થાને શ્રી દ્વારકાધીશ હવેલી ટ્રસ્ટ, ચેમ્બર ઓફ કોમર્સ રોટરી કલબ ઓફ અમરેલી દ્વારા ગો. શ્રી વૃજ જીવનજી મહારાજનાં હસ્તે રૂા. ૫૧,૦૦૦/– તથા શ્રી દ્વારકેશ શુદ્ધાદ્વૈત પુષ્ઠિમાર્ગીય સંસ્કાર કેન્દ્ર અમરેલી–કાંદીવલી–સુરત દ્વારા ગો. શ્રી દ્વારકેશજી મહારાજના હસ્તે "શ્રી વલ્લભ ફાઉન્ડેશન" દ્વારા રૂા. ૫૧,૦૦૦/– એમ બે ચેકો સૌરાષ્ટ્રના પ્રતિનિધિ હસુભાઈ ખખ્ખરને અર્પણ થયેલ.

દિનાંક ૨૦–૧–૯૪ નાં દિને મનોરથી જયંતિલાલ ચત્રભુજ પરિવાર દ્વારા સુક્ષ્મ મનોરથ મનાવી પુ. પા. ગોસ્વામી બાળકોની ઉપસ્થિતિમાં શ્રી યમુનાજીના લોટી ઉત્સવ માળા પહેરામણી કિર્તન–ઢાંઢીલીલા–હિચ કિર્તન વિગેરે રાખવામાં આવેલ સાથે ગોસ્વામી બાળકો દ્વારા કાર્યકરોને ઉપરણા ઓઢાડી સન્માન થયેલ.

-: શ્રી પુષ્ટિ માર્ગીય પરિચય પુસ્તિકા પ્રવૃતિ :-

શ્રી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા સમાજ કાંદીવલી દ્વારા નિજ સંપ્રદાયના પ્રચાર પ્રસાર માટે શ્રી પુષ્ટિ માર્ગીય પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ શરૂ કરવામાં આવેલ છે જેમાં ગત અધિક માસમાં "મનોરથોનો માસ અધિક માસ" પુસ્તિકા પ્રકટ કરવામાં આવેલ અને હાલમાં "આઠ સમાની ઝાંખી" નામની બીજી પુસ્તિકા પ્રકટ કરવામાં આવેલ છે. આ પુસ્તિકામાં પુષ્ટિ માર્ગીય સેવા પ્રણાલીકા મુજબ થતા પ્રભુતા આઠ સમાના સેવા દર્શનની ભાવનાઓનાં આલેખન સામે અષ્ટ સખાનાં ભાવ પોષક પદો આપવામાં આવેલ છે. આગામી સમયમાં અન્ય પુસ્તકો પ્રકાશિત કરવાનું સંસ્થાએ આયોજન કરેલ છે પુસ્તક પ્રાપ્તિ માટે સંસ્થાના સભ્ય બની પ્રાપ્ત કરી શકાય છે. વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ શ્રી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મર્સીવિલા અશોકનગર રોડ કાંદીવલી (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૧૦૧

-: સમાચાર સંચય :-

* શ્રી વિઠલેશ પ્રભુચરણ પ્રાકટય મહોત્સવનાં ઉપલક્ષમાં કડી કોટાવાળા હાલ ગોંડલ બિરાજમાન ગો. શ્રી દામોદર લાલજી મહારાજ શ્રી અદયક્ષતામાં આં. પુ. વૈષ્ણવ પરિષદનાં ઉપક્રમે શ્રી જસુબાઈ મંડાણ રાજકોટમાં ઉત્સવદિન પુર્વે ત્રણ દિવસ સુધી "સર્વોત્તમ સ્તોત્ર" નાં મહાત્મય વર્ણન સાથે આચાર્ય ચરણ શ્રી મદ વલ્લભાચાર્યજી નાં ૧૦૮ નામો ના ભાવાત્મક વિશ્લેષણ ભાવવાહી શૈલીમાં રસાત્મક વર્ણન આપશ્રીએ કરેલ સાથમાં આપશ્રીના અખંડ સૌભાગ્ય વંતા શ્રી વહુજી સર્વોતમ રસપાન તેમજ અન્ય ધોળ પદો મધુર કંઠે ભાવ વાહી શૈલીમાં ગાન કરીને તરબોળ કરીદીધેલ ઉત્સવ દિને વધાઈ-કીર્તન તથા શ્રીમદ વિઠલ પ્રભુનાં ગણાનુવાદ પ્રવચન આપશ્રી દ્વારા તથા અન્ય વૈષ્ણવો દ્વારા કરવામાં આવેલ.

* શ્રીમદ પ્રભુચરણ શ્રી ગુંસાઈજીના પ્રાકટય મહોત્સવ પ્રસંગે રાજકોટમાં બીરાજતા ગો. શ્રી વલ્લભ લાલજી મહારાજશ્રીનાં બંગલે આપશ્રીની અદયક્ષતામાં "શ્રીનામરત્નાખ્યાત" સ્તોત્રનાં સમુહ પાઠનું આયોજન થયેલ સાંજે બહેનોના કળશ-રાસ-ગરબા-કેસરી સ્નાનના ક્રમ બાદ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ ગો. શ્રી ગોપી બાવા ગો. શ્રી ભાગવતબાવા ગો. શ્રી ગોકુલનાથ બાવા ગો. શ્રી ઘનશ્યામલાલ બાવાની સન્મુખતામાં સત્સંગ સભાનું આયોજન થયેલ વધાઈ કિર્તન બાદ પૂ. પા. ગોસ્વામી બાલકોના વચનામૃત તેમજ અગ્રણી વૈષ્ણવો દ્વાર શ્રીમદ પ્રભુચરણ ગુંસાઈજી પરમદયાનનાં ગુણાનુવાદ વર્ણવવામાં આવેલ.

* (મણીનગર ઈસનપુર) આં. પુ. વૈષ્ણવ પરિષદ (મણીનગર-ઈસનપુર) મહિલા શાખાનાં ઉપક્રમે શ્રી બાલકૃષ્ણજીની હવેલીમાં દિ. ૨૮-૧૨-૯૩ થી ૪-૧-૯૪ સુધી પૂ. પા. ગો. શ્રી કાલિન્દી બેટીજીની મધુરાષ્ટક અને ભગવદીય વૈષ્ણવ વાર્તા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહી વાર્તારસ માણ્યો.

* સોજ્ઞમય :– વાજપેયી–સાગ્નિચિત સોમયાજી પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ શ્રી દ્વારા પીપરીયા મધ્ય પ્રદેશમાં દિનાંક ૧૯–૧–૯૪ થી ૨૫–૧–૯૪ દરમ્યાન શ્રી સોમયજ્ઞ અને જ્ઞાનસત્ર નું આયોજન કરવામાં આવ્યા બહારથી આવનાર વૈષ્ણવો માટે આવાસ તેમજ પ્રસાદ વ્યવસ્થા રાખવામાં આવેલ

* આં. પુ. વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી દ્વારા તેનાં સુપુત્ર જતિનની પુણ્ય સ્મૃતિ અર્થે "શ્રીકૃષ્ણાશ્રય" પ્રચવન સપ્તાહનું આયોજન કરવામાં આવેલ સાત દિવસ સુધી પરિષદના પ્રદેશ ઉપપ્રમુખ પ. ભ. શ્રી યોગેશભાઇ શાસ્ત્રી દ્વારા ભાવવાહી રસમય શૈલીમાં "શ્રીકૃષ્ણાશ્રય" ઉપર સાત દિવસ સુધી વિશદ છણાવટ કરી વૈષ્ણવોને માર્ગદર્શન આપેલ. આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી વાગીશબાવા (કાંકરોલી વડોદરા) નાં પણ વચનામૃત થયેલ તેમજ "શ્રી વિઠલેશ પ્રભુચરણમાં પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે કામવન વડોદરા વાળા પૂ. પા. ગો. શ્રી ગોપાલ બાવાશ્રીનો પણ વચનામૃત તથા ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયમાં પણ વચનામૃત થયેલ તેમજ "પ્રથમેશજી સ્મૃતિ ગ્રંથ" નું વિમોચન વિત્તરણ કાર્ય થયેલ.

* ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (જુનાગઢ) પ્રેરિત શ્રી પુરસોતમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા સંચાલીત હાલોલમાં દિનાંક ૩/૧૨ થી ૬/૧૨ દરમ્યાન પૂ. પા. ગાં. શ્રી શરદકુમારજી મહોદય (માંડવી–હાલોલ) ની અધ્યક્ષતામાં પુષ્ટિ સિદ્ધાંત પ્રશિક્ષણ શિબિર ચાર દિવસનો યોજવામાં આવ્યો.

આપનું લવાજમ મોકલો

માર્ચ માસમાં વર્ષ પૂર્ણ થાય છે ૯૪–૯૫ નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/– અગર આજીવન લવાજમ રૂા. ૩૦૧'– ત્રણસો એક નજીકનાં સેવાભાવી કાર્યકર અગર સંસ્થાને ૧૫ માર્ચ પહેલા ભરી વર્ષ આખર ભેટ પુસ્તક "શ્રી પ્રથમેજી વચનામૃત" પ્રાપ્ત કરો.

રાજકોટમાં શ્રી વલ્લભ સુધાના સેવાભાવી કાર્યકરો

૧, વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા.

૨. શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩. શ્રી પ્રભુદાસ તુલસીદાસ પાડીયા

૪. શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ

૫. શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o સંજય ગેસ સર્વિસ
રજની બિલ્ડીંગવાળી શેરી, ભૂપેન્દ્ર રોડ

૬. મુખીયાજી મથુરદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યૂ જાગનાથ

૭. શ્રી વસંતભાઈ વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર
ઢેબરભાઈ રોડ

૮, શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્વરા
'લલિત કુંજ' ૪, કૈલાસ વાડી, જંકશન પ્લોટ

૯. શ્રી હેમતબાઈ પટેલ
C/o શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી

૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા સામે

૧૦. શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ-૨, ગણેશવાડી સામે

૧૧. શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીઅરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટર નેશનલ સામે, ભક્તિનગર
ગોડાઉન રોડ, કલ્યાણ સોસાયટી પાછળ

૧૨, શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ. રૈયા રોડ

૧૩. કનુભાઈ જે. દેવાણી
C/o શ્રી મદન મોહનજીની હવેલી, લક્ષ્મીવાડી

૧૪. શ્રી જે, પી. પારેખ
સવજીભાઈની શેરી, સોની બજાર

૧૫. અવંતિલાલ ભાઈલાલ સોની
સવજીભાઈ શેરી

૧૬. શ્રી જયસુખલાલ એન. વોરા

આઠ સમાની ઝાંખી

લેખક–શ્રી રમણચંદ્ર નાથાલાલ શાહ
પ્રકાશક–શ્રી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મર્સી વિલા, અશોક નગર રોડ,
કાંદિવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦૧૦૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૮+૪=૩૨ ઓફ સેટ છાપકામ કાચુ પુઠું, પીન બાઈન્ડીંગ ન્યો છાવર દર્શાવેલ નથી.

શ્રી કૃષ્ણચંદ્રના બાલ સ્વરૂપની ભક્તિ–સેવા એ આ પુષ્ટિ માર્ગમાં મુખ્ય છે. શ્રી નંદાલયની સમગ્ર બાલ લીલાને અનુસરીને જે પ્રમાણે બાળકને રીઝવવા માટે અનેક પ્રકારના પ્રયત્ન કરવામાં આવે છે તે પ્રમાણે પ્રાત: કાળથી માંડી સાંજ સુધીમાં આઠ વખતનો સેવાક્રમ યોજવામાં આવેલા છે. તેને અનુસરીને પ્રસ્તુત પુસ્તિકા પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા–૨ માં પ્રાત: કાલથી સાંજ સુધીની સેવા અને દર્શનના સમય પ્રમાણેના અષ્ટ છાપના પદો અને સંક્ષિપ્ત ભાવના સાથે દર્શાવવામાં આવેલ છે. જે દર્શનની ભાવનાના જિજ્ઞાસુને ઉપયોગી છે.   લેખક–પ્રકાશક-સહાયકને અભિનંદન

૧. શિક્ષા-ભક્તિ પદ રાગ-ભૈરવ

રટની શ્રીકૃષ્ણનામ, સહુ સુખકારી રે;
પરમ આનંદ-રૂપ, અઘ-દુખ-તારી રે (ટેક)
મોટા મોટા સુર મુનિ લોભી રહયાં તેમાં રે:
તે તે સહુ સાધન. તે આવી મળ્યાં એમાં રે. રટની૦ ૧
સકળ ધરમ હરિ-નામ કેરો અંશ રે;
એથી ના પ્રવર કોઇ વેદમાં પ્રશંસ રે. રટની૦ ૨
અવળું હશે તો પણ સવળું સૌ જાશે રે;
પ્રભુજી પ્રસન્ન એથી થોડા માંહે થાશે રે. રટની૦ ૩
આળસ મા કર. ધર દૃઢ વિશ્વાસ રે;
કાયર મા થાશ. તારી પૂરસે એ આશરે. રટની૦ ૪
કોટિ ચિંતામણીવારું, એવું છે એ નામ રે;
'દયા'! જેણે જપ્યું, તે તે થયા પૂરણ કામ રે રટની૦ ૫

– ભકત કવિ શ્રી દયારામભાઇ, ડભોઇ

૨. નિત્ય વંદના [શાર્દુલ વિક્રીડિત]

વંદુ નાથ શ્રીનાથજી હૃદયથી, સાષ્ટાંગ ભાવે સદા,
વંદુ શ્રી નવનીત પ્રિય પ્રભુજી, મેવાડ બિરાજતા.
વંદુ શ્રી મથુરેશજી ચરણમાં, શ્રી વિઠ્ઠલ નાથના,
વંદુ દ્વારિકાનાથ, ગોકુલપતિ, શ્રી ગોકુલચંદ્રમા.
વંદુ બાલકૃષ્ણજી સુરતના, વંદુ મદન મોહના,
ઝાંખુ રૂપ થતું **'કુસુમાયુધ'**નું જે રૂપ સામે અહા.
વંદુ શ્રી ગિરિરાજજી, વ્રજભૂમિ, મૈયા યમુના તથા,
શ્રી વલ્લભ ચરણે, હરિ ગુરુ અને સૌ વૈષ્ણવોને સદા.

– શ્રી જયંત જી. ગાંધી – 'કુસુમાયુધ', જુનાગઢ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ, માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ.**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

।। શ્રી હરિઃ ।।

શ્રી વલ્લભસુધા

હોરીનુ પદ

રાગ, ભીમ પલાસી

ગોરી, હોરી-ખિલૈયા ઢોરી લાય,
નંદનંદન જગ-વંદન ફંદન ચંદન ચરચ્યૌ જાય. ૧
અગર-ગુલાલ લિયૌ ઝોરી ભરિ, ભરત પરસ્પર ધાય;
‘ચંદસખી’ પ્યારી-છબિ નિરખત, પ્યારો ભયો લુભાય. ૨

– ભક્ત કવિ ચંદ્રજૂ ગોપીકાંત વ્યાસ. ઓરછા

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✱

વર્ષ ૧૭ : અંક-૧૨ માર્ચ ૧૯૯૪
શ્રી વલ્લભાબ્દ ૫૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- ✱ આજીવન રૂા. ૩૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવા ભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનિડા (વાછરાં)** મીસ્ત્રી નાનજીભાઈ ભીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રાણછોડભાઈ નસીત
કેરીઆ રોડ. પાટા ઉતરતા રેકડની
વાડીમાં,

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૪૩, સરદાર પટેલ નગર, એલીસબ્રીજ

૪. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૫. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી નવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે

૬. **કુતિયાણા** શ્રી કૃષ્ણદાસ મથુરદાસ અઢીયા
હવેલી પાર નાકા

૭. **જામનગર** શ્રી માર્કંડભાઈ વી. ધોળકીયા
C/o ડા. એન. ધોળકીયા,
નાગર ચકલો.

૮. **જુનાગઢ**
 ૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
 C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
 શ્રીનાથજી ચેમ્બર્સ દાણાપીઠ
 ૨. શ્રી પોપટલાલ જમનાદાસ
 બ્લો. ૨ રવિ કિરણ એપાર્ટમેન્ટ
 ૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
 "ગીતાંજલ" ગોકુલ સોસાયટી
 લોઢીયા વાડી પાછળ

૯. **જેતપુર (કાઠી)**
 (૧) શ્રી પોપટલાલ રામજીભાઈ મરચાણી
 પાણી શેરી, ઝવેરી રમણીકભાઈના મકાનમાં
 (૨) શ્રી મનસુખલાલ માધવજી બોસમીયા
 મતવા શેરી.
 (૩) શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
 ખેડૂત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૦. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી. વઘાસીયા ચોરા

૧૧. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શક્તિ મંદિર સામે

૧૨. **પોરબંદર** શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૩. **પાંચ પીપળા** શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૪. **બોરીવલી** (વેસ્ટ) ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યામદ' ૧ લે માળે ફ્લેટ નં. ૭
"સી" વીંગ, લક્ષ્મીનારાયણ હોલ

૧૫. **મુંબઈ** આ. રા. પુ. વૈ. પરિષદ
સાત સ્વરૂપની હવેલી ૧ લે માળે

૧૬. **મોરબી** ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

૧૭. **મોટા ભાદરા** પીંડોરીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૧૮. **રાયપુર** શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૧૯. **રાજપીપળા** પ્રા. એમ. આર. પાલેજા
"લકુલીશ" માલીવાડ

૨૦. **શીંગડી** શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ભાખી
મહાલક્ષ્મી મંદિર પાસે

૨૧. **વડોદરા** શ્રી વામનભાઈ બી. પટેલ
[illegible], વ્યાસ પોળ

૨૨. **વાંકાનેર** શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર

૨૩. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
૭, ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, ૧ માળે

૨૪. **[illegible]** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

શ્રી વલ્લભ સુધા દર માસની **૪થી** તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ

લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫

વર્ષ : ૧૨ અંક : ૧૨ ※ માર્ચ, ૧૯૯૪

॥ શ્રી હરિઃ ॥

સિદ્ધાંત ઔર વ્યવહાર

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા,
આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

ભગવદીઓની વાત છોડી દો. જેનું જીવન ભગવદ્ પરાયણ છે તેમની વાત છોડી દો. પરંતુ આપણે જે સંસારમાં લાગેલા જીવ છીએ તેમની વાત થઇ રહી છે. પરંતુ આચાર્યચરણ એ આજ્ઞા કરે છે કે તેનું કારણ શું છે ? આત્મ નિવેદન કરવા છતાં પણ જીવ નિવેદિત પદાર્થોમાં અહંતા મમતાનો ત્યાગ નથી કરી શકતો તેનું મૂળ કારણ શું છે ? તેનું મૂળ કારણ એ છે કે આત્મ નિવેદન આપણે અવશ્ય કર્યું છે, પરંતુ કેવી રીતે કર્યું છે ? મૌખિકરૂપથી કર્યું છે. નિવેદન કર્યું, જરૂર કર્યું, પરંતુ મુખથી કર્યું. ત્યાં સુધી એ નિવેદન વ્યવહારિક નહિ બને. વ્યવહારમાં નહી બને. વ્યવહારમાં નહીં આવે ત્યાં સુધી તે આત્મ નિવેદન પૂર્ણ સાર્થક ન બની શકે. તેથી આચાર્ય ચરણોએ બતાવ્યું કે આત્મ નિવેદન

કર્યા બાદ ભગવદ્ સેવા કરવી આપણુ મુખ્ય કર્તવ્ય છે. જ્યારે ભગવદ્ સેવા કરશું ત્યારે દેહનો ઉપયોગ પ્રભુ માટે આપણે કરી શકીશું. જ્યાં સુધી ભગવદ્ સેવા ન કરી અને માત્ર સમજી લીધું, આત્મ નિવેદન માત્ર જ્ઞાનનો વિષય બની રહેશે, ત્યાં સુધી કામ ચાલશે નહીં. ભગવાને જે સમર્પણની પ્રક્રિયા બતાવી "તત્ કુરુષ્વ મદર્પણમ્" આ જે ભગવાને ગીતાજીમાં બતાવ્યું, અર્જુનને ઉપદેશ આપ્યો તેનું વ્યવહારિકરૂપ આચાર્ય ચરણોએ પ્રગટ કરીને આપણને બતાવ્યું.

આપણે જે કંઇ કરીએ, જે કંઇ ખાઇએ, જે કંઇ આપીએ, જે કાંઇ શુભ કાર્ય કરીએ, તપ વિગેરે તે બધું પ્રભુને અર્પણ કરી દઇએ. આ જે પ્રક્રિયા છે વ્યવહારિક છે. આ જે પ્રક્રિયા છે તે આચાર્ય ચરણો પહેલાં પ્રચલિત ન હતી. જ્ઞાનનો વિષય હતો. લોકો જાણતા હતા કે આવું કરવું જોઇએ. પરંતુ વ્યવહારમાં તેનો ઉપયોગ અમલ કરવો જોઇએ તેથી અજાણ હતા.

આચાર્ય ચરણોએ પોતે ભગવદ્ સેવા કરીને અને સેવા પરાયણ ગૃહસ્થાશ્રમનો આદર્શ બતાવીને આપણને એ સિદ્ધ કરી આપ્યું કે આ બધા જેટલા પણ પદાર્થ છે તે બધા ખરેખર તો પ્રભુના છે અને પ્રભુને માટે છે. આ જે આદર્શ છે આચાર્યચરણે વ્યવહારમાં લાવીને અમલ કરીને આપણને બતાવ્યા. ત્યારે ભગવદીઓના જીવનમાં આ આદર્શ સાકાર થઈ શક્યા. ફક્ત સિદ્ધાંતનો વિષય ન રહ્યો. ભગવદીઓએ અનુભવ કર્યો કે બધું પ્રભુનું છે અને પ્રભુને માટે છે અને વ્યવહારમાં તેનો અમલ કરીને ભગવદીઓએ બતાવ્યું. આ પ્રભાવ કોનો હતો? આચાર્યચરણનો. આપે માત્ર શિક્ષા આપીને જ પોતાનું કર્તવ્ય પુરૂં કર્યાનું માન્યું નહી, પરંતુ વ્યવહારમાં ગૃહસ્થાશ્રમમાં રહીને પણ ભગવદીયતા અને સમર્પિત જીવન કેવી રીતે વ્યતિત કરી શકાય. આ આદર્શ આપે કરીને આપણને બતાવ્યો.

આજ સુધી આપણે તેમના અનુયાયી બની રહ્યા છીએ એ તેનો જ પ્રભાવ છે. તે વાતની આવશ્યકતા છે કે આપણે ફકત અનુયાયી હોવાનું જ ગૌરવ પ્રાપ્ત કરીને સંતોષ ન માની લઇએ, પરંતુ આપની જે શિક્ષા છે, આપના જે આદર્શ છે, તેમને પણ આપણા જીવનમાં લાવવાની ઇચ્છા રાખવી જોઇએ.

મહાન પુરૂષ વંશમાં આપણે ઉત્પન્ન થયા એટલું ગૌરવ માનીને આપણે સંતોષ માની લઇએ તો તેનાથી આપણા જીવનમાં લાભ પ્રાપ્ત ન થઇ શકે. પરંતુ મહાન પુરૂષની મહાનતાનો થોડો અંશ પણ જો આપણે જીવનમાં લાવી શકીયે ત્યારે આપણે તેનો ખરેખર લાભ પ્રાપ્ત કરી શકીએ. તો આચાર્યચરણે આ જે માર્ગ બતાવ્યો છે, કેવો માર્ગ છે! એ ખાસ સમજવાની વાત છે. આજે તો આ વાતને આપણે લગભગ ભૂલી ગયા છીએ. અને માનીએ છીએ કે સારૂં કામ કરવું સારૂં છે. સારા કામનું ફળ સારૂં મળશે. આજે નહીં તો કાલે મળશે. કાલે નહીં તો બીજા જનમમાં મળશે.

પરંતુ આચાર્યચરણનો આદર્શ આ નથી. તમે આજે સારૂં કાર્ય કરો અને તેનું ફળ તમને વર્ષો બાદ મળે અથવા બીજા જન્મમાં

મળે. આ આદર્શ શ્રી મહાપ્રભુજીનો નથી. મહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે આ ભગવદીય માર્ગ છે, ભગવાનનો માર્ગ છે અને ભગવાનની સેવા કરીને અને તે સેવાનું ફળ આપણે વર્તમાનમાં પ્રાપ્ત ન કરી શકીએ, એ કેવી રીતે શકય છે ? પુણ્ય કાર્યનો નિર્દેશ આચાર્યશ્રીએ આપ્યો નથી કારણ કે પુણ્ય કાર્ય જે છે તે સારૂં ફળ આપે છે, પરંતુ ભવિષ્યમાં આપે છે.

અહીં શું કહ્યું ? કે આવરણ જેટલા હતા, પોતાના જનના, ભગવદીઓના, તેમને દુર કરીને આપે તેમને શું આપ્યું ! કે ભગવાન પધરાવી દીધા. "હાથ દિયે પુરૂષોત્તમ" "કર આવરણ દુર નિજજનકે હાથ દિયે પુરૂષોત્તમ." આ પરમ ફળ આપી દીધું. ફકત આવરણ દુર કરી દીધા એટલું જ નહીં, પરંતુ સાક્ષાત્ ફળરૂપ જે ભગવાન છે તે પણ આપણને પધરાવી દીધા. હવે તો આવશ્યકતા એ વાતની છે કે આપણે તેનો અનુભવ કરીએ. સેવન શું છે ? સેવાને લોકો ક્રિયા માને છે. ઘણી વખત કહી દે છે કે સેવા પણ ક્રિયા છે. જેવી રીતે બીજી સારી ક્રિયાઓ હોય છે એવી રીતે સેવા પણ એવી ક્રિયા છે. પરંતુ અહીં આચાર્યચરણે આપણને જે સેવા બતાવી તે ક્રિયા રૂપે નથી બતાવી. સેવાનું જ નામ સેવન પણ છે.

કોઇ ઉત્તમ ફળ હોય છે, ઉત્તમ ફળ છે, તે ફળની ઉત્તમતા આપણે જાણી લીધી. તે ફળને આપણી પાસે લાવીને રાખી પણ લીધી, પરંતુ તેનાથી તે ફળનો આસ્વાદ મળશે ? જાણવાથી, ઓળખવાથી. આપણી પાસે લાવીને રાખવાથી ફળનો સ્વાદ મળી શકે છે ? ન મળી શકે. પરંતુ આસ્વાદ કયારે મળે ? જ્યારે તેનું સેવન કરવામાં આવે ત્યારે સેવન શું છે ? આસ્વાદ લેવો. સેવનનો અર્થ છે આસ્વાદ લેવો. "હાથ દિયે પુરૂષોત્તમ" આ વાત તો થઇ ગઇ, પરંતુ તેનો આસ્વાદ લેવો હજુ બાકી છે. આ કયારે થશે ? ભાવના દ્વારા ભાવના વગર પ્રભુનું સેવન ન થઇ શકે. બીજા પદાર્થોનું થઈ શકે છે.

રસાત્મક જે પ્રભુ છે, જો તેમનું સેવન કરવું છે તો તેને માટે મુખ્ય સાધન ભાવના છે. તમે સેવા પધાવી લીધી અને તનુંજા સેવા પણ કરવા લાગી ગયા. પરંતુ તેનો રસાસ્વાદ કેમ નથી આવતો ? કારણ એ છે કે ભાવના નથી. ભાવના વગર રસાસ્વાદ કયાંથી પ્રાપ્ત થઇ શકે ? તો એ વાતની આવશ્યકતા છે કે આપણે આચાર્યચરણના દિવ્ય સિદ્ધાંતો પહેલા વાંચીએ, સમજીએ અને પછી તેની દિવ્યતાનો અનુભવ કરીને જીવનમાં એ દિવ્યતાને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીએ. જીવનમાં દિવ્યતા આવવી જોઇએ.

સિદ્ધાંતોમાં દિવ્યતા છે. પરંતુ સિદ્ધાંતો તો ગ્રંથમાં છે. ગ્રંથમાં રહેલા જે સિદ્ધાંતો છે તે આપણને કયારે લાભ આપી શકે ! જ્યારે તે જીવનમાં આવશે ત્યારે ફકત ગ્રંથોમાં હોય તે બિરાજી રહે, વિદ્યમાન રહે અને આપણે તેનાથી નિરપેક્ષ રહીએ તો આપણને તેનાથી શું લાભ થાય ? આપણને લાભ નહીં થાય. આપણને લાભ ત્યારે થાય કે વ્યવહારમાં, જીવનમાં ભાવના સાથે આપણે તેનો ઉપયોગ કરીશું ત્યારે તેનો ખરેખર લાભ આપણે પ્રાપ્ત કરી શકીશું.

તેથી વલ્લભ જયંતિને દિવસે અને જેટલા પણ આવા પવિત્ર પ્રસંગ આવે છે એ દિવસે આપણે ફક્ત ઉત્સાહપૂર્વક આ દિવસોને મનાવીને સંતોષ ન માની લેવો જોઇએ. પરંતુ આ ઉત્સવની સ્મૃતિ આપણા હૃદયમાં જળવાઇ રહે એવી ભાવના રાખવી જોઇએ.

ઉત્સવતો વર્ષમાં એક વખત આવે છે, નિત્ય નથી આવતો પરંતુ તેની ભાવના આપણે નિત્ય કરી શકીયે છીએ. જ્યાં સુધી ભાવના જીવનમાં સિદ્ધ નથી થતી. ત્યાં સુધી ઉત્સવનું વાસ્તવિક ફળ છે તો કેવી રીતે પ્રાપ્ત થાય ? આંખોની સાર્થકતા થશે. સમયની સાર્થકતા થશે. ધનની સાર્થકતા થશે. ઉત્સવ આવવાથી આ બધું થઇ જશે. પરંતુ જ્યાં સુધી તે વસ્તુ હૃદયમાં નહીં આવે, પોતાની ન બને ત્યાં સુધી તેને વાસ્તવિક લાભ ન થઇ શકે.

એક વર્ષની વાત તો ઘણી દુરની વાત છે. એક વર્ષ પછી ફરીને વલ્લભ જયંતિ આવશે. ત્યાં સુધી જો આપણે આચાર્યચરણના આદર્શોને, સેવા પ્રકારને, ભાવનાને હૃદયમાં ધારણ કરી શકીએ તો ઘણું સારૂ છે. એટલું ન બની શકે તો ઓછામાં ઓછું થોડા દિવસ તો તેનું અનુસંધાન કરતા રહીએ. થોડા દિવસ તો આ ક્રમ ચાલે. ફક્ત એક જ દિવસમાં તે સમાપ્ત ન થઈ જાય તેની ઘણી જ આવશ્યકતા છે. આ બધું કેમ બનશે ?

આપના ગ્રંથોનું શ્રવણ, મનન કરવાથી. આપના ગ્રંથોનું જો આપણે શ્રવણ મનન કરતા રહીશું તે એ વસ્તુ આપણા હૃદયમાં કાયમી બની જશે. આચાર્યચરણ એવી કૃપા કરે કે આપણી ભાવના એવી દિવ્ય બને કે આપણે આપના સિદ્ધાંતો હૃદયારૂઢ કરીને આપણે તેમના અનુરાગી બની શકીએ. એવી આશા સાથે આજે વક્તવ્યપૂર્ણ કરવામાં આવે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભઃ ॥

યુવકોનો ધર્મ

વ્યાખ્યાતા : શ્રી પુષ્ટિ માર્ગાબ્જમાર્તંડ શ્રી ૬ વ્રજનાથલાલજી મહોદય, મુંબઇ

પ્રભુએ નિજેચ્છાથી 'એકોહં બહુસ્યામ્ પ્રજાયેય' આ વચનાનુસાર અખિલ બ્રહ્માંડનું સર્જન કર્યું અને સ્વયં વિશ્વમાં અનેક સ્વરૂપે ક્ષણમાત્રમાં થઇ ગયા. સર્વસમર્થ શ્રીકૃષ્ણચંદ્રના ક્રીડાભાંડ આ વિશ્વની રચનામાં સર્વ પ્રાણીઓથી મનુષ્યોમાં કાંઇક એવા બે–ત્રણ તત્ત્વોની પ્રધાનતા દેખાય છે કે જેની સહાયતાથી અન્ય પ્રાણીઓથી મનુષ્યપ્રાણીનું પૃથક્કરણ સ્હેજે થઇ શકે છે. તે તત્ત્વોમાંથી પ્રધાનતત્ત્વ સનાતન ધર્મ જ છે. અત એવ ધર્મહીન પશુ અને ધર્મવાન મનુષ્ય એ સ્પષ્ટ જ છે.

શાસ્ત્રોમાંયે ઉલ્લેખ છે કે 'ધર્મેણ હીનાઃ પશુસમાનઃ' આધિદૈવિક ધર્મથી મનુષ્યને અભ્યુદય કરનારી સમગ્ર સિદ્ધિઓ હસ્તામલકવત્ થઇ જાય છે. અન્ય દેશો કરતાં ધર્મનું યત્કિંચિત્ સ્વરૂપ પ્રભુકૃપાએ ભારતવર્ષમાં જળવાય રહ્યું છે. એજ ભારતના અભ્યુદયની ક્ષીણ આશા છે. ભારતવર્ષને ધર્મપાલનનું જે અભિમાન સુચક વિશેષણ અપાય છે તે ઉપરથી એ નિશ્ચિત થાય છે કે આર્યો પૂર્વે અત્યંત ધર્મમય જીવન વિતાડતા હતા. આ નગ્ન સત્ય છે, માત્ર કવિઓની કપોલ કલ્પના નથી. આપણા પૂર્વજોમાં ધર્મનું અભિમાન હતું એની આપણને આજે એ ઇતિહાસ સાક્ષી આપે છે. તે કાળે ધર્મને માટે પ્રાણોત્સર્ગ કરવામાં આર્યો પોતાને ધન્ય સમજતા હતા. ગુરૂ ગોવિંદસિંહના છોકરાનું દૃષ્ટાંત ભારતવર્ષના ઇતિહાસ પૃષ્ઠ ઉપર સુવર્ણાક્ષરે અંકિત છે એવા એક નહિ પણ અનેક ઉદાહરણોથી આપણા ભારતવર્ષની કીર્તિ ઝળહળી રહી છે.

પુત્રનું વાત્સલ્ય સાથે શિક્ષણ અને તેવાં અન્ય સંરક્ષણાદિ કાર્યો કરવા એ પિતાનો ધર્મ છે. તેમ પિતા પ્રતિ પૂજ્યભાવ રાખી તેમની જેમ બને તેમ વિશેષ મર્યાદા સચવાય તેમ રહેવું એ પુત્રનો ધર્મ છે તેવી જ રીતે પતિનો ધર્મ એકપત્નીવ્રતનો અને પત્નીનો ધર્મ એક પતિવ્રતનો છે.

આપણા આર્ય શાસ્ત્રકારોએ આપણા સમાજની એ વ્યવસ્થા ધર્મસ્તંભ ઉપર રચી છે. જો તદનુસાર સમાજ અનુસર્યો હોત તો તેને વર્તમાનમાં જે અનેક કુરૂઢિ–કુપ્રથાઓ એટલું જ નહિ પણ પરરાષ્ટ્રના હાસ્યાસ્પદ કાયદાઓના ભોગ થવું પડયું છે તેમ ન થવું પડયું હોત. ખરી વાત તો એ છે કે આજકાલનું શિક્ષણ બિલકુલ ધર્મશૂન્ય થઈ ગયું છે. એટલું જ નહિ પણ આર્યોની સંસ્કૃતિ આદર્શ અને ઇતિહાસને સ્થાને પ્રાયઃ પાશ્ચાત્ય સંસ્કૃતિ, ઇતિહાસ અને આદર્શનો આધુનિક શિક્ષણમાં અભ્યાસ કરાવાય છે. તે પ્રતિ અભિરૂચિ ઉત્પન્ન કરવા પશ્ચિમવાળાઓ તરફથી રચનાત્મક પ્રચારકાર્ય થઈ રહ્યું છે.

યદિ આપણે આપણો ખરો ઇતિહાસ જોયો હોય, વાંચ્યો હોય તો જ આપણાથી આ અસત્ય સહજ શોધી શકાય. એટલું તો ખરૂં છે કે એ લોકોની આ ચાણકયનીતિ અત્યારના જાગૃતિના વાતાવરણમાં ગુપ્ત નથી રહી. અત્ એવ આવી અનેક કુટનીતિઓને સમજવા

આપણને પ્રથમ પોતાના સાહિત્યનો જ મનનપૂર્વક અભ્યાસ કરવો જોઇએ.

આથી હું કંઈ અન્ય ભાષાના વાચનને વખોડતો નથી. યુરોપના લોકો સોળ ભાષાઓ જાણે છે અને કેટલાંકો તો તેથીયે વિશેષ ભાષાના અભ્યાસીઓ હશે. એનું આપણે અનુકરણ કરવું જોઇએ. મુખ્યત્વે સંસ્કૃત ભાષાનું અધ્યયન તો ભારતીયો માટે ધર્મ સમાન જ છે. આપણાં સમગ્ર ધર્મશાસ્ત્રો, શ્રુતિયાદિ, ઉપનિષદો એ જ દેવભાષામાં લખાયા છે. અત્ એવ સમગ્ર ભાષાઓની માતા સંસ્કૃત ભાષા જ છે, એ કથન અસ્થાને નહિ ગણાય.

ધર્મના અવાન્તર સ્વરૂપો શાસ્ત્રોમાં અનેક દેખાડયા છે. બ્રહ્મચર્ય, સદાચાર, શુદ્ધિ, પવિત્ર વિચાર ઇત્યાદિને પણ તેમાં ગણાવી શકાય. ખરૂં પુછો તો ભારતનું સાંપ્રત અધઃપતન ધર્મના નાશથી જ થયું છે. વિદ્યાર્થીઓએ ભવિષ્યના નાગરિકો છે. ભવિષ્યના રાષ્ટ્રનિર્માતા છે. માટે તેઓને તે સત્ય–ધર્મનું સમ્યક રીતે શિક્ષણ આપવું જોઇએ. આપણે કોઈપણ પ્રકારની ઉન્નતિ ધર્મથી જ શકય છે એ આપણે કદી ભુલવું ન જોઇએ.

શ્રી મહાપ્રભુજી નિબંધમાં કેવી સુરમ્ય આજ્ઞા કરે છે કે–

'સ્વધર્માચરણં શકત્યા વિધર્માચ્ચ નિવર્ત્તનમ્ ।
ઇન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ।।

કેવી દિવ્ય આજ્ઞા છે ! કેવો સારગર્ભિત્ ઉપદેશ છે ! ખરેખર સંસાર પાઠશાળાના સયગ્ર વિદ્યાર્થીઓ માટે આ આદેશ હૃદયાંકિત થવો જોઇએ.

ધર્મ અને નીતિ એ ભારતના પ્રાણ છે એતો નિર્વિવાદ છે. અને તેથી જ ધાર્મિક સંગઠનના સ્વપ્નાએ સેવી શકાય. ભારતીયોની કુશલનીતિ પ્રાચીન આર્ય ઇતિહાસવેત્તાઓથી અપરિચિત નથી. પૂર્વકાળમાં ધર્મથી જ ધાર્મિક સંગઠન અપૂર્વ હતું તે સમયે પ્રત્યેક આર્યો ધર્મસુત્રમાં ભાતૃભાવની એકત્વભાવનાથી પરોવાઇ ગયા હતા. પ્રથમ વિદ્યાર્થીઓને અધ્યાપકો મુખ્યત્વે ધર્મ અને નીતિનું શિક્ષણ આપતા હતા. તૈત્તિરીય ઉપનિષદમાં વિદ્યાર્થીઓને ધર્મ અને નીતિના ઉપદેશનો ઉલ્લેખ મળે છે.

'સત્યં વદ, ધર્મં ચર । સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ ।
સત્યાન્ન પ્રમુદિતવ્યમ્ । ધર્માન્ ન પ્રમદિતવ્યમ્ ।
સ્વાધ્યાય પ્રવચનાભ્યાં ન પ્રમદિતવ્યમ્ ।'

દુર્ભાગ્યે સાંપ્રતમાં કરાલ કલિકાળમાં આપણા રાષ્ટ્રમાંથી ઉક્ત પ્રકારના ધર્મ અને નીતિના શિક્ષણોનો હ્રાસ શનૈઃ શનૈઃ આરંભાયો અને તેની સાથે જ ધાર્મિક સંગઠન પણ નષ્ટ થતું ગયું. એના કટુ ફલસ્વરૂપે આજે આપણા ભારતની શોચનીય દશા દૃષ્ટિગોચર થઇ રહી છે. આધુનિક ભારતીયોએ અત એવ ધર્મ અને નીતિ પરત્વે ભવિષ્યમાં ભારત નિર્માણ કાર્યમાં વિશેષ લક્ષ આપવું જોઇએ અને ધાર્મિક સંગઠનનું કાર્ય પણ નિઃસ્વાર્થ બુદ્ધિથી શીઘ્ર કરવું જોઇએ.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની આજ્ઞાનુસાર 'કર્મણ્યેવાધિકારસ્તુ મા ફલેષુ કદાચન' નિષ્કામ કર્મ જ કરવું જોઇએ અને તેવું નિષ્કામ કર્મ જ શીઘ્ર ફલિત થાય છે.

આપણો યુવક વર્ગ કંઇ નિર્બલ નથી. માત્ર તેમાં એકત્વ ભાવનાનો અભાવ છે. મેં ગુર્જર સાહિત્યના પ્રસિદ્ધ 'કુમાર' માસિકના એક અંકમાં 'રાષ્ટ્રીય યુવક દલની શક્તિ' નો લેખ વાંચેલો. તેમાં ઉલ્લેખ હતો કે–

'ભારતવર્ષમાં પ્રતિ દશ હજારની વસ્તીમાં પંદરથી પચીસ વર્ષની વયના ૧૬૬૨ યુવકો તથા યુવતીઓ છે. પ્રજાનો આ છઠો ભાગ ધારે તો કંઇનું કંઇ કરી નાખે. યુવક દલની શક્તિ એક સપ્તાહમાં સંસારની સાતે વસ્તુઓ ચીનની ભીંતો, અમેરિકાનું બ્રીજ, તાજમહાલ, પિઝાનો મિનારો, દિલ્હીનો લોઢાનો સ્તંભ, પિરામીડ અને બેબોલીનના ઝુલન્ત ઉદ્યાનો બનાવી શકે છે. એટલું જ નહિ પણ એક સપ્તાહમાં સંસારના સમગ્ર ખેતરો યુવક દલ ખેડી શકે છે. માત્ર સંગઠનના તિરોધાનથી જ યુવકોમાં નિરૂત્સાહ અને નિરાશા દૃષ્ટિગત થાય છે.'

માટે પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રના ઉપદેશાત્મક શબ્દોમાં કહું તો અસ્થાને નહિ જણાય કે– 'ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરંતપ' હૃદયદૌર્બલ્યને સમૂળ નષ્ટ કરીને ઊઠવું જોઇએ, કર્તવ્ય પંથે પડવું જોઇએ. પાશ્ચાત્ય સંસ્કૃતિના મોહમાં અંજાઇ ન જાવું જોઇએ. આર્ય સંસ્કૃતિ જીવનની જરૂરીયાતો ઘટાડે છે અને પશ્ચિમની જડવાદની સંસ્કૃતિ જીવનની જરૂરીયાતો વધારે છે. માટે આપણને આપણા જીવનની બધી જરૂરીઆતોને ઘટાડી દેવી જોઇએ. સ્વદેશી વસ્તુઓને અને સ્વદેશ ઉત્તેજન આપવું જોઇએ.

પશ્ચિમના લોકો કોઇ દિવસ પોતાના ધર્મને કે દેશની વસ્તુઓના અભિમાનને ત્યાગતા નથી. ભલે તેઓના જીવન એનાથી મોંઘા થઇ જતાં હોય, તો પણ તેઓ પોતાના તેવા ધર્મને વળગી રહે છે. અતઃ આપણને પણ એમની પાસેથી સ્વદેશપ્રેમનો આવો ગુણ ગ્રાહ્ય છે. આપણું બધું સારૂં અને સસ્તુ છે. યદિ કોઇ વિચારે તો ભારતમાં ઓછામાં ઓછા ખર્ચે પોતાનું જીવન સુખથી નિભાવી શકે છે. માટે આર્ય સંસ્કૃતિને જ અપનાવવી જોઇએ.

'તમારૂં તે તમારૂં અને અમારૂં એ અમારૂ'' એ આર્ય સંસ્કૃતિના ઉદાર સૂચનો હૃદયમાં કોતરી રાખવા જોઇએ. પાશ્ચાત્ય સંસ્કૃતિ આપણી નથી એ વાત ન ભૂલાવી જોઇએ. આપણા માટે બધી વાતમાં એ સંસ્કૃતિ હાનિકારક છે. સદાચારપૂર્વક આર્યોની આર્ય સંસ્કૃતિ અને આદર્શ સિદ્ધાંતોનું પાલન જ આપણાં ઉત્થાનના સાધનો છે. ધર્મગ્રાહી બનવું સ્વદેશાભિમાની બની રાષ્ટ્રના ઉદ્ધાર કાર્યમાં ભોગ આપવો, એટલું જ નહિ પણ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની નિર્મળ પ્રેમભક્તિ દ્વારા જીવનને સફળ બનાવવું એજ આપણો ધર્મ છે અને એજ આપણી નીતિ છે. પ્રભુ સર્વેને સદ્બુદ્ધિ અર્પો !

[વર્ષ–૮, અંક–૮, કાર્તિક ૧૯૯૦માંથી સાભાર]

॥ શ્રીમદ્ વલ્લભાધીશ મહાપ્રભુચરણકમલ રેણુભ્યો નમઃ ॥

અથ શ્રીહરિરાયચરણ વિરચિતા

શ્રી વૃત્રાસુર ચતુઃશ્લોકી–ટિપ્પણી

ભાષાંતર – **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ (મુંબઇ)**

(ગતાંકથી ચાલુ)

ટિપ્પણી–૨૫ :

સિદ્ધ થયેલા અર્થ કહે છે "તથા ચ" એટલે કે વળી એવી રીતે – "કર્મસંબંધ વ્યતિરેકેણ એટલે કે કર્મસંબંધના વ્યતિરેક (ઓળંગી જવા)થી, સંસારમાં (રહીને) પણ પ્રભુ સાથેના સંબંધને લીધે સર્વથા (બધી રીતે) તેના સંબંધ વગરના હોવાને કારણે કેવલ ભગવાનની માયાને લીધે (જે માયા લૌકિક આસકિતના સંબંધ વગરની છે તેને લીધે) ગૃહમાં જ લીલારૂપ ચતુર્વિધ પુરુષાર્થના સુખનો અનુભવ કરતાં કરતાં ભાવ પ્રકારથી પ્રભુનું સ્વરૂપ લોકવેદાતીત હોવાથી તેની (પ્રભુના સ્વરૂપની) સાથે બધી લીલાનો અનુભવ કરતાં કરતાં ભગવદીય જન સ્વતંત્ર ભકત છે તેથી બીજા પ્રકારની એટલે કે પુષ્ટિ, પુષ્ટિ માર્ગીય મુકિત ગણાય. એમ અર્થ છે.

ટિપ્પણી–૨૬.

તેના ઉદાહરણ તરીકે તો સ્વામિનીજીઓ જ છે એમ સમજવું. આ જ બધા ફલોમાં શ્રેષ્ઠ છે એમ જણાવવા માટે કહે છે "ઇયમેવ" એટલે કે આ જ (પુષ્ટિ પુષ્ટિ માર્ગીય મુકિત) બધા ફલોમાં શ્રેષ્ઠ છે – અને બીજી કોઈ નહિ આશી એટલે કે આશીર્વાદ છે એમ જણાવવા માટે બધાને અંતે "સર્વાન્તો" પદ્યના સાચા અર્થના નિરૂપણને અંતે "ભૂયાત" એટલે કે થાઓ એવો આશીર્વાદનો અર્થ દર્શાવનાર ક્રિયાપદનો શબ્દ વાપર્યો છે. એમ અર્થ છે.

એવં શ્રીવલ્લભાચાર્ય કૃપયા વિનિરૂપિતઃ ।
મમોત્તમેતિ પદ્યાર્થ વ્યાખ્યાનાર્થો મયા મુદા ॥૧॥
મયોદિતમયં ભક્ત્યા અવલોકય વિચારિતમ્ ।
ભવન્તુ સતતં શ્રીમદાચાર્ય ચરણાશ્રયાઃ ।૨।
એતત્ફલં તત્કૃપાતો ભવિષ્યતિ ન સંશયઃ ।
અતસ્તદુક્તમાર્ગેણ ભજનીયઃ પ્રભુઃ સદા ।૩।
સ એવ શ્રીમદાચાર્ય પક્ષપાતી મમ પ્રભુઃ ।
કરિષ્યતિ સ્વકીયાના ઐહિકં પારલૌકિકમ્ ।૪।

(ઇતિ શ્રીમત્પ્રભુપાદ પદ્મદાસાનુંદાસ હરિદાસ વિરચિતા મમોત્તમેતિ પદ્યવ્યાકૃતિ ટિપ્પણી સમાપ્તા)

અર્થ : આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાથી 'મમોત્તમ' એ પદ્યના વિવરણનો અર્થ, આનંદપૂર્વક, મેં રજુ કર્યો છે. ।૧।

ભક્તિપૂર્વક કરેલા અવલોકન દ્વારા મેં જે વિચારો રજુ કર્યા છે તે શ્રી વલ્લભાચાર્યજીના ચરણનો હંમેશાં આશ્રય પામો ।૨।

તેમની કૃપાથી આ ફળ મળશે તેમાં જરાપણ સંશય નથી. તેથી તેમણે કહેલા માર્ગ પ્રમાણે પ્રભુની હંમેશાં સેવા કરવી ।૩।

શ્રીમદાચાર્યજીના પક્ષમાં રહેલો એ જ મારો પ્રભુ પોતાના જનોનું ઐહિક (આ લોકને લગતું) તથા પારલૌકિક (બીજા·પરલોકને લગતું સિદ્ધ કરશે ।૪।

આ પ્રમાણે શ્રીયુક્ત પ્રભુના ચરણકમલના દાસના પણ દાસ એવા હરિદાસે વિગતપુર્વક રચેલી 'મમોત્તમ'એ પદ્ય (શ્લોક)ની સવિસ્તાર ટિપ્પણી અહીં સમાપ્ત થાય છે.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

(ગતાંકથી ચાલુ)

છીત સ્વામી :

છીત સ્વામીનો જન્મ મથુરામાં થયો હતો તેઓ મથુરીયાચોબા તરીકે તીર્થ પુરોહીત હતા. વિશ્રામ ઘાટ ઉપર બેસીને શ્રી યમુનાજીનાં ઘાટની વ્યાવૃત્તિ કરતા. બીરબલનાં પુરોહિત હતા તેમનું પ્રારંભિક જીવન ગુંડાગીરીમાં વિત્યું હતું

એકવાર તેઓ ત્રણ ચાર મિત્રોને સાથે લઇને શ્રીગુસાંઇજીની પરીક્ષા કરવા ગયા, તે વખતે ખોટું નાળિયેર અને ખોટો રૂપીયો લઈને ગયેલ શ્રી ગુંસાઇજી એ ખોટું નાળીયેર અને રૂપીયો સાચો કરી બતાવ્યો આ જોઇને છીત સ્વામીનાં હૃદયમાં નવીન સ્ફુર્તિ આવી તુરત જ શ્રીગુંસાઇજીને શરણે થયા. આ વખતે તેમની આયુ ૧૯ વરસની હતી તેઓને અષ્ટ સખામાં સ્થાન મલ્યું આ વખતે તેમની આયુ ૧૯ વરસની હતી ત્યારથી જ શ્રીજીની સેવામાં સંધ્યા આરતી વખતે કીર્તન કરતા.

કૃષ્ણ અવતારમાં તેઓ સુબલ સખા હતા અને લીલા સ્વરૂપ તેમનું નામ પદમા સખી હતું ખાસ કરીને જન્મ લીલા તેમણે વધારે વર્ણવી છે. પ્રભુનાં શ્રીઅંગમાં કટી સ્થાન તેઓ છે.

વૃજમાં નિવાસ બાદ સદાને માટે તેમનું સ્થાન અપ્સરાકુંડ રહ્યું. ખાસ કરીને શ્રીવિઠલનાથજીનાં સ્વરૂપમાં વિશેષ આસક્તિ રાખતા. તેઓ ૧૫૯૨માં શરણે આવ્યા અને સં. ૧૬૪૨માં નિત્ય લીલામાં પ્રવેશ કર્યો એટલે પુરા પચાસ વર્ષ પુષ્ટિ રસમાં મગ્ન રહ્યા. અષ્ટ સખામાં આવ્યા પછી તેમણે યજમાન વૃત્તિ છોડી હતી. આજે પણ તેમનાં વંશજો યજમાન વૃત્તિ કરતાં નથી. તેમના હસ્ત લિખિત કીર્તનોનો સંગ્રહ પણ તેમની પાસે સુરક્ષિત છે.

ગોવિંદદાસજી :

ગોવિંદ સ્વામીનો જન્મ સંવત ૧૫૬૨માં ભરતપુર રાજ્યનાં આંતરી ગામમાં થયો હતો ગૃહસ્થાશ્રમમાં એક પુત્રી હતી. પત્નીનાં મૃત્યુ પછી તેઓ સ્વામી થઇને સેવક કરતા હતા પરંતુ સંવત ૧૫૯૨માં તેઓ શ્રી ગુંસાઇજીની શરણે આવ્યા ત્યારે ૩૦ વરસની ઉંમર હતી આમ આ સનાઢ્ય બ્રાહ્મણ સ્વામિમટી સેવક બનીને ૫૦ વર્ષ તેમણે શ્રીજીની સેવામાં વ્યતિત કર્યા બાદ સં. ૧૬૪૨ ગો.વા. થયો હતો. મુળલીલામાં ભામા સખી હતા કૃષ્ણાવતારમાં શ્રી દામાં સખા હતા તેઓ સંગીતકળામાં બહુજ અગ્રેસર હતા તાનસેન પણ તેનાથી હાર પામ્યો હતો. ગ્વાલના દર્શનમાં શ્રીજીની સન્મુખમાં કીર્તન કરતા હતા ખાસ કરીને હીંડોરાનાં કીર્તનોનું તેમણે બહુજ સુંદર ગાન કર્યું છે પ્રથમ હિંડોરા રોપણ વખતે ગોવિંદ દાસજીનાં જ કીર્તનો જ મંદીરોમાં આજ પણ

બોલાય છે જે મલ્હાર રાગમાં જ તેમજ હિંડોરા વિજયને દિવસે પણ ગોવિંદદાસજીનાં કીર્તનો ગવાય છે.

કીર્તનો તો અનેક બનાવ્યા (ગાયા) છે. તેમાં પણ હિંડોરાલીલામાં વિશેષ વિખ્યાત છે.

તેમની આસક્તિ શ્રી દ્વારકા નાથજીનાં સ્વરૂપમાં હતી, વૃજમાં નિવાસ સ્થાન કદમખંડી આજે પણ ગોવિંદ સ્વામીની કદમખંડી કહેવાય છે શ્રીજીને ટીપારાનો શૃંગારામાં તેમનો ભાવ અધિક છે. જુઓ હિંડોરામાં ટીપારાનો શૃંગાર વિશેષ ધરાય છે, તેમનો ગોલોકવાસ સંવત ૧૬૪૨ ફાગણ વદી ૭ નો થયો તે વખતે તેઓ શ્રીનાથજીની સન્મુખમાં કીર્તન કરતા હતા શ્રી નાથજી ખુબજ પ્રસન્નતામાં બિરાજતા હતા કીર્તન ગાતા ગાતા અચાનક તેના હૃદયમાં ચટપટી ઉપડી તેને જાણવામાં આવ્યું કે શ્રી ગુંસાઈજી મારી રાહ જોઇ રહ્યા છે, અને તે પણ પુજની શિલા પાસે જ તુરત ધમાર ગાતા ગાતા અધુરી મુકીને તેઓ નીચે આવ્યા ધમાર અધુરી રહી ગઇ તે દિવસથી ગોવિંદદાસજીની ધમાર ૧૨ાા કહેવાય છે આ જોઇ શ્રીજીએ તે ધમારને પુરી કરી છે. શ્રીજીએ જાણ્યું કે હવે તેઓ આ દેહથી ઉપર આવી કીર્તન કરશે જ નહી તેથી પોતે જ પૂર્ણ કરી. આ બાજુ પૂજની શિલા પાસે શ્રી વિઠ્ઠલેશજીને રાહ જોઈ ઉભેલા જોયા તુરત જ પાસમાં આવી દંડવત પ્રણામ કર્યા, તેજ વખતે શ્રી ગુંસાઇજી તેમનો હાથ પકડી ગુફામાં પધાર્યા આમ શ્રીગુંસાઇજીની સાથે જ તેઓ સદેહે લીલામાં પ્રાપ્ત થયા તે દિવસ સંવત ૧૬૪૨ ફાગણ વદી ૭ નો હતો. તેમના બનાવેલા કીર્તનો ભવિષ્યમાં ભાવિકજનો માટે પ્રેરણા દાયક બને તેવો વારસો ગોવિંદ સ્વામી મુકી ગયા છે.

ચત્રભુજદાસજી :

કુંભન દાસજીએ એકવાર શ્રીગુંસાઇજીની વિનતી કરી કે મને મન માન્યો સત્સંગ મળતો નથી. ત્યારે શ્રીગુંસાઇજીયે પ્રેમપૂર્વક આર્શિર્વાદ આપ્યો કે તમારે ત્યાં ભગવાત્ ભકત જન્મ લેશે તેનોજ સંગ કરજો.

આ મુજબ સંવત ૧૫૮૭નાં જમનાવતા ગામમાં કુંભનદાસજીને ઘેરે ચત્રભુજ દાસજીનો જન્મ થયો હતો. તે પુત્રનાં જન્મ સમયે શ્રીજીએ કુંભનદાસજીને ચત્રભુજ રૂપે દર્શન દીધા હતા તેથી પુત્રનું નામ ચત્રભુજદાસ આવું રાખ્યું હતું.

અષ્ટ સખાની સ્થાપનાનાં સમયે તેમની ઉંમર ૧૫ વર્ષની હતી. ૧૫૮૮માં તેઓ શરણે આવ્યા. એટલે ૧૧ વરસની ઉંમરે શરણ પ્રાપ્ત કર્યું હતું ૧૫ વર્ષની ઉંમરે અષ્ટ સખામાં જેમણે સ્થાન મલ્યું હતું અને ૧૬૪૨માં ગોલોક વાસી બન્યા. ચત્રભુજદાસજી સારસ્વત કલ્પમાં સુબાહુ સખા હતા તેમજ લીલામાં સુશીલા સખી હતા.

ખાસ કરીને શેહરાનો શૃંગાર તેમના ભાવથી ધરાય છે. તેમજ ભોગ સમયમાં તેઓ કીર્તન કરે છે. શ્રી ગોકુલનાથજીનાં સ્વરૂપમાં તેમની વિશેષ આસક્તિ હતી. સ્થાયી નિવાસ તેમનો અપ્સરા કુંડ છે. પ્રભુનાં શ્રીઅંગમાં શ્રીહસ્ત છે.

‘શ્રી ગોવર્ધનવાસી સાંવરે લાલ,
તુમ બીના રહ્યો ન જાય’

આ કીર્તન તેમનું તાપ ભાવનું અતિ ગૂઢ એવું છે. તે કીર્તનમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન ત્રણેનું લીલા સહિત ગુણગાન કર્યું છે.

ચત્રભુજદાસ બાળક શ્રીનાથજી સાથે વનમાં ખેલતા સખાભાવથી શ્રીજી પ્રસન્ન રહેતા. પ્રભુ 'ભકતવત્સલ' એટલે ગાય જેમ વાછરડા ઉપર અતિ સ્નેહ રાખે, વાછરડો પાછળ પાછળ ફરે તેવી રીતે શ્રીજી તેની પાછળ પાછળ ફરતા ભકતના ભાવને આધિન બની ભકતના ભાવમાં શ્રીજી ઝુકીને રહેતા.

ચત્રભુજદાસજીનાં કીર્તનો એટલા બધા ભાવવાહી છે કે સાંભળવાવાળા લોકો કીર્તન ગાઇને સેવાભાવમાં રંગાય જાય છે તે કીર્તનોમાંથી પ્રેરણા લઇ પોતાના જીવનને કૃતાર્થ કરે છે.

શ્રી ગુસાંઇજી લીલામાં પધાર્યા તેમના વિરહથી ચત્રભુજદાસ વ્યાકુલ બન્યા અને રૂદ્રકુંડને કાંઠે આંબલીના વૃક્ષ નીચે બેસી શ્રી વિઠ્ઠલેશનું સ્મરણ કરતાં કરતાં સંવત ૧૬૪૨માં સદાને માટે નિત્યલીલામાં પ્રવેશ પામ્યા. તેઓનું નિત્યલીલામાં સુશીલારૂપ હતું તે પદને પામ્યા.

નંદદાસજી :

અષ્ટ સખાની શરૂઆતમાં નંદદાસજી હતા નહીં. સંવત ૧૬૦૭માં તેઓ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરીને સંમિલિત થયા. તે વખતે તેમની આયુ ૧૭ વર્ષની હતી.

નંદદાસજીનો જન્મ સોરમજી જિલ્લામાં રામપુર ગામે થયો હતો. તેમનું બાળપણું પોતાનાં ગામમાં જ વીત્યું. કિશોર અવસ્થામાં તેઓ નાટકનાં રંગરાગમાં રંગાઇ ગયા. તેથી નાટકમંડલી સાથે તેઓ ચાલી નીકળ્યા. સિંહનંદ ગામમાં પહોંચ્યા, ત્યાંથી ગોકુલ આવ્યા. તેમની આસક્તિ લૌકિક ગુણોમાં હતી તે હવે શ્રી વિઠ્ઠલનાથજીનાં દર્શનમાત્રથી બદલાઇ ગઇ અને શ્રી ગુંસાઇજીનાં સ્વરૂપમાં સ્થિર થઇ, તેમના ગામમાં એક બાઇ ક્ષત્રાણી રહેતી હતી જેનું રોજ ઉઠીને મોઢું જોતા તે બધું ભૂલી ગયા. તે ક્ષત્રાણી વૃજમાં આવી ત્યારે નંદદાસજીએ તેનાં સામું પણ જોયું નહીં. શ્રીજીનાં દર્શન કરી ચિત્તની વૃત્તિયો બધી સ્વરૂપમાં જ ઓતપ્રોત થઈ ગઇ. અન્ય આસક્તિ રહી જ નહીં. ૧૬૦૬માં શ્રી ગુસાંઇજીને શરણે આવી ત્યાં જ રહેવું પસંદ કર્યું સદા વૃજવાસ કરીને રહ્યા. કયારેય પણ વૃજ છોડીને કયાંય પણ ગયા જ નહીં.

જે ગુણો લૌકિકમાં વર્તતા તે ગુણો અલૌકિકમાં ફળરૂપ બન્યા. નંદદાસજીએ ઘણાં કીર્તનો બનાવ્યા છે. રાસ રસિકનું ખૂબ ખૂબ ગાન કર્યું છે. ભ્રમરગીત સંગીતમાં બનાવ્યું જે પ્રસિદ્ધ છે. 'ઉદ્ધવકો ઉપદેશ સુનો નવનાગરી.'

રૂપમંજરી, પંચમંરી આવા રસાત્મક સાહિત્યોની રચના કરી છે. અષ્ટ સખામાં નંદદાસજી થયા. તેમનું કૃષ્ણાવતારમાં ભોજ સખા એવું નામ હતું તેમજ લીલામાં ઇંદુલેખા સખી અને શૃંગારના દર્શનમાં કીર્તન કરતા. ફેંટાનો શૃંગાર તેમના ભાવથી શ્રીજી ધરાવે છે. તેમની આસક્તિ રાસલીલામાં વિશેષ હતી. તેમજ પ્રભુનાં શ્રીઅંગમાં ઉદર જેમનું સ્થાન છે. વૃજમાં નિવાસ સ્થળ માનસી ગંગા છે. સંવત ૧૬૪૦માં આ સંસારથી વિદાય લઇ

ગોલોક ધામમાં ગયા. શ્રી ગોકુલચંદ્રમાજીનાં સ્વરૂપમાં તેમની આસકિત હતી. શ્રીજી તેમની મનોકામના પુર્ણ કરતા હતા.

એકવાર તેમનાં ભાઇ તુલસીદાસ કે જેમણે રામાયણ સંગીતમાં કર્યું છે. તેઓ વૃજમાં આવ્યા. નંદદાસજીની સાથે શ્રીજીનાં દર્શને ગયા. તેઓ શ્રી રામચંદ્રજીનાં અનન્ય ભકત હતા. તેથી બીજા સ્વરૂપમાં તેને આનંદ ન આવ્યો ત્યારે નંદદાસજીએ વિનંતી કરી–

કહા કરૂં છબી આજકી ભલે બિરાજો નાથ,
તુલસી મસ્તક તબનમેં, જબ ધનુષ લેહો હાથ.

નંદદાસજીની વિનંતીથી શ્રીજીએ ધનુષબાણ ધારણ કરી તુલસીદાસજીને દર્શન દીધા ત્યારે તુલસીદાસ ખૂબ પ્રસન્ન થયા અને ગાયું–

કીત મુરલી કીત ચંદ્રિકા, કીત ગોપિયનકો સાથ;
અપને જનકે કારણે, શ્રીકૃષ્ણ ભયે રઘુનાથ.

આવી રીતે ભકતોના ભાવ મુજબ શ્રીજી સર્વના મનોરથ પુર્ણ કરે છે.

અત્રે ચંદ્રવાળો પુકારતા પહેલી જ કડીમાં 'માગે છે.' કવિશ્રીએ કહ્યું કે શુભમતી ઘો પરમ પવિત્ર મને સુંદર મતી આપો કે જેથી હું ભકિત પોષણ કાવ્યનાં રૂપમાં રહી શકું. તેમાં અષ્ટ સખા તથા શ્રી દામોદરદાસજી, શ્રી કૃષ્ણ, શ્રી મહાપ્રભુજી અને શ્રી યમુનાજી, શ્રી ગુંસાઇજી આપ સહુ મને સુંદર બુદ્ધિ આપો. આમ કહીને પ્રથમ કડી સંપુર્ણ કરતા કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ પ્રભુ દયાળુ છે, કૃપાળુ છે, તેમની સેવા કરો. (–ક્રમશઃ)

આપનું લવાજમ મોકલો

માર્ચ માસમાં વર્ષ પૂર્ણ થાય છે ૯૪-૯૫ નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/– અગર આજીવન લવાજમ રૂા. ૩૦૧'– ત્રણસો એક નજીકનાં સેવાભાવી કાર્યકર અગર સંસ્થાને ૧૫ માર્ચ પહેલા ભરી વર્ષ આખર ભેટ પુસ્તક "શ્રી પ્રથમેજી વચનામૃત" પ્રાપ્ત કરો.

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ૮૪ વૈષ્ણવના ચોખરા ॥

રચયિતા પ. ભ. શ્રી વિષ્ણુદાસ છીપા

(ગતાંકથી ચાલુ) **રાગ-બિલાવલ**

જનાર્દનદાસ ગરૂડસ્વામી, સો કહીયે ભકતન શીરનામી;
સો યે સ્વપ્ન ભયો સુખરાતા, સો યે શરણ આયે મીલી પ્રાતા.

(છંદ) પ્રાતઃ ઉઠી પ્રભુ પાસ આયે, શરણ મોકો લીજીએ;
રાત આજ્ઞા આપ કીની, સોઇ સાચી કીજીએ;
કૃપા કરકે શરણ લીનો, સ્વામી પદ શોભાઇયે;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૭૫

વરનોં ક્ષત્રી કન્હૈયાલાલ, તાકી વાણી રસિક રસાલ;
તાકો પ્રભુ સબ ગ્રંથ પઢાયે, સો પ્રભુ હિત અડેલે આયે.

(છંદ) આયે અડેલે કીયે દરશન, નિરખ નેન સીરાઇયે;
રૂપ કોટી અનંન મોહિત નાથ, દરશન પાઇયે;
દેહ કો ફલ દીયો જાકો. ધન્ય ભૂતલ આઇયે;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૭૬

બરનું ગોડીયા નરહરદાસા, મદનમોહનજીકા ઉપાસા;
નાના વિધસોં લાડ લડાવે, ત્યોં ત્યોં પ્રભુ અનુભવ જતાવે;

(છંદ) જતાવે અનુભવ પ્રભુ તાકો, એસે કાલ વીતાઇયા;
ભજન રસમેં સદા વિલસત, શરણ જે જન આઇયા;
પાછે તેં શ્રી મદનમોહન, નાથ ઘર પધરાઇએ;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૭૭

બાલકૃષ્ણ બાદરાયનદાસ ગાયેં, વત્સા ભટ્ટપેં નામ સુનાયે;
તાકો ઘરહી પ્રભુ પધારે, સ્ત્રી-પુરૂષ દોઉ શરણ આયે;

(છંદ) આયે શરણે કૃપા કીની, દ્વારિકા સંગ આઇયા;
એસી ટહેલ કરી જાને, પ્રભુ પ્રસન્ન કરાઇયા;
બાદા નામ ફીરાય તાકોં, બાદરાયનદાસ ધરાઇયે;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે. વિમલ ગુણ ગાઇયે. ૭૮

રામદાસ ચુહાણ જન ગાયે, નીકસ કંદરાતેં બાહિર આયે;
મંદિર ઇટનકો છોટો બનાયે, તામેં પ્રભુકો પાટ બેઠાયે;
(છંદ) બેઠાયે પાટહી મંદિર ભીતર, નાથ નામ ધરાઇયો,
બહો વિધસોં પાક કરકે, અન્ન પ્રાશન કરાઇયા;
કરી આજ્ઞા પ્રભુ તાકો, પૃથ્વી પરિક્રમા ચલાઇએ;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૭૯

માણેકચંદ સદુપાંડે ભવાની, બેટીન રોકી કહું એક કહાની;
તાકે ઘરપેં આપ પધારે, તબ પ્રભુ ગિરિપર તાહી પુકારે,
(છંદ) પુકારે ગિરિપર પ્રભુ તાકો, દુધ મેરો લાઇયે;
દાસ જનકો કરી આજ્ઞા, પ્રાત ઉપર જાઇયે;
એહી શબ્દ ઝાડ ખંડકો, દોઈ એક મિલાઇયે;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૦

નરહર સંન્યાસી જન ગાયે, વેણા કોઠારી તાકે સંગ આયે;
પ્રભુ સંગ દ્વારકા દોઉ ધાયે, ચલત મારગમેં મંદ મુસકાયે,
(છંદ) મુસકાય જાનકે કરી બિનતી, પ્રાર્થના એક કીજીયે;
વેણા કોઠારીકો મહા મંત્ર દેકે, શરણે લીજીએ,
કરો સંગત ભકતજનકી, તાતે ફલહી પાઇયે;
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૧

ગોપાલદાસ કહો જટાધારી, નેત્ર મુંદ ઠાડે કરત બિચારી,
દેહાધ્યાસ કછુ બાધ ન કરતે, હાસ્ય વિનોદ પ્રભુ બહુ કરતે;
(છંદ) હાસ્ય વિનોદ કરે પ્રભુ બહોત, શ્રી મુખહી આજ્ઞા કરી,
તેરો પડદા હોય કેસો, નેત્ર ખોલી દે પરી;
ફીર પ્રભુસોં બિનતી કીની, પૃથ્વી પરિક્રમા કરાઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૨

કૃષ્ણદાસ સ્ત્રી-પુરૂષ દોઉ ગાયે, તાકે ઘર એક દિન ભકત બહુ આયે,
ઘરમેં કછુ સામગ્રી નાહીં, સ્ત્રી બનીઆકે હાટન આઈ;
(છંદ) આયે હાટન કહીં તાને, સોદા હમકો દીજીએ,
એક દિન તો સોં મિલુંગી, કોલ મેરો લીજીએ;
કરી સમાધાન કૃષ્ણદાસ, કાંધે ચડાઇ લે આઇયે,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૮૩

વરનો આગ્રે દાસ જન સંતા, તે રાજત માનુ પરમ જન હંસા,
ટકા અઢાઈ નિત્યહી કમાવે, તામેં અપનો નિભાવ ચલાવે;

(છંદ) ચલાવે નિભાવે અપનો, પોથીમેં ચિત્ત લાઇએ,
ગોડદેશ નારાયણદાસને, સો મહોર હુંડી પઠાઇએ;
સોઇ પ્રભુકો ફીર દીની, હંસ મુકત ચુગાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૪

સુંદરદાસ એક વૈષ્ણવ ગાયે, તાકે સંગ માધોદાસ આયે,
તાકે ઘરહી પ્રભુ પધારે, નાનાવિધ કરકે ભોગ ધરાએ.

(છંદ) ધરાએ ભોગ બિરાજે દ્વારે, પ્રેત અતિ ઘીઘલાઇયા,
સમસ્યા વચન કહ્યો તાને રાત્રમેં દુત આઇયા,
ફેર પ્રભુને કૃપા કીની, સબ ગામ પ્રસાદ લીવાઇએ
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૫

પટેલ માવજી કો યહ નેમ, સ્ત્રી વીરજો કો પુરન પ્રેમ;
દોઉ બીરીયાં શ્રી ગોકુલ આયે, ગુડઘૃત ગાડાભર લાયે.

(છંદ) લાયે ગાડા તિનો ભરકે, ભંડારમેં હી પઠાઇયા,
કૃષ્ણભટ્ટ પ્રતિ કરી બીનતી, વૈષ્ણવ પ્રસાદ લીવાઇયા,
ફેર પ્રભુને કરી આજ્ઞા, પુરૂષોત્તમ પુરીમેં જાઇયે.
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૬

ગોપાલદાસ નરોડા ગાયે, સેવ્યા શ્યામ સુંદર મન ભાયે;
એક દીન બહોત જવરહી આયો, પ્રભુ અપની ઝારી કો જલ પાયો.
શીખંડી ઘનશ્યામ સુંદર કંઠ મનોહર હારહી;
શ્યામ સુંદર ભક્ત વત્સલ, લાલ ગિરિધર ગાઇએ.
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૭

ભકતકમલ માર્તંડ ઉપાસા, તે જન કહીયે સુરજદાસા;
જગ હીત કારણ સુર કહાયે, લક્ષાવિધ હરિ કીરતન ગાયે.

(છંદ) ગાયે લક્ષાવિધ હરિ કીરતન, તામેં મધ્ય યહ સારહી;
શ્રીવલ્લભ નખચંદ્ર મહા અદ્‌ભુત, સબ જગ ઉજીયારહી;
જાકે ગાયે તરે કોટીક, વે નિશાન બજાઇયે.
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૮

પરમાનંદ નીશ કીયો જાગરણ, કૃપા કરન આયે વલ્લભજન;
તાકી ગોદ સુની પ્રભુ બાની, સ્વપ્ને આજ્ઞા સો માની.
(છંદ) માની આજ્ઞા સ્વપ્ન ભાઇ સો, અડેલ આતુર આઇયા;
રૂપ કોટી અનંત મોહીત, નાથ દરશન પાઇયો;
કરી કરૂણા શરણ લીને, પરમાનંદ બઢાઇએ,
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૮૯

કુંભનદાસ જુમનાવતા વાસી, તરૂણ કીશોર કે સદા ઉપાસી;
પૃથ્વી પતિને તાહી બોલાયે, તાકે સાનીધ્ય કીરતન ગાયે.
(છંદ) ગાયે કીરતન તાકે સાન્નિધ્ય, ભકત કો કહા કામહી,
કુંભનદાસ લાલ ગિરિધર બીનુ, યહ સબ જુઠો ધામહી,
માન રાજા દીએ કંચન, વેહી ત્યાગ બતાઇયે
ચોરાસી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇએ. ૯૦

બરનોં કૃષ્ણદાસ અધિકારી, તાહે રાસલીલા અહોપ્યારી,
વેશ્યા હીનહી ચરન પઠાઈ, કીરતન ગાય લીલામેં આઇ.
(છંદ) લીલામેં અંગીકાર કીને, ગાય ગુન અષ્ટ છાપહી,
મહાકલિકી મંદ બુધ્ધિ, બલ જાય **'બુધ્ધિદાસ'** હી;
ભકતજન પદરજ પ્રતાપે, સકલ કાજ સરાઇએ
ચોરાશી મહાભાગ્ય નિજજનકે, વિમલ ગુણ ગાઇયે. ૯૧
ઇતિ પ. ભ. વિષ્ણુદાસ છીપા કૃત ૮૪ વૈષ્ણવના ચોખરા સંપૂર્ણ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

આ માસના ઉત્સવ

મહા વદ ૧૧ તા. ૮–૩–૯૪ મંગળવાર, વિજ્યા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૯–૩–૯૪ બુધવાર, ચિ. ગો. શ્રી વસંતકુમાર બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

મહા વદ અમાસ તા. ૧૨–૩–૯૪ શનિવાર, દ્વાપર યુગાદિતિથિ, ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો તથા ચિ. ગો. શ્રી વલ્લભલાલ બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૧૪–૩–૯૪ સોમવાર, ચિ. ગો. શ્રી વલ્લભ બાવાશ્રી (કામવન) તથા ચિ. શ્રી વિઠ્ઠલનાથ બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૧૫–૩–૯૪ મંગળવાર, ચિ. ગો. શ્રી અનિરૂદ્ધ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૧૬–૩–૯૪ બુધવાર, ગો. શ્રી વેણુગોપાલજી મહારાજશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૧૮–૩–૯૪ શુક્રવાર, શ્રી લલિત ત્રિભંગીજીનો પાટોત્સવ (વેરાવળ)

ફાગણ સુદ ૭ તા. ૧૯–૩–૯૪ શનિવાર, શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા), ચિ.ગો. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૨૦–૩–૯૪ રવિવાર, હોળાષ્ટકનો આરંભ.

ફાગણ સુદ ૯ તા. ૨૧–૩–૯૪ સોમવાર, બગીચા નોમ, શ્રી ટીકેતના શૃંગારનો પ્રારંભ.

ફાગણ સુદ ૧૦ તા. ૨૨–૩–૯૪ મંગળવાર, ચિ. ગો. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૨ તા. ૨૪–૩–૯૪ ગુરૂવાર, આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદ ૧૩ તા. ૨૫–૩–૯૪ શુક્રવાર, બગીચા તેરસ, ચિ. ગો. મુરલી મનોહરજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૨૬–૩–૯૪ શનિવાર, હોલિકા ઉત્સવ, ગો. ચિ. મધુસુદનજી લાલબાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૨૭–૩–૯૪ રવિવાર, હોલી પ્રદીપન સૂર્ય ઉદય પહેલાં (ભદ્રા નથી). કામદહન પૂર્ણિમા, મન્વાદિ તિથિ, ચૈતન્ય મહાપ્રભુજી જયંતિ, ચિ. ગો. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન, દોલોત્સવ, ઉત્તરા ફાલ્ગુની આજે છે.

ફાગણ વદ ૧ તા. ૨૮–૩–૯૪ સોમવાર, દ્વિતીયા પાટોત્સવ, આજથી છાક તથા કુંજના પદ બોલાય.

ફાગણ વદ ૫ તા. ૩૧-૩-૯૪ ગુરૂવાર, રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૨-૪-૯૪ શનિવાર, શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૩-૪-૯૪ રવિવાર, ચિ. ગો. રાજેન્દ્ર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૫-૪-૯૪ મંગળવાર, ચિ. ગો. શ્રી દેવકીનંદન (સુરેશ) બાવાશ્રીનો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૬-૪-૯૪ બુધવાર, પાપમોચની એકાદશી વ્રત, ગો. શ્રી ભરતકુમારજી મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

॥ શ્રી મહાપ્રભુર્જયતિ ॥

શુભ વધાઇ

આધિદૈવિક વ્રજ ચોરશી કોશની યાત્રા (લીલી પરિક્રમા) સં. ૨૦૫૦ (સને ૧૯૯૪) ના ભાદરવા શુદ ૧૧ (દાન એકાદશી) ના નિયમલઈ પ્રારંભ થશે.

ગો. શ્રી ૧૦૮ શ્રી ગોપાલલાલજી શ્રી પુરુષોત્તમલાલજી મહારાજની અધ્યક્ષતામાં થનાર આ વ્રજ યાત્રામાં બધાં પુષ્ટિ માર્ગીય વૈષ્ણવોને આમંત્રિત કરવામાં આવે છે,

આ વ્રજયાત્રામાં શ્રી ઠાકોરજીના વિવિધ મનોરથો દરરોજ જશે, તો સર્વે વૈષ્ણવો આ યાત્રામાં સમ્મિલિત થઇ અલૌકિક આનંદ લેશો.

નિવેદક : શ્રી વ્રજયાત્રા સમિતિ
શ્રી મહાપ્રભુજી કા બડા મંદિર
પાટન પોળ કોટા (રાજસ્થાન)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. હીરજી નાનજી સતરા હસ્તે ઝવેરીબેન હીરજી સતરા (મુંબઇ)

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧/-

અરવિંદકુમાર ગોરધનદાસ ઠક્કર, થાણાના જયશ્રીકૃષ્ણ

પુસ્તક પરિચય

રસિક રસ ગ્રંથ-

રચયિતા-શ્રી ગોપાલદાસ વ્યારાવાળા
સંગ્રાહક-ડો. વિનોદ પુરાણી, મોડાસા
પ્રકાશક-ભારતીય તત્ત્વ જ્ઞાન મંદિર, C/o ડો. વિનોદ પુરાણી
ગોકુલનાથજીના મંદિર પાસે, **મોડાસા**-૩૮૩૩૧૫
આઠ પેઈજી ક્રાઉન પૃષ્ઠ કાચું પૂંઠુ ૫૦ પીનબાઈન્ડીંગ મૂલ્ય રૂા. ૩૦/-

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી ગોકુલનાથજીનો ગુજરાત પ્રસંગ ૧૬ માંગલ્યમાં પદ્ય રૂપે વર્ણવાયેલ છે. તેનો રચના કાળ સં. ૧૬૯૯ નો દર્શાવાયો છે. આ ગ્રંથના હસ્ત લિખિત જુદી જુદી પ્રતોમાંથી સંશોધન અને સંપાદન કાર્ય ગો. વા. પ. ભ. શ્રી ચીમનલાલ મ. વૈદ્ય કરેલ અને "અનુગ્રહ" ના અંક ૧૧-૧૨ ગ્રંથ ૧૫ રૂપે પ્રકાશિત કરેલ જેના સળંગ મૂળ પૃષ્ઠ ૩૮૧ થી ૪૨૩ છે. જેમાં શ્રી ગોકુલેશ પ્રભુ સંવત ૧૬૪૬ ની સાલમાં ગુજરાતમાં પધાર્યા. તે સમયે ગુજરાતના ભાગ્યવાન વૈષ્ણવોને આપશ્રીએ જે ઉત્તમ પ્રકારનો દિવ્ય ભગવદીય આનંદ આપ્યો તેનું કલા અને કવિત્વમય વર્ણન આ ગ્રંથમાં છે જે મનનીય છે.

શ્રી સર્વોત્તમસ્તોત્ર-પ્રવચન રસ પાન

o o o o

શ્રીમદવલ્લભાચાર્યજીનાં અલૌકિક અને દિવ્યનામોનું સવિસ્તાર વર્ણન

પુષ્ટિમાર્ગીય-કર્તવ્ય અને સેવા પ્રકારની વિસ્તૃત સમજ, તથા ધોળ-પદ-ગાન-ધુન સહિત આપશ્રીની મૌલિક, સાર ગર્ભિત, સહજ અને સરલ વાણીમાં, 'શ્રી સર્વોતમરતોત્રરસપાન' નાં આયોજન દ્વારા આ અલભ્ય લાભ આપના ગામ, (શહેર)માં આયોજિત કરવામાં ઉત્સાહિ વૈષ્ણવો સંપર્ક કરે :-

પ્રવકતા :- ગો. શ્રી દામોદરલાલજી મહારાજ, (શ્રી વિજયકુમારજી)

સરનામું 'ભગવદાશ્રય' બી-૨૩ ગુણાતીતનગર ગુંદાળા રોડ-ગોંડલન ફોન ૧૯૯૩

વકતૃત્વ સ્પર્ધા નિબંધ-સ્પર્ધા

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તથા પૂ. ગો. શ્રી ઈન્દીદા બેટીજી સુવર્ણ જયંતી મહોત્સવ સાર્વજનીક ટ્રસ્ટના ઉપક્રમે 'વકતૃત્વ સ્પર્ધા' તેમજ 'નિબંધ સ્પર્ધા' તો કાર્યક્રમમાં દરેક શહેર નગર ગ્રામ્ય વિસ્તારનો ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે.

વકતૃત્વ સ્પર્ધા :- (૧) વય જુથ-૧ ૧૮ વર્ષ સુધીનું વિષય વૈષ્ણવ તરીકે પુષ્ટિસાર્ગ એજ મારો આધાર સ્થભ સમય ૫ મીનીટ (૨) વય જુથ-૨ ૧૯ થી ૪૦ વર્ષ સમય ૭ મીનીટ વિષયક ભારતીય સંસ્કૃતિ અને પુષ્ટિ માર્ગ આ સ્પર્ધા પૂજય પા. ગોસ્વામી બાલકો અગર અગ્રણી વૈષ્ણવોની ઉપસ્થિતિમાં યોજવી અને તેમાં ૧ થી ૫ નંબર સુધી આવતા વિજેતાના નામ જાહેર કરાવવા ૨૦ એપ્રિલ સુધીમાં કાર્યક્રમ સંપન્ન કરવા.

નિબંધ સ્પર્ધા :- વય જુથ-૧ ૧૮ વર્ષ સુધી જ શબ્દો ૩૫૦ સમય-૨ કલાકે વિષયક **(૧) શ્રી** વલ્લભ વિના બીજુ નામ નહીં. (૨) હું માનવ વૈષ્ણવ થાઉ તો ઘણું (૩) ૮૪-૨૫૨ ભગવદીઓના વાર્તા પ્રસંગો અને તેમાંથી ફલિત થાય સિદ્ધાંતો (બેકે ત્રણ પ્રસંગો શબ્દોની મર્યાદામાં) વય જુથ ૨ :- ૧૯ **થી** ૪૦ વર્ષ સુધી શબ્દો ૫૦૦ સમય-૧ કલાક વિષય (૧) પુષ્ટિ સ્વાધ્યાય એક અનોખો અભિગમ (૨) પુષ્ટિ માર્ગ અતીત-આજ-આવતી કાલ (૩) શ્રી વલ્લભની ભારત યાત્રા અને તેની ફલશ્રુતિ

નિયમ :– નિબંધ સ્પર્ધા દરેક સ્પર્ધકોને એક ઠેકાણે બેસાડી પ્રમુખ–મંત્રી અગર સંયોજકની ઉપસ્થિતિમાં કોઈ પણ એક વિષય ઉપર સમય મર્યાદામાં નિબંધ સ્પર્ધા યોજવાની રહેશે જેનાથી સૌથી શ્રેષ્ઠ નિબંધ કોને પસંદ કરવાના અને નિબંધ જે અંતિમ સ્પર્ધા માટે કેન્દ્રમાં મોકલવાનો રહેશે.

વકતૃત્વ સ્પર્ધા આ આખરી સ્પર્ધા મે માસનાં અનુકુળ સમયે વડોદરામાં યોજવામાં આવશે અને તેની જાણકારી વિજેતાઓને કરવામાં આવશે.

બન્ને સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ આપવામા આવશે.

વિશેષ માહિતિ : સી. પી. તલાટી (સહ મંત્રી ગુજરાત પ્રદેશ) સ્ટેટ બેંક સામે મુ. પો. હલોલ
(જી. પંચમહાલ)

“વૈષ્ણવ પરિષદના વિભિન્ન આયોજનો”

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે વિભિન્ન સ્થાનો પર વિભિન્ન પ્રકારમા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે, એ પ્રકારે વૈષ્ણવ પરિષદે–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવે છે.

(૧) પંચમહાલ જીલ્લાના વૈષ્ણવ કાર્યકરોનું સંમેલન તા. ૬–૨–૯૪ને રવિવારે કાલોલ મુકામે પૂ. ગો. શ્રી વાગીશબાબાશ્રીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યું છે તેજ દિવસે સાંજના વૈષ્ણવોની સત્સંગ સભાનું આયોંજન ડરોલ સ્ટેશન પર કરવામાં આવ્યું છે.

(૨) પ્રથમેશજી ગ્રંથના વિતરણ વિમોચન સમારંભ વડોદરા–રાજકોટ ખાતે થયા પછી હવે અમદાવાદ સુરત–જામનગર ખાતે યોજવામાં આવનાર છે.

(૩) સ્વાધ્યાય ગ્રંથની ત્રીજી આવૃતિનો વિમોચન સમારંભ માર્ચ મહિનામાં જામનગર–રાજકોટ યોજવામાં આવનાર છે.

(૪) આં. પુ. વૈ. પ. કેન્દ્રીય કારોબારી મીટીંગ ૨૬–૨૭ ફેબ્રુ. ના રોજ મથુરા ખાતે છે અને માર્ચના પ્રથમ સપ્તાહમાં ગુજરાત પ્રદેશની કારોબારી મીટીંગ અમદાવાદ ખાતે રાખવામાં આવી છે.

(૫) મહારાષ્ટ્રના ભૂકંપગ્રસ્ત લાતુરના વિસ્તારથાં માર્ચ મહિનામાં પૂ. ગો. આચાર્યશ્રી ઓના વરદ હસ્તે કીટ વિતરણનું આયોજન.

(૬) વકતૃત્વ સ્પર્ધાનું નિબંધ સ્પર્ધાનું ૨૦મી અપ્રિલ સુધી સમગ્ર ગુજરાતમાં પૂ. ગો શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતિ સાર્વજનિક ટ્રેસ્ટના સૌજન્યથી યોજવામાં આવનાર છે.

(૭) “પરિષદ ભવનનો” ઉદ્‌ઘાટન સમારંભ વડોદરા ખાતે એપ્રિલ માસમાં યોજવામાં આવનાર છે. અને તે સમયે સમગ્ર ગુજરાતના કાર્યકરોનું સંમેલન પણ યોજવામાં આવનાર છે.

(૮) ભકિત વર્ધીની દ્વારા ખેડા–સાબરકાંઠા જીલ્લામાં પ્રચાર પ્રવાસ.

(૯) રાજપીપળા ખાતે માર્ચ માસમાં શ્રી કૃષ્ણાશ્રય સપ્તાહ દરમિયાન ભરૂચ જીલ્લાના કાર્યકરોનું સમેલન યોજવામાં આવનાર છે.

(૧૦) શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથનો વિમોચન સમારંભ વડોદરા ખાતે યોજવામાં આવનાર છે.

(૧૧) શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકુળ માટે સૌરાષ્ટ્રમાં પૂ. ગો. આચાર્યશ્રીઓ સાથે પ્રચાર પ્રવાસ યોજવામાં આવ્યો છે અને તેની કાર્યવાહીનો પ્રારાભ સંકીર્તન ભવનથી કરવામાં આવનાર છે.

(૧૨) "શ્રી વલ્લભ સંદેશ" માસિક પ્રકાશન કાર્ય મુંબઈને બદલે હવે વડોદરા કરવા માટે પ્રાંતની ખાસ મીટીંગ અમદાવાદ ખાતે રાખવામાં આવી છે.

ચીમનભાઈ શેઠ
આ. પુ. વૈ. પ. ગુજરાત પ્રદેશ

॥ શ્રી દામોદર મદન મોહનો પ્રભૂ વિજયેતે ॥

॥ શ્રી દ્વારકાધિશ પ્રભુ વિજયેતે ॥

॥ શ્રી વલ્લભાધિશો જયતે ॥ જયતિ શ્રી વિઠ્ઠલેશ્વર: ॥

દુષ્કાળના સંકટમાંથી દ્વારકાક્ષેત્રના ગોધનને બચાવવા ગો. શ્રી કિશોરચન્દ્રજી શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ જુનાગઢની અપીલ

માતર: સર્વ ભુતાનામ ગાવ: સર્વ સુખપ્રદા,

બધા, પ્રાણીઓને સુખ આપનારી, ગૌમાતાના દુષ્કાળને કારણે આજે સંકટમાં છે. દ્વારકા ક્ષેત્રમાં આ **વર્ષે** દુષ્કાળના કારણે ઘાસચારાની તીવ્ર તંગી છે.

અસહ્ય મોંઘવારી, તે ક્ષેત્રમાં ઘાસચારો ન મળવો વિ. તે બધા, વિકટ પ્રશ્નોના કારણે લોકો હતાશ અને નિરાશ થઈ ગયા છે.

આ સમયે તે ક્ષેત્રના ગોધનને બચાવવા માટે દ્વારકા પાસે **'વરવાળા'** તથા ઓખા પાસે **'બેટ-દ્વારકા'**માં 'ગોપાલન કેન્દ્ર' (કેટલ કેમ્પ)નો તા. ૬-૧૨-૧૯૯૩ કારતક વદ ૭ના રોજ મેં પ્રારંભ કરાવ્યો છે. આ કેમ્પમાં **'બેટ-દ્વારકા'**માં ગોધનની સંખ્યા ૩૦૦ થી ૩૫૦ તથા **'વરવાળા'** માં અંદાજે ૩૫૦૦ છે આ કેન્દ્રનો ફક્ત નિરણનો ખર્ચ દૈનિક રૂા. ૨૫૦૦૦/- આવે છે. દવા વિ. નો ખર્ચ તાતા કંપની મીઠાપુર ભોગવે છે. ત્યાં કામકાજ માટે રહેતા લોકોના ખર્ચ તથા અન્ય લોકલ ખર્ચ ઓખા મંડળના ભામાશા વિરમ આશાના પરિવારના સદ્સ્યો ભોગવે છે. આપણે નિરણનો ખર્ચ ભોગવવો પડે છે. ૩૫૦૧ ગોધન માટે રૂા. ૨૫૦૦૦/- દૈનિક ખર્ચ થાય છે જે મુજબ એક ગાયનો ખર્ચ રૂા. ૭-૧૫ પૈસા થાય છે, તેથી સહાય માટે નીચે મુજબ યોજના રજુ કરી છે.

* ભોજન ખર્ચ યોજના *

એક ગૌમાતાનો દૈનિક	ખર્ચ રૂા. ૧૧/-
એક ગૌમાતાનો સાપ્તાહિક	ખર્ચ રૂા. ૫૧/-
એક ગૌમાતાનો પખવાડિક	ખર્ચ રૂા, ૧૨૫/-
એક ગૌમાતાનો માસિક	ખર્ચ રૂા. ૨૫૧/-

આ રીતે ગૌરક્ષા યજ્ઞમાં જેઓ ભાગ લેવા ઈચ્છા ધરાવે પણ મોટી રકમ દાનમાં આપી શકે તેમ **નથી.** તો આ રીતે ખર્ચની રકમ જ્યારે જ્યારે ઈચ્છા થાય ત્યારે આપી શકે છે અને ગૌરક્ષા યજ્ઞમાં ભાગ **લેવા ભાગ્યશાળી થઈ શકે છે.**

આ યજ્ઞ ડીસેમ્બર—૯૩માં શરૂ થઇ ગયેલ છે, જેને આજે બે માસ પસાર થઇ ગયા. હજુ આપણે જુલાઇ માસ એટલે કે ફરી વરસાદનું આગમન થાય ત્યાં સુધી ચાલુ રાખવો પડશે. એટલે હજુ ૬ માસ ચાલુ રાખવો પડશે.

જેને પ્રભુએ શકિત આપી છે તેમના માટે ગાય દત્તક લેવાની પણ યોજના છે, જે નીચે પ્રમાણે છે.

✻ ગાય દત્તક લેવાની યોજના ✻

ગૌમાતાને ૧ માસ દત્તક લેવાના રૂા. ૨૫૧/–
ગૌમાતાને ૩ માસ દત્તક લેવાના રૂા. ૭૫૧/–
ગૌમાતાને ૬ માસ દત્તક લેવાના રૂા. ૧૫૦૧/–

આ રીતે જે વ્યકિત ગાય દત્તક લેશે તેના નામ કેમ્પ ચાલે ત્યાં સુધી બોર્ડ ઉપર રાખવામાં આવશે.

જે વ્યકિત આથી વધારે આર્થિક સહાય આપવા ઇચ્છે છે તે નિરણની એક ગાડી ભેટ આપી સહાયક થઇ શકે છે. જે યોજના નીચે મુજબ છે.

✻ નિરણ ભેટ યોજના ✻

૧ ગાડી નિરણના રૂા. ૪,૦૦૦/–
૦ાાા ગાડી નિરણના રૂા. ૩,૦૦૦/–
૦ાા ગાડી નિરણના રૂા. ૨,૦૦૦/–
પા ગાડી નિરણના રૂા. ૧,૦૦૦/–

ગાડી આપ શકય હોય તો એકલા અથવા અન્ય વ્યકિતનો સાથ સહકાર મેળવી આપી શકાશે.

✻ ગૌ ભોજન યોજના ✻

૩,૫૦૦ ગૌમાતાના ૧ દિવસના ભોજનના રૂા. ૨૫,૦૦૦/–
૨,૬૨૫ ગૌમાતાના ૧ દિવસના ભોજનના રૂા. ૧૮,૭૦૦/–
૧,૭૫૦ ગૌમાતાના ૧ દિવસના ભોજનના રૂા. ૧૨,૫૦૦/–
૮૭૫ ગૌમાતાના ૧ દિવસના ભોજનના રૂા. ૬,૨૦૦/–

અત્યાર સુધીમાં ગામડાની વૈષ્ણવ સૃષ્ટિએ નિરણની ૨૦૦ ગાડી ભેટમાં આપી છે, ગામડામાં દુષ્કાળની પરિસ્થિતિ હોવા છતાં મારી સૃષ્ટિએ જે ગૌરક્ષા યજ્ઞમાં આહૂતિ અર્પી છે તે ધન્યવાદને પાત્ર છે. જેનો દાખલો આપણી શહેરી પ્રજાએ અનુસરવા યોગ્ય છે. આપણે ખરીદેલી ૭૫ ગાડીના પેમેન્ટ થઇ ગયેલ છે, જ્યારે ૮૧ ગાડીના પેમેન્ટ બાકી છે. હજી વેચાણ લેવાની ચાલુ છે.

હાલ આર્થિક સંકટનો સમય છે, સરકારે સબસીડી આપવાની નીતિ નકકી કરેલ છે, પરંતુ તંત્રની રીતરસમને કારણે આ રકમ મેળવવામાં વિલંબ થવા સંભવ છે, ત્યારે ગૌમાતાને નિભાવવાનો ખર્ચ ચાલુ થઇ ગયેલ છે. તો આ ખર્ચને પહોંચી વળવા માટે તાત્કાલિક સહાયની જરૂર છે.

મારી વૈષ્ણવ સૃષ્ટિ માટે તો આ એક માત્ર ફરજ તથા શકય આહુતિ વહેલીતકે અર્પણ કરવા આજ્ઞા કરું છું. વૈષ્ણ સૃષ્ટિ પાસે ગૌરક્ષા માટે આ અપીલમાં જણાવેલ કોઈપણ યોજનાને ચરીતાર્થ કરવા ખાસ આગ્રહ અપેક્ષા રાખું છું.

ઉપરોકત બાબત માટે સહાય કરવા, પહોંચ મેળવવા તથા વિશેષ માહિતી મેળવવા શ્રી મોટી હવેલી દફતરનો સંપર્ક સાધી શકો છો.

ઉપરોકત બાબત માટે રોકડ રકમ, ચીજવસ્તુ, ચેક/ડ્રાફ્ટ નીચે મુજબના નામથી આપી શકો છો.

શ્રી પુરૂષોત્તમલાલજી ગૌસેવા ટ્રસ્ટ-વરવાળા
C/o. ગો. શ્રી કિશોરચંદ્રજી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
શ્રી મોટી હવેલી; હવેલી લેઈન જુનાગઢ. (૩૬૨૦૦૧)
ફોન નં. **૨૦૧૦૬**
સદરહુ સંસ્થા આવકવેરા માફી પ્રમાણપત્ર ધરાવે છે.

ભાવાંજલિ

માંડવી (કચ્છ) ના. નિ. લી. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજના મોટા બેટીજી સૌ. કુસુમપ્રિયા બેટીજી મહારાજ તા. ૨૩-૧-૯૪ના દિવસે પોરબંદરમાં નિત્ય લીલામાં પધારતાં સમગ્ર વૈષ્ણવ સમાજ તે અત્યંત દુઃખ થયેલ છે. એક આદર્શરૂપ સેવા પરાયણ અને વૈષ્ણવોને સેવા સ્મરણની પ્રેરણા આપનાર શ્રી બેટીજી મહારાજની સમગ્ર સમાજને અપૂરણીય ક્ષતિ થયેલ છે,

શોકસંતપ્ત પરિવારજનો પ્રતિ શ્રી વલ્લભ સુધા' વ્યવસ્થાપક સમિતિ સંવેદના વ્યકત કરે છે,

---

ભાવાંજલી

અ. ભા. પુ. વૈ, પરિષદના પૂર્વાધ્યક્ષ પૂ. પા, ગો, શ્રી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના વહૂજી પુ, શ્રી ચંદ્રપ્રભાવહુજી તા. ૨-૨-૯૪ના નિત્ય લીલમાં પધારતાં સમગ્ર વૈષ્ણવ સમાજને માતૃવાત્સલ્ય ગુમાવ્યાનું અત્યંત દુઃખ થયું છે.

આપશ્રી ખૂબજ વિદ્યા વિલાસી, સેવા રસિક અને વૈષ્ણવ સૃષ્ટિને સદા વાત્સલ્યપૂર્વક, નિજકર્તવ્ય પાલનમાં પ્રેરક હતાં વિયોગની આ કઠણ ઘડીએ પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી તથા પુ. પા. ગો. શ્રી હરિરાયજી બાવાશ્રીના સાન્નિધ્ય દંડવત સહ.

–શ્રી વલ્લભ સુધા વ્યવસ્થાપક સમિતિ–રાજકોટ

જેતપુર : અત્રે તા. ૫-૨-૯૪ના એક શ્રદ્ધાંજલીસભા પુ. પા. ગો શ્રી ૧૦૮ શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને વૈષ્ણમંડાણ-શ્યામવાડીમાં મળેલ. જેમાં પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના વહુજી શ્રી ચંદ્રપ્રભા વહુજીના નિત્ય લીલાસ્થ થતા જેતપુરના અગ્રણીઓ દ્વારા ખુબજ દુઃખ વ્યકત કરેલ. પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજે અધ્યક્ષસ્થાનેથી જણાવેલ કે અમારા આ પુ. કાકીજીનું અમારાં આચાર્યવંશમાં ખાસ સેવા સ્મરણ સેવામય જીવન હતું પોતે મહાન વિદ્યાવિલાસી હતા. તેઓ શ્રી નિત્ય લીલામાં પધારતાં અમારા શ્રી વલ્લભવંશ આચાર્યમાં તેમજ પુષ્ટિ સંપ્રદાયમમાં મોટી ખોટ પડી છે. ગળગળા કંઠે, અશ્રૂભીની આંખે આટલું કહી વૈષ્ણવ સમાજને બે મીનીટ મૌન રહી વિશેષ ભગવદ સ્મરણ કરવા અધ્યક્ષશ્રીએ આજ્ઞા કરેલ.

જુનાગઢ નિત્ય લિલાસ્થ ગૌસ્વામી કી દ્વારકેશલાલજી મહારાજ (કચ્છ માંડવી)ના મોટાંબેટીજી પોષ શુદ એકાદશી રવિવાર તા. ૨૩-૧-૯૪ના પોરબંદરમાં નિત્યલીલામાં પધાર્યા. અહીં મોટી હવેલી જુનાગઢમાં ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજશ્રીની અદયક્ષતામાં વૈષ્ણવોની જાહેરસભામાં નિત્યલીલાસ્થ સૌ. કુસુમપ્રિયા બેટીજીને ભાવાંજલિ અર્પિત કરવામાં આવે છે

નિત્ય લીલાસ્થ સૌ. કુસુમપ્રિયાબેટીજીને બાળપણથીજ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો અને માર્ગની પ્રમાણિકાનાં સંસ્કારો નિ. લી. ગો. શ્રી વિઠલેશરાયજી મહારાજ (ચાંપસેની) ગો.શ્રી કમલાવતી માજી મહારાજ (કચ્છ માંડવી) પિતૃચરણ શ્રી દ્વારકેશલાલજી માતૃચરણ શ્રી ક્રિષ્નાવતીભ ભીજી તથા કાકાજી ગો, શ્રી વૃજનાથલાલજી મહારાજ (ચાંપાસેની ખંભાલીયા) જેવા આદર્શ આચાર્યોથી પ્રાપ્ત થયા હતા.

તેઓશ્રીના આધિ ભૌતિક વિયોગથી સંપુર્ણ વૈષ્ણવ સૃષ્ટિ દુઃખ અનુભવે છે. તેઓશ્રીના પતિ રેહી શ્રી બાલકૃષ્ણલાલજી પુત્રો નલીનકુમારજી તથા શ્રી કમલેશકુમાજી તથા પરિવારના અન્ય સદસ્યો પ્રતિ આ સભા સંવેદના વ્યકત કરે છે.

આ સભા નિત્ય લિલાસ્થ સૌ. કુસુમપ્રિયાબેટીજીમે 'ભાવાંજલી' અર્પિત કરે છે. બે મીનીટ મોન પાળી શ્રી કૃષ્ણા શ્રયનો પાઠ કરવામાં આવેલ.

જુનાગઢ જુનાગઢના પરમ ભગવદીય પ્રાણજીવનભાઇ (ભાઈલાલભાઇ) પ્રેમજીભાઇ કંસારા કે જેઓ જુનાગઢ મોટી હવેલીમાં કીર્તનની ટહેલ આપતા અને વૈષ્ણવ સત્સંગના ખાસ અગ્રહી હતાં તેઓશ્રી પાસે શ્રી ઠાકોરજીએ શ્રી હરિ-ગુરુ-વૈષ્ણવની જેટલી ટહેલ કરાવવી હતી તેટલી પુર્ણ કરાવી શ્રીજી ચરણને પ્રાપ્ત થયેલ છે સત્સંગ બેઠકમાં બે મીનીટ મૌન પાળી-કૃષ્ણાશ્રયનો પાઠ કરી ભાવાંજલી અર્પણ કરવામાં આવે છે.

ધોરાજી દિનાક ૨૪/૧/૯૪ ના દિને ગોવર્ધનધર પ્રભુશ્રી નાથજીના શ્રી ધ્વજાજી પધારતા કળશધારી બાલીકા, રાસ મંડળી, કિર્તન મંડળી તથા સમસ્ત નગરજનો વૈષ્ણવ સમુહ સહ ધોરાજીમાં બીરાજતાં ગોસ્વામી બાલકો શોભાયાત્રામાં જોડાયા હતા શોભાયાત્રા મનોરથી સૌભાગ્યચંદભાઈ માંરલીયાને ત્યાં પધારેલ જ્યાં પૂ. પા. ગૌસ્વામી બાલકો-બેટીજીના હસ્તે વિવિધ મનોરથો મનાવેલ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી હજારો વૈષ્ણવોએ દર્શનનો લાભ લીધો.

SHREE VALLABH SUDHA [illegible] Regd. No. G/RJ.212-L.P.W.P43

વિનવણી

[illegible]

[illegible]

[illegible] તમે [illegible] નાથ ! નિત્ય [illegible]

[illegible] નહીં [illegible]

[illegible] આપ્યું મુજને તમારે જ [illegible]

સેવક 'હર્યા' ને [illegible] [illegible]

ભક્ત કવિ શ્રી [illegible]

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના [illegible] તંત્રી, સંપાદક અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. [illegible], [illegible] જલારામ પ્લોટ-[illegible] [illegible], યુનિવર્સીટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : [illegible]